# હંસતાલેવા ગ્રંથ

(સટીક)



જ્ઞાન સંપ્રદાય આદ્યસ્થાપક

કૈવલવેત્તા પરમગુરુ શ્રીમત્ કરુણાસાગર રચિત

॥ શ્રી પરમગુરવે નમ: ॥



# હંસતાલેવા ગ્રંથ

## (સટીક)

જ્ઞાન સંપ્રદાય આદ્યસ્થાપક

કૈવલવેત્તા પરમગુરુ શ્રીમત્ કરુણાસાગર રચિત

|| શ્રી પરમગુરવે નમ: ||



# હંસતાલેવા ગ્રંથ

## (સટીક)

જ્ઞાન સંપ્રદાય આદ્યસ્થાપક

કૈવલવેત્તા પરમગુરુ શ્રીમત્ કરુણાસાગર રચિત

**પ્રેરણામૂર્તિ :**

કૈવલવેત્તા પુરુષ પરમગુરુ શ્રીમત્ કરુણાસાગર

**સંકલન-અનુવાદ**


શ્રી બીપીન આર. શાહ

૨, કંચન વાટીકા, વકીલ વાડી, મણીનગર, અમદાવાદ

website: www.kaivalgyan.org



પ્રકાશક

ભજનાનંદ પબ્લિકેશન

વિશ્વ સર્વજનમંગલ ચૅરિટી ટ્રસ્ટ

૯-૧૦ સત્યમ એપાર્ટમેન્ટ, વકીલવાડી, મણીનગર,

અમદાવાદ, ગુજરાત, ૩૮૦૦૦૮

# હંસતાલેવા ગ્રંથ (સટીક)

**પ્રેરણામૂર્તિ :**
કૈવલવેત્તા પુરુષ પરમગુરુ શ્રીમત્ કરુણાસાગર

**1st Edition: March 2016**
**Price: Rs. 350/- ($ 20 + S.H.)**
**ISBN: 978-81-921648-1-6**

**કોપીરાઈટ : © વિશ્વ સર્વજનમંગલ ચૅરિટી ટ્રસ્ટ**

**પુસ્તક પ્રાપ્તિ સ્થાન**
**શ્રી બીપીન આર. શાહ**
૨, કંચન વાટીકા, વકીલ વાડી,
મણીનગર, અમદાવાદ
M: 001 4438510051 (USA)
WhatsApp no.: 9879966409 (India)
bshah6900@gmail.com

LyǘŜNJI·ŎǘʎǾŜ t5C
tNJI·ʅI·ǎK {dzǘKI·NJ
² KI·ǘǎ!LJLJ ẏ2Y +91 9фтпфпнфрф

website: www.kaivalgyan.org

**Disclaimer**
આ ગ્રંથના રચયીતા જ્ઞાન સંપ્રદાયના આદ્ય સ્થાપક કુવેરસ્વામી છે. આ રચના હસ્તલેખીત ગ્રંથોમાં ઉપલબ્ધ છે. આ ગ્રંથમાં વ્યક્ત કરવામાં આવેલ સિદ્ધાંતીક વિચારધારા અને ઉદાહરણ દ્વારા રજૂ કરેલ આધ્યાત્મિક દ્રષ્ટિકોણ મૂળ રચયીતાના છે. આ ગ્રંથની ચોપાઈઓનો શબ્દાર્થ, અનુવાદ અને ભાવાર્થ અમે અમારી સમજ મુજબ આ પુસ્તકમાં કર્યો છે. આ પુસ્તકમાં ચોપાઈના અર્થઘટન દર્શાવતા લખાણમાં રહી ગયેલ ક્ષતિ અંગે પ્રકાશક કોઈ પણ રીતે જવાબદાર નથી. અંતિમ સમજ માટે હસ્તલેખીત ગ્રંથને આધારભૂત માનવા.



# સમર્પણ

**સાદર સમર્પણ**
**જ્ઞાન સંપ્રદાય આદ્ય સ્થાપક**
**પંચમ શ્વસમ વેદાચાર્ય કૈવલ ધર્મધૂરંધર**
**કૈવલવેત્તા દિવ્ય પરમગુરુ**
**શ્રીમત્ કરુણાસાગરના પવિત્ર ચરણોમાં**
**સમર્પણ કરીએ છીએ.**

**આપના ચરણરજના અભિલાષી**
**શાહ પરિવાર**

Shah Family
5 Blackridge Ct. Catonsville MD - 21228, USA
M: 001-443-851-0051
email: bshah6900@gmail.com

# નિવેદન

પ્રિય આત્મબંધુઓ,

કૈવલ કર્તાના પરમવિશેષ પાટવી અંશ, સકર્તા સિદ્ધાંતના પ્રણેતા, જ્ઞાન સંપ્રદાયના આદ્ય સ્થાપક, કૈવલવેત્તા પંચમ સ્વસમ વેદાચાર્ય, કૈવલ ધર્મ ધુરંધર, નવ બુદ્ધિ અને સોળ વિભૂતિથી વિભૂષિત પ્રગટ ઘનશ્યામ સ્વરૂપ કુવેરસ્વામીનાં ચરણકમળમાં નમસ્કાર કરી નિવેદન પ્રસ્તુત કરું છું.

આજથી બાર વર્ષ પહેલાં મને પરમગુરુની પ્રેરણાથી વિચાર આવ્યો કે પરમગુરુ શ્રીમત્ કરુણાસાગર દ્વારા રચિત ધર્મગ્રંથોનો શબ્દાર્થ, અનુવાદ અને ભાવાર્થ કરીને તૈયાર કરવાં જોઈએ. જેથી જિજ્ઞાસુ જીવોને ગૂઢાર્થભરેલા કૈવલજ્ઞાનને સમજવામાં સરળતા રહે. પરમગુરુની પ્રેરણા થકી આ ભગીરથ કાર્યને આગળ ધપાવવા પૂ. ગુરુજીના આશીર્વાદ મેળવી પ્રારંભ કર્યો. અને બે વર્ષના વિચાર-વિમર્શ બાદ સૌ પ્રથમ ''નિત્ય નિયમ ઉપાસના પાઠ'' (સટીક) ગુજરાતી આવૃતિ પ્રકાશિત કરી. જેનો વાંચન વર્ગ દ્વારા ખૂબ સારો પ્રતિસાદ મળ્યો. મારું મનોબળ વધ્યું અને આ પ્રમાણે દરેક ગ્રંથ તૈયાર કરવાનો નિર્ણય લઈ લખાણ ચાલુ કર્યું. ગ્રંથના ઊંડા અભ્યાસી સંત અને સજ્જનના સાથ અને સહકારથી લખાણનું કામ આગળ ચાલ્યું. હાલ જસુજીના કૈવલધામ થવાથી મને મારા કાર્યમાં પીઠબળ આપનારની મોટી ખોટ પડી છે, પરંતુ કહેવાય છે કે ધાર્યું ધણીનું થાય છે !

વિચાર-વિમર્શના લાંબા સમયગાળાને ધ્યાનમાં રાખીને નક્કી કર્યું કે આ સ્થૂળ દેહની અવધિ કેટલી ? હાલ ૬૫ વર્ષ થયાં છે. આમ સમય મર્યાદાને ધ્યાનમાં રાખીને મને પરમગુરુની કૃપા થકી જેવી સમજ પડી તે મુજબનું લખાણ પ્રકાશિત કરવાની પ્રેરણા થઈ.

દિવ્ય પરમગુરુ કૈવલધામ સંવત ૧૯૩૪માં ગયા. આજકાલ ૧૩૮ વર્ષ થવાં આવશે. પરંતુ મારા અહોભાગ્ય કે મને આ રીતે ગ્રંથોનું વિવેચન કરવાની પ્રેરણા આપીને કૃપા કરી કે હું આવા કાર્યનો પ્રારંભ કરી શક્યો. જેથી આ પુસ્તકને પુષ્પરૂપે પરમગુરુનાં ચરણોમાં સમર્પિત કરું છું.

નિવેદન

“હંસતા લેવા'' ગ્રંથનો અર્થ જ સ્પષ્ટ કરે છે કે આ ગ્રંથની ચોપાઈઓનો રાગ હંસની ચાલની જેમ ખૂબ જ સરળ અને એકધારી ગતિનો છે. વળી, તેમાં પ્રસ્તુત જ્ઞાનને હંસની ગતિવાળા થઈને સમજવામાં આવે તો જ સમજી શકાય તેમ છે. સૃષ્ટિના પ્રારંભથી ચાલ્યું આવતું પરંપરાગત બ્રહ્મજ્ઞાન અને સગુણ દેવી-દેવતાઓના સગુણ સિદ્ધાંતથી પરે એટલે કે, વેદોએ જે પદની નેતિ પોકારી છે, તેનાથી પણ પરે રહેલા પરમપદનું જ્ઞાન આ ગ્રંથમાં દર્શાવેલું છે.

આ ગ્રંથમાં કુલ ૫૨ (બાવન) અંગોની રચના કરી કુવેરસ્વામીએ પરમપદને પ્રાપ્ત કરવા અર્થે જ્ઞાન દર્શાવ્યું છે અને છેલ્લે ગ્રંથની સાખીઓ દ્વારા ગ્રંથના સારાંશ રૂપે કાયમપંથી માટે કૈવલના દેદાર પ્રાપ્ત કરવા અંશ ભાવે કરવામાં આવતી ભક્તિનો મહિમા દર્શાવ્યો છે. અંગ-૨૧માં શાલિગ્રામનું અને અંગ-૩૧માં કાળાં વાદળોનું દૃષ્ટાંત આપી પરમગુરુએ તેમના ઘનશ્યામ સ્વરૂપ અંગે સચોટ અને વ્યાવહારિક સમજ દર્શાવી છે.

આ ગ્રંથનું વિવેચન કરતાં પહેલાં મેં ઉપલબ્ધ નકલ (કોપી) કરેલા હસ્ત લિખિત ગ્રંથ સાથે દરેક ચોપાઈના શબ્દે શબ્દની મેળવણી કરેલી છે. જૂના ગ્રંથોની સરખામણીમાં કોઈ શાબ્દિક ફેરફાર થયેલો જણાય તો તે હસ્તલેખિતના આધારે હશે તેમ સમજવું, વળી, હસ્ત લિખિતમાં નકલ કરવામાં લહિયાઓએ ભૂલ કરી હોય ત્યાં સકર્તા સિદ્ધાંતને આધારે યોગ્ય સુધારો કર્યો છે. અગાઉના મહાપુરુષોએ અથાગ મહેનતના અંતે કરેલી ટીકા મને શબ્દાર્થ, અનુવાદ અને ભાવાર્થ લખવામાં ખૂબ જ સહાયભૂત થઈ છે. કોઈ ગ્રંથના અભ્યાસી મારા લખાણ સાથે સંપૂર્ણ સહમત ન થાય તે માનવા યોગ્ય છે. કારણ કે, પરમગુરુએ જ અગાધબોધ ગ્રંથ અંગ ૮૫માં જણાવ્યું છે કે **“વિવિધ વિક્ત કરી અરથ વિકાશો''** એટલે કે, એક જ ચોપાઈના અતિ ગૂઢાર્થ એવા સકર્તા સિદ્ધાંતના પ્રાકૃત ભાષાની ચોપાઈના શબ્દોનું જેટલું મંથન થાય તેટલું તેમાંથી અર્થઘટન થઈ શકે તે સ્વાભાવિક છે. શબ્દકોશમાં પણ ઘણા શબ્દોનો ખુલાસો મળતો નથી. એટલે મેં જે લખ્યું છે તેવું જ પરમગુરુ કહેવા માગે છે તેમ નથી. નવ બુદ્ધિથી વિભૂષિત કૈવલવેત્તા પુરુષનાં વચનો સામાન્ય અંશ અને અલ્પ બુદ્ધિના જીવો પરિપૂર્ણ રીતે કેમ કરીને સમજી શકવાના ? એમ હું પણ એક અલ્પ સામાન્ય અંશ છું તેમ છતાં મને નિમિત્ત બનાવી પરમગુરુએ જે પ્રમાણે પ્રેરણા કરી તે મુજબ આ લખાણ રજૂ કરેલ છે.

ગ્રંથનું વાંચન માત્ર ઉપલક દૃષ્ટિએ નહીં, પરંતુ એક અભ્યાસી તરીકે ખૂબ જ બારીકાઈથી વાંચીને સમજવા પ્રયત્ન કરવામાં આવશે તો ગૂઢાર્થ ભરેલું કૈવલજ્ઞાન સરળતાથી સમજવામાં વાંધો આવશે નહીં.

પરમગુરુને પણ સકર્તા સિદ્ધાંતનું સ્થાપન કરતાં પ્રતિવાદીઓનો ઘણો સામનો કરવો પડ્યો હતો. પૂજ્ય નારણદાસ મહારાજશ્રીને સુરકુવામાં મૂર્તિ પ્રતિષ્ઠા વખતે વિઘ્નસંતોષીઓનો સામનો કરવો પડ્યો હતો. આમ શુભ કાર્યમાં અડચણ રૂપ સંજોગો આવવાના એ સ્વાભાવિક છે. મારા ઉપર પરમગુરુની પૂર્ણ કૃપા છે તેમ હું માનું છું. અન્ય સંપ્રદાયની સરખામણીમાં સાહિત્ય ક્ષેત્રે થવો જોઈએ તેવો પુરુષાર્થ થયો નથી તે હકીકત છે. કૈવલજ્ઞાનને ચક્રવર્તી કરવાના અમારા આ ભગીરથ કાર્યમાં શુદ્ધ અને હકારાત્મક ભાવથી કાર્યને વધાવશો તો ભવિષ્યમાં અમો આ અંગે સવિશેષ કાર્ય કરી હિન્દી અને અંગ્રેજીમાં ગ્રંથો આપની સમક્ષ મૂકવા કટિબદ્ધ છીએ.

લખાણમાં કોઈ ક્ષતિ પણ હોઈ શકે, ગ્રંથના ઊંડા અભ્યાસીને કોઈ સૈદ્ધાંતિક ભૂલ જણાય તો જરૂર મને લેખિતમાં (bshah6900@gmail.com) જાણ કરવા વિનંતી, જેથી હવે પછીની આવૃત્તિમાં યોગ્ય સુધારો-વધારો કરી શકાય.

**- બીપીન આર. શાહના હૃદયપૂર્વક**
સંત પુરુષોને સત્ કૈવલસાહેબ
ભક્તજનોને સત્ કૈવલ પરમાત્મ્

# પ્રકાશકના બે બોલ

જ્ઞાન સંપ્રદાયના આદ્ય સ્થાપક શ્રીમત્ કરુણાસાગર મહારાજશ્રી અનંત બ્રહ્માંડાધીશ કૈવલકર્તાની આજ્ઞાથી આજથી ૨૪૪ વર્ષ પૂર્વે પ્રગટ થયા હતા અને સકર્તા સિદ્ધાંતની સમજ પંદર ગ્રંથો દ્વારા આ જગતને આપી છે.

દેવોને પણ દુર્લભ એવું મનુષ્ય જીવન આપણને પ્રાપ્ત થયું છે. પ્રત્યેક મનુષ્યનું લક્ષ્ય શાશ્વત સુખની પ્રાપ્તિ છે. આ ભવ સાથે પરભવમાં પણ સુખની અભિલાષા સંતોષવા મનુષ્યો આધ્યાત્મિક જીવન જીવવા તત્પર બને છે અને જગતના વિભિન્ન ધર્મના શરણે જઈ ધર્મગુરુઓ દ્વારા ચીંધાયેલા ટૂંકા માર્ગે પ્રભુ પ્રાપ્તિના માર્ગે ગમન કરવા છતાં, અંતે હતાશ થાય છે. આવા સમયે દિવ્ય પરમગુરુનું માર્ગદર્શન અને પ્રેરણા ખૂબ જ ઉપયોગી છે.

સગુણ-નિર્ગુણથી તીત સકર્તા સિદ્ધાંતનું શ્રેષ્ઠજ્ઞાન રજૂ કરતાં અમોને આનંદ થાય છે. ટ્રસ્ટના બંધારણની વિવિધ પરોપકારી પ્રવૃત્તિના આધારે વિશ્વના માનવોને કલ્યાણ અર્થે કૈવલજ્ઞાન પ્રકાશિત કરવાનું જરૂરી લાગ્યું. આ જ્ઞાન કોઈ સંસ્થા, વ્યક્તિ અને ધર્મની સંપતિ નથી કે કોઈ જ્ઞાતિ, જાતિ કે દેશ માટે સીમિત નથી. સર્જનહારે વિશ્વના માનવ સમુદાય માટે અંશ-અંશીનો લક્ષ આપવા દિવ્ય પરમગુરુને બ્રહ્માંડમાં મોકલ્યા છે. ''વિશ્વ સર્વજનમંગલ ચૅરિટી ટ્રસ્ટ'' નો પણ ઉદ્દેશ સમગ્ર વિશ્વના માનવ કલ્યાણ માટે પરમગુરુના જ્ઞાનને દરેક ભાષામાં પ્રગટ કરી કૈવલજ્ઞાન ચક્રવર્તી કરવા માટેનો છે.

આ પુસ્તક સારા કાગળ, બે કલરમાં છપામણી, સિલાઈ બાઈન્ડિંગ કરી ગ્રંથની શ્રેષ્ઠતા મુજબ ટાઈટલ પણ યોગ્ય વિચારી ખર્ચની ગણતરી ન કરતાં સારું પુસ્તક તૈયાર કરવાના પ્રયત્નો કર્યા છે. હાલની દષ્ટિએ તેની પડતર કિંમત ઘણી છે. પરંતુ ધાર્મિક સંસ્થા, મંદિર કે અન્ય ચેરિટેબલ ટ્રસ્ટને આ પુસ્તક વિનામૂલ્યે આપવામાં આવશે. અમારો ઉદ્દેશ ધંધાધારી પ્રવૃત્તિ કરી નાણાં મેળવાનો નહીં, પરંતુ પરમગુરુનું જ્ઞાન મુમુક્ષુજનો સુધી પહોંચાડવાનો અને કૈવલ જ્ઞાનને ચક્રવર્તી કરવાના કાર્યમાં સહાયભૂત થવાનો છે.

આ ગ્રંથને વાંચી, વિચારી તેનું મનન કરીને દિવ્ય પરમગુરુના ગૂઢ જ્ઞાનને

ગ્રહણ કરવામાં આવશે તો જ અમારો પ્રયત્ન સફળ થયેલો માની શકાય. વાચકોને અનુરોધ છે કે અન્ય ધર્માનુરાગીઓને પ્રસંગોપાત્ત આ પુસ્તક ભેટ તરીકે આપીને અમારી યોગ્ય કદર કરે. જેથી જગતનાં પ્રત્યેક ઘરમાં આ પુસ્તકને સ્થાન મળે.

દિવ્ય પરમગુરુનું શ્રેષ્ઠ આધ્યાત્મિક જ્ઞાન હૃદયમાં ઉતારીને પરમપદના માર્ગે મનુષ્યજીવન સાર્થક કરવાનું આપણા સૌનું  કર્તવ્ય છે. પ્રત્યેક વ્યક્તિ વિકાસક્રમની સીડીનાં જુદાં જુદાં પગથિયાં પર હોય છે, તેથી 'તૂંડે તૂંડે મતિર્ભિન્ના' એ સૂત્ર અનુસાર દરેકની વિચારસરણી જુદી હોય છે. જો આમ હોય તો દરેકને કેવી રીતે સંતોષી શકાય ? અમારો વિનમ્ર પ્રયાસ પ્રત્યેક મનુષ્યને સંતોષ આપવાનો અને પથ ભૂલેલા આત્મબંધુઓને દિવ્ય પરમગુરુના સત્ય અભિગમનું દર્શન કરાવવાનો છે. દિવ્ય પરમગુરુ અમારા આ ધ્યેયને સફળ બનાવવા આશીર્વાદ આપે તેવી અમારી પ્રાર્થના છે.

અમારી ક્ષતિઓ દરગુજર કરી આપનાં સૂચનો તથા અભિપ્રાયો મોકલી જ્ઞાનસેવાના આ કાર્યમાં આપનો સહકાર આપશોજી.

**- ભજનાનંદ પબ્લિકેશન**
**વિશ્વ સર્વજનમંગલ ચૅરિટી ટ્રસ્ટ**
સત્ કૈવલ સાહેબ
સત્ કૈવલ પરમાત્મા

# અનુક્રમણિકા


નિવેદન ........................................................ vi
પ્રકાશકના બે બોલ .............................................. ix
મંગલાચરણ....................................................... ૧
૧. અંગ ૧ વિશ્વબોધ કરનકો ........................................ ૨૦
૨. અંગ ૨ હિંદુ મુસલમાન શિખ (શિખામણ) કો .......................... ૨૭
૩. અંગ ૩ ઈષ્ટ બંદીક પ્રીછકો ...................................... ૩૪
૪. અંગ ૪ પ્રતિમા પૂજા સમજકો ..................................... ૪૧
૫. અંગ ૫ અભે શબ્દ ઉચ્ચારન જડ ચૈતન પ્રીછકો ...................... ૪૯
૬. અંગ ૬ ઈષ્ટવાદ પક્ષ નિર્ણયકો ................................... ૫૬
૭. અંગ ૭ નિરાલંબ સ્થાપનકો ...................................... ૬૨
૮. અંગ ૮ અહંગ આપ અનવે અવ્યક્તકો ............................... ૬૮
૯. અંગ ૯ આન્ય આધીન અનવે કો .................................... ૭૪
૧૦. અંગ ૧૦ સંશે વિવ્યકત પરિઉત્તરકો.............................. ૮૧
૧૧. અંગ ૧૧ મહદ્ અગાધ બ્રહ્મ દષ્ટાન્તકો ............................ ૮૯
૧૨. અંગ ૧૨ અદબદ બ્રહ્મ અનુક્રમ સમજ સિદ્ધાંત નરણેકો.................. ૯૭
૧૩. અંગ ૧૩ સકર્તા સિદ્ધાંત નર્ણેકો .................................. ૧૦૪
૧૪. શાસ્ત્ર પક્ષ નિવૃત કરન સમજકો.................................. ૧૧૧
૧૫. અંગ ૧૫ સિદ્ધાંત નિર્ણયકો ...................................... ૧૧૮
૧૬. અંગ ૧૬ અદ્વૈતા-દ્વૈત રમણ દરશાવનકો ............................ ૧૨૫
૧૭. અંગ ૧૭ કર્તા અંશ આપ નિજ નિર્ણયકો............................ ૧૩૩
૧૮. અંગ ૧૮ અભે મોજ દેખાવનકો..................................... ૧૪૨
૧૯. અંગ ૧૯ શીલવંત સાક્ષી દેખાવનકો ................................ ૧૫૦
૨૦. અંગ ૨૦ અંશ અનુસુત દેખાવન દષ્ટાન્તકો .......................... ૧૫૭
૨૧. અંગ ૨૧ બ્રહ્મ હીરણ્યગ્રભ દેખાવનકો અંગ.......................... ૧૬૪
૨૨. અંગ ૨૨ ગર્ભ વિવ્યક્ત પરિઉત્તરકો ................................ ૧૭૧
૨૩. અંગ ૨૩ ઈશ્વર ગર્ભ દષ્ટાંતકો ..................................... ૧૭૭
૨૪. અંગ ૨૪ સંત રહેશ કો ............................................ ૧૮૪
૨૫. અંગ ૨૫ સંત સકર્તા અનુસ્યુત સંશે દૂર પરિઉત્તરકો .................. ૧૯૧

૨૬. અંગ ૨૬ નેતિ નિરાજન વિશ્વ ઉત્પન્ન દેખાવનકો .................... ૧૯૮
૨૭. અંગ ૨૭ અભ્યાસ અન્યવકો .................................. ૨૦૫
૨૮. અંગ ૨૮ આત્મા સર્વાંગ અનુસ્યુત દેખાવનકો .......................... ૨૧૨
૨૯. અંગ ૨૯ વાદ વંછીત વૈરાગકો .................................. ૨૧૯
૩૦. અંગ ૩૦ દ્વૈત સમાવનકો ........................................ ૨૨૭
૩૧. અંગ ૩૧ હરી બોલ સંતમુખ દષ્ટાંતકો .............................. ૨૩૪
૩૨. અંગ ૩૨ દેહ અવ્યક્ત સંત દષ્ટાંત દેખાવનકો ........................ ૨૪૦
૩૩. અંગ ૩૩ સંત સદેહ નિધ સમાવન કો .............................. ૨૪૬
૩૪. અંગ ૩૪ અદ્વૈત ત્રધા પ્રસંગ કો .................................. ૨૫૨
૩૫. અંગ ૩૫ સંત સેવા નીતિ કો .................................... ૨૫૮
૩૬. અંગ ૩૬ ભક્તિ પડનાલિકાકો .................................. ૨૬૫
૩૭. અંગ ૩૭ પ્રથમો આદરકો ........................................ ૨૭૨
૩૮. અંગ ૩૮ અતિ આદરકો .......................................... ૨૭૮
૩૯. અંગ ૩૯ બ્રહ્મ મિલન આદરકો.................................... ૨૮૪
૪૦. અંગ ૪૦ આદર વિવ્યક્ત કરનકો .................................. ૨૯૦
૪૧. અંગ ૪૧ આદર અનુસુત મોક્ષફલ ઉપજકો.......................... ૨૯૭
૪૨. અંગ ૪૨ આદર સાર સિદ્ધાંતકો .................................. ૩૦૩
૪૩. અંગ ૪૩ વિશ્વકર્તા નિયંતાયકો.................................... ૩૧૧
૪૪. અંગ ૪૪ ભવ ઉતપન કરણ દેખાવનકો .......................... ૩૧૮
૪૫. અંગ ૪૫ નિધ અંતસકરણ દેખાવનકો.............................. ૩૨૪
૪૬. અંગ ૪૬ વિશ્વ લીન કરનકો ...................................... ૩૩૦
૪૭. અંગ ૪૭ કૈવલ અદ્વૈત-દ્વૈત રમણ સાક્ષીકો .......................... ૩૩૭
૪૮. અંગ ૪૮ કૈવલ સ્થિર ઉપાધિ દરસ કલાકો .......................... ૩૪૩
૪૯. અંગ ૪૯ ચરમ સ્થૂળ સૂક્ષ્મ કારણ મહાકારણ બરનનકો .............. ૩૫૦
૫૦. અંગ ૫૦ ઉપાધિ રહિત કૈવલ નિર્ણયકો.............................. ૩૫૬
૫૧. અંગ ૫૧ સંત સાહેબ એકમેક જીવન જાની શકતે કો .................. ૩૬૪
૫૨. અંગ ૫૨ અદ્વૈતા દ્વૈત તીત લક્ષ દેખાવનકો .......................... ૩૭૨
૫૩. હંસતાલેવા ગ્રંથની સાખીઓ ...................................... ૩૭૯
ચોપાઈ અનુસુચી .............................................. ૩૯૪

# મંગલાચરણ

**ૐ પરમપત સક્ત સર્જન, આદ્ય અવિગત સદ;**
**સકલ સિદ્ધાંત મતંત અંત, કારણ પરમીત પદ. ૧**

### શબ્દાર્થ

**ૐ** = વેદનો પહેલો અને પવિત્ર પૂર્ણ પ્રાણાયામ એક એકાક્ષરી મંત્ર **પરમપત** = પરમપતિ **સક્ત** = બ્રહ્મમાં નિર્માણ થયેલ સઘળી રચનાના સર્જનહાર **સર્જન** = ઉત્પત્તિ, રચના **આદ્ય** = મૂળ આરંભના, પ્રથમ પુરાણા, **અવિગત** = જેમનું વર્ણન ન કરી શકાય એવું પદ, નિત્ય **સદ** = નક્કી, સત્ય **સકલ** = સર્વ, બધા જ **સિદ્ધાંત** = પ્રતિપાદિત વિચારધારા, પ્રમાણ આપીને પુરવાર કરેલ મત, સંપ્રદાય **મતંત** = અલગ-અલગ મંતવ્ય ધરાવતા, માન્યતા, અભિપ્રાય **અંત** = છેવટ, અવધિ, હદ, સીમા, મર્યાદા, આખરનું **કારણ** = કાર્યની ઉત્પતિનું મૂળ, બીજ **પરમીત** = પરમ શ્રેષ્ઠ પદ **પદ** = સ્થાન.

### અનુવાદ

**ૐ કાર વાણીથી પર રહેલ પરમપતિ સર્જનહાર સક્ત, આદ્ય, અવિગત અને સત્ય છે. સર્વે મત મતાંતરોવાળા સિદ્ધાંતોના છેવટ હોઈ તેમનું પદ કારણ રૂપે હોઈ પરમ શ્રેષ્ઠ છે.**

### ભાવાર્થ

ૐ કાર વાણીથી પર રહેલા મહાન પતિ સર્જનહાર બ્રહ્મમાં નિર્માણ થયેલ સઘળી રચનાના રચનાર છે. તેઓ સૃષ્ટિના આદિ (આરંભના) પુરાણા, અવિગત અને અવિનાશી છે. વિશ્વભરના સર્વ અલગ-અલગ જ્ઞાનયુકત પ્રતિપાદિત સગુણ અને નિર્ગુણ વિચારધારાઓ ધરાવતા સિદ્ધાંતનો અંત નિશ્ચિત છે, જ્યારે સર્જનહારનું પરમ પદ ઉત્પતિના મૂળ રૂપે પરમ શ્રેષ્ઠ છે. ઉપરાંત તે સર્જનહાર સર્વ દૃશ્ય અને અદૃશ્ય રચનાના કારણ રૂપે છે.

**જગ જીનું અનીત ઉપાસ, તાસુ નાં વંદિત વિનું વિત્ત;**
**કરીત કરત ઉચ્છેદ ભેદ, ભવ ભરમીત હી જીત. ૨**

### શબ્દાર્થ

**જગ** = જગત, વિશ્વ **જીનું** = જેનું **અનીત** = અનિત્ય, નાશવંત, ખંડિત **ઉપાસ** = ઉપાસના, સેવા, ભક્તિ **તાસુ** = તેનું **નાં** = નહીં **વંદિત** = વંદવા લાયક, પૂજ્ય, આદરણીય **વિનુ વિત્ત** = વિત્ત વગરનું, સારરૂપ, તત્ત્વ વગરનું **કરીત** = કરીને **કરત** = કરું છું **ઉચ્છેદ** = નિકંદન, સમૂળગો વધ, નાશ, વિશ્લેષણ કરી છૂટું પાડવું, જડમૂળથી ઉખેડી નાખવાપણું **ભેદ** = રહસ્ય, મર્મ, તફાવત **ભવ** = જગત, વિશ્વ **ભરમીત** = ભરમાવવું, ભ્રાંતિ હોવી, ખોટે રસ્તે દોરવું **હી** = જ **જીત** = જેનાથી, જેના દ્વારા, થકી.

### અનુવાદ

**જગત જેની ઉપાસના કરે છે, તે નાશવંત અને વિત્ત વગરની છે. જેમાં દિવ્યપદની વંદના નથી. જગત જેમાં ભરમાયું છે તેવા કતવી સિદ્ધાંતોનું ઉચ્છેદન કરી ભેદ બતાવું છું.**

### ભાવાર્થ

આ સમસ્ત જગતના માનવો ભ્રમણાયુક્ત અને વિત્ત સિવાયની નાશવંત કતવી ઉપાસનાઓમાં જ વળગી રહ્યા છે. કોઈએ વિશ્વના કારણરૂપ જે સર્જનહાર છે તેમને જાણવા પણ પ્રયત્ન કર્યો નથી. તેથી તે સારરૂપ મુદ્દો અજાણ રહ્યો હોવાથી તેની ભક્તિ કોઈ કરતું નથી. પરમગુરુ સર્વ સિદ્ધાંતોના સાર (નિત્ય) અને અસાર (અનિત્ય) શું છે ? તેનો ભાગ ત્યાગ કરીને ભેદ બતાવે છે અને પ્રમાણ સહિત સત્ય મુદ્દા રૂપ સર્જનહારને દર્શાવી સકર્તા સિદ્ધાંતનું સ્થાપન કરે છે.

**ઉભયે કરીત ઉપાસ, હિંદુ ઓરુ તુરક તરન ગત;**
**મેટ ધરહુ મત દોઈ સોય, પ્રતિવાદ વદિત અત. ૩**

### શબ્દાર્થ

**ઉભયે** = બન્ને **કરીત** = કરે છે **ઉપાસ** = ઉપાસના, ભક્તિ **હિંદુ** =વેદ, સ્મૃતિ, પુરાણ અને બીજા શાસ્ત્ર ઉપર રચાયેલા ધર્મમાં માનનાર અનુયાયી **ઓરુ** = અને **તુરક** = ઈસ્લામ ધર્મને પાળનાર, મુસ્લિમ- મુસલમાન, મહંમદ પેગંબરને માનનાર **તરન** = તારવા માટે, મુક્તિ મેળવવા માટે **ગત** = સમજ, મતિ, સ્થિતિ, હાલત **મેટ** = આગેવાનો એ **ધરહુ** = ધારણ કરેલ છે પહેલેથી જ, શરૂઆતથી, આરંભથી, પ્રમાણભૂતપણું **મત** = માન્યતા, અભિપ્રાય, ધાર્મિક પંથ,

સંપ્રદાય, મજહબ **દોઈ** = બંને **સોય** = તેમને **પ્રતિવાદ** = વિરોધાત્મક ખંડન, વિરોધી જવાબ, વાદ **વદિત** = બોલવું, કહેવું **અત** = ઘણું, વધારે, અધિક, વિશેષ.

### અનુવાદ

**હિંદુ અને મુસલમાન બન્ને મુક્તિ મેળવવા માટે જ સમજપૂર્વક ઉપાસના કરે છે બન્નેના આગેવાનોએ ધારણ કરેલ માન્યતાના વાદ-વિવાદને દૂર કરી વિશેષ વાણી દ્વારા સમજાવીશ.**

### ભાવાર્થ

વિશ્વમાં વેદ આધારિત હિંદુ ધર્મના (પંથો, સંપ્રદાયો) અનુયાયીઓનો તેમજ મહમદ પેગંબરે સ્થાપેલ ઈસ્લામ ધર્મને માનનાર અનુયાયી એમ બન્નેનો અંતિમ લક્ષ મુક્તિ મેળવવાનો જ છે. તેઓ પોતપોતાની માન્યતા અને સમજપૂર્વક ઉપાસના-મજહબ કરે છે. મુસલમાન જેને અલ્લાહ અર્થાત્ ખુદા માને છે, તેને જ હિંદુઓ નિરંજન તરીકે સ્વીકારે છે. આ બન્ને ધર્મોની માન્યતાના વાદ-વિવાદને દૂર કરાવવા પરમગુરુ વિશેષ સમજ દ્વારા સાચા સર્જનહારના પદને સમજાવીને સ્થાપિત કરે છે.

**સર કરી સરવ સમેટ, નેટ કરુ પરમ સથાપન;**
**વસહી જાંહી કૈવલ કુલ, એકલ મલ આપન. ૪**

### શબ્દાર્થ

**સર કરી** = જીતીને, તાબે કરીને, આધીન કરીને **સરવ** = સર્વ, બધું જ, તમામ **સમેટ** = સહિત, સુદ્ધાં આટોપવું, લંબાણ ન કરતાં ટૂંકમાં પતાવી દેવું **નેટ કરુ** = નક્કી કરું **પરમ** = પરમપદ, શ્રેષ્ઠ પદ **સથાપન** = સ્થાપન કરવું, સ્થાપવું **વસહી** = વસે છે, રહે છે મૂકામ **જાંહી**= જ્યાં **કૈવલ** = અંશોના સજાતીય કર્તા **કુલ** = કુળ, વંશ **એકલ મલ** = એકલા જ, અદ્વિતિય **આપન** = પોતે.

### અનુવાદ

**સર્વ માન્યતાઓને સર કરીને અર્થાત્ જીત મેળવીને જ્યાં આપણા વંશજ**

**એવા અદ્વિતીય કૈવલકર્તા વસે છે તે પરમપદનું નક્કી કરીને સ્થાપન કરીશ.**

## ભાવાર્થ

વિશ્વમાં ચાલતી અનેક વિવિધ માન્યતાઓમાં વસ્તુરૂપ સર્જનહારનું પદ અજાણ રહેલું છે અને જે સર્વોચ્ચ પદનું સ્થાપન કર્યુ છે તે સર્જનહારનું પદ નથી, પરંતુ તેમની રચના અંગેનું ખંડિત પદ છે જેને પરમગુરુ જ્ઞાન દ્વારા સમજાવીને પોતાના અંશ સ્વરૂપની ઓળખાણ કરાવે છે અને અંશના સજાતીય સર્જનહાર અંગેની સાચી સમજ સ્થાપિત કરે છે. વળી ન્યાયપૂર્વક નક્કી કરી સર્વના કારણરૂપ સકર્તા સર્જનહાર એક કૈવલકર્તા પોતે જ છે તેવું નિર્ણય કરીને બતાવે છે. તેમજ પ્રતિવાદીને પરાસ્ત કરી તેના સંશયોને ન્યાયપૂર્ણ રીતે પૂરવાર કરીને સત્ય વસ્તુરૂપ પરમપદનું સ્થાપન કરી વાદી તરીકે જીત મેળવે છે. જેથી વિશ્વમાં સર્જનહાર માટે ચાલતા વાદ-વિવાદનો અંત આવે.

**જીનું નરણીત વિત્ત વેત, જેત જીનુ સરલ સભાસન;**
**જેહી કરતા કરુણેશ દેશ, જીનુ સહિત ઉપાસન. ૫**

### શબ્દાર્થ

**જીનું** = જેનો **નરણીત** = નિર્ણય કરીને **વિત્ત** = સારરૂપ મુદ્દો (અંશ) **વેત** = વેશ, સ્વરૂપ **જેત** = જે, જીનુ, જેનું **સરલ** = સરળ, નિખાલસ રીતે નિષ્કપટથી **સભાસન** = સારી રીતે, પ્રકાશમય કરીશ, સમજ પડે તે રીતે દર્શાવીશ **જેહી** = જેના **કરતા** = કર્તા, કરનાર, બનાવનાર, **કરુણેશ** = કરુણાઓના ઈશ **દેશ** = સ્થાન, રહેઠાણનો મુલક **જીનું** = જેનું **સહિત** = સાથો સાથ, જોડે **ઉપાસન** = ઉપાસના, ભક્તિ.

## અનુવાદ

**વિત્તરૂપ મુદ્દા (અંશ)ના સ્વરૂપને નિર્ણયપૂર્વક સરળ રીતે દર્શાવીશ અને તેના કર્તા જે કરુણેશ છે તેના સ્થાન (પરમપદ) સહિત તેમની ઉપાસનાને બતાવીશ.**

### ભાવાર્થ

આ જડ ઘાટમાં વિત્તરૂપી ચૈતન અંશ છે. તેના સ્વરૂપ અંગે નિર્ણયપૂર્વક સર્વને સમજ પડે તે રીતે પરમગુરુ અલગ તારવીને દર્શાવે છે. વળી સાથોસાથ તે ચૈતન અંશના બનાવનાર સજાણજાણ સ્વરૂપ અંશોના અંશીનો દેશ કે જે બ્રહ્મથી પણ પરે છે તેની સમજ આપે છે. તે મહદ્ ચૈતન સર્જનહાર અંશીને કેવી રીતે પ્રાપ્ત કરવા તે અંગેની ઉપાસના, ભક્તિની રીત પણ આપણને દર્શાવે છે.

**વિવિધ ભાત વીગતંગ, અંગ જીનુ કરીત જથારથ;**
**અતિ છેવટ વટ વદીત, સદીત વિનું અનીત પદારથ. ૬**

### શબ્દાર્થ

**વિવિધ** = જુદા જુદા **ભાત** = પ્રકારે **વીગતંગ** = વિગતવાર **અંગ** = ભાગ **જીનુ** = તેનું **કરીત** = કરીને **જથારથ** = જેમ છે તેમ **અતિ છેવટ** = અંતમાં છેલ્લે **વટ** = મુખ્ય, બધા માટેનું શ્રેષ્ઠ **વદીત** = કહીશ, દર્શાવીશ **સદીત વિનુ** = શાશ્વત સિવાય **અનીત** = નાશવંત, અનિત્ય **પદારથ** = વસ્તુ, તત્ત્વ, ચીજ.

### અનુવાદ

**જે છેવટનું અંતિમ શાશ્વત પદ છે તેને, અને તેના સિવાય જે નાશવંત પદાર્થ છે તેનું વિવિધ પ્રકારે વિગતવાર જેમ છે તેમ આ ગ્રંથના અંગોમાં કહીશ.**

### ભાવાર્થ

પરમગુરુએ આ ગ્રંથમાં કુલ પર (બાવન) અંગોની રચના કરીને વિધ-વિધ પ્રકારે ખૂબ જ ગૂઢાર્થ ભરેલા વિષયોનું યથાર્થ રીતે ન્યાયપૂર્વક વિશ્લેષણ કર્યું છે. જેમાં મુખ્યત્વે ઘાટમાં રહેલા ચૈતન અંશ અને બ્રહ્માંડના રચયિતા સકર્તા સર્જનહારના શાશ્વત પરમપદનું વર્ણન છે. ઘાટમાં તેમજ બ્રહ્માંડમાં જે શાશ્વત સિવાયના અનિત્ય (નાશવંત) પદાર્થો છે તેને પણ સમજ પડે તે રીતે દર્શાવ્યું છે જેથી શાશ્વત અને નાશવંતની સાચી બાબત સમજ પડે.

**પાવન પરમ સુદેશ, ધેશ ઘર અતિ સુખદાયક;**
**તબતે સકલ ઉદેશ, ભેશ ભવકે જેહી લાયક. ૭**

### શબ્દાર્થ

**પાવન** = પવિત્ર **પરમ** = ઉત્તમ, શ્રેષ્ઠ, ઉત્કૃષ્ટ સ્થાને **સુદેશ** = મૂળ વતન **ધેશ** = અંતિમ, છેવટનું, ધારણ કરેલું **ઘર** = રહેઠાણ, આવાસ, રહેવાનું ઠેકાણું **અતિ** = ઘણું, વિશેષ, વધારે **સુખદાયક** = સુખ આપનારું, કલ્યાણકારી, આનંદદાયક **તબતે** = તેટલા માટે **સકલ** = બધાનો, સર્વનો **ઉદેશ** = આશય, ઈરાદો, અંતિમ ધ્યેય, હેતુ **ભેશ** = ઘાટ, શરીર **ભવકે** = વિશ્વના, જગતના **જેહી** = જેમના માટે, જેઓનો **લાયક** = યોગ્ય, અનુકૂળ, ઉચિત, સમર્થ.

### અનુવાદ

**તે નિજઘર પરમ, પવિત્ર અને વિશેષ સુખદાયક છે. માટે જગતના સર્વ ઘાટોના અંતિમ ધ્યેયને પ્રાપ્ત કરવા સમર્થ બનવું જોઈએ.**

### ભાવાર્થ

સર્જનહારે પોતાના શુદ્ધ સંકલ્પથી આ બ્રહ્માંડનું અને ૮૪ (ચોર્યાશી) લાખ પ્રકારના વિવિધ ઘાટોનું નિર્માણ કર્યું. તેમાં પોતાની સજાતિના સજાણજાણ અંશને મૂક્યો. આ રીતે કૈવલધામમાંથી અંશો દ્વૈત ભાવે વિદેશ રૂપ બ્રમાંડમાં દાખલ થયા. એવું મૂળ વતનરૂપ પરમપદ અત્યંત પરમ શ્રેષ્ઠ પવિત્ર અને વિશેષ સુખદાયક છે. વિશ્વના દરેક શરીરમાં બિરાજેલા અંશોનો અંતિમ ઉદ્દેશ એવો હોવો જોઈએ કે જે ઘરેથી આપણે આવ્યા છીએ તે ઘરે પરત જવા માટે યોગ્ય લાયકાતવાળા થવું જોઈએ.

**પણ જીનું સરવ પરંત, પરમપદકી ગત્ય પાવન;**
**દુરલભ ગતિ દુરેશ, પરમગુરુ વિન ખુદ ખાવન. ૮**

### શબ્દાર્થ

**પણ** = પરંતુ **જીનું** = જેનાથી **સરવ** = સર્વ **પરંત** = પરતંત્ર છે, પરાધીન છે **પરમપદકી** = પરમપદની **ગત્ય** = ગતિ, સમજ, જ્ઞાન **પાવન** = પ્રાપ્ત કરવા માટે **દુરલભ** = અલભ્ય, મુશ્કેલીથી મળે તેવું, અઘરું,

દુર્લભ **ગતિ** = સમજ, જ્ઞાન **દુરેશ** = અશક્ય, ફળીભૂત ન થઈ શકે તેવી **પરમગુરુ** = પરમગુરુ **વિન** = વગર, સિવાય **ખુદ** = મૂળ **ખાવન** = પતિ, અસલ ધણી.

### અનુવાદ

**પરંતુ પરમપદની ગતિ પામવા માટે સૌ પરતંત્ર છે. ખુદ ખાવનની ગતિ પરમગુરુ વિના પામવી દુર્લભ છે**

### ભાવાર્થ

અંશ જયારથી આ વિશ્વમાં આવ્યો અને બ્રહ્મભૂમિકા સહિત અન્ય પાંચેય પ્રકારના દેહો-શરીરોમાં ભટકવા લાગ્યો. તેથી તેના પોતાના શુદ્ધ અંશ સ્વરૂપ ઉપર દેહના આવરણો લાગી ગયા. (પટ ચઢી ગયો) પછી તે પોતાનું મૂળ વતનના માર્ગે જાવા માટે અજાણતા વશ (અજ્ઞાનતાવશાત્) પરાધીન બન્યો. પ્રકૃતિને આધીન બનેલ અંશને જો ખુદ માલિક-ધણીને ઘરે પાછા જવું હોય તો તેના માટે પરમગુરુ જ સમર્થ છે. એટલે કે, પરમગુરુને શરણે ગયા સિવાય અતિ દુર્લભ એવી ખુદ કર્તાની ગતિ પ્રાપ્ત કરવી મુશ્કેલ છે.

**તબતે કરો સુશોધ, પરમગુરુ કી ઉત ઈત મહી;**
**નિજપતિ ક્તા વિનાય, પાય વિનું જાય સકલ વહી. ૯**

### શબ્દાર્થ

**તબતે** = તેટલા માટે **કરો** = કરો **સુશોધ** = સાચી શોધ, પરખ, યોગ્ય તપાસ, ખોળ, અન્વેષણ, **પરમગુરુકી** = પરમગુરુની **ઉત** = અંતરિક્ષમાં **ઈત** = પૃથ્વી પર **મહી** = માં **નિજપતિ** = મૂળ પતિ, સર્જનહાર **ક્તા** = અંશના સજાતિય કર્તા **વિનાય** = સિવાય, વગર **પાય** = પ્રાપ્ત કર્યા, **વિનું** = વગર **જાય** = જાય છે **સકલ** = સર્વ, બધું જ **વહી** = વીતી જવું, નિરર્થક, વેડફાઈ જવું, જતું રહેવું, ચાલ્યું જવું.

### અનુવાદ

**તેટલા માટે પરમગુરુની અંતરિક્ષમાં કે પૃથ્વી પર યોગ્ય પરખ કરો. કારણ કે, નિજકર્તાને પામ્યા વગર બધું જ નિરર્થક વેડફાઈ જશે.**

## ભાવાર્થ

વિશ્વમાં અંશને પોતાના સ્વ-સ્વરૂપે કરીને અંશી સાથે મેળાપ કરાવવા માટે સમર્થ ગુરુ માત્ર પરમગુરુ જ છે. તેટલા માટે જો નિજકર્તાને પ્રાપ્ત કરવાની ઉત્કંઠા હોય તો અંતરિક્ષના ધામોમાં કે પૃથ્વી પરનાં સાત દ્વિપોમાં પરમગુરુની યોગ્ય તપાસ કરવી જોઈએ. આ જન્મે જો નિજ કર્તા સર્જનહારને પ્રાપ્ત નહીં કરીએ તો અતિ દુર્લભ એવો મનુષ્યદેહ નિરર્થક વેડફાઈ જશે અને ફરી પાછા ૮૪ લાખ (લખ ચોર્યાશીના) ઘાટોમાં ફેરા ફરવા જન્મ-મરણના ચકરાવામાં ભટકવું પડશે.

**તબત્યે ગુરુ પરમ ગ્યમ, લેહ આયેહુ ભવ ઈત;**
**તીનકી કરો પહેચાણ્ય, વાણ્ય જીનું અકલ અલોકિત. ૧૦**

### શબ્દાર્થ

**તબત્યે** = તેટલા માટે જ **ગુરુપરમ** = પરમગુરુ **ગ્યમ** = જાણ્ય, સમજ, જ્ઞાન **લેહ** = લઈ ને **આયેહુ** = આવ્યા છે **ભવ** = જગત, વિશ્વમાં **ઈત** = પૃથ્વી પર **તીનકી** = તેમની **કરો પહેચાણ્ય** = ઓળખ કરો **વાણ્ય જીનું** = જેમની વાણી, વચન **અકલ** = અકળ, ન કળી શકાય તેવું, અગમ્ય, ગહન **અલોકિત** = દિવ્ય, અસામાન્ય, અદ્‌ભુત, અલૌકિક.

## અનુવાદ

**તેટલા માટે પરમગુરુ (પરમપદની) જાણ્ય લઈને પૃથ્વી પર આવ્યા છે. માટે તેમની અકળ અને અલૌકિક વાણી દ્વારા ઓળખાણ કરો.**

## ભાવાર્થ

ધાર્મિક જગતમાં ઘણી વખત બાહ્ય આડંબરોથી માણસ અંજાઈને છેતરાઈ જતો હોય છે, પરંતુ જ્ઞાનમાર્ગમાં સંતોની યોગ્ય પરખ તેમના દ્વારા ઉચ્ચારાયેલા વચનોથી થઈ શકે છે. પરમગુરુ સકર્તા પતિનો લક્ષ લઈને વિશ્વમાં પ્રગટ થયા છે. માટે તેમના મુખ દ્વારા ઉચ્ચારાયેલ વાણી કળી ન શકાય તેવી અગમ્ય અને અલૌકિક છે. એટલા માટે જ પરમગુરુના અલૌકિક વચનોને સમજી તેમની યોગ્ય પરખ કરીને તેમને ઓળખી લેવા જોઈએ.

**પાવન પૂરૂષ પ્રવીન ચીન, કર ચરન સકલ વિત્ત;**
**ધરેહુ પરખ જન કાજ કરન, પુનિ સંત સહિત હિત. ૧૧**

### શબ્દાર્થ

**પાવન** = પવિત્ર, પાપરહિત **પુરુષ** = દિવ્ય પુરુષ **પ્રવીણ** = પ્રવીણ, દિવ્ય, નિપુણ, બુદ્ધિમાન, **ચીન** = સામુદ્રિક ચિહ્નો **કર** = હાથ **ચરન** = પગ **સકલ** = સર્વ, બધું, પરિપૂર્ણ **વિત્ત** = હીર, સત્ત્વ, સાર, પ્રસિદ્ધ **ધરેહુ** = ધારણ કર્યા છે **પરખ** = પરખીને, ઓળખીને **જનકાજ** = લોકોના કાર્યો, માનવ કલ્યાણ **કરન** = કરવા માટે **પુનિ** = વળી, તેમજ **સંત** = સંતોના **સહિત** = સાથોસાથ, શુદ્ધાં **હિત** = કલ્યાણ, લાભ, ફાયદો, શ્રેય.

### અનુવાદ

**તેઓ પાવન પુરુષ છે અને સર્વ પ્રકારે નિપુણ છે. વળી પોતાની પરખ માટે તેમજ સંતો સહિત માનવકલ્યાણ માટે તેમણે હાથ, પગ સહિત શરીર પર પ્રસિદ્ધ ચિહ્નો ધારણ કર્યા છે.**

### ભાવાર્થ

પરમગુરુ મહાન અને પતિત પાવન હોઈ તેઓ જ્યાં જ્યાં વિચરણ કરે છે ત્યાં ત્યાં ધરતીને પવિત્ર કરે છે. પોતે નવ બુદ્ધિ અને સોળ વિભૂતિથી પરિપૂર્ણ છે. સંતો સહિત મુમુક્ષુ ભક્તજનોના કલ્યાણ અર્થે તેમજ પોતાની આગવી ઓળખાણ થઈ શકે તે માટે તેઓએ પોતાના શરીર ઉપર (૧૮) અઢાર સામુદ્રિક ચિહ્નો ધારણ કરેલા છે.

**બિનહુ પાણ્ય પદ ચીન ભીન, નહીં ભવત્યે પરહી તન;**
**પાય ન પરમ પ્રતીત સંત, જગ જંત સહિત જન. ૧૨**

### શબ્દાર્થ

**બિનહુ** = વિના, વગર **પાણ્ય** = હાથ **પદ** = પગ **ચીન** = સામુદ્રિક, ચિહ્નો **ભીન** = જુદા જુદા, તફાવત, ભિન્ન પણે **નહીં** = નહીં **ભવત્યે** = જગતમાં **પરહી** = પડવું, પડે, જણાય **તન** = શરીર, દેહ

**પાય** = આવે **ન** = નહીં **પરમ** = ઉત્કૃષ્ટ, શ્રેષ્ઠ, દ્રઢ **પ્રતીત** = વિશ્વાસ **સંત** = સંતો **જગ જંત** = જગતના માનવો **સહિત** = સહિત, સર્વ **જન** = જીવો.

## અનુવાદ

**શરીર પરના ચિહ્નોમાં તફાવત સિવાય વિશ્વમાં અન્ય શરીરથી જુદાપણું જણાય નહીં. અને વિશ્વના માનવશરીર ધારી સર્વ જીવોને અને સંતોને દ્રઢ વિશ્વાસ આવે પણ નહીં.**

## ભાવાર્થ

પરમગુરુના હાથ-પગ આદિ અંગો ઉપર આવા ઉત્તમ પ્રકારનાં દિવ્ય સામુદ્રિક ચિહ્નો ન હોય તો જગતના અન્ય શરીરથી તેમનો દિવ્યદેહ અલગ પડે નહીં. તેમજ સંતો સહિત જગતના શરીર ધારી સર્વ જીવોને તેઓશ્રીના પ્રત્યે દ્રઢ વિશ્વાસ પડે નહીં. અંકુશ, અમર, વ્રજ, કમળ, જવ. ધ્વજા, ધેનુંપદ્મ, ચક્ર, સ્વસ્તિક, જંબુફળ, કલશ, અર્ધચંદ્ર, મીન, બિન્દુ, ઉધ્વરેખા, ઈન્દ્રધનુષ, ષષ્ટકોણ અને અષ્ટકોણ જેવા અઢાર ચિહ્નોનું વર્ણન જ્ઞાન સંપ્રદાયના દ્વિતીય કુવેરાચાર્ય શ્રી નારાણદાસજી મહારાજશ્રી એ પણ પ્રકંમા ૧-માં વર્ણન કરેલું છે.

**તબ તનુ લાયેહુ દિવ્ય, સાજ કરુણાકર સહાયક;**
**જીનુ તન કરત કરાલ, ભાલ ઉર જુવો નિહાલક. ૧૩**

### શબ્દાર્થ

**તબ** = તેટલા માટે **તનુ** = શરીર **લાયેહુ** = લાવ્યા છે **દિવ્ય** = અદ્‌ભુત, દૈવી, મહાન **સાજ** = શણગાર, શોભા, ઠાઠ **કરુણાકર** = કરુણા કરનાર, દયાનિધિ, દયાળુ, કરુણાના ભંડાર **સહાયક** = સહાય કરનાર, મદદગાર **જીનું** = જેમનું **તન** = શરીર **કરત** = કરે **કરાલ** = ભયંકર, વિકરાળ, પ્રચંડ, વિશાલ **ભાલ** = ભાલ-લલાટ **ઉર** = ધ્યાનથી, લક્ષથી, હૃદયથી, દિલ, ચિત્ત **જુવો** = દર્શન કરો **નિહાલક** = નિહાળીને, બધી રીતે સમૃદ્ધિ દેનાર, ન્યાલ કરનારું, કૃતાર્થ કરનાર.

## અનુવાદ

**કરુણાકર સર્વને સહાય કરવા માટે જ દિવ્ય સાજવાળું શરીર ધારણ કરીને લાવ્યા છે. તેવા કૃતાર્થ કરનાર તેમના વિશાળ શરીરનાં અને ભાલ (કપાળ)નાં ધ્યાનથી દર્શન કરો.**

## ભાવાર્થ

પરમગુરુ વિશ્વની સર્વ કરુણાઓના ભંડાર છે. તેથી જ તો તેમને કરુણાસાગર કહેવાય છે. સૌ સંત ભક્તોને સહાય કરવા માટે તેઓ નવ બુદ્ધિ, સોળ વિભૂતિ સહિત દિવ્ય સાજવાળું શરીર ધારણ કરીને લાવ્યા છે. તેવા તેમના (દિવ્યદેહના) મુખારવિંદ પર વિશાળ લલાટ શોભી રહ્યું છે. તેથી હૃદયપૂર્વક દર્શન કરતાં જ મુમુક્ષુ માનવો બધી જ રીતે સંતુષ્ટ થઈને, સમૃદ્ધિ પ્રાપ્ત કરે છે.

**પ્રગટ પરચો પ્રમાણ જાણ, જુગમે જશ જાહેર;**
**કૈવલ વિત્ત વિદ જેહ દેહ, શુદ્ધ અંતર બાહેર. ૧૪**

### શબ્દાર્થ

**પ્રગટ** = પ્રચલિત, પ્રસિદ્ધ **પરચો** = પરચો, દૈવી શકિત, પ્રભાવ, ચમત્કાર, નવાઈ પમાડે તેવું કાર્ય, કરામત **પ્રમાણ** = સાબિતી દેખાડવી **જાણ** = જાણીતા છે **જુગમે** = જગતમાં **જશ** = યશ, કિર્તી, સિદ્ધિ **જાહેર** = છાનું કે છૂપું નહીં એવું, પ્રગટ, જાણીતા, પ્રખ્યાત **કૈવલ** = કૈવલકર્તાના **વિત્ત** = શકિત, સારને **વિદ** = જાણનાર, માહિતગાર **જેહ** = જે **દેહ** = દિવ્યદેહ **શુદ્ધ** = મળથી રહિત, શુદ્ધ, પવિત્ર **અંતર બાહેર** = સૂરતા નૂરતાથી, અલંગ-સલંગ, સર્વાંગપણે.

## અનુવાદ

**પરમગુરુનો દિવ્યદેહ કૈવલકર્તાના વિત્તને જાણકાર તેમજ સર્વાંગપણે મળથી રહિત છે. તેની જાણ કરાવતા પ્રસિદ્ધ પરચા અને યશ જગતમાં જાહેર છે.**

## ભાવાર્થ

પરમગુરુ પોતાના અલ્પહંગ થકી કૈવલકર્તાના મહદ્ હંગ સાથે સળંગ

સૂત્રવત જોડાયેલા છે. તેઓ કૈવલવેત્તા હોઈ નિજકર્તાના વિત્તરૂપ ગતિના જાણકાર છે. તેમનો દિવ્યદેહ અંદર અને બહારથી નિજકર્તાની સજાણજાણથી ભરપૂર હોઈ મહાન, શુદ્ધ અને પવિત્ર છે. તેની પ્રતીતિ કરાવવાવાળા પરચાઓ જગજાહેર છે. જેથી જગતમાં તેમનો યશ સર્વત્ર ગવાય છે.

**અરૂઢ મતા બુધ બાલ, આલ ઉર અંતર ધરીયા;**
**વિવિધ ભાત્ય વૈભાગ, ત્યાગ કરી તત્ત્વ ઉગરીયા. ૧૫**

### શબ્દાર્થ

**અરૂઢ** = સ્થિર, દઢ **મતા** = મતિ, માન્યતા, મત, ચિત્ત **બુધ** = બુદ્ધિ **બાલ** = બાલ્યાવસ્થામાં **આલ** = યુક્તિ, શક્તિ, બળ, તાકાત, બહાનું, નિમિત્ત, નિત્ય **ઉર અંતર** = હૃદયમાં **ધરીયા** = ધારણ કરી **વિવિધ** = વિધ-વિધ, જુદા જુદા **ભાત્ય** = પ્રકારે **વૈભાગ** = વિભાગ, ભાગલા પાડી **ત્યાગ કરી** = છોડી, ત્યજીને **તત્ત્વ** = તત્ત્વ **ઉગરીયા** = ઉગારવું, તારણ કરવું, છેવટનો શેષ ભાગ રહ્યો તે.

### અનુવાદ

**તેમણે બાલ્યાવસ્થામાં જ દઢ માન્યતાઓને દૂર કરવા માટે બુદ્ધિપૂર્વક પ્રયત્ન કર્યા છે. અને દેહનાં તત્ત્વોનો ભાગ-ત્યાગ કરી છેવટે શેષ ભાગે રહેલું જે નિત્ય તત્ત્વ છે તેને ઉગારવા માટે જ હૃદયમાં દઢતા ધારણ કરી.**

### ભાવાર્થ

દિવ્ય પરમગુરુએ પોતાની સાત વર્ષની બાલ્યાવસ્થામાં જ વિશ્વમાં સ્થાપિત થયેલા મતોની હદ બતાવી છે. અને બુદ્ધિપૂર્વકનો પ્રયત્ન કરીને ન્યાયપૂર્વક દેહના તત્ત્વોનો ભાગ-ત્યાગ કરી નિત્ય અને અનિત્ય (નાશવંત અને શાશ્વત) પદાર્થોને અલગ-અલગ તારવી બતાવ્યા છે. છેવટે શેષ ભાગરૂપે રહેલ અંશસ્વરૂપને પોતાના હૃદયમાં દઢતા ધારણ કરીને તેને ઉગારવા માટેના કાર્યને દર્શાવવા માટેનો શુભારંભ કર્યો.

**વસ્તુ રૂપ તન અચ્યુત, આપ ભયે અજર ઉમાગે;**
**જડ તન લેઈ પ્રતીત, વરસ લ્યૌ અન્નજલ ત્યાગે. ૧૬**

### શબ્દાર્થ

**વસ્તુરૂપ** = સારરૂપ પદાર્થ રૂપે **તન** = શરીર **અચ્યુત** = યોનીથી ન ઉદ્ભવેલ **આપ** = પોતે **ભયે** = થયા છે **અજર** = અજરપુરા ગામે **ઉમાગે** = ઉમંગભેર, **જડતન** = જડ શરીર **લેઈ** = લઈને **પ્રતીત** = પ્રતીતિ કરાવવા ખાતરી-ભરોસો, સમજ પાડવા **વરસ લ્યોં** = એક વર્ષ સુધી **અન્ન જલ** = અનાજ અને પાણીનો **ત્યાગે** = ત્યાગ કર્યો, ત્યજ્યું

### અનુવાદ

**પોતાનું આ પદાર્થ રૂપ શરીર માતાની યોનીથી ઉદ્ભવેલ નથી. તેની પ્રતીતિ કરાવવા માટે મેં અજરપુરા ગામે ઉમંગથી અન્ન-જળનો એક વર્ષ સુધી ત્યાગ કર્યો.**

### ભાવાર્થ

પરમગુરુના પદાર્થરૂપ જે દિવ્ય શરીર છે તેને બાલ્યા અવસ્થામાં ‘‘કુવેર’’ તરીકે સંબોધવામાં આવે છે. તેઓ અંતરિક્ષના ધામોમાં થઈને પૃથ્વી પરના છ દ્વિપોમાં વિચરણ કરીને સાતમા જંબુદ્વિપમાં પ્રગટ થયા હતા. તેઓશ્રીએ માતાના કુંખે જન્મ ધારણ કર્યો ન હતો. તેથી તો તેઓ ‘‘અચ્યુત’’ કહેવાય છે. આવા દિવ્ય માનવ ઘાટની મહત્તાની પ્રતીતિ કરાવવા માટે આણંદ જિલ્લામાં આવેલ અજરપુરા ગામમાં તેમને ઉમંગભેર એક વર્ષ સુધી અન્ન-જળનો ત્યાગ કર્યો હતો.

**તાર પીછે વિક્ષાત, પંચ જન નુતો દીનો;**
**સકલ ઠોર એક બેર, આપ જઈ ભોજન કીનો. ૧૭**

### શબ્દાર્થ

**તાર પીછે** = ત્યાર પછી **વિક્ષાત** = આગેવાન, આગળ પડતા, સમાજમાં ખ્યાતિ પામેલ **પંચજન** = પાંચ જણાઓએ **નુતો** = જમવા માટેનું નોતરું, આમંત્રણ **દીનો** = દીધું **સકલ** = બધાયને,

સર્વ **ઠોર** = ઠેકાણે, જગ્યાએ, રહેઠાણે **એક બેર** = એક જ સમયે **આપ** = પોતે **જઈ** = જઈને **ભોજન કીનો** = ભોજન કર્યું.

## અનુવાદ

**ત્યાર પછી પાંચ આગેવાનો એ જમવા માટે નોતરું આપ્યું અને તે દરેકને ઘરે એક જ સમયે જઈને પોતે ભોજન કર્યું.**

## ભાવાર્થ

પરમગુરુના એક વર્ષની તપશ્ચર્યા પછી જ્યારે પારણા કરાવવાનો અવસર આવ્યો ત્યારે અજરપુરા ગામના આગેવાન ગણાતા પંચજનો એ પોતપોતાના ઘરે જમવા માટેનું નોતરું દીધું. પરમગુરુને પોતાના દેહની પ્રતીતિ કરાવવા દરેકના આમંત્રણને સ્વીકારી લીધું. દરેકે પોતપોતાને ઘરે પરમગુરુ માટે મહાપ્રસાદી બનાવી હતી. એક જ સમયે પાંચ સ્વરૂપ ધારણ કરી પાંચેય જનોના ઘરે પરમગુરુએ પ્રસાદી લઈને સર્વને આશ્ચર્યચકિત કરી મૂક્યા હતા.

**ચંડી પુત્ર એક ભાટ, તાયકી પુત્રી જીવાઈ;**
**વિપ્ર સુતા એક પંગ, અંગકી સુધ્ય ચલાઈ. ૧૮**

### શબ્દાર્થ

**ચંડીપુત્ર** = ભાટ ચારણ, બારોટ, રાજદરબારમાં દરવાજે વૈતાલિક તરીકે કીર્તિ ગાનાર પુરુષ, જ્ઞાતિ, જાત કે અટક **એક** = એક **ભાટ** = ભાટ ચારણ નામની જ્ઞાતિનો માણસ **તાયકી** = તેની **પુત્રી** = પુત્રી, દિકરી **જીવાઈ** = જીવતી કરી **વિપ્ર** = બ્રાહ્મણ જાતિ **સુતા** = પુત્રી, દીકરી, બેટી **એક** = એક **પંગ** = પાંગળી, અપંગ **અંગકી** = અંગ, શરીરનો એકભાગ, અવયવની **સુધ્ય** = સારો કરીને **ચલાઈ** = ચાલતી કરી.

## અનુવાદ

**ચંડી પુત્રની એક ભાટ જાતિના પુત્રીને સજીવન કરી અને બ્રાહ્મણની એક દિકરી પગે અપંગ હતી તેને સારી રીતે ચાલતી કરી.**

## ભાવાર્થ

પરમગુરુએ રાજદરબારમાં દરવાજે વૈતાલિક તરીકે કીર્તિ ગાનાર ભાટ જાતિના ચંડીપુત્રની મૃત્યુ પામેલી એક પુત્રીને મૃત દશામાંથી જીવતી કરી હતી અને બ્રાહ્મણ જે ખૂબ જ ગરીબ હતો અને ભિક્ષા માંગીને પોતાનું જીવન વ્યતીત કરતો હતો તેની એક દીકરી પગે અપંગ હતી, તેને પણ નવું જીવન બક્ષીને સારી રીતે ચાલતી કરી હતી.

**શાહ ત્રિયા જમીદાર, નાર દો મૃતક ઉગારી;**
**મૂગો કીયો વાચાલ, વિશાલ વાણી ભઈ પ્યારી. ૧૯**

### શબ્દાર્થ

**શાહ** = વણિક જ્ઞાતિ **ત્રિયા** = સ્ત્રી, પત્ની **જમીદાર** = જમીનદાર **નાર** = સ્ત્રી, પત્ની **દો** = બંને, બે **મૃતક** = મરણ પામેલી **ઉગારી** = જીવતી કરી, સજીવન કરી, બચાવી લીધી **મૂગો** = બોલી ન શકે તેવું, અવાચક, અબોલ **કીયો** = કર્યો **વાચાલ** = બોલતો **વિશાલ** = શુદ્ધ, ચોખ્ખી **વાણી** = બોલી, વાચા, વચન **ભઈ** = થઈ **પ્યારી** = મીઠી, પ્યારી લાગે તેવી.

## અનુવાદ

**એક વાણિયાની અને એક જમીનદારની એમ બંનેની મૃત્યુ પામેલ સ્ત્રીઓને સજીવન કરી અને એક મૂંગાને બોલતો કર્યો જેથી તે પ્યારું લાગે તેવું વચન બોલતો થયો.**

## ભાવાર્થ

વળી પરમગુરુએ એક ગામમાં એક વાણિયાની અને એક જમીનદારની સ્ત્રી મૃત્યુ પામી હતી તે બન્નેને પુનઃ સજીવન કરી હતી. તેમજ એક મૂંગો માણસ હતો તેને આર્શીવાદ આપીને બોલતો કર્યો હતો, જેથી તે સર્વને પ્યારું લાગે તેવાં વચનો બોલતો થયો.

**વિપ્ર પુત્ર મરતક જીવે, મ્હેં દેવું તમકુ;**
**લિનો તુરત ઉઠાય, ફેરાયે રવિસુત જમકુ. ૨૦**

### શબ્દાર્થ

**વિપ્ર** = બ્રાહ્મણ **પુત્ર** = પુત્ર, દિકરાને **મરતક** = મરી ગયેલ, મડદું, શબ **જીવે** = જો જીવિત થાય તો **મ્હેં** = હું **દેવું** = આપુ **તમકુ** = તમોને **લિનો** = લીધો **તુરત** = તુરત જ, એકદમ, ઝડપથી, જલદી **ઉઠાય** = ઉઠાડીને, બેઠો કરીને **ફેરાયે** = પાછા મોકલી દીધા **રવિસુત** = સૂર્યનો પુત્ર-રવિપુત્ર **જમકુ** = યમરાજ, યમ- મૃત્યુનો દેવ.

### અનુવાદ

**એક બ્રાહ્મણનો પુત્ર મરણ પામ્યો હતો. તેણે કહ્યું કે જો સજીવન થાય તો હું આપને અર્પણ કરું ત્યારે પરમગુરુ એ સૂર્યપુત્ર યમરાજને પાછા વાળીને તરત જ સજીવન કરી બેઠો કર્યો.**

### ભાવાર્થ

એક ગામમાં ગરીબ બ્રાહ્મણનો પુત્ર અકાળે મરણ પામ્યો હતો. તે સમયે તે બ્રાહ્મણે પોતાના છોકરાને સજીવન કરવા માટે પરમગુરુને પ્રાર્થના કરી કે ‘‘હે પ્રભુ ! જો મારો આ બાળક સજીવન થાય તો હું તેને તમારા ચરણોમાં સદાને માટે અર્પણ કરી દઈશ.’’ આમ બ્રાહ્મણના આવા આજીજી ભરેલા વચનોથી પ્રસન્ન થઈને પરમગુરુએ સૂર્યપુત્ર યમરાજને પાછા વાળીને બાળકને સજીવન કરીને બેઠો કર્યો હતો.

**સૂક્ષ્મ પરચા અનંત, અંત આવે નહીં યેતા;**
**જેતા જકત પ્રસિદ્ધ, રીધમે બરન્યા તેતા. ૨૧**

### શબ્દાર્થ

**સૂક્ષ્મ** = સામાન્ય, નાના **પરચા** = ચમત્કાર **અનંત** = ઘણા, અનેક, અસંખ્ય **અંત** = અવધિ, સમાપ્તિ **આવે નહીં** = ન આવે **યેતા** = તેટલા, એટલા **જેતા** = જેટલા **જકત પ્રસિદ્ધ** = જગતમાં પ્રસિદ્ધ,

વિખ્યાત હતા તેટલા **રીધમે** = રિદ્ધિવાળા, આશ્ચર્ય પમાડે તેટલા **બરન્યા** = વર્ણન કર્યા દર્શાવ્યા, **તેતા** = તેટલા

## અનુવાદ

**સુક્ષ્મ પરચા તો અંત ન આવે એટલા અનંત છે, પરંતુ જેટલા આશ્ચર્ય પમાડે તેવા પ્રખ્યાત પરચાઓ હતા તેટલા વર્ણવ્યા છે.**

## ભાવાર્થ

પરમગુરુનો દિવ્યદેહ નવ બુદ્ધિ, સોળ વિભૂતિ અને અઢાર સામુદ્રિક ચિહ્નોથી વિભૂષિત છે તેમજ કરુણાઓનો સાગર છે. માટે તેમના માટે આ વિશ્વમાં કંઈ પણ અશક્ય નથી. જીજ્ઞાસુ, વિષયી, અથાર્થી અને મુમુક્ષુ એવા દરેક પ્રકારના જીવોને માત્ર સર્જનહારનો લક્ષ આપવાના ઉદ્દેશથી દરેકના નાના મોટા કાર્યો કરીને અનંત પરચાઓ તેમણે આપ્યા છે. જેનું વર્ણન કરતાં અંત આવે તેમ નથી, પરંતુ જેટલા વધારે પડતા જગ પ્રસિદ્ધ પરચાઓ હતા તેટલાનું અહીંયા વર્ણન કરવામાં આવેલ છે.

**સાખી શબ્દ પ્રબંધ, ગ્રંથ વાણી બહુ ઉચરી;**
**કૈવલ અંશ કુવેર ફેર, શાખ્યા માહાંમંત કરી. ૨૨**

### શબ્દાર્થ

**સાખી** = બે ચરણનો એક પ્રકારનો દોહરો કે પદ **શબ્દ** = એક કે વધારે અક્ષરોનો અર્થયુક્ત સમુચ્ચય બોલ, વચન **પ્રબંધ** = કોઈ પણ વિષય વિષે જુદા જુદા પેટા વિભાગ પાડીને કરવામાં આવેલી શબ્દ રચના, જેના ગદ્ય, પદ્ય અને મિશ્ર એમ ત્રણ પ્રકાર છે **ગ્રંથ** = ધાર્મિક પુસ્તક, પોથી, ધર્મથી સાંકળેલ મહાનિબંધ **વાણી** = વાણી, વચન, બોલી **બહુ** = ઘણી **ઉચરી** = ઉચ્ચારી **કૈવલ** = કૈવલકર્તા, સર્જનહાર, અંશી **અંશ** = નિજકર્તાના સજાણજાણ સ્વરૂપ ઘાટનો સંચાલક **કુવેર** = કુવેરસ્વામી **ફેર** = તફાવત, ફરક **શાખ્યા** = વિભાગ, ફાંટા, અલગ માન્યતા વાળી શાખા **માંહાંમત** = વિશિષ્ટ મત **કરી** = સ્થાપીને.

## અનુવાદ

**કુવેરસ્વામી કહે છે કે મેં કૈવલકર્તા (અંશી) અને અંશનો તફાવત સમજાવવા**

**વિશિષ્ટ મતવાળી અલગ શાખાની સ્થાપના કરીને સાખી, શબ્દો, પ્રબંધ, છંદ અને ગ્રંથ દ્વારા ઘણા પ્રકારની વાણીનો ઉચ્ચાર કર્યો છે.**

### ભાવાર્થ

વિશ્વના સર્જનહાર કૈવલકર્તાના હુકમને માન્ય રાખી પોતાની જવાબદારીને વફાદારીપૂર્વક નિભાવવા માટે કુવેરસ્વામી જંબુદ્વિપમાં સંવત ૧૮૨૯ થી ૧૯૩૪ એમ ૧૦૫ વર્ષ દરમ્યાન રોકાઈને સકર્તા સર્જનહારનો જે લક્ષ ગુપ્ત હતો તેને પ્રસિદ્ધ કર્યો છે. તેમજ જગતના જીવો પ્રકૃતિના પાસથી બંધાઈ ગયેલા છે, તેમાંથી મુક્ત કરીને શુદ્ધ અંશ સ્વરૂપે કરવા માટે સગુણ, નિર્ગુણ સિદ્ધાંતથી પર એવા શ્રેષ્ઠ સકર્તા સિદ્ધાંતની સ્થાપના કરી છે. જેથી જગતમાં દુર્લભ માનવદેહ મેળવેલ જીવાત્મા પોતાનો શુદ્ધ ચૈતન સ્વરૂપે થઈને કૈવલકર્તા (અંશી) ને મળી શકે. આમ જન્મ-મરણના ચક્રમાંથી મુક્ત થઈને પરમપદને પ્રાપ્ત કરી શકે.

આમ, અંશ-અંશીના પરમ લક્ષને જાહેર કરવાના આશયથી તેમણે સાખી, ગોડીપદ, સ્તુતિ, આરતી, પ્રબંધ, છંદ તથા ગ્રંથો આદિ ઘણા પ્રકારની રચના દ્વારા શ્રેષ્ઠ વાણીનો ઉચ્ચાર કર્યો છે.

### સાખી

**એહી નિજ મંગલા ચરનન, નિજપતિ કતા સહેત;**
**આગમ કીયે જનાયકે, ગ્રંથ ભાવ જીનુ જેત. ૨૩**

### શબ્દાર્થ

**એહી** = આ **નિજ** = મૂળ, ખૂદ, સ્વયં **મંગલા ચરનન** = મંગલાચરણ, ગ્રંથના પ્રારંભ વખતે કરાતી સ્તુતિ **નિજપતિ** = ખુદ સર્જનહાર સકર્તા પતિ **કર્તા સહેત** = હેતપૂર્વક, પ્રેમપૂર્વક **આગમ** = આગળ, શરૂમાં **કીયે** = કહ્યું **જનાયકે** = જણાવીને, દર્શાવીને **ગ્રંથ ભાવ** = ગ્રંથ રચવા માટેનો ભાવ, આશય **જીનુ જેત** = જેમાં, જે તે.

### અનુવાદ

**પ્રારંભે મંગલાચરણ દ્વારા આ ગ્રંથ રચવાનો આશય અને તેમાં જે**

**દર્શાવવામાં આવનાર જ્ઞાનના ભાવને (યથાર્થ) જણાવેલ છે અને નિજપતિ સકર્તાની પ્રેમપૂર્વક સ્તુતિ કરેલ છે.**

### ભાવાર્થ

પરમગુરુ શ્રીમત્ કરુણાસાગરે ગ્રંથની રચનાના પ્રારંભમાં સકર્તા પતિ સર્જનહારની પ્રેમપૂર્વક સ્તુતિ, વંદના અને ગુણગાનની ગાથા દર્શાવતા મંગલાચરણની રચના કરી છે. તેમજ શરૂઆતની ચોપાઈઓમાં આ ગ્રંથની રચનાનો આશય અને તેમાં દર્શાવવામાં આવનાર વિવિધ અંગોનો સાર પ્રથમથી જ જણાવેલ છે.

**પરથમ કરહી પઠન જન, મંગલાચરન ઉપાસ;**
**પીછે ઉચરત ગ્રંથકુ, હોય સિદ્ધાંત સમાસ. ૨૪**

### શબ્દાર્થ

**પરથમ** = શરૂઆતમાં, પહેલા **કરહી** = કરીને, **પઠન** = ઉંચા અવાજે બોલીને વાંચીને, પાઠ કરીને **જન** = ભક્તજનો **મંગલાચરણ** = મંગલાચરણનો **ઉપાસ** = ઉપાસના, ભક્તિ **પીછે** = પછીથી **ઉચરત** = ઉચ્ચારણ કરવું **ગ્રંથકુ** = ગ્રંથનું **હોય** = થાય **સિદ્ધાંત સમાસ** = સિદ્ધાંતની સમજણ પડે, સિદ્ધાંત સમજાય.

### અનુવાદ

**ભક્તજનોએ પહેલા મંગલાચરણનું પઠન દ્વારા ઉપાસના કરવી, પછી ગ્રંથનું વાંચન કરવું. જેથી તેમાં દર્શાવેલ સિદ્ધાંત સમજાય.**

### ભાવાર્થ

એટલા જ માટે દરેક ભક્તજનોએ પ્રારંભમાં મંગલાચરણનું મુખથી બોલીને પઠન કરવું અને પછી ગ્રંથનું એકાગ્ર ચિત્તે વાંચન કરવું. જેથી તેમાં દર્શાવેલ પરમશ્રેષ્ઠ સકર્તા સિદ્ધાંતના લક્ષની સમજ પડશે અને અંશ-અંશીનો ભેદ સમજાતાં પરમપદની પ્રાપ્તિ અર્થે આરત જાગશે.

# અંગ ૧
# વિશ્વબોધ કરનકો

**માતને તાત સુત ભ્રાત ને ભારજ્યા, કુટુંબ પરિવારની લાહાર લાગી;**
**ઈન્દ્રિ સ્વાદને કારણે આપનું, આપ ભૂલી ગયો કયાંહાં અભાગી. ૧**

### શબ્દાર્થ

**માત ને તાત** = માતા અને પિતા **સુત** = પુત્ર **ભ્રાત ને ભારજ્યા** = ભાઈ અને પત્ની **કુટુંબ** = કુટુંબ, એક પિતાનો પરિવાર, વંશવેલો **પરિવારની** = સ્વજનોના સમૂહની, સાંસારિક સંબંધ ધરાવતા કાફલાની **લાહાર** = લાંબી હાર, સગાઓના સમૂહની લાઈન **લાગી** = લાગી, બની **ઈન્દ્રિ** = શરીરની ઈન્દ્રિયો **સ્વાદને** = સ્વાદના, ભોગ, ભોગવવાના **કારણે** = કારણે, તેથીને, લીધે **આપનું આપ** = પોતાનું નિજ ચૈતન સ્વરૂપ, શુદ્ધ અંશ સ્વરૂપ **ભૂલી ગયો** = ભૂલવું, વિસરી જવું **કયાહાં** = કયાં, શા માટે, કેમ **અભાગી** = ભાગ્યહીન, નસીબનો ફૂટલો, કમનસીબ.

### અનુવાદ

**સાંસારિક સંબંધોની માયાજાળ રૂપ માતા, પિતા, પુત્ર, ભાઈ અને પત્ની સહિત કુટુંબીજનોની એક લાંબી હાર લાગેલી છે. તેમજ ઈન્દ્રિયોના સ્વાદ ભોગવવાના કારણે હે ભાગ્યહીન ! પોતાના ચૈતન સ્વરૂપની જાણ્ય તું કેમ ભૂલી ગયો ?**

### ભાવાર્થ

વિશ્વમાં સામાન્ય રીતે દરેક ઘાટ આહાર, નિદ્રા, ભય અને મૈથુન એમ ચાર ક્રિયાઓમાં જકડાયેલો રહે છે. તેમાં વળી માનવઘાટમાં તો સાંસારિક સંબંધો રૂપ માતા-પિતા, પુત્ર, ભાઈ અને પત્ની સહિતના અન્ય પરિવારજનોની એક લાંબી હારમાળા બનેલી છે. દરેકની સાથે સંબંધ સાચવવા અને વહેવારમાં રહેવા માટે માનવ સતત પ્રયત્નશીલ રહે છે. તેમજ શરીરની પાંચ કર્મેન્દ્રિય અને

પાંચ જ્ઞાનેદ્રિયોના શબ્દ, સ્પર્શ, રૂપ, રસ અને ગંધ એમ પાંચ પ્રકારના સ્વાદને માણવામાં ગુલતાન બનીને રહે છે.

આ પ્રમાણે પારિવારિક બાહ્ય સંબંધો અને આંતરિક રીતે પ્રાકૃતિક તત્ત્વોના ભોગ વૈભવમાં જીવન વ્યર્થ ગુમાવે છે. વળી પોતાને જાતિ, કુળ, રંગ, ભેદ, સત્તા વિગેરેના નાશવંત અભિમાનથી જ ઓળખાવે છે. એવા માનવોને ચોર્યાસી લાખ પ્રકારના ઘાટોમાં શ્રેષ્ઠ એવો માનવદેહ મળ્યો હોવા છતાં પોતાના ચૈતન સ્વરૂપને ભૂલી ગયો હોવાથી અંશના ઉદ્ધાર માટેનું મુખ્ય કાર્ય યાદ જ નથી આવતું. અને પોતાનો અમુલ્ય સમય લૌકિક સંબંધોમાં બગાડે છે. એટલા માટે જ તેમને અહીં અભાગી, ભાગ્યહીન કહેવામાં આવ્યા છે.

**માયાના ફંદમે જક્ત લપટઈ રહ્યો, ત્રિગુણા તૃષ્ણા નવ ત્યાગી;**
**રાજને પાટ મસ્તક છતર ઢલે, તાંહા લગી ભ્રમણા આઘી આઘી. ૨**

### શબ્દાર્થ

**માયાના ફંદમે** = પ્રકૃતિના પાસ, બંધનમાં, નાશવંત પદાર્થોની જાળમાં **જકત** = વિશ્વ, જગત, **લપટઈ રહ્યો** = ફસાઈ ગયો **ત્રિગુણા તૃષ્ણા** = ત્રણ ગુણો, રજો, તમો અને સતોના પ્રભાવને, ત્રિગુણાત્મક કામના ભોગને **નવ ત્યાગી** = ત્યાગ કર્યો નહીં, છોડ્યો નહીં **રાજને પાટ** = રાજગાદી, રાજ્યનું સર્વોચ્ચ પદ મળે **મસ્તક છતર ઢલે** = પોતાના શિર ઉપર છત્ર (રાજચિહ્ન તરીકે વપરાતું છત્ર) ઢોળાય **તાંહા લગી** = ત્યાં સુધી, તેમ છતાં **ભ્રમણા** = અધિક મેળવવા માટેની તૃષ્ણા, ઘેલછા, તાલાવેલી **આઘી આઘી** = દૂર ને દૂર, છેટે, વેગળે, અસંતોષી, આગળને આગળ.

### અનુવાદ

**માયાની જાળમાં જગતના જીવો લપટાઈ જવાથી ત્રિગુણાત્મક તૃષ્ણાનો ત્યાગ કરી શકતા નથી. રાજગાદી મળ્યા પછી શિર ઉપર છત્ર ઢળતાં હોય તેમ છતાં તેમની ભ્રમણાઓ આગળને આગળ વધતી જાય છે.**

### ભાવાર્થ

સમસ્ત વિશ્વમાં માયાનો ફેલાવો વ્યાપેલો છે. માયા પોતાના અનંત

સ્વરૂપોમાં હાજર થઈને જીવોને પોતાની જાળમાં ફસાવે છે. યોગીઓને યોગિનીના રૂપમાં, સિદ્ધપુરુષોને સિદ્ધિના રૂપમાં, અર્થા-અર્થી જીવોને સંપતિના રૂપમાં, સત્તાધારીઓને સત્તાના રૂપમાં એમ ચારેય પ્રકારના અર્થા-અર્થી, વિષયી, જીજ્ઞાસુ અને મુમુક્ષુ જીવોને વિવિધ સ્વરૂપો ધારણ કરીને માયા છોડતી જ નથી, જેથી જીવો માયાના સ્વરૂપમાં લપટાયેલા જ રહે. વળી ત્રિગુણાત્મક રજોગુણની દશ આકાંક્ષા, તમોગુણના દશકાળને અને સતોગુણના ચાર અંતઃકરણ અને ચાર અવસ્થાની તૃષ્ણાને ત્યાગી શકતા નથી. પોતાને રાજગાદી મળે અને માથે છત્ર ઢળતાં હોય તેમ છતાં લોભવશ થયેલા અસંતોષી જીવો અધિકને અધિક મેળવવાની ઘેલછામાં રચ્યા પચ્યા રહે છે.

**તંતુના તેજમે વિશ્વ વિલસી રહ્યો , જાગ્રત સુપનમે સુરત લાગી;**
**તુરીયાની તીત અતીત પરમાતમા, સો કોઈ નવલહે મંદ ભાગી. ૩**

**શબ્દાર્થ**

**તંતુના** = શરીરના **તેજમે** = સુંદરતામાં પ્રભાવમાં **વિશ્વ** = જગત **વિલસી રહ્યો** = ભોગવતો રહ્યો, આંનદ વિલાસ માણતો રહ્યો **જાગ્રત** = જાગ્રત અવસ્થામાં જે નિહાળી શકાય તેવું **સુપનમે** = સ્વપ્નવસ્થામાં **સુરત લાગી** = પોતાની સુરતાને પરોવી **તુરીયાની તીત** = તુર્યાવસ્થાની પાર **અતીત** = તેનાથી **પરમાતમા** = પરમાત્મા, પરમતત્ત્વ **સો** = તેને **કોઈ** = કોઈ પણ **નવલહે** = જાણતા નથી **મંદભાગી** = મંદ (ઓછી) બુદ્ધિના, અભાગિયાઓ.

## અનુવાદ

**જાગ્રત અને સ્વપ્ન અવસ્થામાં જ વિશ્વના માનવોની સુરતા લાગેલી હોવાથી શરીરની સુંદરતામાં જ મોહવશ થઈને આનંદ માણે છે. તુર્યાવસ્થાથી તીત રહેલ વિરક્ત પરમતત્ત્વને મંદ બુદ્ધિના ભાગ્યહીન માનવો જાણી શકતા નથી.**

## ભાવાર્થ

વિશ્વના સમસ્ત જીવો શરીરની સુંદરતાના પ્રભાવમાં મોહવશ થઈને

આનંદ-વિલાસમય જિંદગી માણે છે. જેથી જાગ્રત અવસ્થામાં આનંદ કે સુખ પ્રાપ્ત કરવા મથે છે. જો કોઈ કારણસર જાગ્રતમાં તે ન મેળવી શકે તો છેવટે સ્વપ્નાવસ્થામાં પણ તેનો આનંદ મેળવે છે, પરંતુ પોતાની વૃત્તિઓનો વિલાસ ભોગવવામાં જાગ્રત અને સ્વપ્નથી બહાર જઈ શકતા નથી. જો કોઈ સુષોપતિ અવસ્થા વટાવીને તેની ઉપરની તુર્યાવસ્થામાં જાય તો આ બધું ભૂલી જઈને તૃષ્ણા વિહીન બની જાય છે. વળી તેના ઉપર રહેલ ઉનમુનિ અવસ્થામાં પોતાની વૃત્તિને સ્થિર કરે તો જ વિરક્ત પરમતત્ત્વ છે તેને જાણી શકે, પરંતુ આ પરમતત્ત્વને મંદ બુદ્ધિના અભાગિયા જીવો જાણી શકતા નથી.

**સુરપતિ ઈન્દ્ર વૈભવ સુખ જો સરે, કર્મના ક્રત કૈલાસ જાગી;**
**અજ વૈકુંઠ કેરુ પદ આવરે, દીન આધિન થઈ લેઉ માગી. ૪**

### શબ્દાર્થ

**સુરપતિ** = દેવાના દેવ **ઈન્દ્ર** = ઈન્દ્રદેવ **વૈભવ** = ઠાઠ, મોભો **સુખ** = સુખ **જો સરે** = જો મળે તો **કર્મના ક્રત** = ક્રર્મને આધીન થઈ **કૈલાસ જાગી** = કૈલાસના પદ માટે ઈચ્છા પ્રાપ્ત થાય, ઈચ્છા જાગે **અજ** = બ્રહ્મપુરી **વૈકુંઠ** = વિષ્ણુનું ધામ, વૈકુંઠ **કેરુ** = નું **પદ** = પદ, સ્થાન, ધામ **આવરે** = ઈચ્છા થાય **દીન** = ગરીબ બની **આધિન** = અધિનતાપૂર્વક **થઈ** = થઈને **લેઉ માગી** = માગી લે.

### અનુવાદ

**દેવોના પતિ ઈન્દ્રના વૈભવનું સુખ મળ્યું હોવા છતાં કર્મને આધીન થઈ કૈલાસ પ્રાપ્ત કરવાની ઈચ્છા થાય અને વળી બ્રહ્મપુરી કે વૈકુંઠના પદ માટેની ઈચ્છા થાય તો દીનતા અને આધીનતાપૂર્વક યાચક બની માગણી પણ કરી લે.**

### ભાવાર્થ

વિશ્વમાં મોટે ભાગે દરેકનો અધિકથી અધિક સુખ અને વૈભવ પ્રાપ્ત કરવાની આશા અને તૃષ્ણાનો કદી અંત આવતો જ નથી. કોઈ સંજોગોવસાત્ દેવોના દેવ ઇન્દ્ર રાજાનું ઈન્દ્રાસન પ્રાપ્ત થાય તો પછી કૈલાસપદ પ્રાપ્ત કરવાની ઈચ્છા ધરાવે છે. વળી બ્રહ્માજીની બ્રહ્મપુરી કે વિષ્ણુના વૈકુંઠ ધામ મેળવવાની જો ઈચ્છા

થાય તો ગરીબની જેમ દીનતાપૂર્વક આધીન થઈને પણ તે પદ મેળવવા માટેની મહેચ્છા રાખે છે. આમ તે પોતાની ઈચ્છાવૃત્તિને વધારતો જ જાય છે. કારણ કે, તૃષ્ણા ઝાંઝવાના જળ જેવી છે કે જેનો કોઈ અંત જ નથી.

**દાનવ માનવ અહીકુલ દેવતા, લોક ચતુરધાની ભુખ ન ભાગી;**
**કહે કુવેર એ દલ દ્રાયો નહીં, ગુરુ ગમસે નવ જોયું જાગી. ૫**

## શબ્દાર્થ

**દાનવ** = દાનવો **માનવ** = માનવો **અહીકુલ** = નાગકુળના નાગ, **દેવતા** = દેવતાઓ **લોક ચતુરધાની** = ચૌદે લોકના સર્વની **ભૂખ ન ભાગી** = ભુખ ભાગી નથી, ક્ષુધા મટી નહીં **કહે કુવેર** = કુવેરસ્વામી કહે છે કે **એ** = આ **દલ દ્રાવ્યો નહીં** = એ અગ્નિ કદી બુઝાયો નહીં, ઈચ્છા શક્તિ કદી પૂર્ણ થઈ નહીં **ગુરુ ગમસે** = ગુરુજીની સમજ, જ્ઞાન દ્વારા **નવ જોયુ** = જોયું જ નહીં **જાગી** = જાગીને, જાગ્રત થઈને.

## અનુવાદ

**દાનવો, માનવો, નાગકુળ અને દેવતાઓની આદ્ય લઈ ચૌદ લોકની ભૂખ ભાગી નથી. કુવેરસ્વામી કહે છે કે ગુરુની જ્ઞાન દૃષ્ટિ-ગતિ દ્વારા જાગ્રત થઈને કોઈએ જોયું નહીં, જેથી તૃષ્ણારૂપી અગ્નિ કદી બુઝાયો નહીં.**

## ભાવાર્થ

આ પ્રમાણે દાનવો, માનવો, નાગકુળના નાગ અને દેવતાઓની આદ્ય લઈ ચૌદ લોકમાં સર્વ કોઈની તૃષ્ણારૂપ ભૂખ ભાગી નથી, તેનુ મુખ્ય કારણ અભાવ છે. જો આપણને ખબર પડે કે નાશવંત શું છે ? અને શાશ્વત શું છે ? જેથી નાશવંત પાછળ જતી તૃષ્ણાને રોકીને શાશ્વત તત્ત્વ તરફ જ આપણી વૃત્તિને સ્થિર કરી શકાય. કુવેરસ્વામી કહે છે કે માનવો સમર્થ ગુરુના શરણે જઈને જ્ઞાન ગતિ પ્રાપ્ત કરે તો ચોક્કસ તૃષ્ણારૂપી અગ્નિને પૂર્ણ રીતે બુઝાવી શકાય.

આમ, જ્ઞાન થકી જાગ્રત થયેલ અંશ કદી પણ નાશવંત વસ્તુ પાછળ દોડતો

નથી, પરંતુ માત્ર પોતાના શાશ્વત અંશ સ્વરૂપની મુક્તિ માટે જ પ્રયત્નશીલ રહે છે.

(સાખી)

**વિપરીત વશ સબ જુગ ભયો, લહ્યો નહીં નિજ સાર;**
**હું કહીનો ને કયાંહાં લગી, કીયો ન તત્ત્વ વિચાર. ૬**

## શબ્દાર્થ

**વિપરીત** = ઊલટું, અવળું, ખોટાને **વશ** = તાબે થયો, શરણું સ્વીકાર્યું **સબ જુગ ભયો** = સમગ્ર સંસાર થયો **લહ્યો નહીં** = જાણ્યા નહીં, સમજ્યો નહીં **નિજ સાર** = મૂળ સત્ત્વને, મૂળ રહસ્યને **હું** = હું **કહીનો** = ક્યાંથી આવ્યો **ને** = અને **ક્યાંહાં લગી** = ક્યાં સુધી **કીયો ન** = કર્યો નહીં **તત્ત્વ** = તાત્ત્વિક રીતે **વિચાર** = વિચાર, કલ્પના, તર્ક, ફિકર.

## અનુવાદ

**સમસ્ત વિશ્વ ખોટાને તાબે થયું હોવાથી મૂળ સત્યને જાણી શક્યું નથી. હું કોણ, કયાંથી આવ્યો અને કયાં સુધી છું ? તે અંગે પણ તાત્ત્વિક વિચાર કર્યો નહીં.**

## ભવાર્થ

સમસ્ત વિશ્વના જીવો ઊંધે રસ્તે ચઢી ગયા છે. માનવી વિશ્વના પ્રારંભથી જે વિચારધારા ચાલતી આવી તેવા સગુણ અને નિગુર્ણ સિદ્ધાંતના સારાંશને તાબે થઈને જીવન જીવવા લાગ્યો, પરંતુ જડ ઘાટમાં રહેલ પોતાના ચૈતન અંશ સ્વરૂપ અને બ્રહ્માંડને બનાવનાર મહદ્ ચૈતન સર્જનહાર અંશી અંગે વિચાર સુદ્ધાં પણ કર્યો નહીં. જેથી શાશ્વત તત્ત્વની સાચી શોધ કરવાના માર્ગે ગમન ન કરતાં, નાશવંત પદાર્થોમાં ભટકવા લાગ્યો. દેહના આવરણને લીધે પોતાના શુદ્ધ ચૈતન સ્વરૂપે હું કોણ છું ? ક્યાંથી આવ્યો ? અને આ વિશ્વમાં ક્યાં સુધી જન્મ-મરણના ચક્રમાં કાળવશ થવાનું છે ? તે અંગે તર્કપૂર્ણ તાત્ત્વિક વિચાર પણ કર્યો નહીં.

**સતગુરુ ચરનની ચાહના, ગાવત નહીં ગુન ગ્રામ;**
**મંદમતિ માયા મહી, પાગી રહ્યો ધન ધામ. ૭**

### શબ્દાર્થ

**સતગુરુ** = સતગુરુના **ચરનની** = ચરણોની **ચાહના** = ઈચ્છા, આતુરતા **ગાવત** = ગાવાની, સ્તુતિ, વંદના **નહીં** = નહીં **ગુન ગ્રામ** = ગુણ, ગાન **મંદ મતિ** = મંદ બુદ્ધિ **માયા મહી** = માયામાં, માયાના પાસમાં **પાગી રહ્યો** = વળગી રહ્યો, બંધાઈ રહ્યો, જકડાઈ રહ્યો, અટકાઈ રહ્યો **ધન** = સંપત્તિ **ધામ** = દેવધામ, તીર્થસ્થાન, નાશવંત શરીર.

### અનુવાદ

**સતગુરુના ચરણોમાં જવાની ચાહના ન હોય તો ગુણગાન અને સ્તુતિ ગાઈ શકાતી નથી. તેથી જ મંદ મતિના જીવો માયાના ફંદમાં પડી ધન, ધામમાં વળગી રહ્યા છે.**

### ભાવાર્થ

વિશ્વમાં મંદ બુદ્ધિના અલ્પજ્ઞ જીવો માયાની જાળમાં ફસાયેલા રહેવાથી તેઓ નાશવંત ધન સંપત્તિ કમાવવાની ચાહના ધરાવે છે. દેવ- દેવીઓના ધામોમાં અને તીર્થસ્થાનોમાં વળગી રહ્યા છે. એવા જીવો સદ્‌ગુરુની કૃપા પ્રાપ્ત કરવા માટે ગુરુ ચરણોમાં ચિત્તને સ્થિર કરવા માટેની ચાહના રાખતા ન હોવાથી તેમને ગુરુકૃપા પ્રાપ્ત થતી નથી. તેથી તેઓ અજ્ઞાનતાને કારણે વિશ્વમાં ભમ્યા કરે છે. જેથી સાચી ભક્તિ કરીને સર્જનહારના ગુણગાન પણ ગાઈ શકતા નથી.

# અંગ ૨
# હિંદુ મુસલમાન શિખ (શિખામણ) કો

**હિંદુ મુસલમાન દો અસ્ક હેવાન, પતિ એક યૈચાન પહેચાન નાંહી;**
**યો કહે રામ રહીમાનકુ વે જજે, એક નિરંજન એક સાંહી. ૧**

### શબ્દાર્થ

**હિંદુ** = વેદ, શાસ્ત્ર આદિ ઉપર રચાયેલ હિંદુ ધર્મમાં માનનાર **મુસલમાન** = ઈસ્લામ ધર્મને પાળનાર **દો** = બન્ને **અસ્ક** = આશિક **હેવાન** = અણસમજુ **પતિ એક યૈચાન** = એક જ પતિને માને **પહેચાન** = ઓળખ **નાંહિ** = નથી **યો** = આ **કહે** = કહે **રામ** = ''રામ'' શબ્દનુ સંબોધન કરે **રહીમાન** = ''રહીમાન'' શબ્દથી સંબોધે **વે** = તે **જજે** = ભજે- ભજન કરે **એક** = એક જણ **નિરંજન** = ''નિરંજન'' સૃષ્ટિના આદિ દેવતા **એક** = એક જણ **સાંહી** = ''સાંઈ'' મુખ્ય, માલિક.

### અનુવાદ

**હિંદુ અને મુસલમાન બન્ને આસ્થા ધરાવતા હોવા છતાં અણસમજુ છે. કારણ કે, બન્ને એક જ પતિ છે એમ માને છે, પરંતુ તેમને સાચી ઓળખ નથી. એક રામને ભજે અને બીજો રહીમને ભજે, એક નિરંજન કહે તો બીજો સાંઈ કહે છે.**

### ભાવાર્થ

હિંદુ અને મુસલમાન બન્ને ધર્મમાર્ગમાં પૂર્ણ શ્રદ્ધા ધરાવતા હોય છે. વિશ્વના સંચાલન કરનાર પદને હિંદુ ઈશ્વર તરીકે તો મુસલમાન અલ્લા તરીકે માનતા હોય છે, પરંતુ પરમગુરુ કહે છે કે તે બન્ને ધર્મમાં ઈશ્વરપદ માટે પૂર્ણ સમજ દર્શાવી નથી. એટલે કે, બન્ને માન્યતાના સંદર્ભે અણસમજુ છે. હિંદુઓ જે પદને રામ તરીકે સંબોધન કરીને ભજે છે તેને મુસલમાન રહેમાન તરીકે ભજે છે. તેમજ હિંદુ નિરંજનને યાદ કરે છે તો મુસલમાન સાંઈને સંભાળે છે. તેમ છતાં બન્ને વિશ્વના પતિ, માલિક એક જ છે એમ માને છે.

**એક ઉપવાસ સંધ્યાય ગાયંતરી, એક નવાજ કલમાન રોજા;**
**રામ રમેતી રમનંગ ચિન્યા નહીં, સાંઇ દેદાર ના સાર ખોજ્યા. ૨**

### શબ્દાર્થ

**એક** = એક જણ **ઉપવાસ** = એક દિવસ અને રાત્રિ અન્નપાણીનો વિધિ સહિત ત્યાગ, હૃદયના શુદ્ધ ભાવે પ્રભુની નજીક રહેવાપણું, ઇન્દ્રિયોના ભોગનો ત્યાગ કરીને રહેવું **સંધ્યાય** = સવાર, બપોર અને સાંજની સ્તુતિ કે પ્રાર્થના, ત્રિકાળ સંધ્યા કાળની સંધિ વખતે કરાતું નિત્ય ધાર્મિક કર્મ **ગાયંતરી** = ગાયત્રી દેવીની સ્તુતિ અને ધ્યાન કરવું **એક** = એક જણ **નવાજ** = નમાજ, ખુદાની બંદગી, ફજની નમાઝ પરોઢીયે પાંચ વાગે, જુહુરની નમાઝ બપોરે દોઢ વાગે, અસરની નમાજ સાડા પાંચ વાગે, મધરિબની નમાજ સાંજે સવા સાત વાગે અને ઈશાની નમાજ રાત્રે નવ વાગે એમ પાંચ નમાજ દૈનિક પઢે છે **કલમાન** = ઈસ્લામનો મૂળ મંત્ર, લાઈલાહ ઈલ્લિલાહ ઉર રસુલિલ્લાહ એટલે કે અલ્લાહ એક છે અને મુહમદ તેના પયંગબર છે **રોજા** = થૂંક પણ ન ગળાય તેવો ઉપવાસ, ભૂખ્યા રહેવું **રામ રમેતી** = રોમેરોમમાં વ્યાપેલ ચૈતનતા **રમનંગ** = રમણ કરનારું **ચિન્યા નહીં** = ખોળ કરી નહીં, શોધ્યા નહીં, ઓળખ્યા નહીં **સાંઇ** = પરમેશ્વર, ખુદા **દેદાર** = સ્વરૂપ **ના** = નહીં **સાર** = તત્ત્વ, સત્ત્વ, તાત્પર્ય, મર્મ, રહસ્ય **ખોજ્યા** = ખોજવું, શોધવું.

### અનુવાદ

**એક ઉપવાસ કરે છે અને સંધ્યા ગાયત્રીના પાઠ કરે છે. જ્યારે એક નમાજ કરી કલમા પઢે છે, અને રોજા રાખે છે. રોમરોમમાં રમણ કરતા ચૈતન તત્ત્વને ઓળખ્યું નહીં તેમજ પરમેશ્વરના સ્વરૂપના રહસ્યને પણ શોધ્યુ નહીં.**

### ભાવાર્થ

હિંદુઓમાં ઉપવાસની રીત અલગ-અલગ છે. કોઈ આખા દિવસના અન્ન ત્યાગ, જલ ત્યાગ, અર્ધ દિવસના ઉપવાસ આમરણ ઉપવાસ એમ વિવિધ પ્રકારના અનશન કરે છે. તેમજ અલગ-અલગ મતાંતરો, સિદ્ધાંતોવાળી ભક્તિ, ઉપાસના કરે છે. સવાર, બપોરે, સાંજના કાળની સંધિ વખતે ગાયત્રી દેવીના પાઠ વિગેરે ધાર્મિક પ્રવૃતિઓ કરે છે. તેમજ પવિત્ર શ્રાવણ માસ કે અધિક મહિનામાં વિશેષ પૂજા અર્ચના કરે છે. જ્યારે મુસલમાન પણ રમઝાન માસ દરમ્યાન વિશેષ પ્રકારના ઉપવાસ કરે છે અને ખાસ કરીને ઉંમર લાયક પુરુષો

દિવસ દરમ્યાન પાંચ વખત નમાજ પઢે છે અને કલમા પઢે છે, પરંતુ પોતાના શરીરનાં રોમેરોમમાં રહેલી ચૈતનતાના સત્ત્વ રૂપી અંશ - રુહને ઓળખ્યો નહીં. તેમજ સમગ્ર બ્રહ્માંડને ચલાવનાર તથા તેને બનાવનાર સકર્તા પતિ પરમેશ્વર કે ખુદાના સ્વરૂપ અંગે શોધ કરી નહીં.

**એકકુ દેવલ દેવ પુજારી રહે, એક મસીત ફકીર ફકરા;**
**વાદ વેવાદના દોય દરદી મુદા, ના કદા કતથે હોય નકરા. ૩**

### શબ્દાર્થ

**એકકુ** = એકના **દેવલ** = દેવળ, મંદિરમાં **દેવ** = દેવતાઓનું સ્થાપન કરેલું હોય છે **પુજારી** = પૂજક, પૂજા કરનાર પુરુષ, દેવાલયમાં દેવની સેવા કરનાર પૂજક **રહે** = રહે છે, કરે છે **એક** = એક **મસીત** = મસ્જિદ, મુસલમાનોનું સમૂહમાં બંદગી કરવાનું સ્થળ, સિજદો કરવાનું ઠેકાણું **ફકીર** = ઈસ્લામનું તમામ શાસ્ત્ર જાણનાર વ્યકિત, દુનિયાદારી છોડી અલ્લાની બંદગીમાં મચ્યો રહેનાર મુસલમાન વૈરાગી, પવિત્ર જિંદગી ગાળનાર ઈશમ, ઓલિયો **ફકરા** = ભિક્ષા માગતો મુસલમાન, માગણનો અર્થ જણાવવા માટે ફકીર શબ્દની સાથે વપરાતો શબ્દ, મુલ્લા **વાદ વેવાદના** = પ્રશ્નોત્તરીના રૂપમાં સામ સામે સંવાદરૂપે દલીલો કરવી **દોય** = બન્ને **દરદી** = દુઃખી, દરદથી પીડાતા, વ્યાધિગ્રસ્ત **મુદ્દા** = રાજી થઈને રહેનાર **ના કદા** = કદાપિ નહીં, કયારેય નહીં **કતથે** = કર્મોથી, હકીકતથી, કૃત્યથી **હોય** = હોય છે થાય છે **નકરા** = ચોખ્ખા, મુક્ત, અલગ.

### અનુવાદ

**એકના દેવળમાં દેવ અને પુજારી રહે છે. એકની મસ્જિદમાં ફકીર, ફકરા રહે છે. બન્ને વાદ-વિવાદના દરદી બની રાજી રહે છે, પરંતુ કર્મોથી કદાપી મુક્ત થતા નથી.**

### ભાવાર્થ

હિંદુઓ પોતાના દેવાલયમાં દેવતાઓનું સ્થાપન કરીને, પૂજા અર્ચના કરવા માટે પૂજારી રાખે છે. જ્યારે મુસલમાન પોતાની મસ્જિદમાં ફકીર અને મુલ્લા રાખે છે. પોતપોતાના મતોની માન્યતામાં એકબીજા સામે સંવાદરૂપે દલીલો કરીને દુઃખી થતા હોવા છતાં પોતાની માન્યતા સાચી છે તેમ માનીને રાજી રહે

છે. તેઓ ધર્મના ઓથા હેઠળ મનગમતા ભોગ-વૈભવ ભોગવે છે. વળી ધર્મના નામે અનિત્ય કૃત્યો કરે છે જેને કારણે કર્મોના બંધનમાંથી કદાપી મુક્ત થતા નથી. પરિણામે કાળના ચક્રમાં વહ્યા કરે છે.

**એક બીલી વીધ્ય પાત તુલસી કરે, એકકુ ગાય કટાય બકરી;**
**દોય નરંધકી મંદમતિ ગત્ય, ચૈતન જોયને સેવ ન કરી. ૪**

### શબ્દાર્થ

**એક** = એક જણ **બીલી** = વૈદિક કાળથી પવિત્ર મનાતું ઝાડ કે જેના દરેક ડાળખીમાં ત્રણ ત્રણ પાન હોય છે જેનો મહિમા શિવપૂજન માટે વિશેષ છે **વિધ્ય** = વધ કરે કાપે **પાત** = પાંદડા, પાન **તુલસી** = હિંદુઓમાં પવિત્ર મનાતો એક છોડ જેનું ભારતીય સંસ્કૃતિમાં તેમજ આયુર્વેદમાં તેનુ ઘણું જ મહત્ત્વ છે તેથી તો તેને જેની તુલના ન થઈ શકે તે તુલસી કહેવામાં આવે છે **કરે** = કરે છે **એકકુ** = એકને **ગાય** = બળદ કે આખલાની માદા જે દૂધ દે છે જેનું છાણ મૂતર પવિત્ર ગણાય છે હિંદુ ધર્મમાં માતા સમાન માન અપાનાર પશુ છે જેમાં બધા દેવોનો વાસ હોવાનું અને વૈતરણી નદી આળંગવામાં તે સાધનરૂપ હોવાનું મનાય છે **કટાય** = કતલ કરે, હત્યા કરે **બકરી** = બકરાની માદા, અજા જે દૂધ દે છે **દોય** = બન્ને **નરંધકી** = નર + અંધ, આંધળા **મંદમતિ** = અલ્પ બુદ્ધિવાળા **ગત્ય** = સ્થિતિ, સમજ ગતિ, હકીકત **ચૈતન** = ચેતન **જોયને** = જોઈને **સેવ ન કરી** = પૂજા-સેવા ન કરી, સહાય ન કરી.

### અનુવાદ

**એક બીલી અને તુલસીના પાન તોડે છે. એક ગાય અને બકરીની કતલ કરે છે. એમ બન્ને માન્યતામાં અંધ અને અલ્પ બુદ્ધિવાળા છે. હકીકતમાં તો તેમાં રહેલા ચૈતનને સમજીને તેની સહાય પણ કરતા નથી.**

### ભાવાર્થ

હિંદુઓ બીલીપત્રથી શંકરના લિંગ ઉપર અભિષેક કરે છે અને તુલસીના પાન ઈષ્ટદેવને ધરાવવાના પ્રસાદમાં પવિત્રતાની દૃષ્ટિએ સાથે રાખે છે. જ્યારે મુસલમાન અલ્લાહ નામ લઈ ઈસ્લામની શરિયત પ્રમાણે વિધિ કરી ભોગ ધરાવવા માટે ગાય અને બકરીનો વધ કરે છે અને તેને હલાલ કરીને આરોગે છે.

આમ બન્ને પોતપાતાની માન્યતામાં અંધશ્રદ્ધા ધરાવતા હોઈ મંદબુદ્ધિના જીવો જ છે. હકીકતમાં તો દરેક સજીવ ઘાટોમાં રહેલો એક જ સર્જનહારનો સજાતીય ચૈતન, અંશ-રુહ છે. તેને ધ્યાનમાં લઈ એક આત્મબંધુની ભાવનાથી કોઈ તેની સહાય કે સંભાળ કરતા નથી.

**આત્મા પરભવી પ્રત પુજા કરે, ઈમ સાહેબના સાંઇ રીઝે;**
**કહે કુવેર નાદાન દો બંદગી, ઈંટ પાષાણકો ધ્યાન ધીજે. ૫**

### શબ્દાર્થ

**આત્મા** = ચૈતન અંશની **પરભવી** = ઉપેક્ષા સેવીને, દુઃખી કરીને પછીના જન્મનું, જન્માંતરમાં સાથે આવનારું **પ્રત** = પ્રતિમા, મૂર્તિની **પૂજા** = પૂજા, ભક્તિ **કરે** = કરે છે **ઈમ** = તે રીતે, એમ કરવાથી **સાહેબ** = સઘળી સમૃદ્ધિના માલિક, સર્જનહાર, પરમેશ્વર **ના** = નહીં **સાંઇ** = ઈશ્વર **રીઝે** = રાજી થાય, પ્રસન્ન થાય **કહે કુવેર** = કુવેરસ્વામી કહે છે કે **નાદાન** = અણસમજુ, અવિચારી **દો** = બન્નેની **બંદગી** = પ્રાર્થના **ઈંટ પાષાણકો** = ઈંટો અને પથ્થરોમાં **ધ્યાન ધીજે** = ધ્યાન ધારણ કરે, ચિંતન કરે.

### અનુવાદ

**જ્યાં સુધી ચૈતનની પરવા કર્યા સિવાય મૂર્તિ પૂજા કરે કે ઈંટ પથ્થરો સામે ધ્યાન ધરે તેથી પરમેશ્વર પ્રસન્ન થતા નથી. કુવેરસ્વામી કહે છે કે ત્યાં સુધી તે બન્નેની પ્રાર્થના સમજ વિનાની છે.**

### ભાવાર્થ

હિંદુઓ પોતાના દેવાલયોમાં સુંદર અને મનોહર દેવ, દેવીઓની મૂર્તિઓની સ્થાપના કરીને અને મુસલમાન પોતાની મસ્જિદમાં ઈંટ પથ્થરથી ગોખ, કબર કરીને પ્રાર્થના કરે છે, પરંતુ તેમ કરવાથી પરમેશ્વર કે સાંઈ, અલ્લા પ્રસન્ન થતા નથી. એટલે કે, આ બન્ને રીતે કરાતી ભક્તિથી વિશ્વની સઘળી સાહ્યબીના માલિક-સર્જનહાર રીઝતા નથી. કુવેરસ્વામી કહે છે કે ચૈતન અંશની પરવા કર્યા સિવાય ચેતનને દુઃખ આપીને જડ મૂર્તિઓની પૂજા અને ઈંટમાં વિશ્વાસ રાખીને કરેલી પ્રાર્થના વ્યર્થ છે. તેથી હિંદુઓ અને મુસલમાન બન્ને દ્વારા કરાતી ભક્તિમાં

ચૈતનની ઉપેક્ષા થતી હોવાથી બન્નેની નાદાન બાળકની જેમ ભક્તિ હોઈ સમજ વિનાની અને અધૂરી છે.

**(સાખી)**

**ચૈતન સરખુ સરવમે, અણુની આદ્ય તનુધાર;**
**નિજપતિ અંશ અચરચર, વ્રાજેહુ સકલ મોજાર. ૬**

**શબ્દાર્થ**

**ચૈતન** = શરીરને ચેતન કરવાવાળુ સત્ત્વ, અંશ, જીવ, રુહ **સરખુ** = એકસરખું **સરવમેં** = દરેક ઘાટોમાં **આણુની આદ્ય** = આણુથી માંડીને **તનુધાર** = સર્વ ધારણ કરેલ ઘાટોમાં, શરીરમાં **નિજપતિ અંશ** = સર્જનહારની સજાણજાણ રૂપ અંશ, રુહ **અચરચર** = સ્થાવર, અને જંગમમાં **વ્રાજેહુ** = બિરાજમાન છે ઉપસ્થિત છે **સકલ મોજાર** = દરેકની અંદર, સર્વમાં

**અનુવાદ**

**અણુની આદ્ય લઈ સર્વ શરીરમાં ચૈતન એક સરખું જ છે. દરેક સ્થાવર-જંગમ ઘાટોમાં સર્જનહારનો અંશ બિરાજમાન છે.**

**ભાવાર્થ**

વિશ્વમાં નાનામાં નાના કીટ, પતંગની આદ્ય લઈ મોટામાં મોટા કદાવર એવા સ્થાવર તેમજ જંગમ જાતિ મળીને કુલ ચોર્યાસી લાખ પ્રકારના ઘાટ (શરીર) છે. આ સર્વ ઘાટોમાં સર્જનહારનો ચૈતન અંશ બિરાજમાન છે. સર્વ જડ ઘાટોમાં વિવિધતા જોવા મળે છે, પરંતુ તેમાં રહેલ ચૈતન અંશ સ્વરૂપ એક સરખું છે, અર્થાત્ ચૈતન અંશમાં કોઈ વિવિધતા નથી. સર્જનહારની સજાણજાણ સ્વરૂપ ચૈતન અંશના આભાસ વડે જ પ્રણવના માધ્યમ થકી જડ ઘાટ ચેતનમય બને છે.

**તેસેહી રુહ અલ્લાયકી, મૃગી અજા ગૌ બીચ;**
**તો તીનકુ કયૌ વધ કરો, ઉર ઉપલીકી મીચ. ૭**

## શબ્દાર્થ

**તેસેહી** = તેવી જ રીતે, તે જ પ્રમાણે **રુહુ** = આત્મા, જીવ અંશ **અલ્લાયકી** = ખુદા, પરમાત્મા, **મૃગી** = મરઘી **અજા** = બકરી **ગૌ** =ગાય **બીચ** = અંદર, મોં **તો** = તો પછી **તીનકુ** = તેનો **કયૌ** = શું કરવા, શા માટે **વધ કરો** = કતલ કરો છો! **ઉર** = હૃદય **ઉપલીકી** = ઉપરની આંખો **મીચ** = મીંચાયેલી છે? બંધ છે?

## અનુવાદ

**તે જ રીતે અલ્લાહનો રુહ મરઘી, બકરી અને ગાયમાં છે તો પછી તેની શા માટે કતલ કરો છો ? શું તમારું હૃદય કે આંખો બંધ છે ?**

## ભાવાર્થ

તે જ પ્રમાણે અલ્લાહનો રુહ એટલે ચૈતન જીવ જે મરઘી, બકરી અને ગાયમાં બિરાજેલો છે. તેવો જ રુહ માનવઘાટમાં પણ બિરાજેલો છે. તેથી પ્રાણી સહિત કોઈપણ જીવીત ઘાટનો વધ ન થવો જોઈએ. આવી કતલ કરતી વખતે આપણા હૃદયમાં દયા-લાગણી થવી જોઈએ. તેમજ પ્રત્યક્ષ આંખો હોવા છતાં અંધ બનીને આવું કૃત્ય કરવું જોઈએ નહીં.

# અંગ ૩
# ઇષ્ટ બંદીક પ્રીછકો

---

**રામ અવતાર અપાર અવની પર, આંન્ય અવતાર અનંત એકે;**
**જાન પંડિત પુરાન ખોજી જુવો, ધાત પાષાણ કે કયૌ ન દેખે. ૧**

### શબ્દાર્થ

**રામ અવતાર** = વિષ્ણુનો એક અવતાર, દશરથ રાજાના પુત્ર, શરીરમાં રમણ કરતું પરમતત્ત્વ **અપાર** = અનેક **અવની પર** = પૃથ્વી ઉપર **આન્ય અવતાર** = બીજા અવતાર **અનંત** = અનેક **એકે** = એક પણ એકાદ **જાન** = જાણકાર **પંડિત** = પંડિત, વિદ્વાન પુરુષ **પુરાન** = પુરાણ, વેદ વ્યાસ દ્વારા લખાયેલા પ્રાચીન દેવ અને મનુષ્યની દંતકથાવાળા ૧૮ ગ્રંથો **ખોજી જુવો** = તપાસી જુઓ, શોધો, તપાસો **ધાત** = ધાતુ પૃથ્વીના પેટાળમાંનું ખનિજ દ્રવ્ય **પાષાણ કે** = પથ્થરના **કયૌ ન** = કયાંય પણ નથી **દેખે** = દેખાયા.

### અનુવાદ

**રામના અવતાર પૃથ્વી પર ઘણા થયા છે અને બીજા અવતારો પણ અનેક થયા છે. હે પંડિતો! પુરાણોમાં શોધી જુઓ કે એક પણ ધાતુ કે પથ્થરમાં ક્યાંય પણ દેખાયા છે?**

### ભાવાર્થ

સર્જનહારે વિષ્ણુને વિશ્વનું પાલન પોષણનું કાર્ય સોંપેલું હોવાથી જ્યારે જ્યારે અધર્મ ફેલાય ત્યારે ત્યારે અધર્મનો નાશ કરી ધર્મનુ સ્થાપન કરવા માટે તેઓ અવતાર ધારણ કરીને યુગે યુગે પૃથ્વી પર આવે છે. અત્યાર સુધીમાં રામ અવતાર અને અન્ય અનેક અવતારો થઈ ગયા છે. જે અંગે વેદ વ્યાસજી દ્વારા અઢાર પુરાણોમાં દેવ અને મનુષ્યોની દંતકથાઓ આલેખાયેલી છે. માટે પંડિતોએ તે પુરાણો ઉપરથી તારણ કાઢવું જોઈએ કે એકપણ અવતાર ધાતુ કે પથ્થરના સ્વરૂપે કયાંય પણ દેખાતા નથી.

**આદ્ય અલ્લા નહીં દેહ ધારણ કીયા, દેગ દરગાવમે ચાહાવ કૈસા;**
**બિન જાને કહાં બાંગ યેસે ઈહો, સાંઈ નહીં ઘોર દરગાવ જૈસા. ૨**

### શબ્દાર્થ

**આદ્ય** = આદિ **અલ્લા** = પરમેશ્વર **નહીં** = નથી દેહ, શરીર, સ્વરૂપ **ધારણ કીયા** = ધારણ, કર્યું **દેગ દરગાવમેં** = દરગાહ, કબર, મકરબો, પીરની કબરની જગ્યામાં **ચાહાવ** = ચાહના, લગાવ **કૈસા** = શા માટે ? કેમ રાખો છો ? **બિન જાને** = જાણ્યા વગર, ઓળખ્યા વગર **કહાં** = શા માટે, કેમ **બાંગ** = નમાઝનો સમય સૂચવવા મુલ્લાઓએ કરેલો પુકાર સૂર્યોદય પહેલાં, બપોર પછી, ત્રીજા પહોર પછી, સુર્યાસ્ત પછી અને રાત્રે એમ પાંચ વખત પોકાર કરવાનો હોય છે **યેસે** = એમ જ, કોઈ નિશ્ચિત પરિણામ વગર જ **ઈહો** = પોકારો **સાંઈ** = ઈશ્વર **નહીં** = નથી **ઘોર** = કબર ચણતા પહેલાનો ખાડો **દરગાવ** = મસ્જિદ, કબર **જૈસા** = જેવા

### અનુવાદ

**આદિ અલ્લાએ દેહ ધારણ કર્યો નથી તો પછી દેગ અને દરગાહમાં શા માટે ચાહના રાખો છો ? સાંઈ ઘોર કે દરગાહ જેવા નથી, માટે જાણ્યા સિવાય શા માટે બાંગ પોકારો છો ?**

### ભાવાર્થ

આદિ પુરાણા જે પરમેશ્વર – ઈશ્વર છે તેમણે કદી પણ દેહ ધારણ કર્યો નથી. એટલે કે સર્જનહાર રૂપ-અરૂપથી પરે છે તે કદી પોતાની બનાવેલી સૃષ્ટિ (રચના)માં આવતા જ નથી તો પછી દેગ અને દરગાહમાં ચાહના રાખવી જોઈએ નહીં. જો સર્જનહાર ઊંડા ખાડાની સાથેની દરગાહ કે પીરની કબર જેવા સ્વરૂપે નથી તો તેમને જાણ્યા સિવાય બાંગ શા માટે પોકારો છો ?

**ઈંટ આરોપન લોપ ચુના કરી, રખ આકીન આધીન રહેતા;**
**ખોજ કતેબ સાંઈયાં યેસે કયા લીખ્યા, સચ કે જુઠ કાજી કયોં ન કહેતા. ૩**

### શબ્દાર્થ

**ઈંટ** = ઈંટ **આરોપન** = મૂકીને, ગોઠવીને, સ્થાપના કરીને **લોપ** = લેપ કરવો લીંપવું

**ચુના** = ચૂનો, પથ્થર અને ઈંટોના ચણતરમાં વપરાતો ધોળો પદાર્થ **કરી** = કરીને **રખ** = રાખીને **આકીન** = વિશ્વાસ, શ્રદ્ધા **આધીન** = સમર્પણ થઈને રહેવું, વશ થવું તાબે થવું **રહેતા** = રહો છો **ખોજ** = શોધ **કતેબ** = કિતાબ **સાંઇયા** = ઈશ્વર **યેસે** = એવા **કયા લીખ્યા** = કેમ લખ્યા છે, શા માટે દર્શાવ્યા છે, બતાવ્યા છે **સચ કે જુઠ** = સાચુ કે ખોટું **કાજી** = કુરાનના ફરમાન પ્રમાણે ઈન્સાફ કરનાર વિદ્વાન પુરુષ **કર્યો** = કેમ? શા માટે **ન કહેતા** = નથી કહેતા.

## અનુવાદ

**ઈંટો મુકી ચૂનાનો લેપ કરીને તેમાં વિશ્વાસ રાખીને તાબે થાવ છો. તેને આધીન તમે રહો છો. કિતાબમાં શોધ કરીને જુઓ કે સાંઈ એવા છે ? એવું ક્યાં લખ્યું છે ? તે સાચું છે કે જૂઠું છે તે કાજી કેમ કહેતા નથી?**

## ભાવાર્થ

મુસલમાનો ઈંટ ઉપર ઈંટ ગોઠવીને તેનું ચણતર કરે છે અને તેના ઉપર ચૂનાનો લેપ કરીને દરગાહ તૈયાર કરે છે. તે દરગાહ ઉપર પૂર્ણ શ્રદ્ધાને વિશ્વાસ મૂકીને તેને તાબે થઈને રહે છે. મુસલમાનોએ આ કિતાબનું સંપૂર્ણ અધ્યયન કરીને શોધ કરવી જોઈએ કે સાંઈ રૂપ અલ્લાનું સ્વરૂપ એવું છે ? તે પ્રમાણે કયાંય લખ્યું છે ? મુસલમાનો જે સ્વરૂપે અલ્લાને માનીને તેમાં યકીન કરે છે તે સાચું છે કે જુઠું ? તે અંગે કાજી કેમ સ્પષ્ટતા કરતા નથી ?

**યેસે હિંદુય કહે સોય મન ભૂયતે, સત્ સ્વરૂપ કુ ઓઈ ન લેહેતા;**
**પ્રતમા પૂજત રામ કાહા ગયે ગને, સકલ વ્યાપીક મુખ આપ કહેતા. ૪**

### શબ્દાર્થ

**યેસે** = એજ રીતે **હિંદુય** = હિંદુઓ **કહે સોય** = કહેવાય મન, માનીને **ભૂયતે** = થઈ ગયેલા, ભૂતકાળમાં થયેલા **સત્** = સાચુ, સાત્વિક **સ્વરૂપકુ** = સ્વરૂપને **ઓઈ** = તેઓ પણ **ન લહેતા** = જાણતા નથી **પ્રતમા** = પ્રતિમા, મૂર્તિ **પૂજત** = પૂજન કરે છે **રામ** = રામ **કાહા** = કહેતાં કહેતાં **ગયે** = ગયા **ગને** = ઘણા, સકલ **વ્યાપીક** = સર્વ વ્યાપેલા, સચરાચર **મુખ** = મુખેથી **આપ કહેતા** = તમે કહો છો, પોતે માનો છો.

## અનુવાદ

**એ જ રીતે હિંદુઓ પણ એવા જ કહેવાય કારણ કે, થઈ ગયેલાને માની તેમની મૂર્તિઓની પૂજા કરે છે, પરંતુ સાચા (શાશ્વત) સ્વરૂપને પણ જાણતા નથી. રામ કહેતાં ઘણા ચાલ્યા ગયા છતાં ભગવાન સર્વવ્યાપક છે તેવું મુખ દ્વારા કહે છે.**

## ભાવાર્થ

એ જ પ્રમાણે હિંદુઓની પણ માન્યતા પણ તેમના જેવી જ કહેવાય. તેમની માન્યતામાં પણ ભૂતકાળમાં થઈ ગયેલા અવતાદિક દેવ-દેવીઓ તેમજ અવતારી પુરુષોને ભગવાન માને છે. તેઓ મુખ દ્વારા તો ભગવાન સર્વત્ર વ્યાપક છે તેમ કહે છે, તેમ છતાં પણ તેમની મૂર્તિઓ પોતાના દેવાલયોમાં પધરાવીને તેમનું જ પૂજન અર્ચન અને ભક્તિ કરે છે. વળી રામના નામનો જપ કરતાં કરતાં ઘણા ભક્તો ચાલ્યા ગયા, પરંતુ વિશ્વના સર્જનહાર પરમપિતાના સાચા સ્વરૂપને તેઓ પણ જાણી શક્યા નથી.

**રામ નહીં ધાત પાષાણ કે કાષ્ટકા, ઈંટ અલ્લા નહીં ઘોર મરખ્યા;**
**કહે કુવેર અંધેર દોનુ રચી, સાંઇ સાહેબ ના કીને પરખ્યા. ૫**

### શબ્દાર્થ

**રામ** = શ્રીરામનું સ્વરૂપ **નહીં** = નથી **ધાત** = પૃથ્વીમાંથી નીકળતી ખનીજ, નીકળતી ધાતુ **પાષાણ** = પથ્થર **કે** = અને **કાષ્ટકા** = લાકડાના **ઈંટ** = ઈંટ **અલ્લા** = પરમેશ્વર, ઈશ્વર **નહીં** = નથી **ઘોર** = ઊંડા ખાડા વાળી કબર **મરખ્યા** = મુજબના, જેવા **કહે કુવેર** = કુવેરસ્વામી કહે છે કે **અંધેર** = અજ્ઞાન જ્ઞાન થકી અંધેર **દોનુ** = બન્ને **રચી** = રચના કરીને, માન્યતા મુજબ, સ્વરૂપો ઉભા કરીને, બનાવીને **સાંઇ** = ઈશ્વર **સાહેબ** = ભગવાન સર્જનહાર **ના કીને** = કોઇએ પણ નહીં **પરખ્યા** = ઓળખ્યા, જાણ્યા.

## અનુવાદ

**રામ ધાતુ પથ્થર કે લાકડાના નથી અને અલ્લા ઈંટ કે ઘોર જેવા નથી.**

**કુવેરસ્વામી કહે છે કે બન્નેની અંધ માન્યતા હોવાથી સાંઈ અગર સાહેબ રૂપ સાચા સર્જનહારને કોઈ ઓળખી શક્યા નથી.**

## ભાવાર્થ

શ્રીરામ (ઈશ્વર)નું સ્વરૂપ ધાતું, પથ્થર કે લાકડાનું નથી. તેજ રીતે અલ્લા ઈંટ કે ઘોર જેવા નથી. કુવેરસ્વામી કહે છે કે હિંદુ અને મુસલમાન બન્નેને સર્જનહારના સ્વરૂપ અંગે સાચી સમજ ઉપલબ્ધ નથી તેથી અજ્ઞાનતાને કારણે જે કાંઈ સૌ સૌની આગવી માન્યતાઓને પ્રસ્થાપિત કરી નકલી ઈશ્વરોને ઠેરવ્યા છે. તે તેઓની અંધ રચના છે. એટલે કે, પોતાની અંધશ્રદ્ધાને પોષણ આપનારી ધાર્મિક માન્યતા છે. આમ વિશ્વના સાચા સર્જનહારને કોઈ ઓળખી શક્યા નથી.

## (સાખી)

**સાહેબ કેરી સાહાભી, પંચ તત્ત્વ કર દામ;**
**યે પૂજા સર્વ અરથકી, સરે ના આત્મ કામ. ૬**

### શબ્દાર્થ

**સાહેબ** = સર્જનહાર **કેરી** = ની **સાહાભી** = વિશ્વમાં રહેલી સર્વ પ્રકારની સાહેબી, વૈભવ સમૃદ્ધિ **પંચ તત્ત્વ** = પંચતત્ત્વો, પાંચ ભૂત (પૃથ્વી, જળ, અગ્નિ, વાયુ અને આકાશ) **કરા** = કરેલી **દામ** = કિંમત, મુખ્યત્વે, સંપત્તિ, સમૃદ્ધિ **યે** = તે **પૂજા** = પૂજા **સર્વ** = બધી **અરથકી** = પદાર્થની, મતલબની **સરે ના** = સરે નહીં, પાર પડે નહીં **આત્મ કામ** = આત્માના ક્લ્યાણનું કામ, જીવના ઉદ્ધાર માટેનું કામ.

## અનુવાદ

**પંચ તત્ત્વોની જે સંપત્તિ-સમૃદ્ધિ કરેલી છે, તે સર્જનહારની સાહેબી છે. તેમની પૂજા સર્વ પદાર્થની હોવાથી આત્માના ઉદ્ધાર માટેના કામમાં આવે નહીં.**

## ભાવાર્થ

સર્જનહાર પોતે સત્ય છે અને જગત મિથ્યા છે. એટલે કે, સર્જનહારે સમગ્ર

બ્રહ્માંડમાં જે કોઈ રચના રચી છે તે સર્વ નાશવંત છે. તેઓ પોતે જગતથી પરે અખંડ ચૈતન સ્વરૂપે રહેલા છે. જગતના સમગ્ર વૈભવ-સમૃદ્ધિ છે તેમાં મુખ્યત્વે, પૃથ્વી, જળ, અગ્નિ, વાયુ અને આકાશ એમ પાંચ મહાતત્ત્વો સમાયેલાં છે.આ પાંચ તત્ત્વોવાળા ઘાટ-શરીર કે અન્ય રચનાની પૂજા કરવામાં આવે તો તે પૂજા નાશવંત પદાર્થની (પૂજા) ગણાય. જયારે શરીરમાં રહેલા ચૈતનના ઉદ્ધાર માટે તે નાશવંત પદાર્થની પૂજા કામ આવનારી નથી. એટલે કે, પંચ તત્ત્વોવાળા જે કોઈ ઘાટ કે પદાર્થની પૂજા કરવામાં આવે તો તે બધી પોતાના જીવન જીવવા માટે સહાયભૂત થઈ શકે, પરંતુ તેનાથી આત્મકલ્યાણ થતું નથી. અર્થાત્ આત્મકલ્યાણનું કાર્ય સરતું નથી.

**આતમ જાણીને ભજે, કે સાહેબ કે સાંય;**
**તે નંદે વંદે નહીં, પંચ તત્ત્વ મે કાંય. ૭**

**શબ્દાર્થ**

**આતમ જાણીને** = પોતાના શરીરમાં રહેલા પોતાના ચૈતન સ્વરૂપને જાણીને **ભજે** = ભક્તિ કરવામાં આવે, ભજન કરે **કે સાહેબ** = સાહેબની સર્જનહારની **કે સાંય** = સાંય ઈશ્વરની **તે** = તે **નંદે** = નિંદા કરે **વંદે** = વંદન કરે **નહીં** = નહીં **પંચ તત્ત્વ મે** = પાંચ તત્ત્વોમાં **કાંય** = કયારેય.

**અનુવાદ**

**પોતાના ચૈતનને ઓળખીને જે કોઈ સાહેબ કે સાંયને ભજે છે, તેઓ પંચતત્ત્વોમાં કોઈની વંદના કે નિંદા કરતા નથી.**

**ભાવાર્થ**

શરીર ધારણ કરેલ માનવી ભલે પછી તે હિંદુ, મુસલમાન કે અન્ય કોઈપણ જાતિનો હોય, પરંતુ સમર્થ ગુરુના જ્ઞાન થકી પહેચાન કરીને તેને શરણે જાય તો જરૂર તેને આત્મજ્ઞાન પ્રાપ્ત થાય છે. માટે એવા સમર્થ સદ્‌ગુરુ કે પરમગુરુનું શરણુ સ્વીકારીને તેમણે દર્શાવેલ માર્ગે જીવન જીવીને જ્ઞાન પ્રાપ્ત કરે તો તેને જરૂર ખબર પડે કે આ દેહ જે કાંઈ તત્ત્વોથી બનેલો છે તે સર્વ નાશવંત છે. દેહને

ચલાવવાવાળુ ચૈતન છે તે સકર્તા પતિનો સજાણજાણ સ્વરૂપ અંશ છે. જેને આ દેહે કરેલા કર્મોને આધીન જન્મ-મરણ ભોગવવું પડે છે, પરંતુ જો પરમગુરુની કૃપા પ્રાપ્ત થાય તો તે પોતાના નિજ- ચૈતન સ્વરૂપને પહેચાની શકે છે. પછી જ્ઞાનથી જાગૃત થયેલને જીવાત્મા બાદલી ઉપાસનાઓવાળા અન્ય પદોમાં ચાહના રાખતો નથી. તેમજ પંચતત્ત્વોવાળા દેહધારી અવતારી પુરુષોની કે અન્ય પદોની નિંદા કે વંદના પણ કરતો નથી.

# અંગ ૪
# પ્રતિમા પૂજા સમજકો

---

**પ્રતમા પાલને કાલ નરણે કરુ, અરથ ઉપાસીક સમજ સારુ;**
**વિવિધ વિગતે કરુ સકલ સંશે હરુ, શ્રવણ કરો સુરતધરી બરન ચારુ. ૧**

### શબ્દાર્થ

**પ્રતમા** = પ્રતિમા, મૂર્તિ **પાલને** = લાલન, પાલન, લાડલડાવીને આસના-વાસના કરવી **કાલ** = સમય, વખત, સંજોગોમાં **નરણે** = નિર્ણય **કરુ** = કરું છું **અરથ** = અર્થ, મતલબ **ઉપાસીક** = ઉપાસક, સેવક, ભક્તિ કરનાર ભક્ત પાસે બેસનાર **સમજ સારુ** = સમજણ પડે તેવી રીતે, તે માટે **વિવિધ** = જુદી જુદી રીતે, વિધ-વિધ રીતે **વિગતે હરુ** = વગતવાર દર્શાવું **સકલ** = બધા જ **સંશે હુરુ** = સંશયોને દૂર કરું **શ્રવણ કરો** = સાંભળો **સુરત ધરી** = સુરતા ધારણ કરી **બરન ચારુ** = ચારે વર્ણના, ચારેય જાતિ (બ્રાહ્મણ, વૈશ્ય, ક્ષત્રિય અને શુદ્ર).

### અનુવાદ

**મૂર્તિની સેવા કયા સંજોગોમાં કરવી તે વિષેની મતલબ ઉપાસકને સમજણ પડે તેવી રીતે વિધ-વિધ પ્રકારે અને સંશયોને દૂર થાય તે રીતે નિર્ણય કરીને દર્શાવું છું. તેને ચારે વર્ણના શ્રોતાજનો સુરતા ધારણ કરીને સાંભળો.**

### ભાવાર્થ

કુવેરસ્વામી આ અંગમાં મૂર્તિ કે પ્રતિમાની સેવા-પૂજા કે ઉપાસના કેવા સંજોગોમાં કરવી જોઈએ તે અંગે જુદી જુદી રીતે દર્શાવે છે. ઉપાસકના સંશયો દૂર થાય તે રીતે તેના મતલબને રજૂ કરીને સમજ પડે તે રીતે સમજાવે છે. આ ન્યાયપૂર્વકના નિર્ણયને સમાજના ચારે વર્ણના સમૂહને ખૂબ જ ધ્યાનપૂર્વક સુરતા ધારણ કરીને સાંભળવા આદેશ કરવામાં આવે છે.

**જેમ કોઉ શાહ ઘેર નાર એક પતિવ્રતા, પઠયો પરદેશ પિયુ પ્રત રાખી;**
**સતને કારણે પ્રત પૂજા કરે, સુરત નિજ શ્યામની સંગ તાકી. ૨**

### શબ્દાર્થ

**જેમ** = જેમ કે **કોઉ** = કોઈ **શાહ** = વણિક, વેપારી **ઘેર** = ઘરમાં **નાર** = સ્ત્રી **એક** = એક **પતિવ્રતા** = પતિમાં અનન્ય વફાદારી રાખનાર પત્ની, મન, વચન અને કર્મથી માત્ર પોતાના વરને ભજતી સ્ત્રી **પઠયો** = ગયો **પરદેશ** = વિદેશ **પિયુ** = પતિ **પ્રત રાખી** = પ્રતિમા, ટેક, પોતાની અંગત નિશાની પ્રતીક રૂપે રાખીને **સતને કારણે** = સત્યને કારણે **પ્રત પૂજા કરે** = પ્રતિમાની પૂજા કરે છે **સુરત** = પોતાની સુરતા તો **નિજ શ્યામની સંગ તાકી** = પોતાના પતિની સાથે જોડેલી રાખે છે, સ્થિર રાખે છે.

### અનુવાદ

**જેમ કોઈ વણિકને ઘરે એક પતિવ્રતા ધર્મ પાળનારી પત્ની હતી. પતિ પોતાની પ્રતિમા આપીને પોતે પરદેશ ગયો. હવે તે સ્ત્રી પોતાના સત્ય ધર્મના પાલન અર્થે પ્રતિમાની પૂજા કરે છે, પરંતુ પોતાની સુરતા પતિની સાથે સ્થિર રાખે છે.**

### ભાવાર્થ

અહીંયા એક દૃષ્ટાંત દ્વારા સમજાવવામાં આવે છે કે, વર્ષો પહેલાં ધંધા રોજગાર અર્થે વણિકો દરિયાઇ માર્ગે પરદેશ જતા હતા, જેમાં તેમને ઘણો લાંબો સમય પોતાના ઘરેથી દૂર રહેવું પડતું હતું. તેવા સંજોગોમાં પતિ પોતાની પ્રતિમા આપીને પરદેશ જતો. જેથી પ્રતિવ્રતા સ્ત્રી પતિના પ્રતિક તરીકે પ્રતિમાને નિહાળી મન મનાવી શકે. આમ આ સ્ત્રી પોતાના સત્યધર્મનું પાલન કરવા માટે હરહંમેશ પોતાના પતિ દ્વારા આપેલ પ્રતિમાને નિહાળીને ઔપચારિકતા કરતી, પરંતુ સુરતા તો પરદેશ ગયેલા પતિ સાથે જ જોડતી.

**રહત આલોચ મન સોચ નીસવાસુર, આતુરતા અતિ ઉર ધરતી;**
**રુદ્ર સુકાય અરે હાયના સહાય, દલ દાય પિયુ પાય પોકાર કરતી. ૩**

### શબ્દાર્થ

**રહત** = રહેતી **આલોચ** = આલોચવું, કલ્પનાથી નૂરતા ધારણ કરીને નીરખવું **મન** = મનમાં **સોચ** = વિચારીને **નીસવાસુર** = દિવસ-રાત્રિ, ચોવીસ કલાક ભરોસો રાખીને **આતુરતા** = ખૂબ ઉત્સુક, અધીરુ, કામાતુર **અતિ** = ઘણી **ઉર ધરતી** = હ્રદયમાં ધારણ કરતી, હ્રદયમાં પ્રીતિ રાખી પ્રતિમાને નિહાળતી **રુદ્ર સુકાય** = લોહી સુકાય **અરે** = અરે **હાય ના સહાય** = વિરહના અગ્નિને ન સહી શકાય **દલદાય** = દિલમાં દાહ (અગ્નિની) બળતરાથી, વ્રેહ **પિયુ** = પતિને **પાય** = પામવા, પ્રાપ્ત કરવા **પોકાર કરતી** = પોકાર કરતી, મોટેથી બૂમ પાડીને બોલતી યાદ કરતી.

### અનુવાદ

**મનમાં અહો રાત્રિ વિચારોમાં રહેતી અને હ્રદયમાં કામતૃષ્ણા ધારણ કરી પ્રતિમાને નિહાળતી. પતિના વિયોગથી હ્રદયમાં વ્રેહ ઉત્પન્ન થાય તેથી લોહી પણ સુકાય અને પતિને પ્રાપ્ત કરવા માટે રુદન ભર્યો પોકાર પણ કરતી.**

### ભાવાર્થ

વિશ્વમાં આધ્યાત્મિક પ્રેમ સમજવા માટે પણ સાંસારિક પ્રેમના પ્રતિકરૂપે પતિ-પત્ની વચ્ચેનો પ્રેમ ઉદાહરણરૂપે સમજવો જોઈએ. પ્રેમ એ સમર્પણની નિશાની છે. જો ભોગ ભોગવવાની વૃતિ હોય તો તે પ્રેમ નહીં પણ વાસનાનું સ્વરૂપ છે. અહીં પતિવ્રતા સ્ત્રી, પોતાના મનમાં અહોરાત પોતાના પતિના પ્રેમમાં જ પાગલ બનીને પતિના વિયોગની વિરહવેદનામાં રહેતી અને પોતાના પતિના પ્રતીક રૂપે પ્રતિમાને હ્રદયમાં ધારણ કરીને નિહાળતી. પતિના વિયોગથી હ્રદયમાં વિરહની વેદના રૂપી અગ્નિની બળતરાથી તે સ્ત્રીના શરીરનું લોહી પણ સુકાતું અને પતિને પ્રાપ્ત કરવા માટે અતિ રુદન ભર્યા પોકાર પણ કરતી હતી.

**પુરુષ આવી મલ્યો પતિવ્રતા નારનો, પ્રતમા તેહ પૂજે ન વલતી;**
**ચૈતન પુરુષની સંગ સદોદીત, હરખ હીચોલ હલતી ને મલતી. ૪**

### શબ્દાર્થ

**પુરુષ** = પતિ **આવી મલ્યો** = આવીને મળ્યો **પતિવ્રતા નારનો** = પતિવ્રતા સ્ત્રીનો

**પ્રતમા** = પ્રતિમાને **તેહ** = તે **પૂજે ન** = પૂજા કરતી નહી **વલતી** = વળી, પછીથી **ચૈતન પુરુષની** = સજીવ પતિની **સંગ** = સાથે **સદોદીત** = સદાને માટે, કાયમ, હંમેશા **હરખ** = આનંદથી, હર્ષોલ્લાસપૂર્વક **હીચોલ** = હીંડોળે **હલતી ને મલતી** = હળીમળીને ઝૂલતી.

## અનુવાદ

**પતિવ્રતા નારનો પતિ આવીને મળ્યો, ત્યારપછી તે સ્ત્રીએ પ્રતિમાની પૂજા કરતી નહી અને પોતાના ચૈતન પતિની સાથે હરખના હીંડોળે હળીમળીને ઝૂલતી.**

## ભાવાર્થ

તે વણિક પતિવ્રતા સ્ત્રીનો પરદેશ ગયેલો પતિ જ્યારે પાછો આવ્યો, ત્યારપછી તે સ્ત્રી સત્ય ધર્મનું પાલન કરવા રાખેલ પોતાના પતિની પ્રતિમાની પૂજા કરવાનું અને હૃદયપૂર્વક નિહાળવાનું બંધ કરી દીધું. કારણ કે, જેની પ્રતિમાની તે પૂજા કરતી હતી તે સ્વયં પતિ જ જ્યારે પ્રત્યક્ષ આવીને મળ્યો પછી તે સ્ત્રી પોતાના પતિને જ નીરખીને પોતાના પ્રેમના વાત્સલ્ય ભાવે આનંદના હીંડોળે બન્ને જણા હળીમળીને રહેવા લાગી.

**તેમ સંસારમાં મુરત મહારાજની , હુરત હરામની સુરત સેવા;**
**પતિવ્રતા નારનો પ્યાર કોઈને નહીં, પાયે નહીં પતિ પરમ દેવા. ૫**

### શબ્દાર્થ

**તેમ** = તેવી જ રીતે **સંસારમાં** = વિશ્વમાં, જગતમાં **મુરત** = મૂર્તિ **મહારાજની** = મહારાજની, ઈષ્ટદેવની દેવી, દેવીઓની **હુરત** = દાસી, સેવક **હરામની** = અધર્મની રીતે, વગર હક્કનું, ગેરવ્યાજબી **સુરત** = મૂર્તિની **સેવા** = સેવા, પૂજા, ભક્તિ, આરાધના **પતિવ્રતા નારનો** = પતિવ્રતા નારીની જેમ **પ્યાર** = પ્રેમ **કોઈને નહીં** = કોઈને પણ નથી **પાયે નહીં** = પ્રાપ્ત કરતા નથી **પતિ** = પતિ રૂપ **પરમ દેવા** = પરમ પતિને, ઈષ્ટદેવને.

## અનુવાદ

**તેવી જ રીતે સંસારમાં ઈષ્ટદેવની મૂર્તિ છે, પરંતુ સેવકો મૂર્તિની સેવા**

**ગેરવ્યાજબી રીતે કરે છે. પતિવ્રતા નારીની જેમ કોઈનો પ્યાર હોતો નથી, જેથી પતિ રૂપ ઈષ્ટદેવને કોઈ પ્રાપ્ત કરી શકતા નથી.**

## ભાવાર્થ

ધર્મમાર્ગમાં ભક્તો પોતપોતાના દેવળ બનાવી મૂર્તિ પધરાવે છે. આમ મૂર્તિ પ્રસ્થાપિત કરીને ઈષ્ટદેવની સેવા તેઓ પોતાની ઈચ્છાઓને સંતોષવા માટેનો આશય રાખીને જ કરે છે. જેમાં મુખ્યત્વે ભક્તો અર્થાર્થી, જીજ્ઞાસુ, વિષયી અને મુમુક્ષુ હોય છે, પરંતુ અગાઉના દૃષ્ટાંત મુજબ પતિવ્રતા નારીની જેમ સેવકમાં પ્રેમ અને સમર્પણ પણું હોતું નથી. વળી તેમનામાં એક જ પતિરૂપ પરમેશ્વરને રીઝાવવા માટેનો ત્યાગ અને બલિદાન જોવા મળતું નથી. તેમજ પરમેશ્વરને પ્રાપ્ત કરવા માટેનો હ્રદયમાં વ્રેહ પણ જોવા મળતો નથી. જેથી વંઠેલ સ્ત્રીની જેમ વહેવારવાળા સેવકો પોતે પતિવ્રતા નારીની માફક પતિ રૂપ ઈષ્ટદેવને કદી પણ પ્રાપ્ત કરી શકતા નથી.

**મૂર્તિ પૂજતે કલપ કેતે ભયે, દીયો નહીં દ્રસવા કૃષ્ણ રામે;**
**કહે કુવેર સંસારને ભેખ કયા, અટક રહ્યો ખટક કે ભરમ ભાગે. ૬**

### શબ્દાર્થ

**મૂર્તિ પૂજતે** = મૂર્તિની પૂજા કરતાં કરતાં **કલપ** = કલ્પ ૧,૦૦૦ યુગોના ૪૩,૨૦,૦૦,૦૦૦ વર્ષ - ૪,૩૨૦,૦૦૦,૦૦૦ વર્ષનો સમય, બ્રહ્માનો એક દહાડો **કેતે ભયે** = કેટલાયે વીતી ગયા **દીયો નહીં** = દીધો નહીં **દ્રસવા** = દર્શન **કૃષ્ણ રામે** = શ્રીકૃષ્ણ કે શ્રીરામના **કહે કુવેર** = કુવેરસ્વામી કહે છે કે **સંસારને** = સંસારના જીવોને અને **ભેખ** = ભેખધારી સંતો **કયા** = શું **અટક રહ્યો** = અટકી રહ્યો **ખટક કે** = છ પ્રકારના **ભરમ** = ભ્રમણાઓમાં **ભાગે** = ભરમાઈને.

## અનુવાદ

**મૂર્તિઓની પૂજા કરતા કેટલાયે કલ્પો વહી ગયા છતાં પણ શ્રીરામે અને શ્રીકૃષ્ણે કોઈને દર્શન આપ્યા નથી. કુવેરસ્વામી કહે છે કે સંસારી અને ભેખધારી સર્વ કોઈ ખટ કર્મની ભ્રમણાઓમાં ભરમાઈને અટકી રહ્યા છે.**

### ભાવાર્થ

વિશ્વમાં જ્યારથી સગુણ ઉપાસનાનો પ્રભાવ વધ્યો ત્યારપછી ધાર્મિક ક્ષેત્રે વધુને વધુ કર્મકાંડનો પ્રભાવ વહેતો થયો અને મૂર્તિ પૂજાનું પ્રાધાન્ય વધતું ગયું. વિષ્ણુના દશ અવતારોનુ વર્ચસ્વ અધિક પ્રભાવિત બન્યું. આમ કેટલાય કલ્પોથી શ્રીરામ અને શ્રીકૃષ્ણની ભક્તિ ચાલી આવેલી છે. તેમ છતા તેમના ભક્તોને બન્નેમાંથી કોઈએ પ્રત્યક્ષ આવીને દર્શન આપ્યા નથી. કુવેરસ્વામી કહે છે કે આ બાબતમાં સંસારી હોય કે ભેખધારી પણ તમામ છ કર્મોઃ યજન, યાજન, અધ્યયન, અધ્યાપન, દાન અને પતિગ્રહની ભ્રમણાઓમાં જ ભરમાઈ ગયા છે. આ પ્રમાણે સંસારનો બોજ વહન કરીને તેમાં જ અટકી રહ્યા છે.

### (સાખી)

**નિજ કારન કરતા કુલ, તાકો લહે ન મર્મ;**
**જન સૂક્ષ્મ લઘુતા મતિ, દીયો ઉપાસિક કર્મ. ૬**

#### શબ્દાર્થ

**નિજ** = પોતે, સ્વયં **કારન** = સર્વના કારણ રૂપે **કરતા** = સર્જનહાર, કર્તા **કુલ** = સર્વના **તાકો** = તેમણે **લહેન** = જાણે નહીં **મર્મ** = મરમ, રહસ્ય, સાર હાર્દ **જન સૂક્ષ્મ** (સામાન્ય) = સૂક્ષ્મ જીવો **લઘુતા મતિ** = અલ્પ બુદ્ધિના હોઈ **દીયો** = દીધો **ઉપાસિક** = ઉપાસકને **કર્મ** = કર્મ

### અનુવાદ

**સર્વના કારણરૂપે રહેલા સર્જનહારની ગતિનું રહસ્ય કોઈએ જાણ્યું નહીં. સામાન્ય ઉપાસક જીવો અલ્પબુદ્ધિના હોવાથી કર્મકાંડમાં જ વળગી રહ્યા છે.**

### ભાવાર્થ

સંસારમાં સામાન્ય ઉપાસક વર્ગ ભક્તિ ભાવમાં તો જોડાયા, પરંતુ આવા જીવો અલ્પ બુદ્ધિના અને અજ્ઞાની હોવાથી સગુણ ઉપાસનામાં જોડાઈ ગયા અને કર્મ કાંડનો આશરો લઈ પોતાની જિંદગી જીવવા માંડ્યા. પોતે જેવા છે તેવા જ પોતાના ઈષ્ટદેવની સ્થાપના કરીને ત્રણ ગુણો (બ્રહ્મા વિષ્ણુ અને મહેશ)ના

પ્રભાવમાં અટક્યા, પરંતુ પોતાનામાં રહેલ ચૈતન અંશ અંગે તેમજ આ સર્વ સર્જનાત્મક સૃષ્ટિ દેખાય છે તેના કારણરૂપે રહેલા જગતના સાચા સર્જનહાર અંગેની ગતિ કોઈએ પણ પ્રાપ્ત કરી નહીં. આ પ્રમાણે કહેવાતા જ્ઞાની, પંડિતો, બ્રાહ્મણો, આચાર્યો તેમજ સાધુ સંતોએ અલ્પ બુદ્ધિના માનવોને કર્મકાંડના માર્ગે વાળ્યા. પરિણામે અલ્પમતિના જીવોએ કર્મકાંડનો આશરો લઈ પોતે તે જ પ્રમાણે જીવન જીવવા લાગ્યા.

**ઈષ્ટ ભેદ અનુસુત નહીં, જ્યૌ પ્રતિમા પ્રતિ રાગ;**
**કહે કુવેર શીખ તાયકુ, કયા ગ્રહીકે વૈરાગ. ૭**

### શબ્દાર્થ

**ઈષ્ટ** = ઈષ્ટદેવ, પોતે માનેલ શ્રેષ્ઠદેવ **ભેદ** = રહસ્ય, ફરક, તફાવત, જુદાપણુ **અનુસુત** = સામ્યતા કેળવવી, એકરૂપ થવું, સમરસ થવું, ની સાથે જોડાયેલું **નહીં** = નહીં **જ્યૌ** = જેમ **પ્રતિમા** = મૂર્તિ **પ્રતિ** = પ્રત્યે **રાગ** = પ્રેમ, સ્નેહ **કહે કુવેર** = કુવેરસ્વામી કહે છે કે **શીખ** = શિખામણ **તાયકુ** = તેમને **કયા** = શું, કેટલી **ગ્રહી** = ગૃહસ્થ સંસારી **કે** = અને **વૈરાગ** = વૈરાગી, ભેખધારી.

### અનુવાદ

**જો પોતાના ઈષ્ટદેવ પ્રત્યે એકરૂપતા નહીં, પરંતુ જુદાપણુ હોય ત્યાં સુધી મૂર્તિ પ્રત્યેનો પ્રેમ હોય છે. કુવેરસ્વામી કહે છે કે એવા ગૃહસ્થી કે વૈરાગીને હું કેટલી શીખામણ આપુ ?**

### ભાવાર્થ

પતિવ્રતા નારી જેમ પોતાના પતિના આદર્શોને વળગી રહે છે તેમ દરેક સેવક અથવા ઉપાસકે પોતાના ઈષ્ટદેવની આજ્ઞાઓનું પાલન કરી તેમના પ્રત્યે ભાવુક્ત થઈને એકરૂપ થવું જરૂરી છે. જ્યાં સુધી ઈષ્ટદેવ સાથે એક સુત્રવત્ જોડાણ ન હોય અને જુદાપણુ હોય ત્યાં સુધી જડ મૂર્તિ પ્રત્યેનો પ્રેમ જોડાયેલ રહે છે. વિશ્વમાં સંસારી, ગૃહસ્થ કે પછી વૈરાગ ધારણ કરેલ ત્યાગી સંત સાધુ હોય, તેમને કુવેરસ્વામી શિખામણ આપે છે કે મૂર્તિ તરફ જોડાણ ન રાખતાં

સુરતા ઈષ્ટદેવની પ્રત્યે જોડાયેલી હોવી જરૂરી છે. માટે જ મૂર્તિને પ્રાધાન્યતા આપવા કરતાં ઈષ્ટદેવના આદેશનો અમલ કરીને તેમના જ્ઞાનનો પ્રચાર-પ્રસાર કરી સેવકે ઈષ્ટદેવને પ્રસન્ન કરવા પ્રયત્નશીલ રહેવું જોઈએ.

# અંગ ૫
# અભે શબ્દ ઉચ્ચારત જડ ચૈતન પ્રીછકો

**કહત સાચી કાહા ડરતહે કાઉથે, ધરત પરભાવ હમ ના કુસીકી;**
**જીનકી દૃષ્ટમે સૃષ્ટ ઉત્પન્ન ભઈ, સો મમ યાર યારી ઉસીકી. ૧**

### શબ્દાર્થ

**કહત** = કહુ છું **સાચી** = સત્ય **કાહા** = શા માટે **ડરત હે** = ડરો છો **કાઉથે** = કોઈનાયથી **ધરત** = ધારણ કરવી **પરભાવ** = પ્રભાવ, અસર, કાર્યશકિતથી અંજાઈ જવું **હમ** = હું **ના કુસીકી** = કોઈનો નહીં, કોઈથી પણ નહીં **જીનકી** = જેની **દૃષ્ટમે** = નજર સમક્ષ **સૃષ્ટ** = સૃષ્ટિ **ઉત્પન્ન ભઈ** = ઉત્પન્ન થઈ **સો** = તે **મમ યાર** = મારા પતિ **યારી** = પત્ની **ઉસીકી** = તેમની.

### અનુવાદ

**હું કોઈના પણ પ્રભાવમાં આવતો નથી અને સત્ય કહેવામાં કોઈથી ડરતો નથી. કારણ કે, જેમના નજર થકી (સંકલ્પ શકિતથી) સમસ્ત વિશ્વ ઉત્પન્ન થયું છે તે મારા પતિ અને હું તેમની પતિવ્રતા પત્ની સમાન છું.**

### ભવાર્થ

કુવેરસ્વામી સકર્તા પતિ સર્જનહારના પરમવિશેષ પાટવી અંશ છે. તેથી તો સર્જનહારે તેમને તેમના સાન્નિધ્યમાં રાખ્યા છે. જ્યારે જ્યારે પરમપિતાનો સંદેશો મોકલવાનો હોય ત્યારે સર્જનહાર કુવેરસ્વામીને કલ્પમાં એક વખત સૃષ્ટિમાં મોકલે છે. બાકીના સમય દરમ્યાન કુવેરસ્વામી સર્જનહારના સાન્નિધ્યમાં રહે છે. એક પલ વાર પણ તેમની સુરતા કર્તાથી અલિપ્ત થતી નથી. સળંગ સુત્રવત્ત પોતાના હંગને સર્જનહારના મહદહંગ સાથે જોડાયેલું રાખે છે. તેથી તો તે પોતાની જાતને પતિવ્રતા સ્ત્રી તરીકે અને સર્જનહારને પતિ તરીકેનું સંબોધન કરે છે. આના કારણે કુવેરસ્વામી વિશ્વમાં કોઈના પણ પ્રભાવમાં આવતા નથી અને કૈવલજ્ઞાનને દર્શાવવામાં કોઈનો પણ ડર રાખતા નથી.

## દેવલ દેવ ડહેકાની દુનિયા, મુસલમાન મસીત ભઈ પ્રતિત ઘોરા; પચે પરપંચ ના રંચ ખોજા રદા, બિન મુદા જાય જમ દ્વાર બોહોરા. ૨

### શબ્દાર્થ

**દેવલ** = દેવળ, મંદિર **દેવ** = મંદિરમાં સ્થાપીત દેવ **ડહેકાની** = કાદવ યુક્ત, છેતરાઈ, ઠગાઈ **દુનિયા** = દુનિયા **મુસલમાન** = મહમદ પયંગરમાં માનનાર વર્ગ **મસીત** = મસ્જિદ **ભઈ** = પ્રત્યે **પ્રતિત** = વિશ્વાસ શ્રદ્ધા **ઘોરા** = કબર **પચે** = ખૂંપી ગયા, ગરકાવ થઈ ગયા **પરપંચ** = પ્રપંચ, કાવાદાવા **ના** = નહીં **રંચ** = સહેજ માત્ર દુ:ખી થઈને **ખોજા** = ખોજવું, શોધ્યું **રદા** = હૃદયમાં, અંતરમાં **બિન** = વિના, વગર **મુદા** = મુદ્દો, શેષ વસ્તુતા રૂપી, ચૈતન, પદાર્થ **જાય** = વહી જાય **જમ દ્વાર** = યમરાજના દ્વારે, જન્મ-મરણના ક્રમમાં **બોહોરા** = વારંવાર.

### અનુવાદ

**હિંદુઓ દેવળ અને દેવમાં તેમજ મુસલમાન મસ્જિદ અને કબરમાં શ્રદ્ધા રાખીને કાદવની દુનિયામાં ખૂંપી ગયા છે. આમ પ્રપંચમાં ગરકાવ થઈને પોતાના હૃદયમાં સહેજપણ ખોજ કરતા નથી. જેથી મૂળ મુદ્દાને જાણ્યા સિવાય જન્મ-મરણમાં વહ્યા જાય છે.**

### ભાવાર્થ

વિશ્વમાં જ્ઞાની અને અજ્ઞાની તમામ માનવો જડ ઉપાસનામાં ફસાયા છે. તે પૈકી હિંદુઓ મોટા દેવળો બાંધી તેમાં સ્થાપીત ઈષ્ટદેવની મૂર્તિમાં વિશ્વાસ રાખીને ભક્તિ કરે છે. જ્યારે મુસલમાનો પણ મોટી મસ્જિદો બનાવી દરગાહ કબરમાં શ્રદ્ધા અને વિશ્વાસ રાખીને ભક્તિ કરે છે, પરંતુ આ બન્ને પ્રકારના માનવો ધર્મમાર્ગ રૂપ ડહેકાની દુનિયામાં ખૂંપી ગયા છે. અને વિશ્વાસથી છેતરાયા છે. કારણ કે, તે બન્નેમાંથી કોઈએ પોતાના શુદ્ધ ચૈતન અંશ માટે 'હું કોણ છું ? અને ક્યાંથી આવ્યો છું ?' 'મારા સાચા સર્જનહાર કોણ છે?' તે અંગેની ન્યાયપૂર્વકની સાચી ખોજ કરવા પણ પ્રયત્ન કર્યો નથી. જેના કારણે યમરાજાના કાળચક્રમાં જન્મ-મરણ રૂપ દુઃખ વારંવાર ભોગવ્યે જાય છે.

**નિજપતિ અકલ સો સકલ કારન કલ, અકલ અવ્યકતનાં જક્ત પેખે;**
**અવની અપ તેજ વાયુ નભ પંચમુ, તત્ત્વ પરમેશ્વર વિશ્વ લેખે. ૩**

### શબ્દાર્થ

**નિજપતિ** = મૂળ સર્જનહાર, પરમપતિ **અકલ** = અકળ, કળીન શકાય તેવા **સો** = તે **સકલ** = સર્વના **કારનકલ** = કારણરૂપે **અકલ** = અકળ હોવાથી **અવ્યકત** = વ્યકત, નિહાળી ન શકાય તેવું, અદૃશ્ય **ના** = નહીં **જકત** = જગત **પેખે** = જોઈ શકે, ઓળખે **અવની** = પૃથ્વી **અપ** = પાણી **તેજ** = અગ્નિ **વાયુ** = પવન **નભ** = આકાશ **પંચમુ** = પાંચમું **તત્ત્વ** = તત્ત્વ **પરમેશ્વર** = પરમેશ્વર, કર્તા **વિશ્વ** = વિશ્વ, જગત **લેખે** = દર્શાવ્યા છે, આલેખાયેલા છે, માને છે.

### અનુવાદ

**નિજપતિ સર્વના કારણરૂપે તેમજ અકળ છે. જેથી વિશ્વ એવા અકળ અને અવ્યક્તને ઓળખી શક્યું નથી. તેથી પૃથ્વી, જળ, તેજ, પવન અને આકાશ એમ પાંચ તત્ત્વોવાળા પરમેશ્વર છે તેમ જગતના લોકો માને છે.**

### ભાવાર્થ

વિશ્વના મૂળ સર્જનહાર કળ્યામાં ન આવી શકે તેવા તત્ત્વાતીત છે. તેના કારણે વિશ્વના જીવો એવા અકળ અને અવ્યક્ત સર્જનહારને જાણી કે જોઈ શકતા નથી. તેથી સર્જનહારની માન્યતામાં જે વ્યક્ત મહાતત્ત્વોઃ પૃથ્વી, પાણી, અગ્નિ, પવન અને આકાશ છે તે પાંચ તત્ત્વોવાળા સ્વરૂપોને જ સમસ્ત જગત ઈશ્વર તરીકે સંબોધે છે. એટલે કે પરમેશ્વર તરીકે તત્ત્વોવાળા સ્વરૂપોધારી વિશેષ અવતારાદિક મહાપુરુષોને જ માને છે, પરંતુ તત્ત્વાતીત એવા સાચા સર્જનહારને વિશ્વ ઓળખી શક્યું નથી.

**તત્ત્વકે આપ પૂજાવત તત્ત્વકુ, તત્ત્વકે સત્ત્વમે સકલ અટકયા;**
**ચૈતન દષ્ટ ઉતકૃષ્ટ નહીં કાઉકી, ભૂત કલોલની ઓલ લટક્યા. ૪**

### શબ્દાર્થ

**તત્ત્વકે આપ** = પોતે તત્ત્વોવાળા હોવાથી **પૂજાવત તત્ત્વકુ** = તત્ત્વોની પૂજા કરાવે છે અને

કરે છે **તત્ત્વકે** = તત્ત્વોના **સત્ત્વમેં** = અસ્તિત્ત્વમાં, દૈવત્વમાં, પદાર્થોમાં **સકલ** = બધા, સર્વ **અટકયા** = અટકી રહ્યા, થોભી ગયા, વળગી રહેવું, ગરકાવ થવું **ચૈતન** = ચૈતન અંગે **દ્રષ્ટ** = દૃષ્ટિ **ઉત્કૃષ્ટ** = શ્રેષ્ઠ **નહીં** = નથી **કાઉકી** = કોઈની પણ **ભૂત** = પંચભૂત, પાંચ તત્ત્વો **કલોલની** = આનંદ, ઉમંગની **ઓલ** = ઓથ, શરણ, આળ-પંપાળમાં **લટકયા** = લથડવું, વળગી રહેવું, નિરાધાર થઈ જવું.

## અનુવાદ

**પોતે તત્ત્વોવાળા હોઈ સર્વ તત્ત્વોની જ પૂજા કરે છે. આમ તત્ત્વોના દૈવત્યમાં બધા અટક્યા છે. શ્રેષ્ઠ ચૈતન દૃષ્ટિ કોઈનામાં નહીં હોવાથી પાંચ ભૂતોના આનંદની આળ-પંપાળમાં સર્વ કોઈ લટકી રહ્યા છે.**

## ભાવાર્થ

વિશ્વમાં જે કાંઈ દૃષ્ટિગોચર થાય છે તે બધું તત્ત્વોથી બનેલું છે. આપણે પણ તત્ત્વોવાળુ શરીર ધારણ કરેલ છે. તેથી અજ્ઞાનતાવશાત્ આપણે તત્ત્વોવાળા હોવાથી પરમેશ્વરને પણ તત્ત્વોવાળા માનીને આ વિશ્વમાં તત્ત્વોની પૂજા કરવામાં આવે છે. આ પ્રમાણે તત્ત્વોના વિત્તમાં સર્વ કોઈ અટકી રહ્યા છે. પોતે શુદ્ધ ચૈતન સ્વરૂપે છીએ અને આ ઘાટમાં આવવાથી પ્રકૃતિના પાસમાં બંધાઈને તત્ત્વોની વિભૂતિને ભોગવવામાં જડવત્ બની ગયા છીએ; એ વાત કોઈના પણ ધ્યાનમાં આવી નથી. પાંચ તત્ત્વોની આળ-પંપાળમાં અને ક્ષણિક આનંદ ભોગવવામાં સર્વ કોઈ વળગી રહ્યા છે. આ પ્રમાણે તત્ત્વોને આધીન બનીને આપણે શ્રેષ્ઠ ચૈતન દૃષ્ટિને વિસરી ગયા છીએ.

## આપ નિજકે નિજ તેજ બુજત નહીં, હાલ હજુર રુહકે જુ સાંઈયાં;
## કહે કુવેર અંધેર ભૃદુ સકલ, અકલકી નકલકુ પ્રત પઈયાં. ૫

### શબ્દાર્થ

**આપ** = પોતાનુ **નિજકે** = મૂળ સ્વરૂપને **નિજ** = પોતે **તેજ** = ચૈતનતા **બુજત** = ઓળખી શકયા, જાણી શક્યા **નહીં** = નહીં **હાલ** = પ્રત્યક્ષ **હજુર** = હાજર છે, તેવો **રુહકે** = અંશ ‘આત્મા’ જીવ

**જુ** = જેવો, જેમ નો જ **સાંઈયાં** = સર્જનહાર, ઈશ્વર **કહે કુવેર** = કુવેરસ્વામી કહે છે કે **અંધેર** = આંધળા **ભૃદુ** = સમજ વગરના **સકલ** = બધા, સર્વ **અકલકી** = કળ્યામાં ન આવે તેવાની **નકલકુ** = નકલમાં **પ્રત** = આબેહૂબ, વસ્તુમાં **પઈયાં** = સમજી બેઠા, પ્રાપ્ત કર્યા, માની લીધા.

## અનુવાદ

**સર્જનહારનો અંશ જે પ્રત્યક્ષ હાજર છે તેવા પોતાના મૂળ સ્વરૂપની ચૈતનતાને પોતે ઓળખી શક્યા નહીં. કુવેરસ્વામી કહે છે કે બધાં જ સમજ વગરના આંધળા છે તેથી જ કળ્યામાં ન આવે તેવા સર્જનહારને મૂર્તિ સ્વરૂપે જ માની લીધા છે.**

## ભાવાર્થ

વિશ્વના ૮૪ લાખ પ્રકારના સ્થાવર-જંગમ જાતિના સર્વ ઘાટોને ચેતનવંત રાખનાર સકર્તાપતિ સર્જનહારનો સજાતીય અંશ છે. જે ચૈતન સ્વરૂપે ઘાટમાં બિરાજમાન છે. જેની પ્રત્યક્ષ હાજરી આપણને અનુભવાય છે. એવા આપણા નિજ ચૈતન સ્વરૂપને આપણે ઓળખી શકયા નહીં અને જડ તત્ત્વોના ઘાટને પોતાનું સાચુ સ્વરૂપ સમજી બેઠા. કુવેરસ્વામી કહે છે કે આવી સમજ ધરાવતા સર્વ માનવો જ્ઞાનથી આંધળા છે. તેથી જ તેમણે સર્જનહારને મૂર્તિના સ્વરૂપે માનીને કળ્યામાં ન આવે તેવા અકળ સર્જનહારના સ્વરૂપની ખોટી નકલ બનાવી છે. આ નકલ રૂપી પ્રતિમામાં જ તેઓ અંધ વિશ્વાસ રાખી રહ્યા છે.

## (સાખી)

**કરતવ કાજ સરે નહીં, બિન આતમ ઓલખાણ;**
**મત કોઈ અટકો માનવી, સૂણી નાના વિધ વાણ. ૬**

### શબ્દાર્થ

**કરતવ** = કૃત, રચના **કાજ** = કાર્ય **સરે નહીં** = સાર્થક થાય નહીં **બિન** = વગર, વિના **આતમ** = આત્માની, અંશની **ઓલખાણ** = ઓળખાણ, પરિચય, પિછાન **મત કોઈ અટકો** = કોઈ અટકશો નહીં **માનવી** = માનવો **સૂણી** = સાંભળીને **નાના વિધ** = અલગ અલગ પ્રકારના જાત જાતના **વાણ** = વાણી, ઉપદેશ, બોધ.

## અનુવાદ

**આત્માની ઓળખાણ સિવાય ક્તવી કર્મથી કાર્ય સાર્થક થશે નહીં. માટે હે માનવી ! જાત-જાતના ઉપદેશ સાંભળીને તેમાં તમે કોઈ અટકાશો નહીં.**

## ભાવાર્થ

દુર્લભ માનવદેહ પ્રાપ્ત કર્યા પછી આધ્યાત્મિક ક્ષેત્રે ઉન્નતિ કરીને જન્મ-મરણ રૂપ જે બંધન છે તેમાંથી મુકત થવાનો જ આપણો એક માત્ર ઉદ્દેશ હોવો જોઈએ. આ માટે તેની પૂરી સમજ કેળવવી અનિવાર્ય છે. જો અવળા રસ્તે વળી ગયા તો ફરી પાછુ ૮૪ લાખ પ્રકારના ઘાટોમાં ભટકવું પડશે. આ માટે યોગ્ય સદ્‌ગુરુની પહેચાન કરીને પોતાના ચૈતન સ્વરૂપની અને જગતના સર્જનહાર જે તત્ત્વાતીત છે તેની સમજ પ્રાપ્ત કરવી જોઈએ. સર્વ સામાન્ય સિદ્ધાંત એવો છે કે સજાતિ સજાતિને ઓળખે એ ન્યાયે જો પ્રથમ પોતાના ચૈતન સ્વરૂપની જાણ થાય તો તેના સજાતિ સર્જનહારને ઓળખતાં વાર ન લાગે. તેથી જ કુવેરસ્વામી કહે છે કે આત્માની ઓળખાણ સિવાય ક્તવી ક્રિયાકર્મ કરવાથી આત્માના કલ્યાણનું કાર્ય સિદ્ધ થશે નહીં. માટે દુનિયામાં પ્રસિદ્ધ સગુણ સિદ્ધાંત અને નિર્ગુણ બ્રહ્મના સિદ્ધાંતોના ઉપદેશમાં અટકવાની જરૂર નથી, પરંતુ બ્રહ્મથી પર તત્ત્વાતીત એવા સર્જનહારની શોધ કરવા પ્રયત્ન કરવો જોઈએ.

**ચિત્ર કલ્પતરુ કામધેન, ત્રિતીયો દીપક જ્યોત;**
**પયે ન પાય ન વૃક્ષ ફલે, કરે ન જ્યોત ઉદ્યોત. ૭**

### શબ્દાર્થ

**ચિત્ર** = ચિત્રકાર દ્વારા દોરેલ છબિ, ચિત્ર **કલ્પતરુ** = કલ્પવૃક્ષ, પૌરાણિક માન્યતા પ્રમાણે જે વૃક્ષની નીચે રહીને ઈચ્છા કરવાથી ઈચ્છિત ફળ થાય પ્રાપ્ત થાય તેવું વૃક્ષ **કામધેન** = ઈચ્છા પૂરી પાડનાર દૈવી ગાય **ત્રિતીયો** = ત્રીજો **દિપક જયોત** = દિવાની જયોત **પયે** = દૂધ **ન પાય** = પ્રાપ્ત ન થાય **ન** = નહીં **વૃક્ષ ફલે** = વૃક્ષ ફળ ન આપે **કરે ન** = કરે નહીં **જયોત ઉદ્યોત** = જયોતિ, પ્રકાશ.

## અનુવાદ

**કલ્પવૃક્ષ, કામધેનુ અને દિવાની જયોતના ચિત્રોથી ફળ, દુધ કે પ્રકાશ પ્રાપ્ત થતો નથી.**

## ભાવાર્થ

કોઈ સારા ચિત્રકાર દ્વારા કલ્પવૃક્ષ, કામધેનુ અને દીવાની જયોતનાં ચિત્રો ખૂબ સુંદર ચિતરેલાં હોવા છતાં કલ્પતરુ (કલ્પવૃક્ષ)નું ઝાડ ફળ આપતું નથી; કામધેનુ ગાય દૂધ આપતી નથી કે દીવાની જયોત પ્રકાશ આપતી નથી. એટલે કે, અસલની આબેહૂબ નકલથી કાર્ય, ફળ કે સિદ્ધિ પ્રાપ્ત થતી નથી.

# અંગ ૬
# ઇષ્ટવાદ પક્ષ નિર્ણયકો

**એક દરિયાઈ મક્કા મદીના કરે, એક તિરથ કેદાર કાશી;**
**એકકુ દેવ અનંત દુજા બહુ, એકકુ પીર હજાર એંસી. ૧**

### શબ્દાર્થ

**એક** = એક **દરિયાઈ** = દરિયા પાર જઈને **મક્કા મદીના કરે** = મક્કા અને મદીનાની હજ કરે **એક** = એક **તિરર્થ કેદાર કાશી** = કેદારનાથ અને કાશી જાય **એકકુ** = એકને **દેવ અનંત** = અનેક દેવતાઓ **દૂજા** = બીજા, જુદા જુદા **બહુ** = બહુ અનેક **એકકુ** = એકને **પીર** = પીર **હજાર એંસી** = એંસી હજાર.

### અનુવાદ

**એક દરિયાપાર મક્કા મદીનાની હજ કરે છે; તો એક કેદારનાથ અને કાશીની તિર્થયાત્રા કરે છે. એક અનંત દેવોની આદ્ય લઈ બીજા બહુને માને છે, તો એક એંશી હજાર પીરને માને છે.**

### ભાવાર્થ

હિંદુ અને મુસલમાન બન્ને ધર્મ માર્ગમાં કેવી કેવી માન્યતાઓ ધરાવે છે તેનું વર્ણન કરતાં કુવેરસ્વામી અંગમાં કહે છે કે મુસલમાનો દરિયાપાર મક્કા (જયાં મહમદ પયગંબર સાહેબની કબર છે) જઈ હજ કરે છે; તો વળી હિંદુ કેદાર(હિમાલય પર્વતનું એક શિખર જયાં બાર જયોતિલિંગ પૈકીનું એક છે) અને કાશી (દેવનગરી, અગાઉના વખતમાં હિંદુઓ કાશીએ જઈને હરિજનને હાથે માથા ઉપર કરવત મુકાવીને મરી જવાથી મોક્ષ મળે એવી અંધ, માન્યતા હતી) જેવા પવિત્ર ધામમાં જઈને તીર્થ યાત્રા કરે છે. એટલું જ નહીં, પરંતુ ૩૩ કરોડ દેવતાઓ અને ૯ કરોડ દેવીઓની આદ્ય લઈ અવતારી અને ધર્માચાર્યો જેવા મહાપુરુષોને ભગવાન માને છે તો વળી મુસલમાનો એંશી હજાર પીરની માન્યતા ધરાવે છે.

**એક તસમી લઈ જાપ અલ્લા જપે, એક માલા લઈ રામ ગાવે;**
**એક ઉદે ભયે સૂર પૂજા કરે, એક આથમતે શિર નાવે. ૨**

### શબ્દાર્થ

**એક** = એક જણ **તસમી લઈ** = ખાસ કરી સગેયાદૂદ અને સંગમુરશેદ નામના પથ્થરના મણકાની તસમી લઈને **જાપ અલ્લા જપે** = "સુબાન અલ્લાહ" શબ્દના જાપ જપે છે **એક** = એક જણ **માલા** = ૩૨, ૧૦૮ કે ૧૨૦ ની તુલસી અથવા રુદ્રાક્ષ મણકાની માળા **લઈ રામ** = શ્રી રામનું નામ **ગાવે** = ગાય છે ભજે છે **એક** = એક જણ **ઉદે ભયે** = ઉગતા **સૂર** = સૂર્યની **પૂજા કરે** = પૂજા કરે છે **એક** = એક **આથમતે** = આથમતા સૂર્યને **શિર** = માથુ **નાવે** = નમાવે છે.

### અનુવાદ

**એક તસમી લઈ અલ્લાનો જાપ જપે છે. એક માળા લઈને રામનું ભજન કરે છે. વળી એક સૂર્ય ઉગે ત્યારે પૂજા કરે છે તો એક સૂર્યના અસ્ત સમયે માથું નમાવે છે.**

### ભાવાર્થ

મુસલમાન સામાન્ય રીતે તસમી હાથમાં લઈને "સુબાન અલ્લાહ" શબ્દ બોલતાં બોલતાં ફેરવે છે. તેમજ રાત્રે કુરાનના ફકરાનો પાઠ કરતી વખતે પણ તસમી ફેરવે છે, જ્યારે હિંદુઓ ૩૨-૧૦૮ કે ૧૨૦ મણકાની માળા ફેરવતાં ફેરવતાં ઈષ્ટદેવના કે શ્રીરામના તેમજ સંધ્યા ગાયત્રીની આદ્ય લઈ અન્ય ગુપ્ત મંત્રનો જાપ જપે છે. વળી મુસલમાનો સૂર્યાસ્ત સમયે સૂર્ય તરફ પશ્ચિમ દિશામાં માથું નમાવી નમાજ પઢે છે ત્યારે હિંદુઓ સૂર્યોદય વખતે પૂર્વ દિશામાં સૂર્યની પૂજા કરીને જળ ચઢાવે છે.

**એક સરાદ સરાય પુરવેજકુ, એક તાબુત હાહુન ખેલે;**
**એક મક્કે જઈ માને મોરીદકુ, એક ગયા જઈ પંડ મેલે. ૩**

### શબ્દાર્થ

**એક** = એક જણ **સરાદ** = શ્રાદ્ધ કરીને **સરાય** = સરાવે **પુરવેજકુ** = પૂર્વજોને, મૃતાત્માઓને

**એક** = એક જણ **તાબૂત** = તાજિયા **હાહુન** = હોહા **ખેલે** = રમે **એક** = એક જ **મકકે** = મક્કા **જઈ** = જઈને **માને** = માને, માગે, ઈચ્છે **મોરીદકુ** = મુરાદ, મન્નત, દુઆઓ, ઝિયારત, મનોભાવ **એક** = એક જણ **ગયા** = ગયા (યાત્રાનુ સ્થળ) **જઈ** = જઈને **પંડ મેલે** = પિંડ મૂકે.

## અનુવાદ

**એક પૂર્વજોને શ્રાદ્ધ સરાવે છે અને એક તાબૂત કાઢી હોહા કરીને રમે છે. વળી એક મક્કે જઈને મન્નત માને છે અને એક ગયાજીમાં જઈ પિંડ મુકે છે.**

## ભાવાર્થ

હિંદુઓ મરણ પામેલ પૂર્વજોનું શ્રાદ્ધ સરાવે છે. જ્યારે મુસલમાન શહીદ હુસેનની યાદગીરીમાં ઘૂમટ આકારનો કૃત્રિમ મકરબો બનાવીને હોહા કરીને રમે છે. મુસલમાનો મક્કા જઈને ચાદર ચઢાવીને મન્નત માને છે તો વળી હિંદુઓ અલ્હાબાદ પાસે ગયા (યાત્રાના ધામમાં શ્રાદ્ધ અને પિંડદાન માટે બહુ પ્રસિદ્ધ છે) જઈને મરણ પામેલા પૂર્વજો માટે પિંડ મૂકે છે. પિતૃઓ નિમિત્તે ભાત અથવા લોટનો બિલ્વાકાર વાળેલો ગોળો શ્રાદ્ધ ક્રિયા થઈ ગયા પછી તે નદીમાં પધરાવવામાં આવે છે. અથવા ગાયનું દાન અપાય છે. પિતા, પિતામહ વગેરેને પિંડદાન દેવાનું પુત્ર કે પૌત્રનું પ્રધાન કર્તવ્ય માનવામાં આવે છે. પિંડદાન દેવાથી પુન્નામ નામના નર્કમાંથી ઉદ્ધાર થાય છે એવી માન્યતા છે.

**એક દાઢી રખે મૂંડ મુંડાયકે, એકકુ મુછ રાખત ચોટી;**
**એક મુવા પીછે દ્વાદશકુ ભખે, એક ગાડે પીછે ખાત ત્રોટી. ૪**

### શબ્દાર્થ

**એક** = એક જણ **દાઢી રખે** = દાઢી રાખે છે **મુંડ** = માથું **મુંડાયકે** = મુંડાવીને **એકકુ** = એકને **મૂછ** = મૂછો **રાખત** = રાખે છે **ચોટી** = ચોટલી **એક** = એક જણ **મૂવા પીછે** = મર્યા પછી **દ્વાદશકુ ભખે** = બારમું, બારમે દિવસે જમણ જમે **એક** = એક જણ **ગાડે પીછે** = દાટ્યા પછી **ખાત ત્રોટી** = રોટી ખાય છે.

## અનુવાદ

**એક માથું મુંડાવીને દાઢી રાખે છે. ત્યારે એક મૂછ અને ચોટલી રાખે છે. વળી એક મૃત્યુ પામ્યા પછી બારમે દિવસે જમણવાર જમે ત્યારે એક મુડદાને દાટ્યા બાદ રોટી ખાય છે.**

## ભાવાર્થ

મુસલમાનો માથું મુંડાવીને દાઢી રાખે છે અને વ્યક્તિ જ્યારે મરી જાય તો તેના શબને કબ્રસ્તાનમાં જઈને દાટે છે ત્યારબાદ ઘરે જઈને ભેગા મળી રોટી ખાય છે. જ્યારે હિંદુઓ મૂંછ અને ચોટલી (શીખા) રાખે છે અને કોઈ વ્યક્તિ મરી જાય તો તેને અગ્નિ સંસ્કાર કરીને બારમે દિવસે મરણોત્તર વિધિ કરીને બધા ભેગા મળી જમણ જમે છે, બારમું ખાય છે.

**એ સહુ દુરમકી ભરમ ભુલાનગી, આપકા પાસકુ આપ વંધા;**
**કહે કુવેર ખાવન ખોજા નહીં, ફંદગી બોયમે દોય બંધ્યા. ૫**

### શબ્દાર્થ

**એ સહુ** = એ બધા જ **દુરમકી** = મુસ્લિમ સરીયત પ્રમાણે કુરાને શરીફમાં મના કરેલું, વ્યાજબી નહીં અયોગ્ય **ભરમ** = ભ્રમણાયુકત ગેરસમજ, વહેમ **ભૂલાનગી** = ભૂલ ભૂલામણી, ભરમાઈ જવું **આપકા** = પોતાના **પાસકુ** = પાશ, જાળમાં, બંધનમાં **આપ** = પોતે જ **વંધા** = બંધાઈ ગયા છે **કહે કુવેર** = કુવેરસ્વામી કહે છે કે **ખાવન** = ખુદ કર્તા, સર્જનહારને **ખોજા** = શોધ્યા **નહીં** = નહીં **ફંદગી** = જાળા, ફાંસો, ફાંસલો **બોયમે** = વૈતરું, મશાગત, કર્માધીન **દોય** = બન્ને **બંધ્યા** = બંધાયા છે.

## અનુવાદ

**તે બન્ને અયોગ્યતા ભરેલી ભ્રમણામાં ભુલા પડી પોતપોતાના પાશમાં બંધાઈ ગયા છે. કુવેરસ્વામી કહે છે કે ખુદ માલિકની શોધ કરી નહીં અને પોતાના જ કર્મોના બંધનમાં બંધાય છે.**

## ભાવાર્થ

આમ હિંદુ અને મુસલમાન બન્ને વ્યાજબી નહીં તેવી અયોગ્ય ભ્રમણાઓમાં-વહેમમાં ભરમાઈ ગયા છે. પોતે પોતાના દ્વારા જ ઊભી કરેલી માયાજાળમાં ફસાયેલા રહે છે. કુવેરસ્વામી કહે છે કે વિશ્વના સાચા માલિકને શોધવા માટે કોઈએ પણ પ્રયત્ન કર્યો નથી. આખી જિંદગી મશાગત, વૈતરું કરીને કર્મ બંધનમાં ઊંડે ને ઊંડે ફસાતા જાય છે.

## (સાખી)

**આપાકી ઉલટી વિષે, અંધ રહ્યો ઉરઝાય;**
**દોઉ દિન પત એક બિન લહે, ત્યૌ લ્યૌ મતા સરાય. ૬**

### શબ્દાર્થ

**આપાકી** = પોતાની **ઉલટી** = ઊલટું, વિરુદ્ધ, અવળા રસ્તે **વિષે** = વિષે, અંગે **અંધ રહ્યો** = આંધળો રહ્યો, અજ્ઞાન રહીને **ઉરઝાય** = અંતરમાં મુઝાયેલ રહે છે **દોઉ** = બન્ને **દિન** = આધીન થઈને **પત એક** = એક જ પતિને, કર્તા, માલિકને **બિન લહે** = જાણતા નથી, જાણ્યા વિના **ત્યૌ લ્યૌ** = જ્યાં અને ત્યાં **મતા** = મતમાં, માન્યતાઓમાં **સરાય** = સરાહના, પ્રશંસા, વખાણ કરે છે.

## અનુવાદ

**પોતાની જ જાણ્ય અંગે અજ્ઞાનવશાત ખોટે રસ્તે વળી જઈ હૃદયમાં મૂંઝાયેલા રહે છે. બન્ને જણ કર્તા માલિકને જાણ્યા સિવાય આધીન થઈને જ્યાં-ત્યાં પોતપોતાની માન્યતાનાં વખાણ કરે છે.**

## ભાવાર્થ

હિંદુ અને મુસલમાન બન્નેમાંથી કોઈ પણ પોતાના શુદ્ધ ચૈતન સ્વરૂપને જાણતા નથી. તેથી અજ્ઞાનવશાત અવળી માન્યતા દ્રઢ કરીને હૃદયમાં મૂંઝવણ અનુભવે છે. તેમજ જેણે આ સઘળું વિશ્વ રચ્યું છે તેવા કર્તા-માલિકને જાણ્યા સિવાય પોતપોતાની માન્યતા ધરાવતા ઐશ્વર્યવાન મહાપુરુષોને માલિક-પતિ

માનીને સૌ પોતપોતાની માન્યતાનાં વખાણ કરે છે.

**જેસે તન સર્વ એકતે, યૌ સાહેબ તે જીવ;**
**યેસી સમજે તો સરે, દોઉનકે એક પીવ. ૭**

### શબ્દાર્થ

**જેસે** = જેવી રીતે **તન** = શરીર **સર્વ** = બધાના **એકતે** = એક જ સરખા છે **યૌ** = તેવી જ રીતે **સાહેબ** = માલિક **તે** = તે જ રીતે **જીવ** = આત્મા રુહ, અંશ, જીવ **યેસી** = તેવી **સમજે તો** = સમજ ધરાવે તો **સરે** = કાર્ય સિદ્ધ થાય **દોઉનકે** = બન્નેના **એક** = એક **પીવ** = કર્તા, માલિક.

### અનુવાદ

**જેવી રીતે શરીર એક સરખા છે તેમજ શરીરમાં રહેલો જીવ અને તેના કર્તા માલિક એક જ છે. જો તેવું સમજે તો સર્વના એક જ માલિક છે તેવું સિદ્ધ થાય.**

### ભાવાર્થ

વિશ્વમાં જેટલા શરીર દશ્યમાન થાય છે તે પૃથ્વી, જળ, અગ્નિ, વાયુ અને આકાશ એમ મુખ્ય પાંચ તત્ત્વોના બનેલા છે જે જડ અને નાશવંત છે. તેમાં રહેલો અંશ ચૈતન છે. સમગ્ર રચના સર્જનહાર દ્વારા બનાવેલી છે. એટલે કે, આ સર્વ રચનાના માલિક એક જ છે, જે તત્ત્વાતીત છે. તેઓ દષ્ટિમાં આવી શકે તેમ નથી. આ પ્રમાણેની સમજ જો દરેકમાં પ્રસ્થાપિત થાય તો પછી વાદ-વિવાદ અને વિવિધ માન્યતાઓનો અંત આવી જાય. પરિણામે સૌનો માલિક એક જ છે તેવું સિદ્ધ થાય.

# અંગ ૭
# નિરાલંબ સ્થાપનકો

---

**રામ પાતાલ નહીં ધામ ચારુ મહી, સપ્ત પુરી નહીં સુર પાકે;**
**સરગ વૈકુંઠ કૈલાસ ગૌલોક નહીં, સરવ કરતાર પરપાર તાકે. ૧**

### શબ્દાર્થ

**રામ** = શ્રીરામ **પાતાલ** = પાતાળલોકમાં **નહીં** = નથી **ધામ ચારુ મહી** = ચારધામમાં **સપ્તપુરી** = સાત પુરીમાં **નહીં** = નથી **સુર** = સુરલોક **પાકે** = પવિત્ર, કર્મનું ફળ **સરગ** = સ્વર્ગલોકમાં **વૈકુંઠ** = વૈકુંઠલોકમાં **કૈલાસ** = કૈલાસપુરીમાં **ગૌલોક** = ગૌલોકમાં **નહીં** = નથી **સરવ** = સર્વના **કરતાર** = સર્જનહાર, માલિક **પરપાર** = પરાવણીથી પણ પરે, પેલે પાર, હદથી પણ પરે **તાકે** = તેમના, તે સૌથી.

### અનુવાદ

**શ્રીરામ પાતાળ અને ચાર ધામમાં નથી, સપ્તપુરી અને પવિત્ર સુર લોકમાં પણ નથી. તેમજ સ્વર્ગમાં, વૈકુંઠમાં, કૈલાસમાં અને ગૌલોકમાં પણ નથી, પરંતુ સર્વથી પર અને પરાવાણીથી પાર સર્વના કર્તા આવેલા છે.**

### ભાવાર્થ

સર્જનહાર પાતાલ લોકમાં નથી કે પૃથ્વી પરના મોક્ષદાયી ગણાતા બદરીનાથ, રામેશ્વર, કેદારનાથ, દ્વારકાપુરી સહિતના ચાર ધામમાં તેમજ અયોધ્યા, મથુરા, હરદ્વાર, કાશી, કાંચી, અવંતિકા (ઉજ્જૈન) દ્વારકા અને જગન્નાથપુરી જેવી પવિત્ર નગરીમાં (સપ્તપુરીમાં) પણ નથી, તેમજ અંતરિક્ષમાં સત્ કર્મોનું ફળ ભોગવવા માટે બનાવેલ સુરલોક, સ્વર્ગલોગ, વૈકુંઠલોક, કૈલાસલોક અને ગૌલોકમાં પણ નથી, પરંતુ આ સર્વ ધામોથી પણ પરે સર્વના માલિક રહેલા છે.

**સાંઇ નહીં ભસ્ત મહે બુબ અબુબમે , ઉચ્ચ અલ્લા નહીં જોત્ય કેતે;**
**સર્વકે સર્જનહાર વ્યાપકમે, સાંઇ રહે સહેજ કી સહેજ હેતે. ૨**

### શબ્દાર્થ

**સાંઇ** = ઈશ્વર, માલિક **નહીં** = નથી **ભસ્ત** = કબ્રસ્તાન **મહે** = મોં **બુબ** = ઈશ્વર **અબુબમેં** = અબુબમાં **ઉચ્ચ** = પ્રૌઢ, યશસ્વી **અલ્લા** = ખુદા, પરમેશ્વર **નહીં** = નથી **જોત્ય** = જ્યોત સ્વરૂપી **કેતે** = જેવા **સર્વકે** = સર્વના, દરેક, બધાના **સર્જનહાર** = કર્તા, માલિક **વ્યાપકમે** = વ્યાપકમાં **સાંઇ** = માલિક **રહે** = રહે છે **સહેજ કી** = સહેજા સહજ **હેતે** = આનંદમાં.

### અનુવાદ

**સાંઇ કબ્રસ્તાનમાં નથી કે બુબ અબુબમાં નથી, વળી પ્રૌઢ કહેવાતા અલ્લા જ્યોત સ્વરૂપ જેવા નથી. સર્વના સર્જનહાર વ્યાપક રૂપે કોઈ સહેજાસહેજ આનંદમાં રહે છે.**

### ભાવાર્થ

સાંઈ, માલિક કબ્રસ્તાનમાં રહેતા નથી કે બુબ અબુબમાં પણ નથી. વળી જેને મહાન અલ્લા કહેવામાં આવ્યા છે તે જ્યોત સ્વરૂપ જેવા પણ નથી. કુવેરસ્વામી કહે છે કે સર્જનહારની ગતિ તો સર્વવ્યાપક છે. જેમને પોતે બ્રહ્મભૂમિકામાં સર્વ રચના રચી છે, અને પોતે તો ન્યારા બ્રહ્મથી પરે સહેજાસહેજ આનંદમાં રહે છે.

**રામ રાજી જાંહાં કામ કાંઇ નહીં, ભક્ત ભાવીન જાંહાં દીન દેખે;**
**તાંહાં જઈને પ્રકાશ પોતે કરે, ઉચ ને નીચ નાં જોની પેખે. ૩**

### શબ્દાર્થ

**રામ** = કર્તા સર્જનહાર **રાજી** = ખુશ, **જાંહાં** = જયાં **કામ** = વાસના, કામના **કાંઇ નહીં** = ના હોય **ભક્ત** = ભક્ત **ભાવીન** = ભાવના યુકત, આસ્થા, આદરપૂર્વક, શ્રદ્ધાસહિત **જાંહાં** = જયાં **દીન** = દીનતા પૂર્વક, ગરીબ **દેખે** = જુવે **તાંહાં** = ત્યાં **જઈને** = જઈને **પ્રકાશ** = જ્ઞાન બક્ષે, અંધશ્રદ્ધાને દૂર **પોતે કરે** = પોતે, ખુદ, પ્રેરણા કરે છે **ઉચ ને નીચ** = ઉત્તમ કે નીચ, નિમ્ન ભેદ **નાં જોની પેખે** = કુળ કે જ્ઞાતી જુવે નહીં.

## અનુવાદ

**કામના રહિત ભક્ત પ્રત્યે રામ રાજી રહે છે. વળી ભક્ત ભાવિક અને દીનતાવાળો જુએ છે ત્યાં ઊંચ કે નીચ જ્ઞાતિ ને જોયા સિવાય ત્યાં જઈને જ્ઞાન બક્ષે છે.**

## ભાવાર્થ

દુનિયાનો સર્વ સામાન્ય નિયમ એવો છે કે કંઈક પ્રાપ્ત કરવું હોય તો કંઇ ક ત્યાગવું પડે છે. એટલે કે, જો આપણે ઈશ્વરને રીઝવવા હોય તો સર્જનહારે બનાવેલા ભૌતિક પદાર્થો પ્રત્યેનો મોહ, ભોગ-વૈભવને છોડવા પડે. હિંદુ માન્યતા મુજબ જે ભક્ત દીનતા ધારણ કરીને દાસાતન પણે ખૂબ જ પ્રેમ અને શ્રદ્ધા સહિત ભજન કરે છે તેવા ભક્ત પ્રત્યે ઊંચ કે નીચ જ્ઞાતિ જોયા સિવાય ઈષ્ટદેવ તેનાં કામ અવશ્ય કરે છે. તેમજ તેના હૃદયમાં જ્ઞાનનો પ્રકાશ બક્ષે છે. જેથી અજ્ઞાનરૂપી અંધકાર દૂર થાય.

**રુચીત રહેમાન યેમાન પેગામ જાંહાં, હામ હંસા ન પર દામ લેવે;**
**એક અલ્લાહ દમ તાય મેલાય તે, અરસતે ઉતરી દરસ દેવે. ૪**

### શબ્દાર્થ

**રુચીત** = રચેલું ગમતું **રહેમાન** = ખુદા **યેમાન** = ઈમાન, પ્રમાણિકતા વિશ્વાસ **પેગામ** = ઈશ્વરી સંદેશો **જાંહાં** = જયાં **હામ** = હિંસા, કતલ **હંસા** = જીવ, પ્રાણી **ન** = નહીં **પર** = પારકું, પરાયું **દામ** = ધન સંપત્તિ **લેવે** = લે છે, પ્રાપ્ત કરે છે **એક અલ્લાહ** = એક અલ્લાને **દમ** = હર દમ, જાપ જપે **તાય** = તેમની સાથે **મેલાય તે** = એકતા રાખી **અરસતે** = અંતરિક્ષમાંથી **ઉતરી** = ઉતરીને **દરસ દેવે** = દર્શન આપે છે.

## અનુવાદ

**જે ઈશ્વરી સંદેશા અનુસાર પ્રમાણિકતાથી જીવે છે, જે જીવની હિંસા કરતો નથી; કે પછી પારકું ધન લેતો નથી તે ખુદાને ગમે છે. વળી એક અલ્લા સાથે જ એકતા સાધીને હરદમ જાપ જપે તો તેને અંતરિક્ષમાંથી ઉતરીને પણ અલ્લાહ દર્શન આપે છે.**

## ભાવાર્થ

ઈસ્લામ ધર્મના સ્થાપક મહમદ પયગંબર સાહેબના જણાવ્યા મુજબ જે જે મુસલમાન ઈશ્વરી સંદેશા અનુસાર ખુદાને ગમે તે રીતે પ્રમાણિકતાથી જીવન જીવે, પ્રાણી માત્રની હિંસા ન કરે, અને પારકુ ધન લેવાનો ઈરાદો ન રાખતો હોય તેમજ એકમાત્ર ખુદા સાથે એકતા સાધીને હરદમ અલ્લાહના જાપ જપતો હોય તેવા શુદ્ધ દિલના બંદાને ખુદ અંતરિક્ષમાંથી નીચે ઉતરીને દર્શન દે છે.

**રામ રહેમાન રમુંજ આ કુજમેં રુજવી વ્રજ કાયમ એકા;**
**કહે કુવેર હિંદુ મુસલમાન તે, હમ ન્યારાય નિહંગ ભેખા. ૫**

## શબ્દાર્થ

**રામ** = રામ **રહેમાન** = ખુદા **રમુંજ** = રમણ કરે છે, રમે છે **આ કુંજમેં** = આ શરીરમાં **રુજવી** = તેમના અંકુરો **વ્રજ** = ઉદ્‌ભવ, સ્થાન, ભૂમિ **કાયમ** = સદાને માટે, અવિનાશી **એકા** = એક જ છે **કહે કુવેર** = કુવેરસ્વામી કહે છે કે **હિંદુ** = હિંદુ **મુસલમાન** = મુસલમાન **તે** = તેમનાથી **હમ** = હું **ન્યારાય** = નિરાળો **નિહંગ** = સ્વયં, એકીં **ભેખા** = ભેખ.

## અનુવાદ

**રામ યા રહેમાન આ શરીરમાં રમણ કરે છે, પરંતુ તે અંકુરોનું ઉદ્‌ભવ સ્થાન સદાને માટે એક જ છે. કુવેરસ્વામી કહે છે કે હિંદુ અને મુસલમાનથી હું નિરાળો અને એકાંકી છું.**

## ભાવાર્થ

હિંદુઓ માને છે કે રામ સર્વ ઘાટોમાં રમણ કરે છે. જ્યારે મુસલમાન માને છે કે અલ્લાહનો રુહ શરીરમાં રમી રહ્યો છે. આમ હિંદુમાં રહેલો અંશ કે મુસલમાનમાં રહેલો રુહને જોતાં તેના અંકુરોનું મૂળ ઉત્પત્તિ સ્થાન એક છે, ઉત્પન્ન કરનાર માલિક અવિનાશી છે; જે કાંઈ ભેદ છે તે પોતપોતાની માન્યતાને લીધે ઉભા થયેલા છે, પરંતુ સર્જનહારની દૃષ્ટિએ વિચારીએ તો સર્વના સર્જનહાર એક જ છે અને દરેક ઘાટોમાં બિરાજમાન ચૈતન અંશ પણ એ જ સર્જનહારનો છે,

જે એક જ કૈવલધામમાંથી છૂટા પડેલા છે. કુવેરસ્વામી દર્શાવે છે કે તેમનું સ્વરૂપ હિંદુ અને મુસલમાનની જેમ માતાની યોનિથી બનેલું નથી, પણ નિરાળુ છે, ન્યારું છે. દેહની દષ્ટિએ જોતાં તેઓનો દિવ્યદેહથી વિભૂષિત ઘનશ્યામ સ્વરૂપ છે અને ચૈતન અંશને દષ્ટિએ જોતાં તેઓ સર્જનહારના પરમવિશેષ પાટવી અંશ છે. સમગ્ર બ્રહ્માંડમાં તેમના દિવ્યદેહ જેવું માત્ર તેમનું જ એકાંકી સ્વરૂપ છે, જે સર્વ પ્રકારના બંધનોથી મુક્ત છે.

**(સાખી)**

**કાયમકી દોનુ કલા, રામ રહીમ રમાજ;**
**તામે જુગ અટકી રહ્યા, નીરખ્યા નહીં નીરાજ. ૬**

**શબ્દાર્થ**

**કાયમકી** = અવિનાશીની **દોનુ** = બન્ને **કલા** = રચના **રામ** = રામ **રહીમ** = રહીમ **રમાજ** = રમણ કરતા **તામે** = તેમાં **જુગ** = વિશ્વ, જગત **અટકી રહ્યા** = અટકી રહ્યું છે **નીરખ્યા** = નિહાળ્યા, ખોળ્યા **નહીં** = નથી **નીરાજ** = સર્જનહાર, ધણી, માલિક.

**અનુવાદ**

**રમણ કરતા રામ અને રહીમ તે બન્ને અવિનાશીની રચના છે. તેમાં જ જગત અટકી રહ્યું છે, પરંતુ ખુદ માલિકને કોઈએ શોધ્યા નથી.**

**ભાવાર્થ**

વિશ્વમાં જેને રામ તરીકેનું સંબોધન કરેલું છે; તે અને રહીમ તરીકેનું બિરુદ આપેલું છે તેવું શુદ્ધ સ્વરૂપ દરેક ઘાટોમાં રમણ કરે છે, પરંતુ જેમાં રમણ કરે છે તે ઘાટ અને જે રમણ કરે છે તે અંશ-રુહુ બન્ને અવિનાશી એવા સર્જનહારની રચના છે. આમ રામ અને રહીમ સહિત સમગ્ર જગત સર્જનહારની રચના છે. જેમાં સર્વ અટકી ગયા છે, પરંતુ તે રચનાના રચનાર ખુદ માલિકને કોઈ ઓળખી શક્યું નથી કે કોઈએ શોધ કરી નથી.

**તાતે મ્હોંમન ઉપની, શીખ દેવન કી વાંણ્ય;**
**કેસે દોનું પચી મરો, પરખો પદ નિરવાંણ્ય. ૭**

## શબ્દાર્થ

**તાતે** = તેથી, એટલા માટે જ **મ્હોંમન** = ઈચ્છા, મનમાં ભાવ **ઉપની** = ઉત્પન્ન થયો **શીખ** = શિખામણ **દેવનકી** = આપવાની **વાંણ્ય** = વાણી, શબ્દો કહુ છું **કેસે** = શા માટે **દોનુ** = બન્ને **પચીમરો** = લઢીમરો, વાદ-વિવાદ કરો, લડીને મરો છો **પરખો** = શોધો, પરખ કરો **પદ નિરવાંણ્ય** = વાણી જયાં પહોંચતી નથી તેવું પદ અંતિમ-છેવટનું પરમપદ.

## અનુવાદ

**એટલા માટે જ મનમાં ઈચ્છા ઉત્પન્ન થઈ તેથી શિખામણ આપવાર માટે મેં વાણીનો ઉચ્ચાર કર્યો છે. શા માટે બન્ને લડી મરો છો ? જે નિર્વાણપદ છે તેને ઓળખી લ્યો.**

## ભાવાર્થ

બન્ને જણા માલિકના નામ ઉપર પોતાનો મત સાચો ઠેરવવા પ્રયત્ન કરે છે અને એક કરે છે તેનાથી બીજો ઊંધું કરે છે. આમ ધર્મના નામે વાદ-પ્રતિવાદ કરે છે, પરંતુ બન્નેમાંથી કોઈનો અર્થ સાર્થક થવાનો નથી. આવી સ્થિતિને જોતાં જ કુવેરસ્વામી એ અહીં શિખામણ આપવા માટે આ ગ્રંથ દ્વારા વાણીનો ઉચ્ચાર કર્યો છે. હિંદુ અને મુસલમાન બન્ને જણા વાદ-વિવાદમાં વ્યર્થ ફસાઈને જે કાંઈ દૃઢ માન્યતા ધારણ કરીને રામ અને રહીમને, ઈશ્વર યા અલ્લા માનીને સમર્પણ થયા છે તે તો સર્જનહારની રચનાના અંગ રૂપે છે, પરંતુ ખુદ માલિક યાને પરમ પિતા નથી. માટે જ બન્નેએ આત્મખોજ કરવાની જરૂર છે. જે બ્રહ્મથી પણ પરે અને વાણી જ્યાં પહોંચતી નથી તેવું અવિનાશી અને આદ્ય પરમપદ છે, તેને મેળવવા માટે પરીક્ષા કરી ઓળખવાની જરૂર છે.

# અંગ ૮
# અહંગ આપ અનવે અવ્યક્તકો

**મેં નહીં જાત ને વરણ ગુણ ત્રિપદ, મેં નહીં જોગ સંન્યાસ ધારી;**
**મેં નહીં સેવડા જંગમ જીંદગી, મે નહીં પિંડ ને પુરુષ નારી. ૧**

### શબ્દાર્થ

**મેં નહીં** = હું નથી **જાત** = જાતિ **ને** = અને **વરણ** = જ્ઞાતિ **ગુણ ત્રિપદ** = ત્રણ ગુણનું પદ, દરજ્જો **મેં નહીં** = હું નથી **જોગ** = યોગી **સંન્યાસ ધારી** = સંન્યાસ ધારણ કરનાર **મેં નહીં** = હું નથી **સેવડા** = માથે વાળ વધારનાર સાધુ, જતિ **જંગમ** = જંગમ જાતિ **જીંદગી** = જિંદગી જીવન જીવવાવાળો **મેં નહીં** = હું નથી **પિંડ** = શરીર, યોનિ **ને** = અને **પુરુષ નારી** = પુરુષ કે સ્ત્રી.

### અનુવાદ

**હું કોઈ જ્ઞાતિ, જાતિ કે ત્રણ ગુણ રૂપ નથી. હું કોઈ યોગી કે સંન્યાસ ધારી નથી, હું જંગમ જાતિના જીવન જીવવાળો જતિ પણ નથી અને વળી હું યોનિથી થયેલ સ્ત્રી કે પુરુષ પણ નથી.**

### ભાવાર્થ

કુવેરસ્વામી પોતાના સ્વરૂપ વિષે દર્શાવતાં આ અંગમાં જણાવે છે કે સૃષ્ટિના કહેવાતા નાશવંત પદાર્થો કે બ્રહ્માંડમાં સર્જનહારની જે રચના છે તેમાનું તેમને કોઈપણ આરોપણ લાગતું નથી. તેની વિગત સમજાવતા જણાવે છે કે તેઓ જગતમાં કહેવાતી કોઈ ચાર પ્રકારના બ્રાહ્મણ, વૈશ્ય, ક્ષત્રિય કે શુદ્ર જ્ઞાતિ કે અન્ય જાતિમાં તેમની ગણતરી થાય તેમ નથી. તેમજ ત્રણ ગુણઃ રજોગુણ, સત્ત્વગુણ અને તમોગુણવાળા દેહમાં તેમની ગણતરી થાય તેમ નથી. વળી તેઓ કોઈ યોગી કે સંન્યાસ ધારી વ્યકિત નથી. વળી જંગમ જાતિમાં શ્રેષ્ઠ કહેવાતા માનવજાતિમાં માતાની યોનિ દ્વારા જન્મેલ સ્ત્રી કે પુરુષ પણ નથી. તેમજ મોટા વાળ ધરાવનાર જટાધારી જોગી પણ નથી.

**મેં નહીં સિદ્ધ સાધક કે સાધન, મેં નહીં ત્યાગ વૈરાગ ભોગી;**
**મેં નહીં સ્થાવર જંગમ ને જડી, મે નહીં દર્દને વૈદ રોગી. ૨**

### શબ્દાર્થ

**મેં નહીં** = હું નથી **સિદ્ધ** = સિદ્ધિઓ **સાધક** = સાધના સાધનાર **કે** = કે **સાધન** = સિદ્ધિ કરવા માટે વપરાતા પદાર્થ **મેં નહીં** = હું નથી **ત્યાગ** = ત્યાગ, માયાની ભાવનાઓથી અળગા રહેવાપણુ **વૈરાગ** = સંસાર ઉપરની આસક્તિનો અભાવ **ભોગી** = દુન્યવી ભોગમાં રચ્યું-પચ્યું રહેનાર, વિલાસી, ગૃહસ્થી **મેં નહીં** = હું નથી **સ્થાવર** = સ્થિર વનસ્પતિની **જંગમ** = અસ્થિર, હાલતી-ચાલતી જાતી **ને** = અને **જડી** = જડીબુટ્ટી **મેં નહીં** = હું નથી **દર્દ** = રોગ **ને** = અને **વૈદ** = આયુર્વેદની રીતે દર્દીઓની ચિકિત્સા અને સારવાર કરનાર ચિકિત્સક **રોગી** = રોગમાં સપડાયેલુ, માંદુ.

### અનુવાદ

**હું સિદ્ધ, સાધક કે તેના સાધન રૂપ નથી. હું ત્યાગી, વૈરાગી કે ભોગી જેવો નથી. હું સ્થાવર, જંગમ કે જડીબુટ્ટી જેવો નથી તેમજ હું દર્દ વૈદ્ય કે રોગી પણ નથી.**

### ભાવાર્થ

કુવેરસ્વામી ત્રેવીસ પ્રકારની સિદ્ધિઓની સાધના કરનાર સાધક કે સાધનાના પદાર્થો રૂપ નથી. વળી સંસારમાં જેની ત્યાગી, ભોગી કે વૈરાગી તરીકે તુલના થાય છે તેવા પણ નથી. વિશ્વના સ્થાવર જાતિની ૧૮ ભાર વનસ્પતિ પૈકીના કે જંગમ જાતિના ચોર્યાસી લાખ પ્રકારના વિધવિધ શરીર પૈકીના પણ નથી, તેમજ દર્દ, વૈદ્ય, રોગી કે જડીબુટ્ટી પૈકીના પણ તેઓ નથી.

**મેં નહીં તીરથ વ્રત એકાદશી, મેં નહીં યજ્ઞ યજ્ઞાદ મુક્તિ;**
**મેં નહીં આવન જાન ગ્રભવાસમેં, મેં નહીં ચૌદ વિદ્યાય જૂકિત. ૩**

### શબ્દાર્થ

**મેં નહીં** = હું નથી **તીરથ** = પવિત્ર સ્થાન, યાત્રાનું સ્થાન **વ્રત** = નિયમ લઈને આચરવામાં

આવતી સંયમાત્મક ધાર્મિક ક્રિયા **એકાદશી** = દરેક માસની સુદિ તેમજ વદિ પક્ષની અગિયારમી તિથિ, અગિયારસ **મેં નહીં** = હું નથી **યજ્ઞ** = અગ્નિ કુંડ કરી એમાં વૈદિક વિધિથી હોમ કરવો તે, એક વેદોક્ત કર્મ **યજ્ઞાદ** = યજ્ઞમાં ઉપયોગી સામગ્રી **મુક્તિ** = બંધનથી છૂટકારો, મોક્ષ **મેં નહીં** = હું નથી **આવન જાન** = આવવા જવાવાળો **ગ્રભવાસમે** = માતાના ગર્ભાશયમાં વિકાસ પામી ઉત્પન્ન થવું, ગર્ભનો ઉદરમાં વાસ **મેં નહીં** = હું નથી **ચૌદ વિદ્યાય** = ચૌદ પ્રકારની વિદ્યા **જૂક્તિ** = ઉપાય, રીત, યુકિત.

## અનુવાદ

**હું તીર્થ કે એકાદશી વ્રત રૂપ નથી, હું યજ્ઞ, યજ્ઞાદિ કે મુક્તિ જેવો નથી. વળી, હું ગર્ભાવાસમાં આવવા-જવાવાળો નથી અને હું ચૌદ વિદ્યાની યુક્તિ જેવો પણ નથી.**

## ભાવાર્થ

કુવેરસ્વામી પૃથ્વી પરના પવિત્ર યાત્રાના ધામ કે ધાર્મિક વિધિ અનુસાર નિયમ લઈને આચરવામાં આવતા અગિયારસના વ્રત સમાન નથી. તેઓ યજ્ઞ યજ્ઞાદિક જેવી વૈદિક વિધિથી આચરવામાં આવતી હોમ, વિધિ કે તેની સામગ્રી અને દેવ-દેવીઓની ભક્તિ ઉપાસના પછી મળતી સાયુજ્ય, સાલોક્ય, સામીપ્ય અને સાન્નિધ્ય (સારૂપ્ય) એમ ચાર પ્રકારની મુક્તિ રૂપ નથી, વળી ચૌદ પ્રકારની પ્રાચીન સંસ્કૃત સાહિત્યમાં વર્ણવેલ ચૌદ કળા અને તેને પામવા માટેની રીત (યુકિત) રૂપે પણ નથી.

**મેં નહીં દેવ દેવી પદ દેવતા, મેં નહીં કાલ જંજાલ જેહી;**
**મેં નહીં જીવ ને શીવ ઈશ્વરના, મે નહીં પંચમા તત્ત્વ તેહી. ૪**

## શબ્દાર્થ

**મેં નહીં** = હું નથી **દેવ** = તેત્રીસ કરોડ દેવતા પુરુષો **દેવી** = ૯ કરોડ દેવાંગનાઓ **પદ** = સ્થાન, સ્વરૂપો **દેવતા** = દૈવી શકિત ધરાવનાર **મેં નહીં** = હું નથી **કાલ** = કાળ, સમય, અવધિનો સમય **જંજાલ** = ઉપાધિ, બંધન, વ્યાધિ **જેહી** = ની જેમ, જે **મેં નહીં** = હું નથી **જીવ** = જીવ દશા ભોગવનાર, મલિન પ્રકૃતિને વશ થઈને સંસારમાં જીવનાર **ને** = અને **શિવ** = શિવદશા, પોતાની જ્ઞાન શક્તિએ કરીને કારણદેહ ધારણ કરનાર મહાન આત્મા **ઈશ્વરના** = ઐશ્વર્યતા પ્રાપ્ત કરનાર અવતારાકિદ

પુરુષ **મેં નહીં** = હું નથી **પાંચમા તત્ત્વ** = પૃથ્વી, જળ, તેજ, આકાશ અને પવન એમ પાંચ મહાતત્ત્વો **તેહી** = તે.

## અનુવાદ

**હું દેવ-દેવીના પદવાળા દેવતા જેવો નથી. હું કાળ કે જંજાળ જેવો નથી. હું જીવ-શિવ જેવા ઈશ્વરોના ભેદ જેવો નથી, વળી હું પાંચ તત્ત્વો જેવો પણ નથી.**

## ભાવાર્થ

કુવેરસ્વામી વિશ્વમાં ગણતરી થતા ૩૩ કરોડ દેવતાઓ અને ૯ કરોડ દૈવી શકિત રૂપ દેવતાઓ જેવા નથી. વળી સૃષ્ટિના આદ્ય, મધ્ય અને અંત સમા કાળની ઉપાધિ સમાન પણ નથી. વળી વિશ્વમાં જીવદશા ભોગવતા જીવાત્માઓ કે શિવદશા પ્રાપ્ત કરેલ પુણ્ય આત્માઓ દ્વારા ઈશ પદ પ્રાપ્ત કરેલ ઈશ્વરો રૂપે પણ નથી. તેમજ મહાન વૈરાટના બંધારણના કહેવાતા મુખ્ય પાંચ મહાતત્ત્વો જેવા કે પૃથ્વી, જળ, અગ્નિ, વાયુ અને આકાશ જેવા પણ નથી.

**જો જોઈ કહત હે સો સોઈ હમ નહીં, હમ હે સોય ન કોય જાણે;**
**કહે કુવેર અકેહેરકા અરથકી, મૃત કી બુધ્યનાં સુધ્ય માંને. ૫**

### શબ્દાર્થ

**જો** = જે જે **જોઈ** = દેખીને, દશ્યમાન થતું **કહત હે** = કહી શકાય, વર્ણવી શકાય **સો સોઈ** = તે તે **હમ નહીં** = હું નથી **હમ હે** = જેહું છું **સોય** = તે **ન કોય જાણે** = કોઈ પણ જાણતું નથી **કહે કુવેર** = કુવેરસ્વામી કહે છે કે **અકેહેરકા** = આવું કહેવાપણું, કહેવાનું તાત્પર્ય **અરથકી** = અર્થ પાછળનો ભાવાર્થ મર્મ, આશય **મૃત કી બુધ્ય** = નાશવંત બુદ્ધિવાળા, જેની બુદ્ધિ નાશ થઈ ગઈ છે તેવા **નાં** = ના, નહીં **સુધ્ય** = સત્ય, સાચુ **માને** = માને, સમજી શકશે, સ્વીકારવું.

## અનુવાદ

**જે જે જોઈને કહી શકાય તે તે હું નથી. જે હું છું તે કોઈ જાણતું નથી. કુવેરસ્વામી કહે છે કે આવું કહેવાનું તાત્પર્ય અને તેની પાછળના મર્મને અને આ મુજબના સત્યને મૃત બુદ્ધિના જીવો સમજી શકશે નહીં.**

## ભાવાર્થ

આ અંગમાં દર્શાવ્યા મુજબ પ્રત્યક્ષ જે જે આંખે જોઈને કહી શકાય તેવા નાશવંત પદાર્થ (કે જેને આપણે બ્રહ્માંડની રચનામાં સમાયેલું કહીયે છીએ તે તે વસ્તુ) રૂપે કુવેરસ્વામીના સ્વરૂપ નથી અને જે ખરેખર તેઓનું સ્વરૂપ છે તેને સંસારના કોઈપણ જીવો જાણતા નથી. કુવેરસ્વામીની આ રીતની રજૂઆત કરવાનું જે ગર્ભિત તાત્પર્ય છે તે અને તેવું કહેવા પાછળનો જે મર્મ છે, તેને જેની બુદ્ધિનો નાશ થયો છે, તેવા બુદ્ધિહીન જીવો સમજી કે સ્વીકારી શકશે નહીં.

## (સાખી)

**મેં નિજપત કી પાણગત, આ તન જંતર સાજ;**
**ચાલવણી ચૈતનકી, અનભે હોત અવાજ. ૬**

### શબ્દાર્થ

**મેં** = હું **નિજપતકી** = નિજપતિનો, સર્જનહારનો **પાણગત** = હાથ રૂપે **આ તન** = અને આ જે સ્વરૂપ છે તે **જંતર** = વીણા, એકતંતુ, જંત્ર **સાજ** = સમાન જેવું, સાધન, સામગ્રી **ચાલવણી** = દોરવણી, ચલાવ્યા પ્રમાણે **ચૈતનકી** = ચૈતનના, પરમવિશેષ પાટવી અંશના **અનભે** = ભયથી રહિત, નિર્ભયતાવાળો **હોત અવાજ** = વાણી નીકળે છે, સૂર સ્ફુરાયમાન થાય છે.

## અનુવાદ

**નિજકર્તાના હાથ રૂપ તેમની ચેતનતાથી આ શરીર રૂપી જંત્ર ક્રિયાશીલ બને છે અને તેમાંથી નિર્ભયતાવાળી વાણી નીકળે છે.**

## ભાવાર્થ

કુવેરસ્વામીનો દિવ્યદેહ એક વાજિંત્ર સમાન છે. જેને વગાડનાર ખુદ સર્જનહાર નિજકર્તા છે. જેમ કુશળ અને હોંશિયાર વગાડનાર પોતાની ઈચ્છા મુજબના સૂર વાજિંત્રમાંથી કાઢી શકે છે. જેમાં વાજિંત્રની નહીં, પરંતુ તેને વગાડનાર ગાંધર્વની ખૂબી ઉપર સૂરાવલીનો આધાર રહેલો છે. તે ન્યાયે અહીં સર્જનહારના પરમવિશેષ અંશ રૂપી હાથ વળે તેમના ચૈતનતાના આભાસથી

કુવેરસ્વામીના દિવ્યદેહ રૂપી વાજિંત્ર ક્રિયાશીલ બને છે અને તેમાંથી નિર્ભયતા ભરી કૈવલજ્ઞાનની વાણીનો સૂર સ્ફુરાયમાન થાય છે.

**જાચુ નહીં જુગ દેવને, ગાવુ નહીં ગુણ ગ્રાજ;**
**ન કરુ નરત નિરંજન, તાથે કો બડરાજ. ૭**

### શબ્દાર્થ

**જાચુ** = યાચના કરવી, આજીજી કરીને તથા દીનતા દેખાડીને માગવું તે, કાલાવાલા **નહીં** = નહીં **જુગ** = જગતના **દેવને** = દેવોની પાસે **ગાવુ** = પ્રશંસા કરવી, સ્તુતિ કરવી **નહીં** = નહીં **ગુણ ગ્રાજ** = ગુણગાન, ગુણોનું વર્ણન **ન કરુ** = કરુ નહીં **નરત** = નમન, પ્રણામ, નમસ્કાર **નિરંજન** = નિરંજન પુરુષને **તાથે** = તેમનાથી **કો** = બીજો કોઈ **બડરાજ** =મોટા રાજા, મહાન, અતિ શ્રેષ્ઠ.

### અનુવાદ

**હું જગતના દેવોની યાચના કરતો નથી. તથા તેમના ગુણગાન ગાતો નથી. વળી નિરંજનને પણ નમસ્કાર કરતો નથી તો પછી બીજો કોણ મોટો રાજા છે?**

### ભાવાર્થ

કુવેરસ્વામીનો મહિમા કેટલો છે ? અને તેઓનું શું સ્થાન છે ? તે અંગેના રહસ્યને આપણે આ ચોપાઈ દ્વારા સમજવાની જરૂર છે. વિશ્વના જીવો ૩૩ કરોડ દેવ અને ૯ કરોડ દેવીઓને પોતાની દીનતા દેખાડીને આજીજી અર્થાત્ કાલાવાલા કરે છે. તે દ્વારા તેઓ કાંઈક મેળવવા માટે સ્તુતિ પ્રાર્થના કરે છે. વળી જગતના બધા જ દેવતાઓમાં મહાનમાં મહાન ગણાતા નિરંજન પુરુષનું ધ્યાન ધરીને યોગીઓ જયોતિ સ્વરૂપનાં દર્શન કરી યાચના કરે છે. વળી પ્રાણાયામને કુંભક કરી હજારો વર્ષનું આયુષ્ય ભોગવે છે, પરંતુ કુવેરસ્વામી આમાનું કાંઈ પણ કરતા નથી. કારણ કે, તેમની સામર્થતા વિશેષ છે. તેઓ સર્જનહારના પરમવિશેષ પાટવી અંશ હોઈ સમગ્ર બ્રહ્માંડમાં તેમની તુલ્ય બીજા કોઈ જ નથી.

# અંગ ૯
# આન્ય આધીન અનવે કો

**મેરો સુમ્રણ નહીં સાત્વીક રાજસ, ના ભજુ તમપદ તેજ ત્રપુટી;**
**મેરો સુમ્રણ નહીં જોત્ય નિરંજન, મેરો સુમ્રણ નહી નિગમ કોટી. ૧**

### શબ્દાર્થ

**મેરો સુમ્રણ** = મારું સ્મરણ **નહીં** = નથી **સાત્વીક** = સતોગુણી, વિષ્ણુ **રાજસ** = રજોગુણી, બ્રહ્મા **ના ભજુ** = ભજન કરતો નથી **તમપદ** = તમો ગુણી શંકર **તેજ ત્રપુટી** = એ ત્રણેયના સમૂહને, ત્રણેયના ગુણોના દેવતાના સમૂહને **મેરો સુમ્રણ નહીં** = મારું સ્મરણ નથી **જોત્ય નિરંજન** = જ્યોતિ સ્વરૂપ નિરંજન **મેરો સુમ્રણ નહીં** = મારું સ્મરણ નથી **નિગમ કોટી** = વેદોના કરોડ મંત્રનું.

### અનુવાદ

**રજોગુણ, સતોગુણ અને તમોગુણની ત્રિપુટીનું હું સ્મરણ કરતો નથી. મારું સ્મરણ જયોતિ પુરુષ નિરંજનનું નથી. તેમજ વેદના કરોડો મંત્રોનું પણ હું સ્મરણ કરતો નથી.**

### ભાવાર્થ

કુવેરસ્વામી કોનું કોનું ભજન સ્મરણ કરતા નથી તે અંગે આ અંગમાં સ્પષ્ટતા કરવામાં આવી છે. વિશ્વના જીવો ત્રણેય ગુણોના દેવતાઓના સમૂહ એવા રજોગુણના અધિષ્ઠાન દેવતા બ્રહ્માજીનું, સતોગુણી વિષ્ણુનું અને તમોગુણના દેવ શંકરનું ભજન સ્મરણ કરે છે. તેમજ તેઓ જ્યોતિ સ્વરૂપ નિરંજનનું ધ્યાન ધરે છે અને વેદોના કરોડો મંત્રનું પઠન-પાઠન તથા જપ કરે છે, પરંતુ એમાંના કોઈનું પણ સ્મરણ, ભજન કે જપ કુવેરસ્વામી કરતા નથી. એના સંદર્ભમાં ગોડી પદ-૧ માં દર્શાવ્યુ છે કે 'મેં અવિનાશી ઉપાસી હો સંતો, મેં અવિનાશી ઉપાસી' કુવેરસ્વામી અવિનાશી એવા નિજ કેવલકર્તાના જ ઉપાસક છે, તે સિવાય અન્યની ઉપાસના કરતા નથી એ માટે તેના સચોટ કારણો પણ એ ગોડીપદમાં દર્શાવવામાં આવ્યા છે.

**મેરો સુમ્રણ નહીં સીરગુણ નીરગુણ, ઈચ્છ નહીં નિરાકાર સ્થૂલકી;**
**મેરો સુમ્રણ નહીં દેવ દેવાલકો, મેરો સુમ્રણ નહીં પુત્ર ગુલકી. ૨**

### શબ્દાર્થ

**મેરો સુમ્રણ નહીં** = મારું સ્મરણ નહીં **સીરગુણ** = સગુણ, દેવ-દેવીઓ, અતવતારાદિક મહાપુરુષો **નીરગુણ** = ગુણોથી રહિત બ્રહ્મ **ઈચ્છ નહીં** = ઈચ્છા નથી **નિરાકાર** = આકાર વગરના, સૂક્ષ્મ **સ્થૂલકી** = આંખોથી દેખાય તેવું, સામાન્ય ઈન્દ્રિયો તેમજ બુદ્ધિથી ગ્રાહ્ય કરી શકાય તેવું **મેરો સુમ્રણ નહીં** = મારે સ્મરણ નહીં **દેવ દેવાલકો** = દેવાલયમાં બિરાજમાન દેવતાઓ **મેરો સુમ્રણ નહીં** = મારું સ્મરણ નહીં **પુત્ર ગુલકી** = ગંડકી નદીના પુત્ર શાલિગ્રામ, જે વિષ્ણુના પ્રતિક તરીકે પૂજાય છે જે કાળો લીસો ગોળ પથ્થર જે ગંડકી નદીમાંથી મળી આવે છે.

### અનુવાદ

**હું સગુણ કે નિર્ગુણનું સ્મરણ કરતો નથી. મને સ્થૂળ કે નિરાકારની પણ ઈચ્છા નથી. મારું સ્મરણ દેવાલયમાં બિરાજમાન દેવોનું નથી. તેમજ મારું સ્મરણ ગંડકી (ગૂલકી) નદીના પુત્ર શાલિગ્રામનું પણ નથી.**

### ભાવાર્થ

જગતના અજ્ઞાની જીવો મોટા દેવાલયો બાંધી ગુણોવાળા દેવ-દેવીઓ અને અવતારાદિક મહાપુરુષોની સ્થાપના કરીને પૂજે છે. જ્ઞાનમાર્ગમાં આગળ વધેલા જનો નિર્ગુણ બહ્મની ઉપાસના કરે છે. બધા સગુણ અને નિર્ગુણ સિદ્ધાંતમાં અટકી રહ્યા છે અને સ્થૂળ દેહધારી પાસેથી તેમજ જેને નિરખી શક્યા નથી તેવા નિરાકાર સૂક્ષ્મ આત્માઓ પાસેથી મનવાંછિત ફળ પ્રાપ્તિની ઈચ્છા રાખતા હોય છે. વળી ગંડકી નદીમાંથી મળી આવેલ શાલિગ્રામની વિષ્ણુના પ્રતિક તરીકે પૂજા કરે છે, પરંતુ કુવેરસ્વામી આ પૈકી કોઈનું પણ સ્મરણ કે પૂજા કરતા નથી, તેમજ કોઈ પણ પ્રકારની ફળ પ્રાપ્તિ માટે ઈચ્છા પણ રાખતા નથી. કારણ કે, નિર્ગુણ બ્રહ્મના તે સજાતિ નથી અને સગુણ દેહવાળા કોઈ સર્જનહાર નથી.

**મેરો સુમ્રણ નહીં પુરાણ અષ્ટાદશ, મેરો સુમ્રણ નહીં શાસ્ત્ર ખટમેં;**
**મેરો સુમ્રણ નહીં મૂરતી સામ્રથ હરી, મેરો સુમ્રણ નહીં સેવ પટમે. ૩**

### શબ્દાર્થ

**મેરો સુમ્રણ નહીં** = મારું સ્મરણ નહીં **પુરાણ અષ્ટાદશ** = અઢાર પૂરાણ જે વ્યાસમુનિ દ્વારા લખાયેલા છે **મેરો સુમ્રણ નહીં** = મારું સ્મરણ નહીં **શાસ્ત્ર ખટમેં** = છ શાસ્ત્રોમાં **મેરો સુમ્રણ નહીં** = મારું સ્મરણ નહીં **મૂરતી** = મૂર્તિ **સામ્રથ** = સામ્રથ, સમર્થ **હરી** = હરિ વિષ્ણુ, શરણાગતના પાપને હરનાર **મેરો સુમ્રણ નહીં** = મારું સ્મરણ નહીં **સેવ પટમે** = પડદા કે બારણા ઉઘાડ બંધ કરીને કરવામાં આવતી સેવા, ચિત્ર-છબિની કરવામાં આવતી સેવા ઉપાસના.

### અનુવાદ

**મારું સ્મરણ અઢાર પુરાણોનું નથી. મારું સ્મરણ છ શાસ્ત્રોનું પણ નથી. સામ્રર્થ હરિ રૂપ વિષ્ણુની મૂર્તિનું પણ હું સ્મરણ કરતો નથી. તેમજ મારું સ્મરણ પટવાળી સેવાનું પણ નથી.**

### ભાવાર્થ

ધર્મમાર્ગમાં મુમુક્ષુ વર્ગ ચાર વેદમાંથી દોહન કરીને બનાવેલા છ શાસ્ત્રોમાં અને વેદવ્યાસજી દ્વારા બનાવેલા અઢાર પુરાણોમાં શ્રદ્ધા રાખીને વાંચન-શ્રવણ અને મનન કરે છે. તેમજ મંદિરોમાં સામ્રથ હરિ રૂપ વિષ્ણુની મૂર્તિનું સ્થાપન કરીને તેની સકામ કે નિષ્કામ ભાવે પરિચર્ચારૂપ ભૌતિકતાસભર વિવિધ સમયે પડદો કે બારણાં ખોલી વિધવિધ પ્રકારનાં દર્શનનો લાભ લે છે. આ પ્રમાણે માનસી પૂજા સેવા કરે છે. જ્યારે કુવેરસ્વામી એમાંથી કોઈ પણ પ્રકારનું સ્મરણ કરતા નથી. કારણ કે, પરમપદની પ્રાપ્તિ બક્ષવા માટેની સત્તામાત્ર તેમની પોતાની પાસે છે.

**મેરો સુમ્રણ નહીં જાપ અજપા તણો, મેરો સુમ્રણ નહીં સુરત નુરતી;**
**મેરો સુમ્રણ નહીં ચારુકર ધરનકો, ભક્ત કરમીષ્ટકી હે કાજ તુરતી. ૪**

### શબ્દાર્થ

**મેરો સુમ્રણ નહીં** = મારું સ્મરણ નહીં **જાપ અજપા તણો** = અજપા જાપનું **મેરો સુમ્રણ**

**નહીં** = મારું સ્મરણ નહીં **સૂરત નુરતી** = સુરતા અને નુરતાનું **મેરો સુમ્રણ નહીં** = મારું સ્મરણ નહીં **ચારુકર ધરનકો** = ચતુર્ભુજ રૂપ ધારણ કરનારનું **ભક્ત** = ભક્ત **કરમીષ્ટકી** = કર્મકાંડી કર્મ કરવા પર પ્રીતિ ધરાવતા **હે** = નું **કાજ** = કાર્ય **તુરતી** = તુરત જ, તાત્કાલિક.

## અનુવાદ

**મારું સ્મરણ અજપા જાપનું નથી. સુરતા નુરતાનું હું સ્મરણ કરતો નથી. વળી કર્મિષ્ટ ભક્તોનું તુરત જ કાર્ય કરવા ચતુર્ભુજ રૂપ ધારણ કરનાર દેવોનું પણ હું સ્મરણ કરતો નથી.**

## ભાવાર્થ

ભક્તિ માર્ગમાં ઘણા ભક્તો પોતાની સુરતા અને નુરતાનો એકતાર કરી સિદ્ધ-પદ્માસન વાળીને પોતાના ઈષ્ટદેવને રિઝવવા કે ચક્રોને જાગૃત કરવા દરેક શ્વાસે અજપાજાપનું સ્મરણ કરે છે. વળી ઘણા ભક્તો કે જેઓ પોતાનું નક્કી કરેલુ કાર્ય કરાવવા માટે પોતાના આરાધ્ય દેવની કર્મકાંડી યાને કર્મિષ્ટ ક્રિયાઓ કરે છે. ભક્તો માને પણ છે કે દેવ ચતુર્ભુજ સ્વરૂપ ધારણ કરીને પ્રસન્ન થઈ ભક્તોનું કાર્ય તુરંત કરે છે, પરંતુ કુવેરસ્વામી કહે છે કે તેઓ આમાંની કોઈ પણ ક્રિયા કે સ્મરણ કરતા નથી. કારણ કે, તેમને આવા કોઈ કલ્પિત ફળ મેળવવા માટેના કાર્ય કરાવવાની ભાવના થતી જ નથી.

**મેરો સુમ્રણ ના અવતાર દ્વૈ અષ્ટકો, સાત્વિક સંત રહે સકલ અટકી;**
**કહે કુવેર કૈવલનો મેં અલી, આન્ય ઉપાસના બાસ પટકી. ૫**

### શબ્દાર્થ

**મેરો સુમ્રણ** = મારું સ્મરણ **ના** = નહીં **અવતાર દ્વૈ અષ્ટકો** = દશ અવતારોનું **સાત્વિક** = સતો ગુણી **સંત** = સંત, સાંસારિક પ્રપંચ રહિત, નિતિમાન પ્રામાણિક નેક પવિત્ર અને વૈરાગી જીવન જીવનાર સત્પુરુષ **રહે** = રહ્યા છે **સકલ** = બધા જ, સર્વ **અટકી** = અટકી રહ્યા છે **કહે કુવેર** = કુવેરસ્વામી કહે છે કે **કૈવલનો** = સકર્તા સર્જનહાર કૈવલકર્તાનો **મેં** = હું **અલી** = ભ્રમર સમાન જે માત્ર ફૂલની સુગંધનો જ ભોગી જે કમળના ફૂલ ઉપર બેઠા બેઠા સુગંધમાં એટલો તલ્લીન

થઈ જાય છે કે સૂર્યાસ્ત થતાં કમળ બીડાઈ જાય પણ તે અંદર બેઠો જ રહે છે **આન્ય ઉપાસના** = બીજી ઉપાસના **બાસ** = વાસના, લાલચ, શંકા **પટકી** = તજી દેવું, ત્યાગવું, ફેંકવું.

## અનવાદ

**મારું સ્મરણ દશ અવતારો કે જેમાં સતોગુણી સૌ સંત પુરુષો અટકી રહેલા છે, તેમાં નથી. કુવેરસ્વામી કહે છે કે હું કૈવલ કર્તામાં તલ્લીન બનેલ ભ્રમર છું. જેથી અન્ય સર્વ ઉપાસનાની લાલચ ત્યજી દીધી છે.**

## ભાવાર્થ

હિંદુ માન્યતા મુજબ ધર્મના સ્થાપન માટે અને અધર્મનો નાશ કરવા માટે વિષ્ણુ યુગે યુગે અવતાર ધારણ કરે છે. આવા વિષ્ણુના દશ અવતારોને સતોગુણી સંત પુરુષો સમર્પણ થઈને તેમની ભક્તિમાં જ અટકી રહ્યા છે. કુવેરસ્વામી કહે છે કે તેઓ પોતે એક ભ્રમરની જેમ કૈવલકર્તાના મહદ્ સજાણજાણ સ્વરૂપ સાથે તલ્લીન બની અલંગ-સલંગ રહેલા છે અને તેથી જ જગતની અન્ય સર્વ ઉપાસનાઓની લાલચને તેઓએ ત્યજી દીધી છે. કુવેરસ્વામી માત્ર કૈવલકર્તાની ભક્તિ રૂપી કમળની સુવાસવાળા એક જ ફૂલના ભમરારૂપે હોવાથી બીજી ઉપાસનારૂપી વાસને ત્રાસ રૂપ માની તરછોડી દે છે.

## (સાખી)

**નૈન નિરખન વાણી વગ, શ્રવણ સુનીત ચીત સેવ;**
**કૈવલમાં કલપીત રીત, મોદીત મન અહંમેવ. ૬**

### શબ્દાર્થ

**નૈન નિરખન** = આંખોથી દર્શન કરવા વાણી વગ = વાણીથી સંબંધ બાંધવા, વર્ણન કરવું **શ્રવણ સુનીત** = કાનથી સાંભળવું **ચીત સેવ** = ચિત્ત અંતઃકરણ દ્વારા ચિંતવન કરવું **કૈવલમાં** = કૈવલકર્તાના પક્ષે **કલપીત** = કલ્પનાયુકત **રીત** = પદ્ધતિ, આચાર, ઉપચાર, બાહ્ય ચેષ્ટા, વર્તન **મોદીત મન** = મનને આનંદ આપવા પુરતી **અહંમેવ** = અંતરમાં ભાવ લાવવો, આત્મભાન, ગર્વ, મમત્વ, હું પણુ.

## અનુવાદ

**આંખોથી દર્શન કરવા, વાણીથી વર્ણન કરવું અને કાનથી સાંભળવું અને ચિત્તથી ચિંતવન કરવું, એ બધી રીતો કૈવલ સ્વરૂપમાં કલ્પના માત્ર છે. તેનું મમત્વ મનને આનંદ આપવા પુરતુ જ છે.**

## ભાવાર્થ

ધર્મમાર્ગમાં લૌકિક વ્યવહાર જેવો કે આંખોથી ઈષ્ટદેવનાં દર્શન કરવા, વાણીથી તેમના ગુણગાન ગાવા અને કાનથી એક ચિત્તે સાંભળીને તેનું ચિંતવન કરવું, એ બધો જ આચાર-ઉપચાર-વહેવાર કૈવલકર્તાના પક્ષે જોતાં માત્ર કલ્પના સમાન છે. કારણ કે, તત્ત્વાતીત માટે તત્ત્વોવાળી ભાવના પહોંચતી નથી. તેથી આ બધા કર્મોનું મમત્વ માત્ર મનને આનંદ આપવા પુરતું જ છે.

**ભોગી નહીં પદ પરમકે, મરમ લહે વિનું માહાદ;**
**નિજ લખ વિન નિરવિત રહે, પીર પેગંબર સાધ. ૭**

### શબ્દાર્થ

**ભોગી** = ભોગવનારા, દુન્યવી ભોગમાં રચ્યું પચ્યું રહેનાર **નહીં** = નથી, નહીં **પદ પરમકે** = પરમપદના **મરમ** = રહસ્ય, મર્મ **લહે વિનું** = જાણ્યા વિના **માહાદ** = શ્રેષ્ઠ, મહાન **નિજ લખ વિન** = નિજ, લક્ષ વગર **નિરવિત રહે** = વિત્ત વગરના રહેલા છે **પીર પેગંબર** = પીર અને પયગંબર **સાધ** = સાધુ, સાધક.

## અનુવાદ

**મહદ્ કૈવલકર્તાની ગતિને જાણ્યા સિવાય પીર, પયગંબર અને સાધકો પરમપદના ભોગી થઈ શક્યા નથી. વળી કૈવલકર્તાના નિજ લક્ષ સિવાય તેઓ વિત્ત સિવાયના રહ્યા છે.**

## ભાવાર્થ

મહદ્ કૈવલકર્તાની ગતિ તત્ત્વાતીત છે. જેને પ્રાપ્ત કરવા માટે તત્ત્વોવાળી

ભાવના કામ આવે નહીં. કારણ કે, સજાતિ સજાતિને જ ગ્રહણ કરી શકે તે ન્યાયે જોતાં દુનિયાની દુન્યવી ભોગવિલાસ વાળી સ્થૂળવૃત્તિથી મહદ્ ચૈતનને ઓળખી શકાય નહીં, પરંતુ ચૈતનવૃતિ દ્વારા જ મહદ્ ચૈતનને પામી શકાય. જેથી વિશ્વમાં કહેવાતા પીર, પયગંબર કે અન્ય સાધક વર્ગ બ્રહ્મથી પરે રહેલ એવા તત્ત્વાતીત પરમપદના ભોગી થઈ શક્યા નથી. તેના કારણે જ વિશ્વના સાચા સર્જનહાર કૈવલકર્તાના નિજ લક્ષથી વંચિત રહ્યા અને પોતાના આંતરિક આત્મબળ પ્રત્યે નિર્વિત્ત (વિત્ત વગરના) રહ્યા.

# અંગ ૧૦
# સંશે વિવ્યકત પરિઉત્તરકો

**બીન ઉપાસના દાસના નીપજે, દાસ વિના અતિહાસ નાંહી;**
**હાસ વિના અવિકાશ ના પાઈયે, બીન અવીકાશ પરકાશ કાંહી. ૧**

### શબ્દાર્થ

**બીન ઉપાસના** = ઉપાસના વગર, ઈષ્ટદેવની સમીપમાં નિવાસ કરવો તે ક્રિયા **દાસના નીપજે** = દાસાતનપણું ઉત્પન્ન થતું નથી **દાસ વિના** = દાસાતન ભાવ વગર **અતિહાસ** = પરમ આનંદ, ઉલ્લાસ **નાંહિ** = નથી **હાસ વિના** = આનંદ, પ્રસન્નતા વગર **અવિકાશ** = વિકાસનો અભાવ છે તેવું, કતૃત્વ શકિત વગરનું, વૃધ્ધિનો અભાવ છે તેવું, જે ઠસોઠસ ભરેલું છે તેવું, સચરાચર બ્રહ્મ **ના પાઈયે** = ન ઓળખી ન શકાય **બીન** = વગર **અવીકાશ** = બ્રહ્મની સમજ **પરકાશ** = પ્રકાશ, જ્ઞાનની પ્રાપ્તિ, પરમપદની સમજ **કાંહી** = ક્યાંથી થઈ શકે.

### અનુવાદ

**ઉપાસના વગર દાસાતનપણું ઉત્પન્ન થતું નથી, દાસત્ત્વભાવ સિવાય પરમ આનંદ પ્રાપ્ત થાય નહીં. વળી પરમાનંદ સિવાય અવિકાસ રૂપી બ્રહ્મની ઓળખાણ થાય નહીં અને બ્રહ્મને જાણ્યા સિવાય તેના પ્રકાશક સર્જનહારના પદની સમજ ક્યાંથી થઈ શકે ?**

### ભાવાર્થ

કુવેરસ્વામી આ અંગમાં ઉપાસનાનું મહત્ત્વ દર્શાવે છે. માનવદેહ મળ્યા છતાં જો માનવી પોતાના ઈષ્ટદેવની સમીપમાં તન અને મન અર્પણ કરી ઉપાસના ન કરે તો તેનામાં દાસાતનપણું ઉત્પન્ન થતું નથી. તેમના હૃદયમાં સેવક તરીકેના ભાવ પણ પેદા થતા નથી, જેથી પોતાના વ્યવહારમાં નમ્રતાનો અભાવ અને અહંકારનો ભાવ વકરે છે. વળી જો દાસત્ત્વભાવ પ્રગટ થાય તો જ ઈષ્ટદેવની સેવા પૂજામાં આપોઆપ પરમાનંદનો અનુભવ થાય. તેમની પ્રસન્નતા થકી

જ્ઞાનનો પ્રકાશ થાય જેથી બ્રહ્માંડમાં ઠસોઠસ ભરેલ વ્યાપક બ્રહ્મની સમજ પડે. બ્રહ્મ કર્તૃત્વશક્તિ વગરનું નપુંસક છે અને વિશ્વની જે કઈ રચના છે તે બ્રહ્મમાં વિકાસ પામી છે પણ તેનો રચનાર તો બ્રહ્મથી પરે છે. જો આ પ્રમાણે બ્રહ્મને સમજવામાં ન આવે તો તેના પ્રકાશક એવા સર્જનહારના પરમપદની સમજ પ્રાપ્ત કરવી અશક્ય છે.

**તીન પરકાર સંજુકત હરિ હારદ, ભક્ત ભગવંત ઓરુ જકત કહાવે;**
**જકત પદ પરહરી દ્વૈત ભાવે ભજે, તો મજે આદ્ય અદ્વૈત ફાવે. ૨**

### શબ્દાર્થ

**તીન** = ત્રણ **પરકાર** = પ્રકાર, વિભાગ **સંજુકત** = જોડાયેલું **હરિ** = ઈશ્વર **હારદ** = હાર્દ, મર્મ, રહસ્ય, મકસદ, ઇચ્છા **ભક્ત** = ભક્તિ કરનાર, ભગત, ઉપાસક, દયા, ક્ષમા, દીનતા અને પારકાના દુઃખમાં સહાયરૂપ થનાર, લક્ષણો ધરાવતો સેવક **ભગવંત** = ભગવાન, પરમેશ્વર **ઓરુ** = અને **જકત** = જગત, દુનિયા, વિશ્વ, બ્રહ્માંડ **કહાવે** = કહેવાય છે **જકત** = પરમેશ્વર દ્વારા ઉત્પન્ન કરેલ બ્રહ્માંડ ભૂમિકામાં થએલા નાશવંત રચના **પદ** = પદ, પદાર્થ, મોભો, દરજ્જો **પરહરી** = ત્યાગી, ત્યજીને છોડીને **દ્વૈત** = ભિન્ન, અલગ, જુદા **ભાવે** = ભાવથી, માણીને **ભજે** = ભક્તિ કરે **તો** = તો **મજે** = મજા, આનંદ **આદ્ય** = સૌથી પુરાણા, આદિ, જેમના પહેલા કાંઈ જ ન હતું **અદ્વૈત** = સજાતીય એકતા, અદ્વિતીય, એકરૂપ, અનુપમ **ફાવે** = ફાવવું, અનુકુળ આવવું, નિપુણતા, સફળ થવું, પ્રતિ પ્રગટ થવી.

### ભાવાર્થ

વિશ્વમાં ભક્તિ માર્ગે ત્રણ પદો સમાયેલા છે. જેમાં ભક્ત કહેતા ઉપાસક, ભગવંત કહેતા ઉપાસ્ય અને જગત કહેતા પરમેશ્વર દ્વાર ઉત્પન્ન કરેલ નાશવંત રચના. આ ત્રણ પદોમાંથી જો જગતની બાદબાકી કરવામાં આવે એટલે કે ભક્ત જો જગતની જંજાળમાંથી મુક્ત થઈ જાય તો પછી માત્ર બે પદોની ઉપસ્થિત રહે. ભક્ત અને ભગવતં એવા બે જ પદોમાં એકરૂપતા સધાય. બ્રહ્મભાવમાં અહં બ્રહ્માસ્મિ એટલે કે મારા સિવાય બીજું કાંઈ જ નથી તેવો મત દ્દઢ થાય છે. તેવા દ્વૈત ભાવે ઈશ્વરપદનું સ્થાપન કરવામાં આવે તો જ સમજાય કે હું એક ભક્ત છું અને જેની ભક્તિ કરું છું એ મારા ઈશ્વર છે.

આદિમાં અદ્વૈતપદ એકલું જ હતું એટલે કે માત્ર વિશ્વના સર્જનહાર કૈવલપુરુષ એકલા જ હતા, પરંતુ જ્યારે વિશ્વ બન્યું ત્યારે આપણે કર્તાથી છૂટા પડ્યાને સર્જનહારનું પદ અદ્વૈત બન્યું, એટલે કે સર્જનહાર અને વિશ્વ એમ બે પદ બન્યાં. એ ભાવનાથી સર્જનહારને પ્રાપ્ત કરવાની ઉત્કંઠા જાગશે તો આદિમાં જે અદ્વૈત પદ હતું ત્યાં આપણો સંબંધ બંધાશે. આમ પરમપતિની ગતિ પ્રાપ્ત કરવી હોય તો દ્વૈત ભાવે કરેલી ભક્તિથી જ તે પદને મેળવી શકાય. વળી દ્વૈત ભાવમાં જ આપણને સર્જનહાર પ્રત્યે પ્રીતિ ઉત્પન્ન થાય. પ્રીતિ ઉત્પન્ન થવાથી તેમના પ્રત્યે વિરહ પેદા થાય. આમ વિરહ પેદા થવાથી જ તેમની સાથે ભક્તિ દ્વારા એકતા સધાય.

**દ્વૈત ઉપાસના ભેદ છે ભક્તિનો, ચૈતનયુકત ના જકત જાણે;**
**પુંઠ અખંડને દેઈને સરવનું, લુબ્ધ મન ખંડમે પાણી પાંહોંણે. ૩**

### શબ્દાર્થ

**દ્વૈત** = અલગતાપણું, બે પણુ જુદાપણુ **ઉપાસના** = ઉપાસના **ભેદ** = રહસ્ય, મર્મ **છે** = છે **ભક્તિનો** = ભક્તિનો **ચૈતનયુકત** = ચૈતનની યુક્તિ, કળા, કરામત **ના જકત જાણે** = જગત જાણતું નથી **પુંઠ** = પાછળ છોડી દઈને અનિચ્છા, તોછડાઈ ભર્યુ, ત્યજીને **અખંડને** = જે ખંડિત નથી, તે અવિનાશી **દેઈને** = દર્શાવીને **સરવનું** = દરેકનું, સર્વનું **લુબ્ધ** = લોભાયા છે **મન** = મન અંતઃકરણ **ખંડમે** = ખંડિતમાં **પાણી** = નદી નાળામાં, તીર્થ સ્થાનોમાં **પાંહોંણે** = પથ્થરોમાં, મૂર્તિઓમાં, દેવાલયોમાં.

### અનુવાદ

**દ્વૈત ઉપાસના જ ભક્તિનો સાચો મર્મ છે. ચૈતનની કાર્યશકિતને જગત જાણતું ન હોવાથી અવિનાશી પદ માટે અનિચ્છા દર્શાવી છે. સર્વનાં મન તીર્થો અને ખંડિત મૂર્તિઓમાં જ લોભાયા છે.**

### ભાવાર્થ

ભક્તિમાર્ગમાં ભક્ત બનીને જ ભગવાનને પ્રસન્ન કરવાનો આગ્રહ રાખવો

જોઈએ. ભક્ત બનીશું તો જ દાસતનપણાનો ભાવ આવશે. દાસાતનથી લઘુતા આવશે અને લઘુતા પ્રાપ્ત થશે તોજ પ્રભુતાની અનુભૂતિ થશે. તેથી અનિન ભક્તિ દ્વૈત ભાવે કરવી જોઈએ. એ જ સાચો ભક્તિનો મર્મ છે, પરંતુ પોતાનામાં રહેલ ચૈતન અંશ અને અવિનાશી સર્જનહાર મહદ્ ચૈતન અંશી છે. એ ગૂઢ રહસ્યને જગતના જીવો જાણતા નથી. તેથી જ અવિનાશી અને અખંડપદ માટે અનિચ્છા દર્શાવીને જે ખંડિત પદાર્થો છે તેમાં સર્વના મન લોભાયા છે. ભક્તિના માધ્યમરૂપે મોટાભાગનો વર્ગ પવિત્ર તીર્થોમાં જઈ નદીઓમાં સ્નાન કરીને પાપમાંથી મુકત થવાય તેવી માન્યતા ધરાવે છે. વળી દેવાલયોમાં બિરાજમાન પથ્થરની મૂર્તિઓમાં જ ઈષ્ટદેવ છે તેમ માનીને પૂજા અર્ચના કરે છે અને ચૈતનની ઉપેક્ષા કરે છે. જો અવિનાશી કર્તા પદ માટેની મહત્તા દેખાય તો જરૂર અનિનતાપૂર્વક પરમપદ પ્રાપ્તિ અર્થે ભાવ જાગે. આ પ્રમાણે ‘હું ચૈતન છું’ અને ‘આપણા સર્જનહાર મહદ્ ચૈતન છે’ તેવો ભાવ જાગે અને એવા અવિનાશીને પ્રાપ્ત કરવા માટે મનમાં વૈરાગ તથા પ્રેહ ઉત્પન્ન થાય તો પછી નાશવંત પદાર્થોમાં મન લોભાયમાન થતું નથી.

**તે જ માટે કહું શુદ્ધ ઉપાસના, સેવતા વાસના સર્વ નાસે;**
**અષ્ટ દ્વૈ છંદ પર પીષ્ટ બાંધી કહુ, છંદ પંચું દશ લ્યૌ પ્રકાશે. ૪**

### શબદાર્થ

**તે જ માટે કહુ** = તેટલા જ માટે હું કહુ છું **શુદ્ધ ઉપાસના** = પવિત્ર ઉપાસનાનો મર્મ **સેવતા** = સેવન કરતાં, તે પ્રમાણે અનુસરતા **વાસના** = માયાવી મોહ, મમતા, કામના, ઈન્દ્રિયાનો ભોગ, વૈભવ **સર્વ** = બધા જ **નાસે** = નષ્ટ થાય, દૂર થઈ જાય, નાશ પામે **અષ્ટ દ્વૈ** = દશ **છંદ** = અંગો **પર પીષ્ટ** = ત્યાર પછી **બાંધી કહુ** = પૂરાં કરીને કહુ છું **છંદ પંચું દશ** = પંદર અંગો સુધી **લ્યૌ** = જુઓ, સુધી **પ્રકાશે** = પ્રકાશ કરીશ, દર્શાવીશ, ઉલ્લેખ કરીશ.

### અનુવાદ

**એટલા માટે જ હું શુદ્ધ ઉપાસના કરવાનું કહુ છું. જેથી સર્વ પ્રકારની વાસનાઓ નાશ પામે. આ ગ્રંથના દશ અંગો પૂરા કર્યા પછીના પંદર અંગો**

**સુધીમાં ઉલ્લેખ કર્યો છે તે જુઓ.**

## ભાવાર્થ

કુવેરસ્વામી વિશ્વના માનવોને સ્થૂળભાવ ત્યજીને ચૈતન ભાવે શુદ્ધ ઉપાસના કરવા માટે અનુરોધ કરે છે. શુદ્ધ ઉપાસના એને જ કહેવાય જે આપણી વાસનાઓનો ક્ષય કરે. એટલે કે, મનમાં રહેલી અજ્ઞાનતાને દૂર કરે, જેથી ઈન્દ્રિયોને ભોગ ભોગવવા માટેની લોલુપતા જાગે નહીં. જો આપણામાં રજોગુણથી પેદા થયેલી વાસનાઓ અને તૃષ્ણાઓ દૂર થાય તો જ શરીરમાં રહેલો ચૈતન અંશ વાસનાઓથી મુકત બને. આવું થતાં જ તે સર્જનહાર સાથે એકતા સાધી શકે છે, પરંતુ આ ઉપાસના પદ્ધતિ કેવી હોવી જોઈએ તે અંગેનો ખુલાસો હવે પછીના ૧૫ અંગોમાં (અંગ ૧૧ થી ૨૫ સુધી) દર્શાવવામાં આવેલ છે.

**તેજ ઉપાસના તનમન દેઈને, શામ સનેહીને પામવાને;**
**કહે કુવેર સહુ કેહેર કરતવ તજો, તો ભજો ભવદુઃખ વામવાને. ૫**

### શબદાર્થ

**તેજ** = એજ, જે હું કહું છું તેજ **ઉપાસના** = ઉપાસના **તનમન** = શરીર અને મન **દેઈને** = દઈને, અર્પણ કરીને, ન્યોછાવાર કરીને **શામ સનેહીને** = પતિ રૂપ પરમેશ્વરને **પામવાને** = પ્રાપ્ત કરવા માટેની છે **કહે કુવેર** = કુવેરસ્વામી કહે છે કે **સહુ** = સર્વ, બધા **કહેર** = દુઃખ દેનારા, નાશવંત **કરતવ** = કાર્યો, કર્મો **તજો** = છોડી દો, ત્યજી દો **તો ભજો** = તેથી ભજી શકશો, માટે ભજન સ્મરણ કરો, માટે ભક્તિ કરો **ભવદુઃખ** = જન્મ-મરણ રૂપી દુઃખ **વામવાને** = મટાડવાને, દૂર કરવા માટે, મુક્ત થવા માટે.

## અનુવાદ

**કુવેરસ્વામી કહે છે કે દુઃખ દેનારા નાશવંત કર્મ છોડીને તેમજ તન-મનનો ભાવ ત્યજી શુદ્ધ ચૈતનભાવે પતિરૂપ પરમેશ્વરને પામવા માટે હું જે કહું છું તે જ ઉપાસના કરો. તે મુજબ જો ભક્તિ કરશો તો જરૂર જન્મ-મરણ રૂપી ભવ દુઃખમાંથી મુકત થશો.**

## ભાવાર્થ

કુવેરસ્વામી અહીં ભારપૂર્વક જગતના જીવોને ઉપદેશ આપે છે કે તેમણે દર્શાવેલી શુદ્ધ ઉપાસના એ જ સાચી ઉપાસના છે કે જેથી પતિ રૂપ પરમેશ્વરને પ્રાપ્ત કરી શકાય છે. માટે દરેકે તન, મનનો ભાવ ત્યજીને સમર્પણ ભાવના ધારણ કરવી જોઈએ તથા શુદ્ધ ચૈતન ભાવે કુવેરસ્વામીએ દર્શાવ્યા મુજબના પથ ઉપર ચાલીને સર્જનહારની ઉપાસના કરવી જોઈએ. સંસારમાં આધિ, વ્યાધિ અને ઉપાધિઓ દેનારા અનિત્ય ક્રિયા કર્મોને ત્યજી દઈને વાસના મુકત બની કરવામાં આવતી ઉપાસનાથી અંશને વળગેલું જન્મ-મરણ રૂપ જે ભવ દુઃખ બંધન છે, તેમાંથી સંપૂર્ણ મુક્તિ મેળવી શકાશે.

## (સાખી)

**ભવમાં ભરમ ઊપાસના, લાગ રહ્યો સબ લોય;**
**ચૈતનતા ચિન્યા વિના, તાતે મુકત ન હોય. ૬**

### શબ્દાર્થ

**ભવમાં** = વિશ્વમાં, જગતમાં **ભરમ** = ભ્રમણા ભરેલી **ઊપાસના** = ઉપાસના **લાગ રહ્યો** = વળગી રહ્યો **સબ** = બધા જ, સર્વે **લોય** = લોક, માનવો, જીવો **ચૈતનતા** = ચૈતન વસ્તુને **ચિન્યા** = ઓળખ્યા, જાણ્યા **વિના** = વગર, સિવાય **તાતે** = તેનાથી, તેઓની **મુક્ત** = મુક્તિ **ન હોય** = થશે નહીં, ન હોય.

## અનુવાદ

**વિશ્વમાં ભ્રમણા યુક્ત ઉપાસનાઓમાં સર્વ કોઈ વળગી રહ્યા છે, પરંતુ ચૈતનને ઓળખ્યા સિવાય તેઓની મુક્તિ થશે નહીં.**

## ભાવાર્થ

જગતમાં ઉપાસના પદ્ધતિ અને ઈશ્વરને માનવાવાળા વર્ગના સિદ્ધાંતની દૃષ્ટિએ તપાસીએ તો જે વર્ગ ગુણવાળા દેવો અને મહાન ઈશ્વરીય અવરાતારાદિક પુરુષોની ઉપાસના ભક્તિ કરે છે, તેને સગુણ સિદ્ધાંત કહેવાય છે. અને જે વર્ગ સચરાચરવ્યાપક બ્રહ્મની ઉપાસના કરીને અહં બ્રહ્માસ્મિ તરીકે માનીને પોતાની

ચિત્તવૃત્તિને પ્રાણાયામના કુંભક દ્વારા ૧,૦૦૦ પાખંડીઓવાળા બ્રહ્મરંદ્રમાં સ્થિર કરીને જ્યોતનાં દર્શન કરે છે, તેને નિર્ગુણ સિદ્ધાંત કહેવાય છે. આ રીતે બધા જીવો આવી ભ્રમણાયુક્ત ઉપાસનાઓમાં વળગી રહ્યા છે, પરંતુ પોતાનામાં રહેલ ચૈતન અંશ અંગે કે તેના સર્જનહાર અંશી અંગે કોઈએ શોધ કરી નહીં. આમ ચૈતનને ઓળખ્યા સિવાય કોઈ પણ જીવાત્માની જન્મ-મરણ રૂપ દુઃખમાંથી મુક્તિ થઈ શકે નહીં.

**સ્થાવર-જંગમ જલ થલ, ચૈતનસુ ચેતન;**
**ભવકે પત પ્રિછા વિના, જડ પૂંજે તનમન. ૭**

### શબ્દાર્થ

**સ્થાવર** = સ્થિર, વનસ્પતિ **જંગમ** = અસ્થિર, સજીવન ઘાટો **જલ** = પાણીમાં રહેતા **થલ** = પૃથ્વી પર નિવાસ કરતા **ચૈતનસુ ચેતન** = ચૈતન અંશની ચેતનતાથી **તીનકે** = તેમની, તેની **પત** = પતિ સર્જનહાર, સ્વામી, **પ્રિછા** = જાણ્યા, ઓળખ્યા **વિના** = વગર **જડ પૂંજે** = જળ, નાશવંતની પૂજા કરે **તનમન** = તનથી અને મનથી

### અનુવાદ

**સ્થાવર-જંગમની આદ્ય લઈ પાણીમાં અને પૃથ્વી પર નિવાસ કરતા સર્વ ઘાટો અંશની ચૈતનાથી ચેતન થયેલા છે, એવા ઘાટો અને તેમાં રહેલા ચૈતન અંશોના પતિની પહેચાન વગર સર્વ તન-મનથી જડ અને નાશવંતને પૂજે છે.**

### ભાવાર્થ

જળમાં અને પૃથ્વી પર રહેતા સ્થાવર-જંગમની આદ્ય લઈ સર્વ ૮૪ લાખ પ્રકારના ઘાટો ચૈતન અંશની ચેતનાથી હાલવા ચાલવાની ક્રિયા કરતા હોવાથી સજીવન માલુમ પડે છે. મહાવિરાટ બ્રહ્માંડની આદ્ય લઈ તેમાં રહેલી સર્વ રચના સહિત સર્વ ઘાટો અને ઘાટોમાં બિરાજમાન ચૈતન અંશ એ સર્વના બનાવનાર પરમપિતા સર્જનહારની ઓળખ કોઈએ કરી નહીં કે તેમને ઓળખવા માટે

પ્રયત્ન પણ કોઈ એ કર્યો નહીં. તેનાથી વિપરીત પોતાનું સઘળું તન અને મન નાશવંત ઈશ્વરોની અને સરાચરવ્યાપક બ્રહ્મની ઉપાસનામાં જોડી દીધું અને તેમાં જ અટકી રહ્યા છે.

# અંગ ૧૧
# મહદ્ અગાધ બ્રહ્મ દૃષ્ટાન્તકો

**ચૈતન બ્રહ્મ ભરપુર બ્રહ્માંડમાં, નીર મધ્ય કુંભ જમ નીર ભરીયો;**
**બ્રહ્મમે ઈમ બ્રહ્માંડ ભરપુર હે, બાહર ભીતર સજલ દરીયો. ૧**

### શબ્દાર્થ

**ચૈતન** = ચૈતન **બ્રહ્મ** = બ્રહ્મ **ભરપુર** = છલોછલ, પુરેપુરું ભરેલું **બ્રહ્માંડમાં** = બ્રહ્માંડમાં બ્રહ્મમાં વિકાસ પામેલી સર્વ રચના **નીર** = પાણી **મધ્ય** = મધ્યમાં, વચ્ચે, અંદર, **કુંભ** = ઘડો **જમ** = જેમ **નીર** = પાણી **ભરીયો** = ભર્યો, ભરેલો હોય **બ્રહ્મમે** = બ્રહ્મમાં **ઈમ** = તે મુજબ, તે રીતે એમ **બ્રહ્માંડ** = બ્રહ્માંડ સર્વ રચના **ભરપુર હે** = સંપૂર્ણ રીતે ભરેલી છે, સચરાચર વિકાસ પામેલી છે, છલોછલ છે **બાહર** = બહાર **ભીતર** = અંદર, **સજલ દરીયો** = સંપૂર્ણ દરિયો છે, બધે જ પાણી છે.

### અનુવાદ

**બ્રહ્મની ચૈતનતા સમગ્ર બ્રહ્માંડમાં સંપૂર્ણ ભરેલી છે. જેમ પાણીથી ભરેલો ઘડો જળના મધ્યમાં મૂક્યો હોય, તેમ બ્રહ્મરૂપ દરિયામાં વિકાસ પામેલી સર્વ રચનામાં બ્રહ્મ બહાર અને અંદર સર્વત્ર ઠસોઠસ ભરેલું છે.**

### ભાવાર્થ

આમ તો બ્રહ્મ જળ છે તેનામાં કોઈ પણ પ્રકારની કર્તૃત્વ શક્તિ નથી, પરંતુ સર્જનહાર કૈવલકર્તાની પ્રકાશ બ્રહ્મવૃત્તિનો પ્રકાશ સર્વત્ર પ્રસરેલો છે, જેને બ્રહ્મ કહેવામાં આવે છે. જેમા અવિકાસ, વિકાસ અને કુંભસ્થ એમ ત્રણ મહાતત્ત્વો સમાયેલાં છે, તેથી બ્રહ્મ સમચૈતન હિરરૂપે કાર્યરત છે. સર્જનહારે બધી જ રચના આ બ્રહ્મરૂપી ભૂમિકામાં બનાવી છે એવી રચના ઘટકને બ્રહ્માંડ કહેવામાં આવે છે. જેમ પાણી ભરેલા ઘડાને દરિયા મધ્યે મૂકવામાં આવે તો તે કુંભની અંદર બહાર બધું જ પાણી જ પાણી હોય છે તેમ સર્જનહારની જે કોઈ રચના વિકાસ પામી છે તે સમસ્ત રચનામાં અંદર બહાર બધું જ દરિયાના પાણીરૂપી બ્રહ્મ જ ઠસોઠસ

ભરાયેલું છે. એટલે કે, બ્રહ્મ સમસ્ત બ્રહ્માંડમાં વ્યાપક છે અને સચરાચરવ્યાપક બ્રહ્મમાં સમગ્ર બ્રહ્માંડની ચૈતનતા સમાયેલી છે.

**નીરના હીરથી જંત બહુ ઉપજે, નામ ને રૂપ તે તાર પીછે;**
**પ્રસ સપ્રસ અનેક હોય એકથી, આગમ ઉપજે તેજ ઈશે. ૨**

### શબ્દાર્થ

**નીરના** = પાણીના **હીરથી** = વિત્તથી, સત્ત્વ, દૈવત, સમશક્તિથી **જંત** = જંતુઓ, બારિક કીટાણુઓ **બહુ** = ઘણા **ઉપજે** = ઉત્પન્ન થાય છે **નામ** = આપવામાં આવતું નામ **ને** = અને **રૂપ** = સ્વરૂપ **તે** = તે **તાર પીછે** = ત્યાર પછી **પ્રસ સપ્રસ** = સ્પર્શા-સ્પર્શ, અરસપરસના સંયોગથી, અનુરક્ત આસક્તપણાથી **અનેક** = ઘણા **હોય** = થાય ઉત્પન્ન થાય **એકથી** = એકમાંથી **આગમ** = સૌથી પહેલા, આગળ, પ્રથમ **ઉપજે** = ઉત્પન્ન થાય **તેજ** = તેઓ **ઈશે** = મોટા ગણાય, મોર્ધન્ય કહેવાય.

### અનુવાદ

**પાણીના હીર રૂપ વિત્તથી અનેક જંતુઓ ઉત્પન્ન થાય છે. ત્યાર પછી તેમના રૂપ અને નામ હોય છે. અરસપરસ સંયોગથી અનેક ઘાટ ઉત્પન્ન થાય છે, પરંતુ સૌથી પ્રથમ જે ઘાટ ઉત્પન્ન થાય છે તે સૌથી મોટા કહેવાય છે.**

### ભાવાર્થ

પાણીના હીરરૂપ વિત્ત અને સૂર્યના પ્રકાશના સંજોગથી હેજના કારણે પાણીમાં અનેક પ્રકારના જીવજંતુઓ ઉત્પન્ન થાય છે વળી નાના મોટા અનેક ઘાટો જેમ કે: માછલી, દેડકાં, કાચબા, મગરની આદ્ય લઈ મહાકાય પ્રાણીઓ દરિયાના પાણીના હીરરૂપ વિત્તથી પોષણ મેળવીને વૃદ્ધિ પામે છે. આ સર્વ ઘાટો ઉત્પન્ન થયા પછી જ તેના સ્વરૂપના આપણે નામ આપીએ છીએ. આ ઉત્પન્ન થયેલા ઘાટના અરસપરસ સંયોગને કારણે તેની ઉત્પત્તિના નિયમ અનુસાર અનેક ઘાટો ઉત્પન્ન થાય છે. આ જ દૃષ્ટાંત અનુસાર બ્રહ્મભૂમિકામાં સર્જનહારની પાંચ વૃત્તિઓના સંયોગથી સમગ્ર વૈરાટની રચના અને તેમાં ૮૪ લાખ પ્રકારના સ્થાવર-જંગમ ઘાટોના અંકુરોની ઉત્પત્તિ થયેલી છે.

જે પરિપક્વ થતાં ઘાટો હલનચલન કરતા થયા. જેમાં ઉત્પત્તિના પ્રકારની દૃષ્ટિએ સ્વેદજ, જરાયુજ, ઈન્ડજ (અંડજ) અને ઉદ્‌બીજ (ઉદભિજ્જ) એમ ચાર ખાણો છે. આ પ્રમાણે અરસપરસ સંયોગથી ઉત્પત્તિના પ્રકાર મુજબ અનેક ઘાટો ઉત્પન્ન થતા જાય છે, પરંતુ જે ઘાટ સૌથી પ્રથમ ઉત્પન્ન થયા તે સૌથી મોટા કહેવાય છે. જેથી તેમનું મહત્ત્વ વિશેષ છે.

**નાંહી તો પુઠલ જો કદાચીકને, વકરતાં મકરધ્વજ હોય શ્રેષ્ઠા;**
**સર્વનું જીવન તોય તન માતરા, ભિન્ન વિચારતા ભારે ચેષ્ટા. ૩**

### શબ્દાર્થ

**નાંહીતો** = નહીંતર તો **પુઠલ** = પાછળથી, આગળ જતાં **જો** = જો **કદાચીકને** = કદાચ કોઈ કારણ વશાત **વકરતાં** = વિકૃતિ પામતાં, બહેકી જતાં, ઉગ્ર સ્વરૂપ પામતાં, **મકરધ્વજ** = સંયમમાં ન રહેતા, ન બદે તેવા, હુકમની અનાદર કરતાં, ગાંઠે નહીં તેવા, મોટાની મરજી વિરૂદ્ધ ચાલનાર, મર્યાદામાં ન રહેનાર **હોય** = થાય **શ્રેષ્ઠા** = મહાન, મોટા **સર્વનું જીવન** = બધાનું જીવન **તોય** = પાણી **તન માતરા** = દરેક ઘાટો માત્રનું **ભિન્ન** = જુદા **વિચારતા** = વિચાર કરીયે તો **ભારે** = વધારે પ્રમાણમાં, વિશેષ **ચેષ્ટા** = વર્તનનું મરોડ, તફાવત, વિવિધતા રૂપ દેખાય, આકારમાં, હિલચાલ, ચાલચલગત.

### અનુવાદ

**નહીંતર કદાચ પાછળથી કોઈ જીવ વકરી જાય તો તેવા વકરેલા જીવોની ગણતરી મોટામાં થાય છે. એમ છતાં સર્વ જીવો માત્રનું જીવન પાણી છે, પરંતુ અલગ અલગ વિચાર કરી જોતા દરેકના વર્તન જુદા જણાય છે.**

### ભાવાર્થ

દરિયાના પાણીમાં ઉત્પન્ન થયેલા પ્રત્યેક ઘાટો પોતપોતાની રીતે અરસપરસ સંયોગથી અનેક ઘણા ઉત્પન્ન થતા જાય છે, પરંતુ કોઈ કારણવસાત્ પાછળથી દરિયામાં મગર મચ્છાદિ પ્રાણીઓ વકરી જાય અને ઉગ્ર સ્વરૂપ પામતાં કોઈને ગાંઠતા નથી તેથી તેમની ગણતરી વકરાયેલા મોટા પ્રાણીઓમાં થાય છે દા.ત. વ્હેલ માછલી જેના સંસર્ગથી અન્ય જીવો

દૂર રહેવા માગતા હોય છે, પરંતુ દરિયાના નાના મોટા સર્વ જીવમાત્રનું જીવન તો પાણી જ છે. છતાં પણ દરેક ઘાટોનું અલગ અલગ રીતે નિરીક્ષણ કરવામાં આવે તો દરેક પ્રાણીઓની જીવન જીવવાની કળા તેમના વર્તન, ખોરાક અને આયુષ્ય વિગેરેમાં ભિન્નતા જણાય છે.

ઉપર્યુક્ત દૃષ્ટાંત મુજબ બ્રહ્માંડમાં પણ બ્રહ્મના હીરરૂપ વિત્તથી પરસ્પર સંયોગથી નાના મોટા (૮૪ લાખ પ્રકારનાં) અનેક ઘાટો ઉત્પન્ન થાય છે. સર્જનહારે સૃષ્ટિનાં પ્રારંભમાં જ્યોતિ સ્વરૂપ નિરંજન અને આદ્ય શક્તિના (અવ્યાકૃત શક્તિના) શરીર ઉત્પન્ન કર્યા ત્યારબાદ બન્નેના સંયોગથી ત્રણ ગુણઃ રજોગુણી બ્રહ્મા, સંતોગુણી વિષ્ણુ અને તમોગુણી શિવજી ઉત્પન્ન થયા જે સૃષ્ટિના પસારોના આદિ કારણરૂપ છે, પરંતુ વિશ્વના તમામ નાનાંમોટા જીવોનું જીવન બ્રહ્મ જ છે.

**બ્રહ્મ અપહીર થી જ્યોત શક્તિ તન, જક્ત પસરન કરન ત્રિગુણ આદ્યે;**
**જીવ ને કીટ-પતંગ ને શક્તિનું, જ્યોત નિરંજન ગુણ બ્રહ્મ સ્વાધે. ૪**

### શબ્દાર્થ

**બ્રહ્મ** = બ્રહ્મરૂપે **અપહીર થી** = પાણીના હીરથી **જ્યોત** = જ્યોતિ સ્વરૂપ નિરંજન **શક્તિ** = આદ્ય શક્તિ **તન** = શરીર, ઘાટ **જક્ત પસરન** = જગતનો પસારો **કરન** = કરવા માટે **ત્રિગુણ** = ત્રણ ગુણઃ રજો, સતો અને તમો **આદ્યે** = પ્રારંભમાં શરૂઆતમાં **જીવ** = જીવ, ઘાટો, શરીરમાં **ને** = અને **કીટ-પતંગ** = નાના કીટાણુ, પતંગિયાં **ને** = અને **શક્તિનું** = આદ્યશક્તિનું **જ્યોત નિરંજન** = જ્યોતિ સ્વરૂપ નિરંજનનું **ગુણ** = ત્રણ ગુણનું **બ્રહ્મ** = બ્રહ્મને **સ્વાધે** = આધીન છે, આધારે રહેલાં છે, જીવન છે.

### અનુવાદ

**જડ રૂપ બ્રહ્મના હીરથી પ્રારંભમાં જ્યોતિ સ્વરૂપ નિરંજન, આદ્યશક્તિ અને તેમનાથી ત્રણ ગુણના શરીર ઉત્પન્ન થયાં, જે જગતના પસારાના કારણ રૂપ છે. કીટ-પતંગની આદ્ય લઈને સર્વ જીવો, ત્રણ ગુણ, શક્તિ અને જ્યોતિસ્વરૂપ નિરંજન સર્વ બ્રહ્મને આધીન છે.**

## ભાવાર્થ

અગાઉના દૃષ્ટાંતને અનુરૂપ અહીંયા જડ રૂપ બ્રહ્મના હીરથી એટલે કે બ્રહ્મના વિત્તથી પોષણ પામીને બ્રહ્મમાં જ જ્યોતિ સ્વરૂપ નિરંજન અને આદ્યશક્તિનાં શરીર સર્જનહારે ઉત્પન્ન કર્યા છે. જે વિશેષ કોટિના તત્ત્વોવાળા શરીર છે વળી તે બન્નેના સંયોગથી ત્રણ ગુણ: રજો, તમો અને સતોના અધિષ્ઠાન દેવતાઓ, બ્રહ્માજી, શિવજી અને વિષ્ણુ સહિતના સર્વ શરીર જગતના પસારાના કારણરૂપે છે. આ સર્વ ઘાટો સૌ-પ્રથમ ઉત્પન્ન થયેલા હોવાથી તેઓને શ્રેષ્ઠ કહેવામાં આવે છે અને તેમનું મહત્ત્વ પણ વિશેષ છે. છતાં પણ નાનામાં નાના કીટ-પતંગની આદ્ય લઈ બ્રહ્મા, વિષ્ણુ, મહેશ, શક્તિ અને જ્યોતિ સ્વરૂપ નિરંજન સહિતના સર્વ જીવો માત્રની ઉત્પત્તિ એક જ બ્રહ્મમાંથી થયેલી છે. બ્રહ્મ જ સર્વના આધાર રૂપે છે તેમ સર્વ શરીરનું જીવન પણ બ્રહ્મ જ છે.

**ઈશ્વરતા મધ્યે વ્યાસની આદ્ય લઈ, વકરતાં મકરધ્વજનીજ પેરે;**
**કહે કુવેર જો સાર પ્રિછે નર, આત્મા એક નિજ સલંગ સેરે.૫**

### શબ્દાર્થ

**ઈશ્વરતા** = જેનામાં વિશેષ ઐશ્વર્યતાવાળા ગુણ છે તેવા મહાપુરુષો **મધ્યે** = પાછળથી, મધ્યમાં, વચ્ચેના ગાળામાં **વ્યાસની આદ્ય લઈ** = વ્યાસજીની આદ્ય લઈને **વકરતાં** = વકરી ગયેલા **મકરધ્વજ** = મોટા થઈને પુંજાતા **નીજ પેરે** = ની માફક **કહે કુવેર** = કુવેરસ્વામી કહે છે કે **જો** = જો **સાર** = મર્મ, રહસ્ય સારાંશ, તત્ત્વ **પ્રિછે** = ઓળખે, જાણે, તપાસે **નર** = સર્વ માનવામાં **આત્મા** = આત્મા, પ્રણવ **એક નિજ** = પોતે, એક જ **સલંગ** = સળંગ **સેરે** = સુત્રવત.

## અનુવાદ

**વચ્ચેના ગાળામાં થયેલા વ્યાસજીની આદ્ય લઈને સર્વ ઐશ્વર્યવાન પુરુષો વકરેલા મકરધ્વજની માફક મોટા થઈને પૂજાય છે. કુવેરસ્વામી કહે છે કે એ માનવો તેની પાછળના રહસ્યને તપાસે તો જણાય કે સર્વમાં આત્મા પોતે એક જ સળંગ સુત્રવત રહેલો છે.**

## ભાવાર્થ

વચ્ચેના ગાળામાં એટલે કે, મધ્યયુગમાં થઈ ગયેલા વ્યાસજી કે જેમણે અઢાર પુરાણોની રચના કરીને દરેક પુરાણોમાં અલગ અલગ પાત્રોને વિશેષ દર્શાવ્યા છે. ઐશ્વર્યતાનાં દર્શન થયાં તેવા મહાપુરુષોનું એવું તો મહાન (શ્રેષ્ઠ) આલેખન કર્યુ છે કે અંતમાં તેઓ પોતે પોતાની ભુલથી દ્વિધામાં પડી ગયા હતા, પરંતુ વ્યાસજીએ ચિતરેલા બધા ઈશ્વરો આજે પણ વકરેલા મકરધ્વજની માફક પૂજાય છે. કુવરેસ્વામી કહે છે કે જો સર્વ માનવદેહના રહસ્યને તપાસીએ તો જણાય કે જડ શરીરમાં ચૈતન અંશની ચેતનતાના માધ્યમ રૂપે આત્મારૂપી પ્રણવ છે કે જે દરેક શરીરનું જીવન છે. તે પ્રણવના ત્રણ ઘટકોઃ અવિકાસ, વિકાસ અને કુંભસ્થ એ આખા શરીરમાં પહોંચતી ચેતનતાના આધારરૂપ મૂળ તત્ત્વો છે. જેના માધ્યમથી રેચક-પ્રેરકની ક્રિયા દરેક શરીરમાં એક સળંગ સુત્રવત્ ચાલ્યા કરે છે.

## (સાખી)

**પ્રથક બુધ્યને પરહરી, એક આતમ સમ જોય;**
**દ્વૈત ભાવ દૂરી કરો, તો આન્ય ન દ્વિતીયો કોય. ૯**

### શબ્દાર્થ

**પ્રથક** = જુદી, જુદી રીતે, છુટું છુટું, જુદું અલગ **બુધ્યને** = સમજીને, વિચારીને **પરહરી** = છોડીને દૂર કરીને **એક** = એક **આતમ** = આત્માની દષ્ટિએ **સમ** = જેમ, તેવી **જોય** = જો નિરખવું નિહાળવું જોવું **દ્વૈત ભાવ** = અલગતાનો ભાવ, અલગતાપણું **દૂરી કરો** = છોડી દો **તો** = તો **આન્ય** = બીજો **ન** = નહીં નથી **દ્વિતીયો કોય** = બીજો કોઈ, અન્ય કોઈ.

## અનુવાદ

**અલગ અલગ બુદ્ધિથી જોવાનું છોડી દઈ સૌમાં એક જ સરખો આત્મા છે તેમ નિહાળો. તેમજ દ્વૈત ભાવ દૂર કરશો તો સમજાશે કે શરીરમાં બીજો કોઈ છે જ નહીં.**

## ભાવાર્થ

સમસ્ત વિશ્વમાં ઘાટોની ભિન્નતા જોતાં સર્જનહારે વિધવિધતા ભર્યા તત્ત્વો

મેળવીને અલગ અલગ શરીરની રચના કરી છે તેમ જણાય છે, પરંતુ તે નાશવંત ઘાટો ને ચેતન કરનાર ચૈતન અંશ દરેકમાં એક જ સરખો છે. માટે અલગ અલગ તત્ત્વોની ભિન્નતાની દષ્ટિથી શરીરનું નિરીક્ષણ કરવાની જરૂર નથી, પરંતુ તેમાં રહેલા ચૈતન અંશની દષ્ટિએ જોતાં દરેક ઘાટોમાં એક જ સરખો ચૈતન અંશ છે. આ રીતે એક જ આત્મભાવથી જોઈશું તો દ્વૈત ભાવ નષ્ટ થશે અને આપણું સાચું શુદ્ધ ચૈતન અંશ સ્વરૂપ છે, તેમ જણાશે. સર્વ ઘાટોમાં માત્ર, ચૈતન અંશ સિવાય અન્ય કોઈ છે જ નહીં તેમ આપણને જણાશે. એક જ આત્મા રૂપ પ્રણવ આખા શરીરના ચેતનતાના આધાર રૂપે છે અને શરીરના જીવન રૂપે છે તેમ પ્રતીત થાય છે.

**ઘાટે સ્થૂળ સુક્ષમ ને, સામ્રથ ભેદ અપાર;**
**સાંગ્ય તોપ તુરવાર છુરી, એક લોહા ભિન્ન માર. ૭**

### શબ્દાર્થ

**ઘાટે** = શરીરથી, ઘાટની દષ્ટિએ **સ્થૂળ** = સ્થૂળ દેહ પાંચ તત્ત્વોવાળો દશ્યમાન શરીર **સૂક્ષ્મ** = દશ્યમાન ન થાય તેવા સૂક્ષ્મ **ને** = અને **સામ્રથ** = સામ્રર્થતાવાળા **ભેદ** = તફાવત **અપાર** = ઘણા છે **સાંગ્ય** = (સાંગ) **તોપ** = તોપ **તુરવાર** = તલવાર **છુરી** = છરી **એક લોહા** = લોખંડ એક જ છે **ભિન્ન** = જુદા જુદા **માર** = પ્રહાર, શક્તિ, મારવાની શક્તિ.

### અનુવાદ

**જેવી રીતે સાંગ, તોપ, તલવાર અને છરીએ બધાંને જોતાં એક જ લોખંડ છે. છતાં મારની શક્તિ જુદી જુદી છે. તેવી જ રીતે સ્થૂળ-સૂક્ષ્મમાં સામર્થ્યતાવાળા અપાર ભેદ જણાય છે.**

### ભાવાર્થ

અહીં દષ્ટાંત સ્વરૂપે સમજાવવામાં આવ્યું છે કે જેમ સુરંગ (સાંગ) તોપ, તલવાર અને છરી બધા શસ્ત્રો અલગ અલગ દશ્યમાન થાય છે, પરંતુ મૂળ ધાતુની દષ્ટિએ વિચારીયે તો દરેક શસ્ત્રો એક જ લોખંડમાંથી બનાવવામાં આવેલા છે. છતાં પણ તેની પ્રહાર શક્તિ એટલે કે અન્યને મારવાની શક્તિ

જુદી-જુદી છે. તે જ ન્યાયે વિશ્વમાં પણ સામાન્ય ગણાતા સ્થૂળ, સૂક્ષ્મ અને વિશેષ સામર્થ્યતાવાળા કારણ, મહાકારણ અને પરમકારણદેહવાળા ઘણા શરીર છે. જે એક જ સર્જનહારના શુદ્ધ સંકલ્પથી એક જ બ્રહ્મભૂમિકામાં ઉત્પન્ન થઈને પોષણ પામેલા છે, પરંતુ સ્થૂળદેહની સામર્થતા કરતાં સૂક્ષ્મદેહની સામર્થતા વિશેષ છે. સૂક્ષ્મદેહ કરતાં કારણદેહની સામર્થતા વિશેષ છે અને કારણદેહ કરતાં મહાકારણ દેહની સામર્થતા વિશેષ છે અને મહાકારણ દેહ કરતાં પરમકારણદેહની સર્વથી શ્રેષ્ઠ સામર્થતા અને સર્વોપરીતા રહેલી છે. આ સામર્થતાનો ભેદ એ તત્ત્વોની અધિક નૂન્ય મેળવણી ને આધારિત છે, પરંતુ છેવટે તો એ સર્વ ઘાટો નાશવંત તત્ત્વોમાંથી જ બનાવેલા છે.

# અંગ ૧૨
# અદબદ બ્રહ્મ અનુક્રમ સમજ સિદ્ધાંત નરણેકો

**અદબદ બ્રહ્મ અનુક્રમનો મર્મ એ, સર્મ નહીં સ્વેથકી ઉપજ યેસે;**
**પંડ પરપંચના રેચની રમત સહુ, શું કહુ કર્મ ન્હેઃ કર્મ ધરસે. ૧**

### શબ્દાર્થ

**અદબદ** = મોંઘમ, અનિશ્ચિત, અદ્‌ભુત, અલૌકિક, જેમ છે તેમ **બ્રહ્મ** = બ્રહ્મ, સર્જનહારનો પ્રકાશ **અનુક્રમનો** = ક્રમાનુસારનો **મર્મ** = મર્મ, રહસ્ય **એ** = એ **સર્મ** = શ્રમ, પરિશ્રમ, મહેનત **નહીં** = નથી **સ્વેથકી** = પોતાની જાતે, પોતાના થકી **ઉપજ** = ઉત્પત્તિ **યેસે** = એ પ્રમાણે **પંડ** = ઘાટ, શરીર **પરપંચના** = દુનિયાની જંજાળ, સાંસારિક માયા, સંસારની ખટપટ, વિસ્તાર, એકમાંથી ઉત્તરોત્તર અનેક થવાનો ક્રમ **રેચની** = હેજ થકી, ભેજ, હિરણ્યગર્ભ શક્તિની **રમત સહુ** = સર્વ રમત છે **શું કહું** = શું કહું **કર્મ** = કર્તવ્ય, કાર્ય **ન્હેઃ કર્મ** = કર્મથી રહિત કોઈ પણ પ્રકારના કર્મ સિવાયનું **ધરસે** = ધારણ કરેલ, શરૂઆતથી, આરંભથી, પ્રમાણભૂત પણે.

### અનુવાદ

**અદબદ બ્રહ્મમાં થયેલ ઉત્પત્તિના મર્મ એ છે કે તેના પોતાના પરિશ્રમ સિવાય જ ઉત્પત્તિ થઈ છે. બ્રહ્મના હિરણ્યગર્ભ હેજથી પ્રપંચવાળા શરીરની રચના એ સર્વ રમત છે તેથી બ્રહ્મ જ કર્મ સિવાયનું ન્હે કર્મી છે તો તેના વિશે હું શું કહું ?**

### ભાવાર્થ

બ્રહ્મ એ સર્જનહારની પ્રકાશ બ્રહ્મવૃત્તિથી પથરાયેલો સચરાચર વ્યાપક પ્રકાશ છે. જ્યાં સુધી આ પ્રકાશનો ફેલાવો છે ત્યાં સુધી સર્જનહારની સર્વ રચના પ્રસરેલી છે; જેને બ્રહ્માંડ કહેવામાં આવે છે. આ પ્રકાશ રૂપી બ્રહ્મ એ જેમ છે તેમ એક જ સ્થિતિમાં વ્યાપેલું છે જેના હિરણ્યગર્ભ હેજ થકી જ સર્જનહારે જે જે રચના રચી છે તેનુ પોષણ અને સંવર્ધન થયા કરે છે. તેમાં બ્રહ્મને કોઈ પણ પ્રકારનો શ્રમ કરવો પડતો નથી. સર્જનહારે જે કોઈ અંકુરોમાં જે જે તત્ત્વોની પોંખણી

(મેળવણી) કરી છે, તે મુજબ તેનો પ્રવાહ અવિરત ચાલ્યા કરે છે. બ્રહ્માંડમાં વિરાટ અને વિધવિધ પ્રકારના ઘાટોના સંવર્ધન - પસારોની જે કોઈ રમત દેખાય છે, તેના કર્તા હર્તા સર્જનહાર પોતે છે. બ્રહ્મ તો પોતે કોઈ પણ પ્રકારના કર્મ સિવાયનું ન્હેઃ કર્મી છે. જે એક ઉત્પત્તિના ક્ષેત્ર (ખેતર) તરીકે ભૂમિકા ભજવે છે આમ બ્રહ્મભૂમિકામાં જે કાંઈ રચના ફુલી ફાલી અને સતત પ્રવાહિત થઈ રહી છે તેમાં સર્જનહારની જ કરામત છે, પરંતુ બ્રહ્મને તેમાં કોઈ પણ પ્રકારનો શ્રમ કરવો પડતો નથી. તેથી તેના કર્મ અંગે કશું જ કહી શકાય તેમ નથી.

**અવિગત મૂલ અનુકુલ એકતાઈ હે, પંચીકરણ ગુણ રમત માંહાકી;**
**એક તાંહા આન્ય કાંહા છોડ દુરમતી ચાહા, જુગલતા ભાવ દે દાવનાકી. ૨**

### શબ્દાર્થ

**અવિગત** = જેની વિગત જાણવામાં આવી શકે તેમ નથી તેવું પદ, કર્તાપદ **મૂલ** = કારણરૂપ પ્રથમ પુરાણું **અનુકુલ** = દયાળુ, કૃપાળુ, રુચતું **એકતાઈ** = ની સાથે એકતાવાળુ, સંબંધ ધરાવતું **હે** = છે **પંચીકરણ** = સૃષ્ટિના વિકાસમાં થયેલુ પાંચ મહાભૂતોનું વિશિષ્ટ પ્રકારથી મિશ્રણ, તત્ત્વોનું એકીકરણ **ગુણ** = ગુણ રજોગુણ, તમોગુણ, સતોગુણ વિવિધ તત્ત્વોમાં રહેલા ગુણ **રમત** = કરામત **માંહાકી** = અંદરની, તેમાં, માંય, મધ્ય, માંનું **એક તાંહા** = એક હોય ત્યાં **આન્ય કાંહા** = શા માટે, બીજાને **છોડ** = છોડી, તરછોડી, ત્યજીને, પડી મૂકીને **દુરમતી** = દુબુદ્ધિ, અવળી બુદ્ધિ, ખોટી સમજ, કુબુદ્ધિ **ચાહા** = ચાહના, અનુરાગ, પસંદગી, આતુરતા, ભાવ, હેત **જુગલતા ભાવ** = દ્વૈત ભાવ, જુદાપણાની વૃત્તિ, અસ્તિત્વ, દ્વૈત પ્રત્યે આસ્થા **દે દાવનાકી** = સ્વરૂપ પ્રત્યેના લાગી શકે, દેદાર પ્રત્યે લગાડી ન શકાય.

### અનુવાદ

**બ્રહ્મની એકતા તેના કારણ રૂપ કર્તા પદ સાથેની છે તેમજ ગુણના તત્ત્વોના મિશ્રણની કરામત જે છે તે પણ તે પદમાં જ સમાયેલી છે. કુબુદ્ધિથી અદ્વૈત ભાવે અનુરાગ રાખો છો તો પછી દ્વૈત ભાવના સ્વરૂપ પ્રત્યે ભાવ લાગી શકે નહીં.**

### ભાવાર્થ

બ્રહ્મના કારણ રૂપે કર્તાપદ છે માટે તે બ્રહ્મની એકતા તે પદ સાથે રહેલી છે.

તેમજ બ્રહ્મમાં જે સૃષ્ટિના વિકાસ માટે થયેલ તત્ત્વોનું વિશિષ્ટ પ્રકારનું મિશ્રણ અને ગુણવાળા તત્ત્વોનું એકીકરણ તો સર્જનહારની પોતાની રૂચતી કરામત છે. વળી તે રચના બ્રહ્મની અંદર જ સમાયેલી છે. તો પછી બ્રહ્મને અદ્વૈત ભાવે સમજવામાં માત્ર ખોટી સમજ રહેલી છે, પરંતુ હકીકત ને જોતાં અલગ પદ એવા બ્રહ્મ અને તેના કારણરૂપ કર્તા એમ દ્વૈત સ્વરૂપ પ્રત્યે ચાહના રાખવી જોઈએ, પરંતુ તે અદ્વૈત ભાવને લીધે ભાવના લાગી શકતી નથી.

કાર્ય સ્વરૂપે બ્રહ્મ અને કારણ રૂપે સર્જનહારએ બન્ને પદોનું અસ્તિત્વ છે, પરંતુ જો માત્ર બ્રહ્મ જ સર્વસ્વ છે અને બ્રહ્મ સિવાય અન્ય કોઈ જ નથી તેવા અદ્વૈત ભાવમાં અલગતા પણ સંભવી શકતી નથી. એટલે હું અને બ્રહ્મ એ બે જુદા ન પડે તેમજ બ્રહ્મ અને કર્તાપદ પણ જૂદું ન પડે, માટે તે માન્યતા છોડવી જરૂરી છે.

**બ્રહ્મ જગદીશ ધે ધીશનો ઈશકો, એક વ્યાપી રહ્યો આદ્ય અંત;**
**ભાતમે ભરમીયા કાલ ભયે કરમીયા, સરલ સમજી સમ્યા વિરલ સંત. ૩**

### શબ્દાર્થ

**બ્રહ્મ** = સચરાચર વ્યાપક સર્જનહારનો પ્રકાશ બ્રહ્મ **જગદીશ** = જગતનો ઈશ્વર છે **ધે** = તે **ધીશનો** = ઈશ્વરનો **ઈશ** = ઈશ્વર **કો** = કોઈ, જુદો છે **એક** = એક, પોતે એકલા જ **વ્યાપી રહ્યો** = વ્યાપક થઈને રહ્યા છે **આદ્ય** = શરૂઆતથી કે **અંત** = અંત સુધી **ભાતમે** = પદાર્થોમાં, રચનામાં **ભરમીયા** = ભરમાઈ ગયા છો **કાલ** = કાળના **ભયે** = ભયથી **કરમીયા** = કર્મ બંધનમાં કરમાઈ ગયા છે, વિલાઈ જવું **સરલ** = સરળ સીધી, વાતને **સમજી સમ્યા** = સમજી શક્યા, જ્ઞાન પ્રાપ્ત કરી શક્યા **વિરલ સંત** = કોઈ વિરલા સંત પુરુષો.

### અનુવાદ

**બ્રહ્મ જગતનો ઈશ્વર છે તો તે ઈશ્વરનો પણ કોઈ જુદો ઈશ્વર હોઈ શકે છે. જે આદિ અને અંતમાં વ્યાપક થઈને રહ્યા છે. આ સમજને કોઈ વિરલા સંત સમજી શકે. નહીં તો બાકીના બધા રચનામાં જ ભરમાઈને કાળના પાસમાં વિલાઈ જવાના.**

## ભાવાર્થ

બ્રહ્મજ્ઞાની, બ્રહ્મવેત્તા તેમજ બ્રહ્મદર્શી મહાપુરુષો બ્રહ્મને જ ઈશ્વર માનીને બેઠા છે, પરંતુ તે ઈશ્વરના પણ ઈશ્વર – કર્તા છે, જેની સત્તા સર્વવ્યાપક રહેલી છે. આદિથી અંત સુધી તેમનું જ સ્વરાજ છે, પરંતુ જેના ચહાવ સર્જનહારની રચનાના, પદાર્થોમાં છે અને તેમાં જ ભરાઈ ગયેલા છે. તેવી વિચારધારા ધરાવતા સર્વકાળના ભયથી તેના બંધનમાં બંધાઈને જન્મ-મરણના ચકરાવામાં પીલાતા રહેવાના, પરંતુ સાચી સમજ તો જેણે તે પરમપદનો લક્ષ પ્રાપ્ત કર્યા છે તેવા વિરલા સંત પુરુષો જ સમજી શકે છે. અને તેવા જ્ઞાનીજનો એ જ પરમપદમાં પોતાની વૃત્તિને વિરામ પમાડી છે - વિરામ પામ્યા છે.

**આપમે આપ સમાપ સ્વાંતિ ભઈ, ના ગઈ સુરત શિરભાર દેવા;**
**પિંડ બ્રહ્માંડકી બીચ ઘર સ્વર સદ, તે મધ્યે દરસ તુ અરસ દેવા. ૪**

### શબ્દાર્થ

**આપમે આપ** = પોતાના જ સ્વરૂપને **સમાપ** = સમજીને, સમાવીને **સ્વાંતિ ભઈ** = શાંતિ થાય **ના ગઈ** = પરંતુ ગઈ નહીં, વિચાર્યું નહીં **સુરત** = સ્વરૂપને **શિરભાર** = પોતાના શિર ઉપરના કોઈ ઈષ્ટ ભાવ **દેવા** = દેવાધિ દેવ **પિંડ** = શરીર **બ્રહ્માંડ** = બ્રહ્માંડે **કી** = ની **બીચ** = મધ્યે, વચ્ચે **ઘર** = રહેઠાણ **સ્વર** = પ્રાણાયામ, **સ્વર સદ** = ઠેકાણું કર્તા **તે મધ્યે** = તેની મધ્યમાં, તેમાં **દરસ** = દશ્યમાન, ઓળખકર, જો **તુ** = તુ **અરસ** = અંતરિક્ષમાં **દેવા** = દેવાધિદેવ

## અનુવાદ

**પોતાના સ્વરૂપમાં જ જેણે શાંતિ પ્રાપ્ત કરી છે તેવાની સુરતા જે દેવાધિદેવ છે તેવા પોતાના ઈષ્ટ પર ગઈ નહીં. પિંડ અને બ્રહ્માંડની મધ્યે, સ્વરના કર્તાનો નિવાસ છે તેમ અંતરિક્ષની મધ્યમાં બિરાજમાન દેવાધી દેવને તું ઓળખ.**

## ભાવાર્થ

જે મહાપુરુષો પોતે જ બ્રહ્મ સ્વરૂપે છે અથવા તો પોતાનું સ્વરૂપ એજ બ્રહ્મસ્વરૂપ છે. તેવું માની બેઠેલા શાંતિથી પોતાના સ્વરૂપમાં જ લીન થઈને

પરમાનંદ ભોગવે છે. તેમની સુરતા તેથી આગળ જે દેવાધિદેવ (માલિક) એવા ઈષ્ટનું પરમપદ કે જે બ્રહ્મથી પરે રહેલું છે તેમાં ગઈ નહીં. જેમ પિંડ અને બ્રહ્માંડની સંધિ મધ્યે રહેલા અંશની દૃષ્ટિ પ્રાણાયામની ઉપર છે તેમ બ્રહ્માંડમાં પણ બ્રહ્મની મધ્યે રહેલા અંશી છે, તેવી સમજ પ્રાપ્ત ન થઈ. અંતરિક્ષમાં ચૌદ તબક જેની આગળ અને ચૌદ તબક જેની પાછળ છે તેની મધ્યમાં સર્જનહારનું ધામ બ્રહ્મની મધ્યે આવેલું છે. જ્યાં કર્તા પોતે બિરાજમાન છે તેવા સર્જનહારને કોઈએ ઓળખ્યા નથી.

**છોડ દે ભરમના કાલ ભયે કરમના, ધરમના દૂત ભયે ભૂત તાકુ;**
**કહે કુવેર અનુકર્મ અદ્વૈતમે, દ્વૈત વિનહીં જમ ડરપ કાકુ. ૫**

### શબ્દાર્થ

**છોડ દે** = છોડી દે, ત્યજી દે **ભરમના** = ભ્રમણા ભરેલી વૃત્તિને, ભ્રમણાઓને **કાલ ભયે** = નાશવંત કાળ થઈને રહે છે, વિનાશ કરે છે **કરમના** = કર્મોને **ધરમના દુત** = ધર્મરાજાના દુતો **ભયે** = થયા, ભય, ડર, દર્શાવશે, થઈને **ભૂત** = ભૂત પ્રેતાત્મા **તાકુ** = તેને, તમોને આપશે **કહે કુવેર** = કુવેરસ્વામી કહે છે કે **અનુકર્મ** = ક્રમાનુસાર કર્મથી **અદ્વૈત મે** = બ્રહ્મમાં, એકલાપણામાં, એકત્વતામાં **દ્વૈત** = અલગતાપણું, જુદા-બે પણું **વિનહીં** = વિના **જમ** = યમ રાજાના **ડરપ** = ડર, ભય **કાકુ** = કોને ?

### અનુવાદ

**હે બ્રહ્મજ્ઞાનીઓ, નાશવંત કર્મોની ભ્રમણાઓને ત્યજશો નહીં તો ધર્મરાજાના દુતો તમને ભૂતની માફક ભય આપશે. કુવેરસ્વામી કહે છે કે અદ્વૈત બ્રહ્મતો ન્હેઃ કર્મી અને દ્વૈતભાવ વિનાનું જ છે, તો પછી યમરાજાથી ડરવાનું કોને ?**

### ભાવાર્થ

જ્યાં સુધી ઘાટોને નાશવંત પદાર્થો પ્રાપ્ત કરવાની ઈચ્છા મટશે નહીં ત્યાં સુધી તેને મેળવવા કર્મોની રેંટમાળા ચાલુ જ રહેવાની. આથી ભ્રમણાયુક્ત કર્મોના

ફળ ભોગવવાના સ્વરૂપે કાળનો ભય રહેવાનો જેથી અંત સમયે ધર્મરાજાના દુત ભૂત પ્રેતાત્માની માફક ભય આપશે. કુવેરસ્વામી કહે છે કે જેઓ બ્રહ્મસિદ્ધાન્તમાં જ માને છે એવા જ્ઞાનીજનોની માન્યતા મુજબ કર્મોથી રહિત એવા ન્હેઃ કર્મી અદ્વૈત બ્રહ્મમાં અન્ય બીજો કોઈ જ નથી. એટલે કે, બ્રહ્મ દ્વૈત ભાવ વિનાનું જ છે, તો પછી યમરાજાથી ડરવાનું કોને ?

**(સાખી)**

**ઉગ્ર દષ્ટિ અદ્‌ભુત ભઈ, ગઈ ગમત ગુણ ઘાત;**
**સ્વયં પ્રભુ સામ્રથ અતિ, ગતિ અનુભવ સાક્ષાત. ૬**

**શબ્દાર્થ**

**ઉગ્ર** = ઊંચી, વિશેષ, ઉત્કૃષ્ટ **દષ્ટિ** = સમજ, જ્ઞાન **અદ્‌ભુત** = અલૌકિક, આશ્ચર્યકારક **ભઈ** = થઈ **ગઈ** = દૂર થઈ **ગમત** = ખેલ, તમાશો આનંદ **ગુણ** = ગુણની બ્રહ્મા, વિષ્ણુ, મહેશ **ઘાત** = અણધારી આફત, પ્રહાર, ભય, વિઘ્ન, નડતર, જાળ **સ્વયં** = પોતે **પ્રભૂ** = માલિક, સ્વામી **સામ્રથ** = સમર્થવાન, સમર્થ **અતિ** = ઘણા **ગતિ** = ગતિ, સમજ **અનુભવ** = પ્રત્યક્ષજ્ઞાન, અભ્યાસ, સમજ **સાક્ષાત** = નજરો નજર, સન્મુખ, પ્રત્યક્ષ, હાજરાહજૂર, રૂબરૂ.

**અનુવાદ**

**અલૌકિક વિશેષ જ્ઞાન દષ્ટિ થતાં ત્રણ ગુણના આનંદની જંજાળ છૂટી જાય છે અને સ્વયં માલિકની મહાન સામર્થ્યતાની ગતિનો સાક્ષાત અનુભવ થાય છે.**

**ભાવાર્થ**

વિશ્વમાં ઘણા લાંબા સમયના પ્રયત્ન પછી ભક્ત સાચા અને સમર્થ ગુરુના શરણે જાય તો અલૌકિક વિશેષ જ્ઞાન દષ્ટિ જરૂર પ્રાપ્ત થાય છે. જેથી બ્રહ્મા-વિષ્ણુ અને મહાદેવ જેવા મહાન ગુણધારીની પ્રેમલક્ષણા ભક્તિના આનંદની જંજાળ પણ છૂટી જાય છે અને નાશવંત ભૌતિક સુખો પ્રત્યે અરૂચિ પેદા થાય છે ત્યારે પોતાના સાચા ચૈતન સ્વરૂપની સમજ પ્રાપ્ત થતાં પોતાના સ્વરૂપની અને સ્વયં માલિક એવા સાચા સર્જનહારની મહાન સામર્થ્યતાની ગતિનો સાક્ષાત અનુભવ થાય છે.

**સેજ ઉપજ ઘર અગમકી, સુગમ સહિત સંસાર;**
**કુવેરા કરતવ સબે, કીન શિર દીયે સકાર. ૭**

### શબ્દાર્થ

**સેજ** = સહજ રીતે **ઉપજ** = ઉત્પત્તિ **ઘર અગમકી** = અગમ ઘરની, ઈશ્વરીય ધામોથી **સુગમ** = સરળતાથી, સમજી શકાય તેવા વિશ્વ-વિરાટ **સહિત** = સહિત **સંસાર** = સમગ્ર સ્થાવર-જંગમ ઘાટો સહિત સર્વ રચના **કુવેરા** = કુવેરસ્વામી **કરતવ** = રચના **સબે** = બધી, સર્વ **કીન** = કોના **શિર** = માથે, શિર ઉપર **દીયે** = દેવો **સકાર** = વખાણ કરવા જેવું તત્ત્વ, આવડત, સૂઝ, રચનાના કાર્ય, કર્તા, સકર્તાનો તાજ.

### અનુવાદ

**સરળતાથી સમજી શકાય તેવા વૈરાટ, ઈશ્વરીય ધામો, સ્થાવર-જંગમ ઘાટો સહિતની સર્વ રચના સહજ રીતે ઉત્પન્ન થઈ હોય તો કુવેરસ્વામી કહે છે કે આ સર્વ રચનાના કરનાર તરીકે કોના શિર ઉપર તાજ મૂકવો ?**

### ભાવાર્થ

બ્રહ્મ તો અકર્તા છે તેમજ તેનામાં કોઈ કર્તૃત્વ શક્તિ નથી, પરંતુ બ્રહ્મજ્ઞાનીઓના મત મુજબ જે તે પ્રત્યક્ષ નિહાળી શકાય તેવી વૈરાટની રચના અને અંતરિક્ષમાં આવેલા સર્વ દૈવી ધામો અને દેવતાઓ તેમજ સ્થાવર-જંગમ સહિતના સર્વ ઘાટોની ઉત્પત્તિ સહજાસહજ (આપોઆપ) બ્રહ્મમાંથી થયેલી છે. માટે કુવેરસ્વામી તેના અંગે આશ્ચર્યતા અનુભવતાં કહે છે કે આવી મહાન રચના સહજાસહજ કેવી રીતે ઉત્પન્ન થઈ હોય ? માટે રચયિતા કોઈ સમર્થ ચૈતન શક્તિ છે જે બ્રહ્મથી પરે છે. કોઈ પણ રચના તેના રચનાર વગર અશક્ય છે. માટે સર્વ રચનાના કોઈ કર્તા જરૂર છે. કુવેરસ્વામી કહે છે કે આ સર્વ રચનાના કરનાર તરીકેનો તાજ કોના શિર ઉપર મુકવો ?

# અંગ ૧૩
# સકર્તા સિદ્ધાંત નર્ણૅકો

**એહી અનુસાર સિદ્ધાંત વેદાન્તનું, વ્યાપક બ્રહ્મનો લક્ષ નેતિ;**
**પિંડ બ્રહ્માંડનો એકતા અનુભવ, આતમ પુની પરમાત સેતી. ૧**

### શબ્દાર્થ

**એહી અનુસાર** = એ પ્રમાણે **સિદ્ધાંત** = પોતાના વિચારને સિદ્ધ કરવા માટેનો મત **વેદાન્તનું** = બ્રહ્મા દ્વારા રચાયેલ ચાર વેદોનું **વ્યાપક બ્રહ્મનો** = સચરાચર વ્યાપક બ્રહ્મનો **લક્ષ** = લક્ષ, અંતિમ ધ્યેય **નેતિ** = નેતિ, ન ઈતિ, જેનો કોઈ છેડો નથી તેવું, અંત વગરનું **પિંડ** = શરીર, ઘાટ **બ્રહ્માંડનો** = બ્રહ્મમાં ઉત્પત્તિ પામેલ સર્વ રચનાનું ઘટક **એકતા** = એકપણુ, ઐક્ય, સજાતીયતા **અનુભવ** = પ્રત્યક્ષજ્ઞાન, સમજણ શક્તિ, પરિણામ **આતમ** = આત્મા, અંશ **પુની** = વળી, અને, પણ **પરમાત** = પારકી માતાની જેમ, પરાઈ માતની જેમ **સેતી** = રહેલો છે.

### અનુવાદ

**એ પ્રમાણે વેદાંતનો સિદ્ધાંત છે કે જેને વ્યાપક બ્રહ્મ માટે નેતિ પોકારી છે. પિંડ અને બ્રહ્માંડની એકતાના પરિણામે જોતાં અંશ પણ, પરાઈ માતાની જેમ રહેલો છે.**

### ભાવાર્થ

અગાઉના અંગ ૧૨ માં દર્શાવ્યા મુજબ બ્રહ્મ અંગેની જે સમજ છે તે બ્રહ્મા દ્વારા રચિત ચાર વેદો તથા શાસ્ત્રના સિદ્ધાંત અનુસાર દર્શાવેલ છે. જેમાં સચરાચર વ્યાપક બ્રહ્મ માટે “નેતિ” જેનો કોઈ છેડો જ નથી તેમ પ્રતિપ્રાદિત કરવામાં આવ્યું છે. એટલે કે, બ્રહ્માજી સચરાચર બ્રહ્મ અને તેના પર રહેલા પરમપદ અંગે પૂરેપૂરો તાગ મેળવી શક્યા નહીં. છેવટે તેમને અનુમાનિત કરીને તે પદ માટે નેતિ કહીને તે અંગેની શોધ અટકાવી દીધી. પિંડ અને બ્રહ્માંડની સજાતિય પણાની એક્તા છે તે ચોક્કસ પણે કહી શકાય, પરંતુ તેને ચલાવવાવાળો અંશ તો પારકી માતાની જેમ નાતો ધરાવતો અલગ છે. જેથી

પિંડ કે બ્રહ્માંડ સાથે અંશની સરખામણી કરી શકાય નહીં કે ઐક્યતાપણુ પણ કહી શકાય નહીં.

**નિજપતિ પરમ કૈવલ કુલ યાહી પર, બ્રહ્મ અક્તનો કારન કરતા;**
**અગણિત અંશ ઉદ્યોત અધિપત પતિ, અખિલ અનુકરમનો મરમ ધરતા. ૨**

### શબ્દાર્થ

**નિજ પતિ** = મૂળ ધણી **પરમ** = શ્રેષ્ઠ, મહાન **કૈવલ** = કૈવલકર્તા, અંશના સજાતિય અંશી **કુલ** = કુળ, વંશ, સર્વના **યાહી પર** = તેના ઉપર, અતીત **બ્રહ્મ** = સચરાચર વ્યાપક બ્રહ્મ **અક્તનો** = અકર્તાનો, જેમાં કોઈ કર્તુત્વ શક્તિ નથી તેવું **કારન** = કરનાર, ઉત્પત્તિનું મૂળ, ઉપજાવનાર **કરતા** = કર્તા, સર્જનહાર **અગણિત** = જેની ગણતરી ન થઈ શકે તેટલા, અસંખ્ય **અંશ** = શરીરને ચેતન રાખવાવાળું ચૈતન શક્તિ **ઉદ્યોત** = ઉત્પન્ન કરનાર **અધિપત પતિ** = જેના પ્રત્યે પૂર્ણ અધિકાર છે તેવા, સર્વોપરી માલિક, સ્વામિત્વ **અખિલ** = આખુ, સમસ્ત, સમગ્ર **અનુકરમનો** = ક્રમાનુસાર ઉત્પત્તિનો **મરમ** = રહસ્ય, મર્મ **ધરતા** = ધારણ કરતા.

### અનુવાદ

**બ્રહ્મથી પરે રહેલા મૂળ ધણી શ્રેષ્ઠ કૈવલ છે. તે અક્ત બ્રહ્મના કારણરૂપ કર્તા છે અને અગણિત અંશોના ઉત્પન્ન કરનાર સર્વોપરી સ્વામી હોઈ સમગ્ર ક્રમાનુસાર ઉત્પત્તિના મર્મને ધારણ કરનાર છે.**

### ભાવાર્થ

સચરાચર વ્યાપક અકર્તા બ્રહ્મથી પર રહેલા મૂળ માલિક એવા શ્રેષ્ઠ કૈવલ પુરુષ સર્વના સર્જનહાર છે. તેમની જ છ વૃત્તિઓ પૈકીની પ્રથમ "પ્રકાશ બ્રહ્મવૃત્તિ" જેનો સચરાચર વ્યાપક બ્રહ્મ છે. માટે તે બ્રહ્મરૂપી પ્રકાશના નૂરી (પ્રકાશક) છે. એટલે જ કૈવલકર્તા બ્રહ્મના કારણરૂપ કર્તા કહેવાય છે. વળી અન્ય પાંચવૃત્તિઓથી ક્રમાનુસાર બ્રહ્માંડમાં જે સર્વ રચના છે તેવી સઘળી રચનાના તેમજ અગણિત અંશો કે જે સ્થૂળ, સૂક્ષ્મ, કારણ, મહાકરણ અને પરમકારણ દેહ છે તેને ઉત્પન્ન કરનાર તે સર્વોપરી સ્વામી છે. તેથી જ તે સર્વ ઉત્પત્તિના મર્મને ધારણ કરવાવાળા છે.

**જીનુ પ્રકાશ સરવજ્ઞ ચૈતન ચિદ્,**
**બ્રહ્મ આભાસનો અનુપ સુરીયે;**
**આદ્ય ઓરુ અંત મધ્ય એક અદ્વૈત દિવ્ય,**
**ઉદિત ભવ અસ્ત ગતિ દોષ દુરીયે. ૩**

### શબ્દાર્થ

**જીનુ** = જેમણો **પ્રકાશ** = અજવાળું, પ્રકાશ **સરવજ્ઞ** = સર્વત્ર, બધું જ જાણનારું **ચૈતન** = જીવન શક્તિ દેનારું, સજીવપણુ **ચિદ્** = ચિદાકાર **બ્રહ્મ** = બ્રહ્મ **આભાસનો** = પ્રકાશનો **અનુપ** = અનુપમ અજોડ **સુરીયે** = સૂર્ય, સૂરજ **આદ્ય** = શરૂઆત, પ્રારંભ **ઔર** = અને **અંત** = છેવટે, અંતિમ **મધ્ય** = વચ્ચેનું, વચલું મધ્યસ્થ **એક** = એક **અદ્વૈત** = એકત્વ એકતાપણું **દિવ્ય** = મહાન શાશ્વત **ઉદિત** = ઉદય ઉત્પન્ન **ભવ** = જગત, વિશ્વ **અસ્ત** = પ્રલય, વિનાશ **ગતિ** = સ્થિતિ **દોષ** = દુર્ગુણ, ખામી, ખરાબી, અવગુણ, ત્રૃટિ **દૂરીયે** = વેગળું, દૂર, આઘું.

### અનુવાદ

**અનુપમ સૂર્ય સમાન સર્વજ્ઞ ચૈતન કર્તાનો પ્રકાશ એ જ બ્રહ્મ છે, જેઓ આરંભ, અંત અને મધ્યમાં એક અદ્વૈત રૂપે દેદીપ્યમાન છે. વળી તેમની સ્થિતિ ઉદય અને અસ્તના દોષોથી રહિત છે.**

### ભાવાર્થ

વિશ્વના સર્જનહાર પોતે સર્વજ્ઞ અને મહદ્ ચૈતન સ્વરૂપે છે. જેમ સૂર્યનો પ્રકાશ સર્વત્ર સૂર્યમંડળમાં વ્યાપેલો છે તેમ અનુપમ સૂર્ય સમાન કૈવલકર્તાનો બ્રહ્મરૂપ બાહ્યવૃત્તિ બ્રહ્માંડમાં સર્વત્ર વ્યાપક છે. તેવા સર્જનહાર આદ્ય, મધ્ય અને અંત એમ ત્રણે કાળમાં એક અદ્વૈત સ્વરૂપે દેદીપ્યમાન રહેલા છે વળી, ઉત્પત્તિ અને વિનાશ એ બન્નેના દોષોથી રહિત તેમની સ્થિતિ છે. તેમજ કે તેઓ નિત્ય અને અખંડ અવિનાશી છે.

**રજ તજ રચીત તનુ ખચીત ખેપન કર,**
**ઈંડ કટાક્ષ અણુ આદ્ય અજનુ;**
**અતહી અપરમ વિનુ પાર વિવિધી વિધ,**
**પ્રબલ પુરસાત ગતિ સંચ સ્રજનું. ૪**

## શબ્દાર્થ

**રંજ તજ** = થોડું, અલ્પ, જરાક, કિંચિત, લગાર, રજેરજ **રચીત** = રચના, ઉત્પત્તિ **તનુ** = ઘાટ, શરીર **ખચીત** = અવશ્ય, અમૂક ચોક્કસાઈપૂર્વક **ખેપન** = ખેતી ઉત્પન્ન કરતાપણું **કર** = કરીને **ઈંડ** = ઘાટો **કટાક્ષ** = નજર, દિવ્ય દૃષ્ટિ **અણુ** = અણુ, નાનામાં નાનું, બારિક **આદ્ય** = આદિ, પુરાણા, સહિત **અજનું** = બ્રહ્માજીની **અતહી** = વિશેષ, અતિશય, ઘણુ **અપરમ** = અપાર, વિશેષ વધારે **વિનુ** = વગર, વિના **પાર** = થી પરે અપાર **વિવિધી વિધ** = વિધવિધ પ્રકારની **પ્રબલ** = બળવાન, પ્રચંડ **પુરસાત** = પુરુષત્વ, પુરુષાર્થ **ગતિ** = સમાજ, બુદ્ધિ **સંચ** = કરામત **સ્રજનું** = સરજેલું છે, સર્જનાત્મક શક્તિથી બનેલું છે.

## અનુવાદ

**રજથી તજ ઘાટોની ચોકસાઈપૂર્વક ખેતી કરીને અણુથી બ્રહ્મા સુધીના સર્વ ઈંડો ઉપર સર્જનહારની નજર પ્રસરેલી છે. અતિશય અને અપરંપાર કે જે પાર વિનાના વિધ વિધ ઘાટોમાં પ્રબળ પુરુષાતન વળ વાળી સર્જનાત્મક શક્તિની કરામત ભરેલી છે.**

## ભાવાર્થ

નાનામાં નાના ઘાટોથી માંડીને મહાકાય સર્વ ઘાટોની તેમજ કીટ-પતંગિયાંની આદ્ય લઈ બ્રહ્મા સુધીના સર્વના સ્થૂળ, સૂક્ષ્મ, કારણ, મહાકારણ અને પરમકારણદેહની રચના ખૂબ જ ચોક્સાઈપૂર્વક સર્જનહારે કરેલી છે. વળી જે જે રચના કરી છે તેનું નિયમન પણ પોતે જ કરે છે અને દરેકની સાર સંભાળ પણ પોતે જ રાખે છે. તદ્ ઉપરાંત અણુથી માંડીને બ્રહ્મા સુધીના સર્વ ઘાટો ઉપર સર્જનહારની નજર પ્રસરેલી છે. વળી સંખ્યાની દૃષ્ટિએ અસંખ્ય અને વિવિધતાની દૃષ્ટિએ અપરંપાર (અનેક) પ્રકારના વિધવિધ ઘાટોમાં પુરુષાતન શક્તિના સંચ કે જે સર્જનાત્મક શક્તિરૂપી કળનો અવિરત પ્રવાહ મહાકલ્પ પુરો થાય ત્યાં સુધી ચાલે તેવો પ્રબળ રીતે ભર્યો છે.

બીજી રીતે સમજીએ તો અતિ અપરંપાર વિધવિધ પ્રકારની રચનાઓવાળા ઘાટોમાં પુરુષાતન શક્તિનો સંચ રૂપી કળ ભરેલી છે. તે સર્જનહારની પ્રબળ ગતિના પુરુષાર્થથી જ ભરાયેલી છે અને સર્વ રચના સર્જનહાર દ્વારા જ સર્જન પામેલી છે.

**કીયેહુ પયેપાન પુની ખાન જેહી જીત જીનું,**
**તીત તીનુ તોહી વાંહી ચુગલ દેતા;**
**કહે કુવેર સોહી સકલ શિર સામ્રથ,**
**તાહીપદ ચીન બીનું સબ અચેતા. ૫**

### શબ્દાર્થ

**કીયેહુ** = ભર્યું છે **પયેપાન** = ક્ષીર પાવું, દૂધ પાવું, ધવડાવવું **પુની** = વળી **ખાન** = ખોરાક લેવો **જેહી જીત જીનું** = જેને જોઈ એ તે રીતે તેની વ્યવસ્થા **તીત તીનુ** = તેને તે પ્રમાણે **તોહી વાંહી** = જ્યાં જરૂર છે ત્યાં **ચુગલ** = પરોક્ષ રીતે **દેતા** = આપે છે **કહે કુવેર** = કુવેરસ્વામી કહે છે કે **સોહી** = તેઓ **સકલ** = સર્વના **શિર** = માથે **સામ્રથ** = સમર્થ ઘણી છે **તાહીપદ** = તેમના સ્થાનને, તેમને **ચીન** = ઓળખ્યા **બીનું** = વિના **સબ** = સર્વ, બધા જ **અચેતા** = અજ્ઞાન વશ, ચેતના વિનાના, જડ, બેશુદ્ધ.

### અનુવાદ

**જેને જ્યાં જેવું ખાવાપીવાનું જોઈએ તેને ત્યાં તેવા ખાવા માટેનો ખોરાક પરોક્ષ રીતે આપે છે. કુવેરસ્વામી કહે છે કે તેઓ જ સર્વના શિર ઉપર સામ્રથ સ્વામી છે. તેમને ઓળખ્યા સિવાય સર્વ અચેત કહેવાય.**

### ભાવાર્થ

વિશ્વના સર્જનહારે આ સઘળું વિશ્વ બનાવ્યું છે તેટલું જ નહીં, પરંતુ સૌના ભરણપોષણનો પણ તેઓ ખ્યાલ રાખે છે. દરેક જીવો સર્જનહારે નક્કી કરેલ ચાર પ્રકારની ખાણો મુજબ ઉત્પન્ન થાય છે, પરંતુ જેવી ઉત્પત્તિ થાય કે તુરત જ તેના પયપાન માટેની વ્યવસ્થા ગોઠવેલી છે. તેઓ પ્રત્યક્ષ રીતે વિશ્વમાં આવતા નથી, પરંતુ પોતાના ધામમાં બેઠાં બેઠાં પરોક્ષ રીતે આ બધી જ સંભાળ રાખે છે. જે જે જીવો ને જરૂરી ખોરાક જેને જ્યાં જેવી જરૂરિયાત છે તે પ્રમાણે ત્યાં તે રીતે મળી રહે તેની વ્યવસ્થા કરે છે. કુવેરસ્વામી કહે છે કે આ કારણે જ કેવલકર્તા સર્વના શિર ઉપર સામ્રથ ઘણી સ્વરૂપે છે, પરંતુ જે જીવો તેમના આ કાર્યના મહાન પદને ઓળખી શકતા નથી, તેઓ અજ્ઞાની હોવાથી અચેત (જડ જેવા) રહ્યા છે.

**(સાખી)**

**જેતેને ભર ઈશ્વર તનુ, દુરલભ એહી ભેદ;**
**ઔર જીવનકી કો ગને, કહત નેતિ ચહુ વેદ. ૬**

**શબ્દાર્થ**

**જેતને ભર** = જેટલા છે તેટલા, બધાજ **ઈશ્વર** = ઈશ્વરતા પામેલા મહાપુરુષો **તનુ** = દેહ **દુરલભ** = દુર્લભ, મુશ્કેલ, અઘરું, મળવું મુશ્કેલ **એહી** = તેમનો, કર્તાપદનો, સર્જનહારનો **ભેદ** = રહસ્ય, મર્મ, જાણ **ઔર** = અન્ય, સામાન્ય **જીવનકી** = જીવોની **કો ગને** = ગણતરીમાં કોણ લે, શું ગણતરી થાય **કહત** = કહે છે **નેતિ** = અંત **વગરનું** અનંત **ચહુ** = ચાર **વેદ** = વેદ-બ્રહ્મા દ્વારા વદેલા મૂળ પ્રાચીન ધર્મ પુસ્તક.

**અનુવાદ**

**જેટલા ઈશ્વરીય અવતાર ધારણ કરેલ શરીર છે તેમને માટે પણ કર્તાના પદની જાણ મેળવવી મુશ્કેલ છે, તો પછી અન્ય જીવોની શું ગણતરી? કારણ કે, ચાર વેદોએ પણ નેતિ પોકારી છે.**

**ભાવાર્થ**

વિશ્વમાં ઈશ્વરીય સામર્થ્યતા ધરાવતા ૩૩ કરોડ દેવતાઓ અને નવ કરોડ દેવીઓ કહેવાય છે. પૃથ્વી ઉપર ઈશ્વરીય અવતાર ધારણ કરેલ જેટલા શરીર છે તેટલાઓને પણ સર્જનહારના કર્તા પદ માટેની જાણ મેળવવી મુશ્કેલ છે. જો તેમને પણ સર્જનહારના પરમપદ માટેની જાણ મેળવવી મુશ્કેલ છે તો પછી તે પદની જાણ અંગે સામાન્ય જીવોની શું ગણતરી ? એટલું જ નહીં પરંતુ જેને આર્યોના સૌથી પ્રાચિન મૂળ ધર્મ પુસ્તક તરીકે રચાયેલ ઋગ્વેદ, સામવેદ, યજુર્વેદ અને અથર્વવેદમાં બ્રહ્માજીએ નેતિ શબ્દનું ઉચ્ચારણ કરેલ છે. તેનાથી પણ પરે “પરમપદ” રહેલું છે. એટલે કે તેઓ પણ તે પદનો ભેદ અતિ દુર્લભ હોવાથી મેળવી શક્યા નથી.

**યસેહી અતિ અદ્‌ભુત પદ, જીનકે સકલ પસાર;**
**દિવ્ય પરમગુરુ થી સદ, પાવહી દરસ દેદાર. ૭**

### શબ્દાર્થ

**યેસેહી** = તેવું **અતિ** = મહાન **અદ્‌ભુત** = અચરજ = અચંબો ઉપજાવે તેવું અલૌકિક, નવાઈ ઉપજાવનારું આશ્ચર્યકારક **પદ** = પદ, સ્થાન, મહિમા, મોભો, સ્વરૂપ, દરજ્જો, શોભો **જીનકે** = જેમના દ્વારા **સકલ** = સર્વ **પસાર** = પસારો ઉત્પત્તિ થયેલ છે **દિવ્ય પરમગુરુ થી** = દિવ્ય પરમગુરુ દ્વારા **સદ** = સત્ય હકીકત તે અંગેની માહિતી **પાવહી** = પ્રાપ્ત કરી શકાય **દરસ** = મેળાપ, મિલન **દેદાર** = સ્વરૂપ સાથે.

### અનુવાદ

**તેવા મહાન અલૌકિક પદ કે જેમના દ્વારા સર્વ ઉત્પત્તિ થયેલ છે. તેમના સ્વરૂપ સાથે દિવ્ય પરમગુરુ થકી જ મેળાપ થઈ શકે છે.**

### ભાવાર્થ

એવા સકર્તા સર્જનહારનું પદ મહાન આશ્ચર્યકારક છે. સર્જનહાર દ્વારા આ સકલ ઉત્પત્તિ કરવામાં આવેલી છે. સર્જનહાર પોતે એકલા પોતાના કૈવલધામમાં સદાને માટે બિરાજમાન રહે છે. તેમણે પોતે જ પોતાની છ વૃત્તિઓ દ્વારા સમગ્ર વૈરાટ અને અગણિત ઘાટો બનાવ્યાં, પરંતુ વૃદ્ધિ પામીને હલનચલન વગરના જ રહેતાં છેલ્લે તેમાં પોતાની સજાતિના ચૈતન અંશો પ્રેરીને સર્વ રચના ચેતનવંત બનાવી છે. એવા પરમપદ સાથે મેલાપ કરાવવા માટે બ્રહ્માંડમાં માત્રને માત્ર દિવ્ય પરમગુરુ જ સમર્થ છે કારણ કે, તેઓ સર્જનહારના પરમ પાટવી વિશેષ અંશ છે જેઓને કર્તાએ કુલમુખત્યારનામુ આપેલું છે. જેને આધારે તેમની પોતાની સત્તાની રૂએ દેહમાં રહેલા અંશને પોતાના સાચા સ્વરૂપની અનુભૂતિ કરાવે છે. આમ અંશને તેમની કૃપા બક્ષી નિર્મળ કરીને જેવા આવ્યા હતા તેવા અણિ અગ્ર અંકુરિત સ્વરૂપે કરી સર્જનહાર કૈવલકર્તા (અંશી) સાથે અખંડ મેળાપ કરાવે છે. પછી સદાને માટે અંશને જન્મ-મરણ રૂપ ભવબંધન રહેતું નથી.

# અંગ ૧૪
# શાસ્ત્ર પક્ષ નિવૃત કરન સમજકો

**સમજ એવી વિના બહુ વિધિ મતમતા, નવ ટલે જીવ સનાતન યાતે;**
**વેદ મુરજાદ બહુ બાધ બુદ્ધિ ઘડી, ખલકતામે અડી ચલક ભાતે. ૧**

### શબ્દાર્થ

**સમજ** = સમજ, જ્ઞાન, માહિતી **એવી** = એ પ્રમાણેની **વિના** = વગર, સિવાય **બહુ વિધિ** = ઘણા પ્રકારના **મતમતા** = મતો અને માન્યતાઓ **નવ ટલે** = ટળે નહીં, દૂર થાય નહીં **જીવ** = જીવ પણ **સનાતન** = અનાદિથી, પરાપૂર્વથી, એક સરખાપણે ચાલ્યું આવતી માન્યતા **યાતે** = યાતના ભોગવવી, બંધનમાં રહેવું, ફસાઈ રહેવું, પીડા, વ્યાધિ, યમના માર કે દંડ **વેદ** = વેદોએ **મુરજાદ** = નિયમન **બહુ** = ઘણા **બાધ** = મર્યાદા **બુદ્ધિ** = બુદ્ધિપૂર્વક **ઘડી** = બાંધી, રચી, તૈયાર કરી, બનાવી **ખલકતામે** = રચનામાં, વિશ્વમાં દુન્યવી પદાર્થોમાં **અડી** = અટકીને **ચલક** = ચળકાટ, ભભકો, પ્રકાશ, ઝગારો **ભાતે** = છાપ, આકારોમા, જાતોમાં.

### અનુવાદ

**એ પ્રમાણેની સમજ વિનાના બહુ પ્રકારના મતો અને માન્યતાઓ છે. તેમજ અનાદિથી જીવો જે યાતના ભોગવે છે તે ટળી શકતી નથી. વેદોમાં ઘણા નિયમો અને મર્યાદાઓ બુદ્ધિપૂર્વક બનાવી છે, છતાં વિશ્વ રચનાઓમાં અને આકારોના ભભકામાં અટકી રહ્યું છે.**

### ભાવાર્થ

સર્જનહારના પદ માટેની સાચી સમજ પ્રાપ્ત કર્યા વિના વિશ્વમાં બહુ પ્રકારના મતો અને અનેક પ્રકારની માન્યતાઓ ચાલી રહી છે. તેને કારણે વિશ્વના જીવો આદિ અનાદિથી જન્મ-મરણની યાતનાઓ ભોગવવામાંથી મુક્ત થતા નથી. બ્રહ્માજીએ પોતાના વેદોમાં સાંસારિક જીવન જીવનારા જીવો માટે બુદ્ધિપૂર્વક ઘણા નિયમો અને મર્યાદાઓ દર્શાવ્યા છે. છતાં વિશ્વના જીવો ભૌતિક દુન્યવી પદાર્થોની રચનામાં અને અવતારાદિક આકારોના ભભકામાં અટકી રહ્યા છે.

**અલખ સુજા નહીં લક્ષ બુજા નહીં, પક્ષકુ રક્ષ સારી જહાંન રોવે;**
**અનેક શાસ્ત્રર મત પક્ષ પોખે ગત્ય, સુણીત અનેરી અતિ પ્રિત પ્રોવે. ૨**

### શબ્દાર્થ

**અલખ** = જેનું વર્ણન થઈ શકે નહીં તેવા અલેખ કર્તા માલિકને **સુજા નહીં** = ઓળખ્યા નહીં, સમજ્યા નહીં, સમજમાં આવ્યા નહીં **લક્ષ** = કર્તાપદના જ્ઞાનનો ભેદ **બુજા નહીં** = જાણ્યો નહીં **પક્ષકુ** = પોતે માની લીધેલ માન્યતા **રક્ષ** = રક્ષણ માટે **સારી જહાંન** = સમગ્ર જગત, સારુ એ વિશ્વ **રોવે** = હૃદયમાં દાઝવું, વિલાપ કરવો, દુઃખી થવું, ચિંતા, પસ્તાવો કરવો **અનેક** = ઘણા **શાસ્ત્રર** = શાસ્ત્ર, વેદોમાંથી જ્ઞાનનું દોહન કરીને બનાવવામાં આવેલ મતો-માન્યતાઓવાળા ધર્મપુસ્તકો **મત** = માનીનતા, સંપ્રદાય, માન્યતાઓ, ધાર્મિકપંથો **પક્ષ** = માર્ગ, પંથ અનુકૂળ એક વિચારધારા ધરાવતો વર્ગ **પોખે** = તપાસીને, સિંચન કરીને, પૃષ્ટિ આપવી, સંતોષવું, તૃપ્ત કરવું **ગત્ય** = ગતિ, સમજ, જ્ઞાન **સુણીત** = સાંભળીને **અનેરી** = નવીન, વિચિત્ર, બીજું, જુદું, વિશિષ્ટ પ્રકારનું **અતિ પ્રિત** = વધુ ચહાવ, અતિ અનુરાગ, રૂચિ, હેત **પ્રોવે** = પરોવે, માણે, લીન થવું, મગ્ન થવું.

### અનુવાદ

**અલખને ઓળખ્યા નહીં તેથી તેના લક્ષને પ્રાપ્ત કરી શક્યા નહીં. તેને કારણે સારુ વિશ્વ પોતપોતાના પક્ષના રક્ષણ અર્થે ચિંતા કરે છે. વળી શાસ્ત્રોના આધારે જ્ઞાન મેળવી ઘણા મત પૃષ્ટિ પામ્યા છે. જીવો નવીન વાણી સાંભળી તેમાં વધુ ચાહના રાખીને તેમાં મગ્ન બને છે.**

### ભાવાર્થ

ચાર પ્રકારના ગુરુઓમાં શ્રેષ્ઠ એવા દિવ્ય પરમગુરુના મહાન અંશ-અંશીના લક્ષને જીવો સમજ્યા નહીં તેથી જ જેનું વર્ણન થઈ શકે તેમ નથી તેવા અલખ સર્જનહારને તેઓ ઓળખી શક્યા નથી. વિશ્વમાં અગાઉથી ચાલી આવતી રૂઢિગત માન્યતાઓમાં અટકી ગયા છે અને પોતાના પક્ષના રક્ષણ અર્થે જ ચિંતાતુર થઈને પ્રયત્નો કરે છે. વળી ઘણા શાસ્ત્રકારો શાસ્ત્રોના આધારે તેમાંથી જ્ઞાનની સમજ કેળવીને પોતાના મનગમતા મતવાળા પક્ષોની રચના કરી પોતે ધર્માચાર્યો બની બેઠા છે. ઘણા મતપક્ષો પૃષ્ટિ પામ્યા છે તેઓ એકબીજાના કરતાં નવીન અને રૂચે તેવી વાણી સાંભળીને વિશ્વના જીવો પણ તેમાં જ ચાહના રાખીને

મગ્ન બન્યા છે, તલ્લિન રહે છે. આવી ખંડિત માન્યતામાં જગતના ભોળા અને અજ્ઞાની જીવો પોતાનું કલ્યાણ થશે તેમ મનમાં માન્યતા રાખીને પોતાનું સર્વસ્વ અર્પણ કરીને જીવન જીવે છે.

**વ્યાકરણ વેદ અતિ ભેદ ભરમે ભરી, દેવ વાણી કરી સરવ સાચી;**
**પ્રાકૃત પૂઠથી મૂઢ છૂટ્યા વિના, સમજ વિના શુદ્ધ સર્વ કાચી. ૩**

### શબ્દાર્થ

**વ્યાકરણ** = સંસ્કૃત પુષ્પાંજલિમાં લખ્યું છે કે શબ્દમાં પ્રકૃતિ અને પ્રત્યય જુદા પાડી પ્રત્યયના અર્થ દર્શાવ્યા હોય છે અને જેમાં શબ્દોના રૂપ તથા તેનો વાક્યમાં પરસ્પર સંબંધ કેવી રીતે છે તે વિષે વિવેચન કર્યું હોય છે તેવી સંસ્કૃત ભાષા **વેદ** = બ્રહ્માજી દ્વારા રચિત ચાર આદિ પુરાણા ધર્મગ્રંથો **અતિ** = વધુ **ભેદ** = રહસ્ય, મર્મ **ભરમે** = ભ્રમણાયુક્ત **ભરી** = ભરીને, દર્શાવીને **દેવવાણી** = દેવોની વાણી **કરી** = કરીને દર્શાવીને **સરવ** = બધી જ **સાચી** = સાચી છે, સત્ય છે **પ્રાકૃત** = પ્રાકૃતભાષા **પુઠ થી** = અવજ્ઞા કરી, અનાદર, અવગણના **મૂઢ** = પક્કડ, લગાવ **છૂટ્યા વિના** = છૂટ્યા સિવાય **સમજ વિના** = સમજણ સિવાય **શુદ્ધ** = શુદ્ધ, સાચી, નિર્મળ વાણી **સર્વ કાચી** = બધી કાચી છે, અપક્વ, અનિશ્ચિત, અલ્પ.

### અનુવાદ

**અતિ ભ્રમણા ભરેલી વ્યાકરણ યુક્ત વેદભાષા દેવવાણી છે અને તે સાચી વાણી છે, એવી માન્યતાને લીધે પ્રાકૃતભાષાને વિષે અવજ્ઞા સેવી છે. અને તેનો લગાવ છૂટી જવાથી નિર્મળ વાણી હોવા છતાં તે અલ્પ ગણાય છે.**

### ભાવાર્થ

વિશ્વમાં સૌથી પ્રાચીન ધર્મગ્રંથ તરીકે ગણાતા ચાર વેદ બ્રહ્માજી દ્વારા રચવામાં આવેલા છે અને સંસ્કૃત ભાષામાં લખાયેલા છે. આ ભાષા વ્યાકરણ યુક્ત હોઈ ખૂબ જ ભ્રમણાઓથી ભરેલી છે. તે સહજ અને સરળ રીતે સમજવી મુશ્કેલ છે, પરંતુ બ્રહ્માજી આદિ છ મહાદેવોમાંના એક હોવાથી આ વાણીને પણ વિશ્વ દેવવાણી તરીકે ગણે છે. તેથી તે વાણી સાચી અને મહાન છે તેમ પણ માનવામાં આવે છે. આને લીધે સરળ પ્રાકૃત ભાષાને વિષે અવગણના

સેવવામાં આવી છે. તેથી પ્રાકૃત ભાષા પ્રત્યેનો લગાવ રહેવા પામ્યો નથી. જેથી પ્રાકૃતભાષા સરળ અને નિર્મળ વાણી હોવા છતાં તે અલ્પ ગણાય છે. એટલે કે ભાષા, વિશેના ભેદવાળી લઘુતાગ્રંથિની પક્કડ છૂટી ન જાય ત્યાં સુધી પ્રાકૃત ભાષામાં સમજાવેલું જ્ઞાન ગમે તેટલું મહાન હોય તો પણ તે અલ્પ જ છે એમ માનવામાં આવે છે.

**અટપટી વાણી જાણી નવ રીઝીયે, પ્રાકૃત દેખી નવ પુંઠ દીજે;**
**છેવટ સદન અવિગત પતિ અનુભવે, પ્રાકૃત હોય તો ઉરલીજે. ૪**

### શબ્દાર્થ

**અટપટી** = ગૂંચવણ ઉપજાવે તેવી વ્યાકરણયુક્ત **વાણી** = વાણી, વાચા, બોલી, ભાષા **જાણી** = જાણીને **નવ રીઝીયે** = ખુશ થવાની જરૂર નથી **પ્રાકૃત** = પ્રાકૃત ભાષા **દેખી** = જોઈને **નવ પૂંઠ દીજે** = અવગણના કરવી ન જોઈએ **છેવટ** = છેવટનું, અંતિમ **સદન** = ધામ **અવિગતપતિ** = જેની વિગત જાણી શકાય નહીં તેવા સ્વામી **અનુભવે** = પરિચય પડવાથી થયેલું જ્ઞાન, પ્રત્યક્ષ જ્ઞાન, સમજણ શક્તિ, સમજ **પ્રાકત** = પ્રાકૃત ભાષાથી લખાયેલ **હોય તો** = હોય તો **ઉર લીજે** = હ્રદયમાં ધારણ કરવું, છાતી સરખું ચાંપવું, વહાલ બતાવવું, ચિંતવન કરવું, મનમાં ઉતારવું.

### અનુવાદ

**વ્યાકરણયુક્ત વાણી જાણીને ખુશ થવાની જરૂર નથી તેમજ પ્રાકૃત વાણી જોઈને તેની અવગણના કરવી ન જોઈએ. સર્વના છેવટે આવેલા ધામમાં રહેલા અવિગત સ્વામીનું પ્રત્યક્ષ જ્ઞાન પ્રાકૃત ભાષામાં હોય તો પણ પોતાના હ્રદયમાં અવશ્ય ધારણ કરવું જોઈએ.**

### ભાવાર્થ

વાણીનું મહત્ત્વ નથી, પરંતુ જે તે વાણીમાં કથાયેલા જ્ઞાનનું મહત્ત્વ છે જેમ કે સોનાનું વર્ણન પ્રાકૃતભાષામાં કરેલું હોય અને ધૂળનું વર્ણન સંસ્કૃત ભાષામાં કરેલું હોય તો ભાષાના માધ્યમથી સોનાની કિંમત ઘટી જતી નથી કે ધૂળની કિંમત વધી જતી નથી. તેમ વેદની વ્યાકરણવાળી અટપટી સંસ્કૃત વાણી જાણીને ખુશ થવાની જરૂર નથી અને પ્રાકૃત વાણી જાણીને તેના તરફ અનાદર કે અવગણના

કરવી ન જોઈએ. તે પ્રમાણેની સમજના આધારે સમજીએતો અવિગત એવા નિજપતિ સર્જનહારના છેલ્લા અખંડ કૈવલધામનું પ્રત્યક્ષ જ્ઞાન પ્રાકૃત ભાષામાં હોય તો પણ પોતાના હૃદયમાં અવશ્ય ધારણ કરવું જોઈએ. એમ ભાષાનું નહીં પણ વાણીનું મહત્ત્વ છે.

**વ્યાકરણ ભાસ અભ્યાસ વાણી લગે,**
**પુરુષ નિરવાણ તાંહા કહેન કાંહી;**
**કહે કુવેર જાંહાં નિગમ નેતિ કહે,**
**સતગુરુ લક્ષે જઈ શક્ત તાંહી. ૫**

### શબ્દાર્થ

**વ્યાકરણ** = વ્યાકરણ **ભાસ** = પ્રકાશ **અભ્યાસ** = ભણવું, પુનરાવર્તન કરવું, શીખવાથી **વાણી લગે** = જ્યાં વાણી પહોંચે ત્યાં સુધી પડે, પહોંચે (પ્રકાશ) **પુરુષ નિરવાણ** = નિર્વાણ પુરુષ, સર્જનહાર, કૈવલકર્તા **તાંહા** = ત્યાં **કહેન** = વાણી **કાંહી** = ક્યાંથી, શું કામ આવે ? **કહે કુવેર** = કુવેરસ્વામી કહે છે કે **જાંહાં** = જે, માટે, જ્યાં **નિગમ** = બ્રહ્માજી દ્વારા થયેલ વેદ **નેતિ** = જેનો અંત જ નથી તેવું ઉદ્‌બોધન, નેતી **કહે** = કહે છે **સતગુરુ** = સદ્‌ગુરુના **લક્ષે** = જ્ઞાનથી, લક્ષથી, ઉપદેશથી **જઈ શક્ત** = જઈ શકાય છે, મેળવી શકાય છે **તાંહી** = ત્યાં.

### અનુવાદ

**વ્યાકરણનો અભ્યાસ કરવાથી તેનો પ્રકાશ વાણી અને ભાષા સુધી જ પહોંચે છે. જે પુરુષ વાણીથી પરે છે તો ત્યાં વાણી શું કામ આવે ? કુવેરસ્વામી કહે છે કે જે પદ માટે વેદોએ ‘‘નેતિ’’ નો પોકાર કર્યો છે ત્યાં સદ્‌ગુરુના લક્ષ દ્વારા જઈ શકાય છે.**

### ભાવાર્થ

વ્યાકરણ ભાષાને નિયમમાં રાખે છે, અને વિકાર પામતી અટકાવે છે. તેવું વ્યાકરણ ભણવાથી ભાષામાં શુદ્ધતા આવે છે અને શુદ્ધતાવાળી ભાષાનો પ્રકાશ વાણીમાં દેખાઈ આવે છે. એટલે કે, વ્યાકરણનો ભાસ વાણીની સાથે સંલગ્ન જોડાયેલો રહે છે. કુવેરસ્વામી કહે છે કે જે નિર્વાણ પદ માટે બ્રહ્માજીએ

પોતાના ચાર વેદોમાં નેતિ પોકારી છે એવા પરમપદમાં પહોંચવું હોય તો સમર્થ પરમગુરુના અંશ-અંશીનો લક્ષ (ઉપદેશ) ગ્રહણ કરવાથી જ પહોંચી શકાય છે.

**(સાખી)**

**જ્ઞાની તે બુદ્ધિવંતકો, દેવ નહીં ગતિવંત;**
**બુધ્ધ જેસી બાની કહે, મત કોઈ કરો મતંત. ૬**

**શબ્દાર્થ**

**જ્ઞાની** = જ્ઞાની, જ્ઞાનવાન **તે** = તેઓ, એવા **બુધિવંતકો** = બુદ્ધિશાળી કરતાં **દેવ નહીં** = દેવ હોતા નથી **ગતિવંત** = ગતિવાળા **બુધ્ધ** = બુદ્ધિ, સમજ **જેસી** = જેવી **બાની** = વાણી **કહે** = ઉચ્ચરે, જણાવે કહે **મત કોઈ કરો** = કોઈ કરશો નહીં **મતંત** = મત, મતાંતર, મતવાદ બિન જરૂરી વાદ-વિવાદ.

**અનુવાદ**

**જ્ઞાની કે જેઓ બુદ્ધિશાળી હોય તેના કરતાં દેવોની ગતિ અધિક હોતી નથી. જેવી બુદ્ધિ તેવી વાણી ઉચ્ચરે, માટે કોઈએ વાણીનો બિન જરૂરી વાદ-વિવાદ કરવો નહીં.**

**ભાવાર્થ**

પરમાત્મા કે જે વાણીથી પરે છે તેવા પરમપદનું જ્ઞાન પામી કૃતાર્થ થયેલ જ્ઞાની પુરુષ મહાન બુદ્ધિશાળી હોય છે. વળી કોનામાં કેટલું જ્ઞાન છે તે વાણી ઉપરથી નક્કી થાય છે. જ્ઞાની પુરુષ દ્વારા ઉચ્ચારાયેલી વાણી અને દેવવાણીની તુલના કરતાં એવું નક્કી થાય છે કે મહાન બુદ્ધિશાળી જ્ઞાની પુરુષ દેવ કરતાં વિશેષ સમજદાર અને અધિક ગતિવાળા હોય છે. વિશ્વમાં આવા દિવ્ય પુરુષ શ્રીમત્ કરુણાસાગર છે માટે તેમના લક્ષનો બોધ ગ્રહણ કરવાથી સર્જનહાર કૈવલકર્તાના પરમપદમાં જઈ શકાય છે. જીજ્ઞાસુ જીવોએ સંસ્કૃત કે પ્રાકૃત એમ ભાષાનો મિથ્યા વાદ-વિવાદ કરવો જોઈએ નહીં, પરંતુ તેઓએ આપેલા કૈવલજ્ઞાનના લક્ષની કિંમત આંકીને બોધને હૃદયમાં ધારણ કરવો જોઈએ.

**દેવવાણી જાકુ કહે, સુનત જીવપદ જાય;**
**અન્ય દશા સબ પાલટી, કૈવલ મોક્ષ મેલાય. ૭**

### શબ્દાર્થ

**દેવવાણી** = દેવો દ્વારા ઉચ્ચારાયેલી સંસ્કૃત વાણી **જાકુ કહે** = જેને કહેવાય, તેને જ કહેવાય જે **સુનત** = સાંભળતાં **જીવપદ** = જીવદશા **જાય** = જાય **અન્ય** = બીજી **દશા** = સ્થિતિ **સબ પાલટી** = બધી જ પલટાવીને **કૈવલમોક્ષ** = કૈવલકર્તાના પંચમી અખંડ કૈવલમુક્તિ **મેલાય** = મેલાવે મેળવી શકાય.

### અનુવાદ

**દેવવાણીનું જ્ઞાન તેને જ કહેવાય જે જીવપણું દૂર કરે અને બીજી બધી જ પ્રકારની સ્થિતિઓને પલટાવી કૈવલમોક્ષ પ્રાપ્ત કરાવે છે.**

### ભાવાર્થ

દેવોના મુખેથી ઉચ્ચારાયેલી વાણીને જ દેવવાણી કહેવાય તેમજ ભાષાની દૃષ્ટિએ સંસ્કૃત ભાષા વ્યાકરણવાળી છે. તે જ શ્રેષ્ઠ વાણી છે તેવી લઘુતાગ્રંથિ બંધાઈ ગઈ છે તે ખોટી છે. હકીકતમાં તો જેને સાંભળતાં જીવપણું યાને અજ્ઞાનતા દૂર થાય એવી જ્ઞાનયુક્ત વાણીને દેવવાણી કહેવાય. પછી ભલે તે સંસ્કૃત હોય, પ્રાકૃત હોય કે પછી અન્ય કોઈ ભાષાની વાણી હોય. જીવ-દશાને પલટાવવામાં વાણી જ મહત્ત્વની છે, નહીં કે ભાષા. દેવાધિદેવ દિવ્ય પરમગુરુ દ્વારા ઉચ્ચારેલ વાણીના પ્રભાવથી જ જીવોને કૈવલમુક્તિ પ્રાપ્ત થાય છે. પરિણામે અંશ જ્યાંથી આવ્યો હતો તેવા મૂળ કૈવલધામમાં જઈ શકે અને અંશી-કૈવલકર્તાને મળી શકે છે.

# અંગ ૧૫
# સિદ્ધાંત નિર્ણયકો

---

**વેદ વેદાન્ત અનંત સિદ્ધાંતનું, તંત નીરમ્યા પીછે જંત ઠાને;**
**ઉંચકુ ઉંચ કહે નીચકુ નીચ કહે, જે જમ તે તમ ઘાટ ભાને. ૧**

### શબ્દાર્થ

**વેદ** = બ્રહ્માજી દ્વારા રચિત ચાર વેદ **વેદાન્ત** = વેદનો અંત, ઉપનિષદ, વેદાંતશાસ્ત્ર યાને વેદાંત દર્શન **અનંત** = અનેક, ઘણા **સિદ્ધાંતનું** = ચર્ચા વિચારણા વગેરને અંતે મેળવેલો નિર્ણય, મત, છેવટનો નક્કી નિશ્ચત મંતવ્ય, વિચાર, સંપ્રદાય, પ્રમાણ સિદ્ધ કરેલા નિયમ, મત, ઠરાવ **તંત** = ઘાટ, શરીર **નીરમ્યા** = બન્યા, ઉત્પન્ન થયા **પીછે** = પછીથી **જંત** = જીવ, માનવ **ઠાને** = જાણે, માટે, નક્કી કર્યું, ઠરાવ્યું **ઉચકું** = ઊંચાને **ઉંચ** = મોટા **કહે** = કહે છે **નીચકું** = નીચાને **નીચ** = નાના **કહે** = કહે છે **જે જમ** = જે જેવા છે **તે** = તે **તમ** = તેવા **ઘાટ** = શરીર **ભાને** = દેખાય છે, દર્શાવે છે, દેખે.

### અનુવાદ

**શરીરની ઉત્પત્તિ થયા પછી વેદમાં અને ઉપનિષદોમાં જગતના જીવો માટે અનેક સિદ્ધાન્તો વર્ણવ્યા છે. તેમાં ઉચ્ચને ઊંચા અને નીચને નીચા કહી જે ઘાટ જે પ્રમાણે હતા તે પ્રમાણે દર્શાવ્યા છે.**

### ભાવાર્થ

સર્જનહારે પાંચ ભૌતિક શરીરનું જે નિર્માણ કર્યું છે, તે નિર્માણ યાને રચના અંગે વેદોમાં અને વેદના અંત એવા ઉપનિષદોમાં અનેક સિદ્ધાન્તો અને સ્પષ્ટીકરણ દ્વારા વર્ણન કરીને જગતના જીવોને રચના અંગેનું જ્ઞાન દર્શાવ્યું છે. જેમાં વિશેષ ઐશ્વર્યવાન દેહ ધરાવતા હતા તેને મહાન બતાવ્યા છે અને જે નિમ્ન અથવા તો અલ્પ અને અજ્ઞાની હતા તેને નીચા બતાવ્યા છે. જે ઘાટ જે પ્રમાણે હતા તે પ્રમાણે જ તેમાં દર્શાવવામાં આવ્યા છે અને જગતના જીવોને સાચી ઓળખાણ કરાવી છે.

**શુભ અશુભનું કર્મ કરીયા ક્રત, આક્રત જોઈને તેજ માને;**
**જીવ પરભાવની જૂક્તિ જાણી કરી, વ્યક્ત વાણી ધરી વેદ જ્ઞાને. ૨**

### શબ્દાર્થ

**શુભ** = મંગળ પ્રદ, કલ્યાણકારી **અશુભનું** = અમાંગલિક, ખરાબ, અશુદ્ધ, અપવિત્ર **કર્મ** = કંઈક કરવું તે, નસીબ, પ્રારબ્ધ, ભાગ્ય **કરીયા** = ક્રિયા, પ્રવૃત્તિ, કામ કરવાની રીત, કૃતિ **ક્રત** = રચના, સંકલ્પની ઉત્પત્તિ, ઈચ્છા થકી થતું પરિણામ **આક્રત** = સંકલ્પ, વિનાશ, પુનઃરચના **જોઈને** = દેખીને, વાંચીને **તેજ માને** = તેને જ માને છે, તે મુજબ સ્વીકારવું **જીવ** = જીવોની **પરભાવની** = પેલે ભવ જવા માટેની, મુક્તિ અંગેની, સંસાર સમૂદ્રપાર કરવાની **જૂક્તિ** = યુક્તિ, રીત **જાણી** = જાણીને **કરી** = કરી છે, વહી છે, ઉચ્ચારી છે **વ્યક્ત** = પ્રત્યક્ષ, જાહેરમાં **વાણી** = વાણી, શબ્દ **ધરી** = ધારણ કરી, દર્શાવી **વેદજ્ઞાને** = વેદમાંના જ્ઞાનમાં, વેદના જ્ઞાન દ્વારા.

### અનુવાદ

**જીવોની મુક્તિ અંગેની જૂક્તિ જાણીને વેદમાં જ્ઞાનયુક્ત જે પ્રત્યક્ષવાણી દર્શાવી છે તેમાં શુભ અને અશુભ કાર્યો, ક્રિયા, કામ કરવાની રીત ઉત્પત્તિ અને વિનાશ વિગેરે માહિતી દર્શાવી છે જેને વાંચીને તેને જ સત્ય માને છે.**

### ભાવાર્થ

ચાર વેદમાં જે કાંઈ જ્ઞાનની કથની કરી છે તે ચર્મચક્ષુથી પ્રત્યક્ષ દેખાયું તેનું વિગતવાર વર્ણન કર્યું છે. જેમાં સાયુજ્ય, સાલોક્ય, સામીપ્ય અને સાન્નિધ્ય એમ જીવોના ચાર પ્રકારના મોક્ષ અંગેની મુક્તિનો જ ખ્યાલ દર્શાવ્યો છે. વળી પુણ્ય ફળ પ્રાપ્ત કરવા કેવા શુભ કર્મો કરવા અને પાપ ભોગવનારા અશુભ કર્મો તેમજ કર્મો કરવાની રીત, સૃષ્ટિની ઉત્પત્તિ અને પ્રલય અંગેની વિગતવાર માહિતી બ્રહ્માજીએ બુદ્ધિપૂર્વક વેદોમાં દર્શાવી છે. જગતના જીવો તેને જ સત્ય માની બેઠા છે.

**ક્ષીતી પાવક જલ પવન પાણી નહીં, પંચમુ તત્ત્વ નહીં વ્યોમ થાને;**
**ત્રિગુણ શક્તને જ્યોત જલમલ નહીં, દેવ નહીં આદ્ય નિરંજવાને. ૩**

### શબ્દાર્થ

**ક્ષીતી** = પૃથ્વી **પાવક** = અગ્નિ **જલ** = જળ, **પવન** = પવન **પાણી** = પાણી **નહીં** = નથી **પંચમુ** = પાંચમું **તત્ત્વ** = તત્ત્વ **નહીં** = નથી **વ્યોમ** = આકાશ **થાને** = સ્થાને, તેમની જગ્યાએ કે બદલે, ઉચિત, યોગ્ય ઠેકાણે **ત્રિગુણ** = ત્રણ ગુણ – બ્રહ્મા, વિષ્ણુ અને મહેશ **શક્તને** = આદ્યશક્તિને **જ્યોત** = જ્યોત સ્વરૂપ નિરંજન **જલમલ** = ઝગમગતી **નહીં** = નથી **દેવ નહીં આદ્ય** = દેવોમાં આદ્ય ગણાતા પણ નથી **નિરંજવાને** = જ્યોતિ સ્વરૂપ નિરંજન.

### અનુવાદ

**તેમને યોગ્ય તો પૃથ્વી, અગ્નિ, જળ, પવન, પાણી અને પાંચમું તત્ત્વ આકાશ પણ નથી કે ત્રણ ગુણ, શક્તિ, જલમલ જ્યોતસ્વરૂપ દેવોનાં આદ્ય નિરંજન પણ નથી.**

### ભાવાર્થ

વેદોના જ્ઞાન પ્રવાહમાં સર્વ જીવો અટકી ગયા છે, પરંતુ વિશ્વના સર્જનહાર અવિનાશી, કૈવલકર્તાની સમકક્ષ યાને તેમના યોગ્ય સ્થાને શોભે તેવા નાશવંત પૃથ્વી, જળ, અગ્નિ, પવન અને આકાશ જેવાં પાંચ મહાતત્ત્વો પણ નથી. વળી બ્રહ્મા, વિષ્ણુ અને મહેશ જેવા ત્રિગુણાત્મક ગુણાદિક દેવતાઓ, આદ્યશક્તિ મહંમાયા અને જલમલ (ઝગમગ) ઝળહળતી જ્યોત સ્વરૂપ દેવોમાં જે આદ્ય ગણાય છે, તેવા પુરુષ નિરંજન દેવ પણ તેમની તુલનામાં આવી શકે તેમ નથી.

**નિરાકાર નિરધાર નહીં નિરગુણ, ધરગુણ સ્વરૂપ સમાન શાંને;**
**વ્યાસ પંડિત કાજી મુલ્લા નવ લહે, કુરાન પુરાન લખ્યો ન પાંને. ૪**

### શબ્દાર્થ

**નિરાકાર** = જેનો કોઈ આકાર નથી **નિરધાર** = જેને કોઈના આધારની જરૂર **નહીં** = નથી **નિરગુણ** = જેનામાં કોઈ ગુણની હયાતિ નથી, ગુણથી રહિત છે તેવા **ધરગુણ સ્વરૂપ** = ગુણવાળુ સ્વરૂપ ધારણ કરીને **સમાન** = તેમના સરખા **શાંને** = શા માટે **વ્યાસ** = વ્યાસજી **પંડિત** = જ્ઞાનમાં શ્રેષ્ઠ ગણાતા **કાજી** = કાજીઓ **મુલ્લા** = મુલ્લાઓ **નવ લહે** = જાણતા નથી **કુરાન** = કુરાનમાં **પુરાન** = પુરાણોમાં **લખ્યો ન પાંને** = કોઈ પણ પાનામાં લખેલ નથી.

## અનુવાદ

**જે નિરાકાર, નિરાધાર અને ગુણથી રહિત છે; તે શા માટે ગુણના સમાન સ્વરૂપ ધારણ કરે ? એવા પદને વ્યાસજી, પંડિત, કાજી અને મુલ્લા પણ જાણતા નથી કે કુરાન અને પુરાણોનાં કોઈ પાનામાં લખેલ નથી.**

## ભાવાર્થ

વિશ્વના સર્જનહાર આકારથી રહિત છે. તેમણે વિશ્વની રચનામાં કોઈનો પણ આધાર લીધો નથી. વળી રજોગુણ, તમોગુણ કે સતોગુણ જેવા ગુણથી રહિત છે. તો પછી એવા સર્જનહાર તેમના બનાવેલા નાશવંત વિશ્વમાં ગુણવાળું શરીર ધારણ કરીને શા માટે આવે ? એટલે કે સર્જનહાર આ નાશવંત વિશ્વમાં દેહ ધારણ કરીને કદી પણ આવતા જ નથી. આ રહસ્ય ને પુરાણોના રચયિતા વ્યાસમુનિ, જ્ઞાની કહેવાતા પંડિતો કે ઈસ્લામ ધર્મમાં કુરાનના ફરમાન પ્રમાણે ઈન્સાફ કરનાર વિદ્વાનો અને મસ્જિદોમાં નમાઝ પઢાવનાર મૌલવી પણ જાણતા નથી કારણ કે, ઈસ્લામ ધર્મના ધર્મગ્રંથ ગણાતા કુરાનેશરીફમાં કે હિંદુના અપ્રાચીન ધર્મપુસ્તકો એવા વેદોમાં તથા વ્યાસજી દ્વારા બનાવેલા અઢાર પુરાણોના કોઈ પણ પાનામાં (પૃષ્ટમાં) લખેલ નથી કે દર્શાવ્યું નથી.

**નામને રૂપ પડનાલ્યકાની પરે, શુદ્ધની સમસા વિરલ જાણે;**
**જે પદ આદ્ય અવ્યક્ત કૈવલ સદા, વિનમુદા તે સદા કુવેર માણે. ૫**

### શબ્દાર્થ

**નામ** = નામ **ને** = અને **રૂપ** = સ્વરૂપ, દેદાર **પડનાલ્યકાની** = પ્રણાલિકાની, પરંપરાની, ચાલી આવતી રૂઢિ પદ્ધતિની **પરે** = પર, અતિરિક્ત, અતીત **શુદ્ધની** = પવિત્રની, નિર્મળની, ચૈતનની, નિર્દોષ, નિષ્કલંક **સમસા** = સમસ્યા, પ્રશ્ન, સાન, સંકેત **વિરલ** = વિરલા, ઉપમા ન આપી શકાય તેવા **જાણે** = જાણે **જે પદ** = જે પરમ પદ **આદ્ય** = પુરાણું, આદિ **અવ્યક્ત** = વ્યક્ત નથી તેવું, આકારરહિત **કૈવલ** = કૈવલકર્તા **સદા** = સદાને માટે, કાયમ **વિન મુદા** = પદાર્થ રહિત, ભાવના રહિત **તે** = તે **સદા** = સદાય, હંમેશા, નિરંતર **કુવેર** = કુવેરસ્વામી **માણે** = માણે, સુખ અનુભવે, મજા કરે છે.

### અનુવાદ

**નામ અને રૂપની પ્રણાલિકાથી અતીત આવેલ ચૈતન અંગેનો સંકેત કોઈ વિરલા જ જાણે છે. વળી જે આદિ અવ્યક્ત, ભાવનારહિત, અને સદા સદોદિત કૈવલપદ છે તેને કુવેરસ્વામી નિરંતર માણે છે.**

### ભાવાર્થ

જગતમાં પ્રણાલિગત જે જે નામ અને રૂપવાળી નાશવંત રચના છે તેનાથી પરે મહદ્ ચૈતન અંગેનો સંકેત કોઈ વિરલા સંતપુરુષો જ જાણે છે. એવા આદિ-અનાદિ કે જેના પહેલાં કોઈ જ ન હતું તેવા અવ્યક્ત, ભાવનાઓથી રહિત અને સદા-સદોદિત સર્જનહાર કૈવલકર્તાનું પદ છે. તેને કુવેરસ્વામી નિરંતર માણે છે. એટલે કે, તે પદના મહદ્ હંગ સાથે દિવ્ય પરમગુરુ પોતાના અલ્પહંગથી અલંગ-સલંગ એકતા સાધીને તેમાં જ મગ્ન બનીને નિરંતર પ્રસન્ન ચિત્તે રહે છે.

### (સાખી)

**અમલ અલોકિત અનુભવ, સુર ગતિ રહિત સમાજ;**
**સુણતામાં શાંતિ કરે, અહેવો ઉગ્ર અવાજ. ૬**

#### શબ્દાર્થ

**અમલ** = હકૂમત, શાસન, સત્તા **અલોકિત** = ન દેખાય એવું, નહીં જોયેલું **અનુભવ** = પ્રત્યક્ષ જ્ઞાન, સમજણ શક્તિ, સમજ, જાણ **સુર** = દેવ **ગતિ રહિત** = સમજ વિનાના **સમાજ** = સમુદાય, સમૂહ **સુણતામાં** = સાંભળતામાં જ **શાંતિ** = શાંતિ, ચિત્તની શાંત અવસ્થા, નિરાંત અવસ્થા **કરે** = કરે છે **અહેવો** = એવો **ઉગ્ર** = મહાન, તીવ્ર **અવાજ** = ગર્જના, મોટો અવાજ, ધ્વનિ.

### અનુવાદ

**તે પદનો અમલ સર્વવ્યાપક છે તેમ છતાં દેવોનો સમુદાય તેથી અજાણ છે. તેના પ્રત્યક્ષ જ્ઞાનના ઉગ્ર ધ્વનિને સાંભળતાં જ શાંતિ પ્રાપ્ત થાય છે.**

## ભાવાર્થ

પરમપદ રૂપ કૈવલધામમાં રહેતા સકર્તા પતિ કૈવલની સત્તા સમસ્ત બ્રહ્માંડમાં પ્રસરેલી છે. તેથી તો તેમને "સ્વરાજ" વિશેષણથી નવાજમાં આવ્યા છે. તેમનો અમલ પણ સર્વત્ર ચાલે છે. તેઓ તત્ત્વાતીત હોવાથી ચર્મ ચક્ષુ દ્વારા જોઈ શકાય તેમ નથી. તેમનો મહિમાં અંતરિક્ષમાં બિરાજમાન સર્વ દેવતાઓનો સમુદાય પણ જાણતો નથી એટલે કે, તે પદ માટે અજાણ છે. એવા સ્વામી (માલિક)નું મહાન ગર્જનાયુક્ત કૈવલજ્ઞાનને સાંભળતાંની સાથે જ શાંતિ પ્રાપ્ત થાય છે.

**ધે ધાતા વિન સનધ સદ, પ્રાય પુરંજન ધામ;**
**જન જવરલા જક્તમે, તે પદના અભિરામ. ૭**

### શબ્દાર્થ

**ધે** = ધ્યાન ધરના સ્વરૂપ, જીવ **ધાતા** = જેનું ધ્યાન ધરવામાં આવે છે તે ઈશ્વર **વિન** = વિના, સિવાય **સનધ** = સ એટલે સહિત નધ એટલે ધણી એટલે કે ધણિયાતુ જ્યાં ધણી બિરાજમાન રહે છે તેવું **સદ** = ધામ, ઠેકાણું, રહેઠાણ **પ્રાય** = પરિપૂર્ણ બધી રીતે **પુરંજન** = માયાથી રહિત **ધામ** = ધામ **જન** = માનવ **જવરલા** = કોઈક જ **જક્તમેં** = વિશ્વમાં, જગતમાં **તે પદના** = તે પરમપદના **અભિરામ** = વિરામ પામ્યા છે, અભિ-શ્રેષ્ઠતા દર્શાવતો ઉપસર્ગ રામ-આત્મા એટલે શ્રેષ્ઠ આત્મા, મહાન આત્માઓ રહે છે.

## અનુવાદ

**તે પદ ધે-ધાતાથી રહિત છે. જ્યાં ધણી સદા બિરાજમાન રહે છે. તે ધામ માયાથી રહિત છે. વિશ્વના કોઈ જવરલા સંત કે જે મહાન આત્માઓ છે તે આ પદમાં વિરામ પામ્યા છે.**

## ભાવાર્થ

એવા પરમપદમાં સંસારની માફક કોઈનું ધ્યાન ધરવાનું પણ નથી એટલે કે, ધે-ધાતા (જીવ-ઈશ્વર) બન્ને પદોથી તે રહિત ધામ છે. જ્યાં સર્વના સ્વામી રૂપ કૈવલકર્તા સદાને માટે અટલ આસને બિરાજમાન રહે છે. વળી તે તત્ત્વાતીત

હોવાથી માયાથી રહિત તે ધામ છે. જ્યાં આદ્ય, અંત કે મધ્ય ત્રણ કાળ કે સાંસારિક માયાના ગુણ ધર્મોવાળુ કોઈ તત્ત્વ નથી. તે પદમાં વિશ્વના કોઈક વિરલ સંત દશાવાળા મહાન આત્માઓ પોતે હંસ સ્વરૂપે થઈને ત્યાં રહે છે. એક વખત કૈવલધામમાં ગયા પછી કોઈ ક્રિયા કે કર્મ કરવાનું નથી. અંશને મહાકલ્પ પુરો થતાં સુધી અખંડ આનંદમાં સર્જનહારની સાન્નિધ્યમાં રહેવાનું સૌભાગ્ય પ્રાપ્ત થાય છે.

# અંગ ૧૬
# અદ્વૈતા-દ્વૈત રમણ દરશાવનકો

**માણ્યની જાણ્ય કહુ સાંભળો સંત સહુ, વેષ વરજીતની તીત સાંઈ;**
**મન બુધ ચીત અહંકાર પહોંચે નહીં, લક્ષ અલક્ષનાં પક્ષ જાંઈ. ૧**

### શબ્દાર્થ

**માણ્યની** = માણેલું, અનુભવેલું, ભોગવેલું, લ્હાવો લેવો **જાણ્ય** = સમજ, ને અંગેની માહિતી, વૃતાંત **કહું** = કહુ છું **સાંભળો** = સાંભળો **સંત સહુ** = સર્વ સંતજનો **વેષ** = ઘાટ, શરીરથી **વરજીતની** = જૂદું, અળગું, નિરાળું **તીત** = પરે, ઉપર **સાંઈ** = માલિક **મન** = મન અંતઃકરણ **બુધ** = બુદ્ધિ અંતઃકરણ **ચીત** = ચિત્ત અંતઃકરણ **અહંકાર** = અહંકાર અંતઃકરણ **પહોંચે નહીં** = ત્યાં પહોંચતા નથી **લક્ષ** = હેતુ, ઉદ્દેશ, એકાગ્રત **અલક્ષનાં** = દુર્લક્ષ, ઉપેક્ષાનાં **પક્ષ** = મત, અભિપ્રાય, વિચાર **જાંઈ** = જ્યાં.

### અનુવાદ

**મારા અનુભવ અંગેની માહિતી હું કહું છું, તે સર્વ સંતો શ્રવણ કરો. માલિક ઘાટથી પરે નિરાળા છે. જ્યાં મન, બુદ્ધિ, ચિત્ત અને અહંકાર પહોંચી શકતા નથી તેમજ લક્ષ અને અલક્ષનો ત્યાં કોઈ પણ પક્ષ નથી.**

### ભાવાર્થ

કુવેરસ્વામીની વાણી અનુભવજન્ય છે. હવે તેઓ આ અંગમાં પોતાના અનુભવ અંગેનો વૃતાંત સંભળાવે છે. જે સંતદશાએ પહોંચેલા સર્વ મુમુક્ષુઓએ એક ચિત્તે થઈને સાંભળવાની જરૂર છે. વિશ્વના સર્જનહાર પંચભૌતિક ઘાટોથી નિરાળા અને તેની પરે છે, એટલે કે તત્ત્વાતીત છે. જ્યાં મન, બુદ્ધિ, ચિત્ત અને અહંકાર જેવા અંતઃકરણ પહોંચતા નથી. ત્યાં કોઈ પણ પ્રકારના દુન્યવી ઉદ્દેશ કે ઉપેક્ષા જેવા પક્ષો નથી એટલે પક્ષાપક્ષથી પણ પરે છે. માટે આપણે જો તે પદને માણવું હોય તો પ્રથમ તત્ત્વાતીત એવા શુદ્ધ ચૈતન અંશ સ્વરૂપે થઈ પાંચ ભૌતિક પદાર્થોની માત્રાઓ પ્રત્યેની વૃત્તિને પરહરીને અંતઃકરણોના

પ્રભાવથી પણ મુક્ત બનવું પડશે.

**પંચ પરપંચની પાર પર અધર ઘર,**
**સધર પર અજર ઘર તે પહેચાન્યા;**
**આપહી આપ ઉલટી ભઈ સુલટમે,**
**કુલટની દ્રષ્ટ ગઈ સુલટ જાન્યા. ૨**

### શબ્દાર્થ

**પંચ** = પાંચ તત્ત્વોના **પરપંચની** = વિસ્તારથી, છળકપટથી, વ્યાધિથી, દુનિયાની **પાર** = પેલે કિનારે દૂર, સીમાથી, દૂરથી **પર** = પરે **અધર** = કોઈનો પણ આધાર વગરનું **ઘર** = ધારણ થઈ રહેલ **સધર** = સદ્ધર, શક્તિમાન, કોઈપણ પ્રકારની આંચન આવે તેવું **પર** = તેની પણ પરે **અજર ઘર** = જેનો વિનાશ થતો નથી તેવું ધામ **તે** = તે **પહેચાન્યા** = ઓળખી લીધું છે **આપહી આપ** = પોતેપોતાનામાં જ **ઉલટી ભઈ** = ઊલટાવીને **સુલટમેં** = સૂલટાવીને **કુલટની દ્રષ્ટ** = કુમતિ, અધોગતિ પામેલી વૃત્તિઓ **ગઈ** = થાય, જાય **સુલટ** = સૂલટી થઈ છે તેમ **જાન્યા** = જાણવી, અનુભવી.

### અનુવાદ

**પોતાની વૃત્તિઓ જે ઊલટી થયેલી છે તેને સૂલટી કરી લેવામાં આવે તો પાંચ તત્ત્વોની ઉપાધિથી પાર અને તેનાથી પણ પરે, અધ્ધર ધારણ થઈ રહેલા અજર ઘરની ઓળખાણ થઈ શકે છે, પરંતુ અધોગતિ પામેલી વૃત્તિઓની દષ્ટિ જ્યારે ઉર્ધ્વગતિના કાર્યો કરે તો જ સૂલટી થઈ છે તેમ જાણવું.**

### ભાવાર્થ

પાંચ મહાતત્ત્વો: પૃથ્વી, જળ, પાણી, અગ્નિ, પવન અને આકાશથી બનેલી સર્વ નાશવંત રચના જેને આપણે વૈરાટ તરીકે ઉદ્‌બોધન કરીએ છીએ. એવા વૈરાટની પાર અને તેની પણ પરે સર્જનહારનું ધામ આવેલું છે. જે આ નાશવંત તત્ત્વોથી રહિત અવિનાશી અને તત્ત્વાતીત છે. જે કોઈ પણ જાતના આધાર વગર અદ્ધર ધારણ થઈ રહેલું છે. જેને આદ્ય, મધ્ય કે અંત એવા કાળનો સ્પર્શ થઈ શકે તેમ નથી. એટલે કે, તે અજર-અમર છે. એવું જે કૈવલધામ છે તેને

કુવેરસ્વામીએ અનુભવ્યું છે અને ઓળખી પણ લીધું જ છે.

દુર્લભ મનુષ્ય દેહ મળ્યા પછી માનવીએ એવું ધામ પ્રાપ્ત કરવાની ઉત્કંઠા રાખવી જોઈએ. તે માટે પ્રથમ પોતાની અંદરની ઈન્દ્રિયોનો પ્રભાવ કે જે નાશવંત પદાર્થો અને ભોગ વૈભવ ભોગવવા માટે ઉત્સુક છે તેને ઊલટી કરવી જોઈએ. એટલે કે શબ્દ, સ્પર્શ, રૂપ, રસ અને ગંધ જેવી માત્રાઓના મોહ તરફ બાહ્યવૃત્તિ ભટકે છે અને તેની પાછળ આંધળી બનીને તેમાં રચી-પચી રહે છે તેને પોતાના સ્વરૂપમાં ઊલટી કરી તેના પ્રભાવથી મુક્ત બનાવવી જોઈએ. અને માત્ર ચૈતન અંશના મોક્ષના કાર્યમાં વપરાય તે મુજબ વાળવી જોઈએ. એ ત્યારે જ થયું કહેવાય કે જ્યારે કુટિલ કાર્યોથી અધોગતિ પામેલી વૃત્તિઓ અને ઈન્દ્રિયોના બાહ્ય પદાર્થો પાછળનો તણાવ-આકર્ષણ નાશ પામે યાને મુક્ત થઈને ઉર્ધ્વગતિએ થાય. આ દશા પ્રાપ્ત થાય તો જાણવું કે અધોગતિના માર્ગે ગમન કરતી વૃત્તિઓ હવે સૂલટી થઈ છે.

અન્ય રીતે સમજીએ તો આપણી વૃત્તિઓ અધોમુખી (સંસાર તરફ) રહેલી છે તેને ઊલટ ક્રિયા દ્વારા પોતાના સ્વ-સ્વરૂપમાં વાળવાથી ઉર્ધ્વમુખી થશે. આ પ્રમાણે ઉર્ધ્વમુખી થયેલ આપણી વૃત્તિઓ ચૈતન અંશના મોક્ષના કાર્યમાં જ વપરાશે. આમ અધોગતિના માર્ગે વપરાતી તમામ વૃત્તિઓ સૂલટી થઈ જાય ત્યારે આપણને નિજ સકર્તાપતિની જાણ્ય અવશ્ય પ્રાપ્ત થશે. અને કૈવલધામની પણ ઓળખાણ થશે.

**સુરત ભઈ લીન સમલીત સમી નીરતમે,**
**નીરત નિરધારને સંગ પાગી;**
**અગમ અવિલોકમે સમજ એકતા ભઈ,**
**નિજપતિ ન્યાલ ગયો ભર્મ ભાગી. ૩**

**શબ્દાર્થ**

**સુરત** = નુરતા, બાહ્ય દૃષ્ટિ **ભઈ** = થઈ **લીન** = સમેટીને, એકાકાર, તલ્લીન, ઓગળી, પીગળી **સમલીત** = સુમેળ ભર, ભરપૂર, એકરૂપ સારી રીતે, ભરપૂર **સમી** = સમાઈ ગઈ **નીરતમે** = સુરતામાં, આંતરદૃષ્ટિ **નીરત** = સુરતા **નિરધારને** = આધાર રહિત પદની **સંગ** = સાથે ચોંટાડીને **પાગી** = પહોંચી, જોડાઈ **અગમ** = અગમ પદના **અવિલોકમે** = ગાઢ સબંધ અવિલોકતાં, નિહાળતાં **સમજ** = સમજ, વૃત્તિ, જાણ, જ્ઞાનદશા **એકતા** = એકાકાર **ભઈ** = થઈ **નિજપતિ** = સર્જનહાર **ન્યાલ** = કૃતાર્થ, સંતુષ્ટ, તૃપ્ત, ઈચ્છા પૂર્ણ થઈ **ગયો ભર્મ ભાગી** = ભ્રમણા ભાગી ગઈ, ભ્રમણાઓ નષ્ટ થઈ.

## અનુવાદ

**નુરતાને સમેટી સુરતામાં એકરૂપ બને તે રીતે સમાવવાથી તે સુરતા નિરાધાર પદની સાથે જોડાય છે. ત્યારે અગમના અવલોકનમાં જ વૃત્તિઓ એકાકાર થાય અને સર્જનહારના પદમાં સંતુષ્ટ થતાં ભ્રમણાઓ નષ્ટ થાય છે.**

## ભાવાર્થ

સૌ પ્રથમ દુન્યવી નાશવંત પદાર્થોના ભોગ ભોગવવા માટેની ઈચ્છાઓ પરથી બાહ્ય દૃષ્ટિવાળી લેવી જોઈએ. ત્યાર બાદ નુરતાને સમેટીને એટલે કે પાછી વાળીને શરીરના અંદરની વૃત્તિ રૂપી સુરતાની સાથે એકરૂપ થાય તે રીતે સમાવવી. એ રીતે થતાં એકરૂપ થયેલી નુરતા જે પહેલાં ભટકતી હતી તે હવે આધારરહિત એક અખંડ કૈવલપદની સાથે જોડાય છે. આવી સ્થિતિ થતાં અંશની ચૈતન શક્તિ અગમ પદના અવિલોકનમાં જ એકાકાર બને અને માત્ર સર્જનહારના પદમાં જ તૃપ્ત થઈ સંતોષ અનુભવે. આ રીતે જાગ્રત થયેલા અંશને હવે પછી અન્ય ભૌતિક નાશવંત પદાર્થોની પ્રાપ્તિ પાછળની કે ખંડિત ઉપાસના પાછળની ઘેલછા રહેતી નથી. તેથી અંશને કોઈ પણ પ્રકારની ભૌતિક અપેક્ષા રહેવા પામતી નથી. પરિણામે અંશની સર્જનહારના પદ સાથે જ એકતા જોડાયેલી રહે છે.

**બંધને મોક્ષની વિગત તો વેષને, શેષપદ સમકનાં રેખ લાગે;**
**આદ્ય ને અંત મધ્ય નિજપદને નહીં, જેમ છે તેમનો તેમ આગે. ૪**

### શબ્દાર્થ

**બંધ** = બંધન, કર્મના પાશ **ને** = અને **મોક્ષની** = મુક્તિ અંગેની **વિગત** = બાબત **તો** = તો **વેષને** = શરીરને, ઘાટને રચનારને **શેષપદ** = છેલ્લે બાકી રહેતું પદ, અંશ, જીવને **સમક** = બાધ, દોષ **નાં** = નથી **રેખ** = રેખમાત્ર, જરાપણ **લાગે** = લાગે **આદ્ય** = પ્રારંભ, ઉત્પત્તિ, જન્મ **ને** = અને **અંત** = વિનાશ, અંત, મૃત્યુ **મધ્ય** = જીવન, મધ્ય, વચ્ચેનો ગાળો, સમય **નિજપદને** = પરમપદને, સર્જનહારના પદને **નહીં** = નથી **જેમ છે** = જે રીતે છે **તેમનો તેમ** = તે રીતે **આગે** = પૂર્વે, અગાઉ, પહેલા, અનાદિથી.

## અનુવાદ

**બંધન કે મોક્ષ અંગેની બાબત તો રચનાને લાગું પડે છે, પરંતુ છેલ્લે બાકી રહે તે પદ(રચનારને) ને તેનો બાધ લાગતો નથી. તેમજ આદ્ય, અંત અને મધ્ય તે નિજ પદને લાગુ પડતું નથી. તે તો અનાદિથી જેમ છે તેમનું તેમ જ છે.**

## ભાવાર્થ

કર્મોના બંધન કે બંધનોમાંથી મુક્તિ અંગેની કોઈ પણ બાબત પંચ તત્ત્વોવાળાં નાશવંત વેશધારીઓને જ લાગુ પડે છે કારણ કે, સર્જનહારે પોતાની રચનામાં તે રહસ્યને વણી લીધેલું છે, પરંતુ આ જ બાબત જો સર્જનહારના પક્ષે વિચારીએ તો બંધન અને મુક્તિ એ બાબત સર્જનહારની રચનાને લાગુ પડે છે, પરંતુ રચનાનો વિનાશ થતાં યાને મહાકલ્પ પુરો થતાં છેલ્લે બાકી રહેલા એકમાત્ર કૈવલ પુરુષને તે બાધ લાગતો નથી. વળી આદ્ય, મધ્ય અને અંત એ ત્રણકાળનો સંબંધ નિજ કૈવલ પદને લાગુ પડતો નથી. એટલે કે, તે દિવ્ય કૈવલપદ ત્રણકાળથી રહિત હોઈ તેનો કદી ઉત્પત્તિ, વધારો-ઘટાડો કે વિનાશ થતો નથી. તે તો આદિ-અનાદિથી જેમ છે તેમનું તેમજ મહાશૂન્યમાં રહે છે.

## અચ્યુત અવ્યક્તને વેષ વિગતી કરી, આપ નિજ મોજ સંકલ્પ પસારી;
## તેહી તનુમાંહી જીનું અંશ ઉદયે કરી, કુવેર કરુણેશને દીયે વિસારી. ૫

### શબ્દાર્થ

**અચ્યુત** = માતાની ગર્ભયોનિથી નહીં ઉત્પન્ન થયેલ, અજન્મા **અવ્યક્ત** = દૃષ્ટિમાં ન આવે તેવું, આકારરહિત, નિરાકાર, અદર્શનીય **ને** = એમને, તેઓએ **વેષ** = શરીર, ઘાટો **વિગતિ** = ભાતભાતના, વિગતવાર **કરી** = ઉત્પન્ન કરીને **આપ** = પોતે **નિજ** = પોતાની **મોજ** = મોજ, આનંદ, મરજી **સંકલ્પ** = કલ્પના, ઈચ્છા, ઈરાદો, સંયોગીકરણ, સંકલન **પસારી** = પ્રસાર, ફેલાવો, વિકાસ **તેહી** = તે **તનુમાંહી** = ઘાટોમાં **જીનું** = જેમણે, જેમનો **અંશ** = અંશ, સજાતિય ભાગ **ઉદયે** = પ્રાગટ્ય, ઉદ્ભવ, ઉત્પન્ન **કરી** = કરીને **કુવેર** = કુવેરસ્વામી કહે છે કે **કરુણેશને** = કરુણાના ઈશને, **દીયે વિસારી** = ભૂલી ગયા, વિસરી ગયા, વિસારી દીધા.

### અનુવાદ

**અજન્મા અને નિરાકાર કર્તાએ પોતાની મોજ માટે સંકલ્પનો પસારો કરીને ભાત ભાતના વેશવાળા ઘાટો ઉત્પન્ન કર્યા છે. તે સર્વ ઘાટોમાં પોતાની સજાતિય અંશ ઉદ્‌ભવ કરી તેને પરોવ્યો છે. કુવેરસ્વામી કહે છે કે તેવા કરુણેશને અંશો ભૂલી ગયા છે.**

### ભાવાર્થ

અજન્મા અને નિરાકાર વિશ્વના સર્જનહાર કૈવલકર્તાએ પોતાની મોજ સારું પોતાના જ શુદ્ધ સંકલ્પ શક્તિથી પાંચ વૃત્તિઓનો પસારો કરીને વિવિધતાવાળું વિરાટ બ્રહ્માંડ અને સ્થૂળ, સૂક્ષ્મ, કારણ, મહાકારણ અને પરમકારણદેહવાળા અસંખ્ય નાશવંત ઘાટો ઉત્પન્ન કર્યા છે. એ સર્વને ચેતનવંત કરવા માટે છઠ્ઠી અંશવૃત્તિ દ્વારા પોતાના જ સજાતિય એવા સામાન્ય, વિશેષ અને પરમવિશેષ અંશોને ઉત્પન્ન કરીને તે ઘાટોમાં પોંખવામાં આવ્યા. આ રીતે સર્વ દેહોની રચના ચેતનવંત અને હાલતી ચાલતી કરી છે. કુવેરસ્વામી કહે છે કે તે અંશો દેહોનાં બંધનમાં બંધાઈ ગયા હોવાથી કરુણાઓના ઈશ એવા સર્જનહારને વીસરી ગયા છે.

### (સાખી)

**કીટ પતંગ વિરંચી લ્યૌ, નિજપતિ અંશ સજાત;**
**ઉભે વિશેષ સામાન્યમહી, એકતા પણે વિજાત. ૬**

### શબ્દાર્થ

**કીટ** = નાના કિટાણુ, કિટાણુઓની જાતિ **પતંગ** = પતંગ, પાંખોથી ઉડતી નાની પતંગ જાતિ **વિરંચી** = બ્રહ્મા **લ્યૌ** = સુધી **નિજપતિ** = નિજકર્તા, માલિકના **અંશ** = અંશો **સજાત** = સજાતિય **ઉભે** = બન્નેવ **વિશેષ** = વિશેષ અંશો **સામાન્યમહી** = સામાન્ય અંશોમાં **એકતાપણે** = બન્નેના ભેગા થવાથી, જોડાણ થવાથી, અંદરો-અંદર સરખામણીમાં, મળવાથી **વિજાત** = જુદા છે, વિજાતિ રૂપે છે, અલગ જાતિ છે.

### અનુવાદ

**કીટ પતંગની આદ્ય લઈ બ્રહ્મા સુધીના સર્વ અંશો નિજપતિના સજાતિ**

**છે. જેમા વિશેષ અને સામાન્ય બન્નેમાં એકતાપણું છે પણ ઘાટના ભેદને લીધે વિજાત જણાય છે.**

## ભાવાર્થ

જગતમાં નાનામાં નાના કિટાણુ અને પતંગિયાની જાતિથી માંડીને મહાનમાં મહાન ગણાતા બ્રહ્માજી સુધીના સર્વ ઘાટોમાં બિરાજમાન અંશો વિશ્વના સર્જનહાર નિજ સકર્તા કૈવલધણીના સજાતિય છે. જેમાં સ્થૂળ દેહવાળા સ્થાવર-જંગમ ઘાટોમાં રહેલા અંશો સામાન્ય ગણાય છે અને કારણ અને મહાકારણ દેહમાં રહેલા અંશો વિશેષ કોટિના ગણાય છે. આમ આ બન્ને અંશો નિજકર્તાના પક્ષે જોતાં એક જ સર્જનહારના અંશો છે. જેથી સજાતિપણાની દષ્ટિએ બધા અંશોમાં એક્તાપણું છે, પરંતુ દેહના ભેદને અને સામર્થતાને લીધે વિવિધતાપણું હોવાના કારણે વિજાતિ જણાય છે.

**જાંહાં જમ જેહેવો તાંહાં તમ, વિવિધી વિચિત્ર પ્રકાર;**
**જક્તરુપ નિજ અંશ જૂથ, કરીતવ કરત અપાર. ૭**

### શબ્દાર્થ

**જાહાં** = જ્યાં **જમ** = જેમ **જેહેવો** = જે પ્રકારે **તાંહાં** = ત્યાં **તમ** = તે પ્રમાણે **વિવિધી** = વિધ-વિધ, જુદા-જુદા **વિચિત્ર** = તરેહના, વિલક્ષણ **પ્રકાર** = પ્રકાર, જાત **જક્તરુપ** = જગતને અનુરૂપ **નિજ** = મૂળ **અંશજૂથ** = અંશોનો સમૂહ **કરીતવ** = કરતવ, કાર્ય, કર્મ **કરત** = કરે છે **અપાર** = પારવિનાનાં, અપાર.

## અનુવાદ

**મૂળ અંશોનું જૂથ જક્તરૂપ થઈ જ્યાં જેમ જે પ્રકારે ત્યાં તેમ તે પ્રમાણે જુદા જુદા અને તરેહ તરેહના વિચિત્ર પ્રકારના ઘાટો ધરાવે છે અને અપાર કર્મો કરે છે.**

## ભાવાર્થ

સર્જનહારે સમસ્ત વિશ્વમાં જુદા જુદા પ્રકારના અને ચિત્ર વિચિત્ર અનંત

ઘાટો બનાવ્યા છે. તે દરેક ઘાટોમાં સકર્તાપતિની સજાતિના ચૈતન અંશો રહેલા છે. એવા મૂળ અંશોના સમૂહ એક જ કૈવલ કુળમાંથી ઉત્પન્ન થયેલા હોવા છતાં સામાન્ય અંશો ચાર પ્રકારની ખાણો દ્વારા ઉદ્ભવીને વિવિધતાવાળા સ્થૂળ ઘાટોમાં જ્યાં જે પ્રકારે દેહ હોય ત્યાં તેવી રીતે અને તે પ્રમાણે તે ઘાટોમાં વર્તમાન કરે છે અને અપાર કર્મો કરે છે. કોઈ સૂક્ષ્મ દેહમાં અને વિશેષ અંશો કારણ અને મહાકારણ દેહમાં અને પરમવિશેષ અંશો પરમકારણ દેહમાં નિવાસ કરે છે.

# અંગ ૧૭
# કર્તા અંશ આપ નિજ નિર્ણયકો

**તેહી નિજ કરતનો કરન કારન તુજ,**
**નિજપતિ અંશ તન જો તપાસી;**
**આપ ઉદ્યોત નિજ જ્યોત નરણે કરી,**
**એહી મમ હંગ જીનું હો અભ્યાસી. ૧**

### શબ્દાર્થ

**તેહી** = તે **નિજ** = મૂળ પોતાના **કરતનો** = કર્મોનો **કરન** = કરનાર, કરવાવાળો **કારણ** = કારણરૂપે **તુજ** = તું પોતે જ છે **નિજપતિ** = સકર્તા પતિનો નિજકર્તાનો **અંશ** = સજાતિ ભાગ, સજાણજાણ સ્વરૂપ **તન** = શરીરમાં **જો તપાસી** = તપાસ કરીને જો નિહાળ, દૃષ્ટિ કર **આપ** = પોતે **ઉદ્યોત** = પ્રકાશ, તેજ **નિજજ્યોત** = પોતાની કિરણરૂપે **નરણે કરી** = નિર્ણય કરીને **એહી** = એ **મમ હંગ** = મારા હંગ, મારી જાણનો, **જીનું** = જેનો **હો** = યા, બનીને **અભ્યાસી** = અભ્યાસ કરનારો, ઉદ્યમી.

### અનુવાદ

**પોતાના તે કર્મોનો કરવાવાળો કારણરૂપે તું જ છે. નિજપતિનો અંશ શરીરમાં છે, તેને તપાસી જો. પોતે સર્જનહારના મહદ્ ચૈતનના પ્રકાશના કિરણરૂપે છે તેનો નિર્ણય કરીને કર્તાના મહદ્ હંગ સાથે પોતાના અલ્પ હંગનો અભ્યાસી થા.**

### ભાવાર્થ

જે તે દેહ દ્વારા થતા અપાર કર્મોનો કરવાવાળો કારણરૂપે અંશ પોતે જ છે. તેવા અંશના ચૈતન સ્વરૂપને તપાસતાં માલુમ પડે છે કે તે પોતે સકર્તા નિજપતિનો જ નિજ જાણ સ્વરૂપે છે. જે આ નાશવંત પંચ ભૌતિક શરીરને પોતાની ચૈતન શક્તિ દ્વારા બ્રહ્મના મહાતત્ત્વ અવિકાસ, વિકાસ અને કુંભસ્થના માધ્યમથી ચેતનવંત રાખે છે અને કર્મો કરવાને અનુરૂપ બનાવે છે.

સર્જનહારની મહદ્ સજાણજાણ એટલે કે સર્જનહારના મહદ્ અંતર હંગ છે અને તેની ઉત્પત્તિ રૂપે સજાણજાણ રૂપ ચૈતન અંશ છે. તેથી જ ચૈતન અલ્પ જાણ જેને અંશનું અલ્પ હંગ કહેવાય છે.

દેહ દ્વારા થતા અપાર કર્મો તેમજ ક્રિયાઓને કરવાવાળો તથા તેના કારણ રૂપે અંશ પોતે જ છે. અંશનું ચૈતન્ય સ્વરૂપ એ સકર્તા કૈવલ પતિના મહદ્ ચૈતનતાના એક કિરણરૂપે છે. આ શરીરને ચેતનવંત કરીને ચલાવનાર પોતે સકર્તા પતિનો જ ચૈતન અંશ છે. અંશ પોતાની ચૈતન શક્તિના સામાન્ય આભાસ દ્વારા પ્રકાશ બ્રહ્મવૃત્તિના ત્રણ મહાતત્ત્વોના માધ્યમથી આ દેહને ચેતનવંત રાખે છે. તેવા અલ્પજ્ઞ હંગની (જાણ્ય) કેળવી ને આપણે અભ્યાસી બનવું જોઈએ.

**ગુણ ઘણ ઈન્દ્રિ અંતસ રસ પરહરી,**
**આપ અનભે થઈ અલગ જીનસે;**
**શુદ્ધ સ્વરૂપ જેહી અંશ કરતારકે,**
**તે તનું તુજ કર સુઝ ભિનસે. ૨**

### શબ્દાર્થ

**ગુણ** = રજો, તમો અને સતો એમ ત્રણ ગુણ **ઘણ** = અચંત, સ્વકાશ અને અહંકાર એમ ત્રણ ઘણ **ઈન્દ્રિ** = પાંચ કર્મેન્દ્રિય અને પાંચ જ્ઞાનેન્દ્રિય એમ દશ ઈન્દ્રિયો **અંતસ** = મન, બુદ્ધિ, ચિત્ત, અહંકાર અને નચિંત એમ પાંચ અંતઃકરણ **રસ** = છ સ્વાદઃ ખારો ખાટો, ગળ્યો, તીખો, કડવો અને તુરો **પરહરી** = ત્યાગ કરીને, ત્યજી દઈને **આપ** = પોતે **અનભે** = મુક્ત, નિર્ભયતાપૂર્વક, નિર્મળ **થઈ** = થઈને **અલગ** = જુદા **જીનસે** = તેનાથી **શુદ્ધ સ્વરૂપ** = શુદ્ધ સ્વરૂપ **જેહી** = જે **અંશ કરતાકે** = કર્તાના અંશનું **તે** = તેણે **તનુ** = ઘાટ, શરીરથી **તુજ** = તું **કર** = કરજે **સૂઝ** = સમજપૂર્વક **ભિનસે** = જૂદું, અલગ તારવીને.

### અનુવાદ

**ગુણ, ઘણ, ઈન્દ્રિ, અંતઃકરણ અને ખટ રસનો ત્યાગ કરી તેના લગાવથી અલગ થઈને પોતે નિર્ભયતા પ્રાપ્ત કર. વળી જે કૈવલકર્તાના અંશના શુદ્ધ સ્વરૂપને તું તારા શરીરથી સમજપૂર્વક અલગ તારવી જો.**

## ભાવાર્થ

દરેક માનવીએ પોતાના શરીરમાં રહેલા તત્ત્વોના માયિક બંધનોની જાળમાંથી છૂટવા માટે પ્રયત્ન કરવો જોઈએ. તેમાં ખાસ કરીને ત્રણ ગુણ, ત્રણ ઘણ, દશ ઈન્દ્રિયો, પાંચ અંતઃકરણ અને છ રસોના આકર્ષણોનો નિર્ભયતા પૂર્વક પરિત્યાગ કરીને પોતે નિર્મળ (મુક્ત) બનવું જોઈએ. શરીરમાં નાશવંત શું છે અને અંતે જે શાશ્વત બાકી રહે છે તેની સમજપૂર્વક ભિન્નતા સમજવી જોઈએ. પોતાનું જે શુદ્ધ ચૈતન સ્વરૂપ છે તે કૈવલકર્તાનો જ સજાતીય અંશ છે, અંશના એવા શુદ્ધ ચૈતન શાશ્વત સ્વરૂપને જ્ઞાન થકી ઓળખીને નાશવંત શરીરથી અલગ તારવવું જોઈએ.

**તરક હોઈ તલબથી ફરક ભવ ફંદસે,**
**અનીત તજ તત્ત્વ રહે સત્ત્વ અસમી;**
**ભઈ નરવેદ ભલ ભેદ પતિ પરમકે,**
**હરમકે કરમ કર ભરમ ભસમી. ૩**

### શબ્દાર્થ

**તરક** = તર્ક, અનુમાન, કલ્પના, દલીલ, ચતુરાઈ, આકાંક્ષા **હોઈ** = થઈ **તલબથી** = ઉત્કૃષ્ટ, ઈચ્છા, તલપ, ચાહના **ફરક** = ફેર, તફાવત, ભિન્નતા, જુદાપણું **ભવ** = જગત, વિશ્વના **ફંદસે** = પાશ, જાળ, બંધન **અનીત** = નાશવંત, અનિત્ય **તજ** = ત્યજીને, છોડીને **તત્ત્વ** = તત્ત્વ **રહે** = બાકી **સત્ત્વ** = શાશ્વત, નિત્ય **અસમી** = પોતાપણાનું અભિમાન **ભઈ** = થઈ **નરવેદ** = તીવ્ર વૈરાગી **ભલ** = તપાસ, નિરૂપણ **ભેદ** = રહસ્ય, મર્મ, તફાવત જુદાપણું **પતિ** = માલિક **પરમ કે** = પરમનો, શ્રેષ્ઠ, સર્વસ્વીકૃત, આદ્યનો, પરમ પરમેશ્વરનો **હરમકે** = હરામખોરીવાળાં, અનિષ્ટ **કરમ** = કર્મો **કર** = કરીને **ભરમ** = ભ્રમણાયુક્ત **ભસમી** = ભસ્મીભૂત, બાળીને, મારીને.

## અનુવાદ

**જેનામાં આકાંક્ષાઓ ભોગવવાની તલબ થઈ છે તે જગતના બંધનરૂપ બને છે. માટે તેનો તફાવત સમજી તેવા અનિત્ય તત્ત્વોનો ત્યાગ કર. છેવટે જે શાશ્વત તત્ત્વ રહે છે, તેનું અભિમાન ધારણ કર. પરમપિતાના રહસ્યને વૈરાગ દ્વારા નિરૂપણ કરી અનિષ્ટ કર્મોની ભ્રમણાઓને તું બાળી દે.**

## ભાવાર્થ

ભૌતિક પદાર્થોના ભોગ ભોગવવાની અને નાશવંત મહાત્વાકાંક્ષાઓને સંતોષવાની વૃત્તિ જગતના બંધનરૂપ છે. તેની ચાહના કરનારાઓએ અનિષ્ટ તત્ત્વોનો ત્યાગ કરવો જોઈએ. શરીરમાંથી એવા તત્ત્વોની બાદબાકી કર્યા પછી છેવટે જે શાશ્વત તત્ત્વરૂપ ચૈતન રહે છે તેનું અભિમાન ધારણ કરવું જોઈએ. "હું સર્જનહારનો ચૈતન અંશ છું માટે આ વિશ્વમાં સર્જનહાર સાથેના સંબંધ સિવાય અન્ય આકાંક્ષાઓ વ્યર્થ છે." તેવી અસ્મિતા ધારણ કરવી જોઈએ. નાશવંત શરીરમાં જેમ સર્વોપરી શાશ્વત અંશ છે તેમ બ્રહ્માંડની રચના સર્વ નાશવંત તત્ત્વોની છે અને પરમ પિતા પરમેશ્વર શાશ્વત અને સર્વોપરી છે, એવો ભેદ સમજવો જોઈએ આવી શુદ્ધ સમજ જગતના સર્વ નાશવંત પદાર્થો પ્રત્યે તીવ્ર વૈરાગ ધારણ કરવાથી થઈ શકે છે. એટલે સંસારમાં અનિષ્ટ, હરામી ભરેલાં પાપી કર્મોની ભ્રમણાઓને ભસ્મીભૂત કરી નાખીને નાશવંત અને શાશ્વતનો તફાવત સમજવો જરૂરી છે.

**થઈ નિરાલંબ નિરલેપ સત્ સરુપતા,**
**ધરમતા તેહી તને વિગત વેસે;**
**ઉલટ જો આપ કરી સાફ કારજ કુલ,**
**તો તુલ્ય કુણ તુજ ઈત ઈમેસે. ૪**

### શબ્દાર્થ

**થઈ** = થઈને **નિરાલંબ** = આલંબન રહિત, જેના આધારથી મોહ નાશ થાય તેવી સ્થિતિ, વાસનામુક્ત **નિરલેપ** = આવરણોથી રહિત, અનાશક્ત **સત્ સ્વરૂપતા** = સાચું સ્વરૂપ, શાશ્વત સ્વરૂપ **ધરમતા** = તારો ધર્મ ફરજ, જવાબદારી **તેહી** = તેજ છે **તને** = શરીર **વિગત** = દરેકે દરેક વિગત, હકીકત, બાબત, પ્રત્યેક કાર્યો **વેસે** = મનુષ્યના દેહ, ઘાટ **ઉલટ** = અવળાં, ઊંધા **જો** = જો **આપ કરી** = પોતે, જાતે કરીને **સાફ** = શુદ્ધ, ચોખ્ખા **કારજ** = કર્મો, કાર્યો **કુલ** = બધા જ **તો** = તે પછી **તુલ્ય** = તારી સરખામણી બરોબરી **કુણ** = કોણ **તુજ** = તારા સિવાય, તારાથી **ઈત** = આ ભવમાં, મૃત્યુલોકમાં **ઈમેસે** = એમાંથી, માંથી.

### અનુવાદ

**આલંબન રહિત નિર્લેપ થઈ તારા શુદ્ધ સ્વરૂપે થા. મનુષ્ય દેહ મળ્યા પછી**

**આ શરીરને વિષે એ જ તારો ખરો ધર્મ છે. સર્વ અનિષ્ટ કર્મો કરવાનું છોડીને તેને ઊલટ કરી પોતાના ચૈતન માટે સત્ય કર્મો કરીશ તો, આ મૃત્યુલોકમાં તારી સરખામણી કરી શકે એવો અન્ય કોણ હોઈ શકે ?**

### ભાવાર્થ

૮૪ લાખ ઘાટોમાં સર્વ શ્રેષ્ઠ એવો દુર્લભ મનુષ્ય દેહ પ્રાપ્ત કર્યા પછી આ શરીરને વિષે આપણો મૂળભૂત ધર્મ એ છે કે જન્મ-મરણરૂપી ભવબંધનમાંથી મુક્તિ મેળવવી. આહાર નિંદ્રા, ભય અને મૈથુન એમ બધી જ ક્રિયાઓ દરેક ઘાટોમાં થતી હોય છે.

પરંતુ મનુષ્યનો એક એવો ઘાટ છે જેમાં પોતાના ચૈતન અંશના કલ્યાણ અંગેનું કાર્ય કરી શકાય. અને એ જ આ શરીરનો ધર્મ-ફરજ કે જવાબદારી છે. તેને માટે આપણને માયિક બંધનોમાં જકડી રાખનાર તત્ત્વો કે જેને આધારે મોહ ઉત્પન્ન થાય છે, તેવી શબ્દ, સ્પર્શ, રૂપ, રસ અને ગંધ માત્રાઓને ભૌતિક પદાર્થો પાછળ જતી અટકાવી જોઈએ. દેહનાં માયિક આવરણોથી મુક્ત બનવું જોઈએ. તેમજ પોતાના શરીરનાં તત્ત્વો નાશવંત છે તેમ સમજીને છેલ્લે બાકી રહેતા પોતાના ચૈતન અંશને આવરણ મુક્ત શુદ્ધ સ્વરૂપે કરવા પ્રયત્ન કરવો જોઈએ. આ માટે ઈન્દ્રિયોનાં ભોગ વૈભવ અને અંતઃકરણોથી ઊભા થતાં તરંગો અને વાસનાઓ જે અંશને અધોગતિ માર્ગે લઈ જવાવાળા કર્મો છે તેવા અનિષ્ટ કર્મોને છોડી દેવાં જોઈએ. આ જ ઈન્દ્રિયો અને અંતઃકરણોનો ઉપયોગ અંશના ઉર્ધ્વગમન માટે કરવાથી સત્ય કર્મોનો પ્રભાવ વધશે. જો પોતાના ચૈતન સ્વ-સ્વરૂપને સાચી રીતે ઓળખવા પ્રયત્ન કરવામાં આવે તો આપણને થશે કે આ વિશ્વમાં આપણી સરખામણી કરી શકે તેવો અન્ય બીજો કોઈ ઘાટ નથી.

**તદીપતા તેહીત તે રહી જતમત સત,**
**અખિલ આનંદ કર ખલક માંહી;**
**તો તુજો બાધ કાંઈ સાધગત સત હુતે,**
**ઉત હુતે છુત નહીં કછુ ન કાંહી. ૫**

### શબ્દાર્થ

**તદીપતા** = જો કદાચ, તેથી **તેહીતતે** = તે પ્રમાણે **રહી** = રહીને, જિંદગી જીવીને, કર્મો કરીને **જતમત** = જતમતપણે, નિયમતાપૂર્વક **સત** = સત્ય ધર્મ પાળીને **અખિલ આનંદ** = અવિરતપણે ખીલેલો આનંદ, જેનો નાશ નથી તેવો આનંદ, આત્માનંદ **કર** = કર, ભોગવ **ખલક માંહી** = વિશ્વમાં, જગતમાં **તો તુજો** = તો તને **બાધ** = રુકાવટ, અડચણ, દોષ **કાંઈ** = કાંઈ પણ **સાધગત** સાધક ગતિ પ્રાપ્ત કરવામાં **સત્** = સત્ય સાર્થક **હુતે** = થશે, માટે **ઉત હુતે** = જેવાં પહેલાં હતો તેવો, ત્યાં જેવો હતો તેવો **છુત નહીં** = સ્પર્શ કરશે નહીં, અડકશે નહીં **કછુ ન** = કાંઈ પણ નહીં **કાંહી** = કઈ પણ, ક્યારેય.

### અનુવાદ

**જો કદાચ તે પ્રમાણેનું જતમત પણે સત્યધર્મ પાડીને રહીશ તો વિશ્વમાં અખિલાનંદ ભોગવીશ. જેથી તને તારા સ્વરૂપ માટે કરેલી સત્ય સાધના તને કોઈ અડચણ વગર સાર્થક થશે. આમ કરવાથી તને બંધનો ક્યારેય પણ અને કોઈપણ રીતે સ્પર્શ કરશે નહીં, જેથી તું જેવો પહેલાં હતો તેવો થઈ શકીશ.**

### ભાવાર્થ

જો માનવી અગાઉ દર્શાવ્યા પ્રમાણેના નિયમપૂર્વક કર્મો કરી સત્ય ધર્મ પાળીને વૈરાગ પૂર્ણ જિંદગી જીવશે તો જરૂર વિશ્વમાં તે સદેહે અખિલાનંદ (આત્માનંદ)નો ઉપભોગ કરી (માણી) શકશે. જેથી જગતના નાશવંત બંધનો તેને ક્યારેય પણ અને કોઈ પણ પ્રકારે સ્પર્શ કરી શકતા નથી. તેથી પોતાના શાશ્વત સ્વરૂપ માટે કરેલી સત્ય સાધના કોઈ અડચણ યાને રુકાવટ વગર સાર્થક થઈ શકશે. ગુરુકૃપાથી આવી સાચી સમજ અને જ્ઞાન દશા પ્રાપ્ત થતાં અંશ અંતે જેવો પહેલો હતો તેવા શુદ્ધ અણિ અગ્ર અંકુરિત સ્વરૂપે થઈ શકે છે અને પરમેશ્વરના પરમપદમાં જઈને કર્તા ને મળી શકે છે.

**એહી પરકાર નિજ યાર અનવે થઈ,**
**તરન તારન મહી જન સમેરુ;**
**કહે કુવેર નવેર કર ભવ ભર,**
**સરભર નહીં ન કોઉ તનક તેરુ. ૬**

### શબ્દાર્થ

**એહી પરકાર** = એ પ્રકારે **નિજ યાર** = નિજ પતિ પરમેશ્વર **અનવે થઈ** = એકરૂપતા સાધીને, એક મેક થઈ **તરન તારન** = પોતે તો તરે અને બીજાને પણ તારી શકે તેવા **મહી** = માં **જન** = માનવજાતિમાં **સમેરુ** = સર્વ શ્રેષ્ઠ, મેરુ સમાન (જન સમેરુ = સમગ્ર માનવ ઘાટ) **કહે કુવેર** = કુવેરસ્વામી કહે છે કે **નવેર કર** = નિર્ણય કરીને **ભવ ભર** = સમગ્ર બ્રહ્માંડમાં, વિશ્વમાં **સરભર** = તારા તુલ્ય, તારી બરાબરી કરી શકે તેવો નહીં **ન કોઉ** = કોઈ પણ નહીં **તનક** = તણખલા, થોડી પણ, અલ્પ **તેરુ** = તારી.

### અનુવાદ

**એ પ્રકારે નિજ પતિ સાથે એકતા સાધનાર પોતે તો તરે પણ અન્યને પણ તારે એવા માનવ જાતિમાં મેરુ સમાન શ્રેષ્ઠ થઈ શકે છે. કુવેરસ્વામી નિર્ણય કરીને કહે છે કે આ વિશ્વમાં તારી (આવી વ્યક્તિની) બરાબરી કોઈ તલ ભાર પણ કરી શકે તેમ નથી.**

### ભાવાર્થ

અગાઉ દર્શાવ્યા મુજબ જે માનવી પોતાના શુદ્ધ સ્વરૂપે થાય તો તે નિજપતિ સાથે એકતા સાધી શકે છે. જેથી વિશ્વમાં તે પોતે તો પરમ મોક્ષગતિને પામે અને અન્યને પણ તે ગતિનું જ્ઞાન પ્રદાન કરીને તારી શકે તેવો માનવજાતિમાં મેરુ સમાન સર્વ શ્રેષ્ઠ વ્યક્તિ થઈ શકે છે. માટે કુવેરસ્વામી નિર્ણય કરીને જણાવે છે કે એવા તરણ-તારણ પુરુષની એક તલભાર પણ બરાબરી કરી શકે તેવો આ સંસારમાં કોઈ નથી. એટલે કે, તેવા અંશની સરખામણી કોઈની પણ સાથે થઈ શકે નહીં.

### (સાખી)

**તદપી તુંય એક ભવમહી, પાવન પુરુષ અલેખ;**
**ઓર સકલ ગુન નીર્ગુનકે, ભવભર ભેખ સલેખ. ૭**

### શબ્દાર્થ

**તદપી** = તેટલા માટે જ **તુંય** = તું **એક** = એકલો જ **ભવમહી** = સમગ્ર જગતમાં

**પાવન પુરુષ** = પાવન કરનાર પુરુષ, કલ્યાણકારી પુરુષ **અલેખ** = જેની વિગત લખી શકાય તેમ નથી તેવા **ઓર** = બીજા **સકલ** = બધા **ગુન** = ત્રણ ગુણને ધારણ કરનાર **નીર્ગુન** = ગુણથી રહિત બ્રહ્મ **કે** = ના **ભવભર** = સમગ્ર જગતમાં **ભેખ** = ભેખ **સલેખ** = જેનું વર્ણન થઈ શકે તેવા સાકાર, નાશવંત.

## અનુવાદ

**એટલા માટે અલેખ પાવન પુરુષને પ્રાપ્ત કરનાર સમસ્ત વિશ્વમાં તું એકલો જ છે. જ્યારે બાકીના બધા સંસારમાં સાકારપદના ભેખધારી ત્રણ ગુણમાં અને કોઈ નિર્ગુણ બ્રહ્મમાં અટકી રહ્યા છે.**

## ભાવાર્થ

એટલા માટે જ કૈવલજ્ઞાનથી જાગ્રત થયેલા શુદ્ધ અંશની સરખામણી અન્ય કોઈ સાથે થઈ શકે તેમ નથી. વાણી જ્યાં પહોંચતી નથી તેવા પાવનકારી સર્જનહાર કૈવલકર્તાની સાથે એકતા સાધી અલંગ-સલંગ સ્વરૂપે રહે છે. સમસ્ત વિશ્વમાં એવા જાગ્રત થયેલાં કોઈક વિરલા પુરુષો છે. તેના સિવાયના બાકીના બધા સંસારમાં ચાલી આવતી સાકાર પદની ઉપાસનાના ભેખ ધારણ કરીને બ્રહ્મા, વિષ્ણુ, મહેશ કે અન્ય ઐશ્વર્યતાવાળા અવતારાદિક મહાપુરુષોના નાશવંત પદોમાં અટક્યા છે. વળી તેમાંથી નીકળીને આગળ વધેલા જ્ઞાન દશાવાળા યોગી, બ્રહ્મજ્ઞાની, બ્રહ્મદર્શી અને બ્રહ્મવેત્તા પુરુષો નિર્ગુણ બ્રહ્મમાં વૃત્તિને સ્થિર કરીને લાંબુ આયુષ્ય ભોગવીને બ્રહ્મના તત્ત્વો ઓહંગ સોહંગથી પરે કુંભસ્થ દશામાં મશગૂલ થઈને રહે છે. અને જ્યોતિ સ્વરૂપનાં દર્શન કરીને બ્રહ્મરંદ્રના અનહદ નાદને માણે છે અને તેઓ તેમાં અટકી રહ્યા છે.

**સલેખકે જેહી સંતકુ, ક્તા કરતકે જ્ઞાન;**
**અલેખકી અવિગત ગતિ, પતિ પરમ અવિલાન. ૮**

### શબ્દાર્થ

**સલેખકે** = જેનું વર્ણન કરી શકાય તેવા સાકારમાં માનનાર **જેહી** = જે **સંતકું** = સંતોને

**ક્તા** = સર્જનહારની **કરતકે** = રચના અંગેનું **જ્ઞાન** = જ્ઞાન, સમજ છે **અલેખકી** = જેનું વર્ણન થઈ શકતું નથી તેવા અલેખની **અવિગત** = વિગતમાં ન આવે તેવા, અવિગત **ગતિ** = સમજ, જાણ **પતિ** = પરમેશ્વર, માલિક **પરમ** = શ્રેષ્ઠ, પાવનકારી **અવિલાન** = અવલોકન, અવિલાન.

## અનુવાદ

**સાકારમાં માનનાર જે સંતપુરુષો છે તેમને કર્તાની રચના અંગેનું જ જ્ઞાન છે. જ્યારે અલેખને માનનાર પુરુષની ગતિ અવિગતમાં હોઈ તેઓ પરમપતિનું જ અવિલાન કરે છે.**

## ભાવાર્થ

સગુણ દેવ દેવી અને અવતારાદિક પુરુષોમાં તેમજ નિરાકાર નિર્ગુણ બ્રહ્મમાં માનનાર જે સંતો અને યોગીઓ છે તેમને સર્જનહારનું નહીં, પરંતુ સર્જનહાર દ્વારા રચાયેલ રચના અંગેનું જ્ઞાન(સમજ) છે. જ્યારે જે પોતાના શુદ્ધ ચૈતન સ્વરૂપે થયેલ અંશ અલેખ પુરુષ કે જે કળ્યામાં ન આવે તેવા અવિનાશી પરમપિતા સર્જનહાર કૈવલ કર્તાનું જ અવિલાન કરે છે.

# અંગ ૧૮
# અભે મોજ દેખાવનકો

---

**કર અવિલાન પતિ પરમ કે પદમસી,**
**સગુન ગુન વ્રુંદમે નહીંન ડોલે;**
**કીટ બ્રહ્મા લગે ઘાટ ઉપજે ખપે,**
**અધિકને નુન્યનાં ચહિતન તોલે. ૧**

### શબ્દાર્થ

**કર અવિલાન** = અવલોકન કર, ધ્યાનથી જોવું તે નિરીક્ષણ કર, આલોચના કર, ઓળખવું **પતિ** = પતિ, માલિક **પરમ કે** = શ્રેષ્ઠ, મહાન **પદમસી** = પદધારી, પદધારણ કરનારા **સગુન** = ગુણથી સહિત, ગુણવાળા **ગુન** = ત્રણ ગુણથી પર રહેલ બ્રહ્મ **વ્રુંદમે** = જૂથમાં, સમૂહમાં **નહીંન** = નહીંન **ડોલે** = ઝૂકે નહીં, નમન ન કરે, આમતેમ ભમવું, વિચલિત થવું **કીટ** = નાનામાં નાના જીવાણુ **બ્રહ્મા** = બ્રહ્માજી **લગે** = સુધીના **ઘાટ** = શરીર **ઉપજે** = ઉત્પન્ન થાય **ખપે** = વિનાશ થાય, અંત થાય **અધિક** = વિશેષ, મોટું **ને** = અને **નુન્ય** = અલ્પ, નાના **નાં** = નહીં **ચહિતન** = ચૈતન **તોલે** = તોલ સરખામણી, બરાબરી.

### અનુવાદ

**શ્રેષ્ઠ પદને ધારણ કરનાર માલિકનું તું અવલોકન કર, જેથી તારી વૃત્તિ સગુણ અને નિર્ગુણવાળા પક્ષોના જૂથમાં ભટકાશે નહીં. કારણ કે, કીટ જાતિથી માંડીને બ્રહ્માજી સુધીના ઘાટ ઉત્પન્ન અને નાશ થવાવાળા છે. ચૈતન પક્ષે જોતા કોઈ નાના કે મોટા નથી.**

### ભાવાર્થ

માનવ ઘાટ મળ્યા પછી તો શ્રેષ્ઠ અંતિમ કૈવલ પદને ધારણ કરવાવાળા પરમપિતા પરમેશ્વરનું જ અવિલાન કરવું જોઈએ. જેથી વિશ્વમાં વકરેલી વિધ-વિધતાવાળા ગુણની ઉપાસનાઓમાં અને બ્રહ્મપદની ભ્રમણા ભરેલી માન્યતાઓમાં વૃત્તિઓ ભટકાશે નહીં. જેથી અનિત્ય પદાર્થો અને ભૌતિક

સુખ મેળવવા માટે કરાતી ખંડિત ઉપાસનાઓમાં મન લલચાશે નહીં કારણ કે, વિશ્વમાં દેખાતા નાનામાં નાના કીટ જાતિના શરીરથી માંડીને મોટામાં મોટા કદાવર સ્થાવર-જંગમ જાતિ અને મહાન ગણાતા બ્રહ્માજી સુધીના સર્વ શરીરની ઉત્પત્તિ અને વિનાશ નિશ્ચિત છે. દરેકે પોતપોતાના ઘાટની અવધિ મુજબ જન્મ અને મરણનું ભવદુઃખ ભોગવવાનું જ છે.

શરીર અથવા ઘાટ ગમે તેવા નાના કે મોટા હોય, પરંતુ સૌનો દેહ નાશવંત જ છે. કાળના નિયમ મુજબ જેની ઉત્પત્તિ છે તેનો વિનાશ જરૂર થવાનો જ છે. માટે પોતાનાથી મોટાની ઐશ્વર્યતામાં અંજાઈ જવાની જરૂર નથી. દરેક ઘાટમાં રહેલાં ચૈતન અંશની દૃષ્ટિએ જોઈએ તો સૌમાં એક જ સર્જનહારનો ચૈતન અંશ છે. માટે જ્યાં સુધી સર્જનહારની રચનાનો વિસ્તાર છે તેવા બ્રહ્માંડમાં ચૈતનની દૃષ્ટિએ, જોતા સર્વ ઘાટો સાથે એકબીજાનો આત્મબંધુત્વનો નાતો છે.

**સ્થાવર-જંગમ લોક ચતુરદશ, સૂક્ષ્મ સ્થૂલ પ્રકૃતિ કહાવે;**
**જે ધરે ઘાટ તે ઠાઠ સર્વ માયના, કાયાના ક્રત દેખી ન ધાવે. ૨**

### શબ્દાર્થ

**સ્થાવર** = સ્થિર જાતિ **જંગમ** = હલનચલન કરનારી જાતિ **લોક ચતુરદશ** = ચૌદ લોક **સૂક્ષ્મ** = જેનો દેહ પ્રત્યક્ષ દૃષ્ટિએ દેખાતો નથી તેવું શરીર **સ્થૂલ** = પાંચ ભૌતિક તત્ત્વોવાળો દૃષ્ટિમાં આવે તેવો દેહ, શરીર **પ્રકૃતિ** = માયાની ઉત્પત્તિ **કહાવે** = કહેવાય છે **જે** = જે **ધરે** = ધારણ કરે **ઘાટ** = શરીર **તે** = તે **ઠાઠ** = ભપકો, ઠઠારો, ઉત્પત્તિ **સર્વ** = બધી જ, સર્વ **માયના** = માયાના **કાયાના** = શરીરના, ઘાટનો **ક્રત** = બાહ્ય દેખાવ, અલંકાર, આભૂષણ, રચના **દેખી** = દેખીને, નીરખીને **ન** = નહીં **ધાવે** = ખેંચાઇ જવું, દોડી જવું આકર્ષાઈ જવું, તણાવું.

### અનુવાદ

**સ્થાવર, જંગમ,ચૌદલોક, સૂક્ષ્મ ઘાટો અને સ્થૂળ ઘાટો સુધીના સર્વ પ્રકૃતિનો વિસ્તાર છે. જે શરીર ધારણ કરે છે તે સર્વ ઠાઠ માયાનો છે. તેથી શરીરના અલંકાર જોઈને આકર્ષાવાની જરૂર નથી.**

## ભાવાર્થ

૮૪ લાખ પ્રકારના સ્થાવર અને જંગમ પંચભૌતિક સ્થૂળ ઘાટો અને અંતરિક્ષના ચૌદ લોકમાં રહેતા અને પૃથ્વી ઉપર ભટકતા સૂક્ષ્મ ઘાટો સુધીનો સર્વ વિસ્તાર પ્રકૃતિનો છે. તત્ત્વોની દૃષ્ટિએ સમજીએ તો ૩ ગુણ, ૪ અંતઃકરણ, ૫ જ્ઞાનેન્દ્રિય, ૫ કર્મેન્દ્રિય, ૩ ધણ, ૧ અવ્યાક્રતતત્ત્વ, ૧ ધનંજયતત્ત્વ, ૧ મહાતત્ત્વ, ૧ આનંદતત્ત્વ અને ૧ પ્રકૃતિતત્ત્વ મળી કુલ ૨૫ તત્ત્વો પ્રકૃતિનો ભાગ ગણાય છે. વળી વિશ્વમાં જેણે શરીર ધારણ કરેલાં છે તે સર્વની ઉત્પત્તિ તત્ત્વોની હોવાથી તે પ્રકૃતિની રચનામાં આવી જાય છે. જે અવધિકાળે નાશ થતાં હોય છે, પરંતુ જેની વૃત્તિ ચૈતન સાથે સ્થિર થઈ છે તેવા આ માયાની રચનારૂપી શરીરના અલંકારમાં આકર્ષાતા નથી. તેમજ માયિક તત્ત્વોના પ્રભાવમાં ખેંચાતા નથી. શરીરની સુંદરતા અને તેના લોભામણાં અંગો તેમજ દુન્યવી માયાના બંધનો તેને માટે તુચ્છ છે.

**જે થકી સર્વ એ તેજ તાહારુ રુદે,**
**ભાત મૂકીને જો પોત પાખે;**
**જહાં લગી આપનું આપ પેખ્યા વિના,**
**તાહાં લગી મોહોરખી શબ્દ રાખે. ૩**

### શબ્દાર્થ

**જે થકી** = જેનાથી, જેના વડે **સર્વ** = બધું **એ** = એ **તેજ** = દેખાવ, પ્રકાશ, ચળકાટ, સુંદરતા **તાહારું** = તારુ, પોતાનું **રુદે** = હૃદયમાં, અંતરમાં **ભાત** = શરીરની બાહ્ય રચના, છાપ, બાહ્ય દેખાવ **મૂકીને** = છોડીને **જો** = જો **પોત** = પોતાનું અંદરનું સ્વરૂપ, સ્વ-સ્વરૂપ, શરીરની ચેતનાનું મૂળ **પાખે** = તપાસ, ઓળખ, પરખ, જાણ **જહાં લગી** = જ્યાં સુધી **આપનું આપ** = પોતાનું સ્વ-સ્વરૂપ, પોતાનામાં રહેલ ચૈતન **પેખ્યા વિના** = જાણ્યા વિના, **તહાં લગી** = ત્યાં સુધી **મોહોરખી** = મોરલી, વાંસળી, વેણહ્ રૂપી જળ વાજિત્ર જેવા મહાપુરુષોનાં **શબ્દ** = વાણીને **રાખે** = સાચી માનવું, ગ્રહણ કરવું, રાખવું.

## અનુવાદ

**શરીરની રચનાની ભાતને છોડીને પોતાના અંદરના મૂળ સ્વરૂપ રૂપી**

**પોતને તપાસવું જોઈએ કે આ બધું તેજ છે તે તારા જ અંતરનું છે. જ્યાં સુધી નિજ ચૈતન સ્વરૂપ નહીં ઓળખાય ત્યાં સુધી વાજિત્ર રૂપી દેહની વાણી જ સાચી લાગશે.**

## ભાવાર્થ

આ શરીર તો જડ છે. તે જે ક્રિયા-કર્મ કરે છે તે શરીર દ્વારા થાય છે, પરંતુ શરીર પોતાની મેળે તો કંઈજ કરી શકે તેમ નથી. આપણે જે ક્રિયાઓ કરીએ છીએ તેનો કર્તા હર્તા એ આપણો જ ચૈતન અંશ છે જેની ચૈતનતા થકી આ નાશવંત દેહ ચેતનવંત બનીને ક્રિયાઓ કરે છે. જેથી જો આપણે આ વિશ્વમાં પંચતત્ત્વોની વિવિધતાવાળા શરીર રૂપી ભાતને જોવાનું છોડી દઈશું તો જ આપણે પોત રૂપ સાચા અંશ સ્વરૂપને ઓળખી શકીશું. જેમ કોઈ વાજિત્રમાંથી નીકળતાં મધુર સ્વરને જોતાં તે કરામત વાજિત્રની નહીં, પરંતુ તેના વગાડનાર ગાંધર્વની છે. તેમ જ્યાં સુધી આપનપુ આપ નિજ ચૈતન સ્વરૂપ જાણવામાં ન આવે ત્યાં સુધી નાશવંત દેહની મહત્તા લાગે છે.

**રાખ વિશ્વાસ પરકાશ સર્વ તુજમે, ભૂજમે ભાસકર જોને ભાલી;**
**કૈવલ અંશ નિજવંશ તન તાહેરુ, જાહેર ઝગઝગે લે નિહાલી. ૪**

### શબ્દાર્થ

**રાખ વિશ્વાસ** = વિશ્વાસ રાખ **પરકાશ** = ચેતનતા **સર્વ** = બધી જ **તુજમે** = તારામાં **ભૂજમે** = હાથમાં **ભાસકર** = દર્પણ, અરીસો **જોને ભાલી** = નિહાળી જોવું, દેખી **કૈવલ અંશ** = કૈવલકર્તાની સજાણજાણ રૂપી અંશ, દેહનો માલિક **નિજવંશ** = તેમના વંશનો **તન** = સ્વરૂપ **તાહેરુ** = તારું **જાહેર** = જાણીતું, સર્વમાં દેખાતું, પ્રત્યક્ષ **ઝગઝગે** = ઝગમગ, ખૂબ જ તેજ મારતું હોય તેમ **લે** = લે **નિહાલી** = નિહાળી, જોઈ, દેખી.

## અનુવાદ

**તારામાં રહેલી સર્વ પ્રકારની ચેતના અંગે વિશ્વાસ રાખીને હાથમાં જ્ઞાનરૂપ દર્પણ લઈને નિહાળી જો. તારા ચૈતન અંશનું સ્વરૂપ જે નિજકર્તા કૈવલના વંશનું**

**છે. તે સર્વ ઘાટોમાં પ્રત્યક્ષ ઝગમગી રહ્યો છે તેને તું નિહાળી જો.**

## ભાવાર્થ

આપણા જડ શરીરમાં દેખાતી સર્વ અંગોની ચેતના છે તેના કારણ રૂપે ચૈતન અંશ પોતે છે. માત્ર જ્ઞાનરૂપ દર્પણ લઈને નિહાળતાં તેની ચેતના અંગે દ્રઢ વિશ્વાસ આવશે, એટલે નિર્ણય થશે કે આપણું જે નિજ ચૈતન સ્વરૂપ છે તે નિજકર્તા (સર્જનહાર સકર્તાપિતિ) કૈવલના વંશનું જ છે. તે કૈવલકર્તાની જાણ રૂપ અંશ પ્રતેક ઘાટોમાં પ્રત્યક્ષ ઝગમગી રહ્યો છે, જે આપણે દેહની ચેતના થકી નિહાળી શકીએ છીએ. ભલેને પછી તે દેહ માનવ, દેવ કે દાનવનો હોય. આ વિવિધતા તો પદાર્થરૂપ દેહના તત્ત્વોની છે, પરંતુ કુળની દૃષ્ટિએ જોતાં દરેક દેહોમાં રહેલ ચૈતન અંશ સકર્તા પતિના વંશનો જ છે.

**ધ્રઢ મજબુત થઈ તેહી તને તદવત,**
**અતિમત અરુઢતા કર પતિસે;**
**કહે કુવેર કરુણેશ કૈવલપદ,**
**સો સદ પાય જન એહી મતિસે. ૫**

### શબ્દાર્થ

**ધ્રઢ** = મક્કમપણે, દઢતાપૂર્વક **મજબુત** = પ્રતિશોધશીલ, મજબૂતપણે **થઈ** = થઈને **તેહી** = તે **તને** = સ્વરૂપે **તદવત** = તદાકાર, એની જેમ, તેની માફક **અતિમત** = અરૂઢ મતથી, શ્રેષ્ઠ સિદ્ધાન્ત, ગહન બુદ્ધિ, વિશેષ સમજથી **અરૂઢતા** = શ્રેષ્ઠતા, મહાનતા, એકતા **કર પતિસે** = માલિક સાથે, નિજકર્તા સાથે **કહે કુવેર** = કુવેરસ્વામી કહે છે કે **કરુણેશ** = કરુણાઓના ઈશ **કૈવલપદ** = કૈવલકર્તાનું પદ છે **સો સદ** = તે પોતે, તે પદ, ચોક્કસ પણે **પાય** = પ્રાપ્ત કરી શકે **જન** = માનવી **એહી** = એ પ્રમાણેની **મતિસે** = સમજથી, બુદ્ધિથી.

## અનુવાદ

**તું દઢતાપૂર્વક મજબૂત થઈને તદાકાર બની વિશેષ સમજ દ્વારા કૈવલપતિની સાથે એકતા કર. કુવેરસ્વામી કહે છે કે આ પ્રમાણેની સમજ થકી જ માનવી તે કરુણેશના કૈવલપદને ચોક્કસ પણે પ્રાપ્ત કરી શકશે.**

## ભાવાર્થ

જ્યાં સુધી દેહ ભાવ ત્યજીને અંશ સ્વરૂપે ન થઈએ ત્યાં સુધી નિજકર્તાના પદ સાથે એકતા થવી અશક્ય છે. દેહના આવરણો અને માયિક શક્તિનો પ્રભાવ પણ અતિ બળવાન છે. કારણ કે, સંસારમાં માયાના અનેક પ્રકારની લોભામણી અને ભ્રમણા યુક્ત ઉપાસનાઓ પ્રચલિત છે. તેથી પદાર્થોના ચળકાટ અને માયાના આકર્ષણથી સમજપૂર્વક રક્ષણ મેળવીને તેનો ત્યાગ કરવાની જરૂર છે. વળી શુદ્ધ ચૈતન અંશ સ્વરૂપમાં દ્રઢતાપૂર્વક મજબૂતાઈથી તદાકાર થઈને વિશેષ સમજ દ્વારા કૈવલપદની સાથે એકતા સાધવી જોઈએ. કુવેરસ્વામી કહે છે કે આ પ્રમાણેની શુદ્ધ સમજ પ્રાપ્ત થતાં મુમુક્ષુ વિશ્વની સઘળી કરુણાઓના ઈશ એવા કરુણેશ કૈવલકર્તાના પદને અવશ્ય પ્રાપ્ત કરી શકે છે.

## (સાખી)

**સકલ અંશ સમ દષ્ટિસે, દેખી પરમ પતિ ચીન;**
**મોહમન ગુણ તે ગત હવો, નિરભે ભયો નચીન. ૬**

### શબ્દાર્થ

**સકલ** = સર્વ, બધા જ **અંશ** = કૈવલકર્તાનો સજાણજાણ રૂપી અંશ, ચૈતન સ્વરૂપ **સમ** = સરખા **દષ્ટિસે** = દષ્ટિથી, નજરથી **દેખી** = જોઈ **પરમ પતિ** = પરમ શ્રેષ્ઠ ધણી, સ્વામી **ચીન** = ઓળખી લેવા **મોહમન** = મનમાં તે પ્રત્યે આદર **ગુણ** = ગુણ ભાવ **તે** = તે **ગત હવો** = નષ્ટ થાય, દૂર થાય **નિરભે** = ભયરહિત, નિર્ભય **ભયો** = થયો **નચીત** = નચિંત, નિશ્ચિતપણે.

## અનુવાદ

**જ્યારે સર્વ અંશોને એક સમાન દષ્ટિથી જોશો ત્યારે પરમ પિતાની ઓળખાણ થશે અને મનમાં ગુણ પ્રત્યેનો જે આદર છે તે દૂર થશે, જેથી ભયથી રહિત નિશ્ચિત થવાય.**

## ભાવાર્થ

ગુરુકૃપા થકી મેળવેલ જ્ઞાન દ્વારા પોતાના શુદ્ધ ચૈતન સ્વરૂપની ઓળખાણ

થાય અને નાશવંત તેમજ શાશ્વતનો ભેદ જણાય છે. તેમજ વિશ્વમાં રહેલા સૌ ઘાટોમાં બિરાજમાન જે સકર્તા પતિ સર્જનહારનો ચૈતન સ્વરૂપ અંશ છે તેની ભિન્નતા અને વિશેષતા સમજાય છે. સર્જનહારના પક્ષે જોતા સર્વ ઘાટોમાં ચૈતન અંશ એક જ પરમપિતાની સજાતિનો અને કુળનો છે. તેમ સમજ્યા પછી વિશ્વમાં સગુણ ઉપાસનાઓ અને ખંડિત બાદલી પરંપરાગત માન્યતાઓમાં જે સમર્પણનો ભાવ છે તે તૂટી જાય છે. આપણી દૃષ્ટિ નાશવંતમાંથી નિવૃત્ત પામીને શાશ્વત તરફ વળે છે, જેથી કાળનો ભય રહેતો નથી. અને મનમાં નિશ્ચિતતા આવે છે. આ પ્રમાણે આપણે ભવબંધનમાંથી જરૂર મુક્ત થઈ પરમપદને પ્રાપ્ત કરીશું જેથી અંશને આ બ્રહ્માંડના વિવિધ દેહોમાં ભટકવું પડશે નહીં.

**સુર સુરપતિ હરિ હર અજ, ગુણ ગ્રંથીના ઘાટ;**
**ગૌલોકિક લીખ તાયમે, કૈવલ પરમ નિરાટ. ૭**

### શબ્દાર્થ

**સુર** = દેવો **સુરપતિ** = દેવોના પતિ ઈન્દ્ર **હરિ** = વિષ્ણુ **હર** = મહાદેવ, શંકર **અજ** = બ્રહ્મા **ગુણ** = ગુણના **ગ્રંથીના** = ગૂંથાયેલાં, પક્કડવાળા, સમૂહ **ઘાટ** = શરીર છે **ગૌલોકિક** = ગૌલોક સુધીના **લીખ** = લખાયેલા, કહેવાય છે, સમાયેલાં છે, ગણાય છે **તાયમે** = તેમાં **કૈવલ** = કૈવલકર્તાનું પદ, સર્જનહાર **પરમ** = શ્રેષ્ઠ, મહાન, અંતિમ **નિરાટ** = નિરાળું, અલગ, જુદું.

### અનુવાદ

**સુરપતિ ઈન્દ્ર, બ્રહ્મા, વિષ્ણુ અને મહાદેવ વિગેરે સર્વના ઘાટ ગુણથી ગુંથાયેલાં છે. ગૌલોક સુધીની ગણતરી પણ તેમાં જ આવી જાય છે, પરંતુ કર્તાપદ સૌથી મહાન અને નિરાળું છે.**

### ભાવાર્થ

વૈરાટના અંતરિક્ષમાં બિરાજમાન દેવોના પતિ ઈન્દ્ર અને તેમની ઈન્દ્રપુરી, બ્રહ્માજી અને તેમની બ્રહ્મપુરી, મહાદેવજી અને તેમની કૈલાસપુરી, વિષ્ણુ અને તેમનું વૈકુંઠધામ તેમજ ગૌલોક સુધીના સર્વ દૈવીધામો અને તેના અધિષ્ઠાન

દેવતાઓની ગણતરી ત્રણ ગુણની ઉત્પત્તિ જ ગણાય છે. એટલે કે, રજોગુણ, તમોગુણ અને સતોગુણ તેમજ તેના આનુષંગિક અન્ય તત્ત્વોના પ્રભાવવાળાં છે. આ બધા દેવી ધામો મહાપ્રલયકાળે તો નાશ થવાના છે. જ્યારે સર્જનહાર કૈવલકર્તાનું પદ છેવટનું અને સૌથી મહાન છે. જે બ્રહ્માંડથી પણ પરે રહેલું હોઈ સર્વથી નિરાળું છે. જેનો કદી ઉત્પત્તિ કે વિનાશ થતો ન હોઈ સદા-સદોદિત અખંડ, અમર, અચ્યુત અને અવિનાશી છે.

# અંગ ૧૯
# શીલવંત સાક્ષી દેખાવનકો

**શીલ સંતોષ વિલોક વિલાસકર, હાસ્ય કર હંગ હંમેશ સંગે;**
**અહંગની ઓટમે લીંગનું આલ છે, તાહાં લગી હંગ ઉમંગ અંગે. ૧**

### શબ્દાર્થ

**શીલ** = ચારિત્ર, ચાલ ચલગત, આચરણ, વર્તણૂક **સંતોષ** = તુપ્ત હોવાપણુ, પ્રસન્નતા, સંતૃપ્તિ **વિલોક** = તપાસવું, નિરીક્ષણ કરવું, નીરખવું, જોવું, જાણવું, **વિલાસકર** = આનંદ કરીને, મોજ કરીને, શૃંગાર, ક્રીડા, મોહક, હાવભાવ **હાસ્યકર** = સ્મિત કર, હાસ્ય કર, ઉમંગ માણવાની વૃત્તિ ચેષ્ટા **હંગ** = પોતાના સ્વરૂપની નિજજાણ **હંમેશ** = સદાને માટે, સદા સર્વદા **સંગે** = સાથે, જોડે **અહંગની** = પોતાના સ્વ-ચૈતન સ્વરૂપની **ઓટમે** = ઓથું, ઓઠું, પડદો, અંતરાય, અંતરપટ, આધાર, પડછાયો, પડખે **લીંગનું** = વાસનાનું **આલ** = ઓથું, ઓઠું, પડદો, અંતરાય **છે** = છે **તાહાંલગી** = ત્યાં સુધી **હંગ** = પોતાના સ્વ-સ્વરૂપનો **ઉમંગ** = આનંદ, મોજ **અંગે** = પ્રત્યે, ના તરફ.

### અનુવાદ

**હંમેશને માટે શીલવંતપણે રહીને અને સંતોષ ધારણ કરીને સમજપૂર્વકનું તારા નિજ જાણ સ્વરૂપ સાથે આનંદથી હાસ્ય કર. કારણ કે, વાસનાનું આડ તારા સ્વરૂપને વળગેલું છે ત્યાં સુધી તે પ્રત્યે ઉમંગ રહેશે.**

### ભાવાર્થ

પિંડ અને બ્રહ્માંડની ઉત્પત્તિમાં ત્રણ ઘટકો જોવા મળે છે. જેમાં એક પૂર્ણ નાશવંત, બીજું સમચૈતન અને ત્રીજું પૂર્ણ ચૈતન. જેમાં વિરાટની દ્દષ્ટિએ વિચારીએ તો બ્રહ્માંડની રચના, બ્રહ્મ અને સર્જનહાર અને ઘાટની દ્દષ્ટિએ જોઈએ તો પંચભૌતિક જડ શરીર, પ્રાણાયામ અને અંશ. આમાં બધા જ તત્ત્વો પોત પોતાના પ્રભાવ મુજબ કાર્યરત હોય છે. જેમાં લિંગ ભેદની દ્દષ્ટિએ સ્ત્રીલિંગ, પુલિંગ અને નપુસંક છે. જ્યાં સુધી નાશવંત દેહની ચેતનતા છે, ત્યાં સુધી વાસનાનું આળ ઓહંગરૂપ અંશને વળગેલું છે, પરંતુ સમર્થ ગુરુના જ્ઞાન થકી

જો જાગ્રતતા આવે તો પછી પોતાના અંગત આચરણ પણ તે મુજબ થાય છે. નાશવંત ભોગ વૈભવ અને ચારિત્ર ખંડન જેવી પ્રવૃત્તિઓ પર લગામ આવી જાય છે. પરિણામે પોતાના ચૈતન સ્વ-સ્વરૂપ સાથે હંમેશને માટે આનંદની અનુભૂતિ રહે છે. અને હાસ્ય વિનોદની પ્રાપ્તિ માત્ર ચૈતનતાના સંદર્ભે તેના ઊર્ધ્વ ગમન માટેના કાર્યમાં રહે છે.

**આલ વિલાયતો તું જ તાહારે પદે, સિરગુણ ઘાટ અટાટ જોતે;**
**સમજતાં ચોચ મોહોચન મન બુધ્ધનો, ચીત અહંકારની પાર તુંતે. ૨**

### શબ્દાર્થ

**આલ** = આળ, પડદો, પટ્ટ, આવરણ **વિલાયતો** = વીલસી જાય તો, નષ્ટ પામે તો **તુંજ** = તું પોતે **તહારે** = પોતાના **પદે** = સ્થાને, જગ્યાએ **સિરગુણ** = ગુણથી રહિત, સગુણ, તત્ત્વોવાળા **ઘાટ** = શરીર **અટાટ** = નકામું, નાશવંત **જોતે** = દર્શાશે, દેખાશે, માલુમ પડશે **સમજતાં** = તેવી સમજણ પડતાં, **ચોચ** = વલ્કલ, છાલ, આવરણ **મોહોચન** = મજબૂત, દઢ, સખત, ઘણું અજ્ઞાનતા, ભ્રાંતિ **મન** = મન અંતઃકરણ **બુધ્ધનો** = બુદ્ધિ અંતઃકરણની **ચીત** = ચિત્ત અંતઃકરણ **અહંકારની** = અહંકાર અંતઃકરણ **પાર** = તેની પરે, તીત **તુંતે** = તારું પોતાનું સ્વરૂપ, તું પોતે.

### અનુવાદ

**આવરણ નષ્ટ થાય તો તું તારા સ્વરૂપે થઈશ જેથી ગુણવાળા ઘાટો તને નાશવંત જણાશે. સમજપૂર્વક અજ્ઞાનતાના આવરણો દૂર થાય તો જ મન, બુદ્ધિ, ચિત્ત અને અહંકારની પાર તું પોતે જ છું તેમ જણાશે.**

### ભાવાર્થ

અંશ જ્યારે સર્જનહારના ધામમાંથી નીકળ્યો ત્યારે અણિઅગ્ર સ્વરૂપે શુદ્ધ અંકુરિત થયેલ હતો. પછી તેને બ્રહ્મ અને છ પ્રકારના દેહોમાંથી પસાર થવાથી તેના પટ્ટ લાગ્યો છે. એટલે પોતાનું મૂળ સ્વરૂપ વીસરી જઈને દેહમય બની ગયો છે. વાસનાલિંગના બંધનને લીધે અન્ય માયિક પદાર્થ ન મેળવવાની ઘેલછામાં અંશ મગ્ન બની ગયો છે. આ આવરણો નષ્ટ થાય તો જ અંશનું સાચું સ્વરૂપ આપણને ખ્યાલ આવે. એટલે કે, અંશ ઉપર ચઢેલી આવરણરૂપી છાલ દૂર

થાય તો પોતાના સ્વ-સ્વરૂપે થતાં વાર લાગતી નથી. આ રીતે પોતાના અંશ સ્વરૂપે થયા બાદ નામ, રૂપ અને ગુણયુક્ત આકારવાળા સર્વ ઘાટો નાશવંત જણાશે. ક્ષણિક સુખો અને વાસનાની પ્રાપ્તિના આનંદ પ્રત્યે અરૂચી પેદા થાય છે. જ્યારે શુદ્ધ સમજ પ્રાપ્ત થાય છે ત્યારે મન, બુદ્ધિ, ચિત્ત અને અહંકાર એમ ચારે અંતઃકરણોની પાર રહેલું પોતાનું સ્વ-સ્વરૂપ છે તે સ્પષ્ટપણે જણાય છે.

**જે નહીં સાધન સાંહાંન મુદ્રાવતિ, ના ગતિ તેજની આદ્ય પંચે;**
**વચન વિવ્યક્ત નીલ્મક્ત લેખે નહીં, શબ્દ સમશેરની ટેર વંચે. ૩**

### શબ્દાર્થ

**જે નહીં** = જે નથી **સાધન** = ઈશ્વર પ્રાપ્તિ માટે જરૂરી તપ, સંયમ, ઉપાસના વિગેરે સિદ્ધિ પ્રાપ્તિ માટે અર્થે કરવામાં આવતી યુક્તિ, ઉપાય **સાંહાંન** = સાધવાની ક્રિયા **મુદ્રાવતિ** = મુદ્રાઓ – ભૂચરી, ચાચરી, ખેચરી, અગોચરી અને ઉનમુનિ ની સિદ્ધિ **ના ગતિ** = સમજ નથી, જ્ઞાન નથી **તેજની** = અગ્નિની **આદ્ય** = આદ્ય લઈ ને **પંચે** = પાંચેય **વચન** = બોલ, વેણ, શબ્દ, વાક્ય, ઉચ્ચાર **વિવ્યક્ત** = વિશેષ રીતે, જાહેર થયેલું, સ્પષ્ટ થયેલું, સમજી શકાય તેવું પ્રત્યક્ષ **નીલ્મક્ત** = અદશ્ય, અસ્પષ્ટ **લેખે નહીં** = વર્ણવી શકાયું નથી **શબ્દ** = શબ્દ **સમશેરની** = તલવારની **ટેર** = પોકાર **વંચે** = વાંચી શકાય.

### અનુવાદ

**જેને સાધના દ્વારા સાધવાની ક્રિયા કે મુદ્રાઓની સિદ્ધિઓ અને અગ્નિ તત્ત્વની આદ્ય લઈ પાંચે તત્ત્વોની ગતિ પહોંચી શકે તેમ નથી. વળી તે વિશેષ રીતે પ્રત્યક્ષ કે અદશ્ય નથી જેથી(સ્પષ્ટ અને અસ્પષ્ટ) લખી શકાય તેમ નથી તેમજ શબ્દરૂપ સમશેરના પોકાર કરી વાંચી શકાતું નથી.**

### ભાવાર્થ

મહદ્ સજાણજાણ સ્વરૂપ નિજ કૈવલકર્તાનું પરમપદ અગમ્ય અગોચર અવિનાશી અને અવર્ણનીય છે. તેથી તે પદને યમ, નિયમ, આસન, પ્રાણાયામ, ધ્યાન અને ધારણા વિગેરે યોગીઓના સાધનો, ભૂચરી, ખેચરી, ચાચરી, અગોચરી અને ઉનમુનિ જેવી સિદ્ધ મુદ્રાઓ અને પૃથ્વી, જળ, અગ્નિ, વાયુ અને આકાશ

જેવા પાંચ મહાભૂતનો પ્રભાવ પણ ત્યાં પહોંચી શકતો નથી. વળી તે તત્ત્વાતીત અને બ્રહ્મથી પણ પરે રહેલું હોવાથી તે પ્રત્યક્ષ કે અદશ્ય પણ નથી જેથી તે પરમપદ અંગે લખાણમાં લખી શકાય તેમ નથી. તેમજ શબ્દ રૂપ સમશેરથી પોકાર કરીને કે વાંચીને પણ સમજી શકાય તેમ નથી. એટલે કે, ત્યાં વાણી પહોંચી શકતી નથી તેવું નિર્વાણપદ છે.

**તેજ બ્રહ્માંડ અનંતનો ઈશધર,**
**શિશ પર સર્વમાં સાક્ષી રૂપે;**
**અચલ અનબોધ સંમબોધ સદોદીત,**
**ઉતઈત જીત તીત અકલ ઓપે. ૪**

### શબ્દાર્થ

**તેજ** = તે જ, જે છે તે **બ્રહ્માંડ** = સચરાચર બ્રહ્મમાં રહેલાં ઈંડો, ઘાટો **અનંતનો** = પાર વગરના, અનંતનો **ઈશધર** = સ્વામી, ધારણ કરનાર, પિતા **શિશપર** = શિર ઉપર **સર્વમાં** = દરેકમાં **સાક્ષી રૂપે** = સાક્ષીના સ્વરૂપે છે **અચલ** = સ્થિર, નિત્ય, કાયમનું **અનબોધ** = અવર્ણનીય, વર્ણન ન થઈ શકે તેવું **સંમબોધ** = સંબોધન, ઉપદેશ, જ્ઞાન, સમજ **સદોદીત** = સદાને માટે, કાયમ **ઉત** = આ લોક **ઈત** = પરલોક **જીત** = જ્યાં **તીત** = ત્યાં **અકલ** = અકળ, અગમ્ય, ગૂઢ, ગહન **ઓપે** = શોભાયમાન છે શોભે છે.

### અનુવાદ

**તેઓ જ સચરાચર બ્રહ્મમાં રહેલા અનંત ઘાટોના સ્વામી હોઈ સર્વના શિર ઉપર સાક્ષી રૂપે રહેલાં છે. તેઓ સદાને માટે અચળ છે. તેમનું સંબોધન કરીને કોઈએ વર્ણન કર્યું નથી. આલોક અને પરલોકમાં જ્યાં અને ત્યાં અકળ શોભે છે.**

### ભાવાર્થ

ખરેખર ! તે જ કૈવલકર્તા બ્રહ્માંડમાં રહેલા અનંત ઘાટોના સર્જનહાર છે. દરેકે દરેક ઘાટોમાં તેમનો જ સજાતિય અંશ હોઈ તેઓ સર્વના શિર ઉપર સાક્ષીરૂપે રહેલાં છે. તે કૈવલપદ હંમેશને માટે અચળ અને તત્ત્વાતીત હોઈ તેનું સંબોધન

થઈ શકે તેમ નથી. માટે તેઓ સદાને માટે અવર્ણનીય રહ્યા છે. સમજમાં ન આવે તેવો કૈવલકર્તાનો સજાતિય અંશ, આલોક અને પરલોકમાં રહેલ સર્વે ઘાટોમાં અકળિત રૂપે શોભી રહ્યો છે.

**દિવ્ય દ્રષ્ટિ ભઈ સમક સમસા લહી, કુરાન પુરાનકી યેબ ત્યાગી;**
**કહે કુવેર ભવ ફેરની ફરક ગઈ, ગ્રક ભઈ તર્ક જબ અગમ જાગી. ૫**

### શબ્દાર્થ

**દિવ્ય દ્રષ્ટિ** = મહાન દ્રષ્ટિ, વૃત્તિ, દૈવી દ્રષ્ટિ **ભઈ** = થઈ **સમક** = સમજ, જિજ્ઞાસા, સારી રીતે, યોગ્ય રીતે **સમસા** = સંકેતમાં, સહજ રીતે, ઈશારામાં **લહી** = જાણી **કુરાન** = મુલસમાનોનું ધર્મ પુસ્તક **પુરાનકી** = હિંદુઓનું ધાર્મિક પુસ્તક, પુરાનની **યેબ** = મર્યાદા, પ્રીતિ **ત્યાગી** = ત્યાગ કરી દીધી **કહે કુવેર** = કુવેરસ્વામી કહે છે કે **ભવ ફેરની** = ભવમાં જન્મ-મરણના ચક્રાવાની **ફરક** = ફેરા ફરવાની, ફેર, તફાવત, ફરકવાની ક્રિયા, ભાવ, ચંચળતા, દુર્ગુણ **ગઈ** = ગઈ **ગ્રક** = ગરકાવ થવું, મગ્ન, લીન બનવું **ભઈ** = થઈને **તર્ક** = કલ્પના, અનુમાન, સંભાવના, વિચાર, ચેતના **જબ** = જ્યારે **અગમ** = અગમ્ય પદ અંગેની, ઇન્દ્રિયાતીત અંગેની, ભવિષ્ય, ભાવી, ઈશ્વર **જાગી** = જાગ્રત થઈ.

### અનુવાદ

**જેની દિવ્ય દ્રષ્ટિ થાય તે સહેજ સંકેતમાં જ પરમપદને ઓળખી જાય છે. પછી કુરાન કે પુરાણમાં તેને કોઈ પ્રીતિ રહેતી નથી. કુવેરસ્વામી કહે છે કે એવા માનવની વૃત્તિ કર્તાપદમાં ગરકાવ થઈ જાય છે અને હ્રદયમાં ચેતના જાગે છે જેથી તેની જન્મ-મરણ રૂપ ફેરા ફરવાની ક્રિયા નષ્ટ થાય છે.**

### ભાવાર્થ

જેને પોતાની વૃત્તિને પદાર્થ ભાવનામાંથી પાછી વાળીને તત્ત્વાતીતને મળવાની ઝંખના માટે લગાયેલી છે. તેનો તે દિવ્ય દ્રષ્ટિ થકી સહેજાસહેજ સંકેતમાં જ સર્જનહારના પરમપદની ઓળખાણ થઈ શકે છે. પછી તેને વિશ્વમાં ચાલતી ભૌતિક ઉપાસનાઓ, કર્મકાંડ કે અન્ય પૌરાણિક ધર્મ પુસ્તકો જેવા કે કુરાન, પુરાણ વિગેરેમાં પ્રીતિ રહેતી નથી. પછીથી તેની વૃત્તિ પદાર્થોની પ્રાપ્તિ માટે કે અન્ય લૌકિક ભોગ વૈભવ માટે ભટકતી નથી. કુવેરસ્વામી કહે છે કે

દિવ્ય દૃષ્ટિ પ્રાપ્ત કરેલ અંશ, જ્યારે પોતે જાગૃત થઈને પોતાની ચૈતનવૃત્તિને અગમ કર્તાપદમાં ગરકાવ કરે છે ત્યારે જ જન્મ-મરણના ફેરા ફરવામાંથી તે મુક્ત થાય છે.

**(સાખી)**

**ચીતની ચહુ ઉપાસના, અજ વૈકુંઠ કૈલાસ;**
**ઈષ્ટ નાસ્તિ ગૌલોક લ્યૌ, સહિત સમુલાદાસ. ૬**

**શબ્દાર્થ**

**ચિતની** = ચિત્ત અંતઃકરણ વાળી **ચહુ** = ચારેય **ઉપાસના** = ઉપાસના, ભક્તિ **અજ** = બ્રહ્માજીનું ધામ **વૈકુંઠ** = વિષ્ણુજીનું ધામ **કૈલાસ** = શંકરનું ધામ **ઈષ્ટ** = ઈષ્ટદેવો **નાસ્તિ** = નાશવંત **ગૌલોક** = ગૌલોક **લ્યૌ** = સુધીના **સહિત** = ની સાથે, સાથે મળીને **સમુલાદાસ** = જે તે ધામમાં રહેલા સર્વ ઉપાસકો.

**અનુવાદ**

**બ્રહ્મસદન, વૈકુંઠ, કૈલાસ અને ગૌલોક મળી ચારેયની ઉપાસના ચિત્ત અંતઃકરણની છે. જે તેના ઈષ્ટદેવો અને ત્યાં રહેતા સર્વ ઉપાસકો સહિત નાશ પામવાના છે.**

**ભાવાર્થ**

માનવશરીરનું બંધારણ જે જે તત્ત્વોથી થયેલું છે તે સર્વ નાશવંત છે. વળી મન, બુદ્ધિ, અહંકાર અને ચિત્ત એમ ચારેય અંતઃકરણો પણ જડ હોવાથી તે જડનું જ ચિંતવન કરી શકે છે. ચારેય અંતઃકરણો દ્વારા કરેલી ભક્તિ અને ઉપાસનાઓથી અંશ, સાયુજ્ય, સાલોક્ય, સામીપ્ય અને સાન્નિધ્ય મુક્તિને પ્રાપ્ત કરે છે. તે ઈષ્ટદેવોના ધામમાં પુણ્યનો ક્ષય થતાં સુધી આનંદ માણે છે. બ્રહ્માજીનું બ્રહ્મસદન, વિષ્ણુનું વૈકુંઠ, શિવજીનું કૈલાસ અને અન્ય ઈષ્ટદેવોનું ગૌલોક ધામ સહિત સર્વ દૈવી ધામો ચિત્તઅંતઃકરણથી કરવામાં આવેલી ઉપાસના થકી જ પ્રાપ્ત થાય છે, પરંતુ આ ચારેય ધામના ઈષ્ટદેવતાઓ અને ત્યાં રહેતા મહાન આત્માઓ સહિત બધુ જ નાશ પામવાનું છે. આમ તત્ત્વોવાળી સર્વ રચનાને

કાળનું બંધન હોવાથી તેનો અવશ્ય નાશ થાય છે.

**શબ્દ સરોડા સાજકા, કરમ કાંડકે બીન;**
**સો મત સોબત ત્યાગકે, પકરો હક હકીન. ૭**

### શબ્દાર્થ

**શબ્દ** = અક્ષરનો સમુદાય, ધ્વનિ, વાણી, સાર **સરોડા** = પ્રાણાયામ-ઓહંગ સોહંગ અને કુંભકની ગતિ **સાજકા** = ઘાટના **કરમ કાંડકે** = ધાર્મિક ક્રિયા કર્મ **બીન** = વગર, વિનાનો **સો મત** = તે માનીનતા, ત્યાં સુધીની માન્યતા **સોબત** = સાથ, મૈત્રી, સંગ **ત્યાગકે** = ત્યાગ કરીને, છોડીને **પકરો** = પકડો, ઝાલો **હક હકીન** = સત્ય ચાલક, અધિકારી અંશ.

### અનુવાદ

**શરીરમાં શબ્દની ઉત્પત્તિ કરનાર પ્રણવ કર્મકાંડથી રહિત છે. તેવી માન્યતાનો સંગ છોડીને તેના ચાલક રૂપ અંશને પકડો.**

### ભાવાર્થ

જડ શરીરને ચેતનવંત રાખવામાં માધ્યમ સ્વરૂપે રહેલો પ્રણવઘાટનું જીવન છે. જેના દ્વારા પ્રાણાયામની રેચક-પ્રેરક અને સ્થંભનની ક્રિયા થાય છે. જેના પ્રભાવ થકી શરીરના અન્યો અન્ય સંયોગિક તત્ત્વો ચેતનતા મેળવીને જીવંત બને છે. શબ્દની રચનાના કારણરૂપે પણ પ્રણવ જ છે. સમચૈતન હીરરૂપે રહેલો આ પ્રણવ શરીર દ્વારા થતા ક્રિયા-કર્મથી નિરાળો છે, પરંતુ એ પ્રણવનો ચાલક ચૈતન અંશ તત્ત્વાતીત છે. અંશના આભાસ થકી જ પ્રણવ કાર્યરત બને છે. માટે તત્ત્વોની પ્રભાવવાળી આનુષાંગિક ક્રિયાઓને ત્યાગી દેવી જોઈએ. સાથે સાથે નિર્ગુણ બ્રહ્મના મહાતત્ત્વ એવા પ્રણવની ગતિનો પણ ત્યાગ કરીને પ્રણવને સચેતન કરનાર જે ચૈતન અંશ છે તેને ઓળખીને ગુરુગમ થકી અલગ તારવીને તેના કલ્યાણ માટે વિચાર કરવો જોઈએ.

# અંગ ૨૦
# અંશ અનુસુત દેખાવન દૃષ્ટાન્તકો

**અગમ અધાવની ભાવના ભયેવની, સેવની સદ્‌ગતિ શેષ ભાવે;**
**ધ્વંદતે દૂર અંકુર રહી અનુભવે, તો છવે પાગ વિભાગ દાવે. ૧**

### શબ્દાર્થ

**અગમ** = ગમ પહોંચી શકે નહીં તેવું અગમ્ય **અધાવની** = સમસ્યા રહિત, ત્યાં દોડી જવા કે પહોંચવા માટે અશક્ય છે **ભાવના** = અભિલાષા, ઈચ્છા, કામના, વૃત્તિ, આસ્થા, ભરોસો, વિશ્વાસ **ભયેવની** = રચનાની, પ્રકૃતિની, પદાર્થોની, થઈ ગયેલાઓની **સેવની** = સકામ કે નિષ્કામ ભાવે પરિચર્યારૂપ ભક્તિ કરવી એ, સેવાની **સદ્‌ગતિ** = મોક્ષ, ઉદ્ધાર, ઉત્તમ લોકની પ્રાપ્તિ **શેષ** = બાકી રહેતું, છેલ્લે ઉગરતું, અંશ **ભાવે** = ભાવથી **ધ્વંદતે** = એકતાપણું, એકાંત, જોડકું, સંશય, મર્યાદા, નાશવંત **દૂર** = દૂર, છેટે, આઘે, વેગળી **અંકુર** = મૂળ, બીજ, હેતુ, મર્મ, તીક્ષ્ણ ભાગ, અંશ **રહી** = રહીને **અનુભવે** = પ્રત્યક્ષ જ્ઞાન, સમજણ શક્તિ, અવલોકનથી થયેલું જ્ઞાન **તો** = તો **છવે** = શોભા, ક્રાંતિ, સુંદરતા, સૌંદર્ય, ચમક, પ્રભા, તેજ **પાગ** = પાળ સેતું, બાંધો, માન, હોદ્દો **વિભાગ** = કાર્યક્ષેત્ર, વર્ગ **દાવે** = અધિકારપૂર્ણ જમાવ, હક્ક કરવો, ઉપાય.

### અનુવાદ

**જ્યાં ગમ પહોંચતી નથી, જ્યાં સીધે સીધું જવું અશક્ય છે, જે પ્રાકૃતિક પદાર્થની અને કામનાથી રહિત છે, તેવા પદને અંશ ભાવે સેવવાથી અંશની સદ્‌ગતિ થઈ શકે છે. જ્યારે નાશવંત વિશ્વના વિલાસથી તો પરમપદના કાર્યક્ષેત્રનો જ અધિકાર મળશે.**

### ભાવાર્થ

સર્જનહારના પરમપદ અંગે સમજાવતાં કુવેરસ્વામી દર્શાવે છે કે તે પદ સુધી માનવીની બુદ્ધિ પહોંચી શક્તિ નથી, વળી તે પદમાં પહોંચવા માટે સીધે સીધો કોઈ માર્ગ નથી કે સરળ રીતે ત્યાં સુધી પહોંચી શકાય. વળી ત્યાં કોઈ પ્રકૃતિના પદાર્થો પણ પહોંચતા નથી. તે પદ કામનાથી રહિત છે. આવા અમોઘ પરમપદમાં

પહોંચવું ઘણું કઠિન અને વિકટ છે. છતાં પણ ત્યાં પહોંચવું અશક્ય તો નથી જ. જો માનવી દેહભાવ અને પ્રકૃતિના ભાવથી દૂર થઈને પોતાના શુદ્ધ ચૈતન ભાવે તે પદની ભક્તિ દ્વારા તેને મેળવવા માટેના પ્રયત્નો કરે તો સમર્થ ગુરુની કૃપા થકી અંશ પંચમી અખંડ કૈવલ મુક્તિને પ્રાપ્ત કરી શકે છે. આ પ્રમાણે આ જન્મે જ પરમપદને પામી શકાય છે. જ્યારે નાશવંત વિશ્વનાં વિલાસ ભોગવીને સાકાર ભક્તિથી તો રચના પૈકીના દેવ ધામોની ચાર પ્રકારની નાશવંત મુક્તિનો અધિકાર પ્રાપ્ત થાય છે.

**અરણવ લેહેર બહુપેર સુપસરે, તોય અદ્વૈતમે દ્વૈત ભાસે;**
**આછરે લેહેર તો પેર નવ પરભવે, ઈમ અવિનાશમે દાસ આસે. ૨**

### શબ્દાર્થ

**અરણવ** = સમુદ્ર **લેહેર** = લહેરિયો, મોજાં **બહુપેર** = ઘણી જાતના **સુપસરે** = ક્રમિક, પ્રસરે છે, ક્રમબદ્ધ પસારો થતો જાય છે **તોય** = પાણી **અદ્વૈતમે** = જુદાપણું ન હોવા છતા, એકલાપણું હોવા છતા **દ્વૈત** = જુદા, અલગ **ભાસે** = દશ્યમાન થાય છે, દેખાય છે **આછરે** = સમાઈ જવું, શાંત પામવું **લહેર** = લહેર **તો** = તો **પેર** = ક્રમ, પ્રકાર, રીત **નવ** = નહીં, નથી **પરભવે** = ઉત્પત્તિ દેખાતી નથી, મોજાંનો અનુભવ રહેતો નથી, જુદાપણું રહેતું નથી **ઈમ** = તે જ પ્રમાણે **અવિનાશમે** = અવિનાશી સર્જનહાર પ્રત્યે **દાસ** = ભક્ત **આસે** = આશય, ઈચ્છા.

### અનુવાદ

**જેવી રીતે સમુદ્રમાં ઘણી જ જાતના ક્રમબદ્ધ લહેરીઓનો (મોજા) થવાથી પાણીની એકતા હોવા છતાં જૂદું સ્વરૂપ દેખાય છે, પરંતુ જ્યારે લહેરીઓ સમાઈ જતાં જુદાપણું રહેતું નથી. તેવી રીતે મુમુક્ષુજનોનો આશય અવિનાશી પદમાં ભળી જવાનો હોય છે.**

### ભાવાર્થ

આ ચોપાઈમાં ભક્ત અને ભગવંત યાને અંશ અને અંશીના સ્વરૂપની સ્થિતિની સ્પષ્ટતા દર્શાવવા કુવેરસ્વામીએ પ્રયત્ન કર્યો છે. જેમ સમુદ્રમાં અગાધ જળ સમાયેલું છે, પરંતુ જ્યારે વેગવંત પવનની લહેરના પ્રભાવથી સમુદ્રમાં અનેક

મોજાં રૂપ તરંગોની હારમાળા ઉભી થયેલી જોવા મળે છે, પરંતુ પવન શાંત થઈ જતાં તરંગો મૂળ જળમાં સમાઇ જાય છે. માત્ર એક અગાધ જળ જ દશ્યમાન થાય છે. તેજ ન્યાયે સર્જનહાર એક મહદ્ સજાણજાણ સમુદ્ર સમાન છે. તેમના સંકલ્પરૂપ પવનથી સમગ્ર રચના સહિત અસંખ્ય અંશો બ્રહ્મભૂમિકામાં જોવા મળે છે. જ્યારે સંકલ્પ સમાઈ જાય છે ત્યારે અંશો સહિત સર્વ દેખાતી રચના તેના મૂળ મહદ્ સ્વરૂપમાં સમાઈ જતાં માત્ર એક અદ્વૈત રૂપ કૈવલ પુરુષ જ પોતાના અંતર હંગે મૂળ સ્થિતિમાં રહે છે.

**દિવ્ય દરીયાવમે ચાહાવ તોરંગ હે, હુંસ હીલોલની મોલ ચાલે;**
**તાંહાં લગી ચીદમાં ચીત્ત લટકાં કરે, પૃષ્ટ પ્રોઢિમ જો મધ્ય મહાલે. ૩**

### શબ્દાર્થ

**દિવ્ય** = અદ્ભુત, મહાન, પ્રકાશમય **દરીયાવમે** = સમુદ્રમાં **ચાહાવ** = ચાહના, ઈચ્છાના **તોરંગ** = સંકલ્પ રૂપ તરંગો, લહેરીઓ **હે** = છે **હુંસ** = ઉમંગના **હીલોલની** = મોજાંની, તરંગોની **મોલ** = ઉત્પત્તિ, પાક **ચાલે** = ચાલે છે, પસારો થાય છે **તાંહાં લગી** = ત્યાં સુધી **ચીદમાં** = ચિદરૂપ બ્રહ્માંડમાં **ચિત્ત** = ચિત્તઅંતઃકરણ **લટકાં કરે** = આમ તેમ ભમ્યા કરે, હાવભાવ યુક્ત ચેષ્ટા કરે **પૃષ્ટ** = પૃષ્ટિ આપનારી **પ્રોઢિમ** = મહાન, પૂરણોત, પ્રાચીન **જો** = જો, નિહાળ **મધ્યમહાલે** = તેની મધ્યમાં મહાલે છે, મોજ કરે છે, આનંદની અનુભૂતિ કરે છે.

### અનુવાદ

**પ્રકાશમય બ્રહ્મરંદ્રમાં મનનાં (સંકલ્પ) તરંગો રૂપી લહેરીઓ ઉમંગનાં મોજાંને કારણે એક પાછળ એક એમ ક્રમબદ્ધ ચાલ્યા જ કરે છે. ત્યાં સુધી ચિદ્ રૂપ બ્રહ્મરંદ્રમાં ચિત્ત અંતઃકરણ ચેષ્ટા કરે છે. એવા બ્રહ્મરંદ્રની મધ્યમાં પૃષ્ટિ આપનાર મહાન ચૈતન અંશ આનંદની અનુભૂતિ કરે છે તે નિહાળો.**

### ભાવાર્થ

અગાઉના જ દષ્ટાંતને ઘાટની સાથે ન્યાયબદ્ધ સમજાતાં કુવેરસ્વામી જણાવે છે કે જેમ દરિયાનાં જળમાં અનેક લહેરીઓ ઊઠે છે તેમ અહીં પ્રકાશમય બ્રહ્મરંદ્રમાં મનના સંકલ્પ વિકલ્પ રૂપી તરંગોની લહેરીઓ એક પછી એક ક્રમબદ્ધ

ચાલ્યા જ કરે છે. ઉમંગ રૂપી મોજાંના કારણે ચિત્ત અંતઃકરણ પણ શાંત થતું નથી, પરંતુ તે પણ ચિંતવનની ક્રિયા રૂપ હાવભાવ વાળી ચેષ્ટા કર્યા જ કરે છે. સર્વને પોષણ આપનાર ચૈતન અંશ બ્રહ્મરંદ્ર મધ્યમાં રહીને કર્મોની ચાસમી મેળવીને આનંદની અનુભૂતિ કરે છે. સમગ્ર જડ તત્ત્વો અને તત્ત્વોથી ઉઠતા તરંગોને નહીં, પરંતુ જડ તત્ત્વોની ચેતનતા કારણ રૂપ ચૈતન અંશને નિહાળવો જોઈએ.

**સમજ સિદ્ધાંત દૃષ્ટાંતના વૃંતમે, જે ગમે હોય નિરવૃત સંશે;**
**અન્ય દૂજો નહીં સત્ સોહંગ સહી, શુદ્ધ અવિલોક સમલિત અંશે. ૪**

### શબ્દાર્થ

**સમજ** = સમજણ થકી **સિદ્ધાંત** = સિદ્ધાંત, સંપાદિત નિર્ણય, મત **દૃષ્ટાંતના** = દૃષ્ટાંતના **વૃંતમે** = વૃત્તાંતને, હકીકતને **જે** = જેની **ગમે** = સમજણથી **હોય** = થાય, હોય **નિરવૃત** = નિવૃત, શાંત, અળગો થઈને **સંશે** = સંશયોથી, શંકાઓથી **અન્ય** = આન્ય **દૂજો નહીં** = બીજો કોઈ નથી **સત્** = સત્, શાશ્વત **સોહંગ** = સોહંગ પ્રણવ **સહી** = સાચો, સત્ય **શુદ્ધ** = નિર્મળ, પવિત્ર **અવિલોક** = અવલોકન કરીને **સમલિત** = પોતાનું હંગ, પોતાની જાણ **અંશે** = અંશ છે, અંશની છે.

### અનુવાદ

**ઉપરોક્ત દૃષ્ટાંતના વૃતાંત ઉપરથી સિદ્ધાંતને સમજી લો કે સમજથી સંશયો શાંત થાય. શુદ્ધ અવિલોકનથી જો કે સમચૈતન ઉપર સોહંગનું નિર્મળ સ્વરૂપને છે, તે અન્ય બીજા કોઈનું નહીં, પરંતુ અંશનું છે.**

### ભાવાર્થ

ઉપરોક્ત દર્શાવેલ સમુદ્ર અને પાણીના મોજાની લહેરોવાળા દૃષ્ટાંતના વૃતાંત મુજબ રહસ્યને સમજવા પ્રયત્ન કરવો જોઈએ. જેથી મનમાં જાગેલી અનેક પ્રકારની ભ્રમણાઓ અને સંશયો નાશ પામે. સદ્ ચિદ્ આનંદ રૂપ સચરાચરવ્યાપક બ્રહ્મ છે તેના મહાતત્ત્વો અવિકાસ, વિકાસ અને કુંભસ્થ જે પ્રાણાયામ સમચૈતન હીરના સ્વરૂપે શરીરમાં દૃશ્યમાન થાય છે તેનું અવલોકન કરીને તપાસવું જોઈએ કે આ સમચૈતન ઉપર નિજ જાણરૂપ જે નિર્મળ સ્વરૂપ છે તે તો સર્જનહારની સજાણજાણ રૂપી ચૈતન અંશનું જ છે. એટલે કે, જે કાંઇ

ચેતનતા દેખાય છે તેના કારણરૂપ ચૈતન અંશ છે. સોહંગના નિર્મળ સ્વરૂપ સિવાય અન્ય બીજું કોઈ જ નથી.

**સકલ સમપુર હજૂર રહી હલમલે, અરસ પરસતા એક લાઈ;**
**કહે કુવેર ગ્યમ ગ્રભ આસે ભઈ, ના કહી જાત કે તાત માઈ.૫**

### શબ્દાર્થ

**સકલ** = સમસ્ત, સમગ્ર ઘાટોમાં, સઘળે, તમામ **સમપુર** = પરિપૂર્ણ રીતે, સંપૂર્ણપણે **હજૂર** = પ્રત્યક્ષ, હાજર, મોજૂદ, રૂબરૂ, ઉપસ્થિત, વિદ્યમાન **રહી** = રહીને **હલમલે** = હલચલ કરે આમ તેમ આનંદમાં ફરવું, ભાવમગ્ન થવું **અરસ પરસતા** = પરસ્પર, અન્યોન્ય, આપસ-આપસમાં **એકલાઈ** = એક થઈને રહે, એકતાવાળું જીવન **કહે કુવેર** = કુવેરસ્વામી કહે છે કે **ગ્યમ** = સમજ, જ્ઞાન જાણ્ય **ગ્રભ** = ગર્ભિત, ગૂઢ **આસે** = આશય, મર્મ **ભઈ** = થઈ **ના કહી** = કહી ન શકાય **જાત** = જાતિ **કે** = કે **તાત** = પિતા **માઈ** = માતા.

### અનુવાદ

**તે સઘળે પરિપૂર્ણ રીતે હાજર હોઈ આનંદમાં રહે છે અને પરસ્પર એક થઈ રહે છે. કુવેરસ્વામી કહે છે કે આ આશય ગર્ભિત છે. તેમ છતાં તેને પિતા કે માતા, કે જાતિ કહી શકાય નહીં.**

### ભાવાર્થ

નાશવંત દુનિયાનો આ ખેલ સર્જનહારે રચ્યો છે, પરંતુ ખેલનહાર તરીકે તે પોતે રચનાથી નિરાળા રહેલાં છે. તે જ રીતે આ સમગ્ર ઘાટોના ખેલને ખીલવવાવાળો અંશ પ્રત્યક્ષ હાલ - હજૂર રહીને તત્ત્વોની ચાસમી ગ્રહ્યા કરે છે. અને હળી-મળીને આનંદમાં મહાલે છે. અંશ પોતાના સામાન્ય આભાસથી સમચૈતન પ્રણવના માધ્યમ થકી ઘાટના તત્ત્વોને અન્યો-અન્ય ચેતનતા પ્રસારીને સમગ્ર શરીરને ચેતનવંત રાખે છે. કુવેરસ્વામી કહે છે કે એવા આ તત્ત્વાતીત અંશના ગર્ભિત રહસ્યને સમજીએ તો સમજાય કે તે જ આ ઘાટમાં અંશ સર્વસર્વા છે. છતાં તેની કોઈ જાતિ કહી શકાય નહીં. વળી તે સર્વે તત્ત્વોને ચેતન કરવાવાળો હોવા છતાં તેને પિતા કે માતા પણ કહી શકાય નહીં.

## (સાખી)

**લક્ષ કોશ સિંધુ મધ્યે, મીન ના જાનત તીર;**
**આડા ટેડા ક્યૌ કલે, દધી મધ્ય ગેહેર ગંભીર. ૬**

### શબ્દાર્થ

**લક્ષ** = લાખનો આંક **કોશ** = એક ગાઉ, દોઢ માઈલનું અંતર **સિંધુ** = દરિયો, સમુદ્ર **મધ્યે** = મધ્યમાં **મીન** = માછલી **ના** = નહીં, નથી **જાનત** = જાણતી **તીર** = કિનારો **આડા ટેડા** = વાંકુચૂંકુ, આડુ અવળું **ક્યૌ** = કેમ **કલે** = કળે, જાણે **દધી** = સમુદ્ર, દરિયો **મધ્ય** = વચ્ચમાં, મધ્યમાં **ગેહેર ગંભીર** = ઊંડા શાંત પાણી.

### અનુવાદ

**લાખ ગાઉ ઘેરાવાના દરિયાના મધ્યમાં રહેનાર માછલી દરિયાના ઊંડા શાંત પાણીમાં આડું અવળું ફરે તો પણ તેને કિનારાની ખબર હોતી નથી.**

### ભાવાર્થ

અપરંપાર એવા એક લાખ(દોઢ માઈલનું અંતર) ગાઉના ઘેરાવાવાળા દરિયાની મધ્યમાં રહેનાર માછલાંને દરિયાના કિનારાની જાણ હોતી નથી. કારણ કે, દરિયાનું પાણી અથાહ અને અગાધ છે. જે માછલી દરિયાના મધ્ય ભાગે ઊંડા શાંત પાણીમાં રહેતી હોય તે અંદરનું અંદર ગમે તેટલું વાંકુંચૂંકુ કે આડું અવળું ફરે તો પણ તેને કિનારા અંગેની માહિતી હોતી નથી. એટલે કે કિનારો શું છે તે અંગેની માહિતી તેની જાણની બહાર હોય છે.

**થાહ નહીં અવિથાહનો, કારણ લેહેર કલોલ;**
**લોક સમસ્ત ઉપરછલા, અરણવ બ્રહ્મ અડોલ. ૭**

### શબ્દાર્થ

**થાહ** = તાગ, હદ, તળિયું, છેડો **નહીં** = નથી, નહીં **અવિથાહનો** = અથાહ, અંત રહિતનો અનંતનો, અનહદનો **કારણ** = કારણ, ઉત્પત્તિનો ઉપજાવનાર, કાર્યનો કરનાર **લહેર** = તરંગ, મોજું **કલોલ** = પાણીના તરંગનો, સતત રહેતો ઉછાળો **લોક** = કર્મોના ફળ ભોગવવા માટેનાં જુદાં

જુદાં સ્થાન, બ્રહ્માંડમાં આવેલા વિવિધ લોક **સમસ્ત** = બધા, સર્વ **ઉપરછલા** = ઉપલક, ઉપરચોટિયું **અરણવ** = સમુદ્ર, દરિયો **બ્રહ્મ** = બ્રહ્મ, સચરાચર વ્યાપક સર્જનહારનો પ્રકાશ **અડોલ** = સ્થિર, ડોલે નહીં તેવું.

## અનુવાદ

**અંતરરહિત અનંતનો કોઈ છેડો નથી એવા અડોલ બ્રહ્મરૂપ દરિયાની લહેરરૂપ ઉપરછલ્લા સર્વ લોક ઉપલક કારણ રૂપે છે.**

## ભાવાર્થ

બ્રહ્માંડમાં સર્જનહારના બાહ્યહંગની બાહ્ય પ્રકાશ બ્રહ્મવૃત્તિનો પસારો સર્વ વ્યાપક ઠસોઠસ પ્રસરેલો છે. જેને બ્રહ્મ કહેવામાં આવે છે. જે સચરાચર વ્યાપક છે. જે અંતરહિત હોવાથી તેનો કોઈ છેડો નથી. અથાહ સમુદ્રમાં જેમ ઉપર છલ્લા પાણીમાં સતત રહેતા તરંગોના ઉછાળાથી મોજાં ઉત્પન્ન થાય છે. તેમ બ્રહ્મરૂપ અથાહ દરિયામાં લહેર રૂપ ઉપર છલ્લા ચૌદ લોક અંતરિક્ષમાં અને ચૌદલોક પૃથ્વીના પેટાળમાં ઉત્પન્ન થયેલાં છે. જેથી બ્રહ્મ આ સર્વ લોકનાં કારણ રૂપ જણાય છે.

**અંતરિક્ષના ચૌદલોક :** અવ્યાક્રત શક્તિલોક, વિષ્ણુલોક, સત્‌લોક, તપલોક, જનલોક, મહદલોક, દેવલોક, ગાંધર્વલોક, ઈન્દ્રલોક, ભૂરલોક, ચંદ્રલોક, સુરલોક, મૃતલોક અને આનતલોક

**પૃથ્વીમાં આવેલા ચૌદલોક :** અષ્ટઅંગી શાંતિલોક, શેષલોક, સારથીલોક, સમાધીલોક, જમીયેતલોક, મારધવલોક, સંભલોક, પાતાલલોક, રસાતલલોક, તલલોક, તલાતલલોક, નીતલલોક, વીતલલોક અને આતલલોક

# અંગ ૨૧
# બ્રહ્મ હીરણ્યગ્રભ દેખાવનકો અંગ

ગ્રભગતિ સરવની અષ્ટાદશ પરવની,
પેચ પડનાલ પહેચાની પેખો;
જીવ પ્રકૃતમે શીવ સમાધ્યમે,
સ્વાધ અવતાર લેઈ કોઈ ન સેખો. ૧

### શબ્દાર્થ

**ગ્રભગતિ** = ગર્ભદશા, ગર્ભમાં વિકાસ પામીને થયેલ ઉત્પત્તિની સ્થિતિ **સરવની** =સર્વની, બધાયની **અષ્ટાદશ** = અઢાર **પરવની** = પુરાણોની, પુસ્તકના વિભાગની, પરિવારની **પેચ** =યુક્તિ **પડનાલ** = પડનાલિકા, પ્રણાલિકા, પરંપરા **પહેચાની** = નિરીક્ષણ કરીને તપાસીને, જાણીને **પેખો** = ઓળખો, જાણો **જીવ** = જીવદશા ભોગવતા સામાન્ય જીવો **પ્રકૃતમે** = પ્રકૃતિમાં, માયામાં **શીવ** = શિવદશા ભોગવતા વિશેષ જીવાત્માઓ **સમાધ્યમે** = સમાધિમાં **સ્વાધ** = સ્વતંત્ર **અવતાર** = ભક્તોને તારવા માટે થયેલ અવતરણ, અવની ઉપર અવતરણ **લેઈ** = લઈને **કોઈન** = કોઈ પણ નથી **સેખો** = શીખેલા, આવેલા.

### અનુવાદ

**અઢાર પુરાણોમાં દર્શાવેલ સર્વ કોઈ ગર્ભદશાવાળા છે. જેની પ્રણાલિકાની યુક્તિ જાણીને તપાસી જોશો તો જણાશે કે જીવો માયામાં અને શિવ સમાધિને વશ છે, પરંતુ સ્વતંત્ર રીતે અવતાર લઈને કોઈ આવ્યા નથી.**

### ભાવાર્થ

વ્યાસજીએ પોતાના અઢાર પુરાણોમાં દેવો અને અસુરોના સંગ્રામ દર્શાવીને દરેકે દરેક પુરાણોમાં અલગ-અલગ ઐશ્વર્યતા ધરાવતા એકપાત્રને અન્ય કરતાં વિશેષ બતાવીને જીવોના ભેદ દર્શાવ્યા છે. કોઈ શિવદશાવાળા અને કોઈ જીવદશાવાળા એમ ભિન્નતા દર્શાવીને કલ્પિત પાત્રો પોતાના પુસ્તકમાં બતાવ્યાં છે. પુરાણોના વૃતાંતના વૃતાંતને સમજપૂર્વક તેમાં દર્શાવેલી પ્રણાલિકાને

ઓળખીને તપાસ કરતાં જણાય છે કે જીવદશાના જીવો માયાને વશ થઈને જીવે છે અને શિવદશાના પુણ્યશાળી આત્માઓ સમાધિને વશ થયેલા છે, પરંતુ બન્ને પ્રકારના જીવોની ઉત્પત્તિ તો ગર્ભમાં વિકાસ પામીને માતાની યોનિ દ્વારા પ્રસવ પામીને જન્મ્યા છે. તેમાંના કોઈ પણ સ્વતંત્રપણે અવતાર ધારણ કરીને પૃથ્વી ઉપર આવ્યા નથી કે જન્મધારણ કર્યો નથી.

**મચ્છ કચ્છ વામ વેરાહ નરસંગ હરિ, રામ ફરસુધર કૃષ્ણ સાંઈ;**
**બુધ નકલંકી કલાભ્મી ચતુરદશ, એ વસે નિધ્યકે ગ્રભ માંહી. ૨**

### શબ્દાર્થ

**મચ્છ** = મચ્છાવતાર, **કચ્છ** = કાચબાનો અવતાર **વામ** = વામન અવતાર **વેરાહ** = વરાહ અવતાર **નરસંગ** = નરસિંહ અવતાર **હરિ** = ઈશ્વર **રામ** = શ્રીરામ અવતાર **ફરસુધર** = શ્રી પરશુરામ અવતાર **કૃષ્ણ** = શ્રીકૃષ્ણ અવતાર **સાંઇ** = ઈશ્વર **બુધ** = બુદ્ધ અવતાર **નકલંકી** = નકલંકી અવતાર **કલાભ્મી ચતુરદશ** = ચૌદ કળાવાળા વિષ્ણુના અવતારો **એ વસે** = તેઓ વસ્યા છે **નિધ્યકે** = બ્રહ્મરૂપ મહાસમુદ્રમાં, બ્રહ્મનિધિમાં **ગ્રભ** = હિરણ્ય ગર્ભ **માંહી** = અંદર, મોં.

### અનુવાદ

**મચ્છ, કચ્છ, વામન, વરાહ, નરસંગ, પરશુરામ, રામ, કૃષ્ણ, બુદ્ધ અને કલકી સહિતના હરિરૂપ ચૌદકળાવાળા વિષ્ણુના દશ અવતારો એ બ્રહ્મરૂપ ભૂમિકામાં આવીને નિવાસ કરેલો છે.**

### ભાવાર્થ

બ્રહ્માંડમાં એકમાત્ર વૈરાટ કહેવાતા મહિમંડ ઈંડમાં સૃષ્ટિનો પસારો થયેલો છે. જેમાં અંતરિક્ષના ચૌદલોકમાં ઐશ્વર્યવાન દેવી-દેવતાઓ અને પૃથ્વી ઉપર ચોર્યાસી લાખ પ્રકારના સ્થાવર-જંગમ ઘાટોનો સમાવેશ થાય છે. આ બધાં જ બ્રહ્મભૂમિકામાં પોષણપામીને રહ્યા છે. જેમ માતાના ગર્ભાશયમાં રહેલો ગર્ભ માતાના સમચૈતન હીરથી પોષણપામીને વૃદ્ધિ પામે છે. તે જ ન્યાયે હિરણ્યગર્ભ બ્રહ્મરૂપ ભૂમિકામાં તેના સમચૈતન હીરથી ગર્ભરૂપ સર્વરચના પોષણ પામીને વૃદ્ધિ પામે છે. ધર્મનું સ્થાપન કરી અધર્મનો વિનાશ કરવા માટેની જવાબદારી

નિભાવવા માટે વિષ્ણુના યુગે-યુગે અવતાર થાય છે. જેમાં મચ્છ, કચ્છ, વામન, વરાહ, નરસિંહ, પરશુરામ, રામ, કૃષ્ણ અને બુદ્ધ અવતાર વિષ્ણુના થઈ ગયા છે અને નકલંક અવતાર હવે થશે. આ બધા અવતારો બ્રહ્મરૂપ ભૂમિકામાં જ જન્મ્યા, વૃદ્ધિ પામ્યા અને વિનાશને વર્યા છે.

**શેષ માહેશ વિરંચી વિષ્ણુ લગે, પંચમી શક્તિ ને જ્યોત જોઈ;**
**એ ખટ ગ્રભકી માંહી કીલા કરે, પ્રસવી પારણે ઝૂલ્યો ન કોઈ. ૩**

### શબ્દાર્થ

**શેષ** = શેષજી **માહેશ** = શંકર **વિરંચી** = બ્રહ્મા **વિષ્ણુ** = વિષ્ણુ **લગે** = સુધીના **પંચમી** = પાંચમી **શક્તિ** = આદ્યશક્તિ **ને** = અને **જ્યોત** = જ્યોતિ સ્વરૂપ નિરંજન **જોઈ** = જુઓ **એ ખટ** = આ છ **ગ્રભકી માંહી** = હિરણ્યગર્ભ બ્રહ્મભૂમિકામાં **કિલા કરે** = આનંદ કરે, ક્રીડા કરે **પ્રસવી** = જન્મ લઈને **પારણે** = ઘોડિયામાં, પારણામાં **ઝૂલ્યો ન કોઈ** = કોઈ પણ ઝૂલ્યા નથી.

### અનુવાદ

**શેષજી, શંકર, બ્રહ્મા, વિષ્ણુ અને પાંચમી શક્તિ અને નિરંજન સુધીના છ મહાદેવો પણ હિરણ્યગર્ભ બ્રહ્મથી અલગ કોઈ જન્મ લઈને પારણે ઝૂલ્યા નથી.**

### ભાવાર્થ

સર્જનહારની સર્વ નાશવંત રચના હિરણ્યગર્ભ બ્રહ્મરૂપ ભૂમિકામાં વિકાસ પામી છે. માટે જ બ્રહ્મને સૌનું જીવન કહેવામાં આવે છે. મહાન ગણાતા દેવતાઓ પૈકી શેષ નારાયણ મહાદેવ (શંકર), બ્રહ્માજી, વિષ્ણુ, આદ્યશક્તિ અને જ્યોત સ્વરૂપ નિરંજન આ છ મહાદેવો બ્રહ્મમાં જ વૃદ્ધિ પામીને આનંદ-ક્રીડા કરે છે, પરંતુ હિરણ્યગર્ભ બ્રહ્મથી અલગ થઈને કોઈ જન્મધારણ કરીને પારણે ઝૂલ્યા જ નથી.

**આન્ય જીવનકી કુણ ગણતી ગણે, ગ્રભમાં સર્વ કોઈ યેસે એસે;**
**એહી સંદેશ કાહુ મન ઉપજે, ખટદશ ચૌદ ચેહેન્યા જ કેસે. ૪**

### શબ્દાર્થ

**આન્ય** = અન્ય, બીજા **જીવનકી** = જીવોની **કુણ** = કોણ, શી **ગણતી** = ગણતરી **ગણે** = ગણે, કરે, થાય **ગ્રભમાં** = ગર્ભરૂપ બ્રહ્મમાં **સર્વ કોઈ** = બધા જ, સર્વ **યેસે** = એ રીતે, એવા **એસે** = એવા **એહી** = એ પ્રમાણે એવા **સંદેશ** = શંકા, સંશય **કાહુ** = કેમ, કોઈના **મન** = મન અંતઃકરણમાં **ઉપજે** = ઉત્પન્ન થાય, વિચાર આવે **ખટ** = છ મહાન દેવતાઓ **દશ** = દશ અવતારો **ચૌદ** = ચૌદ લોકના દેવ-દેવીઓ, જીવો **ચહેન્યા** = ચિન્યા, ઓળખ્યા **જ** = જ **કેસે** = કેવી રીતે.

### અનુવાદ

**એ રીતે એવા દેવી-દેવતાઓ હિરણ્યગર્ભ બ્રહ્મમાં વિકાસ પામ્યા છે તો પછી અન્ય જીવોની શું ગણતરી ? કોઈના મનમાં એવી શંકા ઉત્પન્ન થાય કે મોટા દેવો, દશ અવતારો અને ચૌદલોકના સર્વ દેવી-દેવતાઓ હિરણ્યગર્ભ બ્રહ્મમાં જ વિકાસ પામ્યા છે તે હકીકત તમે કેવી રીતે જાણી?**

### ભાવાર્થ

શેષનાગ, શંકર, બ્રહ્મા, વિષ્ણુ, આદ્યશક્તિ, નિરંજન પુરુષ સહિતના છ મહાદેવતાઓ, વિષ્ણુના દશ અવતારો અને ચૌદલોકમાં નિવાસ કરતા અન્ય દેવી-દેવતાઓ અને ઉપાસકો સહિત એવા સર્વ બ્રહ્મમાં જ પોષણ પામીને વૃદ્ધિ પામ્યા છે તો પછી અન્ય સામાન્ય જીવો માટે કાંઈ કહેવાનું રહેતું જ નથી. આ સત્ય હકીકત અંગે પ્રતિવાદીના મનમાં એવી શંકા ઉત્પન્ન થાય કે ખરેખર ! આ બધા હિરણ્યગર્ભ રૂપી બ્રહ્મભૂમિકામાં જ વૃદ્ધિ પામ્યા છે તે કઈ રીતે ખબર પડી? અથવા તો તે હકીકત કુવેરસ્વામીએ કેવી રીતે જાણી?

**કોઈ સંસારમાં ઉદરકી કહત હે, જાયેબીન કુવર કે કુવંરી ઠાને;**
**કહે કુવેર આંહાં સંત શિરોમણી, ગ્રભમેં જીવ ઈશ્વર જાને.૫**

### શબ્દાર્થ

**કોઈ** = કોઈ **સંસારમાં** = વિશ્વમાં **ઉદરકી** = માતાના પેટમાં રહેલ ગર્ભ અંગે **કહત હે** = કહે છે **જોયેબીન** = જન્મ્યા સિવાય, જન્મતા પહેલાં **કુવર** = પુત્ર, છોકરે **કે** = કે **કુંવરી** = છોકરી, પુત્રી **ઠાને** = નક્કી કરે **કહે કુવેર** = કુવેરસ્વામી કહે છે કે **આંહાં** = અહીંયા **સંત શિરોમણી** = સર્વ શ્રેષ્ઠ,

સંતપુરુષ, પરમ વિશેષ અંશ હોવાથી **ગર્ભમે** = ગર્ભમાં **જીવ** = જીવોની ગતિ **ઈશ્વર** = ઈશ્વરોની ગતિને **જાણે** = જાણ છે

## અનુવાદ

**સંસારમાં કોઈ પુત્ર કે પુત્રીના જન્મ પહેલાં ગર્ભની હકીકત કહી દે છે. કુવેરસ્વામી કહે છે કે અહી તો હું શિરોમણી સંતરૂપ પરમવિશેષ પાટવી અંશ હોઈ બ્રહ્મમાં જીવ અને ઈશ્વરની ગતિને જાણું છું.**

## ભાવાર્થ

સંસારમાં જેમ કોઈ સ્વરોદા જ્ઞાનનો જાણકાર પુરુષ માતાના ઉદરમાં રહેલા ગર્ભ અંગે પુત્ર કે પુત્રી છે તે અંગેની માહિતી જન્મ પહેલાં જણાવી દે છે. જ્યારે કુવેરસ્વામી તો સકર્તા સર્જનહાર કૈવલકર્તાના પરમવિશેષ પાટવીઅંશ હોવાથી વિશ્વની સઘળી સિદ્ધિઓ રૂપ સોળ વિભૂતિઓ, નવ બુદ્ધિથી વિભૂષિત છે. વળી સર્જનહારે પોતાની રચનાની સર્વ હકીકતના ભંડારને દિવ્ય પરમગુરુની જાણમાં ભરપૂર ભરીને મૂકેલો છે. વળી તેઓ સર્વ ઉત્પત્તિના સાક્ષીરૂપે સર્જનહારની સાન્નિધ્યમાં રહેતા હોવાથી બ્રહ્મરૂપ ભૂમિકામાં જીવો અને ઈશ્વરો સહિતની સર્વ ઉત્પત્તિ અંગેની સર્વ હકીકત જાણે છે.

## (સાખી)

**હિરણ્યગર્ભ હરિ હારદ, સમગ્રે પૂંજ પૂજાય;**
**એક એકતે સેવા કરે, કંચન કાજ ન થાય. ૬**

### શબ્દાર્થ

**હિરણ્યગ્રર્ભ** = હિરણ્યગર્ભ રૂપી બ્રહ્મનો **હરિ** = સર્જનહારનું **હારદ** = રહસ્ય, મર્મ છે **સમગ્રે** = સચરાચર, સર્વત્ર **પૂંજ** = પ્રકાશ **પૂજાય** = પથરાયેલ છે **એક એકતે** = એક દેશી, એક પક્ષીય **સેવા** = સેવા પૂજા ભક્તિ **કરે** = કરે **કંચન** = સુવર્ણ, સોનું, પવિત્ર, શુદ્ધ, શ્રેષ્ઠ **કાજ** = કાર્ય, હેતુ, પ્રયોજન **ન થાય** = થાય જળવાય નહીં, સરે નહીં.

### અનુવાદ

**સર્જનહારની બ્રહ્મવૃત્તિનો પ્રકાશ સર્વત્ર પથરાયેલો છે જેને હિરણ્યગર્ભ બ્રહ્મભૂમિકા કહેવાય છે. જે એકાંકી હોવાથી તેની સેવા કે પૂજા કરવાથી ઉત્તમ હેતુ સરે નહીં.**

### ભાવાર્થ

સર્જનહારની પ્રથમ "પ્રકાશબ્રહ્મવૃત્તિ" ની ઉત્પત્તિ એ જ હિરણ્યગર્ભ બ્રહ્મ છે. જે બ્રહ્માંડમાં સર્વત્ર વ્યાપેલો છે. બ્રહ્મ કર્તૃત્વશક્તિ વગરનું નપુંસક અને ભૂમિકાના સ્વરૂપે રહેલું છે. જે એકદેશી ગુણ ધરાવતો હોઈ તેની ભક્તિ કે પૂજા કરવા પાછળનો જે ઉત્તમ હેતુ હોય છે તે સરતો નથી. એટલે કે, ભક્તિ કે પૂજા પાછળનું પ્રયોજન તો મોક્ષ મેળવવાની પવિત્ર ઈચ્છા રાખી ને કરાતું હોય છે. જ્યારે બ્રહ્મ તો કશું જ ગ્રહણ કરતો ન હોવાથી તેની ભક્તિ કરવા પાછળનો હેતુ સાર્થક થતો નથી. તેથી તેની ભક્તિ નિરર્થક છે.

**શાલંગ શલ્યા સંત તન, જ્ઞાન સોવ્રણ ઘટ માંહાંય;**
**નિત્ય બોધ કંચન ઝરે, સેવક પાવહી જાંહાંય. ૭**

#### શબ્દાર્થ

**શાલંગ શલ્યા** = શાલિગ્રામ, ગંડકી નદીના પટમાંથી મળતો કાળો ગોળ લિસ્સો પથ્થર **સંત** = સંતનું **તન** = શરીર **જ્ઞાન** = જ્ઞાન **સોવ્રણ** = સોનું **ઘટમાંહાંય** = શરીરમાં **નિત્ય** = દરરોજ, સદાને માટે **બોધ** = ઉપદેશ **કંચન** = સુવર્ણ, પવિત્ર **ઝરે** = ઝરે, વહે **સેવક** = સેવક, સેવા કરનાર ઉપાસક **પાવહી** = પ્રાપ્ત કરે **જાહાંય** = દુનિયામાં, જ્યાં.

### અનુવાદ

**શાલિગ્રામ જેવું સંતનું શરીર હોઈ સુવર્ણ રૂપ પવિત્ર જ્ઞાન તેમના ઘટમાં સંપૂર્ણ ભરેલું છે તેમાંથી પાવનકારી ઉપદેશ હંમેશને માટે ઝરે છે. જેને વિશ્વમાં સેવકો પ્રાપ્ત કરે છે.**

## ભાવાર્થ

કુવેરસ્વામીનું શાલિગ્રામ જેવું તેજસ્વી અને ઘનશ્યામ સ્વરૂપ છે. તે અંગેનો સચોટ ખુલાસો અહીં દર્શાવવામાં આવ્યો છે. તેમનો દિવ્યદેહ સોનારૂપ કિંમતી ધાતુ સમાન ઉત્તમ કૈવલજ્ઞાનથી ભરપૂર ભરેલો છે. તેઓ સર્જનહારના આદેશથી જ અંશોને પોતાના સ્વરૂપની ઓળખાણ કરાવી અંશી સાથે મેળાપ કરાવવાનો લક્ષ લઈને બ્રહ્માંડમાં આવેલા છે. અંતરિક્ષના દૈવી ધામોમાં જઈ કૈવલજ્ઞાનનો લક્ષ દર્શાવ્યો છે અને પૃથ્વી પરના છ દ્વિપોમાં પણ સર્જનહારનો સંદેશો પહોંચાડીને છેલ્લે સાતમા જંબુદ્વિપમાં પધાર્યા છે.

પરમગુરુનું દિવ્ય ઘનશ્યામ સ્વરૂપ સકર્તા સિદ્ધાંતનું સ્થાપન કરવા માટે કૈવલજ્ઞાનથી સંપૂર્ણપણે ઠસોઠસ ભરેલું છે. તેઓ સઘળી કરુણાઓનો સાગર છે. તેમના મુખમાંથી કંચનરૂપ અંશ-અંશીના જ્ઞાનપદેશનું ઝરણું સતત ઝર્યા જ કરે છે. જેનું પૂર્વજન્મનું સંચિત પુણ્ય હોય તેવા ભાગ્યવંત કાયમપંથી સેવકો જ જ્ઞાનપાન કરી શકે છે.

# અંગ ૨૨
# ગર્ભ વિવ્યક્ત પરિઉત્તરકો

**સકલ ચરાચર દેવ મગ નાગ નર, વિશ્વ વૈરાટનું ગ્રભ વાસી;**
**બ્રહ્મતે ભિન્ન કોઈ જન જાયો નહીં, સર્વના ગ્રભની કહું પ્રકાશી. ૧**

### શબ્દાર્થ

**સકલ** = સર્વ **ચરાચર** = સ્થાવર, જંગમ **દેવ** = દેવ **મગ** = માર્ગ **નાગ** = નાગજાતિ **નર** = મનુષ્ય **વિશ્વ** = જગત **વૈરાટનું** = વૈરાટનું **ગ્રભ** = ગર્ભ, હિરણ્યગર્ભ બ્રહ્મ **વાસી** = રહેનારું, વસેલું **બ્રહ્મ** = બ્રહ્મ **તે** = તે **ભિન્ન** = જુદા, અલગ **કોઈ જન** = કોઈ પણ **જાયો** = જન્મ્યો **નહીં** = નથી **સર્વના** = દરેકના **ગ્રભની** = ગર્ભ અંગેની **કહું** = કહુ છું **પ્રકાશી** = જાહેર કરીને, સૌને ખબર પડે તેમ કરીને.

### અનુવાદ

**સ્થવર-જંગમમાં દેવતાઈ માર્ગની આદ્ય લઈ નાગકુળ અને મનુષ્યજાતિ સહિત સમસ્ત વૈરાટ રૂપ વિશ્વ હિરણ્યગર્ભિત બ્રહ્મમાં વસેલું છે. બ્રહ્મથી જુદો થઈને કોઈ પણ જન્મ્યો નથી તે સર્વના ગ્રભની વિગત જાહેર કરીને કહુ છું.**

### ભાવાર્થ

સ્થાવર જાતિ, જંગમજાતિ, સમસ્ત દેવઘણ, પાતાળની નાગજાતિ, મનુષ્યજાતિ તથા સમસ્ત વૈરાટરૂપ વિશ્વ હિરણ્યગર્ભિત બ્રહ્મભૂમિકામાં વસેલું છે. એટલે કે, સર્જનહારની સર્વ રચના કે તે હિરણ્યગર્ભ બ્રહ્મભૂમિકામાં પથરાયેલી છે અને બ્રહ્મમાં જ પોષણ પામીને વૃદ્ધિ પામેલ છે જેને આપણે બ્રહ્માંડ તરીકે ઓળખીયે છીએ. બ્રહ્માંડમાં બ્રહ્મથી જુદા પડીને કોઈ જન્મ્યા જ નથી. અર્થાત્ બ્રહ્મથી ભિન્ન કોઈ પણ ઉત્પન્ન થયું નથી. સર્વના ગર્ભવાસની સત્ય હકીકત કુવેરસ્વામી જગતમાં જાહેર કરીને દર્શાવે છે.

**જાંહાં લગી જેહની પ્રીછ પહેંચાન ગત્ય, તાંહાં લગી તેહનું તેજ થાપે;**
**તેજ પ્રકણ પ્રકાશી પ્રાયે કહુ, જે લહુ ઉગ્ર અનુભવ અમાપે. ૨**

### શબ્દાર્થ

**જાંહાં લગી** = જ્યાં સુધી **જેહની** = જેની **પ્રીછ** = જ્ઞાન, સમજ **પહેચાન** = ઓળખાણ **ગત્ય** = ગતિની સમજ, મતિ, શક્તિ, બુદ્ધિ **તાંહાં લગી** = ત્યાં સુધી **તેહનું** = તેનું **તેજ** = એજ, તે જ **થાપે** = સ્થાપના કરે, આરોપણ કરે **તેજ** = તે અંગેનું **પ્રકણ** = પ્રકરણ વિગત, વર્ણન **પ્રકાશી** = દર્શાવીને, વિશ્વમાં જાહેર કરીને **પ્રાયે** = સર્વથા, ઘણે અંશે, મુખ્યત્વે, ઘણું ખરું, મોટેભાગે **કહુ** = કહુ છું **જે લહુ** = જે જાણું છું **ઉગ્ર અનુભવ** = પ્રબળ અનુભવ, ઉમદા અભ્યાસથી **અમાપે** = અતિશય, ઘણું, બેહદ.

### અનુવાદ

**જ્યાં સુધી જેમની સમજ પહોંચી અને બુદ્ધિથી ઓળખ પામ્યા ત્યાં સુધી તેઓએ તેની સ્થાપના કરી. તે વિશેનું ઘણું બધું વર્ણન મારા અતિ ઉગ્ર અનુભવ થકી વિશ્વમાં જાહેર કરું છું.**

### ભાવાર્થ

વિશ્વમાં પોતાની આગવી સૂઝ અને સમજ મુજબ બ્રહ્મજ્ઞાની, બ્રહ્મદર્શી, બ્રહ્મવેત્તા, સિદ્ધ, યોગી, પંડિત, જ્ઞાની, ધર્માચાર્યો, શંકરાચાર્યો વિગેરેએ જ્ઞાન પ્રાપ્ત કરીને સ્વાનુભવ દ્વારા જે પદની ઓળખાણ થઈ ત્યાં સુધી તેઓએ જગતને રાહ દર્શાવવા પ્રયત્ન કર્યો છે. આ રીતે તેમણે અનેક મતપંથો અને સિદ્ધાંતોની સ્થાપના કરી છે. કુવેરસ્વામીએ તે વિષય અંગેની વિચારધારાનું વિશ્લેષણ દ્વારા પોતાના અગાધ અનુભવથી વર્ણન કરીને દર્શાવ્યું છે. તે હવે પછીના વિવરણમાં આપણને જોવા મળશે.

**ઉમરવૃક્ષ ફલમાંહી જંતુ રહે, શું લહે વૃક્ષને વેષ વિગતે;**
**તેમ આંહાં જીવ પ્રકૃતની વૃતના, નાં લહે શીવ રહે માયા લકતે. ૩**

### શબ્દાર્થ

**ઉમરવૃક્ષ** = ઉમરડાનું ઝાડ જેને જંગલી અંજીર જેવા ફળ થાય છે **ફલમાંહી** = ફળની અંદર

**જંતું** = કીડા, જીવજંતુ **રહે** = રહે છે **શું લહે** = તેને શી ખબર હોય **વૃક્ષને** = વૃક્ષની સ્થિતિ **વેષ** = આકાર, દેખાવ **વિગતે** = વિગતવાર **તેમ** = તે રીતે, તે પ્રમાણે **આંહાં** = અહીંયા, આ વિશ્વમાં **જીવ** = જીવ **પ્રકૃતની** = પ્રકૃતિની, માયાની **વૃતના** = વૃત્તિવાળા **નાં લહે** = જાણતા નથી, જાણી શકે નહીં **શીવ** = પરમેશ્વર, શિવદશાવાળા કર્તા **રહે** = રહે છે **માયા** = માયામાં **લકતે** = લપટાયેલાં

## અનુવાદ

**ઉમરડાના વૃક્ષનાં ફળમાં રહેલા જંતુ, વૃક્ષ અંગેની માહિતી ક્યાંથી જાણી શકે? તેવી જ રીતે વિશ્વના જીવો માયામાં લપટાઈને પ્રકૃતિની વૃત્તિવાળા થઈ ગયેલા હોવાથી શિવદશાવાળાને કેવી રીતે જાણી શકે ?**

## ભાવાર્થ

ઉમરડાના ઝાડ ઉપર જંગલી અંજીર જેવા ગોળાકાર ફળો વિશેષ માત્રામાં જોવા મળે છે. જેમાં અંદર ઇયળ(કીડા) જેવા જીવ જંતુઓ ઉત્પન્ન થતા હોય છે. જે તે ફળમાં જ ઉત્પન્ન થાય છે અને ફળ સુકાઈ જતા ફળમાં જ નાશ પામે છે. જેથી તે જંતુઓ વૃક્ષ અને ફળની બહાર રચના પામેલી દુનિયાની વિગતને જાણી શકતા નથી. તે દૃષ્ટાંત દ્વારા કુવેરસ્વામી કહે છે કે વિશ્વમાં જીવ દશાની વૃત્તિવાળા, માયામાં લપટાઈને પ્રકૃતિની જાળમાં ફસાયેલા જીવો બ્રહ્મમાં થયેલી વિવિધ રચનાઓની વૃદ્ધિને જ નિહાળે છે. તેઓ બ્રહ્મરૂપી ઘટકમાં જ જન્મ લે છે અને તેમાં જ મૃત્યુ પામે છે. આવા જીવદશાવાળા જીવો શિવદશાવાળા શ્રેષ્ઠ જ્ઞાની સંત પુરુષો કે ઐશ્વર્યવાન ને જાણી શકતા નથી તો પછી તેમની વૃત્તિ બ્રહ્મથી પરે રહેલ સર્જનહારના પદ સુધી ક્યાંથી પહોંચવાની ? વળી સર્જનહાર ક્યાં રહે છે ? અને તેમનું સ્વરૂપ કેવું હશે ? તેની શી ખબર હોય !

**દેવલ એકમે દીપ જ્યોતી જલે, હદનું તિમિર તે જ ટાલે;**
**દેખી પતંગ મન ભંગ થકીત ભયે, દિનકર કીરણીને તે ન ન્યાલે. ૪**

### શબ્દાર્થ

**દેવલ** = દેવળ, દેવાલય **એકમે** = આખાયે, સારાયે, એકમમાં **દીપ** = દીવાની **જ્યોતી** = જ્યોત **જલે** = સળગે, સળગતી હોય તો **હદનું** = હદનું, તેની જ્યોતની પ્રકાશ

કરવાની શક્તિ હોય તેટલા વિસ્તારનું **તિમિર** = અંધકાર **તેજ** = તેજ, પ્રકાશ **ટાલે** = દૂર કરી શકે **દેખી** = તે જોઈને **પતંગ** = પતંગિયું, ફદું **મન** = મનથી **ભંગ** = નાશ પામી, વિક્ષેપ, ગમન, ગતિ, ધ્યાન **થકીત** = અંત, નાશ **ભયે** = પામે **દિનકર** = સૂર્યના **કિરણીને** = કિરણોને **તેન** = તે નહીં **ન્યાલે** = નિહાળે, જોઈ શકે, ઓળખે.

## અનુવાદ

**જેમ કોઈ દેવળમાં એક દીવો પ્રગટાવ્યો હોય તો તેની જ્યોતનો પ્રકાશ દેવળના હદવાળા માપક અંધકારને દૂર કરી શકે છે. તે પ્રકાશને નિહાળીને પતંગિયું પ્રકાશના કિરણ તરફ ગતિ કરીને મૃત્યુ પામે છે, પરંતુ તે પતંગિયું સૂર્યના પ્રકાશના કિરણોને જોઈ શકતું નથી.**

## ભાવાર્થ

જેમ કોઈ દેવાલયના ગર્ભગૃહમાં એક દીવો પ્રગટાયેલો હોય તો તે દિવાની જ્યોતનો પ્રકાશ દેવળની માપક હદ સુધીના અંધકારને દૂર કરી શકે છે. તે પ્રકાશને નિહાળી અંધકારમાં રહેલું પતંગિયું જ્યોતના પ્રકાશના કિરણથી આકર્ષાઈને તેમાં વારંવાર ઝંપલાવે છે કારણ કે, પતંગિયાને પ્રકાશ પ્રત્યે અનહદ પ્રીતિ હોય છે. આખરે તે પતંગિયું પોતાના જાતને જ્યોતમાં આહુતિ આપી મૃત્યુ પામે છે. હવે દેવળની અંદર રહેલું આ પતંગિયું દેવળની બહાર રહેલા સૂર્યનાં કિરણોને કદી પણ જોઈ શકતું નથી કે ઓળખી શકતું નથી.

**તેહનું સિદ્ધાંત તે શીવ સમાધમે, જ્યોતિ સ્વરૂપ નારાયણ દરશે;**
**કહે કુવેર સર્વ સિદ્ધ છકી રહે, નિજપતિ પરમ સુર તે ન પરસે. ૫**

### શબ્દાર્થ

**તેહનું** = તે દૃષ્ટાંતનું **સિદ્ધાંત** = નિશ્ચિત નિર્ણય, સિદ્ધમત, મંતવ્ય, વિચાર **તે** = તે **શીવ** = શિવદશા ભોગવવાવાળા **સમાધમે** = સમાધિમાં **જ્યોતિસ્વરૂપ** = જ્યોત સ્વરૂપે **નારાયણ** = નિરંજનના **દરશે** = દર્શન કરે છે **કહે કુવેર** = કુવેરસ્વામી કહે છે કે **સર્વ** = તમામ, બધા જ **સિદ્ધ** = સિદ્ધ પુરુષો, સાધના બાદ સિદ્ધિ પ્રાપ્ત કરેલ સિદ્ધ પુરુષ **છકી રહે** = આસક્ત થઈને રહે, ઘેલછા ભરી મસ્તીમાં રહે, તલ્લીન પણે રહે, એકચિત્તે થઈને રહેવું **નિજપતિ** = સર્જનહાર, પરમપિતા **પરમ** = મહાન **સૂર** = સૂર્ય **તેન પરસે** = તે સ્પર્શી શકતા નથી.

## અનુવાદ

**ઉપરના દૃષ્ટાતનો સિદ્ધાંત એ છે કે શિવદશાની વૃત્તિ ધરાવનાર સમાધિમાં જ્યોત સ્વરૂપ નારાયણનાં દર્શન કરે છે. કુવેરસ્વામી કહે છે કે બધા જ સિદ્ધ પુરુષો જ્યોત સ્વરૂપમાં આસક્ત થઈને રહે છે, પરંતુ સૂર્ય રૂપ મહાન સર્જનહારને સ્પર્શી શકતા નથી.**

## ભાવાર્થ

ઉપરના દૃષ્ટાંતના સિદ્ધાંત અનુસાર વિશ્વમાં જે શિવદશાની વૃત્તિ ધરાવતા મહાન દેવતાઓ અને મહાપુરુષો પોતે સદા સમાધિવત્ રહે છે. તેઓ પોતાના બ્રહ્મરંદ્રમાં રહેલા હજાર પાંખડીવાળા કમળની મધ્યે જ્યોતિ સ્વરૂપ નિરંજનનાં દર્શન કરે છે. કુવેરસ્વામી કહે છે કે આવા બધા જ સિદ્ધપુરુષો પતંગિયાની જેમ જ્યોતિ સ્વરૂપમાં આસક્ત થઈને પોતાની ચૈતનવૃત્તિને તલ્લીન કરીને રહે છે અને અંતકાળે કાળને વશ થઈ જાય છે, પરંતુ નિરંજનથી પરે રહેલ સૂર્યરૂપ સર્જનહારને સ્પર્શી શકતા નથી.

## (સાખી)

**મસરીકો મેરુ ભયો, મધ્ય કીટી ઘર તાય;**
**ભોંવનમેં ભોજન મિલ્યો, બહાર લેને ન જાય. ૬**

### શબ્દાર્થ

**મસરીકો** = ખાંડનો **મેરુ** = પર્વત, ઢગલો **ભયો** = થયો, હોય **મધ્ય** = મધ્યમાં **કીટી** = કીડી **ઘર** = ઘર, દર **તાય** = તેનું, ત્યાં **ભોવનમેં** = દરમાં જ, ઘરમાં જ **ભોજન** = ખોરાક, ખાવાનું **મિલ્યો** = મળ્યું **બહાર** = બહાર **લેને** = લેવા માટે **ન જાય** = જાય નહીં.

## અનુવાદ

**ખાંડનાં ઢગલાનાં મધ્ય ભાગમાં કીડીએ દર કર્યો હોય તો તેના દરમાં જ ખોરાક મળી રહે તો પછી બહાર લેવા માટે જાય નહીં.**

## ભાવાર્થ

દૃષ્ટાંત તરીકે સમજીયે તો જેમ ખાંડનાં મોટા ઢગલાના વચ્ચે કીડી જો પોતાનું દર કરે તો પોતાના ઘરમાં જ તેને મનગમતો ખોરાક મળે તો પછી તે કીડી ખાંડના ઢગલાની બહાર ખોરાક શોધવા માટે જતી નથી.

**વ્યાપકમે માપક મુદા, ઉપજાવે અનુ ઓજ;**
**સામ્રથ લેઈ ડોલત ફીરે, ઈશ્વરતા શિર બોજ. ૭**

### શબ્દાર્થ

**વ્યાપકમે** = વ્યાપકમાં, સર્વ, ઠેકાણે વ્યાપી રહેનારામાં **માપક** = માપી શકાય તેવું **મુદા** = ચિજ, વસ્તુ, મુદ્દો **ઉપજાવે** = ઉત્પન્ન કરે, ઊભો કરે, દર્શાવે **અનુ** = નાનામાં નાનું, અલ્પ **ઓજ** = ઓજસ, પ્રભાવ, પ્રકાશ, તેજ **સામ્રથ** = સામર્થતા, મહાનતા **લેઈ** = લઈને **ડોલત ફીરે** = ડોલતા ફરે, આમ તેમ ભમ્યા કરે **ઈશ્વરતા** = ઈશ્વરપણાનો **શિર** = માથા પર **બોજ** = ભાર, વજન.

## અનુવાદ

**વ્યાપકતામાં માપકના મુદ્દાને ઊભો કરી અલ્પ પ્રકાશ દર્શાવે છે અને ઈશ્વરપણાનો ભાર માથા પર લઈને સામર્થ્યતાને લઈને જગતમાં ફરે છે.**

## ભાવાર્થ

વિશ્વમાં ચાલી રહેલી અંધ ભ્રમણાઓ અને અજ્ઞાન યુક્ત માન્યતાઓ અંગે યોગ્ય અને ન્યાયપૂર્ણ સમજ આપવા માટે કુવેરસ્વામીએ અહીં પ્રયત્ન કર્યો છે.

સચરાચરવ્યાપક બ્રહ્મ સર્જનહારનો પ્રકાશ છે. જે મહદ્ સ્વરૂપે રહેલો છે. જ્યારે નિરંજનના જ્યોત સ્વરૂપનો પ્રકાશ એ અલ્પ છે. સિદ્ધ પુરુષો પ્રણવના માધ્યમથી બ્રહ્મરંદ્રમાં રહેલા જ્યોતિસ્વરૂપનાં દર્શન કરે છે અને પ્રણવને કુંભક સ્થિતિમાં રાખીને સિદ્ધિ પ્રાપ્ત કરે છે. તેઓ પોતાની સામર્થ્યતાથી વિશ્વને આંજી દે છે. વળી સિદ્ધિથી પ્રાપ્ત કરેલ ઐશ્વર્યતાની મહાનતાને લઈને પોતાના શિર ઉપર ઈશ્વરપણાનો ખોટો બોજ ધારણ કરીને જગતમાં ફરે છે.

# અંગ ૨૩
# ઈશ્વર ગર્ભ દૃષ્ટાંતકો

**ભાંણ ઉદ્યોત અવિકાસ પરકાશતે, લોક ચતુરદશ અંધ ટાલે;**
**સુર કાઢી શકે છેહ ન મહા અગ્નકો, ઉલટ ફર દેખતાં આપ ગાલે. ૧**

### શબ્દાર્થ

**ભાંણ** = સૂર્ય **ઉદ્યોત** = ઉદય થતાં **અવિકાસ** = અવિગત આકાશમાં **પરકાશતે** = પ્રકાશ થાય છે **લોક ચતુરદશ** = ચૌદલોકનું **અંધ** = અંધકાર **ટાલે** = ટળે છે નષ્ટ થાય છે **સુર** = સૂર્ય **કાઢી શકે** = કાઢી શકે જાણી શકે **છેહ** = છેડો, અંત **ન** = નહીં **મહા અગ્નકો** = અવ્યક્ત અગ્નિના સ્વરૂપનો **ઉલટ ફર** = ઊલટુ, તે ફરી વિરુદ્ધ દિશા તરફ, પોતાની ઉત્પત્તિની પેલે છેડે પાછું વળીને **દેખતાં** = જોતાં **આપ** = પોતાના સ્વરૂપને **ગાલે** = ગળે-ઓગળે, સમાઈ જાય, પીગળી જાય.

### અનુવાદ

**સૂર્યના ઉદયથી અવિગત આકાશના ચૌદ લોકનું જ અંધારું ટળે છે. તેમ છતાં સૂર્ય મહદ્ અગ્નિની બરાબરી કરી ન શકે. પોતાનું મૂળ સ્વરૂપ ઊલટું કરીને જોતાં તે પોતે જ ઓગળી જાય.**

### ભાવાર્થ

બ્રહ્માંડમાં સર્જનહારે વિરાટ અવ્યક્ત મહદ્ મહાતત્ત્વો બનાવ્યાં છે. જેમાંથી અલ્પ વ્યક્ત સ્વરૂપોનું નિર્માણ થયેલું છે. એટલે કે, વ્યક્ત સ્વરૂપનું ઉત્પત્તિ સ્થાન અવ્યક્ત સ્વરૂપો છે. મહદ્ આકાશનું વ્યક્ત સ્વરૂપ તે અવિગત આકાશ છે અને મહદ્ અગ્નિનું વ્યક્ત સ્વરૂપ તે સૂર્ય છે. અવિગત આકાશમાં સૂર્યનો ઉદય થતાં તેના પ્રકાશથી માપક એવા ચૌદ લોકનો જ અંધકાર નાશ થાય છે. બ્રહ્માંડમાં પધરાયેલા મહદ્ અગ્નિનું માપ તે સૂર્ય કાઢી શકતો નથી. કે તેની બરાબરી કરી શકે તેમ નથી. જો સૂર્યના સ્વરૂપને પાછું વાળીને જોઈએ તો તે મહદ્ અગ્નિમાં સમાઈ જાય. આમ અલ્પની ગણતરી મહદ્ સાથે થઈ જ ના શકે અને વ્યક્ત સ્વરૂપની તુલના અવ્યક્ત સ્વરૂપ સાથે ના કરી શકાય. તે

બન્નેમાં દરિયાના પાણી અને એક બૂંદ તેમજ સૂર્યનો પ્રકાશ અને એક દીપકથી અનેક ગણો તફાવત છે.

**તેમ ખટ ઈષ્ટ તે સૃષ્ટમાં શ્રેષ્ઠતા, ચૌદ કલાભ્મી અવતાર દશના;**
**વિશ્વ વિલાસ પ્રકાશ કરે તે ખરા, બ્રહ્મ મહા તેજના રેખ કૃષ્ના. ૨**

### શબ્દાર્થ

**તેમ** = તેવી જ રીતે **ખટ ઈષ્ટ** = છ મહાદેવો **તે** = તે **સૃષ્ટમાં** = સૃષ્ટિમાં, જગતમાં **શ્રેષ્ઠતા** = શ્રેષ્ઠતા ધરાવે છે **ચૌદ કલાભ્મી** = ચૌદ કળાવાળા વિષ્ણુના **અવતાર** = અવતાર **દશના** = દશેય **વિશ્વ વિલાસ** = વિશ્વની રચના અંગે **પ્રકાશ** = જ્ઞાન, સમજ, બોધ **કરે તે ખરા** = કરી શકે ખરા **બ્રહ્મ મહા તેજના** = બ્રહ્મના મહાન પ્રકાશકના **રેખ** = રેખમાત્ર, **કૃષ્ના** = શ્રીકૃષ્ણ.

### અનુવાદ

**તેવી જ રીતે છ મહાન ઈષ્ટ દેવો અને ચૌદ કળાવાળા વિષ્ણુના દશ અવતારો વિશ્વમાં શ્રેષ્ઠતા ધરાવે છે. તે સૌ વિશ્વની રચના અંગે બોધ આપે છે ખરા, પરંતુ શ્રીકૃષ્ણ પણ બ્રહ્મના મહાન પ્રકાશની એક રેખ માત્ર છે.**

### ભાવાર્થ

તેવી જ રીતે બ્રહ્મા, વિષ્ણુ, શંકર, આદ્યશક્તિ, નિરંજન અને શેષજી આ છ મહાન દેવતાઓ તથા ચૌદ કળાવાળા વિષ્ણુના દશ અવતારો વિશ્વમાં શ્રેષ્ઠતા ધરાવે છે. તે પૈકીના પૂર્ણ પુરુષોત્તમ ગણાતા શ્રીકૃષ્ણના અવતાર સચરાચરવ્યાપક બ્રહ્મરૂપ મહાપ્રકાશની એક રેખમાત્ર છે. આ સૌ દૈવી પુરુષોએ વિશ્વમાં જે કંઈ બોધ આપેલો છે, તે વિશ્વના સર્જનહાર દ્વારા રચેલી રચના અંગેનો છે. એટલે બ્રહ્મમાં નિર્માણ પામેલ મહાન બ્રહ્માંડ અંગેની માહિતી દર્શાવી શક્યા છે, પરંતુ બ્રહ્મથી પરે રહેલા સર્જનહાર સુધી કોઈની સુરતા પહોંચી નથી.

**નિધ્ય મહાતમની ગમ જાણે સહી, કેવલ પાર પાવે ન સોઈ;**
**બોધ અગાધમે સંત સમી રહે, આપ અથાહ ગરકાવ હોઈ. ૩**

### શબ્દાર્થ

**નિધ્ય** = પ્રકાશનો ભંડાર, ખજાનો, બ્રહ્મ **મહાતમની** = મહિમાની, મહત્તાની, **ગમ** = સમજ, જ્ઞાન, માહિતી **જાણે સહી** = જાણે ખરા **કૈવલ પાર** = કૈવલકર્તાની માહિતી, યાને ભેદ જાણવો **પાવે** = પામે, પ્રાપ્ત કરે **ન** = નહીં **સોઈ** = તેઓ (છ દેવતાઓ વિગેરે) **બોધ અગાધમે** = એવા અગાધના બોધમાં **સંત** = સંત **સમી રહે** = સમાઈ રહ્યા છે **આપ** = પોતે **અથાહ** = જેનો થાહ પામી ન શકાય તેવા પદમાં **ગરકાવ** = ગરકાવ, મગ્ન, એકરૂપતા, અલંગ-સલંગ **હોઈ** = થઈને રહ્યા છે.

### અનુવાદ

**પ્રકાશના ખજાના રૂપ બ્રહ્મની મહત્તાની માહિતી તેઓ જાણે છે ખરા, પરંતુ તેની પાર આવેલ કૈવલકર્તાનો ભેદ પામી શક્યા નથી. જ્યારે સંતપુરુષ અથાહ પદમાં ગરકાવ થયેલા હોઈ પોતે અગાધ બોધમાં સમાઈ જાય છે.**

### ભાવાર્થ

અગાઉ જણાવેલા બ્રહ્મા, વિષ્ણુ, મહાદેવ, આદ્યશક્તિ, નિરંજન અને શેષજી એમ છ ઈષ્ટ દેવતાઓ અને શ્રીકૃષ્ણ સહિતના દશેય અવતારો, સચરાચરવ્યાપક પ્રકાશના ખજાના રૂપ બ્રહ્મની મહત્તાની માહિતી અને તેમાં ઉત્પત્તિ પામેલી સર્વ રચનાના જ્ઞાનને જાણે છે, પરંતુ સર્વ રચનાના કારણરૂપ બ્રહ્મથી પરે રહેલા સર્જનહાર કૈવલકર્તાનો ભેદ તેઓ પામી શક્યા નથી, પરંતુ જેનો કોઈ થાહ પામી શક્યા નથી તેવા અથાહ પદમાં સંત પુરુષરૂપ કુવેરસ્વામી પોતે ગરકાવ થયેલા છે. તેઓ સર્જનહારની સજાણજાણ સ્વરૂપ સાથે એકરૂપ થઈ કર્તાના અગાધ જ્ઞાનના બોધમાં સમાઈને ઓતપ્રોત રહ્યા છે.

**બોલતાં બેનમે ચેહેન પરખ્યા પરે, બ્રહ્મ ભર્યો શબ્દ તે ભાર ભારી;**
**ડુબતાં જન પોકાર કોહું કરે, વેગે પરખાય મુખમાંહી વારી. ૪**

### શબ્દાર્થ

**બોલતાં** = મુખેથી ઉચ્ચારેલા **બેનમે** = વાણી-વચનોમાં **ચેહેન** = ચિહ્ન-મહત્તા **પરખ્યા** = પરીક્ષા, પરખ **પરે** = પડે **બ્રહ્મ ભર્યો** = બહ્મમાં જ ગરકાવ થઈને કરેલા **શબ્દ** = વાણી,

ઉપદેશ **તે** = તે **ભાર ભારી** = ભારે ભારવાળો હોય છે **ડૂબતાં** = પાણીમાં ડુબતાં હોય તે **જન** = માણસ, વ્યક્તિ **પોકાર** = પોકાર, બૂમ **કોહું** = કેવો **કરે** = કરે **વેગે** = દૂરથી **પરખાય** = ખબર પડે, ઓળખી જવાય **મુખમાંહી** = મોંઢામાં, મુખમાં **વારી** = પાણી પેસતું હોય.

## અનુવાદ

**બ્રહ્મમાં ગરકાવ થયા બાદ નીકળતો અવાજ ભારે હોય છે. જેની પરીક્ષા બોલેલા વચનોને પારખવાથી ખબર પડે છે. જેમ પાણીમાં ડૂબતી વ્યક્તિનો પોકાર તેના મુખમાં પાણી પેસતું હોય તેવો દૂરથી પરખાય છે.**

## ભાવાર્થ

કોઈ પણ જ્ઞાનની પરખ તેના મુખમાંથી નીકળેલા જ્ઞાનયુક્ત વચનો ઉપરથી થાય છે. જેની વાણી બ્રહ્મમાં ગરકાવ થઈને નીકળતી હોય તે શબ્દ ભારે લાગે છે અને જેની વાણી બ્રહ્મથી પરે રહેલા પરમપદને સ્પર્શતી હોય તે સ્પષ્ટ અને ગર્જનાયુક્ત લાગે છે. જેમ પાણીમાં ડૂબતી કોઈ વ્યક્તિ પોકાર કરે તો તેના મુખમાં પાણીનો પ્રવેશ થતો હોય તેવા શબ્દો દૂર ઊભી રહેલા વ્યક્તિ પણ પારખી શકે છે.

**તેહને કષ્ટ પણ સંત ઉતકૃષ્ટ રહે, બ્રહ્મજલ ભોવનની મધ્ય ઝીલે;**
**કહે કુવેર કો પ્યાસ વ્યાપે નહીં. સહજની સેર સદાય પીલે. ૫**

### શબ્દાર્થ

**તેહને** = તે વ્યક્તિ **કષ્ટ** = દુ:ખી થાય, વ્યથા અનુભવે **પણ** = પરંતુ **સંત** = સંત **ઉત્કૃષ્ટ રહે** = અખિલાનંદમાં રહે છે **બ્રહ્મજલ** = બ્રહ્મરૂપી દરિયાના પાણીમાં **ભોવનની** = ઘરની ભૂમિકાની **મધ્ય** = મધ્યમાં રહીને **ઝીલે** = ઝીલે, પ્રાપ્ત કરે, મેળવે, રહે **કહે કુવેર** = કુવેરસ્વામી કહે છે કે **કો** = તેમને **પ્યાસ** = તરસ **વ્યાપે નહીં** = લાગે નહીં **સહજની** = સહેજની સ્વભાવગત, લગીરેક, જરા, થોડું, સહજ **સેર** = ધારા, પ્રવાહ **સદાય** = સદાને માટે, હરહંમેશ **પીલે** = પીવે છે, પીલે છે.

## અનુવાદ

**પાણીમાં ડૂબતી વ્યક્તિ વ્યથા અનુભવે છે જ્યારે સંત તો અખિલાનંદમાં**

**રહે છે. ભલે ને પછી બ્રહ્મરૂપ દરિયાની મધ્યમાં વર્તમાન કરે. કુવેરસ્વામી કહે છે કે તેઓ સહજ રીતે મળતો અવિરત પ્રવાહ પીવે છે તેથી તેમને કોઈ પણ પ્રકારની તૃષા વ્યાપતી નથી.**

## ભાવાર્થ

જે વ્યક્તિ પાણીમાં ડૂબતો હોય તે વ્યક્તિ ગૂંગળામણ થતાં, શ્વાસ ન લઈ શકવાને કારણે વ્યથા અનુભવતો હોય છે. જ્યારે સંતરૂપ કુવેરસ્વામી તો બ્રહ્મરૂપ દરિયાની મધ્યમાં રહેવા છતાં તરવૈયાની જેમ વર્તમાન કરીને અખિલાનંદમાં જ રહે છે. કુવેરસ્વામી કહે છે કે તેઓને સાંસારિક કે માયિક જગતની કોઈ પણ પ્રકારની તૃષ્ણા વ્યાપતી નથી, પરંતુ સહજ રીતે બ્રહ્મથી પરે રહેલ પરમપદની મસ્તીના આનંદની અવિરત ધાર ને પીવે છે, માણે છે. આ પ્રમાણે તેઓ હંમેશને માટે નિજપતિ કૈવલકર્તાની સાથે અખંડ એકતા રાખીને રહે છે.

## (સાખી)

**મણી મેરુ જ્યમ કંગુરા, એસે હરિ અવતાર;**
**કૈવલમાં કહેવા લગે, જોતાં અપરંપાર. ૬**

### શબ્દાર્થ

**મણી** = ચૌદ રત્નોમાનું એક રત્ન, મણિ **મેરુ** = પર્વત પહાડ **જ્યમ** = જેમ **કંગુરા** = કંકર, કાંકરો, પર્વતમાંથી છુટું પડેલું કણ **એસે** = એવા **હરિ** = વિષ્ણુના **અવતાર** = અવતાર **કૈવલમાં** = કૈવલકર્તાનામાં, સરખામણીમાં **કહેવા લગે** = કહેવા પુરતા લાગે, અત્યંત અલ્પ લાગે **જોતાં** = જોતાં, નિહાળતાં **અપરંપાર** = જેનો પાર પામી ન શકાય તેવા.

## અનુવાદ

**કૈવલકર્તા મણિ રૂપે રત્નોના પહાડ-પર્વત સમાન હોય તો તે પર્વતમાંથી છૂટા પડેલ કણ સમાન વિષ્ણુના દશ અવતારો છે. અપરંપાર કૈવલકર્તાની સરખામણીમાં જોઈએ તો તે અવતારો અત્યંત અલ્પ લાગે.**

## ભાવાર્થ

સર્જનહાર કૈવલકર્તાની સરખામણી કરી શકે તેવું અનમોલ બીજું કોઈ જ નથી. અર્થાત્ હોઈ શકે પણ નહીં. વિશ્વના ધર્મમાર્ગમાં ઘેટાંની જેમ બનાવટી ભગવાનોની કતાર લાગેલી છે, પરંતુ જેવું પિંડમાં છે તેવું જ બ્રહ્માંડમાં છે. તેને ન્યાયથી નિહાળતાં ખબર પડે કે પિંડમાં સર્વ સત્તાધીશ એક અંશ છે અને બ્રહ્માંડમાં સર્વ સત્તાધીશ એક જ અંશી છે. એ સિવાય સર્જનહારની ચૈતનતાને દર્શાવવા કે સમજાવવા માટે બીજું કોઈ માધ્યમ કામ આવે તેમ નથી.

સર્જનહાર કૈવલકર્તા ને જો ચૌદ રત્નો પૈકી મણિ રત્નના ઊંચા પહાડ સમાન આલેખવામાં આવે તો તે પર્વતમાંથી છૂટી પડેલ મણિની રજકણ સમાન વિષ્ણુના દશ અવતારોની તુલના કરી શકાય. આમ, તુલનાની દૃષ્ટિએ અપરંપાર અને મહદ્ એવા કૈવલકર્તા કરતાં વિશ્વમાં થઈ ગયેલા અવતારો માપક અને અત્યંત અલ્પ પરમાણુ મણિ સમાન છે.

**ગુણ દૃષ્ટિ ગુણકુ ગ્રહે, પ્રાકૃત પરઢે ઈશ;**
**ઘે દ્રષ્ટે પતિ પરમ હે, ગુણ ગત્ય લેખ ચોવીસ. ૭**

### શબ્દાર્થ

**ગુણ** = ત્રાણ ગુણ રજોગુણ, તમોગુણ અને સતોગુણ **દૃષ્ટિ** = નજર, ધ્યાન, લક્ષ, મત **ગુણકુ** = ગુણને જ **ગ્રહે** = ગ્રહણ કરે, પકડે **પ્રાકૃત** = પ્રાકૃતિક, ભૌતિક રચના, માયાવી નાશવંત દુનિયા **પરઢે** = સ્થાપન કરે **ઈશ** = ઈશ્વરોનું **ઘે** = ધ્યાન ધરનાર સેવક થઈને **દ્રષ્ટે** = ધ્યાન ધરે **પતિ પરમહે** = પરમ પતિ માનીને **ગુણગત્ય** = ગુણવાળાની ગતિ **લેખ** = જાણે, ગણતરીમાં **ચોવીસ** = ચોવીસ.

## અનુવાદ

**જેની દૃષ્ટિ ગુણમાં સ્થિર થઈ છે તે સદા માટે ગુણને જ ગ્રહણ કરે છે. તેઓ ભૌતિક રચનાના ગુણવાળાને ઈશ્વર તરીકે સ્થાપન કરે છે. ગુણના અવતાર ઈશ્વર છે તેવું માનીને તેમનું ધ્યાન ધરે છે. આમ, તેઓ ગુણની ગતિવાળા ચોવીસ અવતારોને માને છે.**

## ભાવાર્થ

વિશ્વમાં જે માનવોની વૃત્તિ સગુણ ઉપાસનામાં જ સ્થિર થયેલી છે તેવા મુમુક્ષુજનોનો લક્ષમાત્ર ગુણવાળા બ્રહ્મા, વિષ્ણુ અને મહેશ તેમજ અવતારાદિક મહાપુરુષો સુધી જ રહેલો છે અને તેમને ઈશ્વર માનીને ભક્તિ કરે છે. એક સર્વ સામાન્ય નિયમ છે કે સજાતિ-સજાતિને જ ગ્રહણ કરે છે. તે ન્યાયે જે માનવો પોતાને ગુણયુક્ત શરીરધારી જ માને છે તેમને ગુણની મહત્તા દેખાય છે. તેઓ નાશવંત ભૌતિક રચનાવાળા શરીરધારીઓને જ ઈશ્વર તરીકેને સ્થાપન કરે છે. એટલું જ નહીં, પરંતુ એવા ઈશ્વરો જ વિશ્વના સર્જનહાર છે, તેવી દૃઢ માન્યતા રાખીને તેઓનું જ ધ્યાન ધરે છે. જીવોના કલ્યાણ અર્થે જ ભગવાન દેહ ધારણ કરીને વિશ્વમાં અવતરે છે, એવી વિચારધારાને પ્રોત્સાહિત કરીને ચોવીસ અવતારોમાં પોતાનું સંપૂર્ણ તન, મન અને ધન અર્પણ કરીને સગુણ ઉપાસના, સેવા, પૂજા અને અર્ચના કરે છે.

# અંગ ૨૪
# સંત રહેશ કો

---

**સહેજ સુભાવ નુભાવ નીત્યે ચલે, જેમ છે વ્યોમને પવન આહાર;**
**અમર આલેચ કરે નહીં એહનો, આવી પોખાય અવિરલ ધાર. ૧**

### શબ્દાર્થ

**સહેજ** = સહજભાવે **સુભાવ નુભાવ** = ભાવાભાવથી રહિત **નીત્યે** = સદાને માટે **ચલે** = રહે **જેમ છે** = જેમ છે, જેવી રીતે છે **વ્યોમ** = આકાશ **ને** = અને **પવન** = પવન **આહાર** = ખોરાક, ખાનપાન **અમર** = અવિનાશી **આલેચ** = આલોચન, સમીક્ષા, દર્શન, વિચાર, ચિંતા, ચિંતન **કરે નહીં** = કરતો નથી **એહનો** = એનુ, તેનું **આવી** = આવીને **પોખાય** = પોષણ કરવું, સંતોષવું, જતન કરવું **અવિરલ** = સતત, લગાતાર, અખંડ **ધાર** = પ્રવાહ.

### અનુવાદ

**અવિનાશી સર્જનહાર ભાવા-ભાવથી રહિત સહજભાવે રહેલા છે. વિશ્વના જીવો તેમનું ચિંતવન કરતા નથી, છતાં તેઓ સર્વના પોષણ માટે પાણી, પવન અને આહાર (ખોરાક) દ્વારા અવિરત પ્રવાહથી સૌ જતન કરે છે.**

### ભાવાર્થ

સર્જનહાર બ્રહ્મથી પરે રહેલા છે. તેઓ પોતાના બનાવેલા બ્રહ્માંડમાં પ્રત્યક્ષ હાજરાહજૂર આવતા નથી, પરંતુ પોતાના ધામમાં સહજભાવે ભાવા-ભાવથી રહિત રહેલા છે. વિશ્વના જીવો એવા સર્જનહારનું ચિંતવન કરતા નથી તેમ છતાં તેઓ પોતાના બનાવેલ વિશ્વનું જતન અને પોષણ કરે છે. તે માટે તેમણે વિધ-વિધ તત્ત્વો અને કુદરતી સંપત્તિનો સુમેળ કરીને હવા-પાણી તેમજ ખોરાકની વ્યવસ્થા કરી છે. જેથી આ વિશ્વમાં જરૂરી પદાર્થનો પ્રવાહ છેક મહાકલ્પ પુરો થાય ત્યાં સુધી અવિરત ચાલ્યા જ કરે તેથી તેઓ વળથી રહિત હોઈ ‘‘કૈવલ’’ તરીકે સંબોધન પામેલા છે.

**તેમ અણલંગી અધ્યાત્મ અનુભવી, પુરુષ પ્રાજ્ઞાન અડોલ વરતી;**
**જેમ ગજરાજ હયે હહણ હેલકે ચલે, ખલક ખલવલ ધ્રૂજે ન ધરતી. ૨**

### શબ્દાર્થ

**તેમ** = તેમ તેવી જ રીતે **અણલંગી** = વાસના રહિત **અધ્યાત્મ** = પરમ અધિક આત્મા, વિશેષ અંશ **અનુભવી** = અનુભવી, નિષ્ણાત, પાવરધુ **પુરુષ** = પુરુષને **પ્રાજ્ઞાન** = આધ્યાત્મિક જ્ઞાનવાળા, ધરાવતા પુરુષ **અડોલ** = જેને કોઈ ડોલાવી શકે, કે પરાસ્ત કરી ન શકે તેવા, અડંગ **વરતી** = વૃત્તિવાળા **જેમ** = જેમકે **ગજરાજ** = હાથી **હયે** = ઘોડા **હહણ** = હણહણાટ, ઘોડાનો અવાજ **હેલકે** = હલકારે, હાથી ચાલ **ચલે** = ચાલે **ખલક** = જગતમાં **ખલવલ** = ઘોંઘાટ, ખળભડાટ, ગડબડ **ધ્રુજે** = ધ્રુજે **ન** = નહીં, **ધરતી** = પૃથ્વી, ધરા.

### અનુવાદ

**જેમ ઘોડાની હણહણાટ કે હાથીના હલકારાભરી ચાલના ખળભળાટથી ધરતી કદી ધ્રુજતી નથી. તેમ અણલંગ, અનુભવી અને આધ્યાત્મિક જ્ઞાનવાળા પરમ વિશેષ અંશ પુરુષની વૃત્તિને કોઈ ડોલાવી શકતું નથી.**

### ભાવાર્થ

જેમ પશુઓમાં રાજા સમાન કદાવર હાથીની હલકારાભરી ચાલ અને ઘોડાની હણહણાટની ખળભળાટથી કદી પૃથ્વી ધ્રુજતી નથી. તેમ વિશ્વમાં વાસનાથી રહિત, સ્વાનુભવી અને આધ્યાત્મિક જ્ઞાનવાળા પરમ વિશેષ અંશ કુવેર પુરુષની વૃત્તિ અડોલ હોય છે. જ્ઞાનમાર્ગમાં ગમે તેવા મહાન પ્રતિવાદી, જ્ઞાની, પંડિતો તેમને ડોલાવી શકતા નથી કે પરાસ્ત કરી શકતા નથી. અથવા તો વિશ્વના કોઈ પણ માયિક તત્ત્વો કે પ્રકૃતિની માયાજાળ તેમની વૃત્તિને ડગાવી શકતી નથી.

**સ્થિતિ સ્થિરવંત અતંત અગોચર, ગોચર ગ્યમ કરે જ્ઞાન ભાગે;**
**દેહ વિદેહ વિસરજન પલપલ, હોય વિજ્ઞાન તો જ્ઞાન ત્યાગે. ૩**

### શબ્દાર્થ

**સ્થિતિ** = પરિસ્થિતિ, અવસ્થા, પદ, દશા **સ્થિરવંત** = સ્થિરતાવાળી **અતંત** = તત્ત્વાતીત

**અગોચર** = ઈન્દ્રિયાતીત-અગમ્ય **ગોચર** = ઈન્દ્રિય **ગમ્ય** = ગ્યમ, જાણ્યથી સમજાય એવું **કરે** = કરે છે **જ્ઞાન** = જ્ઞાન **ભાગે** = દૈવયોગે, ભાગ, ત્યાગ કરીને, ભાગાકાર કરીને **દેહ** = શરીર, ઘાટ **વિદેહ** = દેહાતીત **વિસરજન** = વિસર્જનપણું, ત્યાગપણું છોડી દેવું તે, સંકેલી લેવું **પલપલ** = પળેપળે **હોય** = હોય **વિજ્ઞાન** = વિશેષ જ્ઞાન **તો** = તો **જ્ઞાન** = જ્ઞાન **ત્યાગે** = ત્યાગી દે, છોડી દે.

## અનુવાદ

**તે સંત પુરુષની સ્થિતિ સ્થિર, તત્ત્વાતીત તથા ઈંદ્રિયોના ચારાથી રહિત છે. તેઓ ઈન્દ્રિયની ગતિ જ્ઞાન થકી ભાગ-ત્યાગ કરીને સમજાવે છે. તેઓએ દેહ ધારણ કર્યો હોવા છતાં હર પળે દેહનું વિસર્જનપણું લાવે છે ને વિદેહી રહે છે. તેઓ વિશેષ લક્ષનો અનુભવ કરીને સામાન્ય જ્ઞાનનો ત્યાગ કરે છે.**

## ભાવાર્થ

કુવેરસ્વામીની પરિસ્થિતિ સદા માટે સ્થિરતાવાળી છે. તેઓ પોતે સદા ચૈતનભાવે ઈન્દ્રિયોના ચારાથી રહિત રહેતા હોય છે. તેથી તેઓ દેહમાં રહેલી ઈન્દ્રિયોની ગતિને જ્ઞાન થકી તત્ત્વોના ભાગ-ત્યાગ કરીને સમજાવે છે. દેહમાં જે તત્ત્વાતીત અંશ છે તેની ઓળખ કરાવે છે. તેઓએ દિવ્યદેહ ધારણ કરેલો હોવા છતાં હરપળે દેહનું વિર્સજનપણું લાવીને વિદેહી દશામાં રહે છે. વિશ્વમાં જે જ્ઞાન વિસર્જન પામ્યું છે, એવા બ્રહ્મથી તીત રહેલા પરમપદના લક્ષનો અનુભવ કરાવીને જગતમાં પ્રચલિત સગુણ અને નિર્ગુણ સિદ્ધાંતના લક્ષની હદ બતાવીને સકર્તા સિદ્ધાંતનું સ્થાપન કરે છે.

## બ્રહ્મમયે ભેખ અલેખ અરુઢમત, અતિરત અવિગત સાથ સમધી;
## ઉરધ ઉમેદ અવિન્યાસી આપે હવા, તેહની દેહ બ્રહ્મા ન નમધી. ૪

### શબ્દાર્થ

**બ્રહ્મમયે** = ને:કર્મી **ભેખ** = ભેખ **અલેખ** = જેનું લખી ન શકાય તેવા, અવર્ણનીય **અરુઢમત** = શ્રેષ્ઠમત, અપ્રસિદ્ધિ મત **અતિરત** = વિશેષ પ્રીતિ, વિશેષ તલ્લીન **અવિગત** = અવિગત, જેની વિગત જાણી શકાય તેમ જ નથી તેવા, સર્જનહાર **સાથ** = સાથે **સમધિ** = સંબંધ-સ્નેહ **ઉરધ** = ઊંચું, ઊર્ધ્વ **ઉમેદ** = ઉમંગ, ઈચ્છા, અભિલાષા, આશા, ભરોસો **અવિન્યાસી** = અવિનાશી, નિત્ય, અક્ષય, જેનો વિનાશ નથી તેવા **આપે હવા** = પોતે (સમરસ) થયા **તેહની** = તેઓના

**દેહ** = દેહ સ્વરૂપ **બ્રહ્મા** = બ્રહ્માજી **ન** = નહીં **નમધી** = નિર્માણ કરેલ.

## અનુવાદ

**તેઓ ન્હે:કર્મી ભેખવાળા છે. લખ્યામાં ન આવે તેવા અલેખ, અવિગત અને અપ્રસિદ્ધ મત સાથે વિશેષ પ્રીતિ અને સ્નેહ રાખે છે. ઊર્ધ્વ ગતિનો ઉમંગ ધારણ કરી અવિનાશી સાથે પોતે સમરસ થયેલા હોય છે. તેમજ તેઓનો દેહ બ્રહ્માજી દ્વારા નિર્માણ થયેલ નથી.**

## ભાવાર્થ

કુવેરસ્વામીનો ભેખ બ્રહ્મ સમાન ને:કર્મી છે. તેઓ સદાને માટે લખ્યામાં ન આવે તેવા અલેખ અને જેથી વિગત પ્રાપ્ત થઈ શકે નહીં એવા અવિગત છે. તેવા તેમજ વિશ્વમાં જાહેર નથી તેવા અપ્રસિદ્ધ કર્તા સાથે વિશેષ પ્રીતિ અને સ્નેહ રાખે છે. તેમની વૃત્તિ સદા સર્જનહારની સજાણવૃત્તિ સાથે એકાકાર થયેલી રહે છે અને ઊર્ધ્વ ગતિનો ઉમંગ ધારણ કરીને અવિનાશી સાથે પોતે પોતાની જાણ થકી સમરસ થયેલા છે. તેઓનો દિવ્યદેહ બ્રહ્માજી દ્વારા નિર્માણ થયેલ ન હોવાથી તેમને કાળ-ભાગ્ય યા નસીબના બંધનો લાગતા નથી, પરંતુ તેમના દેહનું પિંજર સર્જનહારે નિરંજન તત્ત્વનું વિશેષરૂપમાં તૈયાર કરાયું હોવાથી તેમનો પુરુષાતન યુક્ત દિવ્યદેહ છે.

## સુગમ ગમન ગત ઝલક પ્રતિબિંબવત્ત, નિજ સ્વરૂપ મહાનિધ માંહી;
## કહે કુવેર અહેવા જન ધન્ય ધન્ય, સંશે ના આણસો તેજ સાંઈ. ૫

### શબ્દાર્થ

**સુગમ** = જલદીથી પહોંચાય તેવું **ગમન** = ચાલવાની રીત, ગમન કરવું તે, પ્રયાણ **ગત** = ગતિ **ઝલક** = ચળકાટ, આકૃતિનો આભાસ, તેજ **પ્રતિબિંબવત્ત** = પ્રતિબિંબ સમાન, પડછાયારૂપ પ્રતિકૃતિ સપાટી ઉપર પ્રકાશનાં કિરણો પડીને પાછાં ફેંકાય તે સ્વરૂપ **નિજ** = મૂળ, પોતાનું અસલ **સ્વરૂપ** = સ્વરૂપ **મહાનિધ** = કર્તા પદ, પરમપદનું **માંહીં** = માં **કહે કુવેર** = કુવેરસ્વામી કહે છે કે **એહવા જન** = એવા પુરુષને **ધન્ય ધન્ય** = ધન્ય ધન્ય છે **સંશે** = સંશય, શંકા **ના** = નહીં **આણસો** = લાવશો નહીં **તેજ સાંઈ** = તેજ પરમશ્વર છે.

## અનુવાદ

**તેઓ મૂળ સ્વરૂપે તો પરમપદમાં જોડાયેલા રહે છે. તેમની આવન-જાવનની ગતિ અને આકૃતિનો આભાસ પ્રતિબિંબવત્ત છે. કુવેરસ્વામી કહે છે કે એવા જનને ધન્ય ધન્ય છે. જેથી તેમના પ્રત્યે સંશય રાખ્યા સિવાય તેમને ભગવાન જેવા જ માનજો.**

## ભાવાર્થ

કુવેરસ્વામીનું પરમવિશેષ પાટવી અંશ તરીકેનું મૂળ સ્વરૂપ સદાને માટે પરમપદ એવા કૈવલધામમાં જ સ્થિત થયેલું છે, પરંતુ જેમ સૂર્ય અંતરિક્ષમાં હોવા છતાં તેનું પ્રતિબિંબ રૂપે કોઈ લીસી સપાટી કે સ્થિર જળમાં દેખાય છે, તેમ ઝલક સ્વરૂપે તેઓ બ્રહ્માંડમાં રહે છે. તેમના દર્શનીય સ્વરૂપની આવવા-જાવાની ગતિ પ્રતિબિંબ સમાન છે. માટે એવા સૂર્યરૂપ સંત પુરુષના દિવ્ય સ્વરૂપને ધન્યવાદ આપવા ઘટે. તેમના પ્રત્યે માનવોએ કોઈ પણ પ્રકારનો સંશય રાખ્યા સિવાય તેમને જ સાંઈ એટલે કે પરમેશ્વર જેવા માનવા જોઈએ. અથવા તો તેઓ જ પરમેશ્વર સમાન છે. તેવો તેમના પ્રત્યે ભાવ ધારણ કરી કોઈ પણ પ્રકારના સંશય વિના તેમને શરણે જવામાં અહોભાવ ધારણ કરવો જોઈએ.

## (સાખી)

**દ્વે લક્ષ જોજન શૂન્ય તે, ભૂ મે ભાસત ચંદ;**
**જો વિલસે લયે વાર ને, સુરતે એક સમંધ. ૬**

### શબ્દાર્થ

**દ્વે લક્ષ** = બે લાખ, **જોજન** = જોજન ચાર ગાઉ કે આઠ માઈલ આશરે, તેર કિલોમીટરનું ગણાતું જૂનું અંતર **શૂન્ય તે** = આકાશમાં **ભૂ** = પાણી **મે** = માં **ભાસત** = ભાસે, દેખાય **ચંદ** = ચંદ્રમા, ચાંદો, ચંદ્ર **જો** = જો **વિલસે** = વીલસાઈ જાય, સૂકાઈ જાય **લયે** = નાશ પામેલા **વાર ને** = તેને વાર લાગતી નથી **સુરતે** = સ્વરૂપે, આકૃતિ એ **એક** = એક **સમંધ** = સંબંધ, સમાઈ જવું.

## અનુવાદ

**બે લાખ જોજન આકાશમાં રહેલ ચંદ્ર પાણીમાં પ્રતિબિંબ રૂપે દેખાય છે,**

**પરંતુ કદાચ જળ સૂકાઈને નાશ પામે તો તેની પ્રતિકૃતિ મૂળ સ્વરૂપ સાથે સમાતાં વાર લાગતી નથી.**

## ભાવાર્થ

પૃથ્વીથી આકાશમાં રહેલ ચંદ્રનું અંતર આશરે આઠ લાખ ગાઉ છે. છતાં પણ તેટલે દૂર રહેલ ચંદ્ર પ્રતિબિંબરૂપે પૃથ્વી પરના જળમાં દેખાય છે, પરંતુ જો જળ સૂકાઈને નાશ પામે તો ચંદ્રનું પ્રતિબિંબ અદશ્ય થઈને મૂળ સ્વરૂપ સાથે સમાઈ જતાં વાર લાગતી નથી.

**જે નહીં આવન જાન કા, તોય વડે તન દોય;**
**દેહ વડે જન કૈવલ, સમજ સિદ્ધાંતે સોય. ૭**

## શબ્દાર્થ

**જે નહીં** = જે નથી, **આવન** = આવતો **જાનકા** = જતો, **તોય** = પાણી **વડે** = ને લીધે **તન** = સ્વરૂપ **દોય** = બે જુદા **દેહ વડે** = દેહથી, દેહને લીધે **જન** = જણાય છે **કૈવલ** = કૈવલકર્તા રૂપે **સમજ** = સમજવું જોઈએ **સિદ્ધાંતે** = તે સિદ્ધાતંથી **સોય** = તે મુજબ.

## અનુવાદ

**(ચંદ્રના) પાણી વડે બે સ્વરૂપ થયા, પરંતુ તે (જળમાં) નથી આવતો કે જતો. તેમ તેઓ દેહ થકી કૈવલકર્તાથી જુદા દેખાય છે. તે મુજબના સિદ્ધાંતથી સમજવું.**

## ભાવાર્થ

આઠ લાખ ગાઉ દૂર આકાશમાં રહેલ ચંદ્ર પૃથ્વી ઉપર રહેલ જળમાં પ્રતિબિંબ સ્વરૂપે દેખાય છે, પરંતુ ચંદ્ર પોતાનું સ્થાન છોડીને પૃથ્વી પરના જળમાં પ્રવેશ કરતો નથી કે જળમાંથી નીકળીને પાછો જતો નથી. તેની સામ્યતાવાળા દેખાતા બંને સ્વરૂપોનું કારણ પાણી છે. મૂળ સ્વરૂપે આકાશમાં રહેલો ચંદ્ર એક જ છે. તે જ સિદ્ધાન્ત મુજબ આપણે સમજવાનું છે કે વિશ્વના સર્જનહાર કૈવલકર્તા પોતે

પોતાના કૈવલધામમાં બ્રહ્માંડથી પરે રહેલા છે. જે કદાપિ પોતાના બનાવેલ વિશ્વમાં આવતા પણ નથી કે જતા પણ નથી. તે જ પ્રમાણે કર્તાના પ્રતિબિંબ સ્વરૂપે કુવેરસ્વામીનો દિવ્યદેહ સમજવાનો છે.

# અંગ ૨૫
# સંત સકર્તા અનુસ્યુત સંશે દૂર પરિઉત્તરકો

**સાંઈ સ્વે રહે સદા ડગમગે નહીં કદા, સંત તેહનું રદા કહુ દૃષ્ટાંતે;**
**જેમ કો જન નિદ્રાવશમાં પચ્યો, જઈ રચ્યો સૈન સમે એકાન્તે. ૧**

### શબ્દાર્થ

**સાંઈ** = નિજકર્તા **સ્વે** = પોતે, પોતાના નિજસ્વરૂપે **રહે** = રહે છે **સદા** = સદાને માટે, કાયમ, હંમેશ **ડગમગે** = ચલાયમાન, આવતા કે જતા **નહીં** = નથી **કદા** = કદીયે, કોઈ પણ વખત, કદાપિ **સંત** = સંતપુરુષ **તેહનું** = તેઓનું **રદા** = હૃદય **કહુ** = કહુ છું **દૃષ્ટાંતે** = દૃષ્ટાંત આપીને **જેમ** = જેમ કે, જેવી રીતે **કો જન** = કોઈ વ્યક્તિ **નિદ્રાવશમાં** = ઊંઘમાં, નિદ્રાધીન અવસ્થામાં **પચ્યો** = પહોંચ્યો, ગયો, થયો **જઈ** = જઈને **રચ્યો** = તલ્લીન થયો **સૈન** = ઊંઘમાં, નિદ્રા **સમે** = સમયે, સમાઈ ગયો **એકાન્તે** = એકાંતમાં.

### અનુવાદ

**નિજકર્તા હમેશાં ચલાયમાન થયા સિવાય પોતાના નિજ સ્વરૂપે જ રહે છે. સંત પુરુષ તેમના હૃદય સમાન છે. તેનું દૃષ્ટાંત આપીને કહું છું કે જેમ કોઈ વ્યક્તિ એકાંતમાં ઊંઘમાં એવા રચ્યો પચ્યો થઈને સમાઈ ગયો કે તે ગાઢ નિદ્રા વશ થયો.**

### ભાવાર્થ

સાંઈરૂપ ખુદ કૈવલકર્તા પોતે પોતાના નિજ સ્વરૂપે હરહંમેશ ચલાયમાન થયા સિવાય પોતાના દિવ્ય પરમપદ રૂપ અખંડ કૈવલધામમાં રહે છે. અર્થાત્ પોતાની બનાવેલી સૃષ્ટિરૂપ બ્રહ્માંડમાં તે કદીપણ જતા-આવતા નથી. એવા સર્જનહારના હૃદય સમાન સંત પુરુષરૂપ કુવેરસ્વામીનું પોતાનું સ્વરૂપે છે. તે અંગેની સમજ તેઓ આપણને દૃષ્ટાંત દ્વારા સમજાવે છે. જેમ કોઈ વ્યક્તિ પોતે એકાંત સ્થાને ઊંઘમાં એવો તો રચ્યો-પચ્યો થઈને સમાઈ ગયો કે તે ગાઢ નિદ્રાવશ બની ગયો.

**સુપ્ન તેહને હવું સ્વરૂપ ભયુ નવું, જાગ્રત જુક્ત સરખુય જાણે;**
**નિત્ય નીમત્ય અતિ ખટ રસ નવ નવા, વિવિધી પ્રકારના ભોગ માણે. ૨**

### શબ્દાર્થ

**સુપ્ન** = સ્વપ્ન અવસ્થામાં **તેહને હવું** = તેને થયું કે **સ્વરૂપ ભયુનવું** = તેનું બીજું સ્વરૂપ, થયું- તેનું બીજું નવું સ્વરૂપ બનેલું જોયું **જાગ્રત** = જાગ્રત અવસ્થામાં **જુક્ત** = જાણે કે **સરખુય** = એક સરખું જ, એના જેવું જ, તદ્દન એવું જે **જાણે** = જણાયું **નિત્ય** = દરરોજ હંમેશાં **નીમત્ય** = નિયમિત **અતિ** = ઘણા **ખટરસ** = છ પ્રકારના રસ **નવનવા** = નવીન નવીન **વિવિધી** = જુદા જુદા **પ્રકારના** = પ્રકારના **ભોગ** = ભોગ-વિલાસ **માણે** = માણે છે.

### અનુવાદ

**તેને સ્વપ્ન આવ્યું અને તેમાં તેનું બીજું નવીન સ્વરૂપ ઉદ્‌ભવ્યું. જાણે કે, જાગ્રત અવસ્થામાં હોય તે સરખું જ બનેલું જોયું. તે સ્વરૂપે તે દરરોજ નિયમિત વિશેષ માત્રામાં ખટરસના નવા-નવા જુદા-જુદા પ્રકારના ભોગ માણવા લાગ્યો.**

### ભાવાર્થ

ગાઢ નિદ્રામાં કોઈ વ્યક્તિ જ્યારે સ્વપ્નાવસ્થા ભોગવે ત્યારે સ્વપ્ન સૃષ્ટિની રચના કરતો હોય છે. આ વ્યક્તિ પોતે જાગૃતઅવસ્થામાં જેવો સ્થૂળ સ્વરૂપે હતો તેવા બીજા સ્વપ્ન સ્વરૂપે તે બને છે. આ નવા સ્વપ્ન સ્વરૂપે તે દરરોજ નિયમિત રીતે વિશેષ માત્રામાં છ પ્રકારના રસોનો સ્વાદ અને ઈંદ્રિયોના ભોગ-વૈભવ જુદા જુદા પ્રકારે માણતો હોય છે. તેનું પોતાનું મૂળ સ્થૂળ સ્વરૂપ તો એકાંતમાં સૂતેલું છે. પણ સ્વપ્નમાં જે આ ભોગ-વૈભવ ભોગવે છે તે તેનું બીજું સ્વરૂપ છે.

**સૈન સ્થૂલ સાંઈને સંત સુપન તન, ભોગનો સ્વાદ તે દ્વૈજ કરતે;**
**સૈન સ્વરૂપને ભિન્ન નવું નહીં, જુગલ થઈ જાણ તે એક વરતે. ૩**

### શબ્દાર્થ

**સૈન** = ઊંઘમાં છે તે **સ્થૂલ** = સ્થૂળ શરીર **સાંઈ** = સર્જનહાર **ને** = અને **સંત** = સંતપુરુષને **સુપન** = સ્વપ્નનું **તન** = સ્વરૂપ જાણવું **ભોગનો સ્વાદ** = ભોગ ભોગવવાના સ્વાદ **તે** = તે **દ્વૈજ** = જુદું

સ્વરૂપ **કરતે** = કહે છે **સૈન** = ઊંઘી ગયેલું **સ્વરૂપને** = સ્વરૂપને **ભિન્ન** = જુદાપણું **નવું** = નવા શરીરથી **નહીં** = નથી **જુગલ** = બન્ને **થઈ** = ની થઈ **જાણ** = જાણ **તે** = તે **એક** = એક જ **વરતે** = વર્તે છે.

## અનુવાદ

**સુતેલા સ્થૂળ શરીરને નિજ કૈવલકર્તા જાણવા અને સ્વપ્નનું શરીર તે સંત પુરુષનું જાણવું. ભોગના સ્વાદ બીજું સ્વરૂપ કરે છે. સુતેલું સ્વરૂપ બીજા સ્વરૂપથી અલગ થયું નથી પણ સ્વરૂપની દૃષ્ટિએ જુદા દેખાય છે છતાં બન્નેની જાણ્ય એક રૂપે વર્તે છે.**

## ભાવાર્થ

આ દૃષ્ટાંતની સમજ મુજબ જે સુતેલું સ્થૂળ શરીર છે તે વિશ્વના સર્જનહાર કૈવલકર્તા સમજવા અને જે સ્વપ્નમાં બનેલું શરીર તે સંતરૂપ કુવેરસ્વામીનું સ્વરૂપ સમજવું, અનેક પ્રકારના ભોગના સ્વાદ આપણે જે ધરાવીએ છીએ તે દિવ્ય પરમગુરુ માણે છે. સર્જનહારતો મૂળ મહદ્ સજાણજાણ સ્વરૂપે હોઈ તેમનામાં કોઈ ભિન્નતા કે જુદાપણું નથી. તેઓનું મહદ્ ચૈતન જાણ સ્વરૂપ તો સદાને માટે કૈવલધામમાં જ રહેલું છે. જ્યારે સ્વપ્નવત્ સ્વરૂપે રહેલા સંતરૂપ દિવ્ય પરમગુરુ કુવેરસ્વામીના સ્વરૂપે જુદા દેખાય છે. બન્ને સ્વરૂપની જાણની એકતા ખંડિત થતી નથી, પરંતુ એક-મેક રહેલી છે. આ દૃષ્ટાંત માત્ર સ્વરૂપની ભિન્નતા અને જાણની એકતા સમજવા માટે જ સમજવું. સર્જનહાર તો તત્ત્વાતીત છે, તેઓને કોઈ અવસ્થા હોતી નથી.

**સ્વપ્ન પુરુષને જેમ પરજા બહુ, ત્યમ આંહાં સંતને વિશ્વ સારું;**
**પુરુષને જાણ પ્રજા પીછે નહીં, સંત પહેચાનને વિશ્વ વારુ. ૪**

## શબ્દાર્થ

**સ્વપ્ન પુરુષને** = સ્વપ્નમાં થયેલા નવા સ્વરૂપવાળી વ્યક્તિ **જેમ** = જેમ **પરજા** = પ્રજા, વસ્તાર **બહુ** = બહુ **ત્યમ** = તેમ **આંહાં** = અહીંયા **સંતને** = સંતપુરુષને **વિશ્વ** = જગતના ઘાટો **સારું** = બધાય, સમગ્ર, **પુરુષને** = ઊંઘતા વ્યક્તિને **જાણ** = જાણ્ય **પ્રજા** = પ્રજા **પીછે નહીં** = ઓળખે નહીં, પહેચાને નહીં **સંત** = સંતપુરુષ **પહેચાનને** = જાણે છે **વિશ્વ** = જગત **વારુ** = પણ, સારું (ઓળખે નહીં).

### અનુવાદ

**સ્વપ્નમાં વ્યક્તિને જેમ બહુ પ્રજા હોય તેમ અહીં સંતને આખુ વિશ્વ છે. પુરુષને પ્રજાની જાણ છે, પણ પ્રજા ઓળખતી નથી. તેમ સંત વિશ્વને જાણે છે, પણ વિશ્વ સંતને જાણતું નથી.**

### ભાવાર્થ

સ્વપ્નમાં જે સ્વપ્ન સ્વરૂપ જુદું થયેલું છે, તેને ખૂબ જ પ્રજા હોય છે. તેમ અહીં જે સંતરૂપે કુવેરસ્વામીનું સ્વરૂપ છે. તેમણે સમગ્ર વિશ્વની આદ્ય લઈ સંસારના સર્વ ઘાટો- પ્રજા સમાન છે. જેમ સ્વપ્ન સ્વરૂપ છે તે પ્રજાને જાણે છે, પરંતુ પ્રજા તે સ્વપ્ન- સ્વરૂપને ઓળખતી હોતી નથી. તેમ અહીંયા સંત સ્વરૂપ કુવેરસ્વામી વિશ્વની સઘળી રચનાના અને ઘાટોની હકીકતને જાણે છે, પરંતુ તેમના સ્વરૂપની જાણ વિશ્વની પ્રજાને નથી.

**તેજ પુરુષને સૂક્ષ્મ તુરીયા ભઈ, સુપનની જાણ ગઈ સર્વ તેતી;**
**કહે કુવેર આંહાં વિશ્વ વિલાય તો, એક કરતાર રહે નેતિ નેતિ. ૫**

### શબ્દાર્થ

**તેજ** = મૂળ **પુરુષને** = વ્યક્તિને **સૂક્ષ્મ** = સૂક્ષ્મ, અલ્પ **તુરીયા** = તુર્યાવસ્થા **ભઈ** = થઈ **સુપનની** = સ્વપ્ન અવસ્થાની યાદ **જાણ ગઈ** = નાશ પામી, **સર્વ તેતી** = જે હતી તે **કહે કુવેર** = કુવેરસ્વામી કહે છે કે **આંહાં** = અહીંયા, **વિશ્વ** = જગત, બ્રહ્માંડની રચના **વિલાય તો** = નાશ પામે તો **એક** = એક **કરતાર** = કર્તા સર્જહાર પોતે **રહે** = રહે **નેતિ નેતિ** = જેનો કોઈ અંત નથી, અંત નથી.

### અનુવાદ

**તે મૂળ પુરુષ જ્યારે સૂક્ષ્મ તુર્યાવસ્થા ભોગવે ત્યારે સ્વપ્ન અવસ્થાની જે જાણ હતી તે સર્વ રહેતી નથી. કુવેરસ્વામી કહે છે કે તેમ અહીંયા સ્વપ્નસૃષ્ટિ સમાન જે વિશ્વની અનંત રચના છે તે સર્વ નાશ પામે તો માત્ર એક મૂળ નેતિ-નેતિ રૂપ કર્તા જ રહે છે.**

## ભાવાર્થ

સ્થૂળદેહધારી જે મૂળ પુરુષ છે તેને સૂક્ષ્મ તુર્યાવસ્થા વ્યાપે ત્યારે સ્વપ્ન અવસ્થામાં જે સ્વપ્નની રચનાની જાણ હતી તે જાણ રહેવા પામતી નથી. એટલે કે, વીસરાઈ જાય છે અને નાશ પામે છે.

કુવેરસ્વામી અહીંયા વિશ્વના વિનાશ અંગેની વાતને સમજાવતાં કહે છે કે વિશ્વના સર્જનહાર તો તત્ત્વાતીત છે. એટલે તેમને સ્થૂળદેહની માફક પાંચ અવસ્થાઓ હોતી નથી, પરંતુ તેઓની સંકલ્પ શક્તિ હોય છે. તે સંકલ્પ શક્તિનો વેગ મહાકલ્પને અંતે સમાવી દે ત્યારે સંકલ્પ થકી રચેલી સર્વ રચના વીલસાઈ જાય છે. તેઓની છ વૃત્તિઓથી ઉત્પન્ન થયેલ સર્વ રચના જે તે વૃત્તિઓમાં ઉત્પત્તિના ક્રમથી વિરુદ્ધ રીતે ઊલટ ક્રિયા થકી ભળી જાય છે. છેલ્લે પોતાની વૃત્તિઓને સર્જનહાર પોતાનામાં સમાવી દે છે. આમ છેવટે નેતિ પુરુષ પોતાના અંતર હંગમાં બાજ હંગને બીજગ તરીકે રાખીને પોતાના સ્વ-સ્વરૂપે વિરાટ શૂન્યમાં એકલા જ રહે છે.

## (સાખી)

**જયૌ પવને પરપોટડા, અપત્યે હોત અપાર;**
**ત્યૌ કરતાકે સંકલ્પે, ઉપજત અંગ આકાર. ૬**

### શબ્દાર્થ

**જયૌ** = જેમ **પવને** = પવનથી **પરપોટડા** = પરપોટા, પાણીની સપાટી ઉપર અંદરથી નીકળતી હવાના થતા હવાના ફુગ્ગા **અપત્યે** = પાણીમાં **હોત** = હોય છે, થાય છે **અપાર** = ઘણા, અસંખ્ય **ત્યૌ** = તેમ **કરતાકે** = સર્જનહારના **સંકલ્પે** = સંકલ્પશક્તિથી **ઉપજત** = ઉત્પન્ન થાય **અંગ** = શરીર **આકાર** = સ્વરૂપ, આકૃતિ.

## અનુવાદ

**જેમ પવનથી પાણીમાં અનંત પરપોટા ઉત્પન્ન થાય છે. તેમ સર્જનહારના સંકલ્પ વડે અનંત શરીરના આકાર ઉત્પન્ન થાય છે.**

## ભાવાર્થ

અહીં ઉત્પત્તિની રીત અંગેની સમજ દર્શાવવામાં આવી છે કે જેવી રીતે પવનના માધ્યમથી પાણીમાં અપાર પરપોટા ઉત્પન્ન થાય છે. તે જ ન્યાયે સર્જનહાર કૈવલ કર્તાના શુદ્ધ સંકલ્પ શક્તિથી બ્રહ્મ ભૂમિકામાં ચાર ખાણવાળા ૮૪ લાખ પ્રકારની વિવિધતાવાળા અનંત ઘાટો ઉત્પન્ન થયેલા છે.

**અપ થાની કરતા નિજ, સંકલ્પ પવન પરમ;**
**જીવ જંત તનુ ઉદ્‌ભવ, સંકલ્પ કે અનુક્રમ. ૭**

### શબ્દાર્થ

**અપ** = પાણી **થાની** = સ્થળે **કરતા નિજ** = મૂળ સર્જનહાર સમજવા **સંકલ્પ** = બુદ્ધિ, સંકલ્પ, ઈચ્છા **પવન** = પવન **પરમ** = શ્રેષ્ઠ, મહાન **જીવ** = અંશ **જંતતનુ** = જંતર રૂપ ઘાટો **ઉદ્‌ભવ** = ઉત્પન્ન થાય છે **સંકલ્પ કે** = સંકલ્પના **અનુક્રમ** = અનુક્રમ મુજબ, ક્રમાનુસાર.

## અનુવાદ

**પાણીની જગ્યાએ સર્જનહાર પોતે અને પવન તેમનો સંકલ્પ સમજવો. સર્જનહારના સંકલ્પના ક્રમાનુસાર જંતરરૂપ ઘાટો અને અંશો વિગેરેની ઉત્પત્તિ થયેલી છે.**

## ભાવાર્થ

અહીં વિશ્વના સર્જનહાર દ્વારા કરવામાં આવેલી ઉત્પત્તિના ક્રમને સમજાવવામાં આવ્યું છે. જેમ પવનથી પાણીમાં અસંખ્ય પરપોટા ઉત્પન્ન થાય છે તે જ ન્યાયે પાણીની જગ્યાએ સર્જનહાર કૈવલકર્તા સમજવા. પવનની જગ્યાએ સર્જનહારની શુદ્ધ સંકલ્પ શક્તિને સમજવી. વિશ્વની રચનામાં સર્જનહારે કોઈની પણ મદદ લીધા સિવાય પોતે ક્રમાનુસાર પોતાની છ વૃત્તિઓના સંકલ્પથી ક્રમાનુસાર ઉત્પત્તિ કરેલી છે. જેમાં પ્રથમ પ્રકાશબ્રહ્મવૃત્તિથી સચરાચરવ્યાપક બ્રહ્મનો પસારો કરી તેના ત્રણ મહાતત્ત્વો ઉત્પન્ન કર્યા. પછી બીજી સંજમભોગવૃત્તિથી ત્રણ ચક્ષસત્ત્વ ઉત્પન્ન કર્યા. ત્રીજી ઈચ્છાવૃત્તિથી બોતેર

તત્ત્વોનો વિસ્તાર કર્યો. ત્યારપછી ચોથી ક્રિયા વૃત્તિ દ્વારા તત્ત્વોને ઊલટ-સૂલટ મિશ્રણ કરીને ત્રણ વૃત્તિના તત્ત્વોની મેળવણીથી વિરાટ અને સર્વ ઘાટો બનાવ્યા. ત્યાર પછી પાંચમી સજીવનવૃત્તિ પ્રેરક કરી જેથી જે ઘાટો બનાવ્યા હતા તે પોતપોતાના માપ મુજબ વૃદ્ધિ પામીને રહ્યાં, પરંતુ હલન-ચલન વગરના જડવત્ રહેતાં છેલ્લે પોતાની છઠ્ઠી અંશવૃત્તિથી દરેક ઘાટોમાં પોતાની સજાતિનો અંશ વસાવ્યો અને વિશ્વની સમગ્ર રચનાને ચેતનવંત કરી. આમ આ મુજબના ક્રમ અનુસાર પોતાની સંકલ્પશક્તિથી સર્જનહારે મહાકલ્પ પર્યંત ચાલે તેવો સંચ ભરીને સર્વ રચના કરી છે.

# અંગ ૨૬
# નેતિ નિરાજન વિશ્વ ઉત્પન્ન દેખાવનકો

**પ્રોજન પ્રાક્રમ વાક વાણી વિના, જ્યાં નહીં દરસના દર્શ કોઈ;**
**બિંબ પ્રતિબિંબ આલંબ ચુંબક તન, તે વિના રહે ચૈન આપ સોઈ. ૧**

### શબ્દાર્થ

**પ્રોજન** = પ્રયોજન, હેતુ, કારણ, નિમિત્ત, ઉદ્દેશ, આવશ્યકતા, ઈરાદો **પ્રાક્રમ** = પરાક્રમ, ઉત્સાહ, પ્રયત્ન, પુરુષાર્થ, બળ, શક્તિ, બહાદુરી **વાક** = વાચા, આકાર, આકૃતિ, તેજ, નૂર, ભાષા, વચન, બોલ **વાણી** = વાણી, ભાષા, વચન, બોલી, સ્વર, સૂર, વાચા **વિના** = વગર **જ્યાં** = જ્યાં **નહીં** = નથી **દરસના** = દૃશ્યને જોનારા **દર્શ** = દૃશ્ય, **કોઈ** = કોઈ **બિંબ** = પ્રતિમા, મૂર્તિ, જેનું પ્રતિબિંબ પડ્યું હોય તે **પ્રતિબિંબ** = પ્રતિકૃતિ, પડછાયો, ઓળો **આલંબ** = આધાર, ટેકો **ચુંબક** = ચુંબક, આકર્ષનારું **તન** = શરીર, ઘાટ, સ્વરૂપ **તે વિના** = તે વગર, તેના સિવાય **રહે** = રહેલું છે **ચૈન** = ધામ **આપ** = પોતે **સોઈ** = તે.

### અનુવાદ

**સર્જનહારના પરાક્રમ અને પ્રયોજન અંગેનું વાણીથી વર્ણન થઈ શકે તેમ નથી. તેઓ પોતે રૂપ અરૂપથી પરે જ્યાં નિવાસ કરે છે તેવા ધામમાં દૃશ્ય કે દૃશ્યને જોનાર નથી, કોઈ પ્રતિમા કે પ્રતિકૃતિ નથી. તે ધામ કોઈ આધાર સિવાયનું અને કોઈ આકર્ષણ સિવાયનું છે.**

### ભાવાર્થ

વિશ્વના રચયિતા સર્જનહારનું પ્રયોજન અને તેમના પરાક્રમ અંગે વાણીથી વર્ણન થાય તેમ નથી. તે પોતે રૂપ અરૂપથી ભિન્ન રહીને જ્યાં નિવાસ કરે છે તેવા બ્રહ્મની મધ્યે રહેલા પરમ કૈવલધામમાં કોઈ દૃશ્ય નથી કે દૃશ્યને જોનાર પણ નથી. વળી, તેમાં કોઈ પ્રતિમા સ્વરૂપ નથી કે તે સ્વરૂપની પ્રતિકૃતિરૂપ છાંયો પણ નથી. તે ધામ, અંતરિક્ષમાં કોઈ આધાર રહિત અને કોઈ પણ પ્રકારના ચુંબકીય આકર્ષણ વગરનું તત્ત્વાતીત છે.

**બિંબ પ્રતિ લોહ ચલે ચમકજડતા પડે, જડ તન જીવન તે તોય તેજે;**
**તોય ઉષ્ણ ગયે તોલ તે તો રહે, ચમક જડતા ટલે લોહો નહીં જે. ૨**

### શબ્દાર્થ

**બિંબ** = છબી, મૂર્તિ **પ્રતિ** = તરફ **લોહ** = લોખંડની **ચલે** = ચાલે, ખેંચાય **ચમક**=ચુંબક ચલાયમાનતાથી **જડતા** = જડતા **પડે** = પડે, દૂર થાય, નાશ પામે **જડ** = જડ, નિર્જીવ **તન**=શરીર, સ્વરૂપ, **જીવન** = નું જીવન **તે** = તે **તોય** = પાણી **તેજે** = થકી જ છે **તોય** = પાણીમાંથી **ઉષ્ણ** = ઉષ્ણતા **ગયે** = જાય **તોલ** = વજન, માપ, સરખું, બરાબર **તે** = તે (પાણી) **તો** = જેટલું હતું તેટલું જ **રહે** = રહે **ચમક** = ચુંબકત્વથી **જડતા** = જડતા **ટલે** = ટળે **લોહો** = લોખંડ **નહીં જે** = જે નથી, તેવું નથી.

### અનુવાદ

**લોખંડની મૂર્તિ ચુંબક તરફ ખેંચાતાં જેથી મૂર્તિની જડતા દૂર થઈ તેમ જણાય છે. જ્યારે જડ સ્વરૂપવાળા પાણીનું જીવન અગ્નિ છે, પરંતુ પાણીમાંથી ઉષ્ણતા જતી રહે તેમજ લોખંડમાંથી ચુંબકશક્તિ દૂર થાય તો પાણી અને લોખંડ જેવું હતું તેવું જ થઈ જાય છે.**

### ભાવાર્થ

લોખંડની મૂર્તિ ચુંબકીય શક્તિ તરફ ખેંચાય છે જેથી તે જડ લોખંડની મૂર્તિ ચલાયમાન થતી દેખાય છે. અને તેમાં જે જડતા હતી, તે દૂર થઈને હલન-ચલન પણું દૃશ્યમાન થાય છે, પરંતુ લોખંડમાંથી જો ચુંબકીય તત્ત્વને દૂર કરવામાં આવે અથવા તો ચુંબક ને દૂર ખસેડી લેવામાં આવે તો લોખંડની મૂર્તિ પહેલાં હતી તેવી થઈ જાય છે. તે જ રીતે જેમ પાણી અને અગ્નિની હકીકત વિચારી એતો પાણીમાં ઉષ્ણતા દાખલ થતાં તે જડ પાણીમાં જીવંતપણું જણાય છે. તેથી પાણી હલન-ચલન કરતું અને અવાજ કરતું દૃશ્યમાન થાય છે, પરંતુ તે પાણીમાંથી જ્યારે ઉષ્ણતા દૂર થાય, ત્યારે જે પહેલાં પાણી હતું તેવું જડવત્ થઈ જાય છે. એમ લોખંડનું ચલાયમાન થવાનું કારણ લોહચુંબક છે અને પાણીનું હલન-ચલન થવાનું કારણ ઉષ્ણતા છે.

**તેમ પરમાત્મા તેજ ચુંબક તન, લોહ વત તત્ત્વ તે પંચપુલકે;**
**ચમક જડતા કહી યેમ આતમ મહી, શક્તિ જડતાયતે જક્ત ઉલકે. ૩**

### શબ્દાર્થ

**તેમ** = તેવી જ રીતે **પરમાત્મા** = સર્જનહાર **તેજ** = અગ્નિ **ચુંબક** = ચુંબકશક્તિ **તન** = સ્વરૂપે **લોહ વત** = લોખંડ સમાન, જેવું **તત્ત્વ** = તત્ત્વ **તે પંચપુલકે** = પાંચ તત્ત્વોથી ખીલેલું સર્વ **ચમક** = ચલાયમાન = ચૈતનશક્તિ **જડતા** = જડની જેમ **કહી** = કહી તે **યેમ** = તેમ **આતમ** = અંશ **મહી** = અંદર રહેલી છે **શક્તિ** = તેની શક્તિથી **જડતાયતે** = જડ રૂપ સર્વ રચના **જક્ત** = આખું વિશ્વ **ઉલકે** = ચલાયમાન થાય, ક્રિયાશીલ થાય છે.

### અનુવાદ

**તેવી જ રીતે સર્જનહારને અગ્નિ અને ચુંબક સમાન ગણવા અને જડવત્ જે લોખંડ છે તે પાંચ તત્ત્વોથી ખીલેલી સર્વ રચના સમજવી. જડમાં રહેલી ચુંબક શક્તિ કહી છે તે અંશ સમજવો અને તેની (અંશની) શક્તિથી જડ રચના ક્રિયાશીલ થાય છે તેમ માનવું.**

### ભાવાર્થ

અગાઉ દર્શાવેલ દૃષ્ટાંતનો ન્યાયપૂર્ણ સિદ્ધાંત સમજીયે તો અગ્નિ અને ચુંબક, પાણી અને લોખંડની ચેતનતાના કારણરૂપે છે. તેમ સર્જનહાર કૈવલકર્તા પણ આ પાંચ મહાતત્ત્વોથી રચાયેલી સર્વ રચનાના કારણ સ્વરૂપે રહેલા છે. દરેક જડ સ્વરૂપોમાં રહેલી ચમકની ચુંબકીય શક્તિ સમાન સર્જનહારનો સજાતિય અંશ રહેલો છે. તે અંશની ચૈતનશક્તિ અને તેના પોતાના ભાસથી પ્રણવના માધ્યમથી ચેતનવંત થયેલી સર્વ જડ રચના ક્રિયાશીલ અને જીવંત દેખાય છે.

**સોહં ૐ કાર શક્તિ જડ જીવન દ્વૈ, શ્વાસ અરુપ તો વિશ્વ નાંહી;**
**વસ્તુ ગતે ઘટે ના વધે ઉપજે, જેમનું જેમ છે તેમ તાંહી. ૪**

### શબ્દાર્થ

**સોહં** = તે પોતે **ૐ કાર** = બ્રહ્મના ત્રણ ઘટકો: ઓહંગ, સોહંગ અને કુંભક અવિકાસ, વિકાસ

અને કુંભસ્થ **શક્તિ** = શક્તિ **જડ જીવન** = જડને જીવન દેનારી છે **દ્વૈ** = બે **શ્વાસ** = પ્રાણાયામ, **અરુપ** = સમાઈ જાય, રૂપ વગરનો **તો** = તો **વિશ્વ** = વિશ્વ, જગત, **નાંહી** = ન રહે **વસ્તુ ગતે** = વસ્તુની દૃષ્ટિએ જોઈએ તો, રચનાની દૃષ્ટિથી જો જોવામાં આવે તો **ઘટે ના વધે** = તેમાં કોઈ ઘટાડો કે વધારો થતો નથી **ઉપજે** = ઉત્પત્તિ પણ થાય નહીં **જેમનું જેમ છે તેમ** = જેવું હતું તેવું જ **તાંહિ** = રહે છે.

## અનુવાદ

**ૐ કાર બ્રહ્મના પોતાના ત્રણ ઘટકો સમગ્ર જડ રચનાના જીવન સમાન છે. જો પ્રાણાયામના તે તત્ત્વો સમાઈ જાય તો વિશ્વ રહેવા પામે નહીં. વસ્તુ રૂપે જેવું ને તેવું જ રહેલું હોઈ તેમાં કોઈ વધારો કે ઘટાડો નોંધાતો નથી.**

## ભાવાર્થ

સર્જનહારની પ્રકાશબ્રહ્મવૃત્તિનો ફેલાવો એટલે ૐ કાર બ્રહ્મ. તેના મહદ્ સ્વરૂપે વ્યાપક રહેલા ત્રણ મહાતત્ત્વો અવિકાસ-વિકાસ અને કુંભસ્થ એ અલ્પ સ્વરૂપે ઓહંગ, સોહંગ અને કુંભક તરીકે દેહમાં પ્રાણાયામના સ્વરૂપે છે. સમચૈતન બ્રહ્મ સમસ્ત જડ રચનાનું જીવન તરીકે ભાગ ભજવે છે. આ ત્રણ મહાતત્ત્વો જડ અને ચૈતનના માધ્યમ તરીકે રહેલા છે. જ્યારે આ ત્રણેય મહાતત્ત્વો બ્રહ્મમાં તદાકાર થઈ જાય તો પછી નાશવંત વિશ્વની રચના રહેવા પામતી નથી. જ્યારે મહાકલ્પ પૂરો થાય ત્યારે જે જે ઉત્પત્તિનો ક્રમ છે તે જ ક્રમે પાછું વિલસાઈને સમાય ત્યારે આખરે સર્વ રચના પણ કર્તાની વૃત્તિઓમાં સમાઈ જાય છે. જ્યારે સૃષ્ટિ ઉત્પન્ન થઈને વૃધ્ધિ પામે ત્યારે કર્તામાં કોઈ ઘટાડો કે સૃષ્ટિનો પ્રલય થાય તો કોઈ વધારો થતો નથી. કર્તા તો જેવા પહેલાં હતા તેવા જ સદાને માટે રહેલા છે.

**આદ્ય પુરાતન સકલ સમતાં ગયે, જે રહ્યો જેમ તેહવો ને તેહેવો;**
**કહે કુવેર મેં ભાસ તેહનો સહી, સુપર છાંય કહે પુરુષ કેહેવો. ૫**

### શબ્દાર્થ

**આદ્ય** =અનાદિ **પુરાતન** = અનાદિ, પ્રૌઢ, પુરાણા **સકલ** = સર્વ, સમસ્ત, **સમતાં ગયે** = સમાઈ જતાં **જે રહ્યો** = જે બાકી રહ્યો **જેમ** = જેમ તહેવો ને **તહેવો** = તેવો **ને તેવો** = જેવો હતો તેવો જ **કહે કુવેર** = કુવેરસ્વામી કહે છે કે **મેં** = હું **ભાસ** = આભાસ **તેહનો** = તેમનો **સહી** = છું, નક્કી, સ્વરૂપે છું

**સુપર છાંય** = મહાન પડછાયા સમાન, પરમવિશેષ પાટવી અંશ **કહે** = કહુ છું **પુરુષ** = આદિ પુરુષ, સર્જનહાર **કહેવો** = કેવા છે.

## અનુવાદ

**સમસ્ત રચના સમાઈ જતાં આદિ-અનાદિ પુરાણા કૈવલકર્તા જેમ રહેલા હતા તેવાને તેવા જ રહે છે. કુવેરસ્વામી કહે છે કે હું તેમની છાયારૂપ પરમવિશેષ પાટવી અંશ હોવાથી તે આદિ પુરુષ કેવા છે તેનું વર્ણન કહી શકું છું.**

## ભાવાર્થ

જ્યારે આ વિશ્વની રચના થઈ ન હતી ત્યારે પણ નિજ કૈવલ પુરુષ પૂર્ણ ચૈતન સ્વરૂપે શૂન્યવત્ રીતે તે કૈવલધામમાં બિરાજમાન હતા. જ્યારે તેમને પોતાનું સમગ્ર જાણપણું થયું ત્યારે હંગ પોતાની છ વૃત્તિઓથી સૃષ્ટિની ઉત્પત્તિ કરી. ત્યારે પૂર્ણ ચૈતન સજાણજાણ સ્વરૂપે પોતાના કૈવલધામમાં જ રહેલા હતા. અને જ્યારે સૃષ્ટિ મહાકલ્પ પૂર્ણ થશે ત્યારે તેમણે રચેલી સર્વ રચના તેમની છ વૃત્તિઓમાં સમાઈ જશે અને તે છએ વૃત્તિઓ પોતાનામાં સમાવી દેશે. ત્યારબાદ તેઓ પાછા પૂર્ણ ચૈતન સ્વરૂપે શૂન્યવત્ રહેવાના. કુવેરસ્વામી તો કૈવલકર્તાના સજાણજાણ સ્વરૂપ અંશોમાં પરમવિશેષ પાટવી અંશ છે. સૃષ્ટિના ઉત્પત્તિ સમયે તેઓ કૈવલકર્તાના સાન્નિધ્યમાં જ તેમની છાયાની જેમ રહેતા હોવાથી તેઓ આ સઘળી રચનાના સાક્ષી રૂપે છે. જેથી તેઓ આદિપુરુષ કૈવલકર્તા અને તેમની રચના અંગે કૈવલવેત્તાના નાતે સંપૂર્ણ વર્ણન કરી શકે છે.

## (સાખી)

**જેસે છાયા તનકી, હલન ચલન સબ અંગ;**
**સો જન કી ગમ ના લહે, નિકટ રહત નિજ સંગ. ૬**

### શબ્દાર્થ

**જેસે** = જેવી રીતે, જેમ **છાયા** = છાંયો, પડછાયો **તનકી** = શરીરનો **હલન ચલન** = હાલતું-ચાલતું **સબ અંગ** = દરેક અંગો **સો** = તે **જન કી** = વ્યક્તિ, મનુષ્યની **ગમ** = માહિતી **ના લહે** = જાણી શકે

નહીં, જાણે નહીં **નિકટ** = નજીક **રહત** = રહેવા છતાં **નિજ સંગ** = પોતાની સાથે

## અનુવાદ

**જેમ શરીરનો પડછાયો તે વ્યક્તિના અંગોના હલન-ચલન જેવો જ દેખાય છે. તે પડછાયો મનુષ્યના સંગમાં નજીક હોવા છતાં મનુષ્યની ગતિને જાણી શકતો નથી.**

## ભાવાર્થ

શરીરનો પડછાયો માનવીની સાથે જ રહે છે અને માનવીનું શરીર જે પ્રમાણે હલન-ચલન કરે છે, તેજ પ્રમાણે શરીરની છાયા જે સર્વાંગ શરીર જેવી હાલતી અને ચાલતી દેખાય છે. આમ પડછાયો માનવની સંગમાં નજીક રહે છે, છતાં મનુષ્યની ગતિને જાણી શકતો નથી.

**છાયા જડ મેં જડ નહીં, હમ ચૈતન ચલકાવ;**
**પરમ અંશ પતિ કે જબી, દિવ્ય અનુભવ ગતફાવ. ૭**

### શબ્દાર્થ

**છાયા** = પડછાયો **જડ** = જડ હોય છે **મેં** = હું **જડ નહીં** = જડ નથી **હમ** = હું **ચૈતન** = ચૈતન **ચલકાવ** = જાણ સ્વરૂપ **પરમ અંશ** = પરમ વિશેષ પાટવીં અંશ **પતિ કે** = નિજકર્તાનો **જબી** = જેથી **દિવ્ય** = મહાન **અનુભવ** = અનુભવ **ગત** = ગતિ સમજણ, જાણ **ફાવ** = ફાવટ, અનુકૂળતા, ગોઠવાપણું, મેળ.

## અનુવાદ

**પડછાયો જડ છે, હું જડ નથી. હું ચૈતન જાણ સ્વરૂપે પરમ પિતાનો પાટવી અંશ હોવાથી મને દિવ્ય અનુભવ ગતિની ફાવટ છે.**

## ભાવાર્થ

અગાઉ ચોપાઈ પાંચમાં કુવેરસ્વામી સર્જનહારની છાયા સમાન છે અને

ચોપાઈ ૬ (છ)માં માનવીની છાયા જડ છે તેમ દર્શાવ્યું છે. આ અંગે શંકાનું સમાધાન માટે અહીં વધુ સ્પષ્ટતા કરવામાં આવી છે કે પડછાયા-પડછાયામાં ફેર છે. માનવીનો પડછાયો જડ છે, પરંતુ કુવેરસ્વામી જડ નથી. તેઓ તો સર્જનહાર કૈવલકર્તાના સજાણજાણ સ્વરૂપ અંશોમાં પરમ વિશેષ પાટવી અંશ છે. જે સર્જનહારના સાન્નિધ્યમાં તેમની છાયા બનીને રહે છે. આમ, છાયા અને છાયા બનીને રહેવું તેમાં તફાવત છે. કૈવલવેત્તા કુવેરસ્વામી પાસે દિવ્ય અનુભવની ગતિ હોવાથી સર્જનહાર સાથે સુમેળભર્યા સંબંધો છે. તેથી જ તેઓ કર્તાના દિવ્ય પરમપદના અનુભવ રૂપી અંશ-અંશીના લક્ષ ને જાણવામાં ફાવ્યા છે.

# અંગ ૨૭
# અભ્યાસ અન્યવકો

**ભાસ વિભાસ કીલાસ સહુનો કહુ, શ્રવણ કરજો ધરી સુરત શ્રોતા;**
**દેવ જંજાલમે દલ ડહેકે નહીં, સમજ એહવી રખે શબ્દ ખોતા. ૧**

### શબ્દાર્થ

**ભાસ** = ઉપજાવન શક્તિ **વિભાસ** = સંહારક શક્તિ **કિલાસ** = ખીલવવાની શક્તિ **સહુનો** = દરેકનો **કહુ** = કહું છું **શ્રવણ કરજો** = સાંભળજો **ધરી સુરત** = સુરતા ધારણ કરીને **શ્રોતા** = શ્રોતાવર્ગ, સાંભળનાર વર્ગ **દેવ** = દેવ-દેવીઓની **જંજાલમે** = જંજાળમાં ઉપાધિઓમાં, બંધનમાં **દલ** = હૃદય **ડહેકે નહીં** = છેતરાય નહીં, ખૂંપી જાય નહીં **સમજ એહવી** = એવી સમજણ **રખે** = ભૂલથી પણ, કદાપિ **શબ્દ** = વાણી વાતને **ખોતા** = ખોતા નહીં, ગુમાવતા નહીં.

### અનુવાદ

**સર્વની ઉત્પત્તિ- વિકાસ અને વિનાશ જણાવું છું, માટે હે શ્રોતાઓ ! સુરતા ધારણ કરીને સાંભળજો. જેથી દેવોની જંજાળમાં તમારું હૃદય ખૂંપી જાય નહીં. માટે આવી સમજનો શબ્દ કદાપિ ગુમાવશો નહીં.**

### ભાવાર્થ

સમસ્ત બ્રહ્માંડમાં રહેલ દરેક તત્ત્વો જે જેનાથી ઉત્પન્ન થયાં છે તે, જે જેમાં સમાય છે તે અને તેની વૃદ્ધિ તેમજ વિકાસ અંગેની માહિતી હવે આપણને કુવેરસ્વામી જણાવે છે. માટે જે સાંભળનાર વર્ગ છે તેઓએ આ માહિતીને ખૂબ જ ધ્યાનથી સુરતા પરોવીને સાંભળવી જરૂરી છે. જેને કારણે દેવોની માયિક જંજાળમાં આપણાં હૃદય જરા પણ ખૂંપી ન જાય. આવી જ્ઞાનયુક્ત સત્ય વાણી અને સમજના શબ્દો કદાપિ ભૂલી ન જવાય તેનું ખાસ ધ્યાન રાખવાની જરૂર છે.

**શૂન્યનો ભાસ સમીર સ્વે ઉપજે, પવન તે અગ્ન પ્રકાશ હોઈ;**
**તેજ તે તોય અવની અપ તેહવી, એમ અન્યો અન્ય જકત જોઈ. ૨**

### શબ્દાર્થ

**શૂન્યનો** = મહદ્ આકાશના **ભાસ** = ઉત્પત્તિ, ઉપજાવનશક્તિ **સમીર** =પવન તત્ત્વ **સ્વે** = શરૂઆતમાં, સૌપ્રથમ, પોતાથકી, સ્વયં **ઉપજે** = ઉત્પન્ન થાય, ઉત્પત્તિ થાય **પવન** = પવન તત્ત્વ **તે** = તેથી **અગ્ન** = અગ્નિ તત્ત્વ **પ્રકાશ** = ઉજાશ, પ્રકાશ **હોઈ** = થયું **તેજ તે** = અગ્નિ તત્ત્વથી **તોય** = પાણીતત્ત્વ **અવની** = પૃથ્વી તત્ત્વ **અપ** = પાણીથી **તેહવી** = થઈ **એમ** = એ પ્રમાણે **અન્યો અન્ય** = એક એકથી, પરસ્પર **જકત** = જગત **જોઈ** = સમજવું.

### અનુવાદ

**મહદ્ શૂન્યના ભાસ રૂપ આકાશ તત્ત્વથી પવન તત્ત્વ, પ્રથમ ઉત્પન્ન થયું. પવનથી પ્રજવલિત અગ્નિ, અગ્નિથી પાણી અને પાણીથી પૃથ્વી થઈ છે. એમ અન્યો અન્ય તત્ત્વોથી જગત સમજવું.**

### ભાવાર્થ

મહાદ અવિગત શૂન્યના પોતાના ભાસ રૂપ આકાશ તત્ત્વ છે, આકાશમાંથી પવન તત્ત્વ (વાયુ તત્ત્વ) પ્રથમ ઉત્પન્ન કર્યું. વાયુ તત્ત્વમાંથી પ્રકાશમય અગ્નિ તત્ત્વ પ્રગટ થયું. તે અગ્નિ તત્ત્વથી જળ તત્ત્વ થયું અને જળ તત્ત્વમાંથી પૃથ્વી તત્ત્વની ઉત્પત્તિ થઈ છે. આ પ્રમાણે અન્યો અન્ય પંચમહાભૂતના એક તત્ત્વમાં બીજા ચાર તત્ત્વો પરસ્પર મેળવણીથી સ્થૂળ જગતના મહાપંચભૂત-તત્ત્વો ઉત્પન્ન થયાં છે. જ્યારે બાકીનાં આનુસંગિક તત્ત્વો કર્તાએ પોતાની પ્રથમ ત્રણ વૃત્તિથી ઉત્પન્ન કર્યાં છે.

**સુરત સમીપ તે અગ્ન અવની જલ, શબ્દ સપ્રસ આકાશ પવનાં;**
**પંચ એ તત્ત્વનાં ધામ ધરણી રચ્યાં, દેવ નર નાગ વૈકુંઠ ભવનાં. ૩**

### શબ્દાર્થ

**સુરત** = સુરતા દ્વારા, નેત્રો થકી દેખાય તેવા સ્થૂળ **સમીપ** = સન્મુખ, પ્રત્યક્ષ **તે** = તે

**અગ્ન** = અગ્નિ તત્ત્વ **અવની** = પૃથ્વી તત્ત્વ **જલ** = પાણીતત્ત્વ **શબ્દ** = શબ્દમાત્રા **સપ્રસ** = સ્પર્શમાત્રા **આકાશ** = આકાશ તત્ત્વ **પવનાં** = વાયુતત્ત્વનાં **પંચ** = પાંચેય **એ** = એ **તત્ત્વનાં** = તત્ત્વોમાંથી **ધામ** = ધામો **ધરણી** = પૃથ્વી **રચ્યાં** = રચના થઈ **દેવ** = દેવતાઓ **નર** = મનુષ્ય **નાગ** = નાગ જાતિ **વૈકુંઠ** = વૈકુંઠ ધામ **ભવનાં** = વિશ્વનાં.

## અનુવાદ

**અગ્નિ, પૃથ્વી અને પાણી નેત્રો દ્વારા પ્રત્યક્ષ જોઈ શકાય છે. આકાશ તત્ત્વ શબ્દ માત્રાથી અને પવન તત્ત્વ સ્પર્શ માત્રાથી ઓળખી શકાય છે. આમ પાંચેય મહાતત્ત્વોથી વિશ્વનાં વૈકુંઠાદિ દૈવી ધામો અને મનુષ્યજાતિ તથા નાગજાતિ માટે સમગ્ર પૃથ્વીની રચના કરી છે.**

## ભાવાર્થ

વિશ્વના સર્જનહારે બ્રહ્માંડની ઉત્પત્તિમાં પ્રથમ અવ્યક્ત તત્ત્વોનું નિર્માણ કર્યુ અને પછી તેની મેળવણી થકી વ્યક્ત તત્ત્વ બનાવ્યાં. જેમાં અગ્નિ તત્ત્વ, પૃથ્વી તત્ત્વ અને જળ તત્ત્વ એ આપણે પ્રત્યક્ષ દેખાય છે. આકાશ તત્ત્વ તેની શબ્દમાત્રાથી અને પવન તત્ત્વ તેની સ્પર્શમાત્રાથી ઓળખી શકાય છે. આમ પાંચેય તત્ત્વો અરૂપમાંથી સ્વરૂપવાળા થયા છે. દરેક મુખ્ય તત્ત્વના ૯ ભાગમાં અન્ય ચાર તત્ત્વોના પા-પા ભાગ ભેગા કરીને એક ભાગ લઈને કુલ ૧૦ ભાગનું તે તત્ત્વ બનેલું છે. આમ આ રીતે બનેલા તત્ત્વોમાંથી બ્રહ્માંડની રચના કરી છે. જેમાં અંતરિક્ષમાં વૈકુંઠાદિક ચૌદ દૈવીધામો અને મનુષ્યજાતિ સહિત સ્થાવર-જંગમ ઘાટો અને નાગજાતિ સહિત ચૌદ લોકના વસવાટ માટે પૃથ્વીની રચના કરી છે.

**એ સહુ દરસ સાંસ્રત મહાતત્ત્વનો, લોક ચૌદેઈ કટાક્ષ માંહી;**
**ઓલ રાખી મહાતત્ત્વની ને જુવે, તે થકી દૃષ્ટને કષ્ટ નાંહી. ૪**

### શબ્દાર્થ

**અ સહુ** = આ સર્વ **દરસ** = દૃશ્ય, વ્યક્ત **સાંસ્રત** = અવ્યક્ત, રચના, અગોચર **મહાતત્ત્વનો** = મહાતત્ત્વો **લોક ચૌદેઈ** = ચૌદ લોક **કટાક્ષ** = નજર **માંહી** = માં છે **ઓલ** = પડદો,

માધ્યમ **રાખી** = રાખીને **મહાતત્ત્વની** = મહાતત્ત્વોની **ને** = તેને **જુવે** = નિહાળે છે **તે થકી** = તેમનાથી **દ્દષ્ટને** = દ્દષ્ટિને **કષ્ટ નાંહી** = દુઃખ નથી, કષ્ટ પડતું નથી.

## અનુવાદ

**એ સર્વ વ્યક્ત તત્ત્વ અવ્યક્ત મહાતત્ત્વોમાંથી થયેલ છે. તે મહાતત્ત્વોના માધ્યમથી ચૌદ લોક પ્રત્યે દિવ્ય દ્દષ્ટિ (મહાતત્ત્વોના માધ્યમ) રાખીને જુએ છે. જેથી તેમની દ્દષ્ટિને શ્રમ પડતો નથી.**

## ભાવાર્થ

આગળ જણાવ્યા મુજબ સર્જનહારે સમસ્ત બ્રહ્માંડની રચના અવ્યક્ત તત્ત્વોમાંથી વ્યક્ત તત્ત્વ બનાવીને કરેલી છે. જે રચના સર્જનહારે પોતાની શુદ્ધ સંકલ્પ શક્તિથી એકપળ વારમાં જ કરેલી છે. સર્જનહાર તે સર્વને પોતાના દિવ્ય કટાક્ષ નેત્રે પ્રકાશબ્રહ્મવૃત્તિના મહાતત્ત્વોઃ અવિકાસ, વિકાસ અને કુંભસ્થ દ્વારા નિહાળે છે તેમજ સંભાળ પણ રાખે છે. પાંચે પ્રકારના શરીરની વૃત્તિઓની એકતા નિજ કર્તાની પ્રકાશબ્રહ્મવૃત્તિ જે વ્યાપક વિભુ છે તેની સાથે છે અને કર્તાની પ્રકાશબ્રહ્મવૃત્તિની એકતા તે કર્તાની અલૌકિક બ્રહ્મવૃત્તિના દિવ્ય ચક્ષુને વિષે છે. તેણે કરીને સર્જનહાર સર્વ અંશોના કર્મ-વિકર્મને કોઈ પણ પ્રકારના પરિશ્રમ વગર તાદૃષ્ય જુએ છે.

**દ્દષ્ટ પરછાય પરમેશ્વર પુરુષની, પુરુષ વિભાસ પરિબ્રહ્મ હેરો;**
**કહે કુવેર સહુ ભાસ વિધિ કહી, અરથ કહુ આત્મા લક્ષ કેરો. ૫**

### શબ્દાર્થ

**દ્રષ્ટ** = દ્દષ્ટિ **પરછાય** = પડછાયો, **પરમેશ્વર** = પરમેશ્વર, સર્જનહાર **પુરુષની** = પુરુષની **પુરુષ** = પુરુષ **વિભાસ** = પ્રકાશ **પરિબ્રહ્મ** = બ્રહ્મથી પરે **હેરો** = જુઓ, નિહાળો **કહે કુવેર** = કુવેરસ્વામી કહે છે કે **સહુ** = સર્વ, બધો, **ભાસ** = ઉત્પન્ન શક્તિ અંગે **વિધિ** = ક્રિયા **કહી** = કહી **અરથ કહુ** = અર્થને જણાવું છે, **આત્મા** = આત્મા અંશના **લક્ષ કેરો** = લક્ષ અંગે, લક્ષનો.

## અનુવાદ

**પરમેશ્વર પુરુષના પડછાયા રૂપ બ્રહ્મ છે. જે બ્રહ્મથી પરે રહેલા પુરુષનો જ પ્રકાશ છે. તે પરબ્રહ્મને નિહાળો. કુવેરસ્વામી કહે છે કે સર્વ ઉત્પત્તિની વિધિ કહી. હવે આત્માના લક્ષ અંગેના અર્થને જણાવું છું.**

## ભાવાર્થ

વિશ્વના સર્જનહાર પરમપિતા પરમેશ્વર એ પુરાણા આદિ પુરુષ છે. જે બ્રહ્મની મધ્યે રહેલા કૈવલધામમાં રહેલા છે. મહદ્ સજાણજાણરૂપ પુરુષનો પડછાયારૂપ આભાસ તે બ્રહ્મ છે, જે સચરાચર વ્યાપેલો છે તેને નિહાળો. જેના થકી રૂપ અને અરૂપથી પરે રહેલા સર્જનહારની ઉત્પન શક્તિ અંગે અનુમાન આવી શકે કે તે પરમપુરુષ કેવા મહાન શક્તિશાળી હશે.

કુવેરસ્વામીએ આપણને સર્જનહાર દ્વારા ઉત્પન્ન કરાયેલ તત્ત્વોની ઉત્પત્તિના ક્રમ અંગેની વિગત જણાવી. હવે અગાઉના અંગોમાં સર્જનહારના જાણરૂપ ચૈતન અંશના લક્ષ અંગેનો અર્થ સવિસ્તાર સમજાવે છે.

## (સાખી)

**એ સહુ મંડપ માયની, કાયની કરમ કલેશ;**
**સ્થાવર-જંગમ જીવની, ઉપજન પરસ પરેશ. ૬**

### શબ્દાર્થ

**એ સહુ** = આ બધુ **મંડપ** = સમિયાણો – વિશ્રામસ્થાન, કામચલાઉ આશ્રયસ્થાન મંડપ **માયની** = માયાનું **કાયની** = કાયાની, શરીરની, ઘાટોની **કરમ** = કર્મ, ક્રિયા જેના થકી પાપ-પૂણ્યનું બંધન ઊભું થાય તેવી પ્રવૃત્તિ **કલેશ** = અવિદ્યા, દ્વેષ-કંકાસ **સ્થાવર** = સ્થિર જાતિ **જંગમ** = અસ્થિર જાતિ **જીવની** = જીવોની **ઉપજન** = ઉત્પત્તિ **પરસ પરેશ** = જાતીય સંબંધ

## અનુવાદ

**એ બધુ માયાનું જોડાણ છે. સજાતિય સંબંધથી ઉત્પન્ન થયેલ સ્થાવર-જંગમ ઘાટો પોતાના શરીર દ્વારા કરેલ કર્મોનાં ફળને ભોગવે છે.**

## ભાવાર્થ

વિશ્વનિયંતાએ સર્જેલા સમગ્ર વિશ્વમાં આદ્યશક્તિના કાર્યક્ષેત્રનો સચરાચર પસારો થયેલો છે. જેના વગર એક અણું (કણ) પણ બાકી રહ્યું નથી. સર્વત્ર માયાના બંધનયુક્ત સૃષ્ટિની રચના પ્રસરેલી છે. વળી સર્જનહારે સર્વને કર્મ કરવા માટે સ્વતંત્ર રાખીને કર્મ બંધનોનું ફળ ભુક્તમાન કરવા માટેની ગોઠવણ કરી છે. વળી, ઉત્પત્તિના ચાર પ્રકાર પાડીને સ્વેદજ, ઈંડજ, જરાયુજ, ઉદબીજ એમ ચાર ખાણ દ્વારા સૃષ્ટિનો પસારો કર્યો છે અને પ્રલયકાળ પર્યંત વૃદ્ધિનો ક્રમ સતત ચાલુ રહે તેવી કળ ભરીને વ્યવસ્થા કરેલી છે. જેમાં સજાતિય સંબંધથી ઉત્પન્ન થએલ સ્થાવર-જંગમ ઘાટોના અંશો પોતાના ઘાટ થકી કરેલા કર્મોનાં ફળ ભોગવવા માટે જન્મ-મરણના ક્રમમાં જકડાયેલા રહે છે.

**જીવ શીખા કર દીપક, અન્યો અન્ય અનેક;**
**ઉર મત શબ્દ અનંત જ્યૌ, શૂન્ય સરવાલે એક. ૭**

### શબ્દાર્થ

**જીવ** = જીવો **શીખા** = શાખા, જ્યોત **કર** = કરેલા, પ્રગટેલા **દીપક** = દીવાની જેમ **અન્યો અન્ય** = એકથી બીજા **અનેક** = અનેક, ઘણા, અસંખ્ય **ઉર** = હૃદયમાં **મત** = મતમતાંતરવાળા ભિન્ન-ભિન્ન **શબ્દ** = શબ્દ, વાણી, વચન **અનંત** = અનંત **જ્યૌ** = છેવટે **શૂન્ય** = મહાશૂન્ય **સરવાલે** = એકંદર, પરિણામે અંતે **એક** = એક.

## અનુવાદ

**જેમ દીપકથી અનેક દીપ પ્રગટાવી શકાય છે તેમ જીવો પ્રગટેલા દીપકની જ્યોત સમાન છે. એક શૂન્યમાંથી હૃદયના માધ્યમથી ભિન્ન ભિન્ન મત-મતાંતરવાળા શબ્દો નીકળ્યે જ જાય છે.**

## ભાવાર્થ

વિશ્વમાં અનંત ઘાટોની ઉત્પત્તિ થયેલી છે તે અંગે વધુ સ્પષ્ટતા કરતાં બે દૃષ્ટાંતો અહીં રજુ કરેલાં છે. જેમ પ્રગટેલ દિપકનાં સંપર્કથી અનેક દીપક પ્રગટાવી

શકાય છે. અને એક જ શૂન્યમાંથી (બ્રહ્મરંદ્રમાંથી) નીકળેલ શબ્દમાત્રાનો યોગ હૃદયના માધ્યમ સાથે સંસર્ગ થતાં ભિન્ન-ભિન્ન પ્રકારના મત-મતાંતરવાળા અનેક શબ્દોની ઉત્પત્તિ થતી હોય છે. એટલે કે, પરા, પશ્યંતિ, મધ્યમા અને વૈખરી વાણીનો અવિરત પ્રવાહ ચાલુ રહે છે. તેમ સંસારમાં જીવોના જાતીય સંબંધો થકી અસંખ્ય ઘાટો ઉત્પન્ન થતાં જ જાય છે. આ પ્રમાણેની વૃદ્ધિનો ક્રમ પરંપરાગત સતત ચાલ્યા જ કરે છે.

# અંગ ૨૮
# આત્મા સર્વાંગ અનુસ્યુત દેખાવનકો

**તરવર એક પયે પેઢથી પરવરે, પાત ફલ ફુલ રસ એક પોકે;**
**જાતને વરણ ગુણ નામ રૂપ જુજવાં, ત્રણ પ્રકાર ત્રિગુણ લોકે. ૧**

### શબ્દાર્થ

**તરવર** = વૃક્ષ, ઝાડ **એક** = એક જ **પયે** = પોષણ **પેઢથી** = થડ થકી **પરવરે** = પૃષ્ટિ પામે, વૃદ્ધિ થાય છે **પાત** = પાંદડું, પાન **ફલ** = ફળ **ફુલ** = પુષ્પ **રસ** = ખટરસ પૈકીના સ્વાદ **એક** = એક જ **પોકે** = પોષણ **જાત** = જાતિ **ને** = અને **વરણ** = રંગ **ગુણ** = ગુણ **નામ** = નામ **રૂપ** = દેખાય '**જુજવાં** = જુદાં જુદાં **ત્રણ** = ત્રણ **પ્રકાર** = પ્રકાર, વિભાગ **ત્રિગુણ** = ત્રણ ગુણ **લોકે** = વર્ગ, જાતિ.

### અનુવાદ

**એક થડ દ્વારા પોષણ પામીને વૃક્ષ વૃદ્ધિ પામે છે. તેના પાન, ફળ, ફૂલ, જાતિ રંગ, ગુણ દેખાવ જુદા જુદા દેખાય છે. તેવી જ રીતે ત્રણ પ્રકારની ત્રિગુણાત્મક ગુણની સર્વ જાતિ છે.**

### ભાવાર્થ

જેમ વૃક્ષો મૂળિયાં દ્વારા જમીનમાંથી રસનું શોષણ કરીને થડ દ્વારા પોષણ પામીને મોટા વિશાળકાય સ્વરૂપે બને છે. તેનાં પાન, ફળ, ફૂલ, જાતિ, રંગ, ગુણ, દેખાવ વિગેરે જુદાં જુદાં દેખાય છે. તેજ ન્યાયે એક જ સર્જનહાર દ્વારા ઉત્પન્ન કરાયેલ એક જ માયાનું પોષણ પામીને ત્રણ પ્રકારના ત્રિગુણાત્મક રજો, તમો અને સતો ગુણની આ સર્વ ભિન્ન ભિન્ન જાતિની ઉત્પત્તિ સંસારમાં દેખાય છે.

**વૃક્ષને શાખા તે ભિન્ન બીજી બહુ, તેમ બ્રહ્માંડ અનંત જોઈ;**
**પોક્ષણ મૂલ મહીમાતણું પ્રીછતાં, સરવામાં આતમા એક સોઈ. ૨**

### શબ્દાર્થ

**વૃક્ષને** = ઝાડ, વૃક્ષને **શાખા** = ડાળીઓ, થડમાંથી નીકળેલા અનેક ફાંટાઓ **તે** = તેથી **ભિન્ન** = અલગ **બીજી બહુ** = બીજી ઘણી **તેમ** = તે રીતે, તેમ **બ્રહ્માંડ** = બ્રહ્માંડમાં રહેલ ઘાટો **અનંત** = અસંખ્ય, અંત રહિત **જોઈ** = જોવા મળે છે **પોક્ષણ** = પોષણ **મૂલ** = મૂળ, અસલ **મહીમાતણું** = મહિમાનું સ્વરૂપને **પ્રીછતાં** = તપાસતાં **સરવમાં** = સર્વમાં, બધાયમાં **આતમા** = ચૈતન અંશ **એક સોઈ** = એક જ કર્તાના છે.

### અનુવાદ

**વૃક્ષને બીજી ઘણી ડાળ-પાંખડીઓ છે તેમ બ્રહ્માંડમાં અનંત ઘાટોનો પસારો થયેલા છે. તેના મૂળ સ્વરૂપને તપાસતાં બધામાં એક જ કર્તાના ચૈતન અંશો છે.**

### ભાવાર્થ

વૃક્ષના થડમાં ફૂટેલાં અનેક ફાંટા સ્વરૂપે શાખાઓ અને તેની બીજી અનંત પાંખડિયો, ડાળિયો હોય છે તેમ બ્રહ્મભૂમિકામાં અનંત પ્રકારના ઘાટો પોષણ પામીને વિકાસ પામેલા છે. તે સર્વ ઘાટોમાં પણ અનેક પ્રકારની વિવિધતા જોવા મળે છે, પરંતુ તે ઘાટોના મૂળ સ્વરૂપને તપાસતાં માલુમ પડે છે કે દરેકમાં એક જ સકર્તા સર્જનહારનો ચૈતન અંશ રહેલો છે. જેની ચૈતનતાથી જ સર્વ ઘાટો ચલાયમાન અને ચૈતનવંત રહે છે. તેમજ બ્રહ્મભૂમિકામાં રચના પામેલી સર્વ ઉત્પત્તિના કારણરૂપે એક જ સર્જનહાર છે. જેમને કોઈનો પણ સાથ લીધા સિવાય પોતાના થકી જ સર્વ ઉત્પત્તિ રચે છે.

**ભાર અઢાર વનરાય ઘન એકતે, હોય હરીયાં ફલ ફુલ લાગે;**
**ચાખતાં સર્વના સ્વાદ જુદા પડે, નીર વિચારતાં પ્યાસ ભાગે. ૩**

### શબ્દાર્થ

**ભાર અઢાર** = અઢાર ભાર ૨૪ મણનું વજન બરાબર ૧ ભાર ટ ૧૮ = ૪૩૨ મણ વજન અને સંખ્યાની દૃષ્ટિએ ૨૦,૨૪,૭૪૦૦૦ ટ ૧૮ = ૨,૬૪,૪૫,૩૨,૦૦૦ **વનરાય** = વનસ્પતિ **ઘન** = વરસા **એકતે** = એક જ છે **હોય** = હોય છે **હરીયાં** = લીલાં છમ **ફલ** = ફળો **ફુલ** = ફૂલ

**લાગે** = લાગે છે **ચાખતાં** = તેનો સ્વાદ, ચાખી જોવામાં આવે તો **સર્વના** = દરેકના **સ્વાદ** = સ્વાદ **જુદા પડે** = જુદા પડે, ભિન્ન હોય છે **નીર** = પાણીનો **વિચારતાં** = વિચાર કરીએ તો **પ્યાસ** = તરસ ઈચ્છા **ભાગે** = ભાગે, દૂર થાય.

## અનુવાદ

**એક જ વરસાદના પાણીથી અઢાર ભાર વનસ્પતિ લીલાંછમ રહે છે અને તેને ફળ અને ફૂલ લાગે છે. ફળને ચાખતાં સર્વનો સ્વાદ જુદા પડે છે, પરંતુ જો પાણીનો વિચાર કરીએ તો તે જ પાણી આપણી પણ તૃષા છીપાવે છે.**

## ભાવાર્થ

સ્થાવર જાતિની અઢાર ભાર વનસ્પતિનું જીવન એ વરસાદ છે. તે સર્વ વનસ્પતિ વરસાદના પાણીથી પોષણ પામીને વિકાસ પામે છે અને લીલીછમ રહે છે. વનસ્પતિનો વિકાસ થતાં તેના પર ફૂલ અને પછી ફળ આવે છે. દરેક વનસ્પતિનાં ફળ અલગ-અલગ સ્વાદવાળાં હોય છે, પરંતુ તે વનસ્પતિને જીવન તપાસતાં માલુમ પડે છે કે જે પાણી આપણી તરસને છિપાવે છે, તેજ પાણી થકી સર્વ વનસ્પતિ પણ પોષણ પામીને વૃદ્ધિ થાય છે.

**તેમ અવિનાશ અપ એક તે ઉપજે, લોક ચહુ ખાણના જીવજંત;**
**વેશ વહેવાર અહંકાર મત જુજવા, વસ્તુ વિચારતાં હોય અંત. ૪**

## શબ્દાર્થ

**તેમ** = તેવી જ રીતે **અવિનાશ** = અવિનાશી, સર્જનહાર **અપ** = પાણી **એક** = એક **તે** = તે **ઊપજે** = ઉત્પન્ન થાય છે **લોક** = પૃથ્વી **ચહુ ખાણના** = ચાર ખાણના **જીવજંત** = જીવજંતુઓ **વેશ** = પહેરવેશ, દેખાવ **વહેવાર** = વર્તણૂક, જીવન **અહંકાર** = અહંપણું, આકર્ષણ **મત** = માન્યતા **જુજવા** = જુદાજુદા **વસ્તુ** = વસ્તુતા તરીકે, સત્ય સમજ થકી, કારણરૂપે **વિચારતાં** = વિચાર કરીએ તો **હોય** = થાય **અંત** = અંત આવે, છેડો આવે, નિરાકરણ.

## અનુવાદ

**તેવી જ રીતે જળ રૂપ એક અવિનાશીથી પૃથ્વી પર ચાર ખાણ દ્વારા**

**જીવ-જંતુઓ ઉત્પન્ન થાય છે. તે સર્વના વેશ, વહેવાર, અહંપણુ, માન્યતા વિગેરે જુદા જુદા છે. પરંતુ તે સર્વનું મૂળ વિચારીએ તો તેનો અંત (નિરાકરણ) આવી જાય છે.**

## ભાવાર્થ

જેમ અઢાર ભાર વનસ્પતિના જીવનના મૂળ કારણરૂપે પાણી છે જેના થકી સર્વનું પોષણ થાય છે. તેમ સમગ્ર બ્રહ્માંડમાં એક અવિનાશી સર્જનહાર સમગ્ર ઘાટોના આદ્ય અંત અને પસારાના કારણરૂપે છે. પૃથ્વી પર રહેલા સ્થાવર-જંગમના અસંખ્ય ઘાટોની ઉત્પત્તિ, ઈંડજ, સ્વેદજ, જરાયુજ અને ઉદ્‌ભીજ એમ ચાર પ્રકારની ઉત્પત્તિના આધારે થયે જ જાય છે. જેમાં સર્વના પહેરવેશ સ્વરૂપ, વહેવાર, અહંપણુ, માન્યતા વિગેરે ભિન્ન-ભિન્ન પ્રકારના માલુમ પડે છે, પરંતુ તેના મૂળ કારણને વિચારીએ તો તેમાં રહેલો ચૈતન અંશ એક જ સર્જનહારનો છે. ઘાટોમાં જે કંઈ ભિન્નતા દેખાય છે તે તો ઘાટના બંધારણમાં પોખાયેલા તત્ત્વોની વિભૂતિના વધ-ઘટને લીધે છે, પરંતુ છેવટે તો તે સર્વ ઉત્પત્તિના કારણરૂપે માત્ર એક જ સર્જનહાર પોતે છે એવો નિર્ણય થાય છે.

**વસ્તુ કેવલ ચૈતન ચરાચર, એક અખંડ અડંગ ઘાડો;**
**કહે કુવેર પદ તેહ પ્રીછયા વિના, જપ તપ સાધન સર્વ રાડો. ૫**

### શબ્દાર્થ

**વસ્તુ** = વસ્તુ, પદાર્થ રૂપે, મૂળ કારણરૂપે **કેવલ** = કેવલકર્તા, સર્જનહારની **ચૈતન** = ચૈતનના, ચૈતનઅંશ **ચરાચર** = ચર-સ્થાવર, અચર-જંગમ, દરેકમાં રહેલો **એક** = એક **અખંડ** = ખંડિત ન થાય તેવું **અડંગ** = ડગી ન જાય તેવું, અડગ **ઘાડો** = ખીચોખીચ, પુષ્કળ, ગાઢ, ઠસોઠસ બ્રહ્મ **કહે કુવેર** = કુવેરસ્વામી કહે છે કે **પદ તેહ** = તે પદને **પ્રિછયા** = ઓળખ્યા **વિના** = વગર **જપ** = જપ **તપ** = તપ **સાધન** = સાધના **સર્વ** = સર્વ **રાડો** = બૂમાબૂમ, ઉદ્દેશ વગરની ક્રિયા ક્રમ, નાહકની બુમરાણ, ચીસો.

## અનુવાદ

**બ્રહ્માંડમાં ઠસોઠસ ભરેલા બ્રહ્મના કારણરૂપ એક અખંડ અને અડગ કેવલકર્તા છે. તેમનોજ ચૈતન અંશ સ્થાવર અને જંગમ ઘાટોમાં રહેલાં છે.**

**કુવેરસ્વામી કહે છે કે એવા પરમપદને ઓળખ્યા સિવાય જપ, તપ, સાધના સર્વ નાહકની બુમરાણ છે.**

## ભાવાર્થ

સમગ્ર બ્રહ્માંડમાં ઠસોઠસ ભરેલા બ્રહ્મના કારણરૂપે એક અખંડ અને અડગ કૈવલકર્તા છે. તેઓ મહદ્ સજાણ-જાણ સ્વરૂપે હોઈ તેમના જ સજાણ-જાણ સ્વરૂપ સજાતીય ચૈતન અંશો દરેક સ્થાવર અને જંગમ ઘાટોમાં રહેલા છે. કુવેરસ્વામી કહે છે કે એવા સર્જનહારના પરમપદને જગતના જીવોએ ઓળખવું જોઈએ. તે પદને ઓળખ્યા સિવાય કરવામાં આવતી ધાર્મિક સાધના જેવી કે જપ, તપ અને અન્ય સિદ્ધિ માટેની સાધનાઓ સર્વ વ્યર્થ બુમરાણ જ છે એટલે કે, નિરર્થક છે.

## (સાખી)

**ઘટ મઠ પટ પડદા વડે, અમર અમાપી એક;**
**જો અંતર આવ્રણ ટલે, તાંહાં કરવા સો લેખ. ૬**

### શબ્દાર્થ

**ઘટ** = ઘટાકાશ **મઠ** = મઠાકાશ **પટ** = પટાકાશ **પડદા** = આવ્રણ, પડદા **વડે** = વડેથી **અમર** = અમર **અમાપી** = માપથી રહિત **એક** = એક આકાશ **જો** = જો **અંતર** = અંદરનું, કદનું **આવ્રણ** = આવરણ **ટલે** = ટલે, દૂર થાય **તાંહાં** = તો ત્યાં **કરવા** = કરવા **સો** = શું **લેખ** = વર્ણન, લખાણ.

## અનુવાદ

**જેમ મહદ્ આકાશ માપ સિવાયનું એક છે. તેમાં ઘટાકાશ, મઠાકાશ અને પટાકાશના કદના આવરણો દૂર થાય તો આકાશ વિષે શું લખી શકાય ?**

## ભાવાર્થ

મહદ્ શૂન્યમાં એક અમાપ આકાશ સર્વત્ર પ્રસરેલું છે. તેની એકરૂપતા અને અખંડિતતા સદાને માટે રહેલી છે. તેમ છતાં ઘડામાં રહેલ પોલાણને ઘટકાશ

કહેવાય છે. મઠ કે મકાનમાં રહેલા પોલાણને મઠાકાશ કહેવામાં આવે છે અને વસ્ત્રો કે પડદાથી ઘેરાયેલી જગ્યાના પટમાં રહેલા પોલાણને પટાકાશ કહેવામાં આવે છે. આ રીતે કોઈને કોઈ પડદાના કે હદના આવરણોને લીધે ઘેરાયેલા પોલાણનાં જુદાં જુદાં નામ પડેલાં છે. આમ અલગ-અલગ નામે આકાશ કહેવાય છે. જો ઘડાનું આવરણ, મકાનની દીવાલોનું આવરણ અને વસ્ત્રોના આવરણને દૂર કરવામાં આવે તો તે અલ્પ પોલાણ મહદ્ પોલાણ સાથે એકરૂપ થઈ જાય છે. પછીથી જે માપક સ્વરૂપોમાં રહેલું પોલાણ અમાપક સ્વરૂપે થઈ જતાં તે મહદ્ આકાશનું કોઈ વર્ણન કરી શકાય નહીં.

**સુરત સરુપા કારવત, પક્ષ રહિત પરવીન;**
**ઘાટ ગલે ગત ધાતકી, મોહોર રહે નહીં ભીન. ૭**

### શબ્દાર્થ

**સુરત** = દેખાવની, દૃષ્ટિ- સુરતા **સરુપા કારવત** = પોતાના સ્વ-સ્વરૂપે થાય તો **પક્ષ રહિત** = કોઈ પણ પ્રકારના પક્ષાપક્ષ રહિત **પરવીન** = ધ્યાન કેન્દ્રિતપણું, મશગૂલ, નિપુણ **ઘાટ** = આકાર, ઘાટ સ્વરૂપ **ગલે** = ગાળવામાં આવે તો, ઓગાળી દેવામાં આવે તો **ગત** = સ્થિતિ **ધાતકી** = ધાતુની **મોહોર** = સિક્કા, દાગીના **રહે નહીં** = રહેવા પામે નહીં **ભીન** = જુદા, અલગ.

### અનુવાદ

**ધાતુમાંથી બનાવેલા ઘાટ ઓગળી જતાં મોહોર રૂપ ઘાટ (દાગીના) જુદા રહેતા નથી તેમ જો સુરતા સ્વરૂપાકારે થાય તો પક્ષાપક્ષથી રહિત થઈ એક ચૈતનાકારમાં કેન્દ્રિત થાય છે.**

### ભાવાર્થ

કોઈ પણ ધાતુમાંથી ઘાટ બનાવ્યા હોય તો તે જ્યાં સુધી ઘાટ સ્વરૂપે હોય ત્યાં સુધી તે ઘાટના અલગ નામ અને સ્વરૂપથી પ્રત્યક્ષ ઓળખાય છે. પછી તે ઘાટનું સંબોધન તે ધાતુના નામથી થતું નથી, પરંતુ જો ઘાટને ઓગાળી દેવામાં

આવે તો કોઈ ઘાટ રહેતો નથી. પછી તે માત્ર ધાતુ તરીકે જ ઓળખાય છે. અર્થાત્ ઘાટપણું દૂર થઈ ગયા પછી અસલી સ્વરૂપાકારે ધાતુ જણાય છે. તે જ ન્યાયે જો આપણી સુરતા પોતાના શુદ્ધ સ્વરૂપાકારે થાય એટલે કે, જે ઘાટપણું છે તે જ્ઞાનથકી દૂર થાય અને માત્ર શુદ્ધ ચૈતન સ્વરૂપમાં એકાકાર થઈ જાય પછી સમગ્ર વિશ્વમાં પદાર્થપણું દશ્યમાન થતું નથી. પરંતુ સર્વમાં રહેલ માત્ર ચૈતન અંશવૃત્તિનો જ ભાસ થાય છે અને પોતાની સુરતા માત્ર ચૈતન સ્વરૂપમાં જ કેન્દ્રિત થાય છે.

# અંગ ૨૯
# વાદ વંછીત વૈરાગકો

**રાઢ રીતી ભઈ દ્વાદશ ખટ માંહી, મારગ સોઈ મહારાજ જાન્યા;**
**પંથ ને પાર કોઈ સાર પીછ્યો નહીં, સરવ કોઈ વાટને હાટ રાન્યા. ૧**

### શબ્દાર્થ

**રાઢ** = તકરાર, વેરઝેર **રીતી** = રીતિરિવાજમાં, પદ્ધતિ પ્રકાર, પ્રીતિ, મતિ, બુદ્ધિ **ભઈ** = થઈ **દ્વાદશ** = બારપંથો **ખટ** = છ શાસ્ત્રો **માંહી** = માં, અંદર **મારગ** = માર્ગ, રસ્તો **સોઈ** = તે દર્શાવનાર, સ્થાપક **મહારાજ** = મોટા રાજા ઈષ્ટદેવ, મહાન રાજ્યકર્તા **જાન્યા** = જાણ્યા **પંથ ને પાર** = પંથોની પેલે પાર, તેનાથી પરે **કોઈ** = કંઈ **સાર** = સત્ત્વ, સમજ, લક્ષ **પીછ્યો** = જાણ્યો, તપાસ્યો, ઓળખ્યો **નહીં** = નહીં, નથી **સરવ કોઈ** = બધા જ **વાટ** = રસ્તો, માર્ગમાં **ને** = અને **હાટ** = દુકાન, ધંધાકીય સંસ્થાઓ **રાન્યા** = અટક્યા, રચ્યા-પચ્યા રહ્યા.

### અનુવાદ

**બારપંથો અને છ શાસ્ત્રોના મતોમાં વેરઝેર ઊભા થયા કારણ કે, માર્ગ દર્શાવનારાને જ મહાન જાણ્યા. પરંતુ સર્વ પંથોની પર કોઈ સાર વસ્તુ રહેલી છે તેની જાણ્ય પ્રાપ્ત કરી નહીં. તેથી મુમુક્ષુજનો ધર્મમાર્ગના રસ્તામાં આવતી દુકાનોમાં જ અટક્યા.**

### ભાવાર્થ

વિશ્વમાં અલગ અલગ દેશો અને પ્રાંતોમાં વિધ-વિધ સંપ્રદાય અને માન્યતાઓ વિકાસ પામી છે. દરેક અનુયાયી પોતપોતાના મત સ્થાપનારને અને તેમના દર્શાવેલ પદમાં પોતાની માન્યતા દૃઢ કરીને ધાર્મિક ક્રિયા-કર્મ કર્યા કરે છે. ખાસ કરીને પૂર્વીય પ્રાંતમાં પુરાણા પ્રચલિત બાર પંથો અને છ શાસ્ત્રોના મતો વિકાસ પામ્યા છે. તેમા સમર્પિત અનુયાયી વર્ગોમાં અંદરોઅંદર પોતપોતાના રીતરિવાજો અને માન્યતાઓ અંગે મતભેદ હોવાથી વેરઝેરની વૃત્તિ પોષણ પામી છે. પરંતુ તે પંથોની માન્યતાથી પરે કોઈ સારવસ્તુ રહેલી છે.

તેની જાણ્ય તેઓ પ્રાપ્ત ન કરી શકવાથી મૂળ પરમપદમાં પહોંચી શક્યા નહીં. પરિણામે વચ્ચે રસ્તામાં ગોઠવાયેલ અંતરાયરૂપ ધંધાકીય હેતુ માટે ઉભા કરાયેલા દેવી-દેવતાઓના મંદિરોમાં તેમજ કર્મકાંડની વિધિઓમાં અટકી ગયા છે.

**એકથી એક વવેક જુદા રચે, આંન્યથી આપનો સત્ થાપે;**
**મન માન્યા તણા મત જાલી કરી, આચરે કરમને જાપ જાપે. ૨**

### શબ્દાર્થ

**એકથી** = એકનાથી **એક** = એક **વવેક** =વિવેક, આચાર,બોધ, જ્ઞાન, વિચાર **જુદા** = જુદા, અલગ **રચે** = રચના કરે, બનાવે, ઊભા કરે **આંન્યથી** = બીજાથી **આપનો** = પોતાનો **સત્** = સાચો **થાપે** = સ્થાપના કરે, પ્રતિપાદિત કરે **મન માન્યા** = પોતાના મુજબના, મન ગમતા **તણા** = તેવા, એવા **મત** = મત, સિદ્ધાંત, સંપ્રદાય **જાલી** = પકડી **કરી** = કરીને **આચરે** = આચરણ કરે, વ્યવહાર કરે, પાળે **કરમને** = કર્મોને **જાપ** = જાપ, કોઈ મંત્ર, સ્ત્રોત્ર વગેરેનું વારંવાર મનમાં ઉચ્ચારણ કરવું, ઈષ્ટદેવનાં નામ મંત્ર વિગેરેને આવર્તન (મૌખિક યા માળાથી) વારંવાર સ્મરણ, **જાપે** = જપાવે.

### અનુવાદ

**જે તે ધર્મના સ્થાપકો એકબીજાથી પોતાના પંથનો રીતરિવાજ અને સિદ્ધાંત જુદો દર્શાવીને બીજાઓથી પોતાનો ધર્મ સાચો છે, એવું પ્રતિપાદિત કરે છે. એવા પોતાના મનને ગમતા મતવાદમાં પકડી રાખવા માટે સૌને આચરણ કરાવીને જાપ જપાવે છે.**

### ભાવાર્થ

જે તે ધર્મના આગેવાન ધર્માચાર્યો યા ધર્મસ્થાપકો એકબીજાથી પોતાના ધર્મના સિદ્ધાંતો અને માન્યતાઓને જુદા તારવીને બતાવે છે. તેઓ બીજાઓથી પોતાનો સ્થાપિત મત સાચો છે તેવું દર્શાવીને પોતાના મતને દૃઢ કરાવે છે. આ પ્રમાણે પોતાના મનને ગમતા મતવાદને અનુયાયીઓને સમજાવી તેમને આચરણ કરવા માટે અનુરોધ કરે છે. તેઓ પોતે પ્રસ્થાપિત કરેલા ઈષ્ટદેવના નામના મંત્ર, સ્ત્રોત્ર વિગેરનું મૌખિક યા માળાથી વારંવાર સ્મરણ કરાવે છે. એટલે કે જાપ જપાવે છે.

**ભેખ ને ટેક વહેવારના વેશમે,**
**લોહ ફાંસી તજી હેમ પહેરી;**
**જ્ઞાન જાણ્યા વિના ધ્યાન બીજું નહીં,**
**તાંહાં હુતુ કુટુંબ આંહાં મેરી તેરી. ૩**

### શબ્દાર્થ

**ભેખ** = દીક્ષા લઈ સંન્યાસીનો વેશ ધારણ કરવો, ભગવાં વસ્ત્ર ધારણ કરવાં **ને** = અને **ટેક** = પ્રતિજ્ઞા, નિશ્ચય, પણ, સંકલ્પની દઢતા, નેમ-નિયમ, સ્વાભિમાનપણું **વહેવારના** = વર્તણૂક, આચરણ **વેશમે** = પહેરવેશમાં, પોશાક, અનુરૂપમાં, સ્વાંગમાં, દેખાવનો **લોહ** = લોખંડની **ફાંસી** = ગળામાં નાખવામાં આવતો ફાંસો, જાળ-ફસાવવાનો ફંદો **તજી** = ત્યજીને, છોડીને **હેમ** = સોનાની **પહેરી** = પહેરી, ધારણ કરી **જ્ઞાન** = જ્ઞાન **જાણ્યા વિના** = જાણ્યા સિવાય **ધ્યાન** = એકાગ્રતા, ચિંતન, લક્ષ, સ્મરણ **બીજું નહીં** = બીજું ન હોય, બીજે કેન્દ્રિય થાય નહીં **તાંહાં** = ત્યાં **હુતુ** = હતું **કુટુંબ** = પરિવાર, સ્નેહીજનો **આંહાં** = અહીંયાં **મેરી તેરી** = મારું-તારું.

### અનુવાદ

**ભેખ અને ટેક થકી આચરણના સ્વાંગમાં લોખંડની ફાંસી ત્યજીને સોનાના પાસમાં બંધાયા છે. જ્ઞાનને જાણ્યા વિના બીજું ચિંતન થાય નહીં જેથી પહેલાં કુટુંબ હતું હવે, મારું-તારું છે.**

### ભાવાર્થ

ધર્મ માર્ગમાં દીક્ષા લઈને સંસારના વહેવાર રૂપ લોખંડની ફાંસી ત્યજીને ભગવાં વસ્ત્રોના સ્વાંગમાં નિયમ અને આચરણરૂપ સોનાની ફાંસી ધારણ કરવામાં આવે તો પણ ફાંસી તે ફાંસી જ છે. લોખંડરૂપ સંસાર હોય કે સોનારૂપ ત્યાગનો વેશ હોય, પરંતુ બન્ને પ્રાણઘાતક છે. જ્યાં સુધી યથાર્થ સત્ય જ્ઞાન પ્રાપ્ત ન થાય ત્યાં સુધી ચિંતવનમાં કોઈ જ ફેર પડતો નથી. અર્થાત્ ઊર્ધ્વગતિ ને પામવા માટેનો માર્ગ અને તે અંગેનું ધ્યાન સુજતું જ નથી કારણ કે, ભેખ ધારણ કર્યા પહેલાં સંસારના સગાંવહાલાનો વ્યવહારિક બોજ હતો અને હવે ભેખ ધારણ કર્યા બાદ સંત સમાજમાં રહીને મારા તારાની અભિમાનયુક્ત વૃત્તિ છૂટતી નથી.

**ન્યાય પાતાનજલી મીમાંસા વૈશેસીને,**
**શેષ વેદાન્ત ને સાંખ્ય કાહાવ્યું;**
**એ ખટ ખટપટ માંહાંય ખૂંપી રહ્યો,**
**હેજનું હારદ હાથ ન આવ્યું. ૪**

### શબ્દાર્થ

**ન્યાય** = ન્યાયશાસ્ત્ર **પાતાનજલી** = પતંજલિ શાસ્ત્ર **મીમાંસા** = મિમાંસાશાસ્ત્ર **વૈશેસી** = વૈશેષિક શાસ્ત્ર **ને** = અને **શેષ** = છેલ્લું બાકીનું **વેદાન્ત** = વેદાંતશાસ્ત્ર **ને** = અને **સાંખ્ય** = સાંખ્યશાસ્ત્ર **કાહાવ્યું** = કહેવાયું છે, રચના કરી **એ ખટ** = એ છ **ખટપટ** = ભાંજગડ, કડાકૂટ, દાવપેચ યાને યુક્તિપ્રયુક્તિથી કામ સાધી લેવાની તજવીજ **માંહાંય** = તેમાં, માં **ખૂંપી રહ્યો** = ખૂંપી રહ્યો, ઊંડે ઉતરી રહ્યો, માં તરબોળ બની રહ્યો **હેજનું** = બ્રહ્મનું **હારદ** = કારણ **હાથ ન આવ્યું** = હાથમાં આવ્યું નહીં, રહસ્ય કે સત્યની સમજ આવી નહીં.

### અનુવાદ

**સાંખ્ય, વેદાંત, મીમાંસા, ન્યાય, વૈશેષિક અને પતંજલિ એ છ શાસ્ત્રોની રચના કરી પરંતુ તેઓ એકબીજાના ખટપટમાં જ ખૂંપી રહેલા છે. જેથી બ્રહ્મના કારણરૂપ રહેલું સત્ય તેમને હાથ આવ્યું નહીં.**

### ભાવાર્થ

બ્રહ્માજી દ્વારા રચેલા ચાર વેદો પૈકી ઋગ્વેદનું અધ્યયન કરીને મહામુનિ ગૌતમે ન્યાયશાસ્ત્રનું નિર્માણ કર્યું છે, યજુર્વેદનો અભ્યાસ કરી જયમુનિએ મીમાંસાશાસ્ત્ર રચ્યું. સામવેદનો અભ્યાસ કરી વ્યાસમુનિએ વેદાંતશાસ્ત્ર રચ્યું અને અથર્વવેદનો અભ્યાસ કરીને જ્ઞાનાદિક ઋષિએ વૈશેષિક શાસ્ત્ર, કપિલમુનિએ સાંખ્યશાસ્ત્ર અને શેષજીએ પતંજલિશાસ્ત્ર રચ્યું છે. તે સર્વ જ્ઞાની પુરુષો પોત પોતાના સિદ્ધાંતને યોગ્ય ઠેરવવા યુક્તિ પ્રયુક્તિથી કામ સાધી લેવાની તજવીજમાં જ રહ્યાપચ્યા રહે છે- ખૂંપી રહ્યા છે. અંતે તો બધાએ બ્રહ્મપદને શ્રેષ્ઠ અને અંતિમ ગણ્યું છે, પરંતુ સચરાચરવ્યાપક બ્રહ્મના કારણરૂપ રહેલા સત્ય પદના રહસ્યની સમજ આવી નહીં કે સત્યપદના મુદ્દાને પ્રાપ્ત કરી શક્યા નથી.

**જેથી સર્વ હવુ ઉપજ નિપજ સહુ,**
**તાંહાં નવુ શું ચવુ બુદ્ધ નાંહી;**
**ઈષ્ટ ઉપાસના આપ થાપી કરુ,**
**રહે અરુ તે પરુ વ્યાપ કાંહી. ૫**

### શબ્દાર્થ

**જેથી** = જેના થકી **સર્વ** = સર્વ, બધું જ **હવુ** = થયું **ઊપજ** = ઉત્પત્તિ, ઊપજ **નિપજ** = નિપજવું, ઊપજ થવું, પેદા થવું **સહુ** = સર્વ **તાંહાં** = ત્યાં **નવુ** = નવીન **શું** = શું **ચવુ** = આવડત, ગમ, સમજણ-શક્તિ **બુદ્ધ** = બુદ્ધિ **નાંહી** = નથી **ઈષ્ટ ઉપાસના** = ઉત્તમ ઉપાસના **આપ** = પોતે **થાપી** = સ્થાપના કરીને **કરુ** = કહુ છું **રહે** = રહેલું **અરુ** = અરસ **તે** = તે **પરુ** = પરસ **વ્યાપ** = વ્યાપક **કાંહી** = કેવી રીતે, કેમ ? કંઈક છે.

### અનુવાદ

**જેના થકી સર્વ ઉત્પત્તિ અને પેદાશ થઈ છે તે સર્વ તમોને કહુ છું, તેનાથી નવીન બનાવવાની બુદ્ધિ કે આવડત શું કોઈની છે ખરી ? એટલે કે કોઈની નથી. તેમની શ્રેષ્ઠ ઉપાસના હું પોતે સ્થાપના કરીને જણાવું છું. જે રૂપ અને અરૂપ છે તો વ્યાપક કેવી રીતે હોય ?**

### ભાવાર્થ

આ સમગ્ર બ્રહ્માંડની રચના જેના થકી થઈ છે તેમની માહિતી કુવેરસ્વામી આપણને હવે આપે છે. તેમજ બ્રહ્મભૂમિકામાં સર્વ ઉત્પત્તિ થયેલી છે તે અને જેમના દ્વારા તે ઉત્પત્તિ થઈ છે તે અંગે આપણને જણાવે છે. આ બ્રહ્માંડમાં જે કોઈ રચના સર્જનહારે બનાવી છે તેમાં કશું પણ નવીન કે સુધારો-વધારો કરવાની બુદ્ધિ કે આવડત કોઈની પણ નથી. એવા અંશ-અંશીની અરસ-પરસ રહેલી પરમશ્રેષ્ઠ ઉપાસના અંગે તેઓ જણાવે છે કે અંશની વ્યાપક્ત દેહમાં છે અને અંશીની વ્યાપકતા બ્રહ્માંડમાં છે.

**ગ્રેહવા ગ્રાહવા નહીં સમજ સરખુ સહી, શું કહે વાણ નિરવાણ જેહને;**
**કહે કુવેર એ સમજ જે સંતને, માન અપમાન ન હોય તેહને. ૬**

### શબ્દાર્થ

**ગ્રેહવા** = પકડીને **ગ્રાહવા** = ગ્રહણ કરવાનું **નહીં** = નથી **સમજ** = સમજવા **સરખું** = યોગ્ય, બરોબર, સમાન **સહી** = છે **શું કહે** = શું કહી શકાય **વાણ** = વાણીથી **નિરવાણ** = નિવાર્ણપદને **જેહને** = જે, જેને **કહે કુવેર** = કુવેરસ્વામી કહે છે કે **એ સમજ** = એવી સમજ **જે સંતને** = જે સંતને હોય **માન** = માન **અપમાન** = અપમાન **ન હોય** = હોય નહીં **તેહને** = તેમને.

### અનુવાદ

**જે પદને હાથથી પકડીને ગ્રહણ કરી શકાતું નથી, વળી તે પદ નિર્વાણ હોવાથી વાણીથી વર્ણવી શકાય તેમ નથી. છતાં તેને (અનુભવ) સમજ દ્વારા નક્કી કરી શકાય છે. કુવેરસ્વામી કહે છે કે આ અંગેની સમજ-જાણ જે સંતપુરુષને હોય તેઓને માન-અપમાન હોઈ શકે નહીં.**

### ભાવાર્થ

સર્જનહારના પરમપદને હાથથી પકડીને ગ્રહણ કરી શકાય તેમ નથી તેમજ તે પદનું વર્ણન કરીને દર્શાવી શકાય તેમ પણ નથી. એટલે કે, તે નિર્વાણ પદ છે. છતાં પણ સમર્થ પરમગુરુની કૃપાથી જ્ઞાન દ્વારા તે પદને અનુભવ થકી નક્કી કરી શકાય છે. વિશ્વમાં દિવ્ય પરમગુરુ કર્તાપદને જણાવવા માટે સમર્થ છે. તેઓ અન્ય ભેખધારીઓ અને જ્ઞાનીઓની મારા-તારાની ખટપટથી રહિત છે. છતાં પણ તેમની સામે પ્રતિવાદી દ્વારા થતા શાબ્દિક વાર્તાલાભ પ્રત્યે માન કે અપમાનની લાગણી અનુભવતા નથી, પરંતુ સર્વને એક ચૈતન દૃષ્ટિથી આત્મબંધુત્વના નાતે નિહાળી સર્વ જીવો માટે એક જ સરખી જ્ઞાન-કૃપાનો અવિરત ધોધ વર્ષાવ્યા કરે છે.

### (સાખી)

**જાંહાં લગી ધારણ ધાતકી, તાંહાં લગી ભયો ન ભેખ;**
**વેશ લીયા તો કયા ભયા, ઉર રત નહીં અલેખ. ૭**

### શબ્દાર્થ

**જાંહાં લગી** = જ્યાં સુધી **ધારણ** = ધારણા, લગાવ, વિશ્વાસ, ધીરજ, આધારભૂત

**ધાતકી** = ધાતુની પદાર્થની, તત્ત્વો પ્રત્યેની, રસ, રક્ત, માંસ, ભેદ, અસ્થિ, મજ્જા, અને શુક્ર એ સાત ધાતુ શરીરની વૈદકે માનેલી છે **તાંહાં લગી** = ત્યાં સુધી **ભયો ન ભેખ** = ભેખધારણ કર્યો ન કહેવાય **વેશ** = બાહ્ય અલંકાર, પહેરેલા વસ્ત્રો, બાહ્ય આચાર **લીયા** = લીધો **તો** = તો **કયા ભયા** = શું થયું ? **ઉર** = હૃદયમાં **રત** = પ્રેમ **નહીં** = નહીં **અલેખ** = અલેખ માટે, અવર્ણનીય પદ માટે.

## અનુવાદ

**જ્યાં સુધી શરીરની ધાતુઓ પ્રત્યે લગાવ છે ત્યાં સુધી ભેખ ધારણ કર્યો ન કહેવાય. હૃદયમાં પરમપદ માટેનો પ્રેમ ન હોય તો ભેખ ધારણ કર્યાથી શું વળે ?**

## ભાવાર્થ

જ્યાં સુધી પંચભૌતિક શરીરમાં રહેલ સપ્તધાતુઃ રસ, રક્ત, માંસ, મેદ, અસ્થિ, મજ્જા અને શુક્ર પ્રત્યે ચાહના હોય- અનુરાગ ધારણ કરેલો રહે ત્યાં સુધી શુદ્ધ વૈરાગવાળો ભેખ ધારણ કર્યો કહી શકાય નહીં. પ્રેમની પરાકાષ્ટા છે કે તે જ્યાં લાગેલો હોય ત્યાં જ ઇન્દ્રિય અને અંતઃકરણ દોડતા હોય છે. માટે નાશવંત પદાર્થો પ્રત્યેની પ્રેમને પાછો વાળી દેહમાં રહેલા શાશ્વત અંશ અને અલખ એવા ચૈતન અંશી સાથે લગાવવો જોઈએ. જેઓએ સાંસારિક કુટુંબીજનોનો ત્યાગ કરીને ભેખ ધારણ કર્યો છે તેવા ભેખધારીના હૃદયમાં મહદ્ ચૈતન એવા પરમપદને પ્રાપ્ત કરવા માટેની ચાહના કે પ્રીતિ ન હોય તો, ભેખ ધારણ કર્યાનો કોઈ અર્થ સરતો નથી.

**બ્રહ્માદિક ભવ ભૂપતિ, સરગ ભોગ લ્યૌ ત્યાગ;**
**કારણ ને કલપે નહીં, સોહી શુદ્ધ વૈરાગ. ૮**

### શબ્દાર્થ

**બ્રહ્માદિક** = બ્રહ્માજી **ભવ** = શંકર **ભૂપતિ** = વિષ્ણુ **સરગ ભોગ** = સ્વર્ગના સુખો **લ્યૌ** = લીધો છે કર્યો છે **ત્યાગ** = ત્યાગ કરીને **કારણ ને** = કારણરૂપ જે તત્ત્વ છે તેજ **કલપે** = કલ્પના **નહીં** = નથી કરતા **સોહી** = તેજ **શુદ્ધ વૈરાગ** = શુદ્ધ વૈરાગ કહેવાય.

## અનુવાદ

**બ્રહ્મા, શંકર અને વિષ્ણુના ધામો તેમજ સ્વર્ગના સુખોનો ત્યાગ કરીને જે સર્વના કારણ રૂપે છે, તેના સિવાય અન્ય કલ્પના કરે નહીં, તે જ શુદ્ધ વૈરાગ કહેવાય.**

## ભાવાર્થ

વૈરાગ એટલે વાસનાનો ક્ષય એટલું જ નહીં, પરંતુ બ્રહ્મલોક સુધીના ભોગને કાગવિષ્ટાવત્ ગણી તેમાં ઉદાસીનતા રાખવી તે. વળી આલોક અને પરલોકના સુખની ઈચ્છા પણ ન હોવી તે. તેમજ ચિત્તવૃત્તિનો વિરોધ કરી ઇન્દ્રિયોનો નિગ્રહ અને અંતઃકરણની શૂન્યતા રાખી ભાવા-ભાવથી રહિત બનવું તે પણ વૈરાગ છે.

આમ બ્રહ્મપુરી, કૈલાસપુરી, વૈકુંઠ અને વિષ્ણુપુરીના સુખ તેમજ સ્વર્ગની અપ્સરાઓ પ્રત્યેના ભોગ ભોગવવા પ્રત્યે ઉદાસીન રહેનારને સાચો વૈરાગી કહી શકાય. માત્ર વૈરાગ ધારણ કર્યા પછી જો ચિત્તવૃત્તિને અન્ય યોગ્ય જગ્યાએ ન જોડવામાં આવે તો પણ તે ત્યાગનો કોઈ અર્થ સરતો નથી. માટે સમગ્ર બ્રહ્માંડના કારણરૂપે બ્રહ્મથી પરે રહેલ એવા તત્ત્વાતીત પરમપદ માં જ ચિત્તવૃત્તિ સ્થિર કરવી અને અન્ય પદોની કલ્પના પણ ન કરવી.

# અંગ 30
# દ્વૈત સમાવનકો

**ક્રત આક્રતના વ્રત વેજુ નહીં, મલીન ઈંદ્રી સુચી આપમાંહી;**
**તેમ વસ્તુમાંહી વિશ્વ સર્વ રહ્યું, આન્ય અવેવના ભેવ કાંહી. ૧**

### શબ્દાર્થ

**ક્રત** = રચના, દેહ **આક્રતના** = ચૈતનના **વ્રત** = વૃત્તિ, નિર્ણયશક્તિ, **વેજુ** = જુદા **નહીં** = નથી **મલીન** = દૂષિત, ઉદાસ, અશુદ્ધ, **ઈંદ્રિ** = ઈન્દ્રિય **સુચી** = ઓળખાણ, અંકુર, હાવભાવ, ચાળા, પવિત્ર **આપમાંહી** = પોતાનામાં **તેમ** = તેવી રીતે **વસ્તુમાંહી** = સર્જનહારની, ચેતના થકી **વિશ્વ** = જગત બ્રહ્માંડ **સર્વ** = બધું **રહ્યું** = રહ્યું છે **આન્ય** = બીજી **અવવેના** = ચાહના **ભેવ** = સ્વરૂપ **કાંહી** = ક્યાંથી.

### અનુવાદ

**પવિત્ર અને મલિન કર્મ કરવાવાળી ઈન્દ્રિયો આપણામાં જ રહેલી છે. ચૈતન વૃત્તિ શરીરથી જુદી નથી પણ શરીર ઉપર રહેલી છે. તેવી જ રીતે સર્જનહારની ચૈતનતા થકી સમગ્ર વિશ્વ ચેતન રહેલું છે. તો પછી બીજા સ્વરૂપની ચાહના ક્યાંથી રાખી શકાય ?**

### ભાવાર્થ

પંચભૌતિક શરીરની વાત વિચારીએ તો તેમાં પાંચ કર્મેન્દ્રિય અને પાંચ જ્ઞાનેન્દ્રિયો રહેલી છે. જે પવિત્ર અને દૂષિત બંને પ્રકારનાં કાર્યો કરે છે, પરંતુ તેના આધારરૂપે રહેલા અંતઃકરણો પણ આપણા શરીરમાં જ રહેલાં છે. જે કર્મોને પોષણ કરે છે. વળી સર્જનહારના ચૈતન અંશની ચેતનતા પણ શરીરમાં જ રહેલી છે. તે પણ આખાયે શરીરને ચેતનવંત રાખે છે. આમ ક્રિયા રૂપે જોતાં ભલે ભેદ જણાય, પરંતુ આખરે તો સમગ્ર શરીર પક્ષે જોતાં સર્વ સત્તા અંશની જ છે. તેવી જ રીતે વિશ્વમાં જે કાંઈ રચનાઓમાં પિંડ અને બ્રહ્માંડના ભેદ દેખાય છે, પરંતુ તેનો અંત જોતાં સર્વમાં રહેલી ચેતનતાના મૂળ કારણ સ્વરૂપે મહદ્ ચૈતન એવા

એક સર્જનહાર છે. આમ, અંશ-અને અંશીની સર્વોપરીતા નિહાળવામાં આવે તો બીજા અન્ય સ્વરૂપની ચાહના રહેવા પામે જ નહીં.

**આદ્ય જેમનું જેમ તેમ જ્યારે લહ્યું, ના થયું તે ગયું હોય બીજું;**
**તત્ત્વ તો રંજના કંજના નાલતાં, છેક વિચારતાં સરવ નીજું. ૨**

### શબ્દાર્થ

**આદ્ય** = આદિ ચૈતનપદ **જેમનું જેમ** = જેવું હતું તેવું જ **તેમ** = તેમ **જ્યારે** = જયારે **લહ્યું** = ઉત્પત્તિ વખતે ઉત્પન્ન થયું ત્યારે **ના થયું** = ના ઉત્પન્ન થયું, વધ્યું **તે** = તે **ગયું** = ના ઘટ્યું, ગયું, થયું **હોય** = હોય **બીજું** = બીજા કોઈ **તત્ત્વ** = તત્ત્વો **તો** = તો **રંજના કંજના** = ઉત્પત્તિ અને વિનાશ, સુખ-દુઃખ **નાલતાં** = નિહાળતાં **છેક** = અંતે **વિચારતાં** = વિચારતાં **સરવ** = બધું જ **નીજું** = સૂત્રવત્.

### અનુવાદ

**આદિ પદ જ્યારે સૃષ્ટિની ઉત્પત્તિ વખતે જેવું હતું તેવું ને તેવું જ છે. તેમાં નથી વધારો, ઘટાડો કે બીજું ઉમેરાયું. તત્ત્વની ઉત્પત્તિ અને વિનાશને નિહાળતાં સદા માટે તે સુત્રવત્ જ રહેલું છે.**

### ભાવાર્થ

આદિ ચૈતન પરમપદ જયારે એક અદ્વૈત ભાવે હતું પછી જયારે સર્જનહારે સૃષ્ટિની ઉત્પત્તિ કરવાનું વિચાર્યું અને સર્વની ઉત્પત્તિ કરી તે વખતે અને જયારે સૃષ્ટિનો પ્રલય થશે ત્યારે તેમાં કોઈ વધારો ઘટાડો અને અન્ય ઉમેરો થતો નથી. આમ, આવી તત્ત્વોવાળી વૈરાટની રચનાને ઉત્પન્ન કરી તેમ છતાં તેમાં ઘટાડો કે વૈરાટ જયારે નાશ પામે ત્યારે બધું જ તેમાં સમાઈ જવાથી વધારો થતો જણાતો નથી, પરંતુ તે પદ સદાને માટે એક સૂત્રવત્ રહે છે. આમ, અદ્વૈતમાંથી દ્વૈત થયું તેવી ઉત્પત્તિની સ્થિતિમાં કે દ્વૈતમાંથી પાછું અદ્વૈત થઈ ને સમાઈ જાય તો તે સ્થિતિમાં તે આદિપદ પોતાની મૂળ સ્થિતિમાં જેમનું તેમ રહે છે.

**ઘાટ અનેક જેમ ધાતથી ઉપજે, મૂલને તોલ અધિક નુન્યાં;**
**વર્ષ પચીસ પચાસ હવડે ઘડ્યાં, દ્રવ્ય વિચારતાં સરવ જુના. ૩**

### શબ્દાર્થ

**ઘાટ** = આકૃતિ, આકાર, ઘરેણું, દાગીના **અનેક** = અનેક **જેમ** =જેવી રીતે **ધાતુથી** = પૃથ્વીના પેટાળમાંનું ખનીજ તત્ત્વ (સોનું, રૂપું, તાંબું વગેરે) **ઉપજે** = ઉત્પન્ન થાય, બનાવવામાં આવે **મૂલ** = કિંમત **ને** = અને **તોલ** = વજન **અધિક નુન્યાં** = વધતા, ઓછા, વધઘટ **વર્ષ** = વર્ષ, ૧૨ માસના સમયનું એકમ **પચીસ** = પચીસ **પચાસ** = પચાસ **હવડે ઘડ્યાં** = હાલમાં જ ઘડ્યાં **દ્રવ્ય** = વસ્તુરૂપ ધાતુ **વિચારતાં** = વિચાર કરીયે તો **સરવ જુનાં** = સર્વ દાગીના જૂના જ છે.

### અનુવાદ

**જેમ ધાતુમાંથી અનેક ઘાટ બનાવવામાં આવે છે. તેની કિંમત અને વજન અધિક તથા નૂન્ય હોય છે. વળી તે પચીસ કે પચાસ વર્ષ પહેલાં જ કે હાલમાં ઘડ્યા હોય તેમ છતાં દ્રવ્ય રૂપ ધાતુનો વિચાર કરીયે તો સર્વ ઘાટોની ધાતુ જૂની જ છે.**

### ભાવાર્થ

અગાઉની ચોપાઈ ૧ અને ૨માં દર્શાવેલ મુદ્દા વધુ સ્પષ્ટતાથી સમજાય તે અંગે દૃષ્ટાંત આપવામાં આવ્યું છે કે સોનું, રૂપું, તાંબું, પિત્તળ, લોખંડ વિગેરે ધાતુમાંથી અનેક પ્રકારના દાગીના બનાવવામાં આવે છે. આ દરેક ઘડાયેલા ઘાટોની કિંમત અને વજન અલગ-અલગ- હોય છે. વળી, તેનું ઘડતર પચીસ કે પચાસ વર્ષ જૂનું કહેવાય અને હાલમાં ઘડવામાં આવેલાને નવું કહેવાય છે, પરંતુ તેને ઘાટ ભાવે જોવામાં આવે તો જ આવી ભિન્નતા દેખાય છે, પરંતુ જો તેના અસલી મૂળ સ્વરૂપને જોવામાં આવે તો તે સર્વ વપરાયેલી ધાતુ આદિ પુરાણી જ છે.

**ત્યમ અલેખમાં વેશ નવા નહીં, સરવ પ્રોઢમ પુરાણી પ્રેરી;**
**સંત મહાદેશના વેશ જુવે નહીં, વારક પ્રેરક વસ્તુ હેરી. ૪**

### શબ્દાર્થ

**ત્યમ** = તેવી જ રીતે **અલેખમાં** = અલેખ કર્તા પદમાં **વેશ** = ઉત્પત્તિ, ઘાટો, સર્જન

**નવા** = નવું **નહીં** = નથી **સરવ** = બધા જ **પ્રોઢમ** = પ્રૌઢા **પુરાણી** = પુરાણ **પ્રેરી** = પ્રેરીત, કરેલા **સંત** = સંતદશાવાળા **મહાદેશના** = પરમપદના **વેશ** = ઘાટો, રચના **જુવે નહીં** = જુવે નહીં, જોતા નથી **વારક પ્રેરક** = ઘાટમાંથી જતો અને પ્રેરક થતો **વસ્તુ** = વસ્તુરૂપ શાશ્વત અંશ **હેરી** = નિહાળે છે.

## અનુવાદ

**તેમ અલેખ પદમાંથી બનેલ રચના નવી નથી, પરંતુ સર્વ દ્રવ્ય જે પ્રેરિત કર્યું છે તે પ્રૌઢ અને પુરાણું જ છે. સંતો એવા પરમપદની રચનાને જોતા નથી, પરંતુ ઘાટમાંથી આવન-જાવન કરતા વસ્તુરૂપ અંશને નિહાળે છે.**

## ભાવાર્થ

તેવી જ રીતે પરમપદ જે અલેખ છે તેવા કર્તાના પદમાંથી થયેલ બ્રહ્માંડ અને વેશરૂપ પંચ ભૌતિક ઘાટો નવીન નથી, પરંતુ સૃષ્ટિની શરૂઆતમાં સર્જનહારે જે અંકુરોનું નિમાર્ણ કર્યું છે તેનું જ મૂળ અસલ સ્વરૂપ છે, જે પીઢ અને આદિ-પુરાણું છે. કુવેરસ્વામી આ સમગ્ર બ્રહ્માંડની રચનાને અને ઘાટોના આકારને જે તે સ્વરૂપે નહીં, પરંતુ તેમાં આવન-જાવન થતા પ્રણવને પ્રેરક કરનાર વસ્તુરૂપ ચૈતનઅંશને અને તેના ઉપરથી તેના મૂળ કારણરૂપે રહેલા સર્જનહાર અંશીને નિહાળે છે. તેથી જ તેઓ તે પદને વિષે સર્વને માહિતગાર કરે છે.

**દ્રઢ ગંભીર ધે ધિર ધોરંધર, બ્રહ્મ હઠ ભગનમે મગન ધૂની;**
**કહે કુવેર એ સંતને શ્રીહરી, સુતની સુંદરી પોત તુની. ૫**

### શબ્દાર્થ

**દ્રઢ** = મક્કમ **ગંભીર** = શાંત, સહનશીલ, ધીર-સ્વભાવ- ઠરેલ સ્વભાવ **ધે** = મહાન **ધિર** = ધૈર્યવાન **ધોરંધર** = ધુરંધર **બ્રહ્મ હઠ** = વિશાળ, અડગપણું **ભગનમે** = સર્વોપરીપદમાં, સર્વ શક્તિમાન પદમાં **મગન** = મગ્ન, તલ્લીન, ગરકાવ થયેલ **ધૂની** = ધૂણી, નિગુર્ણ પદમાં પોતાની બેઠક રાખવી **કહે કુવેર** = કુવેરસ્વામી કહે છે કે **એ સંત** = એવા સંત **ને** = અને **શ્રીહરી** = સર્જનહાર **સુતની** = સૂતરની **સુંદરી** = પૂતળી **પોત** = વસ્ત્ર, **તુની** = વણાટ.

## અનુવાદ

**કુવેરસ્વામી કહે છે કે જે મક્કમ, ઠરેલ સ્વભાવ, મહાન, ધૈર્યવાન, ધુરંધર, વિશાળ અડગપણું, સર્વ શક્તિમાન પદમાં મગ્ન હોય છે, વળી નિર્ગુણપદમાં પોતાની બેઠક હોય એવા સંત અને શ્રીહરિ સૂતરની પૂતળી સમાન છે. જેમ કે પુતળીમાં વસ્ત્ર અને વણાટ બધું જ એક સરખું જ છે.**

## ભાવાર્થ

જેમ સૂતરમાંથી બનાવેલી પૂતળીને પહેરાવેલાં વસ્ત્રો તેની બનાવટ અને આકાર બનાવવા માટે વપરાતી સર્વ સામગ્રી સૂતરની જ હોય છે. એમ જેમનામાં મક્કમપણું, સહશીલતાપણું, વિશાળ અડગપણું છે, જેઓ મહાન, ધિર્યવાન, ઘુરંઘર, સર્વ શક્તિમાન પદમાં ગરકાવ થયેલ છે અને નિર્ગુણપદમાં જેમની બેઠક છે, એવા કુવેરસ્વામી અને સર્જનહાર બન્ને ભિન્ન સ્વરૂપે જણાતા હોવા છતાં સૂતરની પૂતળીની જેમ બન્ને એક સૂત્રવત્ જ છે.

**જનમ નહીં જીનું જકતકો, કાલ કીનકું ખાત;**
**અમર કોષ આતમ લહો, સંત સોહી શાક્ષાત. ૬**

### શબ્દાર્થ

**જનમ** = જન્મ, માતાની કૂખે અવતરવું તે **નહીં** = નથી **જીનું** = જેઓએ, જેનો **જકતકો** = જગતના જીવોની જેમ **કાલ** = કાળ **કીનકું** = કોણે **ખાત** = ખાય, ભક્ષણ કરે **અમર કોષ** = શરીરનું બંધારણ અમર તત્ત્વોનો ભંડાર, ખજાનો **આતમ** = આત્મા **લહો** = જાણવો **સંત** = સંત **સોહી** = તેજ **સાક્ષાત** = હાજરાહજૂર, દૃષ્ટિ સામે, પ્રત્યક્ષ, સાક્ષાત્કાર કરવો.

## અનુવાદ

**જગતમાં જેનો જન્મ થતો નથી તો પછી કાળ કોને ખાય ? એવા અમરત્વ કોષવાળા આત્માને ઓળખાવી સાક્ષાત્કાર કરાવે તેજ સાચા સંતપુરુષ કહેવાય.**

## ભાવાર્થ

જગતમાં જેણે જેણે દેહ ધારણ કરેલા છે તેમનું મૃત્યુ નિશ્ચિત છે. એટલ કે, કાળ શરીરનું ભક્ષણ કરે છે. જીવોને જન્મ-મરણનું દુઃખ જ્યાં સુધી અખંડ મુક્તિ ન મળે ત્યાં સુધી રહેવાનું જ છે. સર્જનહારની આંતરવૃત્તિ થઈ ઉત્પન્ન થયેલો અંશ હોઈ તેની ઉત્પત્તિ કૈવલધામમાં થયેલ હોવાથી જગતના નાશવંત ઘાટોની જેમ કાળ નાશ કરતો નથી. અંશ તો મહાપ્રલયકાળે જ્યારે કર્તા પોતાની છઠ્ઠી અંશવૃત્તિને સમેટી લે ત્યાં સુધી અજર, અમર અને અવિનાશી તરીકે જગતમાં રહીને દેહમાં ભ્રમણ કરે છે. એવા અંશને ઓળખાવીને સ્વ-સ્વરૂપનો સાચો અનુભવ જે કરાવે તેવા માત્ર સંતરૂપ પરમગુરુ છે.

**પવન પલાંઠીનકે વત, ઉલજે સંત શરીર;**
**નિજ પદમે સમરસ ભયે, જીનકા હુતા સહીર. ૭**

### શબ્દાર્થ

**પવન** = પવન **પલાંઠીનકે વત** = પગની આંટી મારીને બેસવાની જેમ **ઉલજે** = ગૂંચ, ગાંઠ, આંટી, વળ **સંત શરીર** = સંતનું શરીર **નિજ પદમે** = નિજકર્તાના પદમાં **સમરસ** = એકરસ, એકજૂથ **ભયે** = થાય **જીનકા** = જેમનું **હુતા** = હતું **સહીર** = હીરરૂપ, સત્ત્વ, નૂર.

## અનુવાદ

**જેમ પવનમાં આંટી પડવાથી વંટોળિયાનું સ્વરૂપ દેખાય છે તેમ હીરરૂપે રહેલું સંતનું શરીર નિજપદમાં સમરસ થઈ ને રહેલું છે.**

## ભાવાર્થ

જેમ પવનમાં આંટી પડવાથી વંટોળિયાનું સ્વરૂપ અલગ દેખાય છે. તે વંટોળિયો સમાઈ જતાં પાછો મહદ્ પવનમાં એકરૂપે ભળી જાય પછી તે અલગ ન દેખાતાં માત્ર પવન જ રહે છે. તેમ કૈવલકર્તા રૂપ પવનમાંથી દ્વૈત રૂપે દેખાતા વંટોળિયા સમાન શ્રીમત્ કરુણાસાગર નામ ધારણ કરેલ કૈવલવેત્તા પુરુષનો દિવ્યદેહ કૈવલકર્તાથી અલગ દૃશ્યમાન થાય છે, પરંતુ તેમનો હીરરૂપ દિવ્યદેહ

હોવાથી અંતે કૈવલધામમાં જઈને નિજપદમાં સમરસ થઈ જાય છે.

એટલે કે, તેમનું દૃશ્યમાન સ્વરૂપ માત્ર વંટોળિયા સમાન અંશ-અંશીના લક્ષ આપવા પૂરતું જ છે. જ્યારે હીરરૂપ નૂર તો સદાને માટે નિજપદમાં જ અલંગ-સલંગ રીતે સમાયેલું રહે છે.

# અંગ ૩૧
# હરી બોલ સંતમુખ દ્રષ્ટાંતકો

**પુતલી પોતે તે ભિન્ન જોયા લગે, સલંગ વિચારતાં સૂત્ર એક;**
**ભક્ત ભગવંતમાં તંત નીમંત હે, રુપ સ્વે સ્વરૂપમેં એકમેક. ૧**

### શબ્દાર્થ

**પુતલી** = પૂતળી **પોતે** = જાતે, સ્વરૂપથી, આકારથી **તે** = તે **ભિન્ન** = જુદી **જોયા લગે** = દેખાય **સલંગ વિચારતાં** = સળંગ, આખાયે, પોતને ધ્યાનમાં લેતાં **સુત્ર** = સૂતર **એક** = એક જ છે **ભક્ત** = ભક્ત **ભગવંતમા** = ભગવાનમાં **તંત** = ઘાટ **નીમંત** = નિમિત્ત **હે** = છે **રુપ** = આકાર **સ્વે** = પોતાનો **સ્વરૂપમેં** = સ્વરૂપમાં, **એકમેક** = એકમેક, અલંગ-સલંગ.

### અનુવાદ

**પૂતળી આકારથી અલગ દેખાય પણ તેવા સળંગ પોતનો વિચાર કરીએ તો એક સૂતર છે. ભક્ત અને ભગવાન ઘાટ (તત્ત્વો) નિમિત્તે જુદા વર્તાય છે, પરંતુ ચૈતન સ્વરૂપે તો બન્ને એક-મેક છે.**

### ભાવાર્થ

સૂતરની બનાવેલી પૂતળીને જોતાં પ્રત્યક્ષ દ્રષ્ટિથી તેનું સ્વરૂપ પૂતળી તરીકે જ દેખાય છે, પરંતુ તેના અંદરના રહેલા તત્ત્વની દ્રષ્ટિએ વિચાર કરીએ તો તેના વસ્ત્રો, તેના અવયવો, તેનું શરીર વિગેરે બધું જ એક સલંગ સૂતર જ છે. તેમ ભક્ત ઘાટની અને બાહ્ય તત્ત્વોની દ્રષ્ટિએ ભગવાનનો ભક્ત છે તેમ દેખાય છે, પરંતુ તેના ચૈતન સ્વરૂપથી ભગવાનમાં એવો ભળી ગયેલો હોય છે કે ભક્ત અને ભગવાન બન્ને એક-મેક હોઈ વૃત્તિથી અલંગ-સલંગ રહેતા હોય છે. આમ બાહ્ય તત્ત્વોવાળા દેહથી નહીં, પરંતુ અંદરના ચૈતન સ્વરૂપની એકતા થકી નિહાળવું જોઈએ.

**આભ્ર આકાશ અરૂપથી ઉપજે, રૂપ અનોપમ સ્વરૂપ દીસે;**
**શ્યામ સફેત ને રક્ત પીલો હરી, પંચ પરકાર આકાર વીશે. ૨**

### શબ્દાર્થ

**આભ્ર** = વાદળ **આકાશ** = આકાશમાં **અરૂપથી** = અરૂપમાંથી **ઉપજે** = ઉત્પન્ન થાય છે, બંધાયા છે **રૂપ** = તેનો દેખાવ **અનોપમ** = સુંદર **સ્વરૂપ** = સ્વરૂપે **દીસે** = દેખાય છે **શ્યામ** = કાળું **સફેત** = સફેદ **ને** = અને **રક્ત** = લાલ **પીલો** = પીળો **હરી** = હરિયાળો, વાદળી **પંચ** = પાંચ **પરકાર** = પ્રકાર, રંગોથી **આકાર** = આકાર, સ્વરૂપ **વિશે** = વિષે, માં, અંદર, વિશેષ, અલગ-અલગ.

### અનુવાદ

**અરૂપી આકાશમાં વાદળ બંધાય છે જેનું સ્વરૂપ અનુપમ દેખાય છે. જે કાળાં, સફેદ, લાલ, પીળાં અને વાદળી એમ પાંચ રંગમાં હોય છે.**

### ભાવાર્થ

આકાશમાં બાષ્પીભવન થઈને એકઠી થયેલી વરાળના ગોટા જેવો સમૂહનું કોઈ રૂપ હોતું નથી, પરંતુ જેમ જેમ તે આકાશમાં પથરાયેલ વાદળોનો સમૂહ ઘનતા પકડે તેમ તેમ તેનું બંધારણ બંધાય છે. પવનથી આમ તેમ અને ઊંચે-નીચે હિલોળા મારતી ઘનતા પામેલ વરાળનું વાદળના અનુપમ સ્વરૂપમાં જામણ થાય છે, પ્રથમ સફેદ, પછી અનુક્રમે વાદળી, પીળો, લાલ અને છેલ્લે જ્યારે પૂર્ણ ઘનતાનું રૂપ પામે ત્યારે કાળાં રંગના વાદળ બને છે. તે જ વાદળ વરસાદનું વાદળ કહેવાય છે. આમ સફેદ અને અન્ય રંગનાં વાદળો શોભા પુરતાં જ હોય છે, જ્યારે કાળા સ્વરૂપનાં વાદળો સૌથી શ્રેષ્ઠ છે. જેમાં ધરતીને તૃપ્ત કરવાની ક્ષમતા હોય છે.

**વારીધર વિપુલ તન પવન પ્રેરણા કરી, દેશ વિદેશ પરવેશ કીધું;**
**પેચની પાર રહી અમર વરસ્યા કરે. જક્ત રીઝાવવા આભ્ર સિંધું. ૩**

### શબ્દાર્થ

**વારીધર** = ઘનશ્યામ સ્વરૂપ વરસાદી વાદળો, જળ ધારણ કરનાર વાદળ **વિપુલ** = વિશાળ-મોટા

પ્રમાણમાં **તન** = સ્વરૂપ ધારણ કરે **પવન** = પવનની **પ્રેરણા કરી** = પ્રેરણા પામી ને **દેશ વિદેશ** = દેશ-વિદેશમાં **પરવેશ કીધું** = પ્રવેશ કરે છે **પેચની પાર રહી** = પ્રપંચરૂપી કાર્ય, જે ઘણાં ખરાં, વાદળો રાત્રે બંધાય અને સવાર થતાં વિખરાઈ જાય એવી ક્રિયા **અમર** = મુશળધાર **વરસ્યા કરે** = વરસતાં રહે છે **જકત** = જગતને **રીઝાવવા** = રિઝાવવા, આનંદિત કરવા, ખુશ કરવા **આભ્ર સિંધું** = મહાકાય વાદળો, વિશાળ જથ્થાવાળા વાદળો.

## અનુવાદ

**કાળાં વરસાદી વાદળો પવનની પ્રેરણા થકી દેશ-વિદેશમાં પ્રવેશ કરીને પ્રપંચ રૂપી વાદળોથી પરે રહીને મુશળધાર વરસાદ વરસાવે છે. જેથી જગત ખુશ થાય છે અને પૃથ્વી પુષ્ટિ પામે છે. જ્યારે અન્ય પ્રપંચરૂપી વાદળોનો વિશાળ જથ્થો આકાશમાં હોય છે ખરો, પરંતુ તે તો માત્ર જગતને ખુશ કરવા પૂરતો જ છે.**

## ભાવાર્થ

આકાશમાં સફેદ કે રંગીન પ્રપંચ રૂપી વાદળોનો વિશાળ જથ્થો જોવા મળે છે, પરંતુ તેમાં વરસાદ વરસાવવાની ક્ષમતા ન હોવાથી તે વરસતા નથી. તે માત્ર જગતના જીવો ને ખુશ કરવા આકાશની શોભામાં અભિવૃદ્ધિ પુરતાં છવાયેલાં રહે છે. જ્યારે કાળાં જળને ધારણ કરેલ વરસાદી વાદળોનો જથ્થો આવા પ્રપંચથી પાર રહીને પોતાની ક્ષમતાથી મુશળધાર વરસાદ વરસાવ્યા કરે છે. જેથી જગતના જીવોને તો સંતોષે છે અને સાથોસાથ પૃથ્વીને નવ પલ્લવિત કરી નદી, નાળાંસ જળાશયો અને સમુદ્રને તૃપ્ત કરે છે.

**સંત કૈવલ નભ અરૂપથી ઉલસે, તત્ત્વ પ્રકાશીત હાસ મુરતી;**
**ગવન સંસારમેં હવન પ્રકતસે, ચીત્ત ચોત્રય ફેલાવ સુરતી. ૪**

### શબ્દાર્થ

**સંત** = સંત **કૈવલ નભ** = કૈવલકર્તા રૂપ આકાશમાં **અરૂપથી** = અરૂપ સ્વરૂપમાંથી **ઉલસે** = ખીલે, ઉત્પન્ન થાય છે બને છે **તત્ત્વ** = તત્ત્વો થકી **પ્રકાશીત** = પ્રકાશ કરાવવાળી, તેજોમય **હાસ** = હાસ્ય, આનંદિત **મુરતી** = સ્વરૂપ **ગવન** = ગવન કરે છે, વિચરણ કરે છે **સંસારમેં** =

સંસારમાં **હવન** = બાળી નાંખવું, અગ્નિમાં હોમી દેવાની ક્રિયા, હવન **પ્રકત સે** = પ્રકૃતિની, માયાની **ચિત્ત** = ચિત્તને **ચોત્રાય** = ચારે તરફ **ફેલાવ** = ફેલાવીને **સુરતી** = દૃષ્ટિ, નિહાળવું.

## અનુવાદ

**વાદળરૂપ સંતપુરુષ અરૂપ આકાશરૂપ કૈવલમાંથી ઉત્પન્ન થાય છે, પરંતુ શરીર થકી તે સ્વરૂપ તેજોમય અને આનંદિત જણાય છે. પ્રકૃતિ રૂપ પદાર્થોને હવનમાં હોમી દઈને સંસારમાં વિચરણ કરે છે. તેમનું ચિત્ત ચોતરફ ફેલાવીને નિહાળે છે, અર્થાત્ સર્વ પર કૃપાદૃષ્ટિ રાખે છે.**

## ભાવાર્થ

કાળાં વરસાદી વાદળ રૂપ ઘનશ્યામ સ્વરૂપ શ્રીમત્ કરુણાસાગર નામ ધારી કૈવલવેત્તા પુરુષ આકાશરૂપ વિશ્વના સર્જનહાર અરૂપ કૈવલકર્તામાંથી ઉત્પન્ન થયેલા છે. જેઓનું દિવ્ય શરીર તત્ત્વોને લીધે તેજસ્વી અને સદાને માટે આનંદમાં જણાય છે. જેમણે પ્રકૃતિરૂપ માયાના પદાર્થોને અગ્નિમાં હોમી દીધા હોય તેવા નિર્મળ સ્વરૂપે તેઓ સંસારમાં વિચરણ કરે છે. તેમની કૃપાદૃષ્ટિ જગતના સર્વ જીવો પર ચારે બાજુ સરખી ફેલાયેલી હોય છે. જેમ વરસાદ પૃથ્વીના ઉપયોગી અને બિનઉપયોગી વૃક્ષોને સરખી રીતે જળનું સિંચન કરે છે, તેમ જગતમાં પાપી અને પુણ્યશાળી બંને પ્રકારના જીવોને એકસરખું વર્ષારૂપે પોષણ કરે છે.

**જ્ઞાન ઉમંગ ઘન પારથી કૈવલ, ઘટમેં વાટ પાડીને વરસે;**
**કહે કુવેર અવાચની ઉપમા, સંત ઉચ્ચારે મુખ સરવ દીસે. ૫**

## શબ્દાર્થ

**જ્ઞાન** = જ્ઞાન **ઉમંગ** = આનંદદાયી, આનંદકારી **ઘન** = આકાશથી **પારથી** = પરે રહેલ **કૈવલ** = કૈવલકર્તા **ઘટમે** = ઘટમાં, વિશ્વમાં **વાટ પાડીને** = રસ્તો પાડીને, માર્ગ કરીને, માધ્યમ દ્વારા **વરસે** = કૃપા કરે છે, વરસે છે **કહે કુવર** = કુવેરસ્વામી કહે છે કે **અવાચની** = અવર્ણનીય, વાણીથી વર્ણન ન થઈ શકે તેવા, અવર્ણનીય **ઉપમા** = પ્રમાણથી થતું શબ્દ શક્તિનું જ્ઞાન, શોભા,મહિમા, **સંત ઉચ્ચારે** = સંત ઉચ્ચાર કરે **મુખ** = મુખથી **સરવ દીશે** = સર્વ દશ્યમાન થાય છે, અનુભવાય છે.

## અનુવાદ

**બ્રહ્માંડથી પરે રહેલા કૈવલકર્તા જ્ઞાનનો આનંદકારી વરસાદ સંતપુરુષના માધ્યમ દ્વારા વરસાવે છે. કુવેરસ્વામી કહે છે કે, અવર્ણનીય કર્તાનો મહિમા આવા સંતોના મુખેથી ઉચ્ચાર થવાથી જ સર્વને દૃશ્યમાન થાય છે.**

## ભાવાર્થ

વિશ્વના સર્જનહાર તો બ્રહ્માંડથી પર રહેલાં છે. જે પોતાના કૈવલધામમાં સદાને માટે બિરાજમાન રહે છે. છતાં પોતાના અંશોના કલ્યાણ અર્થે આનંદદાયક જ્ઞાનરૂપ વરસાદ કાળાં વાદળો સમાન ઘનશ્યામ સ્વરૂપધારી પોતાના પરમ વિશેષ પાટવી અંશના માધ્યમથી વિશ્વમાં વરસાવે છે. કુવેરસ્વામી કહે છે કે એવા શ્રીમત્ કરુણાસાગર નામ ધારણ કરેલ કૈવલવેત્તા પ્રગટ પુરુષ વિશ્વમાં સર્જનાહારના અલૌકિક મહિમાને દર્શાવવા સમર્થ છે. માટે તેમના મુખારવિંદ દ્વારા ઉચ્ચારાયેલ વચનોને ગ્રહણ કરવાથી જ અવર્ણનીય એવા સર્જનહારની અનુભૂતિ થઈ શકે છે.

## (સાખી)

**સંત સ્વભાવ જમી જેસે, ચીદ્ ઘન નીર નિવાસ;**
**આઈ મીલે કોઈ આસકી, તુરત મીટાવે પ્યાસ. ૬**

### શબ્દાર્થ

**સંત** = સંતનો **સ્વભાવ** = સ્વભાવ **જમી** = સર્વવ્યાપી **જેસે** = જે **ચીદ્** = બ્રહ્મ **ઘન** = વરસાદનું **નીર** = પાણી **નિવાસ** = રહેલું છે, ભરેલું છે **આઈ મીલે** = આવીને મળે **કોઈ** = કોઈ **આસકી** = આશિક, મુમુક્ષુ, જિજ્ઞાસાવૃત્તિવાળો **તુરત** = તુરંત જ, તરત જ **મીટાવે** = મીટાવે, દૂર કરે **પ્યાસ** = તરસ.

## અનુવાદ

**સંત પુરુષનો સ્વભાવ સર્વવ્યાપી બ્રહ્મ જેવો વિશાળ છે. જેમાં જ્ઞાનની વાણી રૂપ ભરપુર જળ ભરેલું છે. જેથી કોઈ મુમુક્ષુ આવીને મળે તો તુરંત તેની તૃષા ને તૃપ્ત કરે છે.**

## ભાવાર્થ

શ્રીમત્ કરુણાસાગર નામ ધારણ કરેલ કૈવલવેત્તા ઘનશ્યામ સ્વરૂપ પ્રગટ સંત પુરુષનો સ્વભાવ સર્વવ્યાપી જે ચિદાકાર બ્રહ્મ જેવો વિશાળ છે. જેમાં કાળાં વાદળોની જેમ જ કૈવલજ્ઞાનની વાણીરૂપ ભરપૂર જળ ભરેલું છે. જો કોઈ પૂર્વજન્મની પ્રીતિવાળા મુમુક્ષુ માનવો તેમના ચરણકમળમાં નિવાસ કરે, તો તેવા અધિકારી જનને તુરંત જ્ઞાનના પ્રવાહથી તૃપ્ત કરે છે અને અંશને આ જ જન્મે જન્મ-મરણના બંધનમાંથી મુક્ત કરીને સર્જનહાર સાથે મેળાપ કરાવી આપે છે.

**અવનિ અપતે ઉપની, ફેરી અપકે અવતાર;**
**સંત તોય કૈવલ હુતે, પુનિ કૈવલ આધાર. ૭**

### શબ્દાર્થ

**અવનિ** = પૃથ્વી તત્ત્વ **અપતે** = જળ તત્ત્વમાંથી, **ઉપની** = ઉત્પન્ન થઈ **ફેરી** = ફરીથી બીજીવાર જેથી **અપકે** = પાણીનું **અવતાર** = અવતરેલું, પ્રાગટ્ય, ઉત્પત્તિ **સંત** = સંતપુરુષ **તોય કૈવલ** = કૈવલકર્તા રૂપ પાણી **હુતે** = પ્રગટ થયા **પુનિ** = વળી, તેથી **કૈવલ** = કૈવલકર્તાને **આધાર** = આધારે, અવલંબિત, આશ્રય, મદદ પુરાવો, સાબિતી.

## અનુવાદ

**પાણીમાંથી પૃથ્વી ઉત્પન્ન થઈ જેથી તે પાણીની જ ઉત્પત્તિ કહેવાય. તેમ પાણી રૂપ કૈવલકર્તામાંથી જ સંત પુરુષ થયા છે. માટે તેઓ કૈવલકર્તા પર જ આધારિત કહેવાય**

## ભાવાર્થ

જે જેમાંથી ઉત્પન્ન થાય તે તેના આધારે રહે છે. વળી જે જેમાંથી ઉત્પન્ન થાય તે મૂળતત્ત્વની તે ઉત્પત્તિ કહેવાય. આમ ઉત્પત્તિના ક્રમને જોઈએ તો પૃથ્વીની ઉત્પત્તિ પાણીમાંથી થયેલી છે. માટે પૃથ્વીને પાણીમાંથી થયેલી ઉત્પત્તિ કહેવાય. તે જ ન્યાયે કૈવલકર્તામાંથી જ સંતરૂપ પરમવિશેષ અંશની ઉત્પત્તિ થયેલી હોવાથી તેમનું સ્વરૂપ કૈવલકર્તાને આધારિત છે.

# અંગ ૩૨
# દેહ અવ્યક્ત સંત દૃષ્ટાંત દેખાવનકો

**બ્રાસ તન વાસ તે ભિન્ન જુદી નહીં, સમલ ઉભયે તમ પ્રમલ આવે;**
**શ્વેત પણ વાસને અમીત જામણ જૂથ, ચારુ મીલી તે કરી બ્રાસ કહાવે. ૧**

### શબ્દાર્થ

**બ્રાસ** = કપૂરમાં બીજો મસાલો નાખીને બનાવેલો સુગંધિત પદાર્થ **તન** = તેના સ્વરૂપથી, પદાર્થથી **વાસ** = સુગંધ **તે** = તે **ભિન્ન** = અલગ **જુદી** = જુદી **નહીં** = નથી **સમલ** = સંમિલિત **ઉભયે** = બન્ને **તમ** = તેની **પ્રમલ** = સુવાસ, મહેક, ફોરમ, ખુશ્બુ **આવે** = આવે **શ્વેત** = સફેદ કપૂર **પણ** = પાણી **વાસ** = સુંગંધિત દ્રવ્ય **ને** = અંતે **અમીત જામણ** = જામણ થાય તેના માટે વપરાતું પ્રવાહી **જૂથ** = જથ્થો **ચારુ** = ચારેય **મીલી** = મેળવીને મિશ્રણ કરીને **તે કરી** = તેમ કરવાથી **બ્રાસ** = બ્રાસ, બરાસ **કહાવે** = કહેવાય છે.

### અનુવાદ

**બરાસથી તેમાં રહેલી વાસ જુદી નથી. બન્ને સંમિલિત હોવાથી મહેક આવે છે. કપૂર, પાણી, સુગંધિત દ્રવ્ય અને જામણ એમ ચારેયનો જથ્થા મિશ્રણ બનેલાને બરાસ કહેવાય છે.**

### ભાવાર્થ

જેમ કોઈ સુગંધિત પદાર્થની મહેક તે પદાર્થથી જુદી નથી. તેમ કપૂરમાં સુગંધિત મસાલા અને પાણી ભેગું કરી તેમાં જામણ નાખીને તે ચારેય વસ્તુઓથી બનાવવામાં આવેલ દ્રવ્ય ને બરાસ કહેવામાં આવે છે. બરાસમાં રહેલી મહેક તે પદાર્થ રૂપ બ્રાસથી જુદી નથી, પરંતુ સુગંધી અને તે પદાર્થ બન્ને એકમેક સંમિલિત છે.

**તમ દલ પવન તે તેજ નાંખુ નહીં, પેચ પરબંધસે તોય જોઈ;**
**પવન અપ તેજ ને શૂન્યની શ્યામતા, જુગલદ્વે એકતા આભ્ર હોઈ. ૨**

## શબ્દાર્થ

**તમ** = તેમ **દલ** = વાદળ **પવન** = પવન **તે** =થી **તેજ** = અગ્નિ, પ્રકાશ **નાંખુ** = જુદું, અલગ **નહીં** = નથી **પેચ** = યુક્તિ, પ્રપંચ **પરબંધસે** = પ્રમાણયુક્ત બંધારણથી **તોય** = પાણી **જોઈ** = દેખાયું, જોયું, જુવો **પવન** = પવન **અપ** = પાણી **તેજ** = અગ્નિ **ને** = અને **શૂન્ય** = આકાશ **ની** = થી **શ્યામતા** = કાળાં, ઘનશ્યામ **જુગલદ્વે** = ચારેય **એકતા** = એક થતાં **આભ્ર** = વાદળ **હોઈ** = થયાં.

## અનુવાદ

**તેમ વાદળ, પવન અને અગ્નિ જુદાં નથી. યુક્તિપૂર્વકના પ્રમાણસર બંધારણથી પાણીનું સ્વરૂપ દેખાય છે. પવન, પાણી, અગ્નિ અને આકાશ એમ ચારેયની એકતાથી કાળાં વાદળ થાય છે.**

## ભાવાર્થ

પવન તત્ત્વથી અગ્નિ તત્ત્વ ઉત્પન્ન થયેલું છે. તેથી અગ્નિ પવનથી જુદો નથી એટલે કે પવનની ઉત્પત્તિ તે અગ્નિ છે. વળી અગ્નિની ગરમીથી સમુદ્રમાં પાણીનું બાષ્પીભવન થઈને વરાળ થઈ. વરાળને પવનનો સંસર્ગ થતાં તેનું યુક્તિપૂર્વકનું પ્રમાણસર બંધારણ બંધાવાથી વાદળ બને છે. જેના વડે આપણને વરસાદરૂપ પાણી પ્રાપ્ત થાય છે. આ પ્રમાણે વાયુ, જળ, અગ્નિ અને આકાશ એમ ચારેય એકીકરણ થવાથી તેનો જમાવ થાય છે. તેથી વરસવાની ક્ષમતાવાળાં કાળાં વાદળો બંધાય છે.

**ભાસ પ્રકાશ તે કિરણ ન્યારી નહીં, સમક સંજોગતે ઝલક ઝલકે;**
**કિરણ પ્રકાશ ને ઝલક ઝાલંકર, એહી ચારુ મીલી ભાસ ભલકે. ૩**

### શબ્દાર્થ

**ભાસ** = આભાસના જેવું લાગવું **પ્રકાશ** = પ્રકાશ **તે** = થી **કિરણ** = કિરણ **ન્યારી નહીં** = અલગ નથી **સમક** = ચળકતી સપાટી, અરીસો, દર્પણના **સંજોગતે** = સંયોગ થતાં **ઝલક** = પ્રતિબિંબ **ઝલકે** = ચમકે, તેજસ્વિતા, ચળકાટ મારે **કિરણ** = કિરણ **પ્રકાશ** = પ્રકાશ **ને** = અને **ઝલક** = પ્રતિબિંબ **ઝાલંકર** = પ્રતિબિંબ પાડનાર **એહી** = તે **ચારુ** = ચારેય **મીલી** = મળીને **ભાસ** = આભાસ **ભલકે** = પ્રકાશે, ચળકાટ મારે, દેખાય.

### અનુવાદ

**ભાસ અને પ્રકાશથી કિરણ જુદું નથી, પરંતુ ચળકતી સપાટીના સંજોગથી તે પ્રતિબિંબરૂપ ઝલકે છે. એમ કિરણ, પ્રકાશ, ઝલક અને ઝલકના કારણરૂપ તત્ત્વ એ ચારેય મળે તો જ ભાસ ઝળકે છે.**

### ભાવાર્થ

પ્રકાશના કિરણ જો કોઈ ચમકતા પદાર્થ ઉપર પડે તો જ ભાસ દેખાય છે. જ્યારે પ્રતિબિંબ કોઈ ચળકતી સપાટી સામે પદાર્થ હોય તો તેનું પ્રતિબિંબ દૃશ્યમાન થાય છે. અંધારામાં પ્રતિબિંબની ઉત્પત્તિ દેખાતી નથી. આમ કિરણ, પ્રકાશ, ચળકાટ અને જેના થકી ચળકાટ છે તે ઝલકરૂપ ચળકતી સપાટી એ ચારેયનો સુમેળ થાય તો જ ભાસ દેખાય છે.

**સંત તન જ્ઞાન વ્રજીત પ્રકત નહીં, મીલી ત્રવેણી વિજ્ઞાન જેહી;**
**જ્ઞાન વિજ્ઞાન પ્રકૃત કૈવલ મીલી, તબ બની હલમલી સંત દેહી. ૪**

### શબ્દાર્થ

**સંત** = સંત **તન** = શરીર **જ્ઞાન** = જ્ઞાન **વ્રજીત** = અલગ **પ્રકત** = પ્રાકૃતિક તત્ત્વ **નહીં** = નથી **મીલી ત્રવેણી** = ત્રણેના મેળવણીથી **વિજ્ઞાન** = વિશેષ જ્ઞાનમય દેહ **જેહી** = થાય છે, છે **જ્ઞાન** = જ્ઞાન **વિજ્ઞાન** = વિશેષ જ્ઞાન **પ્રકૃત** = પ્રકૃતિતત્ત્વ **કૈવલ** = કૈવલકર્તાનો અંશ **મીલી** = મલીને **તબ** = ત્યારે **બની** = બને છે **હલમલી** = હરતા-ફરતા, પ્રત્યક્ષ **સંત દેહી** = સંતપુરુષનો દેહ.

### અનુવાદ

**સંતપુરુષનું સ્થૂળ શરીર, જ્ઞાન અને પ્રાકૃતિક રચના (માયા) થી અલગ નથી. તેમાં ત્રીજું વિજ્ઞાનનો સંગમ થાય તો જ્ઞાન, વિજ્ઞાન પ્રકૃતિક તત્ત્વો (માયા) અને ચોથું કૈવલકર્તાનો અંશ એમ ભળવાથી સંતપુરુષનું પ્રત્યક્ષ હરીફરી શકે તેવો દેહ બને છે.**

### ભાવાર્થ

સંતરૂપ દિવ્ય પરમગુરુનો દેહ જ્ઞાન અને સર્જનહાર દ્વારા નિર્મિત પ્રાકૃતિક

તત્ત્વોથી અલગ નથી. વળી, તેમાં અંશ-અંશીનો લક્ષ દર્શાવતા કૈવલજ્ઞાનની વિશેષ સમજણ પણ સમાયેલી છે. જે અન્ય શરીર કરતાં એક મહત્ત્વની વિશેષતા છે. જ્ઞાની પુરુષો તો વિશ્વમાં ઘણા છે, પરંતુ કર્તાની સમજ દર્શાવતા વિશેષ જ્ઞાનની તેમનામાં ઊણપ હોય છે. આમ સામાન્ય જ્ઞાન, કર્તા અંગેનું વિશેષ જ્ઞાન (વિજ્ઞાન), સર્જનહાર દ્વારા ઉત્પન્ન કરાયેલ પ્રાકૃતિક તત્ત્વો (માયા) અને કૈવલકર્તાનો પરમ વિશેષ પાટવી અંશ ભેગા ભળવાથી વિશ્વમાં આપણી સમક્ષ હળીમળીને રહેતા શ્રીમત્ કરુણાસાગર નામ ધારણ કરેલ કૈવલવેત્તા પ્રગટ ઘનશ્યામ પુરુષનો માનવી દિવ્યદેહ બનેલો છે.

**તીન દૃષ્ટાંત સિદ્ધાંત મહાપુરુષનું, ઉરસનું ઓજસ હાથ આવ્યું;**
**કહે કુવેર ફલ આદ્ય પુરુષનું, સંત સ્વરૂપ ધરી મોય ફાવ્યું. ૫**

### શબ્દાર્થ

**તીન દૃષ્ટાંત** = ત્રણ દૃષ્ટાંત, ઉદાહરણ **સિદ્ધાંત** = છેવટનો નક્કી કરેલ નિર્ણય, સિદ્ધમત, પ્રમાણ સિદ્ધિ પુરવાર કરેલો નિયમ **મહાપુરુષનું** = મહાન પુરુષનું **ઉરસનું** = અંતરિક્ષનું **ઓજસ** = કિરણ, પ્રકાશપુંજ, પ્રતિભા-ચૈતન **હાથ આવ્યું** = હસ્તગત થયું, પ્રસ્તુત, પ્રાપ્ત, સ્વાધીન થયું **કહે કુવેર** = કુવેરસ્વામી કહે છે કે **ફલ** = ફળ ઉત્પત્તિ **આદ્ય પુરુષનું** = આદિ કૈવલકર્તા પુરુષની **સંત સ્વરૂપ** = સંતપુરુષના સ્વરૂપ **ધરી** = ધારણ કરી **મોય ફાવ્યું** = મને ફાવતું આવ્યું, અનુકૂળ, રુચતું, ફાવે એવું, ગમતું, પસંદ પડતું.

### અનુવાદ

**ત્રણે ઉદાહરણોનો મત મહાપુરુષ માટેનો છે. કુવેરસ્વામી કહે છે કે અંતરિક્ષનું કિરણ હસ્તગત થતાં આદિ પુરુષનાં ફળ સ્વરૂપે સંતનું શરીર ધારણ કરવાનું મને ફાવ્યું છે.**

### ભાવાર્થ

અગાઉ દર્શાવેલ ત્રણ ઉદાહરણો પ્રમાણયુક્ત પુરવાર કરેલ મત મુજબ પરમ શ્રેષ્ઠ એવા દિવ્ય પરમગુરુ શ્રીમત્ કરુણાસાગર પુરુષના દિવ્યદેહના બંધારણની

સમજ માટે આપવામાં આવેલા છે. બ્રહ્મથી પરે રહેલા કૈવલકર્તાના કિરણરૂપ પરમવિશેષ પાટવી અંશ તેમાં બિરાજમાન છે. તેમનો દિવ્યદેહ સર્જનહારના કૈવલજ્ઞાનથી ભરપૂર છે. જેથી તેઓ અંતરિક્ષમાં રહેલા સર્વ દૈવીલોક અને પૃથ્વીના સપ્તદ્વિપ તેમજ પેટાળના ચૌદલોક સહિત રહેલા સર્વ અંશોને પોતે પ્રત્યક્ષ હાજર રહીને વિશ્વના સર્જનહાર કૈવલકર્તાનો લક્ષ આપી શકે છે. આ દિવ્યદેહના આધારે તેઓ સર્વ દેહમાં રહેલ ચૈતનઅંશને કૈવલ લક્ષ દ્વારા શુદ્ધ સ્વરૂપે કરે છે. કુવેરસ્વામી કહે છે કે આ દિવ્ય ઘનશ્યામસ્વરૂપ અંશને શુદ્ધ સ્વરૂપે કરી કૈવલકર્તા સાથે મેળાપ કરાવવા માટે થતા પરમાર્થના કાર્યમાં સહાયરૂપ થાય તેવી અનુકૂળતાવાળું છે.

(સાખી)

**સંત સ્વરૂપ અરુપતે, હરિ લીનો અવતાર;**
**નિરગુણના ગુણ જકતમેં, દીસત મનુષ અવતાર. ૬**

### શબ્દાર્થ

**સંત** = સંતપુરુષનું **સ્વરૂપ** = સ્વરૂપ, દિવ્યદેહ **અરુપતે** = અરૂપમાંથી **હરિ** = હરિરુપ **લીનો અવતાર** = અવતાર લીધો છે, અવતરણ કર્યું છે **નિરગુણના** = જે ગુણથી રહિત છે **ગુણ જક્તમે** = જગતમાં ગુણગાન કરવા **દિસત** = દશ્યમાન થાય છે **મનુષ અવતાર** = મનુષ્યનો અવતાર સ્વરૂપ.

### અનુવાદ

**સંતનું સ્વરૂપ અરૂપ રહેલા હરિના અવતારરૂપે છે. જે જગતમાં નિર્ગુણના ગુણગાન ગાવા મનુષ્ય અવતાર લઈને દશ્યમાન થયા છે.**

### ભાવાર્થ

સંતસ્વરૂપ એવા દિવ્ય પરમગુરુના પ્રગટ ઘનશ્યામ સ્વરૂપનું અવતરણ કૈવલકર્તાના પરમપદમાંથી થયેલું છે. તેમનું શાલિગ્રામની જેમ કૈવલજ્ઞાન રૂપ સુવર્ણથી ભરપૂર અને કાળાં વાદળોની જેમ તૃપ્ત કરનાર દિવ્ય માનવશરીર જગતના

સર્વ પંચ-દેહ ધારી જીવાત્માઓમાં રહેલ ચૈતન-અંશને કૈવલકર્તાના લક્ષ દ્વારા શુદ્ધ અને નિર્મળ સ્વરૂપે કરાવનારું છે. તેમજ અંશને ભવ-દુઃખ રૂપ જન્મ-મરણના ભવબંધનમાંથી છોડાવી ને પંચમી અખંડ કૈવલમુક્તિનું પ્રદાન કરવાવાળું છે. જેથી સર્જનહારથી કરોડ કલ્પોથી વિખૂટા પડેલા અંશો પાછા જઈને સર્જનહારને કૈવલધામમાં મળી શકે. સર્જનહાર જ્યાં વસે છે તે પદ તત્ત્વાતીત હોઈ તેઓ તત્ત્વો, નામ, રૂપ અને ગુણ રહિત છે. એવા નિર્ગુણ પરમપદના ગુણગાન કરાવવા માટેના ઉમદા પરોપકારી કાર્ય અને કલ્યાણના આશયથી જ સર્જનહારે આ વિશ્વમાં માનવનો દિવ્યદેહ ધારણ કરાવીને કુવેરસ્વામીને મોકલ્યા છે.

**યામે સંશે ના કછુ, સંત સ્વરૂપે બ્રહ્મ;**
**કૈવલની કલ કરતવ, છતે પિંડ ન્હેઃકર્મ. ૭**

### શબ્દાર્થ

**યામે** = આમાં, તેમાં **સંશે** = સંશય, શંકા **ના કછું** = બિલકુલ નથી **સંત** = સંત **સ્વરૂપે** = સ્વરૂપે **બ્રહ્મ** = બ્રહ્મ **કૈવલની** = કૈવલકર્તાની **કલ**= કળા, રચના **કરતવ** = કાર્ય, કરામત, જાદુ **છતે પિંડ** = પિંડ હોવા છતાં **ન્હેઃકર્મ** = કર્મહીન, ન્હેઃકર્મી.

### અનુવાદ

**સંત બ્રહ્મસ્વરૂપે છે તેમાં બિલકુલ શંકા કરવાની જરૂર નથી. કૈવલકર્તાની કળા રૂપ કરામતથી તેમનો પિંડ ન્હેઃકર્મી છે.**

### ભાવાર્થ

અહી સંતરૂપ દિવ્ય પરમગુરુ શ્રીમત્ કરુણાસાગર સ્વરૂપની સરખામણી બ્રહ્મ સાથે કરવામાં આવી છે, પરંતુ તે માત્ર ન્હેઃકર્મીના સંદર્ભમાં જ સમજવાની છે અન્ય બીજા અન્ય ગુણની સરખામણી અંગે વિચારવાનું નથી. આ એક દેશી ઉદાહરણ છે. વિશ્વના નિયમ મુજબ દેહથી કરેલા કર્મોનું બંધન દરેકને લાગતા હોય છે. તેમના દિવ્યદેહની રચના કૈવલકર્તાની અદ્ભુત કરામતથી થયેલી છે. તેથી તેઓ ન્હેઃ કર્મી છે. તેમાં કોઈ પણ પ્રકારની શંકા લાવવાની જરૂર નથી.

# અંગ ૩૩
# સંત સદેહ નિધ સમાવન કો

**સ્વેત જામન ગયે બ્રાસ અરુપહી, પવન પાણી બિના આભ્ર યેસે;**
**કિરણ પ્રકાશ બિન સુર જેસે રહે, જ્ઞાન પ્રકૃત બિના સંત તેસે. ૧**

### શબ્દાર્થ

**સ્વેત** = સફેદ કપૂર **જામન** = જામણ **ગયે** = દૂર થતાં, ઊડી જતાં **બ્રાસ** = બરાસ **અરુપહી** = રૂપ વગરનું થઈ જાય, અરૂપ થઈ જાય **પવન** = પવન **પાણી** = પાણી **બિના** = વગર **આભ્ર** = આકાશ **યેસે** = એજ પ્રમાણે **કિરણ** = કિરણ **પ્રકાશ** = પ્રકાશને જ **બિન** = વગર **સૂર** = સૂર્ય, **જેસે રહે** = જેવી રીતે રહે **જ્ઞાન** = જ્ઞાન **પ્રકૃત** = પ્રાકૃતિક તત્ત્વો **બિના** = વગર **સંત** = સંતપુરુષ, **તેસે** = તે રીતે.

### અનુવાદ

**કપૂર અને જામણયુક્ત રસ જો ઊડી જાય તો બરાસનું સ્વરૂપ રહેતું નથી (અદૃશ્ય થઈ જાય છે) પવન અને પાણી વગર વાદળ અરૂપ થઈ જાય છે. કિરણ અને પ્રકાશ વગર સૂર્ય પણ અરૂપ થઈ જાય છે. તેવી જ રીતે જ્ઞાન અને પ્રાકૃતિક (માયા) તત્ત્વ વગરનું સંતપુરુષનું સ્વરૂપ સમજવું.**

### ભાવાર્થ

બરાસના બંધારણમાં વપરાયેલ કપૂર અને જામણ બંને ઊડી જાય તો બરાસ અરૂપ થઈને અદૃશ્ય થઈ જાય છે. પવન અને પાણીથી બંધાયેલ વાદળમાંથી પવન અને પાણી દૂર થઈ જાય તો વાદળ પણ અરૂપ બની જાય છે. સૂર્યનાં કિરણ અને પ્રકાશ બન્ને વગર સૂર્યની ઉપસ્થિતિ શક્ય નથી. એ જ રીતે જ્ઞાન અને પ્રાકૃતિક તત્ત્વો વગરનું શુદ્ધ સંતનું શરીર છે. એટલે કે સંતપુરુષ રૂપ કુવેરસ્વામીનું સ્વરૂપ જ્ઞાન અને પ્રાકૃતિક તત્ત્વોના બંધારણ વગર પૂર્ણ ચૈતન અંશના સ્વ-સ્વરૂપમાં લપટાયેલું રહે છે. અર્થાત્ દિવ્યદેહ સિવાય અંશ સ્વરૂપે જ રહે છે.

**સ્વેત જામન ગયે બ્રાસનો નાશ નહીં, નામ પલટીને અમીત કહાવે;**
**આભ્ર અનાસ યૌ પવન પાણી બિના, રૂપ અવ્યક્ત આકાશ દાવે. ૨**

### શબ્દાર્થ

**સ્વેત** = સફેદ કપૂર **જામન** = જામણ યુક્ત પ્રવાહી **ગયે** = જાય તો, ઊડી જાય તો **બ્રાસનો** = બરાસનો **નાશ નહીં** = નાશ થતો નથી **નામ પલટીને** = નામ પલટીને **અમીત** = સુગંધ, અત્તર, ખુશ્બુ **કહાવે** = કહેવાય **આભ્ર** = વાદળ **અનાસ** = નાશ થતો નથી **યૌ** = તે **પવન** = પવન **પાણી** = પાણી **બિના** = વગર **રૂપઅવ્યકત** = અવ્યક્ત સ્વરૂપે **આકાશ**-આકાશ **દાવે** = રૂપે.

### અનુવાદ

**કપૂર અને જામણ ઊડી જાય તો બરાસનો નાશ થતો નથી, પરંતુ નામ પલટાઈને અત્તર કહેવાય છે. વાદળ પણ પાણી અને પવન વગર નાશ પામતું નથી પરંતુ તે અવ્યક્ત આકાશ સ્વરૂપે થાય છે.**

### ભાવાર્થ

બરાસનું બંધારણ ચાર પદાર્થોથી થયું હતું તેમાંથી કપૂર અને જામણ ઉડી જાય તો બરાસનો નાશ થતો નથી, પરંતુ બાકીનાં બે રૂપ પલટાઈને અત્તર રૂપ પદાર્થ બની જાય છે. વાદળના બંધારણમાં પણ ચાર તત્ત્વો હતા તે પૈકી પાણી અને પવન દૂર થાય તો વાદળનો નાશ થતો નથી, પરંતુ બાકીના બે રૂપ પલટાઈને અવ્યક્ત આકાશના સ્વરૂપે થઈ જાય છે.

**કિરણ પ્રકાશ બીના સુર સદાસહી, ઉલટ પુલટાય તો મહા અગ્ન જેસે;**
**જ્ઞાન પ્રકૃત બિન સંત સદાસહી, સ્વયંગ સ્વરૂપ કૈવલ રહેશે. ૩**

### શબ્દાર્થ

**કિરણ** = કિરણ **પ્રકાશ** = પ્રકાશ **બિના** = વગર **સૂર** = સુર **સદાસહી** = સદાય હંમેશને મોટે **ઉલટ** = ઉલટાઈને **પુલટાય** = પલટાઈ જાય **તો** = તો **મહા અગ્ન** = મહાઅગ્નિ તત્ત્વ **જેસે** = જેમ **જ્ઞાન** = જ્ઞાન **પ્રકૃત** = પ્રાકૃતિક તત્ત્વ **બિન** = વગર **સંત** = સંતપુરુષ **સદાસહી** = સદાને માટે રહે

**સ્વયંગ** = પોતાને **સ્વરૂપ** = સ્વરૂપે **કૈવલ** = કૈવલકર્તા સાથે **રહેશે** = રહે છે.

## અનુવાદ

**કિરણ અને પ્રકાશ સિવાય સૂર્યનું સ્વરૂપ ઊલટું પલટાઈ જઈને સદાકાળ મહદ્ અગ્નિ રૂપે રહે છે. તેવી જ રીતે જ્ઞાન અને પ્રાકૃતિક તત્ત્વ (માયા) વગર સંતપુરુષનું સ્વરૂપ કૈવલકર્તા સાથે એકરૂપ થઈને રહે છે.**

## ભાવાર્થ

અવ્યક્ત મહાઅગ્નિનું વ્યક્ત સ્વરૂપ સૂર્ય છે. સૂર્યનું બંધારણ ચાર તત્ત્વોથી થયેલું છે જે પૈકી સૂર્ય જો કિરણ અને પ્રકાશ વગરનો થઈ જાય તો તેનું સૂર્ય સ્વરૂપ રહેતું નથી, પરંતુ બાકીના બે તત્ત્વો મહદ્ અગ્નિમાં સમાઈને એકાકાર થઈ જાય છે. તેવી જ રીતે સંતરૂપ કુવેરસ્વામીનું દશ્યમાન સ્વરૂપ પણ ચારનું મિશ્રણ છે. તે પૈકી જ્ઞાન અને પ્રાકૃતિક તત્ત્વ સિવાય બાકી રહેલા (વિજ્ઞાન અને અંશ) બેનું સ્વરૂપ કૈવલકર્તામાં એકરૂપ થઈને રહે છે.

**વિશ્વ સહુ એ વિધે નેટ જોતાં નિધે, સંત અધિક દેહ સરવ કરતે;**
**લક્ષ તેનો કહુ સકલ વિધિ સહુ, સાંભળો સજન સમન સરતે. ૪**

### શબ્દાર્થ

**વિશ્વ સહુ** = સારું યે વિશ્વ, સમગ્ર વિશ્વ **એ વિધે** = તે વિધિ પ્રમાણે, તે રીતે **નેટ જોતાં** = અંત જોતાં **નિધે** = બ્રહ્મ **સંત અધિક દેહ** = સંતપુરુષનો દેહ મહાન છે **સરવ** = બધાય **કરતે** = કરતાં **લક્ષ તેનો કહુ** = તેનો લક્ષ જણાવું છું **સકલ વિધિ** = બધી હકીકત **સહુ** = બધા **સાંભળો** = સાંભળો **સજન** = સજ્જન **સમન** = મન એકાગ્ર કરીને **સરતે** = સુરતા ધારણ કરી.

## અનુવાદ

**આ મુજબ થવાથી સમગ્ર વિશ્વની રચના જોતાં શ્રેષ્ઠ બ્રહ્મ છે, તેમ સર્વ દેહમાં સંતપુરુષનો દેહ શ્રેષ્ઠ છે. તેનો લક્ષ અને હકીકત જણાવું છું માટે હે સજ્જનો ! મન અને સુરતા એકાગ્ર કરીને સાંભળો.**

## ભાવાર્થ

આ પ્રમાણે સર્વ ઉત્ત્પતિનો અંશ જોતાં કર્તાની પ્રથમ પ્રકાશબ્રહ્મવૃત્તિનો બ્રહ્મ શ્રેષ્ઠ અને મહાન છે. તેમ દેહોની બાબતમાં સ્થૂળ, સૂક્ષ્મ, કારણ અને મહાકારણ દેહોમાં સંતપુરુષનો દેહ સૌથી શ્રેષ્ઠ અને મહાન છે. જે અંગેનો લક્ષ અને હકીકત કુવેરસ્વામી હવે પછી આપણને આ ગ્રંથમાં જણાવે છે. જેને મનની એકાગ્રતા અને સુરતા ધારણ કરીને સાંભળવા માટે સજ્જનોને જણાવે છે.

**રવિકર તેજ પ્રકાશ મહા પુરુષનો, શશીદલ વિશ્વ વિલાસ પરખો;**
**કહે કુવેર મહા અગ્ન માંહી મલે, તરુણી દલ તેજ કર એક સરખો. ૫**

### શબ્દાર્થ

**રવિકર** = સૂર્ય **તેજ** = એજ **પ્રકાશ** = પ્રકાશ **મહા પુરુષનો** = કૈવલ કર્તા **શશીદલ** = ચંદ્ર અને તેનું સૈન્ય, રૂપ તારાઓનું જૂથ **વિશ્વ વિલાસ** = વિશ્વની રચના **પરખો** = પરીક્ષા કરો, તપાસો, ઓળખી લો **કહે કુવેર** = કુવેરસ્વામી કહે છે **મહા અગ્ન** = મહાઅગ્નિ તત્ત્વ **માંહી** = માં **મલે** = મળે **તરુણી દલ** = તારાઓનું જૂથ **તેજ કર** = પ્રકાશિત કરતો સૂર્ય **એક સરખો** = એક જ સરખી રીતે.

## અનુવાદ

**સૂર્યના પ્રકાશ સમાન મહાપુરુષનું તેજ છે. વિશ્વની રચનાને જાણવાથી ખબર પડશે કે સૂર્યના તેજથી ચંદ્ર અને તેનું દલ પ્રકાશિત રહે છે. કુવેરસ્વામી કહે છે કે ચંદ્ર અને તારાઓને પ્રકાશિત કરતો સૂર્ય જ મહાઅગ્નિમાં ભળી જાય છે. એ જ રીતે મહાપુરુષનું પણ સમજવું.**

## ભાવાર્થ

મહદ્ અગ્નિના પ્રત્યક્ષ સ્વરૂપે થયેલ સૂર્યના તેજથી ચંદ્રનું સ્વરૂપ પ્રકાશે છે. તેમ આદ્ય મહદ્ સજાણજાણ કૈવલપુરુષના બાહ્યવૃત્તિના પસાર રૂપે બ્રહ્મ છે. તે હિરણ્યગર્ભ બ્રહ્મના હેજથી બ્રહ્મભૂમિકામાં સર્વ વિશ્વની ઉત્પત્તિ થઈને વૃદ્ધિ થઈ છે. કુવેરસ્વામી કહે છે કે પ્રકાશિત એવા ચંદ્ર અને તારાઓનું જૂથ અને સૂર્ય ઊલટ થઈ મહદ્ અગ્નિમાં સમાઈ જતાં માત્ર મહદ્ અગ્નિનું સ્વરૂપ રહે છે. તેમ અહીં

નિજ કૈવલકર્તાનો શુદ્ધ સંકલ્પ સમાઈ જતાં તેમના સંકલ્પ દ્વારા જે ઉત્પન્ન થયેલ બ્રહ્મ અને તેમાં વિકાસ પામેલ જે કાંઈ ઉત્પત્તિ છે તે ઊલટ થઈને કૈવલકર્તાની વૃત્તિઓમાં સમાઈ જાય છે. તે વૃત્તિઓ કૈવલકર્તામાં સમાઈ જતાં માત્ર એક કૈવલ શૂન્યવત્ સ્થિતિમાં પોતાના સ્વ-સ્વરૂપ એવા પૂર્ણ મહદ્ ચૈતનતાના પુંજ તરીકે રહે છે.

(સાખી)

**સંત પરીક્ષા પુરવની, ભવમે નહીં તે ભાલ;**
**તાત કહે પર તાતકી, પણ નવ જાણે બાલ. ૬**

### શબ્દાર્થ

**સંત** = સંતપુરુષની **પરીક્ષા** = પહેચાન **પુરવની** = પૂર્વેનું, બ્રહ્મથી પૂર્વેનું જ્ઞાન **ભવમે** = વિશ્વમાં **નહીં** = નથી **તે** = તેની **ભાલ** = ભાળ, સમજ, ખબર **તાત કહે** = પિતા કહે **પર તાતકી** = તેના પિતાની, દાદાની **પણ** = પરંતુ **નવ જાણે** = જાણતો નથી **બાલ** = બાળક, પુત્ર.

### અનુવાદ

**સંતપુરુષની સાચી ઓળખ એ જ છે કે જે બ્રહ્મથી પરે રહેલા પરમ પિતાને જાણે છે. જેની વિશ્વમાં કોઈને ભાળ નથી. જેમ કે પિતા પોતાના પિતાને જાણે છે, પણ બાળકને તેની ખબર નથી.**

### ભાવાર્થ

સંતપુરુષને વિશ્વમાં કેવી રીતે ઓળખી શકાય તે અંગે ખુલાસો અહીં કરવામાં આયો છે કે વિશ્વમાં ગુરુઓ તો ઘણા છે. જેમાં જ્ઞાનદૃષ્ટિએ ગુરુના ચાર પ્રકાર પાડી શકાય છે. પ્રોક્ષગુરુ, તાયગુરુ, સતગુરુ અને પરમગુરુ, પણ તેમની પહેચાન બાહ્ય આડંબરોથી તો કરવી ખૂબ જ મુશ્કેલ છે, પરંતુ માત્ર જ્ઞાન થકી સાચા ગુરુની પરીક્ષા થઈ શકે છે. માટે દિવ્ય પરમગુરુની સાચી પહેચાન એ છે કે તેઓ પોતાના ચૈતનને અને પરમપિતાની હકીકતને જાણે છે. જ્યારે વિશ્વમાં અજ્ઞાની જીવો પોતાના સ્વ-સ્વરૂપથી અને પરમપિતાથી અજાણ્યા છે. વળી, પરમગુરુ કર્તાપદનો લક્ષ દર્શાવીને જગતના જીવોને પોતાના શુદ્ધ અંશ સ્વરૂપે કરી સર્જનહાર સાથે એકતા

કરાવા સમર્થ છે. દા.ત., સંસારમાં પિતા પોતાના પિતાને જાણે છે જેથી તે અંગે પોતાના કુટુંબીજનોને તેમના અંગે વાતો- સમજ અને હકીકત કહી સંભળાવે છે, પરંતુ બાળકને પોતાના દાદા અંગેની કોઈ જ ખબર હોતી નથી.

**ઉતપત સર્વની એકતે, સંત સહિત સંસાર;**
**ગર્ભ માત શિર ઉદ્રકે, એ અંતર અવતાર. ૭**

**શબ્દાર્થ**

**ઉતપત** = ઉત્પત્તિ **સર્વની** = દરેકની **એકતે** = એકમાંથી **સંત** = સંતપુરુષ અને **સહિત સંસાર** = સંસાર સહિત, સર્વ **ગર્ભ** = ગર્ભાશય **માત** = માતાના **શિર** = માથાના **ઉદ્રકે** = ઉદરથી, ઉપદ્રવથી **એ** = એટલો **અંતર** = તફાવત **અવતાર** = કાર્ય, પ્રવૃત્તિ, રીતભાત, અવતાર, પ્રાગટ્ય.

**અનુવાદ**

**સંતપુરુષ અને સમસ્ત સંસાર સહિત સર્વની ઉત્પત્તિ એકમાંથી જ થયેલી છે, પરંતુ એક પ્રજા માતાના ઉદરથી તો બીજી પ્રજા માતાના માથામાં ઉત્પન્ન થયેલી છે. એ પ્રમાણેનું અંતર અવતારધારી સંત અને સમસ્ત સંસાર વચ્ચે છે.**

**ભાવાર્થ**

સંત રૂપ કુવેરસ્વામી અને સમસ્ત સંસારના જીવાત્માઓ સહિત અખિલ વિશ્વની ઉત્પત્તિ એક જ કૈવલકર્તા દ્વારા થયેલી છે, છતાં તેમાં ભિન્નતા છે. જેમ કે, સંસારમાં માતાના ઉદરથી ગર્ભ દ્વારા બાળક રૂપ પ્રજા જન્મતી હોય છે અને તે જ માતાના માથામાં પરસેવાથી જૂ રૂપ જીવ પણ ઉત્પન્ન થાય છે. આમ બધી પ્રજા તો એક જ માતાની છે, છતાં તેમાં ભિન્નતા છે. આ ઉદાહરણ માત્ર તફાવત સમજવા પુરતો જ ધ્યાનમાં લેવાનો છે. માત્ર દિવ્ય પરમગુરુ અને સંસારના અન્ય દેહધારીઓમાં એક જ માતાની ઉપરોક્ત દર્શાવેલ બન્ને પ્રજા જેટલો તફાવત અર્થાત્ અંતર છે. કુવેરસ્વામી પરમપદના દાતા છે, જ્યારે સંસારના સર્વ જીવો માયામાં લપટાયેલા હોઈ જીવદશા ભોગવવાળા છે.

# અંગ ૩૪
# અદ્વૈત ત્રધા પ્રસંગ કો

**નાંહી તો જીવને શીવ ઈશ્વરના, પક્ષ જોતાં તો પરકાર ન્યારા;**
**જંત જંજાલના જાલમેં આવર્યા, ઈશ્વર વિશ્વ કરનાર હારા. ૧**

### શબ્દાર્થ

**નાંહી તો** = નહીં તો **જીવ** = જીવદશા ભોગવતા સામાન્ય અંશો **ને** = અને **શીવ** = શિવદશા ભોગવતા વિશેષ અંશો **ઈશ્વરના** = ઐશ્વર્યતા ભોગવતા પરમ વિશેષ અંશો **પક્ષ** = સમૃદ્ધિ અને ઉપાધિથી કરવામાં આવતી પ્રવૃત્તિ **જોતાં** = જોતાં નિહાળતાં **તો** = તો **પરકાર** = પ્રકાર, વિભાગ **ન્યારા** = ન્યારા, જુદા, તફાવતયુક્ત, ભિન્ન **જંત** = જીવો **જંજાલના** = જગતની, માયાની **જાલમેં** = જાળમાં **આવર્યા** = અટક્યા, અટવાયા, ફસાયા, આશિક બન્યા **ઈશ્વર** = ઐશ્વર્યતા પામેલા **વિશ્વ** = દુનિયા **કરનાર** = બનાવનાર, કર્તા **હારા** = સંહાર કરનાર, હરનારા, હર્તા.

### અનુવાદ

**તેમના હોય તો જીવ, શિવ અને ઈશ્વરની સમૃદ્ધિ જોતાં તેના પ્રકાર પડેલા છે. જીવો માયાની જંજાળમાં અટવાયા અને ઈશ્વરો જ વિશ્વના કર્તા હર્તા છે તેવી ભ્રહ્મણામાં ભરમાયા છે.**

### ભાવાર્થ

તફાવત અંગેનો વાતનો વધુ ખુલાસો સમજાવવામાં આવે છે કે જગતમાં એક જ સર્જનહારના બનાવેલા અંશો પૈકી જીવ દશા ભોગવતા સામાન્ય અંશો અને ઐશ્વર્યતા ભોગવતા પરમ વિશેષ અંશો છે. આ ભેદ તેમનામાં રહેલ સમૃદ્ધિ અને જગત પ્રત્યેની ઉપાધિના સંદર્ભમાં દેખાય છે. જગતના જીવદશાવાળા સર્વ માયાની જંજાળમાં ફસાઈને જીવન જીવે છે. જ્યારે શિવદશા અને ઈશ્વરદશા ભોગવતા વિશેષ અંશો વિશ્વના બનાવનારા અને સંહાર કરનારા છે તેવી ભ્રમણામાં ભરમાયા છે. જેમાં બ્રહ્માજી સંસારનો વૃદ્ધિ-ક્રમ આગળ ધપાવવાનું, વિષ્ણુ પાલનપોષણ અને શંકર સંહારનું કાર્ય કરે છે. સંસારમાં સર્વ આ રીતે

ઈશ્વરો જ સમગ્ર જગતના પાલનહાર છે તેવી માન્યતા દ્રઢ કરીને જીવે છે.

**સાહર એકને નીર જાતિ બહુ, સર્વનું તોય તે એક પ્રીછે;**
**કુપ નદી જલ પોખર વહેકલા, ભોમિ વિકારથી ભિન્ન દીસે. ૨**

### શબ્દાર્થ

**સાહર** = મહાજળ, જળ તત્ત્વ **એક** = એક જ છે **ને** = અને **નીર** = પાણીની **જાતિ** = જાતિ **બહુ** = બહુ, વધારે **સર્વનું** = દરેકનું **તોય** = જળ, પાણી **તે** = તે **એક** = એક જ **પ્રીછે** = જણાય છે **કુપ** = કૂવા **નદી** = નદી **જલ** = જળાશય **પોખર** = સરોવર, તળાવ, **વહેકલા** = વહેળા, ધારિયો, પાણીના વહેણ માટેનો માર્ગ **ભોમિ** = જમીન **વિકારથી** = ફેરફાર, ભેદ, વિકૃતિ, સ્થિતિ **ભિન્ન** = જુદા **દીસે** = દેખાય છે.

### અનુવાદ

**મહાજળ એક જ છે પરંતુ તેની જાતિ બહુ છે. સર્વમાં એક જ પાણી રહેલું છે. કૂવા, નદી, સરોવર, તળાવ, વહેળા વિગેરે જમીન પરની સ્થિતિથી ભિન્ન દેખાય છે.**

### ભાવાર્થ

મહાજળ એક જ છે છતાં પણ આપણને પાણીની જાતિ અલગ-અલગ જણાય છે. કૂવા, નદી, સરોવર, તળાવ અને વહેળા વિગેરે જમીનની ઊભી થયેલી વિકૃતિથી પાણીની ભિન્નતા દેખાય છે, પરંતુ તે સર્વની ભિન્નતાનું મૂળ તપાસતાં દરેકમાં એક જ પાણી રહેલું છે.

**એક પીવા લગે એક છીવે નહીં, ગંગાજલ અંગનું પંગ ખોઈ;**
**અવની વિલાયતો એક સરખુ સબે, અરણવથી નહીં અલગ કોઈ. ૩**

### શબ્દાર્થ

**એક** = એક પાણી **પીવા લગે** = પીવાના કામમાં આવે **એક** = એક પાણી **છીવે નહીં** = કોઈ અડકે પણ નહીં **ગંગાજલ** = ગંગા નદીના ગંગોત્રીનું પાણી **અંગનું** = શરીરના અંગોથી

**પંગ** = પાપ **ખોઈ** = નષ્ટ કરનારું મનાય **અવનિ** = પૃથ્વી **વિલાયતો** = પ્રલય થાય તો, વિનાશ થાય તો **એક સરખુ સબે** = બધું જ પાણી એકસરખું થઈ જાય **અરણવથી** = સમુદ્રથી, મહાજળથી **નહીં** = નથી **અલગ કોઈ** = કોઈ અલગ નથી.

## અનુવાદ

**એક પાણી પીવાના કામમાં આવે છે તો એક પાણીને કોઈ અડકે પણ નહીં. ગંગાના પાણી અંગો થકી થતાં પાપ નષ્ટ કરનાર મનાય છે, પરંતુ જો પૃથ્વીનો પ્રલય થાય તો બધાં પાણી એક થઈ જઈને સાગરમાં ભળી જતાં અલગ રહેતું નથી.**

## ભાવાર્થ

અગાઉ જણાવેલ અલગ-અલગ જળાશયો પૈકી કૂવા કે નદીનાં વહેતાં પાણી પીવાના કામમાં આવે છે અને ગટર કે ઉકરડાના ગંદા પાણીને કોઈ અડકતા પણ નથી. વળી, ગંગા નદીની ગંગોત્રીમાંથી વહેતું પાણી શરીરના અંગોથી થતા પાપો કે રોગોનો નાશ કરનારુ મનાય છે. છતાં પણ જો પૃથ્વીનો પ્રલય થાય તો બધાં પાણી એક થઈને સાગરમાં ભળી જાય પછી આવી ભિન્નતા રહેતી નથી.

**ત્યમ આંહાં પિંડ બ્રહ્માંડ પ્રકૃતનો, વાસના વ્રજણી હોય પરલે;**
**જીવને શીવ ઈશ્વરનું એકતા, પક્ષપાતી નહીં સમન સરલે. ૪**

### શબ્દાર્થ

**ત્યમ** = તેમ **આંહાં** = અહીંયાં **પિંડ** = પિંડ શરીર, દેહ, ઘાટ **બ્રહ્માંડ** = બ્રહ્મમાં વિકાસ પામેલી સર્વ રચના **પ્રકૃતનો** = પ્રાકૃતિક રચનાનો **વાસના** = વિષય, વાસના, કામવૃત્તિ, તૃષ્ણા, મનની પ્રકૃતિ પ્રત્યે રૂચિ **વ્રજણી** = અંકુર, ઉત્પત્તિ **હોય** = થાય **પરલે** = પ્રલય, વિનાશ **જીવ** = જીવદશા ભોગવતા **ને** = અને **શીવ** = શિવદશા ભોગવતા **ઈશ્વરનું** = ઐશ્વર્યવાનોનું **એકતા** = એક પદમાં સમાય છે **પક્ષપાતી** = જે કોઈ ભેદભાવ **નહીં** = નથી રહેતા **સમન** = સમાન, સમાય **સરલે** = સરળતાથી.

## અનુવાદ

**તેમ અહીંયાં પિંડ-બ્રહ્માંડની સર્વ ઉત્પત્તિ પ્રલય વખતે સર્વ ઘાટોમાં રહેલ**

**પ્રકૃતિક વાસનાનાં અંકુરો વિનાશ પામતાં જીવ-શિવ અને ઈશ્વરના ભેદ રહેવા ન પામતાં સમાઈને સરળતાથી એક થઈ જાય છે.**

## ભાવાર્થ

બ્રહ્મભૂમિકામાં વિકસેલી સર્વ નાશવંત રચના પૈકીના દેહો, પ્રાકૃતિક વૈરાટની વિકસેલી રચના અને અંકુરિત ચૈતન અંશો મહાપ્રલય વખતે નિયમ મુજબ ક્રમશઃ સરળતાથી સર્જનહારના પદમાં ભળી જાય છે. પછી જીવ, શિવ, ઈશ્વર સહિત અન્ય પ્રાકૃતિક તમામ રચના અને અંકુરિત અંશો પણ રહેવા પામતા નથી. અર્થાત્ અલગ ન રહેતાં બધુ એકરૂપ થઈ જાય છે.

**અંત આલોચતાં સર્વનું એમ છે, મુજને આજથી યાદ આવ્યું;**
**કહે કુવેર શ્રીફલ સાકરનું, ગોટલી ચોટલી સહિત ફાવ્યું. ૫**

### શબ્દાર્થ

**અંત** = અંત, છેવટ-હાર્દ **આલોચતાં** = નિહાળતાં, અવલોકન કરતાં **સર્વનું** = દરેકનું **એમ છે** = એ પ્રમાણે જ છે **મુજને** = મને **આજથી** = આજે, અત્યારથી **યાદ આવ્યું** = મનમાં સ્ફુરણા થઈ, સાંભરી આવે **કહે કુવેર** = કુવેરસ્વામી કહે છે કે **શ્રીફલ** = શ્રીફળ **સાકરનું** = સાકરનું બનાવેલું **ગોટલી** = અંદરનો ગર્ભ, કાછલી **ચોટલી** = ચોટલી **સહિત** = સાથે **ફાવ્યું** = ફાવતું આવે તેના સંદર્ભમાં યોગ્ય દાખલા સ્વરૂપે, એકજ સ્વરૂપે.

## અનુવાદ

**સર્વનો અંત નિહાળતાં ઉપર કહ્યા પ્રમાણે જ છે. કુવેરસ્વામી કહે છે કે મને પણ આજે એ વસ્તુ યાદ આવી છે. જેમ સાકરના નાળિયેરની ગોટલી-ચોટલી સહિત બધું એક જ સ્વરૂપે હોઈ ફાવતું આવે તેમ છે.**

## ભાવાર્થ

ઉપર દર્શાવ્યા મુજબ જે જે ભિન્નતા દેખાય છે તે છેવટે તો એક જ સ્વરૂપે થઈ જાય છે. આ અંગે એક વધુ ઉદાહરણ યાદ આવતાં કુવેરસ્વામી કહે છે કે જેમ સાકરના નાળિયેરમાં રહેલો ગર્ભ, બાહ્ય આવરણ રૂપે રહેલી કાછલીનો

કઠણ પડતો ભાગ અને બહારની ચોટલી, સર્વ ભિન્ન-ભિન્ન નામથી સંબોધવામાં આવે, પરંતુ હકીકતમાં તો તે સાકરનું જ સ્વરૂપ છે.

## (સાખી)

**જે પારસ પારસ કરે, તાકો બને ના ઘાટ;**
**સંત પારસ જીવ શીવ કરે, અબહુ જાત અટાટ. ૬**

### શબ્દાર્થ

**જે** = જે **પારસ** = પારસમણિ **પારસ** = પારસ **કરે** = કરે **તાકો** = તેનાથી **બને ના** = ના બને **ઘાટ** = ઘાટ, આકાર **સંત** = સંતપુરુષ **પારસ** = પારસ સમાન કોઈ **જીવ** = જીવ દશાવાળા જીવોને **શીવ કરે** = શિવદશાવાળા બનાવે છે **અબહુ** = હવે પછી, આબેહૂબ **જાત** = જાતિ **અટાટ** = એક થઈ જાય, એક જથ્થા રૂપ, પુષ્કળ, ઘણું.

### અનુવાદ

**જે પારસ પોતાના સ્પર્શથી અન્યને પારસ બનાવે તેનો કદી આકાર બનતો નથી તેમ સંતપુરુષ જીવમાંથી શિવ કરે તો તેઓ જેવા હતા તેવા આબેહૂબ થઈ કર્તામાં એક થઈ જાય છે.**

### ભાવાર્થ

વિશ્વમાં બે પ્રકારના પારસમણિની વાતો પ્રચલિત છે. જેમાં એક પારસના, સ્પર્શથી લોખંડનું સોનામાં પરિવર્તન થાય છે, જ્યારે બીજો એક એવો પારસ હોય છે તેના સ્પર્શથી એમ કહેવાય છે કે તે વસ્તુ પણ પારસમાં પરિવર્તિત થાય છે. પછી તે પદાર્થને કોઈ પણ પ્રકારના ઘાટ ઘડાવાનું રહેતું નથી. તે મુજબ પારસરૂપ સંત એવા કુવેરસ્વામીના શરણમાં આવ્યા પછી તેમના ચરણકમળમાં નિવાસ કરનાર અધિકારી અંશને તેઓ પોતાના સ્વ-સ્વરૂપે એટલે કે શુદ્ધ અણિ અગ્ર અંકુરિત સ્વરૂપે કરે છે. જેથી તેને ફરી આ ભવમાં જન્મ-મરણ ભોગવીને ઘાટોના ચક્કરમાં ભટકવાનું રહેતું નથી. ત્યારબાદ અંશને કૈવલધામમાં કૈવલકર્તાના સાન્નિધ્યમાં મહાકલ્પ સુધી હંસ સ્વરૂપે રહેવાનો અવસર પ્રાપ્ત થાય છે.

## કોટિ તિરથ જપ તપ કરે, જીવદશા નવ જાય;
## સો સંતન નેકસે નમે, આવા ગવન મીટાય. ૭

### શબ્દાર્થ

**કોટિ** = કરોડો **તિરથ** = તીર્થોની યાત્રાઓ **જપ** = જપ, આરાધ્ય દેવના મંત્રનું રટણ માળા ફેરવીને કરવું તે **તપ** = કોઈ રિદ્ધિ-સિદ્ધિ પ્રાપ્ત કરવા માટે કરવામાં આવતી કઠોર તપશ્ચર્યા **કરે** = કરવામાં આવે **જીવદશા** = જીવદશા **નવ જાય** = જતી નથી, દૂર થતી નથી **સો** = તે **સંતન** = સંતપુરુષને **નેકસે** = પ્રમાણિકતાથી, શ્રદ્ધાપૂર્વક **નમે** = નમન કરે, અહંકાર ભરેલા જગતના ભોગ-વૈભવને ત્યજી શિરને ઝુકાવવાની ક્રિયા **આવા ગવન** = જન્મ-મરણ **મીટાય** = મટી જાય છે.

### અનુવાદ

**કરોડો તીર્થ, જપ, તપ કરવાથી પણ જીવદશા દૂર થતી નથી, પરંતુ જો સંતપુરુષને પ્રમાણિક પણે નમે તો તેઓનું જન્મ-મરણ મટી જાય છે.**

### ભાવાર્થ

અગાઉની ચોપાઈમાં દર્શાવેલ ફળશ્રુતિની ફરી સ્પષ્ટતા કરતાં અહીં દર્શાવવામાં આવ્યું છે કે જો કોઈ મુમુક્ષુ માનવ કરોડો તીર્થોની યાત્રા કરે, આરાધ્યદેવોના મંત્રનું રટણ કરે અને મનવાંછિત ફળની પ્રાપ્તિ અર્થે અથવા અષ્ટસિદ્ધિ કે નવનિધિ પ્રાપ્ત કરવા માટે ઇન્દ્રિયોનું દમન કરીને કઠોર તપશ્ચર્યા કરે, તો પણ તેવા મુમુક્ષુની જીવદશા નષ્ટ થતી નથી, પરંતુ પારસમણિ રૂપ કુવેરસ્વામીના શરણે જઈ પ્રમાણિક પણે પ્રેમથી નમસ્કાર કરી તેમના કહેવા મુજબનું આચરણ કરે તો તેઓના જન્મ-મરણના ફેરા અવશ્ય નષ્ટ થાય છે.

# અંગ ૩૫
# સંત સેવા નીતિ કો

---

**તે જ માટે કર સેવન સંતનું, જંતનું જાલ વિલાય આજુ;**
**પિંડ છતે પરમેશ્વર પામવા, વામવા વિઘન તે કામ કાજુ. ૧**

**શબ્દાર્થ**

**તે જ માટે** = એટલા માટે જ **કર** = કરો **સેવન** = સેવા **સંતનું** = સંતપુરુષની **જંતનું** = ઘાટનું, દેહનું **જાલ** = જંજાળ **વિલાય** = નષ્ટ થાય **આજુ** = આ બાજુની, જકતની **પિંડ છતે** = છતે પિંડે **પરમેશ્વર** = પરમેશ્વર **પામવા** = પામવા માટે **વામવા** = દૂર કરવા, નષ્ટ કરવા **વિઘન** = વિઘ્નો, દુઃખો **તે** = તે **કામ કાજુ** = કામ માટે, કાર્ય માટે.

**અનુવાદ**

**તેટલા જ માટે દેહને વળગેલાં જગતની જંજાળ રૂપ વિઘ્નોને દૂર કરવાના કાર્ય માટે અને છતે પિંડે પરમેશ્વરને પ્રાપ્ત કરવા માટે સંતપુરુષની સેવા કરો.**

**ભાવાર્થ**

સંસારમાં માનવીને સૌથી વધુ દુઃખી કરનાર જગતની માયાજાળ છે. તે એવી વળગી ગયેલી છે કે તેમાંથી છૂટવું અતિ કઠણ છે તેમજ આ અંશને એક ઘાટમાંથી બીજા ઘાટમાં ભટકવાનું જે ભવદુઃખ રૂપી સંકટ એથી પણ વધુ દુઃખદાયક છે. આવા જગત જંજાળ રૂપી વિઘ્નોથી માનવની હાલત બેહાલ થઈ જાય છે. માટે આમાંથી મુક્ત થવા અને આ જ માનવદેહ દ્વારા પરમેશ્વરને પ્રાપ્ત કરવા માટે સંતપુરુષ કુવેરસ્વામીનું શરણ ગ્રહણ કર્યા સિવાય બીજો કોઈ ઉપાય નથી. માટે અતિ દિનતાપૂર્વક દાસભાવથી સેવક સ્વરૂપે તેમની બને તેટલી સેવા કરવી જોઈએ.

**સેવ્ય કે સાર નિરધાર દેદારની, આપ ટાલી ને હરિ વ્યાપ જોવે;**
**તરણની આદ્યના પ્રભવે કેહને, તેહની પૂજ પ્રમાણ હોવે. ૨**

### શબ્દાર્થ

**સેવ્ય** = જેની સેવા કરવાની છે તે સંતપુરુષ **કૈ** = કંઈ, ક્યારે, કર **સાર** = તાત્પર્ય, સારાંશ, સહાય, સારધાર **નિરધાર** = નિશ્ચર્ય, નિર્ણય મનની દઢતા **દેદારની** = સ્વરૂપની **આપ** = પોતાપણું **ટાલી ને** = ટાળીને, દૂર કરીને **હરિ** = હરિના સ્વરૂપને **વ્યાપ જોવે** = વ્યાપક સ્વરૂપે જોવા જોઈએ **તરણની** = તણખલાની, તુચ્છની **આદ્ય** = આદિ, વિગેરે, ના-નહીં **પ્રભવે** = દુ:ખ દે, હેરાન કરે **કેહને** = કોઈ પણ **તેહની** = તેઓની **પૂજ** = પૂજાનું **પ્રમાણ** = સાબિતી, પુરાવો **હોવે** = હોય છે.

### અનુવાદ

**જે સેવક તરણાની આદ્ય લઈ કોઈને પણ દુ:ખી ના કરે અને મનની દઢતા રાખીને સંતપુરુષની સારધાર સેવા કરે, વળી પોતાપણું રાખીને સર્વમાં સર્જનહારના ચૈતનનાં દર્શન કરે એવી પૂજા અર્ચના એ જ સેવકનું પ્રમાણ છે.**

### ભાવાર્થ

સેવક તરીકેનો સેવાધર્મ કેવો હોવો જોઈએ, તેનું અહીં પ્રમાણ દર્શાવવામાં આવેલું છે. સેવકે સંસારમાં એવું જીવન જીવવું જોઈએ કે એક તણખલાની આદ્ય લઈ એટલે કે નાનામાં નાના ઘાટથી માંડીને કોઈ પણ પ્રકારના જીવો દુ:ખી ન થાય. અર્થાત્ આપણાથી કોઈને કષ્ટ સહન ન કરવું પડે તેવી કાળજી રાખીને જીવન જીવવું જોઈએ. પોતાના દેહનું ભાન ભૂલીને પોતાનામાં રહેલ શુદ્ધ ચૈતન અંશ સ્વરૂપને દષ્ટિમાં રાખી સર્વ વ્યવહાર કરવો જોઈએ. દરેક ઘાટોમાં એક જ સર્જનહારનો ચૈતન અંશ રહેલો છે, તે દષ્ટિથી નિહાળીને સર્જનહારની વ્યાપકતામાં ગુલતાન રહેવું જોઈએ. આ પ્રમાણેની કાળજી રાખીને જીવન જીવનારને જ સાચા સેવક કહી શકાય.

**હાસ વિનોધ પરબોધ પ્રભુતણા, સિરગુણ ઘાટ ના સરવ પેખે;**
**શુદ્ધ પ્રેમે કરી સરવસ રહે ધરી, તન મન ધન જાંહાં સંત દેખે. ૩**

### શબ્દાર્થ

**હાસ વિનોધ** = આનંદ અને ઉલ્લાસ **પરબોધ** = શ્રેષ્ઠ, ઉત્તમ, ઉપદેશ, જ્ઞાન **પ્રભુતણા** = પ્રભુના

**સિરગુણ** = સગુણ, ત્રણ ગુણવાળા **ઘાટ** = ઘાટ, શરીર **ના** = નહીં **સરવ પેખે** = દરેકને નિહાળે, જુએ **શુદ્ધ પ્રેમે કરી** = શુદ્ધ પ્રેમ ધારણ કરીને **સરવસ** = બધું જ **રહે ધરી** = તેમના ચરણોમાં ધરી ન્યોછાવર કરી દે **તન** = શરીર **મન** = મન અંતઃકરણ **ધન** = સંપત્તિ, દોલત **જાંહાં** = જ્યાં **સંત** = સંતપુરુષને **દેખે** = નિહાળે, દર્શન કરે.

## અનુવાદ

**પ્રભુના શ્રેષ્ઠ ઉપદેશમાં જ આનંદ અને ઉલ્લાસ રાખીને દરેકને સગુણ ઘાટ તરીકે ન જોવા જોઈએ, વળી જ્યારે સંતપુરુષનાં દર્શને જાવ ત્યારે પોતાના તન, મન, ધન સહિત સર્વસ્વ શુદ્ધ પ્રેમથી અર્પણ કરવાં જોઈએ.**

## ભાવાર્થ

સેવકના અન્ય ગુણને દર્શાવતાં જણાવવામાં આવે છે કે અંશ-અંશીનો લક્ષ દર્શાવતા શ્રેષ્ઠ કૈવલજ્ઞાનથી ભરપૂર જે ધર્મગ્રંથો છે, તેનું જ મનન-ચિંતન અને વાંચન કરવામાં સેવકે આનંદ અને ઉલ્લાસ રાખવો જોઈએ. વિશ્વના જે ૮૪ લાખ પ્રકારના સ્થાવર-જંગમ ઘાટો છે, તેમને સ્થૂળ ઘાટ તરીકે નહીં, પરંતુ આત્મબંધુત્વના નાતે ચૈતનઅંશ ભાવે જોવા જોઈએ. વળી જ્યારે સંતપુરુષરૂપ કુવેરસ્વામીનાં દર્શને જાવ ત્યારે શુદ્ધ પ્રેમ ધારણ કરીને તન, મન અને ધન સહિત સર્વસ્વ તેમના ચરણોમાં સમર્પિત કરી દેવું જોઈએ.

**હરખ હિચોલ મન ભોલ ભાવે ફરે, ગદ ગદ કંઠ ગોવિંદ ગાવે;**
**દિવસ ને રેન પરવેણ્ય પર સેવમે, દેવમે દ્વૈત રહે દાસ દાવે. ૪**

### શબ્દાર્થ

**હરખ** = આનંદિત થઈ **હિચોલ** = હરતાં ફરતાં **મન** = મનથી **ભોલ ભાવે ફરે** = ભોળા ભાવે વિચરણ કરે, ફરે **ગદ ગદ કંઠ** = ગળગાળા કંઠ, અતિ વિનમ્રતા ભર્યા શબ્દોથી **ગોવિંદ** = સર્જનહારનાં નામનું **ગાવે** = સ્મરણ કરે **દિવસને રેન** = દિવસ અને રાત્રિ, આઠેય પહોર **પરવેણ્ય** = પ્રવીણ, પરોવાયેલા **પર** = પ્રત્યે, દૂરથી, પરમ, શ્રેષ્ઠ, પ્રત્યક્ષ સમજીને **સેવમે** = સેવામાં **દેવમે** = દેવમાં **દ્વૈત રહે** = એકમેક થઈની, દ્વૈત સ્વરૂપે **દાસ દાવે** = દાસનો દાવો કરીને, દાસભાવ ધારણ કરીને, દાસ તરીકેનો હક્ક રાખીને, દાસ તરીકે મારાપણાનો દાવો.

## અનુવાદ

**સેવકે આનંદિત મનથી ભોળાભાવે હરી-ફરીને, ગદ્‌ગદિત કંઠે પ્રભુનું સ્મરણ કરવું અને આઠેય પહોર પ્રત્યક્ષ સેવામાં દેવના સ્વરૂપથી જુદા હોવા છતાં એકમેક થઈને દાસ તરીકેનો ભાવ ધારણ કરવો જોઈએ.**

## ભાવાર્થ

સેવકે ખૂબ જ પ્રફુલ્લિત પણે આનંદમાં રહી ભોળા ભાવે સંસારમાં હરવું ફરવું જોઈએ. આઠેય પહોર મુખથી "કૈવલ કૈવલ"ના જાપ જપતાં જપતાં ગુરુગાદીના દેવાલયમાં સ્થાપિત છે તેવા ઘનશ્યામસ્વરૂપે કુવેરસ્વામી પોતાના સામે પ્રત્યક્ષ બિરાજમાન છે તેવા ભાવથી તેમના નિત્ય ચૈતન સ્વરૂપની સેવામાં મગ્ન રહેવું જોઈએ. વળી તેમના પ્રત્યે પોતે દાસપણાનો દાવો રાખવો જોઈએ. તેમનાથી સેવકનું શરીર ભલે જુદું હોય છતાં તેમનામાં એકમેક થઈને ચિત્તથી એક પળવાર પણ અલગ ન થવું જોઈએ. એટલું જ નહીં, પરંતુ પ્રાતઃકાળે ધ્યાન-ભજન વિધિ કરીને, ખૂબ જ ગદ્‌ગદિત કંઠે સવાર-સાંજ ઉપાસના પણ કરવી જોઈએ. તે ઉપરાંત મધ્યાહ્ન સમયે ધર્મ ગ્રંથો સહિત ઉપાસના પાઠનું મનન-ચિંતન પણ કરવું જોઈએ.

**ગલિત વચન ગુરુ વા ઘર સાગર, નેત્ર અમૃત રસ પ્રીત ભરીયા;**
**કહે કુવેર એ લક્ષ નેતિ તણાં, ભક્તના જક્તમે કાજ સરીયાં. ૫**

### શબ્દાર્થ

**ગલિત વચન** = મૃદુ, નમ્ર, નરમ, જ્ઞાનમય વચનો **ગુરુ** = ગુરુજી **વા ઘર** = મૂળધામના **સાગર** = સાગર, મહાન, શ્રેષ્ઠ **નેત્ર** = તેમના નેત્રો **અમૃત રસ** = અમૃત સમાન રસ **પ્રીત** = પ્રેમ **ભરીયા** = ભરેલો છે **કહો કુવેર** = કુવેરસ્વામી કહે છે કે **એ** = એ **લક્ષ** = લક્ષ **નેતિ તણાં** = નિર્વાણ પદનાં **ભક્તના** = ભક્તોના **જક્તમે** = જગતમાં **કાજ** = કામો **સરીયાં** = સાર્થક થયાં, થયાં છે.

## અનુવાદ

**ગુરુના નેત્રોમાં અમૃતરસ રૂપ પ્રેમ ભરેલો છે અને મૂળઘરના જ્ઞાનમય**

**મૃદુલ વચનોના તેઓ સાગર સમાન છે. કુવેરસ્વામી કહે છે કે આ લક્ષ નિર્વાણપદનો હોવાથી જક્તમાં ભક્તોના કાર્યો સાર્થક થયાં છે.**

### ભાવાર્થ

કુવેરસ્વામીના વિશાળ અણિયાળાં લોચન અમૃતરસ રૂપ પ્રેમથી ભરેલાં છે જે ભક્તો ઉપર પ્રેમભરી જ્ઞાનદૃષ્ટિ વરસાવે છે. તેમનો દિવ્યદેહ માત્ર કૈવલકર્તાના ગુણગાન ગાવા માટેના મૃદુ વચનોથી ભરેલો છે અને કરુણાઓના સાગર છે. તેમના લક્ષ નિર્વાણપદને પ્રાપ્ત કરવાવાળો છે. તેથી જ તેમના આ દિવ્યદેહના સ્મરણ પછી જગતમાં અનેક ભક્તોના કાર્યો સિદ્ધ થયાં છે. ઘણા ભક્તોએ તો સદેહે મુક્તિનો અનુભવ કરેલો છે અને તરણ-તારણ સેવક થઈને સંસારમાં રહેલા છે.

### (સાખી)

**સંત સેવા ગુરુ બંદગી, આઠે પહોર અભ્યાસ;**
**પ્રીત સહિત પૂજે હરી, સો કહીયે નિજ દાસ. ૬**

### શબ્દાર્થ

**સંત સેવા** = સંતપુરુષની સેવા **ગુરુ** = ગુરુએ દર્શાવેલી **બંદગી** = ઉપાસના, પ્રાર્થના **આઠે પહોર** = ચોવીસ કલાક, દિવસ અને રાત્રિ **અભ્યાસ** = અભ્યાસ, ચિંતન, મનન, ધ્યાન, પુનરાવૃત્તિ, વિષય પરામર્શવાળું, અધ્યયન **પ્રીત સહિત** = પ્રેમથી **પૂજે** = પૂજા કરે, આરાધના કરે **હરી** = હરી **સો** = તેને **કહીયે** = કહેવો **નિજ દાસ** = નિજદાસ, ખરો ભક્ત, સાચો સેવક.

### અનુવાદ

**સંતની સેવા અને ગુરુજીએ દર્શાવેલ ઉપાસના કરનાર તથા આઠેય પહોર તેના ચિંતવનમાં જ રહીને પ્રેમથી સર્જનહારની આરાધના કરે તે જ સાચો સેવક કહેવાય.**

### ભાવાર્થ

આ સમગ્ર અંગમાં સેવકની ફરજો અને ગુણધર્મોનું આલેખન કરવામાં

આવ્યું છે. જેમાં સેવક અગાઉ દર્શાવ્યા મુજબ દિવ્ય પરમગુરુની સેવા કરે અને તેમના દ્વારા દર્શાવેલ રહેશવિધિ મુજબની બધી જ પ્રવૃત્તિઓ પ્રેમથી કરે. ઉપરાંત સવાર સાંજની ઉપાસના કરે, વળી આઠેય પહોર "કૈવલ કૈવલ"ના જાપ જપીને કૈવલજ્ઞાનથી ભરપૂર ધર્મગ્રંથોના ચિંતવનમાં જ રહે, તેમજ પ્રેમથી સર્જનહારની આરાધનામાં મસ્તાનો બનીને જિંદગી જીવે, તે જ દિવ્ય પરમગુરુનો યોગ્ય અધિકારી પાત્રતા ધરાવતો સાચો સેવક કહેવાય છે. કાયમપંથીના ભક્તે ઉપર દર્શાવ્યા મુજબ કુવેરસ્વામીની સેવા કરવી જોઈએ. તેમણે દર્શાવેલ રહેશવિધિ પ્રમાણે બધી જ પ્રવૃત્તિઓ પણ પ્રેમથી કરવી જરૂરી છે.

**દાસાતન ધનતન મન, ઉપજે અતિ અનુરાગ;**
**તારમીલે કિરતારસુ, જીનશિર મોહોટે ભાયગ. ૭**

### શબ્દાર્થ

**દાસાતન** = દાસભાવથી, દાસાતન પણાથી **ધનતન** = સંપત્તિ રૂપી શરીર **મન** = મનથી **ઉપજે** = ઉત્પન્ન થાય **અતિ** = ઘણો, વિશે પ્રમાણમાં, ઊંડો **અનુરાગ** = પ્રેમ, આસક્તિ, લગની, રત, વ્રેહ **તારમીલે** = પોતાના હંગની એકતા થાય **કિરતારસુ** = કર્તાના મહદહંગ સાથે **જીનશિર** = જેનું **મોહોટે** = મોટું **ભાયગ** = ભાગ્ય, નસીબ.

### અનુવાદ

**દાસાતન પણાથી, શરીર અને મનથી જેને વ્રેહ જાગે અને સર્જનહાર સાથે એકતાર થાય તેને મહાન ભાગ્યશાળી કહેવાય.**

### ભાવાર્થ

કુવેરસ્વામીએ સંત અને સેવકની જે જે ફરજો દર્શાવી છે તે મુજબનું જીવન દરેકે જીવવું જોઈએ. વળી અતિ દુર્લભ માનવદેહ મળ્યો છે, તો તેની મહત્તાને સમજી સંપત્તિનું અભિમાન અને દેહનું અહમ્ ત્યજી તથા મનની એકાગ્રતાથી જળકમળવત્ રહી વૈરાગપૂર્ણ જીવન જીવીને દાસાતનપણાથી ભક્તી કરવી જોઈએ. સંપત્તિ રૂપે મળેલ શરીર અને મનઅંતઃકરણથી જો સર્જનહારને મળવા

માટેનો વ્રેહ જાગે તો તેના પ્રયત્ન રૂપે જે સેવક પોતાના અલ્પહંગનું કર્તાના મહદ્‌હંગ સાથે જોડાણ કરે ત્યારે સમજવું કે એવા સેવક સદેહે મુક્તિ પામ્યા છે. એવા તરણ-તારણ સેવક આ સંસારમાં મહાન ભાગ્યશાળી કહેવાય. આવા જે મહાન ભાગ્યશાળી મુમુક્ષુને અનંતવાર ધન્યવાદ આપવા ઘટે છે.

# અંગ ૩૬
# ભક્તિ પડનાલિકાકો

---

**પ્રથમહી દાસ લઘુતાય ગુરુ તે લેઈ, તિલક તુલસી જપમાલ કરમે;**
**અંગ ઉછાહ હરિ ચાહ ચિંતા ભઈ, દોદસ ધાય ના સાહાય ઘરમે. ૧**

### શબ્દાર્થ

**પ્રથમહી** = સૌ પ્રથમ, શરૂઆતમાં **દાસ** = દાસ, સેવક **લઘુતાય** = લઘુ હોવાપણું, લઘુત્વભાવ **ગુરુ તે લેઈ** = ગુરુ પ્રત્યે ધારણ કરી **તિલક** = ભાલ તિલક **તુલસી** = તુલસીની કંઠી **જપમાલ** = જાપ જપવા માટે, માળા ૧૨૦ મણકાવાળી ૬ મિનિટમાં જપાય તે રીતે ૨૪ કલાકમાં ૨૧.૬૦૦ મપ જપાય તે ગણતરીથી રાખવી **કરમે** = હાથમાં **અંગ** = શરીરમાં **ઉછાહ** = આનંદ, ઉલ્લાસ **હરિ** = સર્જનહારની **ચાહ** = ચાહના, ઈચ્છા પ્રાપ્ત કરવા અંગેની **ચિંતા** = ચિંતા, ઉત્કંઠ **ભઈ** = રાખીને, ઉત્પન્ન કરીને **દોદસ** = આમતેમ, બન્ને દિશામાં **ધાય** = દોડધામ **ના** = નહીં **સાહાય** = સહાયતા, મદદગાર **ઘરમે** = પોતાના પિંડમાં જ.

### અનુવાદ

**સૌપ્રથમ દાસ ભાવે લઘુતાપૂર્વક ગુરુપદ ધારણ કરીને તિલક, કંઠી અને હાથમાં માળા લેવી. પ્રભુને પ્રાપ્ત કરવાની હૃદયમાં તાલાવેલી રાખીને તે પ્રત્યે ચિંતાતુર રહેવું. અને આમતેમ ન ભટકતાં પોતાના પિંડમાં જ રહેલ અંશની સહાયતા માટે વિચારવું.**

### ભાવાર્થ

ભક્તિની પ્રણાલિકાની શરૂઆતમાં સૌ પ્રથમ માનવીએ દાસાતનભાવે લઘુતા ધારણ કરી ગુરુ પાસે કંઠી-બોધ લેવો જોઈએ. પોતાના કપાળમાં દરરોજ ભાલતિલક ધારણ કરવું. તુલસીની કંઠી અવશ્ય ગળામાં રાખવી અને અમરમંત્રનું ધ્યાન કે ‘‘કૈવલ કૈવલ’’ના જાપ જપતી વખતે હાથમાં માળા રાખવી. પોતાના હૃદયમાં સર્જનહારને પ્રાપ્ત કરવાની ઉત્કંઠા રાખી સતત તેમની પ્રાપ્તિ માટે ચિંતાતુર રહેવું. સંસારમાં ગમે ત્યાં ભૌતિક અને નાશવંત પ્રલોભનોમાં વૃત્તિને

ન અટકાવતાં પોતાનામાં રહેલા ચૈતન અંશની સહાયતા માટે જ વિચારવું. એટલે કે પોતાના ચૈતન સ્વ-સ્વરૂપના ઊર્ધ્વગમન માટે જ કાર્યરત રહેવું.

## દ્વિતીયો સાર અસાર જાન્યો પરો, તાંહાં ધરો ચીત્ત જાંહાં વિત્ત ચીન્યો;
## આન્ય ઉરજણ ગઈ વસ્તુની વગલહી, ભેદ પામી ભયો ભાવભીનો. ૨

### શબ્દાર્થ

**દ્વિતીયો** = બીજાક્રમમાં **સાર અસાર** = સત્ય, અસત્ય, શાશ્વત, નાશવંત **જાન્યો પરો** = જાણવા પ્રયત્ન કરવો અને પછી **તાંહાં ધરો** = ત્યાં ધારણ કરો **ચિત્ત** = ચિત્ત અંતઃકરણને **જાંહાં** = જયાં **વિત્ત ચીન્યો** = વિત્ત રૂપ વસ્તુની ઓળખ હોય **આન્ય** = બીજી બધી **ઉરજણ** = મનમાં ઊભી થતી, ભ્રાંતિ, અનિશ્ચિતતા, અસ્થિરતા **ગઈ** = દૂર થશે **વસ્તુની** = વિત્તરૂપે રહેલ, શેષ ઉગરતી, શાશ્વત વસ્તુની **વગલહી** = જાણ થઈ, સમજ પ્રાપ્ત થતાં **ભેદ પામી** = તેના રહસ્યને પ્રાપ્ત કરવાંથી **ભયો** = થયો **ભાવભીનો** = ભાવાતુર, ઓતપ્રોત.

### અનુવાદ

**બીજા ક્રમમાં સેવકે સાર-અસારના ભેદને જાણવા પ્રયન કરવો. જ્યાં વિત્ત સમજાય ત્યાં ચિત ધારણ કરવું. જેથી મનની આન્ય ભ્રાંતિ દૂર થાય. આમ શાશ્વતપદની જાણ દ્વારા તેના રહસ્યને પ્રાપ્ત કરી તેમાં જ ઓતપ્રોત રહેવું.**

### ભાવાર્થ

ભક્તિના બીજા ક્રમમાં સેવકે સૌ પ્રથમ પિંડમાં શાશ્વત શું છે ? અને નાશવંત શું છે ? તેના ભેદને જાણવા પ્રયત્ન કરવો જોઈએ. પછી તે જ ન્યાયે વિશ્વના સર્વ નાશવંતપદોને ત્યજી શાશ્વતપદ સાથે લગાવ ધારણ કરવો. આ ભેદ સમજાય પછી જે શાશ્વત છે તેમાં ચિત્તવૃત્તિને સ્થિર કરવી જેથી મન અંતઃકરણમાં ઊભી થતી ભ્રાંતિ અને અનિશ્ચિતતા દૂર થશે. પિંડમાં રહેલા સકર્તા પતિની સજાતીય જે ચૈતન અંશ છે, તેની જાણ અને રહસ્યને સમજ્યા પછી તેના ઉદ્ધાર અને કલ્યાણ માટે ઓતપ્રોત રહેવું. તે માટે અન્ય નાશવંત ઈન્દ્રિયોના ભોગ વૈભવ અને પ્રલોભનોથી પર રહીને વૈરાગવૃત્તિ ધારણ કરવી. આ રીતે માત્ર સર્વના કારણરૂપે રહેલા સારરૂપ પરમપદને પ્રાપ્ત કરવા મનમાં વ્રેહ ઉત્પન્ન કરવો.

**ત્રિતીયો પ્રેમ પ્રકાશ હુલાસ જે, દાસનો દાસ થઈ સંત સેવે;**
**આદરમાન અવિલાન સરધાભર્યો, ધાઈને દૂરથી ઉર લેવે. ૩**

### શબ્દાર્થ

**ત્રિતીયો** = ત્રીજા ક્રમે **પ્રેમ** = પ્રેમથી **પ્રકાશ** = પ્રકાશ, જ્ઞાનની અનુભૂતિનાં **હુલાસ** = આનંદ **જે** = જે **દાસનો દાસ થઈ** = દાસનો પણ દાસ બની, અત્યંત લઘુતા ધારણ કરીને **સંત** = સંતપુરુષની **સેવે** = સેવા કરવી **આદરમાન** = આદરપૂર્વક, સન્માનભેર **અવિલાન** = અવલોકન કરી, દર્શન કરી, નિરખતા રહીને **સરધાભર્યો** = શ્રદ્ધાભર્યા હેતથી **ધાઈને** = દોડીને **દૂરથી** = દૂરથી **ઉર** = હૃદય, સરખો, સરસાં **લેવે** = ભેટે છે, પ્રેમપૂર્વક ઓવારણાં લેવાં.

### અનુવાદ

**ભક્તિના ત્રીજા ક્રમે સેવકે જ્ઞાનના પ્રકાશની અનુભૂતીનો આનંદ માણવો અને અત્યંત લઘુતા ધારણ કરીને સંતની સેવામાં મગ્ન રહેવું. આદર સાથે શ્રદ્ધાથી તેમનાં દર્શન કરવાં અને દૂર હોય તો દોડીને હૃદયપૂર્વક ભેટવું.**

### ભાવાર્થ

ભક્તિના ત્રીજા ક્રમે સેવકને જ્યારે શાશ્વત અને નાશવંતના રહસ્યપૂર્ણ જ્ઞાનના પ્રકાશથી અત્યંત આનંદની અનુભૂતિ પ્રાપ્ત થાય ત્યારે, અત્યંત દાસત્વપણાથી હૃદયમાં લઘુતા ધારણ કરીને શ્રીમત્ કરુણાસાગરના ઘનશ્યામસ્વરૂપમાં તલ્લીન બનીને તેમની સેવામાં મગ્ન રહેવું.

સેવકનો આદરપૂર્વકનો શ્રદ્ધા સભર ભાવને નિહાળીને ગુરુદેવ દાસને પોતાના તરફ દોડી આવતાં જોઈ તેઓ પણ પોતાની અમીદષ્ટિથી ભક્તને પોતાના હૃદય સરખા ભેટે છે.

**જ્ઞાન ચતુરથો સેવ કરતાં હવો, શબ્દની મહોરખી સરવ ખોઈ;**
**કરમ કલેશ આવેશને પરહરી, ઘટ ઘટ આતમા એક સોઈ. ૪**

### શબ્દાર્થ

**જ્ઞાન** = જ્ઞાનમાર્ગમાં **ચતુરથો** = ચોથા ક્રમે **સેવ કરતાં** = સેવકના ભાવે સેવા કરતાં કરતાં

**હવો** = હવે પછી **શબ્દની** = વાણીની **મહોરખી** = મોહરૂપ આજ્ઞાની **સરવ** = સર્વ **ખોઈ** = દૂર કરીને **કરમ** = કર્મોના **કલેશ** = બંધ, કલહ, દ્વેષ **આવેશને** = આવેશ, મનમાં ઊભી થતી પીડા, અહંકાર, મોહ, આસક્તિ **પરહરી** = ત્યજીને **ઘટ ઘટ** = દરેક ઘાટોમાં **આતમા** = અંશ, ચૈતન વસ્તુતા **એક** = એકસરખા, એક જ સર્જનહાર, ઉત્પન્ન કરેલા **સોઈ** = છે, જોવો.

## અનુવાદ

**જ્ઞાનમાર્ગે ચોથા ક્રમે સેવા કરતાં હવે પછી જ્ઞાનની અનુભૂતિ થવાથી વિવિધતા ભરેલાં વાણીની આસક્તિ દૂર કરવી. ત્યારબાદ ઈન્દ્રિયોથી થતા કર્મોના મોહને ત્યજી દરેકના ઘટમાં એક જ આત્મા રહેલો છે તેમ જોવું.**

## ભાવાર્થ

ભક્તિના ચોથા ક્રમે જ્ઞાનના માર્ગમાં પ્રવેશ કરવો. શ્રીમત્ કરુણાસાગરની અનિન ભાવે શ્રદ્ધાપૂર્વક સેવા કરતાં કરતાં તેમના આપેલા જ્ઞાનની અનુભૂતિ અને તેમની કૃપા પ્રાપ્ત કરી સંસારમાં વિધ-વિધ વાણીનો વિલાસ રહેલો છે તે પ્રત્યેનો લગાવ દૂર કરવો. દશેય ઈન્દ્રિયો અને ચાર અંતઃકરણોથી થતા કર્મોના બંધનથી થતા ચિત્તભ્રમ સ્થિતિને ત્યજી દેવી. ત્યારબાદ બ્રહ્માંડના સર્વ દેવ-દેવીઓ અને વિશ્વના ૮૪ લાખ પ્રકારના સ્થાવર-જંગમ ઘાટોમાં સર્જનહારનો સજાતિય ચૈતન અંશ રહેલો છે. તેમ સમજી સર્વને ઘાટની દૃષ્ટિએ નહીં, પરંતુ ચૈતન દૃષ્ટિ રાખીને આત્મ બંધુત્વના નાતે નિરખવું.

**પંચમો સંચ વિજ્ઞાન વેત્તા ભયો, નિજપતિ પરમગત સરલ ગાવે;**
**કહે કુવેર એ દાસ દાવે કરી, આદરીને અવિનાશ પાવે. ૫**

### શબ્દાર્થ

**પાંચમો** = પાંચમા ક્રમે **સંચ** = કળ, ગુપ્ત રહસ્ય **વિજ્ઞાન** = વિશેષ જ્ઞાન **વેત્તા** = જાણકાર **ભયો** = થયો થાય છે **નિજપતિ** = સર્જનહાર, નિજકર્તા **પરમગત** = શ્રેષ્ઠ ગતિ, પરમપદની સમજ **સરલ** = સરળતાથી **ગાવે** = ગાય છે **કહે કુવેર** = કુવેરસ્વામી, કહે છે કે **એ** = એવા **દાસ** = દાસ ભક્ત **દાવે કરી** = પોતાપણાની હક્ક કરીને **આદરીને** = પુરુષાર્થ દ્વારા **અવિનાશ** = અવિનાશી, જેનો વિનાશ થતો નથી તેવા પરમ પિતાને **પાવે** = પ્રાપ્ત કરે છે.

## અનુવાદ

**પાંચમા ક્રમે પહોંચ્યા પછી અંશ પોતાના દેહના સંચ અને વિશેષ જ્ઞાનનો જાણકાર થયો હોવાથી તે નિજપતિની પરમગતિના ગુણગાન ખૂબ જ સરળતાથી ગાય છે. કુવેરસ્વામી કહે છે કે તેઓ દાસપણાનો દાવો કરીને પુરુષાર્થ થકી અવિનાશીને પ્રાપ્ત કરે છે.**

## ભાવાર્થ

ભક્તિના પાંચમા ક્રમે જ્ઞાન દશાને પ્રાપ્ત થતાં પોતે શરીરના ગુપ્ત રહસ્યને જાણી શકે છે. અર્થાત્ અંશ:અંશીની સમજથી તે બન્ને પદોનો જાણકાર બને છે. પછી તે જાગૃત થયેલો સેવક દુનિયાના અન્ય નાશવંત ઉપાસનાઓને ત્યજીને માત્ર નિજપતિ કૈવલકર્તાના જ સરળભાવે ગુનગાન અને ગાથા ગાય છે. કુવેરસ્વામી કહે છે કે આવા જ્ઞાની પુરુષ પોતે દાસપણાનો દાવો કરીને ઊર્ધ્વ ગતિના પુરુષાર્થ થકી વિશ્વના સર્જનહાર અવિનાશી કૈવલકર્તાને પ્રાપ્ત કરે છે.

## (સાખી)

**પ્રથમ દુતી જીવદશા પદ, ત્રિતીયો ઈશ્વર આશ;**
**ચોથે વસ્તુ ચરાચર, પંચમે પોત પ્રકાશ. ૬**

### શબ્દાર્થ

**પ્રથમ** = પહેલા ક્રમ **દુતી** = બીજો ક્રમ **જીવદશા** = જીવદશાવાળું, દાસત્ત્વ **પદ** = સ્થાન **ત્રિતીયો** = ત્રીજા ક્રમે **ઈશ્વર** = પરમેશ્વરને પ્રાપ્ત કરવાની **આશ** = આશ **ચોથે** = ચોથાક્રમે **વસ્તુ** = વસ્તુરૂપ અંશ **ચરાચર** = સ્થાવર, જંગમ, સર્વ ઘાટોમાં **પંચમે** = પાંચમા ક્રમે **પોત** = પોતાના નિજ સ્વરૂપ, સર્જનહારના અંશીની જાણ સ્વરૂપ અંશ **પ્રકાશ** = દશ્યમાન થવું, સમજ પ્રાપ્ત થતાં.

## અનુવાદ

**ભક્તિના પાંચ ક્રમોમાં પ્રથમ જીવદશા નષ્ટ થતાં, બીજા ક્રમે દાસત્વભાવ જાગે, ત્રીજે ક્રમે ઈશ્વરની આશાવાળો બને છે. ચોથે ક્રમે સચરાચર ઘાટોમાં**

**એક જ અંશભાવ અને પાંચમાં ક્રમે પોતાનું નિજ ચૈતન અંશસ્વરૂપ અને તેના અંશીના જાણની સમજવાળો બને છે.**

## ભાવાર્થ

ભક્તિનાં પાંચ ક્રમોમાં સૌથી પહેલા ક્રમે દાસ બનવાપણું અને બીજા ક્રમે દાસાતનપણું પ્રાપ્ત થાય છે. આ બંને ક્રમો સુધી જીવદશાના દાસ કહેવાય છે. ત્રીજા ક્રમે પ્રભુપદને પ્રાપ્ત કરવાની અભિલાષા ઉત્પન્ન થઈ જ્ઞાનદશા પ્રાપ્ત થાય છે. ચોથા ક્રમે સ્થાવર-જંગમ ઘાટો સહિતના સર્વ દેહમાં એક જ સર્જનહારનો અંશ બિરાજમાન છે, તેવી વિશેષ જ્ઞાન દશા પ્રાપ્ત થાય છે અને છેલ્લે પાંચમા ક્રમમાં પોતાનું પોત રૂપ ચૈતન અંશના શુદ્ધ સ્વરૂપે થઈ અંશીને મેળવવા અંગેના પુરુષાર્થ થકી સદેહે મોક્ષની પ્રાપ્તિની અનુભૂતિ થાય છે.

**સેવત હરિ ગુરુ સંતને, ભરમ ગયો સબ ભાગ;**
**અબ સ્થિતિ જામે કહી, જાંહાં હુતી નિજ જાગ. ૭**

## શબ્દાર્થ

**સેવત** = સેવતાં, સેવા કરતાં **હરિ** = હરિ **ગુરુ** = ગુરુ **સંતને** = સંતપુરુષને **ભરમ** = ભ્રમ શંકાઓ, ભ્રમણા, ભ્રાંતિ **ગયો** = દૂર થઈ **સબ ભાગ** = સર્વ ભાગી ગઈ, નષ્ટ થયો **અબ** = હવે **સ્થિતિ** = પરિસ્થિતિ, દશા, સ્થાન, પદ **જામે કહી** = જે આગળ દર્શાવત મુજબ, પહેલા જેમાં હતી તેમાં **જાંહાં** = જ્યાં **હુતી** = હતી **નિજ** = મૂળ **જાગ** = જગ્યા, સ્થાન, ઘર, રહેઠાણ.

## અનુવાદ

**હરિગુરુ સંતનું સેવન કરતાં સર્વ ભ્રમ ભાગી ગયો. હવે સ્થિતિ જે પહેલા કહી હતી તે મૂળ ધામમાં સ્થિર થઈ.**

## ભાવાર્થ

અગાઉ દર્શાવ્યા પ્રમાણે પાંચેય ક્રમમાં પસાર થઈ સેવક જ્યારે શ્રીમત્

કરુણાસાગર નામ ધારણ કરેલ કૈવલવેત્તા પ્રગટ પુરુષ રૂપ પરમગુરુનું અને સકર્તા સર્જનહાર કૈવલકર્તાનું ભજન સ્મરણ કરશે, ત્યારે તેની સર્વ પ્રકારની ભ્રમણાઓ નષ્ટ થશે. ગુરુકૃપાએ પોતાનું નિજ અંશ સ્વરૂપ જે અગાઉ શુદ્ધ અણિ અગ્ર અંકુરિત હતું તેવું થઈ જતાં આ જન્મે જ અખંડ કૈવલધામમાં જઈને સર્જનહારના સાન્નિધ્યમાં હંસ સ્વરૂપે થઈને હંમેશને માટે નિવાસ કરી શકશે.

# અંગ ૩૭
# પ્રથમો આદરકો

---

**બીન આદર ના કાજ એકુ સરે, કાયરસુ નવ રાય રીઝે;**
**શૂર રણતુરમે શીશ દીયે બીનું, અપ્સરા તાયના સંગ લીજે. ૧**

### શબ્દાર્થ

**બીન આદર** = પુરુષાર્થ વગર **ના કાજ** = કાર્ય નહીં **એકુ સરે** = એકેય સાર્થક થાય **કાયરસુ** = કાયરથી, ના હિંમતથી, નામર્દથી, ડરપોકથી **નવ** = ના **રાય** = રાજા **રીઝે** = પ્રસન્ન થાય, ખુશી થાય **શૂર** = શૂરવીર **રણતૂરમે** = રણભૂમિમાં, રણસંગ્રામમાં **શીશ** = મસ્તક **દીયે બીનું** = સમર્પણ કર્યા વિના, આહુતિ દીધા વિના, અર્પણ કર્યા વિના **અપ્સરા** = ઈન્દ્ર દેવના સ્વર્ગલોકમાં રહેલ નૃત્યાંગનાઓ, સ્વર્ગની પરી, ઈન્દ્રના સ્વર્ગલોકમાં સમુદ્ર મંથનમાંથી પ્રાપ્ત થયેલ નાચનારી, સ્વરૂપ સુંદરી અને ચતુરાઈવાળી ગોંધર્વ સ્ત્રી, દેવાંગના **તાય** = તેના **ના** = નહીં **સંગ** = સાથ, સંગતિ **લીજે** = આપે, મળે, લે.

### અનુવાદ

**પુરુષાર્થ કર્યા સિવાય કોઈ કાર્ય સિદ્ધ થતું નથી. કાયર પુરુષથી રાજા પ્રસન્ન થતો નથી. વળી શૂરવીર રણસંગ્રામમાં વીરગતિ ન પામે તો તેને અપ્સરાનો સંગ મળતો નથી.**

### ભાવાર્થ

સંસારમાં દરેકે કોઈને કોઈ પુરુષાર્થ કરવો જોઈએ કારણ કે, પુરુષાર્થ કર્યા સિવાય માનવીનું કોઈ કાર્ય સિદ્ધ થતું નથી. તે દર્શાવવા માટે આ અંગમાં તેને અનુરૂપ દૃષ્ટાંત આપેલા છે કે કાયર પુરુષથી કદી રાજા પ્રસન્ન થતો નથી. વળી સુરસંગ્રામમાં યોદ્ધાઓ વીરગતિને પામે તો કહેવાય છે કે તેને ઈન્દ્ર પોતાના સ્વર્ગલોકમાં બોલાવે છે. તેને શહીદીના બદલામાં અપ્સરાનું સુખ ભોગવવા મળે છે, પરંતુ શહીદ ન થાય તો તેને અપ્સરા સાથે ભોગવૈભવ ભોગવવાનું સુખ મળતું નથી.

**કુપ ખને બિનું નીર ના પાઈએ, ખેતકી બીચ પાતાલ કેરું;**
**ફેર નિજુ વિના બહાર આવે નહીં, નાજ ના હોય કરત વેરું. ૨**

### શબ્દાર્થ

**કુપ** = કૂવો **ખને બિંનું** = ખોદ્યા સિવાય **નીર** = પાણી **ના પાઈએ** = પ્રાપ્ત થતું નથી, મેળવી શકાતું નથી **ખેતકી બીચ** = ખેતરની વચ્ચે **પાતાલ** = પાતાળમાં **કેરું** = નું **ફેર** = તેમ છતાં, પછીથી **નિજુ** = નીજુ, દોરડું, રસ્સી **વિના** = વગર **બહાર આવે નહીં** = બહાર આવતું નથી **નાજ** = અનાજ **ના હોય** = ના પાકે **કરત વેરું** = વેરવામાં આવે, ખેતરમાં છુટું છુટું કે વિખરાતું પડે એમ કરવું, વિખેરવું, રોપવું.

### અનુવાદ

**ખેતરની મધ્યે પાતાળમાં પાણી હોવા છતાં જો કૂવો ખોદવામાં ન આવે તો પાણી પ્રાપ્ત થતું નથી. વળી કૂવામાં પાણી હોવા છતાં દોરડાની મદદથી કોસ દ્વારા ખેંચ્યા સિવાય પાણી બહાર આવતું નથી અને ખેતરમાં ધરૂ (બિયારણ) રોપ્યા સિવાય અનાજ પાકતું નથી.**

### ભાવાર્થ

ખેતરની મધ્યે પાતાળમાં પાણીનો પ્રવાહ વહેતો હોવા છતાં કૂવો ખોદ્યા સિવાય ખેડૂતને પાણીની પ્રાપ્તિ થતી નથી. ત્યારપછી તે કૂવાના પાણીને દોરડાથી, કોસ કે રેંટ મારફતે પાણી બહાર કાઢ્યા સિવાય પાણી બહાર આવતું નથી. વળી ખેડૂત જો અનાજના ઘરુવાડિયું ગણાતા બિયારણને ખેતરમાં ચાસ પાડીને છુટું છુટું ન વાવે કે રોપે તોપણ અનાજનો પાક પાકતો નથી.

**પારસ પાયકે જન ભુખે મરે, લોહને લાયના આન્ય મેલે;**
**અલ્પ ઉદ્યમ સારુ રહે આલસી, ભોગવે દારિદ્ર સંગ ભેલે. ૩**

### શબ્દાર્થ

**પારસ** = પારસમણી જે લોખંડની ધાતુનો સ્પર્શ કરવાથી સોનામાં પરિવર્તન કરવાની શક્તિ ધરાવે છે **પાયકે** = પ્રાપ્ત કરીને **જન** = માણસ **ભુખે મરે** = ભૂખ્યો મરણ પામે **લોહને** = લોખંડને

**લાય** = લાવે **ના** = નહીં **આન્ય** = બીજી ધાતુ **મેલે** = અડકાડે, સ્પર્શ કરાવે **અલ્પ ઉદ્યમ** = થોડોક પુરુષાર્થ **સારુ** = માટે, વગર **રહે** = રહે **આલસી** = આળસુ **ભોગવે** = ભોગવે **દારિદ્ર** = ગરીબાઈ **સંગ ભેલે** = સાથે ભેગો.

## અનુવાદ

**પારસને પ્રાપ્ત કર્યા પછી માણસ ભૂખે મરે છે. કારણ કે અલ્પ પુરુષાર્થ કરવા માટે આળસુ થઈને લોખંડ લાવ્યા વગર અન્ય ધાતુનો સ્પર્શ કરાવે છે. તેથી અન્ય ભેગો તે પણ ગરીબાઈ ભોગવે છે.**

## ભાવાર્થ

કોઈ એક માણસને પારસમણિ પ્રાપ્ત થવા છતાં જો તે પારસમણિ સાથે લોખંડને લાવ્યા સિવાય અન્ય ધાતુનો સ્પર્શ કરાવે તો તે સોનામાં પરિવર્તિત થતું નથી, પરંતુ જો તે માનવ અલ્પ પુરુષાર્થ કરીને લોખંડ લાવે અને પછી તે લોખંડને પારસમણિ સાથે સ્પર્શ કરાવેતો તેનું દરિદ્રપણું ટળી જાય છે. આમ અલ્પ પરિશ્રમ કરવામાં આળસ રાખવાથી તે અન્ય વ્યક્તિઓની જેમ પોતે પણ ગરીબાઈથી પીડાય છે.

**જાનવી તીર કોઈવીર વાસોવસે, નેક બેઠો જઈ નીર આગે;**
**તાંહાંનો તાંહી મનમાંહી જલપ્યા કરે, બિન પાયે નવ પ્યાસ ભાગે. ૪**

### શબ્દાર્થ

**જાનવી** = નદી **તીર** = કિનારે **કોઈવીર** = કોઈ શક્તિશાળી પુરુષ **વાસોવસે** = મુકામ કરે, નિવાસ કરે **નેક** = નજીક **બેઠો** = બેઠો **જઈ** = જઈને **નીર આગે** = પાણીની આગળ **તાંહાંનો તાંહી** = ત્યાંનો ત્યાંજ **મનમાંહી** = મનમાં **જલપ્યા કરે** = જલ્પના કર્યા કરે **બિન પાયે** = પાણી પીધા વગર **નવ પ્યાસ ભાગે** = તેની તૃષા છીપતી નથી.

## અનુવાદ

**નદીના કિનારે કોઈ વીરપુરુષે મુકામ કર્યો હોય અને પોતે તે પાણીની**

**નજીક જઈને બેઠો છે. તે મનમાં પાણીની ઝંખના કરે, પરંતુ જયાં સુધી તે પરિશ્રમ દ્વારા પાણી પીતો નથી ત્યાં સુધી તેની તરસ છીપતી નથી.**

## ભાવાર્થ

નદીના કિનારે કોઈ વીર પુરુષ (યોદ્ધો) પોતનો મુકામ કરીને રહેતો હોય અને પોતે તરસ્યો હોઈ પાણીની નજીક જઈને બેઠો છે. ત્યારપછી તે પોતાના મનમાં પાણી પીવા માટેની જલ્પના કર્યા કરે છે. પરંતુ જો તે સામાન્ય પુરુષાર્થ જેવો કે પોતાના હાથ લાંબા કરીને ખોબામાં પાણી લઈને પીવે નહીં ત્યાં સુધી તે વીર પુરુષની તરસ છીપતી નથી.

**નાજ નારી નર કંચન પાવહી, જાંનવી નીરવે વીર તાંહી;**
**કહે કુવેર જો આદરે તો મીલે, ખુદ ઘર આદ્ય કિરતાર જાંહી. ૫**

### શબ્દાર્થ

**નાજ** = અનાજ **નારી** = અપ્સરા **નર** = માણસ **કંચન** = સોનું **પાવહી** = પ્રાપ્ત કરે **જાંનવી** = નદીનાં **નીરવે** = પાણીને **વીર** = વીરપુરુષ **તાંહી** = ત્યાં, જેમ **કહે કુવેર** = કુવેરસ્વામી કહે છે કે **જો** = જો **આદરે** = પુરુષાર્થ કરે **તો મીલે** = તો મળે **ખુદ ઘર** = મૂળવતન, ધામ **આદ્ય** = આદિ છે **કિરતાર** = સર્જનહાર **જાંહી** = જ્યાં બિરાજમાન છે.

## અનુવાદ

**અનાજ, અપ્સરા, સોનું અને નદીના કીનારે બેઠેલ વીર પુરુષને પાણી વગેરે પુરુષાર્થ કરવાથી જ પ્રાપ્ત થાય છે. કુવેરસ્વામી કહે છે કે તે પ્રમાણે જો પુરુષાર્થ કરવામાં આવે તો આદ્ય કૈવલકર્તાનું ધામ પણ પ્રાપ્ત થઈ શકે.**

## ભાવાર્થ

અગાઉ દર્શાવ્યા મુજબ ખેડુતને અનાજ, પારસમણિને પ્રાપ્ત કરનાર વ્યક્તિને સોનું, યોદ્ધાને અપ્સરા અને નદીને કિનારે બેઠેલો વીર પુરુષને પાણી જો આદરરૂપ પુરુષાર્થ કરે તો જ પ્રાપ્ત થતું હોય છે. કુવેરસ્વામી કહે છે કે આ જ રીતે જો

મુમુક્ષુ નિશ્ચયપૂર્વક તેમણા શરણે ગયા પછી આજ્ઞા મુજબનો પુરુષાર્થ કરે તો તે સર્જનહારના કૈવલધામ કે જ્યાં સર્જનહાર પોતે બિરાજમાન છે, ત્યાં જઈ શકે.

**(સાખી)**

**બુટ્ટી હોત રસાયણી, કરે ઘાતકો હીમ;**
**જીવ મટીને શીવ કરે, તેમ આંહાં આદર ઈમ. ૬**

**શબ્દાર્થ**

**બુટ્ટી** = જડી બુટ્ટી **હોત** = હોય **રસાયણી** = રસાયણવાળી **કરે** = કરે છે **ઘાતકી** = ધાતુને **હીમ** = સોનું **જીવ મટીને** = જીવદશા દૂર કરીને **શીવ કરે** = શિવદશામાં પરિવર્તિત કરે **તેમ** = તેવી જ રીતે **આંહાં** = અહીંયાં **આદર** = પુરુષાર્થ **ઈમ** = તે પ્રમાણે, એમા, એમ.

**અનુવાદ**

**જેમ રસાયણયુક્ત જડીબુટ્ટી ધાતુને સોનું બનાવે છે તેમ અહીં પુરુષાર્થ અજ્ઞાન દશા નષ્ટ કરીને જ્ઞાન દશાવાળા કરે છે.**

**ભાવાર્થ**

જેમ કોઈ રસાયણી જડીબુટ્ટી ધાતુમાં મેળવી તેને પુરુષાર્થ દ્વારા અગ્નિમાં તપાવવાથી ધાતુમાંથી પરિવર્તિત કરી સોનું બનાવી શકાય છે. તે જ પ્રમાણે અહીંયાં સંસારમાં જીવદશાવાળા અજ્ઞાની જીવો કુવેરસ્વામી દ્વારા દર્શાવ્યા મુજબનો પુરુષાર્થ કરે તો જરૂર શિવદશાવાળા જ્ઞાની પુરુષ બની શકે છે.

**સકલ કલપના તજ રજ, ભજ મન આતમ ઈશ;**
**એક ઈષ્ટ અનુભવ સબે, વસ્તુ વસવા વીશ. ૭**

**શબ્દાર્થ**

**સકલ** = બધી, સર્વ **કલપના** = કલ્પના, મનમાં ઊઠવી, સંકલ્પો, તરંગો **તજ રજ** = જરાકપણ રહેવા પામે નહીં તે રીતે ત્યજીને **ભજ** = ભક્તિ કર **મન** = મનથી **આતમ** = અંશ **ઈશ** = અંશી

**એક** = એક **ઈષ્ટ** = દૃષ્ટિ, ઈષ્ટ **અનુભવ સબે** = અનુભવથી બધું જ **વસ્તુ** = મુદ્દો **વસવા વીશ** = વીસે વીસ આની, સોએ સો ટકા, સંપૂર્ણ.

## અનુવાદ

**હે મન ! બધી કલ્પનાઓને ધરમૂળથી દૂર કરી માત્ર અંશ જેની સજાતિનો છે એવા અંશીનું ભજન સ્મરણ કર. માત્ર એક જ ઈષ્ટનો અનુભવ જ વસ્તુરૂપે સંપૂર્ણ છે.**

## ભાવાર્થ

તેટલા માટે જ મનઅંતઃકરણમાં પેદા થતી કલ્પનાઓ અને તંરગોને એવી રીતે ત્યજી દેવા જોઈએ કે, તે સૂક્ષ્મ સ્વરૂપે પણ રહેવા પામે નહીં. અર્થાત્ સંપૂર્ણ રીતે ત્યજી દેવા જોઈએ, જેથી જરાપણ રહેવા પામે નહીં. ત્યારપછી અંશ જેનો સજાતિય છે. એવા અંશી સર્જનહારનું અંશભાવે ભજન સ્મરણ કરવું જોઈએ. જેથી માત્ર સારરૂપ જગતના સર્જનહાર અંશીનો સર્વ પ્રકારે અનુભવ થશે એ સો એ સો ટકા સત્ય છે. અને અંશનો કર્તા સાથેનો અનુભવ જ વસ્તુ રૂપે સંપૂર્ણ છે.

# અંગ ૩૮
# અતિ આદરકો

**આદર સો કર બાધ રહો મન, હાર પામશે નહીં હીજ હોઈ;**
**જો કછુ હોય તો આદરસે મીલે, બીન આદર ના હોય કાંઈ. ૧**

### શબ્દાર્થ

**આદર** = પુરુષાર્થ **સો કર** = એવો કરો કે **બાધ** = વાંધો, વિરોધ, વિઘ્ન, અડચણ પીડા **રહો** = રહે **મન** = મન અંતઃકરણ **હાર પામશે** = હાર પામશે **નહીં** = નહીં **હીજ** = જીત **હોઈ** = થાય **જો કછુ** = જો કશું કાર્ય **હોય તો** = કરવું હોય તો **આદરસે** = પુરુષાર્થથી **મીલે** = મળે છે, પ્રાપ્ત થાય છે **બીન આદર** = પુરુષાર્થ વગર **ના હોય કાંઈ** = કાંઈ થાય નહીં.

### અનુવાદ

**મનમાં કોઈ અવરોધ પેદા ન થાય તેવો પુરુષાર્થ કરવો જોઈએ. જેથી કદી હાર પમાશે નહીં, પરંતુ જીત જ થશે. જો કંઈ પણ પ્રાપ્ત કરવું હોય તો પુરુષાર્થથી મેળવી શકાય. પુરુષાર્થ કર્યા સિવાય કશું જ થતું નથી.**

### ભાવાર્થ

સંસારમાં મનુષ્યએ એવો પુરુષાર્થ કરવો જોઈએ કે જેથી મનમાં કોઈ વિરોધાભાસ ઊભો ન થાય. એટલે કે મનને કોઈ પીડા કે અડચણ ઊભી ન થાય. જો આ પ્રમાણેનો પુરુષાર્થ કરવામાં આવશે તો સદાને માટે કાર્યની ફળશ્રુતિનો હકારાત્મક અનુભવ થશે. જેથી ક્યારેય કોઈ પણ કાર્યમાં હાર પમાશે નહીં. આમ કંઈ પણ પ્રાપ્ત કરવું હોય અથવા કોઈ પણ કાર્ય કરવું હોય તો પુરુષાર્થ કરવો જરૂરી છે. પુરુષાર્થ વગર કશું જ શક્ય નથી.

**આદરી અવની પર ઈંદ્ર વરસ્યા કરે, નિપજે ખેત વનરાય ખીલે;**
**સુર ઉદ્યોત તે આદરીને કરે, તેજ પ્રકાશ હોત તીમ્ર વીલે. ૨**

### શબ્દાર્થ

**આદરી** = પુરુષાર્થ કરીને **અવની પર** = પૃથ્વી પર **ઈંદ્ર** = ઈન્દ્રદેવ **વરસ્યા કરે** = વરસાદ વરસાવે **નિપજે** = નિપજવું, ઉપજવું, પેદાશ થવી **ખેત** = ખેતરમાં **વનરાય** = વનસ્પતિ **ખીલે** = ખીલી ઊઠે, પલ્લવિત થાય **સુર** = સૂર્યદેવ **ઉદ્યોત** = પ્રકાશ **તે** = તે **આદરીને કરે** = પુરુષાર્થ થકી કરે **તેજ** = તે **પ્રકાશ** = પ્રકાશની જ **હોત** = હોય છે **તીમ્ર** = તિમિર, અંધકાર **વીલે** = વિલીન, નાશ.

### અનુવાદ

**ઈન્દ્ર પોતે પુરુષાર્થ કરીને પૃથ્વી ઉપર વરસાદ વરસાવે છે. જેથી ખેતરોમાં અનાજ અને વનસ્પતિ ખીલી ઊઠે છે. વળી સૂર્ય પુરુષાર્થ થકી જ પ્રકાશ કરે છે અને તે પ્રકાશથી અંધકાર નષ્ટ થાય છે.**

### ભાવાર્થ

દેવતાઓ પણ સર્જનહારના સોંપેલા કાર્યો પુરુષાર્થ થકી પોતાની વિભૂતિને અનુરૂપ કરતા હોય છે. જેમકે ઈન્દ્રદેવ સ્વર્ગલોકના સ્વામી છે. તેઓ પૃથ્વી પર પોતાની જવાબદારી નિભાવવા વરસાદ વરસાવે છે. તે પણ તેમના પુરુષાર્થ વડે જ કાર્ય કરે છે. તે વરસાદથી જ ખેતરોમાં ખેતપેદાશ થાય છે અને પૃથ્વી પર અઢાર ભાર વનસ્પતિ ઊગી નીકળે છે.

તે જ રીતે સૂર્યદેવ પણ સૂર્યલોકનાં સ્વામી છે. તેઓ પણ પુરુષાર્થ થકી પોતાની જવાબદારી નિભાવવા પ્રકાશ ફેલાવે છે. જેનાથી અંધકારનો નાશ થાય છે.

**લેઈ કિરતાર અવતાર અવની પર, સહાદર સરવનું કામ કીધુ;**
**દુષ્ટ સંહારીને દાસ નિવારીયા, આદરે ગોરસ ઝહેર પીધું. ૩**

### શબ્દાર્થ

**લેઈ** = લઈને **કિરતાર** = વિષ્ણુદેવ **અવતાર** = અવતરણ, જન્મ **અવની પર** = પૃથ્વી પર **સહાદર** = સહાયક થઈને **સરવનું** = સર્વનું **કામ કીધું** = કામો કર્યા **દુષ્ટ** = દૈત્યો, દુષ્ટો **સંહારીને** = નાશ કરીને **દાસ** = દાસ, ભક્તો **નિવારીયા** = બચાવ્યા **આદરે** = પુરુષાર્થથી **ગોરસ** = માખણ **ઝહેર** = ઝેર સમુદ્રમંથનમાંથી નિકળેલ ચૌદ રત્નો પૈકીનું એક **પીધું** = પીધું.

## અનુવાદ

**વિષ્ણુએ પૃથ્વી પર અવતાર ધારણ કરીને સર્વ કાર્યો સહાયક બનીને કર્યાં છે. જેમાં દુષ્ટોનો સંહાર કરી ભક્તોને બચાવ્યા છે. વળી પુરુષાર્થથી માખણ પણ ખાધું અને ઝેર પણ પીધું છે.**

## ભાવાર્થ

પૃથ્વી પર વિષ્ણુદેવના દશ અવતાર થયા છે. તેમનું કાર્ય સર્જનહારે સોપેલું પાલનપોષણ કરવાનું છે. તે જવાબદારી નિભાવવા તેઓ પૃથ્વી પર યુગે-યુગે જન્મ લે છે. અને અસુરોનો સંહાર કરીને સહાયક તરીકે પોતાના ભક્તોનાં ઘણાં કામો કરે છે. આમ અધર્મનો નાશ અને ધર્મનું સ્થાપન કરે છે. અયોધ્યામાં દશરથ રાજાને ઘરે જન્મ લઈ શ્રીરામના અવતારે ઘણાં દૈત્યોનો નાશ કરીને પોતાના ભક્તોને તેમના ત્રાસમાંથી મુક્ત કર્યા છે.

મથુરામાં વાસુદેવને ઘરે જન્મ લઈને શ્રીકૃષ્ણના અવતારે પણ ગોકુળમાં નંદ બાવાના ઘરે મોટા થઈને ગોપીઓનાં માખણ ખાધાં અને મીરાબાંઈનું ઝેર પણ પીધું હતું.

**સરજન એકની જીવ જાતી સહુ, બ્રહ્મ તે ભીન નહીં ન્યુન કોની;**
**કોટી અનંત વિષ્ણુ ભયે આદરી, નાદરી તે રહ્યા જીવ જોની. ૪**

## શબ્દાર્થ

**સરજન** = ઉત્પત્તિ **એકની** = એક જ સર્જનહારની **જીવ જાતી** = જીવોની જાતિ **સહુ** = સર્વ **બ્રહ્મ** = બ્રહ્મ **તે** = તે **ભીન નહીં** = તેમાંથી ભિન્ન, જુદા નથી **ન્યુન** = નાના, અલ્પ **કોની** = કોઈ **કોટી** = પ્રકાર **અનંત** = અનેક **વિષ્ણુ ભયે** = વૈષ્ણવો થયા **આદરી** = પુરુષાર્થ થકી **નાદરી** = જેને પુરુષાર્થ કર્યો જ નથી **તે** = તે **રહ્યા** = રહ્યા **જીવ જોની** = જીવ યોનિમાં જ, જીવદશાવાળા.

## અનુવાદ

**એક જ સર્જનહારની ઉત્પત્તિમાં સર્વ જાતીના જીવોનો સમાવેશ થાય છે. તેમાં નાનાથી લઈ મોટા બ્રહ્મ સુધીના ઘાટોમાં કોઈ જુદો નથી. પુરુષાર્થથી**

**અનંત પ્રકારના વૈષ્ણવ થયા જેણે પુરુષાર્થ ન કર્યા તે જીવદશામાં જ રહ્યા.**

## ભાવાર્થ

બ્રહ્માંડમાં જે કોઈ ઉત્પત્તિ છે તે એક જ સર્જનહાર દ્વારા કરવામાં આવી છે. તેમાં અનેક પ્રકારની જીવ જાતિ રહેલી છે. વિશાળ બ્રહ્મની આદ્ય લઈ અલ્પ જીવોનો પણ તેમાં સમાવેશ થાય છે. વિવિધ પ્રકારનાં જીવો પૈકી જે જીવોએ પુરુષાર્થ થકી વિષ્ણુની ભક્તિ કરી તેમણે વૈષ્ણવ બનીને વૈકુંઠમાં સ્થાન લીધું છે. જ્યારે બાકીના જીવો કે જેને ભક્તિનો પુરુષાર્થ કર્યા નથી તે જીવદશા પ્રાપ્ત કરીને અહીંના અહીંજ ભટકતાં રહ્યાં છે.

**આદરે શક્તિ સ્વરુપથી દેહ ધરે, ત્રિગુણ તે સ્થકી કાજ માંહી;**
**કહે કુવેર સહુ આદર તે હવું, આદર સો બડી વસ્ત કાંહી. ૫**

### શબ્દાર્થ

**આદરે** = પુરુષાર્થ થકી **શક્તિ** = આદ્યશક્તિ, મહંમાયા **સ્વરૂપથી દેહ ધરે** = પોતાના સ્વરૂપથી દેહ ધારણ કરે છે **ત્રિગુણ** = ત્રણ ગુણ **તે સ્થકી** = તેમના થકી જ **કાજ** = કાર્યરૂપે **માંહી** = તેમાં **કહે કુવેર** = કુવેરસ્વામી કહે છે કે **સહુ** = સર્વ **આદર** = પુરુષાર્થ **તે હવું** = થી થયું **આદર સો** = પુરુષાર્થથી **બડી** = મોટી **વસ્ત કાંહી** = વસ્તુ ક્યાંથી હોય.

## અનુવાદ

**શક્તિના પુરુષાર્થથી કાર્યરૂપે સંસારમાં ત્રણ દેહધારી ગુણ થયા. કુવેરસ્વામી કહે છે કે એ બધું પુરુષાર્થથી જ થયેલું છે. આમ પુરુષાર્થથી બીજી કોઈ મોટી વસ્તુ ક્યાંથી હોય ?**

## ભાવાર્થ

વૈરાટ તરીકે ગણાતા આ મહામંડ ઈંડમાં સૃષ્ટિનો ક્રમ જોતાં જણાય છે કે સૃષ્ટિની શરૂઆત જ્યોતિ સ્વરૂપ નિરંજન અને આદ્યશક્તિના પુરુષાર્થથી થયેલી છે. ઘણા તેમને આદમ અને ઈવ પણ કહે છે. આદ્યશક્તિના પુરુષાર્થથી દેહ

ધારણ કરેલ ત્રણ ગુણની ઉત્પત્તિ થઈ છે. જેમાં બ્રહ્માજી સૃષ્ટિના પ્રસારનું કાર્ય, વિષ્ણુ સૃષ્ટિનાં પાલનપોષણનું કાર્ય અને શંકરને સૃષ્ટિના સંહારનું કાર્ય સોંપવામાં આવ્યું છે. આ સઘળાં કાર્યો પુરુષાર્થ થકી જ થતાં હોય છે. આમ કુવેરસ્વામી કહે છે કે પુરુષાર્થ સિવાય બીજી કોઈ મોટી વસ્તુ નથી.

**(સાખી)**

**સાવધાન થઈ શુદ્ધ મને, અવિગતસે રત લાય;**
**કબહુક ગુરુ કીરપા કરે, દેહે પરમપદ પાય. ૬**

**શબ્દાર્થ**

**સાવધાન થઈ** = ખૂબ જ, સતર્ક બનીને, સાવચેત થઈને **શુદ્ધ મને** = શુદ્ધ મનથી, નિર્મળ મનથી **અવિગતસે** = અવિગત કે જેની વિગત જગત જાણી શક્યું નથી તેવા પદ સાથે **રત** = પ્રીતિ, આરત, ભાવ **લાય** = લાવ **કબહુક** = ક્યારેક, કોઈ કારણ, વસાત **ગુરુ** = ગુરુદેવ **કીરપા કરે** = કૃપા કરે **દેહે** = આ શરીરે, ઘાટે **પરમપદ** = પરમ, શ્રેષ્ઠ પદ **પાય** = પ્રાપ્ત કરે, પ્રાપ્તિ થાય.

**અનુવાદ**

**સાવચેતી રાખીને નિર્મળ અને અવિગત પદમાં પ્રીતિ લાવો. આમ કરવાથી કોઈ કારણવસાત્ ક્યારેક ગુરુકૃપા કરે તો અંશને (આ જન્મે) પરમપદ પ્રાપ્ત થાય છે.**

**ભાવાર્થ**

ધર્મમાર્ગમાં અનેક પ્રકારના મત મતાંતરો પ્રસ્થાપિત થયેલા છે. જેમાં તેત્રીસ કરોડ દેવો અને નવ કરોડ દેવીઓ સહિત દેહધારી મહાપુરુષોનો પ્રભાવ ધર્મ જગતમાં વિશેષ વ્યાપેલો છે. વળી અંતરિક્ષના દૈવી ધામોની પ્રાપ્તિ અંગે ચાર પ્રકારની મુક્તિની ઘેલછામાં કર્મકાંડી પ્રવૃત્તિઓએ ખૂબ જ જોર પકડેલું છે. આવી વિકટ પરિસ્થિતિમાં ખૂબ જ સાવચેતી રાખવાની જરૂર છે. ખૂબ જ સતર્ક બનીને શુદ્ધ મનથી સગુણ અને નિર્ગુણ બ્રહ્મથી પર રહેલ અવિગત કૈવલકર્તાના પદમાં જ પ્રીતિ રાખીને વૃત્તિને અન્યત્ર ભટકતાં રોકીને પરમપદમાં સ્થિર કરવી જોઈએ.

કર્તાને મળવાના વિરહના વિરહાગ્નિનાં બળતા મુમુક્ષુની સ્થિતિને નિહાળીને દિવ્ય પરમગુરુ જો કૃપા કરે તો જરૂર આ દેહે જ પરમપદની પ્રાપ્તિ શક્ય બને છે. બ્રહ્માંડમાં તેઓ જ એકમાત્ર આ પરમપદની બક્ષિસ કરવા માટે અધિકારી હોવાથી તેમની કૃપા પ્રાપ્ત કરવા યોગ્ય પુરુષાર્થ કરવો જરૂરી છે.

**આપા પર મેરી મીટે, ઉપજે અનુરધ જ્ઞાન;**
**ફેરી મીલન મન મોદના, જાન બુજ અવિલાન. ૭**

**શબ્દાર્થ**

**આપા** = પોતાપણું, દેહપણું **પર** = પર **મેરી** = મારાપણું **મીટે** = દૂર થાય, નષ્ટ થાય **ઉપજે** = ઉત્પન્ન થાય, પેદા થાય **અનુરધ** = અનહદ અવિરત ધારા **જ્ઞાન** = જ્ઞાનની **ફેરી** = પછીથી, હવે પછી **મીલન** = મળવાની **મન** = મનમાં **મોદના** = આનંદમાં **જાન** = જાણીને, સમજીને **બુજ** = જો, તપાસ **અવિલાન** = અવલોકન કરીને.

**અનુવાદ**

**દેહ પ્રત્યે મારાપણું નષ્ટ કરીશ તો જ્ઞાનની અવિરત ધારા પેદા થશે. જ્ઞાનથી સમજીને અવલોકન દ્વારા તપાસ્યા પછી એવા સર્જનહારને મેળવવાનો ભાવ થશે તો મનમાં આનંદ થશે.**

**ભાવાર્થ**

જો માનવી પોતાના દેહ પ્રત્યે દેહપણું રાખીને જીવે છે તે મારાપણાની વૃત્તિ છે. જો તે વૃત્તિ દૂર થઈ જાય પછી માત્ર ચૈતન અંશ ભાવે જ પ્રવૃત્તિ કરવામાં આવે તો તેવા પવિત્ર હૃદયમાં ગુરુદેવ જ્ઞાનની અવિરત ધારા વહેવડાવે છે. આવા જ્ઞાનને અંતરમાં ઉતારીને સમજી તથા બુદ્ધિપૂર્વક અવલોકન દ્વારા તપાસતાં નક્કી થાય કે માનવીએ સંસારમાં શાશ્વત પરમપદ સિવાય અન્ય કાંઈ નાશવંત ભૌતિક પદાર્થો મેળવવાની જરૂર નથી. માત્ર સર્જનહારને મળવા માટેનો મનમાં ઉમંગ અને હૃદયમાં વિરહની વેદના પેદા થાય ત્યારે ભક્તની એવી સ્થિતિ નિહાળીને ગુરુદેવ જરૂર કૃપા કરે છે.

# અંગ ૩૯
# બ્રહ્મ મિલન આદરકો

**આદરે ધાત પાષાણકી મુરતી, સેવતાં સેવતાં દેવ જોઈ;**
**આદરે ઈક્ષુક કૌશની હોત હે, આદરે ભ્રાટની બીંગ હોઈ. ૧**

### શબ્દાર્થ

**આદરે** = પુરુષાર્થથી **ધાત** = ધાતુની **પાષાણકી** = પથ્થરની **મુરતી** = મૂર્તિ સેવતાં **સેવતાં** = સેવા પૂજા કરતાં કરતાં **દેવ** = દેવનું સ્વરૂપ **જોઈ** = દેખાય છે, દર્શન થાય છે **આદરે** = પુરુષાર્થથી **ઈક્ષુક** = શેરડીના જેવા સ્વાદવાળું, એક જાતનું ઝાડ, શેરડી **કૌશની** = દાભ, દર્ભની, એક જાતની શેરડી **હોત હે** = થાય છે **આદરે** = પુરુષાર્થથી **ભ્રાટની** = ભોટિંગડીની **બીંગ** = રીંગણી **હોઈ** = થાય છે.

### અનુવાદ

**પુરુષાર્થથી ધાતુ કે પથ્થરની મૂર્તિની સેવા કરતાં કરતાં તેમાં દેવ સ્વરૂપનાં દર્શન થાય છે. પુરુષાર્થ કરવાથી દર્ભની શેરડી બનાવી શકાય છે અને પુરુષાર્થથી ભોટિંગડીની રીંગણી બનાવાય છે.**

### ભાવાર્થ

ભક્તની પોતાના ઈષ્ટદેવ પ્રત્યે અપાર શ્રદ્ધા અને દશધા પ્રેમલક્ષણા ભક્તિના પુરુષાર્થથી ધાતુ કે પથ્થરની મૂર્તિની સેવા પૂજા કરતાં કરતાં લાંબાગાળે તે ભક્તને તે મૂર્તિમાં દેવના પ્રત્યક્ષ સ્વરૂપનાં દર્શન થાય છે. ખેડૂત સતત પુરુષાર્થથી (સંવર્ધન) કલમ કરીને કુશ એટલે કે દર્ભના (છોડ) સાંઠામાંથી શેરડીનું સ્વરૂપ અને ભોટિંગડી જેવા જંગલી છોડમાંથી રીંગણીનું સ્વરૂપ બનાવે છે.

**આદરે કાષ્ટથી હોત હુતાશન, આદરે તક્ર પર તુપ પાવે;**
**આદરે ભોમીના ભાજન નીપજે, લેઈ ભરે નીર માંહી ખાન ખાવે. ૨**

### શબ્દાર્થ

**આદરે** = પુરુષાર્થથી **કાષ્ટથી** = લાકડામાંથી **હોત** = થાય છે **હુતાશન** = અગ્નિ **આદરે** = પુરુષાર્થથી **તક્ર** = છાસ **પર** = ઉપર **તુપ** = ઘી **પાવે** = પ્રાપ્ત કરાય **આદરે** = પુરુષાર્થથી **ભોમીના** = પૃથ્વીના માટીમાંથી **ભાજન** = વાસણો **નીપજે** = બનાવી શકાય, ઉત્પન્ન કરાય **લેઈ ભરે** = લઈને ભરાય **નીર** = પાણી **માંહી** = અંદર **ખાન** = ખાવાનો ખોરાક **ખાવે** = ખવાય છે.

## અનુવાદ

**પુરુષાર્થથી લાકડામાં અગ્નિ પ્રગટે છે, પુરુષાર્થથી છાશમાંથી ઘી પ્રાપ્ત થાય છે. પુરુષાર્થથી માટીમાંથી પાત્રો બને છે જેમાં પાણી ભરાય અને જમવાના ઉપયોગમાં પણ આવે છે.**

## ભાવાર્થ

પુરુષાર્થથી વૈદિક બ્રાહ્મણો અને જ્ઞાનાદિક યોગીઓ અગ્નિકુંડમાં લાકડાના ઘર્ષણથી હવન માટેનો અગ્નિ પ્રગટાવે છે. ઢોર ઉછેર કરવાવાળા ખેડૂતોના પુરુષાર્થથી દૂધનું દહીં બનાવીને વલોણું કરે છે અને તેમાંથી છાશ, માખણ અને ઘી પ્રાપ્ત કરે છે. જ્યારે પ્રજાપતિ પુરુષાર્થ કરીને માટીને ગૂંદીને લોંદો બનાવી ચાકડા ઉપર ચઢાવીને વિવિધ પ્રકારના પાત્રો બનાવી નિભાડામાં પકવે છે. આવા માટીના વાસણો (પાત્રો) માનવીના રોજબરોજનાં વ્યવહારમાં પાણી ભરવા તેમજ રસોઈ બનાવવા અને જમવાના ઉપયોગમાં આવે છે.

**આદરે બાગ વાડી બગીચા બને, વાપીને કુપ ગોડે તલાઈ;**
**અડસઢ તીરથ આદરે તો કરે, દુરથે સજ્જન જઈ મેલાઈ. ૩**

### શબ્દાર્થ

**આદરે** = પુરુષાર્થથી **બાગ** = ફૂલ, ઝાડ રોપીને બનાવેલ ઉદ્યાન, વાટિકા **વાડી** = ઘર આંગણે ફુલ ઝાડની જગ્યા **બગીચા** = જાહેર પ્રજા માટે ફૂલો, ફળોના છોડથી સુંદર રીતે સુશોભિત બનાવેલ જાહેર સ્થળ **બને** = બને છે **વાપી** = વાવ, પાણી લેવા અંદર ઉતરવાના પગથિયાંવાળો કુવો **ને** = અને **કુપ** = પગથિયાં વિનાનો સાંકડો, ગોળ ઊંડો કુવો, ખાડો **ગોડે** = ખોદે **તલાઈ** = તળાવ, ખોદીને તૈયાર કરવામાં આવેલું યા કુદરતી પહોળા ખાડાના રૂપનું નાનું જળાશય **અડસઢ તીરથ** = દરેક તીર્થની જાત્રા

કરવી **આદરે** = પુરુષાર્થ **તો કરે** = કરે તો થાય, કરાય **દુરથે** = દૂર રહેલા **સજ્જન** = સગાં, સ્નેહી, સંબંધી **જઈ** = જઈને **મેલાઈ** = મેળાપ કરી શકાય, મળી શકાય, ભેગા થવાય.

## અનુવાદ

**પુરુષાર્થ કરવાથી બાગ, વાડી અને બગીચા બનાવી શકાય છે. વાવ, કૂવા અને તળાવનું ખોદકામ પુરુષાર્થથી જ થઈ શકે છે. પુરુષાર્થ કરનાર અડસઠ તીર્થની યાત્રા કરી શકે છે અને પુરુષાર્થ કરવાથી દૂર રહેલા સ્નેહીજનોને જઈને મળી શકાય છે.**

## ભાવાર્થ

માળી પોતાના અથાક પુરુષાર્થથી બાગ, વાડી અને બગીચાઓ બનાવે છે. મજૂરો પોતાના અથાક પુરુષાર્થથી ખોદકામ કરીને વાવ, કૂવો અને તળાવોનું નિર્માણ કરે છે. એ જ રીતે ભક્તના પુરુષાર્થ થકી અડસઢ તીર્થની યાત્રા પણ કરી શકે છે. તદ્ઉપરાંત પુરુષાર્થ કરવાથી ગમે તેટલા દૂર પોતાના સગાંસ્નેહી રહેતા હોય તો તેમને જઈને મળી શકાય છે.

**ખાવતાં આદર પીવતાં આદર, આદરે હાલને ચાલ હોઈ;**
**કામને કાજ સહુ સાજ તે આદરે, આદરે ઉદ્યમ સરવ કોઈ. ૪**

### શબ્દાર્થ

**ખાવતાં** = ખાતાં **આદર** = પુરુષાર્થ **પીવતાં** = પીતાં **આદર** = પુરુષાર્થ **આદરે** = પુરુષાર્થ કરતાં **હાલને ચાલ** = હલન ચલન **હોઈ** = થાય છે **કામને કાજ** = કામકાજમાં **સહુ** = સહુ બધું **સાજ** = સરસામાન, જરૂરી વસ્તુઓ **તે** = તે **આદરે** = પુરુષાર્થથી **આદરે** = પુરુષાર્થથી **ઉદ્યમ** = ધંધાઓ **સરવ** = દરેક પ્રકારના **કોઈ** = કોઈ (**સરવ કોઈ** = દરેક વ્યક્તિ).

## અનુવાદ

**ખાવાનું પણ પુરુષાર્થથી અને પીવાનું પણ પુરુષાર્થથી જ થાય છે. પુરુષાર્થથી હલનચલનની ક્રિયા થઈ શકે છે. વળી કામકાજથી માંડીને સર્વ**

**વસ્તુની પ્રાપ્તિ પુરુષાર્થથી જ થાય છે. આ પ્રમાણે પુરુષાર્થથી દરેક પ્રકારના ધંધા-વેપાર થાય છે.**

## ભાવાર્થ

કોઈ પણ ખોરાક ખાવાની ક્રિયા અને પ્રવાહી પીવાની ક્રિયા પુરુષાર્થથી જ થાય છે. વળી રોજબરોજના કામકાજ અને જરૂરિયાતવાળી વસ્તુઓની ખરીદી પણ પુરુષાર્થ કરવાથી થાય છે. વળી ધનની પ્રાપ્તિ અર્થે કરવામાં આવતા વેપાર-વાણીજ્યના કાર્યો પણ પુરુષાર્થ થકી જ થાય છે. આ રીતે સંસારમાં વ્યાવહારિક, સામાજિક, ધાર્મિક કે બીજી નાની-મોટી દરેક ક્રિયાઓ પુરુષાર્થથી જ થતી હોય છે.

**આદરે જક્તનો ભક્ત સહુકો કહે, આદરે જીવનો શીવ થાવે;**
**કહે કુવેર એ આદર આગવો, નિજપતિ પરમ સે જઈ મેલાવે. ૫**

### શબ્દાર્થ

**આદરે** = પુરુષાર્થથી **જક્તનો** = જગતનો **ભક્ત** = ભક્ત **સહુકો કહે** = સૌ કોઈ કહે છે **આદરે** = પુરુષાર્થથી **જીવનો** = જીવદશામાંથી **શીવ** = શીવદશાવાળો **થાવે** = થઈ શકે છે **કહે કુવેર** = કુવેરસ્વામી, કહે છે કે **એ** = એ **આદર** = પુરુષાર્થ **આગવો** = અલગ, ઈલાયદો, અગ્રણી, અગ્રેસર-મુખ્ય **નિજપતિ** = પરમપિતા, નિજકર્તા **પરમસે** = પરમ શ્રેષ્ઠ સાથે, પરમ સાથે **જઈ** = જઈને **મેલાવે** = મેળાપ કરાવે.

## અનુવાદ

**પુરુષાર્થ કરવાથી જગતમાં ભક્ત કહાવે છે. પુરુષાર્થથી જીવનો શીવ થાય છે. કુવેરસ્વામી કહે છે કે આમાં એક જ અગ્રણી પુરુષાર્થ છે કે જે, નિજપતિના પરમપદ સાથે જઈને મેળાપ કરાવે છે.**

## ભાવાર્થ

સંસારમાં સામાન્ય મનુષ્ય પોતાનું જીવન વૈરાગપૂર્ણ રીતે જીવીને પુરુષાર્થ થકી પોતાના ઈષ્ટદેવની સેવામાં સદાને માટે મગ્ન રહેતા હોય છે. તેવા માનવો

જગતમાં ભક્ત તરીકે ખ્યાતિ પામે છે. વળી પુરુષાર્થથી જીવદશા ભોગવનાર ઉર્ધ્વગતિ પામીને શીવદશાવાળા બને છે. કુવેરસ્વામી કહે છે કે સર્વ પ્રકારના પુરુષાર્થમાં અગ્રેસર યાને ઉત્તમ પુરુષાર્થ એ છે કે જે અંશને પોતાના નિજપતિ, પરમ શ્રેષ્ઠ કૈવલકર્તા અંશી સાથે મેળાપ કરાવી આપે છે.

(સાખી)

**હલન ચલન જે જે રુચી, સહુ આદર તે હોય;**
**તા તે તું આદર કર, પ્રભુપદ પાવે સોય. ૬**

શબ્દાર્થ

**હલન ચલન** = હાલવું, ચાલવું **જે જે** = જે જે **રુચી** = ઈચ્છા મુજબનું **સહુ** = સર્વ **આદર તે** = પુરુષાર્થ થકી **હોય** = થાય **તા તે** = માટે **તું** = તું **આદર કર** = પુરુષાર્થ કર **પ્રભુપદ** = પ્રભુનું પરમપદ **પાવે** = પ્રાપ્ત કરાય **સોય** = પણ.

## અનુવાદ

**ઈચ્છા મુજબ હાલવું ચાલવું તે સર્વ પુરુષાર્થ થકી જ થાય છે. માટે તું પુરુષાર્થ કર તો પ્રભુપદની પ્રાપ્તિ પણ થઈ શકે.**

## ભાવાર્થ

મન અંતઃકરણ ગમે તે કાર્ય કરવા માટે કલ્પના કરે અને તેની હાલવા ચાલવાની ઈચ્છા હોવા છતાં પુરુષાર્થ વગર તે શક્ય નથી. એટલે કે, સર્વ ક્રિયા પુરુષાર્થ થકી જ થતી હોય છે. માટે કુવેરસ્વામી અહીં સાંકેતિક ભાષામાં જણાવે છે કે જો અંશ ભાવે ઉત્તમ પ્રકારનો પુરુષાર્થ કરવામાં આવે તો જરૂર પરમપદની પ્રાપ્તિ પણ થઈ શકે છે.

**આપ રહિત નિજપતિનસે, દ્વૈત સહિત ચીત્ત ચાહાય;**
**ભીન્ન રહ્યા પણ લીનસા, નીરખ નિરંતર તાય. ૭**

## શબ્દાર્થ

**આપ રહિત** = આ નાશવંત દેહથી, પર રહીને, દેહભાવ ત્યજીને **નિજપતિનસે** = નિજપતિની સાથે **દ્વૈત સહિત** = દ્વૈત રૂપે રહીને **ચીત્ત** = ચિત્ત અંતઃકરણથી **ચાહાય** = ચાહના કરી, ચિત્તનું જોડાણ કરો **ભીન્ન રહ્યા** = જુદા ભલે રહ્યા **પણ** = પણ **લીનસા** = તલ્લીન, રહીને ઓતપ્રોત થઈને, અલગ અલગ વૃત્તિને જોડીને **નીરખ** = નિરખવા, નિહાળવા, નિરીક્ષણ કરવું **નિરંતર** = અંતરરહિત, સદાને માટે, એકપળ પણ દૂર થયા વિના **તાય** = પિતા સાથે, તેમને.

## અનુવાદ

**દેહભાવ ત્યજીને દ્વૈત રૂપે રહી નિજપતિની ચિત્તથી ચાહના કરો. આ પ્રમાણે જુદા રહેવા છતાં પણ ઓતપ્રોત થઈને અહર્નિશ પિતાનું જ નિરીક્ષણ કરવું જોઈએ.**

## ભાવાર્થ

અહીં ઉત્તમ પ્રકારના પુરુષાર્થની પરમશ્રેષ્ઠ ગતિની સમજ દર્શાવવામાં આવી છે. માનવીએ આ નાશવંત દેહથી પર રહીને એટલે કે, દેહભાવ ત્યજીને પોતાના શુદ્ધ ચૈતન સ્વરૂપાકારે થવું. ત્યારબાદ પોતાના ચિત્ત અંતઃકરણ થકી દ્વૈત રહેલા અંશના ચૈતન ભાવે પરમપદની ચાહના કરવાની છે. ભલે આપણે અંશ સ્વરૂપે સર્જનહાર કૈવલકર્તાથી અલગ છીએ, પરંતુ આપણા અલ્પહંગને કર્તાના મહદ્હંગ સાથે અલંગ- સલંગ એકતાર કરીને અહર્નિશ તે પરમપિતાનું અવિલાન કરવું જોઈએ.

# અંગ ૪૦
# આદર વિવ્યક્ત કરનકો

**આદરે ભેદ કભેદ સભેદ જે, જે સ્થકી જે પદ શુદ્ધ પામે;**
**ઉત્તમ આદરે ઉચ પદવી મલે, મધ્યમ આદરે નીચ પામે. ૧**

### શબ્દાર્થ

**આદરે** = પુરુષાર્થના **ભેદ** = તફાવત, વર્ગ, વિભાગ, રહસ્ય **કભેદ** = મધ્યમ, વિકારવાળો, ખરાબ, કનિષ્ઠ કામ માટે **સભેદ** = ઉત્તમ, વિકાર રહિત, શ્રેષ્ઠ, સારાં મોક્ષ માટે **જે** = જે **જે સ્થકી** = જેનાથી **જે પદ** = જે પદવી, સ્થાન, પરિણામ **શુદ્ધ** = નિર્મળ, ચોખ્ખું, નક્કી **પામે** = પ્રાપ્ત કરે **ઉત્તમ આદરે** = ઉત્તમ પુરુષાર્થ કરવાથી **ઉચ પદવી મલે** = શ્રેષ્ઠ સ્થાન પ્રાપ્ત થાય **મધ્યમ આદરે** = મધ્યમ અથવા સામાન્ય પુરુષાર્થથી **નીચ પામે** = નીચું સ્થાન મળે, કનિષ્ઠ પદ પ્રાપ્ત થાય.

### અનુવાદ

**સામાન્ય અને ઉત્તમ એમ બે પ્રકારના પુરુષાર્થ છે. જેના થકી તે પ્રમાણેનું નિર્મળ સ્થાન મળે છે. ઉત્તમ પુરુષાર્થથી ઉચ્ચ પદવી પ્રાપ્ત થાય અને મધ્યમ પુરુષાર્થથી નીચું સ્થાન મળે છે.**

### ભાવાર્થ

સામાન્ય અને ઉત્તમ એમ મુખ્ય બે પ્રકારના પુરુષાર્થ છે. જેમાં માનવી ધર્મ, અર્થ, કામ અને મોક્ષ માટે પુરુષાર્થ કરે છે. અર્થ માટેનો પુરુષાર્થ કામ સાથે જોડાયેલો છે અને ધર્મ માટેનો પુરુષાર્થ મોક્ષ સાથે જોડાયેલ છે. માનવી માટે અર્થ અને ધર્મનો પુરુષાર્થ સાધ્યરૂપે નથી, પરંતુ કામ અને મોક્ષના સાધન રૂપે છે. જેવો પુરુષાર્થ તેવું તેનું ફળ પ્રાપ્ત થાય છે. માણસ જો ઉત્તમ પુરુષાર્થ કરે તો તેના પરિણામ સ્વરૂપે તે ઊર્ધ્વગતિએ ગમન કરીને ઊંચું સ્થાન પ્રાપ્ત કરે છે. જ્યારે મધ્યમ પુરુષાર્થ કરે તો તેની અધોગતિએ ગમન કરીને નીચું સ્થાન મેળવે છે.

**આદર ઉપજે મનથી જેટલા, તેટલા ઘાટ ને ઠાઠ રીઝે;**
**મહેલ મેડી આટારી ઝરૂખા કરે, સંચવે દ્રવ્ય કે રાજ કીજે. ૨**

### શબ્દાર્થ

**આદર** = પુરુષાર્થ કરવા માટેનો પ્રયત્ન **ઉપજે** = ઉત્પન્ન થાય **મનથી** = મન અંતઃકરણથી **જેટલા** = જેટલા **તેટલા** = તેટલા **ઘાટ ને ઠાઠ** = શરીરનાં ભપકા અને સૌંદર્ય માટે **રીઝે** = ખુશ કરવા માટેના **મહેલ મેડી અટારી ઝરૂખા** = મોટા મહેલ, અગાસી અને ઝરૂખો મેળવવા માટે **કરે** = પ્રયત્ન કરે **સંચવે** = સાચવી રાખે, ભેગું કરે, ભેગું કરવાં **દ્રવ્ય** = સંપત્તિ, ધન **કે** = અને, અથવા **રાજ કીજે** = રાજ કરે.

### અનુવાદ

**મનથી પુરુષાર્થ કરવાના જેટલા પ્રયત્નો થાય છે તે બધા શરીરની સજાવટ અને ભપકો દેખાડીને ખુશ થવા માટેના તેમજ મોટા મહેલ, અગાસી અને જરૂખા માટેના હોય છે. વળી સત્તા હાંસલ કરીને સંપત્તિ ભેગી કરવાના કાર્યો વિચારે છે.**

### ભાવાર્થ

મન અંતઃકરણથી ઉત્પન્ન થતા સંકલ્પો થકી માનવી અમુક પ્રકારના પુરુષાર્થ કરવા માટે પ્રયત્નશીલ રહે છે. જેમાં તે પોતાના શરીરના અંગોની સુંદરતા અને સજાવટ માટેના પુરુષાર્થ કરીને ખુશ થાય છે. વળી તેને મોટા મોટા મહેલ બનાવવા જેમાં અગાસી, મેડી અને જરૂખામાં હીંચકા ખાવા માટેના ભાવ પેદા થાય છે. તેના માટે તે સતત પુરુષાર્થ કરતો રહે છે. વળી જાહેર ક્ષેત્રે રાજકારણમાં સત્તા હાંસલ કરીને ધન સંપત્તિ ભેગી કરવા માટેના પુરુષાર્થમાં જ રચ્યો-પચ્યો રહે છે.

**આદર હોય અહંકારના અંગથી, અહંગ થઈને ફરે જગમાંહી;**
**જાત્યને વરણ આશ્રમનું ઉરધરી, આપ બડાઈમેં આંન્ય કાંહી. ૩**

### શબ્દાર્થ

**આદર** = પુરુષાર્થ **હોય** = હોય **અહંકારના** = અહંકાર અંતઃકરણના **અંગથી** = અંગેનો,

અંગ વડે **અહંગ થઈને** = અહંકારી થઈને **ફરે** = ફરે **જગમાંહી** = જગતમાં **જાત્ય** = જાતિ **ને** = અને **વરણ આશ્રમનું** = વર્ણાશ્રમનું, બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય અને શુદ્ર એ ચાર વર્ણ તથા બ્રહ્મચર્ય, ગૃહસ્થ, વાનપ્રસ્થ અને સંન્યાસ એ ચાર આશ્રમ **ઉરધરી** = હૃદયમાં ધારણ કરીને **આપ** = પોતાની **બડાઈમેં** = મોટાપણામાં, મોટાઈમાં **આન્ય કાંહી** = અન્ય કોઈથી.

## અનુવાદ

**અહંકારથી જેટલા પુરુષાર્થ કરવાની ભાવના થાય તેમાં માનવ અભિમાન ધારણ કરીને જગતમાં ફરે છે. જાતિ અને વર્ણાશ્રમનું અભિમાન હૃદયમાં ધારણ કરી પોતાનાથી મોટો કોઈ નથી એમ માને છે.**

## ભાવાર્થ

અહંકાર અંતઃકરણ થકી જેટલા પુરુષાર્થ કરવાની ઉત્કંઠા જાગે છે, તેનાથી માનવ અભિમાન દ્વારા અહંકારી થઈને જગતમાં વિચરણ કરે છે. જેમાં સમાજની દૃષ્ટિએ ગૃહસ્થ, વાનપ્રસ્થ, બ્રહ્મચર્ય અને સંન્યાસ ક્ષેત્રે અભિમાન ધારણ કરે છે. અને વ્યક્તિની જાતિની દૃષ્ટિએ બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય અને શુદ્રનું અભિમાન ધારણ કરીને અહંકારી બનીને જગતમાં ફરે છે. વળી પોતાનાથી મોટો જગતમાં બીજો કોઈ નથી તેવું અભિમાન હૃદયમાં ધારણ કરે છે.

**આદર બુધ્ધથી સાહાદર સર્વકો, જપ તપ સાધન ધ્યાન કીજે;**
**આચરે કર્મ સુધર્મ સુચી રહે, દેહ દમે ઈદ્રિંકો રાય રીઝે. ૪**

## શબ્દાર્થ

**આદર** = પુરુષાર્થ **બુધ્ધથી** = બુદ્ધિ અંતઃકરણથી **સાહાદર** = માન આપવાની દૃષ્ટિએ **સર્વકો** = દરેકને જુવે છે **જપ** = જપ **તપ** = તપ **સાધન** = સાધકની ક્રિયા **ધ્યાન** = ધ્યાન **કીજે** = કરે છે **આચરે** = આચરણ કરે **કર્મ** = કર્મો **સુધર્મ** = ધર્મમય, શ્રેષ્ઠ ધર્મ પાળવા માંગે **સુચી રહે** = પસંદગી રહે, રસવૃત્તિ, મરજી, ગમો રહે **દેહ દમે ઈદ્રિંકો** = દેહમાં રહેલ ઈન્દ્રિયોનું દમન કરીને **રાય** = શરીરના રાજારૂપ અંશને **રીઝે** = પ્રસન્ન થાય, રીઝે.

## અનુવાદ

**બુદ્ધિ અંતઃકરણ દ્વારા કરવામાં આવતા પુરુષાર્થ થકી માનવી દરેકને**

**માનની દષ્ટિથી જુવે છે. પોતે જપ, તપ, સાધન, ધ્યાન કરે છે. ધર્મમય સત્ કર્મોનું આચરણ કરીને દેહમાં ઈન્દ્રિયોનું દમન કરીને તેના રાજા રૂપ અંશને રીઝવે છે.**

## ભાવાર્થ

બુદ્ધિ અંતઃકરણથી કરવામાં આવતો પુરુષાર્થ આધ્યાત્મિક માર્ગે પ્રયાણ કરવા તરફ દોરે છે. જગતમાં દરેક વ્યક્તિને માનની દષ્ટિ એ નિહાળે છે. પોતે સાંસારિક કર્મો પ્રત્યે અભાવ લાવીને જપ, તપ, સાધના, ધ્યાન, ભજન વગેરે કાર્યોમાં રચ્યો-પચ્યો રહે છે. સત્કર્મો દ્વારા પોતાના શ્રેષ્ઠ માનવધર્મનું આચરણ કરીને આનંદિત રહે છે. વળી દેહની પાંચ જ્ઞાનેદ્રિયો અને પાંચ કર્મેન્દ્રિયોનું દમન કરી તેના કર્મભાવને સાંસારિક ભોગવિલાસથી પાછા વાળીને આધ્યાત્મિક કર્મો કરવા માટે વાળે છે. આમ દેહના રાજા સમાન પોતાનું સ્વ-સ્વરૂપે રહેલ ચૈતન અંશની પ્રસન્નતામાં તે રાજી રહે છે.

**આદર સર્વ તે શ્રેષ્ઠ તે ચીત્તનો, વિત્તનો મીત થાવાને ઈચ્છે;**
**કહે કુવેર એ આદર ચોધરા, પાર પામે નર સાર પ્રીછે. ૫**

### શબ્દાર્થ

**આદર** = પુરુષાર્થ **સર્વ તે** = બધામાં **શ્રેષ્ઠ** = ઉત્તમ **તે ચિત્તનો** = તે, ચિત અંતઃકરણનો **વિત્તનો** = વિત્તરૂપ વસ્તુનું **મીત** = દોસ્ત, મિત્ર યથા પ્રમાણ, મર્યાદિત, મિતાહારી, પરિમિત **થાવાને** = થવાને **ઈચ્છે** = ઈચ્છા રાખે છે **કહેકુવેર** = કુવેરસ્વામી કહે છે કે **એ** = એ **આદર** = પુરુષાર્થ **ચોધરા** = ચારે પ્રકારની સમજવાળો, ચાર ધારવાળો **પાર પામે** = માહિતી અંતર્ગત પૂર્ણ સમજ, ભેદ જાણવો, મર્મ રહસ્ય સમજવાં **નર** = નર, માણસ **સાર** = સારરૂપ, સત્ત્વને **પ્રીછે** = જાણે.

## અનુવાદ

**સર્વથી શ્રેષ્ઠ ચિત અંતઃકરણનો પુરુષાર્થ છે. આ ચિત્તનો પુરુષાર્થ વિત્તનો સહાયક થવાની ઈચ્છા રાખે છે. કુવેરસ્વામી કહે છે કે એ પુરુષાર્થ ચાર ધારવાળો છે. જે નર તેનો પાર પામે તે સારને જાણે છે.**

## ભાવાર્થ

ચારેય પ્રકારના પુરુષાર્થમાં સર્વથી શ્રેષ્ઠ ચિત્ત અંતઃકરણનો પુરુષાર્થ છે. જે વિત્તરૂપ સત્ત્વના સહાયક થવાની ઇચ્છા રાખે છે. એટલે કે, શરીરમાં રહેલા સારરૂપ ચૈતન અંશ સ્વરૂપને અનુરૂપ અને અનુકૂળ થઈને તેની મુક્તિનાં કાર્યમાં સતત વ્યસ્ત રહે છે. કુવેરસ્વામી કહે છે કે આ પુરુષાર્થ સર્વ બાજુથી વિચારયુક્ત, સમજયુક્ત, વિવેકયુક્ત અને પરિપક્વ એમ ચાર લક્ષણો ધરાવતો હોવાથી વ્યવહારમાં બધી બાબતે નિપુણ હોય છે. આ પ્રકારના પુરુષાર્થ થકી માનવી પોતાના દેહના સારરૂપ સ્વ-ચૈતન સ્વરૂપના ભેદ યાને રહસ્યને જરૂર પ્રાપ્ત કરી શકે છે.

## (સાખી)

**હંસ ગતી મત જેહની, સાહાદર કરે સનેહ;**
**નીર તજી પીયે ખીરને, સંત સહ્યાંના તેહ. ૬**

### શબ્દાર્થ

**હંસ ગતિ** = હંસની સમજ **મત** = મતિ, બુદ્ધિ **જેહની** = જેમની, જેની **સહાદર** = આદરપૂર્વકને **કરે** = કરે છે **સનેહ** = પ્રેમ, સ્નેહ **નીર તજી** = પાણીને, ત્યજી દઈને **પીયે ખીરને** = ખીર પીવે છે **સંત** = સંતપુરુષ **સહ્યાંના** = શાણા, ડાહ્યા, શાનમાં સમજે તેવા **તેહ** = તેજ છે.

## અનુવાદ

**હંસની ગતિ જેવી જેની વૃત્તિ હોય તે પ્રેમપૂર્વક સારો આદર કરે છે, જેમ હંસ જળને ત્યજી દૂધ પીવે છે, તેમ હંસરૂપ સંતપુરુષ આ રીતે શાણા હોય છે.**

## ભાવાર્થ

હંસ એક એવું પક્ષી છે જેને બ્રહ્માજીનું વાહન તરીકે ગણવામાં આવે છે. સંકોચ અને વિકાસ જેની શક્તિ છે. સૃષ્ટિની શરૂઆતમાં સનકાદિકની શંકાનું નિવારણ કરવા અને જ્ઞાનોપદેશ કરવા માટે નિરંજન પુરુષે હંસનું સ્વરૂપ ધારણ

કરેલું કહેવાય છે. હંસ માટે એમ પણ કહેવાય છે કે જો નીર અને ખીર ભેગાં કરીને તેની સામે ધરવામાં આવે તો તે પાણીને જુદું કરીને ખીર-ખીર પીવે છે. તે સાચા મોતીનો ચારો ચરે છે.

સંસારમાં હંસના જેવી ધીમી મોહક ચાલ અને જેની બુદ્ધિ હંસ તુલ્ય (સાચા અને જુઠ્ઠાને પૃથ્થક કરી) શાશ્વત અને નાશવંતનું પૃથ્થકકરણ કરી નાશવંત પદોને જુદા દર્શાવીને શાશ્વતનું સ્થાપન કરનાર પુરુષ સંસારમાં હાજરા હજુર છે. તેઓ બ્રહ્માંડના વિત્તરૂપ સકર્તા સર્જનહારની સાથે મેળાપ કરાવવા માટે સહાયક બનીને વિશ્વના અંશોને સ્નેહ કરે છે. એવા શ્રીમત્ કરુણાસાગર નામ ધારણ કરેલ સદ્યાના પ્રગટ પુરુષ વિશ્વમાં પરમાર્થના કાર્ય માટે જ વિચરણ કરે છે.

**તત્ત્વભેદ ત્રાજે કરી, સરી સરાડે વસ્ત;**
**જુગ જીવન પયે પાઈયું, હલમલ હસ્તો હસ્ત. ૭**

### શબ્દાર્થ

**તત્ત્વભેદ** = તત્ત્વોના ભેદને **ત્રાજે કરી** = ત્રાજવાથી તોલીને, તત્ત્વપૂર્ણ દર્શાવીને, તોલ કરીને **સરી** = શુદ્ધ, ચોખ્ખું, નિર્મળ **સરાડે** = સીધા રસ્તે, સીધા માર્ગે **વસ્ત** = અંશ, વસ્તુરૂપી, સત્ત્વ **જુગ** = જગતમાં **જીવન** = દેહ, સ્વરૂપ **પયે પાઈયું** = પ્રેરણાથી, આજ્ઞાથી પ્રાપ્ત કર્યું છે **હલમલ** = મેળાપ કરાવે **હસ્તો હસ્ત** = હાથોહાથ, પ્રત્યક્ષ.

### અનુવાદ

**એવા સંતપુરુષ તત્ત્વોના ભેદને ન્યાયપૂર્ણ દર્શાવીને અંશ સ્વરૂપને નિર્મળ કરી સીધા માર્ગે પ્રયાણ કરાવે છે. જેમની આજ્ઞાથી જગતમાં માનવ જીવન પ્રાપ્ત થયું છે તેમની સાથે અંશને પ્રત્યક્ષ મેળાપ કરાવે છે.**

### ભાવાર્થ

વિશ્વના સર્જનહારે જ હંસરૂપ દિવ્યદેહ ધારણ કરાવીને અંશ-અંશીનો લક્ષ આપવા માટે કુવેરસ્વામીને આ વિશ્વમાં મોકલ્યા છે. તેથી તેઓનું મુખ્ય

કાર્ય તત્ત્વોના ભેદને ન્યાયપૂર્ણ રીતે દર્શાવીને નાશવંત પદોને જુદા કરી શાશ્વત અંશને નિર્મળ કરે છે અને સર્જનહારના સીધા પરમપદના માર્ગે અંશને પ્રયાણ કરાવે છે.

# અંગ ૪૧
# આદર અનુસુત મોક્ષફલ ઉપજકો

**પહેલ પરીયાણ જે કો કરે ચારુમે, વારુમે તરણ રહી ભરણ પોખે;**
**પ્રેરક સર્વ મલી મત એકસું, ઉપજે જેહનું ફલ હોય મોખે. ૧**

### શબ્દાર્થ

**પહેલ** = પહેલો **પરીયાણ** = પ્રારંભ, પ્રયાણ, આરંભ, શરૂઆત, પ્રસ્થાન **જે કો કરે** = જે કોઈ કરે **ચારુમે** = ચારેયમાં **વારુમે** = તેમાં **તરણ** = ત્રણ **રહી** = રહીને **ભરણ** = પોષણ, ભળી જઈને **પોખે** = પોષે છે, પૃષ્ટિ કરે છે ટેકો આપે છે, અનુમોદન આપે છે **પ્રેરક** = પુરસ્કર્તા, પ્રેરણા કરનાર, ઉત્તેજન આપનાર **સર્વ મલી** = બધા મળી **મત** = મત, નિર્ણય **એકસું** = એક સરખો **ઉપજે** = ચાલે **જેહનું** = જેનું **ફલ** = ફળ **હોય મોખે** = જે મોખરે હોય.

### અનુવાદ

ચારેયમાંથી જે પહેલો પ્રારંભ કરે તેમાં ત્રણે ભળીને પૃષ્ટિ કરે છે. પ્રેરણા કરનાર સર્વ મળીને એક જ નિર્ણય કરે છે. જે પહેલ કરે તેનું ઊપજે છે અને તે પ્રમાણે ફળ પ્રાપ્ત થાય છે.

### ભાવાર્થ

મન, બુદ્ધિ, અહંકાર અને ચિત્ત એમ ચારેય અંતઃકરણોમાંથી પુરુષાર્થ કરવા જે અંતઃકરણ પહેલા પ્રારંભ કરે તેને બાકીના ત્રણ અંતઃકરણો પૃષ્ટિ કરે છે અને તેમાં ભળી જઈને પહેલ કરનારને અનુમોદન આપે છે. સર્વ ભેગા થયા પછી બધાનો એક જ મત હોય છે. તેઓ તે પ્રમાણેના પુરુષાર્થ કરવા માટે શરીરને પ્રેરિત કરે છે. તેથી પ્રારંભ કરેલા અંતઃકરણના પુરુષાર્થ થકી કરેલાં કાર્યો પ્રમાણે જ તેનું ફળ પ્રાપ્ત થાય છે.

**પ્રથમ મન અહંમેવ જો ઉપજે, તો ચીત્ત અહંકાર તાંહાં બુધ જાવે;**
**તેહનો વેષ સરેસ સરઢવી, આઢવી પેર સીર મન ઠાવે. ૨**

### શબ્દાર્થ

**પ્રથમ** = પ્રારંભ, પહેલું **મન** = મન અંતઃકરણ **અહંમેવ** = આદર, પુરુષાર્થ **જો** = જો **ઉપજે** = ઉત્પન્ન થાય **તો** = તો **ચીત્ત** = ચિત્ત અંતઃકરણ **અહંકાર** = અહંકાર અંતઃકરણ **તાંહાં** = ત્યાં **બુધ** = બુદ્ધિ અંતઃકરણ **જાવે** = જાય છે, ભળે છે **તેહનો** = તેનો **વેષ** = વેશ, સ્વભાવ, લક્ષણા **સરેસ** = સરળતાપૂર્વક, એકરસ, એકમતે થઈને **સરઢવી** = સીધે માર્ગે, ચિંધેલા માર્ગે, ઘેટાંની કતારની જેમ **આઢવી** = ભરવાડની ઘેટાંને ચારવા લઈ જનાર વ્યક્તિ **પેર** = માફક **સીર** = મોકાનું **મન** = મન, અંતઃકરણને **ઠાવે** = અનુસરે.

### અનુવાદ

**પ્રથમ મન અંતઃકરણનો પુરુષાર્થ જો ઊપજે તો ચિત્ત, અહંકાર અને બુદ્ધિ ત્યાં જાય છે. જેમ કે, કોઈ ભરવાડ ઘેટાને ચારવા લઈ જાય ત્યારે ભરવાડની પાછળ ઘેટાં કતારની જેમ આગળ વધે તે લક્ષણ મુજબ બધાં મનને અનુસરે છે.**

### ભાવાર્થ

જો પ્રથમ મન અંતઃકરણનો અહંમેવ ઊપજે તો બાકીના ચિત અંતઃકરણ, બુદ્ધિ અંતઃકરણ અને અહંકાર અંતઃકરણ ભેગા મળીને મન અંતઃકરણના એમ ત્રણ અંતઃકરણો પુરુષાર્થને પૃષ્ટિ આપે છે. આ ચારેય અંતઃકરણ ભેગાં થઈ નક્કી કરેલ કાર્ય માટે પુરુષાર્થ કરવા આગળ વધે છે. તે અંગે દૃષ્ટાંતથી સમજાવવામાં આવ્યું છે કે ભરવાડ ઘેટાને જેમ હાંકે તેમ તેમ ઘેટાંની કતાર પાછળ પાછળ ખેંચાય છે. તે જ ન્યાયે અહીં ભરવાડ રૂપ મન અંતઃકરણ આગળ વધે, તેમ તેની પાછળ પાછળ અન્ય અંતઃકરણો ઘેટાંની માફક ખેંચાય છે અને એક જ લાઈનમાં આગળ વધે છે.

**આદર મોહોર અહંકારથી ઉપજે, તો ભજે આદર તેજ તેહેવો;**
**મન બુધ ચિત્ત આવી વરતે મહી, ઉપજાવે અતિ ભેદ ભેવો. ૩**

### શબ્દાર્થ

**આદર** = પુરુષાર્થ **મોહોર** = પ્રથમ, આગળ, પ્રારંભે **અહંકારથી** = અહંકાર અંતઃકરણથી **ઉપજે** = ઉપજે, ઉત્પન્ન થાય **તો** = તો **ભજે** = ભજવે, તે પ્રમાણે કરે, વર્તન કરે **આદર** = પુરુષાર્થ **તેજ તેહેવો** = તેજ પ્રમાણે અને તેના જેવો જ **મન** = મન અંતઃકરણ **બુધ** = બુદ્ધિ અંતઃકરણ

**ચિત્ત** = ચિત્ત અંતઃકરણ **આવી** = આવીને **વરતે** = વર્તન કરે **મહી** = અંદર, તેમાં **ઉપજાવે** = ઉત્પન્ન કરે **અતિ** = વધુ **ભેદ** = રહસ્ય, અલગ નહીં, એકસરખું, એક જ **ભેવો** = કાર્યો, વેશ.

## અનુવાદ

**પ્રારંભે અહંકાર અંતઃકરણથી પુરુષાર્થ ઊપજે તો તે પ્રમાણે તેવો જ પુરુષાર્થ ભજવે છે, મન, બુદ્ધિ, ચિત્ત આવીને તેમાં વર્તન કરે તો તેઓ પણ એ જ પ્રકારનો વેશ ભજવે છે.**

## ભાવાર્થ

જો પ્રારંભમાં અહંકાર અંતઃકરણને પુરુષાર્થ કરવાની ઈચ્છા થાય તો તે તેને અનુકૂળ હોય તે જ પ્રમાણે અને તેના જેવો જ પુરુષાર્થ તે કરે છે. બાકીના મનઅંતઃકરણ, બુદ્ધિ અંતઃકરણ અને ચિત્ત અંતઃકરણ આવીને તેમાં ભળે છે. તેઓ અહંકારઅંતઃકરણના પુરુષાર્થને સહાયક બનીને વર્તન કરે છે. આમ, ચારેય ભેગા મળી એક જ પ્રકારના પુરુષાર્થનો વેશ ભજવે છે.

**નાંહી તો આગલ બુધથી ઉપજે, તો સજે આદર સાજ તેસો;**
**મન અહંકાર ને ચિત્ત તામે મીલી. મેલવે જોગ જેસેકુ તેસો. ૪**

## શબ્દાર્થ

**નાંહી તો** = નહીં તો, અથવા, અગર **આગલ** = આગળ, પ્રારંભ **બુધથી** = બુદ્ધિ અંતઃકરણથી **ઉપજે** = ઊપજ, ઉત્પન્ન થાય **તો** = તો **સજે** = સજવું, તૈયાર કરે **આદર** = પુરુષાર્થ **સાજ** = તેને અનુરૂપ અને ઉપયોગી શણગાર **તેસો** = તેવો **મન** = મન અંતઃકરણ **અહંકાર** = અહંકાર અંતઃકરણ **ને** = અને **ચિત્ત** = ચિત્ત અંતઃકરણ **તામે** = તેમાં **મીલી** = મળીને, ભળી જઈને **મેલવે** = મેળવે, પ્રાપ્ત કરે **જોગ** = સંજોગ, પરિસ્થિતિ **જેસેકુ તેસો** = જેવો હતો તેવો જ.

## અનુવાદ

**નહીં તો પ્રારંભે બુદ્ધિ અંતઃકરણથી પુરુષાર્થ ઉત્પન્ન થાય તો તેના જેવો જ પુરુષાર્થ તે કરે છે. મન, અહંકાર અને ચિત્ત તેમાં મળી જેવું કાર્ય હોય તેવો તેનો સંયોગ મેળવી આપે છે.**

## ભાવાર્થ

પ્રારંભમાં પ્રથમ બુદ્ધિ અંતઃકરણની ઈચ્છા પુરુષાર્થ કરવાની થાય તો તે તેને અનુરૂપ જ સાજ સજીને તેવો જ પુરુષાર્થ કરે છે. બાકીના મન અંતઃકરણ, અહંકાર અંતઃકરણ અને ચિત્ત અંતઃકરણ તેમાં આવીને મળે છે એમ ચારેય અંતઃકરણ ભેગા મળીને પ્રારંભે થયેલ પુરુષાર્થના સાજને અનુકૂળ થઈ તેના જેવાં જ કાર્યો થાય અને તે મુજબના સંજોગો ઊભા કરીને તેવો જ પુરુષાર્થ કરે છે.

**જો કદાચીકને ચીતની ચાહના, હોય મન બુધ અહંકાર આગે;**
**કહે કુવેર તીનું મીલી તાયમે, નિજ પતિપદ મહી જઈને પાગે. ૫**

## શબ્દાર્થ

**જો કદાચીકને** = જો કોઈ કારણવસાત્, કદાચ **ચીતની** = ચિત્ત અંતઃકરણની **ચાહના** = ઈચ્છા **હોય** = હોય, થાય **મન** = મન અંતઃકરણ **બુધ** = બુદ્ધિ અંતઃકરણ **અહંકાર** = અહંકાર અંતઃકરણ **આગે** = આગળ, પર **કહે કુવેર** = કુવેરસ્વામી, કહે છે કે **તીનું** = ત્રણેય **મીલી** = મળીને **તાયમે** = તેમાં **નિજ પતિપદ** = નિજ કર્તાના પરમપદ **મહી** = માં **જઈને** = જઈને **પાગે** = મળે, પહોંચે.

## અનુવાદ

**જો કદાચ પ્રથમ પુરુષાર્થ કરવા માટે મન, બુદ્ધિ અને અહંકારથી પર આવેલા ચિત્ત અંતઃકરણની ચાહના થાય તો કુવેરસ્વામી કહે છે કે તે ત્રણેય તેમાં મળીને નિજ પરમપદમાં જઈને પહોંચે છે.**

## ભાવાર્થ

જો કોઈ કારણવસાત્ મન અંતઃકરણ, બુદ્ધિ અંતઃકરણ અને અહંકાર અંતઃકરણથી પરે રહેલા શ્રેષ્ઠ ચિત્ત અંતઃકરણની સૌ પ્રથમ પુરુષાર્થ કરવાની ચાહના થાય તો તે ચિત્ત અંતઃકરણમાં બાકીના ત્રણેય અંતઃકરણો આવીને ભળી જાય છે. કુવેરસ્વામી કહે છે કે આ રીતે ભળેલા આ ચારેય અંતઃકરણોનો પુરુષાર્થ અતિ શ્રેષ્ઠ પુરુષાર્થ છે. તે પુરુષાર્થથી શરીરના વિત્તરૂપ રહેલો અંશ નિર્મળ હંસ સ્વરૂપે થઈને નિજ પરમ પતિના કૈવલપદમાં જઈને મળી શકે છે.

**(સાખી)**

**આદરકી અનભે સબે, બહુ વિધિ કહી બતાય;**
**જા પર સતગુરુકી દયા, તાસુ એ સમજાય. ૬**

**શબ્દાર્થ**

**આદરકી** = પુરુષાર્થની **અનભે** = નિર્ભય **સબે** = બધી **બહુ વિધિ** = બહુ પ્રકારે **કહી બતાય** = કહી બતાવી, દર્શાવી **જા પર** = જેના ઉપર **સતગુરુકી** = સતગુરુની **દયા** = દયા, કૃપા, મહેર **તાસુ** = તેને **એ** = એ **સમજાય** = સમજમાં આવે, સમજણ પડે.

**અનુવાદ**

**પુરુષાર્થ અંગેની નિર્ભય હકીકત વિધવિધ પ્રકારે કહી બતાવી છે, પરંતુ જેના ઉપર સત્ગુરુની કૃપા થશે તેને જ એ સમજાશે.**

**ભાવાર્થ**

કુવેરસ્વામી અહીં પુરુષાર્થ અંગેની ઘણી ચર્ચા કરીને ભય રહિત સત્ય હકીકતને વિવિધ દૃષ્ટાંતો દ્વારા સરળ રીતે સમજાવવાનો પ્રયત્ન કર્યો છે, પરંતુ જે અધિકાર પ્રાપ્ત કરેલ સેવક ઉપર તેમની (દિવ્ય પરમગુરુની) કૃપા થાય તો જ તે ભાગ્યવંત સેવક ગૂઢાર્થભર્યા આ પુરુષાર્થના રહસ્યને સમજી શકે છે.

**સમજણકી સમસા સમી, રમી રલે કોઈ સંત;**
**આપા પર અલગુ વીત, સંચી ભયે શ્રીમંત. ૭**

**શબ્દાર્થ**

**સમજણકી** = જ્ઞાનને સમજવાની રીત, શક્તિ, અક્કલ **સમસા** = સમસ્યા **સમી** = ટળી, સમાઈ ગઈ **રમી રલે** = રમણ કરી રહ્યા છે **કોઈ** = કોઈ **સંત** = સંતપુરુષ **આપા પર** = પોતાના સ્થૂળદેહની પરે **અલગુ** = અલગ **વીત** = વિત્તરૂપ અંશ રહેલો છે **સંચી** = સંગ્રહ, ભેગું સંચય **ભયે** = થવાય થયા **શ્રીમંત** = જ્ઞાનથી ધનવાન, જ્ઞાની.

## અનુવાદ

**સમજણની સમસ્યા દૂર થઈ કારણ કે, કોઈ સંતપુરુષ હાલહજૂર રમણ કરી રહ્યા છે. પોતાનાથી પરે જે અલગ વિત્તરૂપ છે. તેનો સંચય કરશો તો જ્ઞાની થશો.**

## ભાવાર્થ

ગૂઢાર્થ ભરેલા જ્ઞાનને સમજવાની સમસ્યા હવે ટળી ગઈ છે કારણ કે, કુવેરસ્વામી પોતે કરુણાસાગર નામ ધારણ કરીને હાલ હજૂર આપણી સમક્ષ સંસારમાં રમણ કરે છે. અને પરોપકાર અર્થે તેઓ કૈવલજ્ઞાનની લહાણી કરે છે. નાશવંત દેહથી પરે રહેલ અલગ ચૈતન ''અંશ'' અને બ્રહ્મથી પરે રહેલ મહદ્ ચૈતન ''અંશી''ની સમજ આપતા કૈવલજ્ઞાનના ભંડારરૂપે છે. અર્થાત્ તેઓ પણ જ્ઞાનનો શ્રેષ્ઠ મત દર્શાવનારા મહાન જ્ઞાની કૈવલવેત્તા પ્રગટ પુરુષ કહેવાયા છે.

# અંગ ૪૨
# આદર સાર સિદ્ધાંતકો

**આદર જે થકી ઉપજે તે લખી, સંત સમજી શકે જુક્ત જેહેની;**
**પેઢની આદ્ય લેઈ શાખ જોતાં સરે, જ્ઞાન દ્રષ્ટે ફલદાયક તેહેની. ૧**

### શબ્દાર્થ

**આદર** = પુરુષાર્થ **જે થકી** = જેનાથી **ઉપજે** = ઊપજે, ઉત્પન્ન થાય **તે** = તે **લખી** = દર્શાવ્યું, જણાવ્યું **સંત** = સંતપુરુષો **સમજી શકે** = સમજ પ્રાપ્ત કરી શકે, સમજી શકે **જુક્ત** = યુક્તિ, રહસ્ય, મર્મ **જેહેની** = તેની **પેઢની આદ્ય લેઈ** = થડથી માંડીને **શાખ** = શાખાઓ **જોતાં** = નિહાળતાં, અવલોકન કરતાં **સરે** = ખબર પડે **જ્ઞાન દ્રષ્ટે** = જ્ઞાનની દૃષ્ટિથી જોતાં **ફલદાયક** = ફળની પ્રાપ્તિ કરવાવાળું, ફળ દેનારું **તેહની** = તેની.

### અનુવાદ

**જેના દ્વારા પુરુષાર્થની ભાવના ઊપજે છે તે દર્શાવ્યું છે. સંતદશાના પુરુષ તેના રહસ્યને સમજી શકે છે. થડથી માંડીને શાખાનું અવલોકન કરતાં ખબર પડે છે, તેમ જ્ઞાન દૃષ્ટિથી જોતાં તેના ફળ અંગેની ખબર પણ પડી જાય છે.**

### ભાવાર્થ

ક્યા અંતઃકરણોની પ્રેરણાથી કઈ પ્રકારની ભાવના ઉત્પન્ન થાય ? માનવી કેવા પ્રકારનો પુરુષાર્થ કરે ? તે અંગેની સર્વ બાબત કુવેરસ્વામી અગાઉના અંગમાં દર્શાવી છે. તેના રહસ્યને સંતગતિના માનવો જ સમજી શકે છે. જેમ કોઈ પણ વૃક્ષને તેના થડ અને તેની શાખાઓ વિગેરેનું અવલોકન કરતાં તેને ક્યા પ્રકારનું ફળ આવશે અને તે ક્યા પ્રકારનું વૃક્ષ છે, તે સઘળી માહિતી સમજી શકાય છે. તેમ અહીં માનવીને ક્યા પ્રકારના પુરુષાર્થ કરવાની ભાવના ઉત્પન્ન થાય છે અને તે કેવો પુરુષાર્થ કરે છે, તેનુ જ્ઞાન દૃષ્ટિએ અવલોકન કરવાથી ક્યા અંતઃકરણોની તે ઊપજ છે તે સમજી શકાય છે. વળી, તેની ફળ પ્રાપ્તિ કેવી હશે

તે પણ ખબર પડે છે. પરંતુ આવી જ્ઞાન દૃષ્ટિ ત્યારે જ પ્રાપ્ત થાય છે કે જ્યારે સેવકે સકર્તા સિદ્ધાંતનો શ્રેષ્ઠમત દર્શાવતા સમર્થ પરમગુરુની કૃપા મેળવી હોય.

**સાર અસાર પરકાર સરવે લહી, ઉદયેથી પદ પાય સુધી;**
**એકથી એક અધિક નરણે કરી, આચરીને ભઈ મોક્ષ બુદ્ધિ. ૨**

### શબ્દાર્થ

**સાર** = સત્ય, સાચું, શાશ્વત **અસાર** = અસત્ય, ખોટું, નાશવંત **પરકાર** = પ્રકાર, વિભાગ **સરવે** = સર્વ, બધું જ **લહી** = જાણીને **ઉદયેથી** = ઉદ્‌ભવથી **પદ પાય** = પદને પ્રાપ્ત કરે **સુધી** = ત્યાં સુધી **એકથી એક** = એકથી એક **અધિક** = વિશેષ **નરણે કરી** = નિર્ણય કરીને **આચરીને** = આચરણમાં મૂકીને, અમલમાં મૂકીને **ભઈ** = થઈ **મોક્ષ બુદ્ધિ** = મોક્ષ મેળવવા માટેની બુદ્ધિ, સમજ.

### અનુવાદ

**સારું શું છે ? અને ખરાબ શું છે ? તે સર્વ પ્રકારે જાણીને ઉદયથી માંડીને પદને પ્રાપ્ત કરે ત્યાં સુધી એકથી એક અધિક શું છે ? તેનો નિર્ણય કરીને મોક્ષ માટેનો પુરુષાર્થ આચરણમાં મૂકે તે જ સાચી સમજ કહેવાય.**

### ભાવાર્થ

માનવીએ સમર્થ પરમગુરુના શરણે જઈને જ્ઞાનદષ્ટિથી જોવું જોઈએ કે ચાર અંતઃકરણોથી ઉત્પન્ન થતી ભાવનાઓ અને તેને સંતોષવા માટે કરવામાં આવતા પુરુષાર્થો પૈકી ક્યા પ્રકારનો પુરુષાર્થ યોગ્ય છે ? અતિ દુર્લભ માનવદેહ પ્રાપ્ત કર્યા પછી તેના રહસ્યને સમજી ઉદયથી માંડીને પુરુષાર્થના ફળપ્રાપ્તિ સુધીના ભેદને સમજી એક ફળથી બીજા ફળની અધિકતા શી છે ? તે અંગે યોગ્ય નિર્ણય લેવો જોઈએ. મન અને અહંકાર અંતઃકરણનો પુરુષાર્થ સામાન્ય છે, જ્યારે બુદ્ધિ અંતઃકરણનો પુરુષાર્થ ઉત્તમ છે. પરંતુ ચિત્ત અંતઃકરણનો પુરુષાર્થ સર્વ શ્રેષ્ઠ છે. આખરી પરમપદ માટે કયો સાચો પુરુષાર્થ છે, તે અંગે યોગ્ય સમજ પ્રાપ્ત કરીને જ ઉત્તમ પુરુષાર્થ કરવા પ્રેરાવું જોઈએ અને એ જ સાચી સમજ કહેવાય.

**લક્ષ જથારથ જોઈ પરમારથ, આંન્ય સવારથ સર્વ ટાલું;**
**ડાલ કોલંભમેં કુણ ઓલંભવે, મેદની ઉપજનું મુલ ભાલું. ૩**

### શબ્દાર્થ

**લક્ષ** = અંતિમ ફળ પ્રાપ્તિ, ધ્યેય, ફલશ્રુતિ **જથારથ** = યથાર્થ, યોગ્ય **જોઈ** = જોઈને **પરમારથ** = પરમાર્થ માટે, મોક્ષગતિ માટે **આંન્ય** = બીજા **સવારથ** = સ્વાર્થ **સર્વ** = સર્વ **ટાલું** = ટાળવા જોઈએ, છોડી દેવા જોઈએ **ડાલ** = ડાળીઓની **કોલંભમે** = અટકળમાં **કુણ** = કોણ, શા માટે **ઓલંભવે** = અટકવું જોઈએ **મેદની** = સમગ્ર વૃક્ષની **ઉપજનું** = ઉત્પત્તિ **મુલ** = મૂળ, કારણ **ભાલું** = જોવું, અવલોકવું.

### અનુવાદ

**પરમાર્થના લક્ષની યોગ્યતા જોઈને અન્ય સ્વાર્થ છોડી દેવા જોઈએ. જેને સમગ્ર ઉત્પત્તિનું મૂળ નિહાળ્યું છે, તેણે તો ડાળીઓની અટકળ જોઈને શા માટે અટકવું જોઈએ ?**

### ભાવાર્થ

જ્યારે માનવીને સાચી સમજ પ્રાપ્ત થાય પછી માત્ર પરમાર્થના લક્ષની યોગ્યતા જોઈને ચિત્તના પુરુષાર્થને જ વળગી રહેવું જોઈએ અને અન્ય નાશવંત તેમજ સ્વાર્થ ભર્યા ભૌતિક ફળ પ્રાપ્તિવાળા પુરુષાર્થને ત્યજી દેવાં જોઈએ. જેમકે જ્ઞાન થકી ચૌદલોકની ઉત્પત્તિનું મૂળ જો જાણી લીધું હોય અને અંશના સજાતિય સર્જનહારના પરમપદના લક્ષની યોગ્યતાને સમજી લીધી હોય પછી ડાળીઓ સમાન સ્વાર્થ ભરી સર્જનહારની નાશવંત ઉત્પત્તિવાળા પદાર્થો પ્રાપ્ત કરાવવાવાળા પુરુષાર્થમાં અટકવું જોઈએ નહીં.

**તાંહાં મલી આપ સમાપ સર્વે થઈ, નિધ્ય ઉભુ રહી શુદ્ધ બોલે;**
**અહં મમ અંશ નિજવંશ કીરતારનો, સારનો સાર અનુભવ સચોલે. ૪**

### શબ્દાર્થ

**તહાં મલી** = ત્યાં મળી ગયા પછી **આપ** = પોતે **સમાપ** = સમાઈ જઈ **સર્વે થઈ** = સર્વ પ્રકારે

થઈ, સમરસ થઈ **નિધ્ય** = નિધિ રૂપ બ્રહ્મમાં **ઉભુ રહી** = ઊભાં રહીને **શુદ્ધ** = પોતાના શુદ્ધ સ્વરૂપ વિષે **બોલે** = બોલે, ઉચ્ચાર કરે **અહં મમ** = હું પોતે **અંશ** = અંશઃકર્તાના જાણ સ્વરૂપ **નિજવંશ** = મૂળ વંશ જ **કીરતારનો** = કર્તાનો **સારનો સાર** = સારરૂપ ચૈતનો, સારરૂપ અંશીનો **અનુભવ** = અનુભવ **સચોલે** = સદેહે.

## અનુવાદ

**ત્યાં ભળી ગયા પછી પોતે તે પદમાં સમાઈને સદેહે સમરસ થયા પછી બ્રહ્મરૂપ ભૂમિકામાં રહીને, શુદ્ધ સ્વરૂપ અંગે બોલે કે મારું અંશસ્વરૂપ તે નિજકર્તાના વંશનું છે. એમ સદેહે સારરૂપ અંશ અને અંશના સારરૂપી અંશીનો અનુભવ કરે છે.**

## ભાવાર્થ

એક વખત ચિત્તના શ્રેષ્ઠ પુરુષાર્થની ખબર પડી પછી તેના ફળ પ્રાપ્તિના પુરુષાર્થ થકી પોતે તે પદમાં સદેહે ભળી જઈને તેમાં સમરસ થઈ જઈ ચૈતનમય બની જાય છે. પછી તેને આ વિશ્વની ઉત્પત્તિના નાશવંત પદાર્થોની જાણ રહેતી નથી. જ્ઞાન દૃષ્ટિએ પોતે એક ચૈતન અંશ છે અને આ બ્રહ્મરૂપ ભૂમિકામાં તે અંશસ્વરૂપે જ રહે છે. પછી તેને દેહ અંગે ભાવ રહેતો નથી કે હું સંપત્તિવાન છું, સમાજમાં મોભો ધરાવું છું વિગેરે પરંતુ તે બોલે છે કે મારું ચૈતન અંશનું સ્વરૂપ નિજ કૈવલકર્તાના વંશનું છે. આ પ્રમાણે સદેહે દેહના સારરૂપે અંશ અને અંશ જેનો સજાતીય છે તેવા અંશીનો અનુભવ કરે છે.

**આતમા લક્ષનો પક્ષ જોતાં અસુ, તાંહાં કશુ કારણ આંન્ય કેહેવા;**
**કેથી કહેને કહે ઠેઠ ઠાવુ લહે, એકો હંગ વ્યાપીતંગ દેવી દેવા. ૫**

### શબ્દાર્થ

**આતમા** = ચૈતન અંશના **લક્ષનો** = લક્ષનો **પક્ષ** = પક્ષ **જોતાં** = જોતાં **અસુ** = વિશ્વમાં અહીં **તાંહાં** = ત્યાં **કશું કારણ** = કારણરૂપે **આંન્ય** = બીજુ **કેહેવા** = કહેવાપણું **કેથી** = કોનાથી, જેથી **કહેને** = કોને **કહે** = કહેવાય **ઠેઠ** = અંતનું **ઠાવુ** = સ્થાન, પદવી, પદ **લહે** = જાણે **એકો હંગ** = એક હંગરૂપે **વ્યાપીતંગ** = વ્યાપીને રહેલો, સર્વત્ર, વ્યાપ **દેવી દેવા** = દેવી અને દેવતાઓમાં.

## અનુવાદ

**આ વિશ્વમાં આત્માના લક્ષના પક્ષને નિહાળીએ તો ત્યાં બીજું કોઈ કહેવાનું કારણ રહેતું નથી, જેથી અંતિમ સ્થાન બીજું કોણ ? અને કોને કહેવાય ? કારણ કે એક જ હંગ સ્વરૂપે રહેલો અંશ દેવી-દેવતા સહિત સર્વમાં વ્યાપી રહ્યો છે.**

## ભાવાર્થ

આ વિશ્વમાં રહેલા સ્થૂળ, સૂક્ષ્મ કારણ, મહાકારણ અને પરમકારણ એમ સર્વ ઘાટોમાં જો આતમાના લક્ષ અંગે ચૈતનતાના કારણ પક્ષે જોતાં સર્વમાં એક માત્ર અંશની ચેતનતા વ્યાપી રહેલી છે. તે જ પ્રમાણે બ્રહ્માંડમાં પણ તેની રચનાનાના પક્ષે જોઈએ તો એક સર્જનહાર અંશી સિવાય અન્ય બીજું કોઈ કારણરૂપે નથી. જેથી સર્વના અંતનું મૂળ સ્થાન એક પરમપદ સિવાય બીજું કોઈ પદ નથી અને બીજા પદોને કહી પણ ન શકાય. કારણ કે, એક જ સર્જનહારનો સજાણજાણ સ્વરૂપે રહેલો ચૈતન અંશ હંગ રૂપે દેવી-દેવતાઓ સહિત સર્વનાં દેહોમાં વ્યાપી રહેલો છે.

**સામૃથ ભેદ સુર દેવ-દેવી બહુ, એ સહુ મુજથી ચીન માહારુ;**
**કહે કુવેર મમ કૈવલ કારણ થકી, આ રણમેં રચ્યું વિશ્વ સારુ. ૬**

### શબ્દાર્થ

**સામૃથ** = સામર્થ્યતા, વિભૂતિના, ઐશ્વર્યતાના **ભેદ** = ભેદ, તફાવત, રહસ્ય **સુર** = મહાદેવો **દેવ-દેવી** = દેવ-દેવીઓ **બહુ** = ઘણા **એ સહુ** = એ બધા **મુજથી** = મારા થકી મને **ચીન** = ઓળખીને, ચિહ્નો જોઈને, સમજ પ્રાપ્ત કરીને **મહારુ** = મારામાં રહેલા **કહેકુવેર** = કુવેરસ્વામી કહે છે કે **મમ** = મારા **કૈવલ** = કૈવલકર્તા જ **કારણ** = કારણરૂપે **થકી** = રહેલા હોવાથી **આ રણમેં** = આ ભવરણમાં, બ્રહ્માંડરૂપી ક્ષેત્રમાં **રચ્યું** = રચના રચવામાં આવી છે **વિશ્વ સારું** = સમગ્ર, વિશ્વ, અખિલ વિશ્વ.

## અનુવાદ

**સામર્થ્યતાના ભેદથી મહાદેવ, દેવ-દેવી બહુ પ્રકારે દેખાય છે. એ સર્વ મારી આપેલી સમજથી પણ જણાશે. કુવેરસ્વામી કહે છે કે મારા કૈવલકર્તા**

**કારણરૂપે કોઈ તેમના થકી આ બ્રહ્માંડમાં અખિલ વિશ્વની રચના રચવામાં આવી છે.**

## ભાવાર્થ

સર્જનહારે આ સમસ્ત બ્રહ્માંડમાં જે કોઈ સામર્થ્યતાની ભિન્નતા ઊભી કરેલી છે તેની પાછળનો આશય વિશ્વની રચનાના કાર્યનો સુદ્રઢ વહીવટ ચલાવવા માટેનો જ છે. જેમાં મોટા છ દેવતાઓ, તેત્રીસ કરોડ સામાન્ય દેવતાઓ અને નવ કરોડ દેવીઓ માલુમ પડે છે. તેમાં દરેકના સામર્થ્યતાની ભિન્નતા બહુ છે. કુવેરસ્વામી મારાપણાના દાવા સાથે કહે છે કે "આ સર્વ રહસ્યમય રચના મારા કૈવલકર્તાએ કરી છે અને તેઓ જ મારા સહિત સર્વ દેહોના કારણરૂપે છે."

## (સાખી)

**ચહીતનતા ચીદની મધ્યે, તેહની એ નીરવાણ;**
**ઘાટ રહિત સ્વે આતમા, તે કરતા હું જાણ. ૭**

### શબ્દાર્થ

**ચહીતનતા** = ચૈતનતા, ચૈતનની ચૈતનશક્તિ **ચીદની** = ચિદાકાર બ્રહ્મની **મધ્યે** = માં **તેહની** = તેની **એ** = એ, એ જ **નીરવાણ** = વાણીથી રહિત, નિર્વાણ **ઘાટ રહિત** = કોઈ પણ પ્રકાર આકાર કે દેહરહિત અરૂપ **સ્વે** = પોતેપોતાનો **આતમા** = આત્મા, અંશ **તે** = તે **કરતા** = કર્તાનો **હું** = હું **જાણ** = જાણ રૂપે છું.

## અનુવાદ

**એજ નિર્વાણ ચૈતન પદની ચેતનતા ચિદરૂપી બ્રહ્મમાં વ્યાપેલી છે. વળી મારું અંશ સ્વરૂપ ઘાટ રહિત હોઈ હું કર્તાની જાણ રૂપે છે.**

## ભાવાર્થ

સર્જનહારના નિર્વાણપદની ચૈતન શક્તિ જ આ સચરાચર વ્યાપક ચિદાકાર બ્રહ્મમાં ચેતનતારૂપે પ્રસરેલી છે. એટલે કે, સર્જનહાર મહદ્ સજાણજાણ સ્વરૂપે

રૂપ અરૂપથી પરે રહેલા છે. તેમની ચૈતન જાણ આ વિશ્વમાં અંશ સ્વરૂપે રહેલી છે. તે પણ ઘાટથી રહિત અરૂપ છે. એવા મહદ્ સજાણજાણ સર્જનહારની છટ્ઠી અંશવૃત્તિના અલ્પ જાણ રૂપી અંશો પણ ત્રણ પ્રકારની ભિન્નતાવાળા છે. જેને સામાન્ય, વિશેષ અને પરમ વિશેષ અંશો કહેવાય છે. તે સ્થૂળ, સૂક્ષ્મ, કારણ, મહાકારણ અને પરમકારણદેહમાં વસેલા છે. કુવેરસ્વામી કહે છે કે તેઓ પોતે પણ સર્જનહારની અલ્પ જાણ રૂપે એક પરમ વિશેષ અંશ જ છે.

**વિશ્વ સકલ વૈકુંઠ લગે, જીવ તમોય જજંચ;**
**પેખંતો કૈવલ પખે, તે કરતા મ્હેં રંચ. ૮**

**શબ્દાર્થ**

**વિશ્વ** = જગત **સકલ** = સમગ્ર, આખુ **વૈકુંઠ** = વૈકુંઠધામ **લગે** = સુંધી **જીવ** = જીવો **તમોય** = તેમાં જ **જજંચ** = જકડાઈને રહેલા છે, ભજે છે **પેખંતો** = જોતાં **કૈવલ પખે** = કૈવલકર્તાના પક્ષે **તે** = તેઓ **કરતા** = કૈવલકર્તાની છે **મ્હેં** = હું જોવું છું તો **રંચ** = એક, રંચમાત્ર છે, અલ્પ છે.

**અનુવાદ**

**અખિલ વિશ્વના જીવો વૈકુંઠલોક સુધીના દેવતાઓને ભજે છે, પરંતુ કૈવલકર્તાના પક્ષે જ્યારે જોઈએ તો તેઓ કર્તા છે અને હું રંચમાત્ર છું.**

**ભાવાર્થ**

સમગ્ર બ્રહ્માંડમાં માત્ર મહીમંડ ઈંડમાં જ સૃષ્ટિનો પસારો થયેલો છે. તેમાં નાભિનારાયણ પુરુષ અને નિરંજન પુરુષ અને બે પરમવિશેષ અંશોને સર્વોપરિતા સોંપીને ઈંડની સર્વ જવાબદારી સોંપી છે, જેમાં નાભિનારાયણ અપ્રસિદ્ધ રહ્યા છે. તેમના દ્વારા ઘણની ઉત્પત્તિ થયેલ છે તે સિવાય અન્ય કાર્ય અંગે કોઈ જગ્યાએ ક્યાંય પણ ઉલ્લેખ જોવા મળતો નથી, પરંતુ નિરંજન પુરુષે તો આ સંસારની ઉત્પત્તિનો પ્રવાહ આગળ વધારવાની જવાબદારીને આગળ ધપાવી છે. વળી, સૃષ્ટિનો અન્ય વહીવટ સંભાળવા માટે અંતરિક્ષમાં વૈકુંઠની આદ્ય લઈ ચૌદ દેવીધામોના દેવી-દેવતાઓની પણ રચના સર્જનહારે

કરેલી છે. દેવ-દેવીઓને એક એક વિભૂતિ પોંખીને અલગ અલગ જવાબદારી સોંપવામાં આવેલી છે. એવા દેવી-દેવતાઓની ઐશ્વર્યતાને નિહાળી જગતના ભોળા જીવો તેમનું જ યજન ભજન કરવા લાગ્યા છે. કુવેરસ્વામી કહે છે કે સર્જનહાર કૈવલકર્તાના પક્ષે જોઈએ તો સમગ્ર રચના રચનાર કૈવલકર્તા પોતે જ છે. કુવેરસ્વામીની આદ્ય લઈ અંતરિક્ષના ધામોમાં રહેલા દેવી-દેવતાઓ સહિત સર્વે કર્તાની સરખામણીમાં રંચમાત્ર છે.

# અંગ ૪૩
# વિશ્વકર્તા નિયંતાયકો

---

**કહુ અનુસાર પરકાર દ્દષ્ટાંતસે, શુદ્ધ સિદ્ધાંત સમજાય એહવું;**
**જે વિધે વિશ્વ વિલાસ સહુ મેં રચ્યું, તે સચ્યું જેમ જણાય તેહવું. ૧**

### શબ્દાર્થ

**કહુ** = કહુ છું **અનુસાર** = અનુરૂપ, બંધ બેસે તેવું, તેને લગતું **પરકાર** = પ્રકાર, વર્ગ, ભેદ **દ્દષ્ટાંતસે** = દ્દષ્ટાંત આપીને, ઉદાહારણ દર્શાવીને **શુદ્ધ** = ચોખ્ખો, સ્પષ્ટ **સિદ્ધાંત** = ન્યાયપૂર્ણ કરેલ નિર્ણય, સાબિતી **સમજાય** = સમજી શકાય **એહવું** = એ માટે, એ રીતે **જે વિધે** = જે વિધિથી, જે પ્રમાણે **વિશ્વ** = વિશ્વનો **વિલાસ** = વિલસાઈ જાય તેવી, નાશવંત રચના, ફેલાવો **સહુ** = સર્વ **મેં રચ્યુ** = મેં રચ્યું **તે** = તે **સચ્યું** = સિંચન કર્યુ, પુષ્ટિ થયું, વિકસ્યું **જેમ** = જે રીતે **જણાય તેહવું** = દ્દશ્ય નિહાળ્યું છે સમજ્યા છે.

### અનુવાદ

**જે પ્રમાણે મારાથી આ નાશવંત વિશ્વની રચનાનો ફેલાવો થયેલો છે. તેનો વિલાસ મેં રચ્યો છે, જેથી તેને અનુરૂપ દ્દષ્ટાંત આપીને સિદ્ધાંતને સ્પષ્ટ પણે સમજાય એમ કહુ છું.**

### ભાવાર્થ

વિશ્વની ઉત્પત્તિના ક્રમનો વિકાસ કરતી વખતે શ્રીમત્ કરુણાસાગર પરમવિશેષ પાટવી અંશ તરીકે કેવલકર્તાના સાન્નિધ્યમાં હતા. જેથી તેઓ આ સમગ્ર રચનાના પસારોના સાક્ષીરૂપે રહેલા હોવાથી તેમને આ સમગ્ર ફેલાવાના ક્રમ અંગેની પૂરેપૂરી સમજ પણ છે. તેથી તેઓ સર્જનહાર સાથે મારાપણાને દાવો કરીને હક્કપૂર્વક કહે છે કે આ નાશવંત વિશ્વનો ફેલાવો મારાથી થયેલો છે. આમ, તેઓ તે રચનાના સાક્ષી તરીકે હોઈ આપણને પણ સ્પષ્ટ સમજ અને તેના સિદ્ધાંત સમજાય તે રીતે ઉદાહરણો આપીને જણાવે છે.

**જેમ ગીરી લોહનો તેજથી હોત હે, સાંણસી યેરણ ને હથેરી;**
**ઘાટ અનેક ઘડાય બહુ તે થકી, સોજ લાવી પરવત કેરી. ૨**

### શબ્દાર્થ

**જેમ** = જેવી રીતે **ગીરી** = પર્વત **લોહનો** = લોખંડનો **તેજથી** = તેનામાંથી, તે લોખંડથી **હોત હે** = હોય છે, બને છે, બનેલા છે **સાંણસી** = સાણશી, વસ્તુને પકડવા માટે બે પાખાવાળુ સાધન **યેરણ** = ચોરસ, માથાવાળું સપાટ લોખંડનું ગચિયું કે જેના ઉપર મૂકીને ધાતુની ઘડતર કરવામાં આવે છે **ને** = અને **હથેરી** = હથોડી, હાથવડે, ટીપવાનું કે ઠોકવાની લોખંડની મોગરી, લોઢાનું ઓજાર **ઘાટ** = દાગીના **અનેક** = અનેક, એક કરતાં વધારે, બહુ **ઘડાય** = ધાતુને ટીપીને આકાર કરવો, રૂપ આપવું, અમુક આકૃતિમાં ઘાટ આપવો **બહુ** = વધારે, વધુ, ઘણા **તે થકી** = તેના વડે **સોજ** = સરસામાન, સાધનસામગ્રી **લાવી** = લાવીને **પરવત કેરી** = પર્વતની.

### અનુવાદ

**જેમ લોખંડનો પર્વત હોય અને તેમાંથી લોખંડના હથિયારો રૂપ સાણશી, એરણ અને હથોડી બને છે, જેના થકી લોખંડના પર્વતમાંથી સામગ્રી લાવીને અનેક ઘાટો ઘડી શકાય છે.**

### ભાવાર્થ

ઉદાહરણ તરીકે જેમ કે લોખંડનો પર્વત હોય તેમાંથી જ સામગ્રી એટલે કે, લોખંડનો ટુકડો લાવીને તેને ગરમ કરીને તેમાંથી લોખંડના હથિયારો જેવા કે સાણશી, એરણ અને હથોડી બનાવેલાં હોય છે. હવે તે જ લોખંડના પર્વતમાંથી બીજા ટુકડા લાવીને બનાવેલાં હથિયારોની મદદથી અનેક પ્રકારના અસંખ્ય નાના-મોટા આકારો ઘડી શકાય છે.

**તેમ કેવલ નગ ઈછતે હવીતવ, સોહં ૐ કાર એરણ હથોડી;**
**ગુણ સંજુક્ત પ્રકૃત ગ્રહી સાંણસી, અનુભવ કર મમ રચીત પહેડી. ૩**

### શબ્દાર્થ

**તેમ** = તે મુજબ, તેમ **કેવલ** = કેવલકર્તા, સર્જનહાર **નગ** = અચળ, પર્વત **ઈછતે** = ઈચ્છાથી,

સંકલ્પશક્તિની વૃત્તિઓથી **હવીતવ** = ઉત્પન્ન થયાં, ઉપજ્યાં **સોહં** = પોતે, જાતે, પોતાના **ૐ કાર** = ૐકાર રૂપ બ્રહ્મ **એરણ** = એરણ **હથોડી** = હથોડી **ગુણ સંજુક્ત** = ગુણનાં સંયોગવાળી **પ્રકૃત** = પ્રકૃત્તિ **ગ્રહી** = ગ્રહણકરી **સાંણસી** = સાંણશી **અનુભવ કર** = અનુભવરૂપી હાથ **મમ** = મારા સહિત, મારી **રચીત** = રચના કરી **પહેડી** = પરંપરાગત ચાલે તેવી.

## અનુવાદ

**તેમ કૈવલકર્તાએ જાતે તેમની સંકલ્પશક્તિરૂપ પર્વત સમાન વૃત્તિઓ દ્વારા ખેતરરૂપ ૐ કાર બ્રહ્મમાં એરણ અને હથોડી તથા ગુણ અને પ્રકૃતિના સંયોગ વાળી સાંણશી અને મારા અનુભવ યુક્ત હાથ વડે પરંપરાગત ચાલે તેવી રચના બનાવેલી છે.**

## ભાવાર્થ

અગાઉના દૃષ્ટાંતને અનુરૂપ જોઈએ તો કૈવલકર્તાએ સંકલ્પશક્તિ રૂપ પર્વત સમાન વૃત્તિઓ પૈકી પોતાની પ્રથમ પ્રકાશબ્રહ્મવૃત્તિના સચરાચરવ્યાપક બ્રહ્મથી સોહંગ રૂપી એરણ અને ઓહંગરૂપ હથોડી બનાવ્યા છે. તેમજ પોતાની ઈચ્છાવૃત્તિઓથી ગુણ અને પ્રકૃત્તિના મેળાપવાળી સાંણશી બનાવી છે. સોનીરૂપ સર્જનહારે પોતાના અનુભવ રૂપ હાથથી બ્રહ્મભૂમિકામાં ઉત્પન્ન કરેલા સર્વ તત્ત્વોને ગુણ અને પ્રકૃતિના હાથાવાળી સાંણશીથી પકડીને સોહંગરૂપ એરણ ઉપર મૂકી ઓહંગરૂપ હથોડી વડે અનેક પ્રકારના આકારવાળી પરંપરાગત ચાલે તેવી અનેક વિવિધતાવાળા મારા અનુભવ રૂપી હાથ વડે સર્વ ઘાટો સહિત સમગ્ર રચના રચી છે.

**અનંત બ્રહ્માંડની બીચ સરજુ સદ, લોક ચહુ ઓરની જીવ જોની;**
**અંત વિનુ અનંત સમોહ તનુ સરજીત, સોજ કૈવલ નગ ઈચ્છ સોની. ૪**

### શબ્દાર્થ

**અનંત** = જેનો અંત નથી, છેડા રહિત **બ્રહ્માંડની** = બ્રહ્મભૂમિકામાં વિકાસ પામેલ સર્વ રચના **બીચ** = મધ્ય મોં **સરજુ** = સર્જન કર્યું **સદ** = પોતે **લોક ચહુ** = ચૌદલોક **ઓરની** = આજુબાજુના **જીવ જોની** = જીવોના ઘાટો **અંત વિનુ** = અંત વગરનું **અનંત** = જેનો અંત નથી તેવું, અનંત

**સમોહ** = સમોહ, સુંદરતાભર્યું, વિવિધતાભર્યા **તનુ** = ઘાટો **સરજીત** = સર્જન કર્યા **સોજ** = સર્વ સામગ્રી **કૈવલ નગ** = અર્ચન પર્વત રૂપી, કૈવલકર્તાએ **ઈચ્છ** = પોતાની ઇચ્છા મુજબ **સોની** = સર્વની સૌની, ઘડનાર, સર્જક.

## અનુવાદ

**અનંત બ્રહ્માંડની અંદર ચૌદલોક અને મૃત્યુલોક સહિત ચાર પ્રકારના ખાણવાળા જીવોના ઘાટો ઉત્પન્ન કરેલ છે. તે અંત વગરના અનેક વિવિધતા ભર્યા ઘાટો સહિત સર્વ સર્જન અચળ પવર્તમાંથી ઘડનારા કૈવલકર્તાએ પોતાની ઈચ્છા મુજબ સર્જેલા છે.**

## ભાવાર્થ

સર્જનહારે પોતાના નૂર રૂપ બ્રહ્મ ભૂમિકામાં સમગ્ર રચનાને વિકસાવી છે. જ્યાં સુધી બ્રહ્મનો વ્યાપ છે ત્યાં સુધી તેમની રચનાનો પણ વ્યાપ છે. એટલે તે રચનાના મહાઘટકને બ્રહ્માંડ કહેવામાં આવે છે. એમ ૨૮ ઈંડોથી બનેલા બ્રહ્માંડની અંદર ઉપરના ભાગે રહેલા ૧૪ ઈંડોની રચના પૈકી ૧૨ ઈંડોમાં બબ્બે પુરુષોને મુક્યા અને બે ઈંડો માત્ર શૂન્યવત્ રાખ્યા. જેમાં અગિયાર ઈંડોમાં કોઈ પણ પ્રકારની સૃષ્ટિ ઉત્પન્ન થઈ નથી તે પુરુષો અભંગ રહીને પૂર્ણ ચૈતન દશામાં રહેલા છે. જ્યારે મહિમંડ ઈંડમાં પણ બે પુરુષો મુક્યા. જેમાં નાભિનારાયણ પુરુષ જેમના અંગે કોઈ ખુલાસો મળતો નથી, પરંતુ નિરંજન દેવથી સૃષ્ટિનો ક્રમ શરૂ થયો તેમ ધર્મ ગ્રંથોમાં જોવા મળે છે. જ્યારે નીચેના ભાગે રહેલા ઈંડોમાં પણ પ્રથમ બે શૂન્યને છોડીને બાકીના ૧૨ ઈંડોમાં છે. મહીમંડ ઈંડની મધ્યે અંતરિક્ષમાં ચૌદલોક અને પૃથ્વી પરના સ્થાવર-જંગમ સહિત ૮૪ લાખ પ્રકારના ઘાટોનું નિર્માણ કરેલ છે. જેમાં ચાર પ્રકારની ખાણ દ્વારા જીવોની ઉત્પત્તિ કરેલ છે. આમ, અંત વગરના (અનંત) બ્રહ્માડમાં સુંદરતાથી ભરપૂર વિવિધ પ્રકારના ઘાટો સહિતના સર્વ વૈરાટની રચના અચળ પર્વતમાંથી સોનીરૂપ ઘડનાર મહાન કૈવલકર્તાએ જ પોતાની ઇચ્છા મુજબ સર્જેલી છે.

**લોહગિરિ રાછ કલ કરન કાંઈ દ્વે નહીં, કૈવલ ઈચ્છ સોહંગ શ્વાસા;**
**કહે કુવેર થઈ કારણ કારજા, મેં ઉપજાવ્યું વિશ્વ વિલાસા. ૫**

### શબ્દાર્થ

**લોહગિરિ** = લોખંડનો પર્વત **રાછ** = ઓજાર **કલ** = કળરૂપી **કરન** = કરેલા, ઉત્પન્ન કરેલ **કાંઈ** = કાંઈ **દ્વે** = જુદા **નહીં** = નથી **કૈવલ** = કૈવલકર્તાની **ઈચ્છ** = ઈચ્છામુજબ **સોહંગ શ્વાસા** = સોહંગ પ્રણવ **કહે કુવેર** = કુવેરસ્વામી કહે છે કે **થઈ** = થઈને **કારણ** = કારણરૂપ **કારજા** = કાર્યરૂપ **મેં** = મેં પોતાના સાથ થકી **ઉપજાવ્યું** = ઉત્પન્ન કર્યું **વિશ્વ** = વિશ્વ, જગત, સૃષ્ટિ **વિલાસા** = આનંદ કરવા માટે, વિલાસના માટે, વિલસાઈ જાય તેવું, નાશવંત.

### અનુવાદ

**લોખંડના પર્વતમાંથી બનાવેલાં કળયુક્ત ઓજારો તે જુદા નથી. તેમ કૈવલકર્તાની સંકલ્પશક્તિ તેમજ સોહંગ પ્રણવ પણ જુદો નથી. કુવેરસ્વામી કહે છે કે કારણ અને કાર્ય રૂપે મેં આ વિશ્વને વિલાસ માટે જ ઉપજાવ્યું છે.**

### ભાવાર્થ

અગાઉ દૃષ્ટાંતમાં સમજાવ્યું તેમ લોખંડનો પર્વત અને તેમાંથી સામગ્રી લઈને બનાવેલાં ઓજારો ભલે આકૃતિથી જુદાં દૃશ્યમાન થાય છે, પરંતુ ધાતુની દૃષ્ટિએ બન્ને એક જ સજાતિય છે. તેમ કૈવલકર્તા એ તેમની પ્રકાશ બ્રહ્મ વૃત્તિના મહાતત્ત્વો અવિકાસ, વિકાસને કુંભસ્થના અલ્પ સ્વરૂપે સોહંગ પ્રાણાયામ ભલે (સ્વરૂપે) અલગ લાગે, પરંતુ તે ઉત્પત્તિ પક્ષે જોતાં જુદાં નથી. કુવેરસ્વામી કહે છે કે આમ કારણરૂપ સર્જનહાર અને કાર્યરૂપ સોહંગ પ્રણવ છે. પરમવિશેષ પાટવી અંશરૂપ હાથ વડે સાણશી અને હથોડીને પકડીને એરણ ઉપર સર્વ નાશવંત વિશ્વની અપાર રચનાને બનાવી છે. આ સર્વ રચના સર્જનહારે તેમના પોતાના આનંદ માટે જ બનાવી છે.

### (સાખી)

**ચૌદ ભોવન ગૌલોક લ્યૌ, તેહનો મેં કિરતાર;**
**સ્વ-સ્વરૂપ સ્વે ઉચરે, નિધ્યમે રહી નિરધાર. ૬**

### શબ્દાર્થ

**ચૌદ ભોવન** = ચૌદભુવન, દેવી ધામો **ગૌલોક** = ગૌલોક **લ્યૌ** = સુધીના **તેહનો** = તેનો **મેં** = હું મારા થકી **કિરતાર** = કરવાવાળો છું, કરવામાં આવેલા છે **સ્વ-સ્વરૂપ** = પોતાનાથી જ પરમવિશેષ અંશના સ્વરૂપે **સ્વે** = પોતે **ઉચરે** = વાણીથી કહુ છું ઉચ્ચારું છું, જણાવું છે કે **નિધ્યમે** = બ્રહ્મભૂમિકામાં **રહી** = રહીને **નિરધાર** = નક્કી.

## અનુવાદ

**ચૌદ લોકની આદ્ય લઈ ગૌલોક સુધીની સર્વ રચનાનો હું કરનારો છું. પોતાના સ્વ-સ્વરૂપથી બ્રહ્મમાં રહીને નક્કી ઉચ્ચાર કરું છું.**

## ભાવાર્થ

ચોપાઈ ૩માં પરમવિશેષ પાટવી અંશને સર્જનહાર કૈવલકર્તાએ પોતાના હાથ રૂપે દર્શાવ્યા છે અને સમગ્ર રચનાનું કાર્ય આગળ ધપાવ્યું છે. જેથી અહીં "મેં બનાવ્યું" તે અંગેનો ખુલાસો કરવામાં આવે છે કે "તેમના થકી" સર્જનહારે સર્જન કર્યું છે. તેથી "મેં" શબ્દ ઉપર ભાર મૂકવામાં આવ્યો છે. આમ ચૌદલોક સહિતના ગૌલોક સુધી સર્વ ઉત્પત્તિનો ફેલાવો કૈવલવેત્તા પુરુષ થકી થયેલો છે. જે તેઓ પોતાના સ્વ-સ્વરૂપે બ્રહ્મ ભૂમિકામાં રહીને આ હકીકતનો નિશ્ચયપૂર્વક ઉચ્ચાર કરે છે.

**અકલ અંશ જુગમેં મમ, કૈવલ હાનનો ઓજ;**
**એક અનેકે હીલમીલી, જુગતા રમુ મનોજ. ૭**

### શબ્દાર્થ

**અકલ** = કળી ન શકાય તેવો **અંશ** = કર્તાની જાણ રૂપ **જુગમે** = જગતમાં **મમ** = મારા **કૈવલ** = કૈવલકર્તા **હાનનો** = આકાશના **ઓજ** = ઓજસ, ભેજ **એક અનેકે** = હું એકલો બીજા અનેકની સાથે **હીલમીલી** = હળીમળીને, બંધુત્વના ભાવ રાખી **જુગતા** = જાગૃતપણે **રમુ** = રમણ કરું છું **મનોજ** = મુક્ત રીતે, મનમાં આનંદ ધારણ કરી.

## અનુવાદ

**આ વિશ્વમાં કળી ન શકાય તેવું અંશ સ્વરૂપ છે, જે આકાશમાંથી જેમ ઝાકળબિંદુનું સ્વરૂપ બને તેમ મારા કૈવલકર્તારૂપ આકાશમાંથી મારું એક ટીપાં રૂપે અંશ સ્વરૂપ બનેલું છે. જે અન્ય અનેક અંશો સાથે હળીમળીને જગતમાં મુક્ત સ્વરૂપે હું વિચરણ કરું છું.**

## ભાવાર્થ

અહીં ઉદાહરણના રૂપમાં સમજાવવામાં આવ્યું છે કે કૈવલકર્તા રૂપ મહાન આકાશમાંથી ઝાકળબિંદુના સ્વરૂપે અંશની ઉત્પત્તિ છે. માત્ર તફાવતની દૃષ્ટિએ આ એકેદશી ઉદાહરણને સમજી કર્તાની મહત્તા અને સ્વરૂપના તફાવતને સરખાવવાની છે.

કૈવલવેત્તા પુરુષના ચૈતન સ્વરૂપનો વિચાર કરીએ તો સર્જનહારે બનાવેલા અંશો પૈકી તે સૌથી મોટા પરમવિશેષ પાટવી અંશ છે. વળી વિશ્વમાં જે જે અંશો છે તે દરેક સ્થૂળ, સૂક્ષ્મ, કારણ, મહાકારણ અને પરમકારણદેહ પૈકીના કોઈને કોઈ દેહથી બંધાયેલા છે. જ્યારે પરમગુરુ તો પરમ વિશેષ પાટવી અંશ હોઈ તેમના દિવ્યદેહને કોઈ બંધન નથી. તેમનો દિવ્યદેહ માત્ર નિરંજન તત્ત્વનો પુરુષાતનવાળો બનાવેલો હોવાથી તે કળ્યામાં ન આવે તેવા સ્વરૂપે છે. જેથી તેમનામાં પ્રકૃત્તિરૂપ માયા પ્રવેશી શકતી નથી. આવા દિવ્યદેહે સર્જનહારના બનાવેલા અન્ય અંશો પછી તે સ્થાવર કે જંગમ કોઈ પણ ઘાટમાં હોય તેમની સાથે તેઓ હળીમળીને રહે છે. અને જગતમાં મુક્ત પણે વિચરણ કરે છે.

# અંગ ૪૪
# ભવ ઉતપન કરણ દેખાવનકો

---

**કારણ કારજા કાજ ધેકારણ, તે થકી ઉતપત્ય સરવ હોઈ;**
**કૈવલ કારણ તે પરાપર હૈ, સચ્ચિદાનંદનો કંદ સોઈ. ૧**

### શબ્દાર્થ

**કારણ** = કાર્યની ઉત્પત્તિ કે પ્રવૃત્તિનું મૂળ, બીજ હેતુ ઉદ્દેશ **કારજા** = ફરજ, કર્તવ્ય, વિનાશનું મૂળ **કાજ** = કાર્ય, પ્રયોજન, કામ, રચના **ધેકારણ** = ઉત્પત્તિને સહાયક કારણ, આધારભૂત કારણ, ધારણ કરનાર **તે થકી** = તેના વળે **ઉતપત્ય** = ઉત્પત્તિ રચના **સરવ હોઈ** = સર્વ થઈ **કૈવલ** = કૈવલકર્તા **કારણ** = કારણરૂપે છે **તે** = તે **પરાપર** = પરબ્રહ્મથી પણ પરે **હૈ** = છે **સચ્ચિદાનંદનો કંદ** = સદ્, ચિદ્ અને આનંદના મૂળ રૂપે, કારણરૂપે **સોઈ** = તે, છે.

### અનુવાદ

**કારણ, કારજા, કાજ અને ધેકારણ આ ચારેથી સર્વ ઉત્પત્તિ થઈ છે. કૈવલ કારણરૂપે છે જે પરબ્રહ્મથી પરે છે અને સદ્, ચિદ્ આનંદના (સચ્ચિદાનંદના) કંદ છે.**

### ભાવાર્થ

કારણ, કારજા, કાજ અને ધેકારણ આ ચારથી મહાન વૈરાટ સહિત સમસ્ત બ્રહ્માંડની ઉત્પત્તિ અને વિકાસ થયો છે. તે સર્વ ઉત્પત્તિના કારણરૂપે સર્જનહાર કૈવલકર્તા છે. તેઓ પોતાની રચનાથી પરે એટલે કે, સચરાચર વ્યાપક તેમના નૂર રૂપી બ્રહ્મથી પણ પરે રહેલા છે. તેઓ બ્રહ્મ કે જેને સદ્, ચિદ્ અને આનંદથી સંબોધવામાં આવે છે, તેવા આનંદના કંદ (મૂળ) એટલે કે કારણરૂપે રહેલા છે.

**બ્રહ્મ ધેકારણ તે અનુધારણ, જ્યતિ સ્વરૂપ કારણ કાંઈ;**
**કારજા શક્તિ સ્વરૂપ તેથી હવી, ત્રિગુણ તે થકી કાજ માંહી. ૨**

### શબ્દાર્થ

**બ્રહ્મ** = સદ્ ચિદ્ આનંદ રૂપ, સચરાચર વ્યાપક સર્જનહારનો પ્રકાશ **ધેકારણ** = આધારભૂત કારણ **તે** = તે **અનુધારણ** = અણુએ અણુ ને ધારણ કરનાર તે માટે **જયતિ સ્વરૂપ** = જયતિ સ્વરૂપ નિરંજન **કારણ** = કારણરૂપે **કાંઈ** = કાંઈ, કોઈકના **કારજા** = કર્તવ્ય **શક્તિ સ્વરૂપ** = શક્તિનું સ્વરૂપ **તેથી** = તેમના થકી **હવી** = ઉત્પન્ન થઈ **ત્રિગુણ** = ગણ ગુણ, બ્રહ્મા, વિષ્ણુ અને મહેશ **તે થકી** = તેમના થકી **કાજ** = કાર્યરૂપે, ફળ સ્વરૂપે **માંહી** = તેમનામાંથી.

### અનુવાદ

**સર્વને ધારણ કરનાર ધેકારણ રૂપે બ્રહ્મ છે. કારણરૂપ જયતિ સ્વરૂપ અને કારજા રૂપે શક્તિ સ્વરૂપ હોવાથી તેમના થકી ત્રણ ગુણ કાજ સ્વરૂપે થયા.**

### ભાવાર્થ

સર્જનહારે ઉત્પત્તિના ક્રમમાં સૌ પ્રથમ પોતાની બાહ્યહંગની વૃત્તિને પ્રસારી જેને પ્રકાશ બ્રહ્મવૃત્તિથી ઓળખવામાં આવે છે. તે બ્રહ્મભૂમિકામાં તેમને સર્વ રચનાની ઉત્પત્તિ અને પસારો કર્યો છે. આમ, સર્વ રચનાને ધારણ કરનાર બ્રહ્મ હોવાથી તેને ધેકારણ કહેવામાં આવે છે. આવા બ્રહ્મક્ષેત્રમાં સૌ પ્રથમ આદિ નિરંજન જેને જ્યોતિ સ્વરૂપ કહેવામાં આવે છે તેની ઉત્પત્તિ થઈ, જે ઉત્પત્તિના કારણરૂપે રહ્યા છે. તેમાંથી તેમના કર્તવ્ય માટે કારજા રૂપે શક્તિના સ્વરૂપની ઉત્પત્તિ કરવામાં આવી. આમ જે કારણ અને કારજા બંને સ્વરૂપો ઉત્પન્ન થયાં. તેના સંયોગથી ત્રણ ગુણઃ બ્રહ્મા, વિષ્ણુ અને શંકરની ઉત્પત્તિ થઈ છે તે કાજ રૂપે છે.

**અંત પરલે મલે પરમ નેતિ પદ, ઉપજે તો પુનિ તદીપ તાંહાંથી;**
**તે જ કૈવલ કારણ પદ પરમધી, અંશ ઉપજાંણ વિત્ત સરવ જાંહાંથી. ૩**

### શબ્દાર્થ

**અંત** = અંતમાં, છેલ્લે **પરલે** = મહાપ્રલય વખતે **મલે** = મળે, ભળી જાય **પરમ નેતિ પદ** = શ્રેષ્ઠ નેતિ પદરૂપી, પરમપદમાં **ઉપજે** = ઉત્પન્ન થાય, પેદા થાય **તો પુનિ** = તે, ફરીથી વળી

**તદીપ** = તેમાં, તો પણ **તાંહાંથી** = ત્યાંથી, તેમાંથી **તે જ** = તેજ **કૈવલ કારણ પદ** = કૈવલકર્તારૂપી કારણનું પદ છે **પરમધી** = પરમશ્રેષ્ઠ **અંશ** = કર્તાની જાણરૂપ, સજાતીરૂપ **ઉપજાંણ** = ઉત્પત્તિ **વિત્ત** = વિત્તરૂપે **સરવ** = સર્વ, બધુ **જાંહાંથી** = જ્યાંથી, તેમાંથી.

## અનુવાદ

**અંતે મહાપ્રલયકાળ વખતે સર્વ પરમ નેતિપદમાં મળી જાય છે. ત્યારબાદ પુનઃ ઉત્પન્ન થાય તો પણ તેમાંથી ઉત્પન્ન થાય છે. તે જ મહાન કૈવલકર્તાનું પરમ શ્રેષ્ઠ પદ હોઈ તેમાંથી જ સર્વ વિત્તરૂપ અંશો ઉત્પન્ન થયા છે.**

## ભાવાર્થ

સર્જનહાર પોતે મહદ્ સજાણજાણ સ્વરૂપે રહે ત્યાં સુધી તેમનો સંકલ્પ પણ રહે છે. તે સંકલ્પ સમાઈ જાય ત્યારે ઉત્પત્તિના વિરૂદ્ધ ક્રમમાં બધી જ રચના નાશ પામે છે. અંતે મહાપ્રલયકાળ વખતે જેનો કોઈ અંત જ નથી તેવા પરમ નેતિ રૂપ પરમપદમાં સર્વ રચના ભળી જાય છે. ત્યારબાદ ફરી જયારે કર્તા શુદ્ધ સંકલ્પ કરે ત્યારે પુનઃ સર્વ રચના પણ તે જ નેતિ પદમાંથી ઉત્પન્ન થાય છે.એવું કૈવલકર્તાનું મહાન પરમ શ્રેષ્ઠ પદ છે. દેહના વિત્તરૂપે રહેલા ત્રણેય પ્રકારના, સામાન્ય, વિશેષ અને પરમવિશેષ અંશો પણ તે જ પદમાંથી ઉત્પન્ન થાય છે અને અંતે તે જ પદમાં સમાઈ જાય છે.

**બ્રહ્મ છે જે વડે તેથી ના કો બડે, આપ કેથી ભયો ના ઉદ્યોતે;**
**નયંતાનો અંત સાંમી તે સહુનો પતિ, ઈશ્વરાઈશનો ધીશ પોતે. ૪**

### શબ્દાર્થ

**બ્રહ્મ** = સચરાચર વ્યાપક બ્રહ્મ **છે** = છે **જે વડે** = જેના વડે **તેથી** = તેમનાથી **ના** = નહીં **કો બડે** = કોઈ મોટો નથી, મહાન નથી **આપ** = પોતે, તેઓ **કેથી** = કોઈનાથી **ભયો** = થયો **ના** = નહીં **ઉદ્યોતે** = પ્રકાશિત, તેજ, ઉત્પન્ન **નયંતા** = નિયંતા, નિયમન કરનાર, સર્વ અધિકાર ચલાવનાર, નિયમમાં રાખનાર, પરમેશ્વર **નો** = નો **અંત** = અંત, છેવટ **સાંમી** = સ્વામી **તે** = તે **સહુનો પતિ** = સર્વનો પતિ **ઈશ્વરાઈશનો** = ઈશ્વરના પણ ઈશ્વર, પરમેશ્વર **ધીશ** = ધીશ, સમ્રાટ, પરમેશ્વર **પોતે** = પોતે, જાતે.

## અનુવાદ

**બ્રહ્મ જેના વડે છે તેનાથી મોટો કોઈ નથી. તેઓ બીજા કોઈનાથી પ્રકાશમાન થયા નથી. સર્વના નિયમન કરનાર અને સર્વના અંત એવા દરેકના સ્વામી છે. આમ ઈશ્વરોના પણ ઈશ્વર પરમશ્રેષ્ઠ પોતે જ છે.**

## ભાવાર્થ

જેના વડે બ્રહ્મનો પ્રકાશ સર્વત્ર વ્યાપેલો છે. તેવા પ્રકાશના પ્રકાશક સકર્તા કૈવલ પતિ છે. એવા નૂરી કૈવલકર્તાથી કોઈ મોટો અધિક નથી. વળી તેઓ પુરાતન હોઈ પ્રકાશના પુંજ છે. સજાણજાણ સ્વરૂપ કૈવલકર્તા અન્ય કોઈથી પ્રકાશમાન થયા નથી. પોતે સ્વયંભૂ છે. એવા સર્વના નિયમન કરનારના અમલી અને અંતના મૂળ રૂપે રહેલા તે સ્વામી સહુના પતિ છે. તેઓ વિશ્વમાં ઐશ્વર્યતા ધારણ કરનાર ઈશ્વરના પણ ઈશ્વર હોઈ તે પોતે જ પરમ શ્રેષ્ઠ છે. જેથી તેમને આદ્ય, સક્ત, સ્વરાજ, કરુણેશ અને કૈવલ એમ પાંચ વિશેષણોથી નવાજવામાં આવ્યા છે.

**કારણ કારજા કાજ ધેકારણ, એ ચહુ અંતઃકરણ જાકુ;**
**કહે કુવેર અપાર અપાર ગત, શું વરણવ કરું મેં તાકુ. ૫**

### શબ્દાર્થ

**કારણ** = સર્વનું કારણ **કારજા** = કર્તવ્ય **કાજ** = કાર્ય **ધેકારણ** = ધારણનું કારણ **એ** = એ **ચહુ** = ચાર **અંતઃકરણ** = અંતઃકરણ, પોતાની અંદર કાર્ય કરવા માટે, પ્રેરિત કારણો **જાકુ** = તેમના છે, જેમને છે **કહે કુવેર** = કુવેરસ્વામી કહે છે કે **અપાર અપાર ગત** = અપરંપાર ગતિવાળા **શું વરણવ કરું મેં** = હું શું વર્ણન કરી શકું **તાકુ** = તેમનું.

## અનુવાદ

**કારણ, કારજા, કાજ અને ધેકારણએ ચાર તેમના અંતઃકરણ છે. કુવેરસ્વામી કહે છે કે તેઓ અપરંપાર ગતિવાળા હોઈ તેમનું હું શું વર્ણન કરું ?**

### ભાવાર્થ

પોતાની સંકલ્પ શક્તિ, જ્યોતિ સ્વરૂપ નિરંજન, આદ્યશક્તિ મહંમાયા, ત્રણગુણ અને સચરાચર વ્યાપક બ્રહ્મ એ સર્વ કારણ, કારજા, કાજ અને ધેકારણ રૂપે રહેલાં છે. આ ચારેય તેમનામાં ચાર અંતઃકરણ રૂપે રહેલ ઉત્પત્તિના કાર્ય કરવા માટેની પ્રેરિત પુરુષાર્થ શક્તિ સમાન છે. કુવેરસ્વામી કહે છે કે તેઓ પાર પામી ન શકાય તેવા અપરંપાર ગતિવાળા હોઈ તેમનું વાણી દ્વારા સહજ રીતે સીધે સીધું વર્ણન કરી શકાય તેમ નથી.

### (સાખી)

**જ્યાંહાં કરતા દુતિયો નહીં, અવિગત વસ્ત અકેલ;**
**જ્યૌ આદિત ઉદ્યોતમે, ઉરઘણ સરવ સમેલ. ૬**

#### શબ્દાર્થ

**જ્યાંહાં** = જ્યાં **કરતા** = કરવાવાળો **દુતિયો** = બીજો **નહીં** = નથી **અવિગત** = જેની વિગત પ્રાપ્ત થઈ શકે તેમ નથી તેવા **વસ્ત** = વસ્તુરૂપે, સત્ય, શાશ્વત સ્વરૂપે **અકેલ** = એકલા જ છે, એક જ છે **જ્યૌ** = જેમ **આદિત** = પુરાણા, સૂર્ય **ઉદ્યોતમે** = પ્રકાશમાં **ઉરઘણ** = તારા **સરવ** = સર્વ, બધા **સમેલ** = સમેટાઈ જાય, સમાઈ જાય, ભળી જાય, ભેગા કરવામાં આવે.

### અનુવાદ

**ગતિમાં ન આવે તેવા શાશ્વત રૂપે જ્યાં પોતે એકલા જ છે, ત્યાં અન્ય કોઈ કર્તા નથી, જેમ બધા તારાના પ્રકાશને ભેગા કરવામાં આવે તો પણ તે તારાઓનો પ્રકાશ સૂર્ય જેટલો થતો નથી.**

### ભાવાર્થ

સૂર્યમંડળમાં જેમ રાત્રે આકાશમાં ઘણા બધા તારાઓ પ્રકાશિત હોય છે, પરંતુ સૂર્યાદય થતાં તારાઓનો પ્રકાશ નજરમાં આવતો નથી. બીજી રીતે સમજીએ તો બધા તારાઓના પ્રકાશને ભેગો કરવામાં આવે તોપણ સૂર્યના પ્રકાશની બરોબરી કરે શકે તેવો પ્રકાશ થઈ શકતો નથી. તેમ આ વિશ્વમાં

તારાઓ સમાન ઐશ્વર્યતા ધારણ કરવાવાળા ઘણા ઈશ્વરો પ્રકાશમાન છે, પરંતુ સૂર્યરૂપ સર્જનહારથી વિશેષ કોઈ જ નથી. ગતિમાં ન આવે તેવા શાશ્વત રૂપે કૈવલકર્તા પોતે સમગ્ર બ્રહ્માંડમાં પ્રકાશરૂપે એકલા જ છે. તેમની તુલના કરી શકે તેવો બીજો કોઈ પ્રકાશક નથી. અર્થાત્ કે કૈવલકર્તા પોતે એકમાત્ર સ્વયં અખંડ, અજર, અમર, શાશ્વત અને મહદ્ ચૈતન સ્વરૂપે છે.

**જ્યૌ તરુવર તુચા તન, ત્યૌ કૈવલને ઈચ્છ;**
**તુચા તે તરુ પલવન, ઈચ્છે અખીલ ભવીછ. ૭**

### શબ્દાર્થ

**જ્યૌ** = જેમ **તરુવર** = વૃક્ષ જાતિ **તુચા** = ત્વચા, છાલ **તન** = શરીર **ત્યૌ** = તેમ **કૈવલ** = કૈવલકર્તા **ને** = અને **ઈચ્છ** = ઈચ્છા, સંકલ્પશક્તિ **તુચા** = ત્વચા, છાલ **તે** = તે **તરુ** = વૃક્ષનું **પલવન** = પાલન પોષણ **ઈચ્છે** = સંકલ્પશક્તિથી **અખીલ** = અખિલ સૃષ્ટિ **ભવીછ** = ઉત્પન્ન, પોષણ પામી છે, સમગ્ર ઉત્પત્તિ-ભવ, ઈચ્છાની ફલશ્રુતિ.

### અનુવાદ

**જેમ વૃક્ષ અને તેની છાલ તેમ કૈવલ અને સંકલ્પશક્તિ છે. છાલ વૃક્ષને પલ્લવિત કરે છે તેમ કૈવલકર્તા તેમની સંકલ્પ શક્તિથી સર્વ સૃષ્ટિને જીવન બક્ષે છે.**

### ભાવાર્થ

વૃક્ષ અને વૃક્ષ ઉપરની છાલની જેમ કૈવલકર્તા રૂપ વૃક્ષ અને તેમની સંકલ્પ શક્તિરૂપી છાલ સમજવી. જેમ વૃક્ષની ત્વચારૂપ છાલ દ્વારા રસકસ ખેંચાઈને સમસ્ત વૃક્ષને વૃદ્ધિ પમાડીને તેને પલ્લવિત કરે છે તેમ વૃક્ષરૂપ સર્જનહાર કૈવલકર્તા પોતાની સંકલ્પશક્તિ દ્વારા સર્વ ઉત્પત્તિ કરી અખિલ બ્રહ્માંડને જીવન બક્ષે છે.

# અંગ ૪૫
# નિઘ અંતસકરણ દેખાવનકો

**અંતસકરણ પરકરણ વિચરણજે, જે થકી સ્ફૂરણતા હોય જેહેની;**
**બ્રહ્મ અનાદ્યની આદ્ય લઈને કહુ, સુભગ સંયુક્ત ઉપહાસ તેહેની. ૧**

### શબ્દાર્થ

**અંતસકરણ** = અંતઃકરણ **પરકરણ** = પ્રકરણ, અંગ **વિચરણજે** = જે રીતે ભ્રમણ કરે છે **જે થકી** = જેના વળે **સ્ફૂરણતા** = ફેલાવો, પ્રસાર, પ્રકટીકરણ **હોય જેહેની** = જેની હોય તે **બ્રહ્મ** = સચરાચર વ્યાપક બ્રહ્મ, કર્તાનો પ્રકાશ **અનાદ્યની** = આદિની **આદ્ય** = આદ્ય, તે સહિત **લઈને** = લઈને **કહુ** = કહુ છું **સુભગ** = સાથે, ભેગા **સંયુક્ત** = સપ્રમાણ ભળીને, સાથે **ઉપહાસ** = ઉત્પત્તિ **તેહેની** = તેની.

### અનુવાદ

**અનાદિ બ્રહ્મની આદ્ય લઈ અંતઃકરણોની જેમના થકી સ્ફુરણા થઈ છે તે અને કેવી રીતે સાથે મળીને ભળે છે, તે અંગે આ પ્રકરણમાં હું કહુ છું.**

### ભાવાર્થ

અનાદિ સચરાચર વ્યાપક કૈવલકર્તાનો જે બ્રહ્મપ્રકાશ છે તેના સહિત ચાર અંતઃકરણ, કારણ, કરજા, કાજ અને ધેકારણ જેમના થકી સ્ફુરણા પામ્યા છે તે સઘળી હકીકત અને તે અંતઃકરણ કેવી રીતે એકબીજાની સાથે કેવા સંજોગોમાં ભળે છે તે વિગત પણ આપણને કુવેરસ્વામી આ અંગમાં જણાવે છે.

**કૈવલનું ચિત્ત ચિદવત્ બ્રહ્મ જે, બ્રહ્મ સ્ફૂરણ અહંકાર જ્યોતિ;**
**જ્યોત પ્રકાશ ઉપાસ શક્તિ બુધ્ધ, શક્તિ સુભાવ મન ત્રિગુણ પોતી. ૨**

### શબ્દાર્થ

**કૈવલનું** = કૈવલકર્તાનું **ચિત્ત** = ચિત્ત અંતઃકરણ **ચિદવત્** = ચિદાકાર, ચિત્ત સ્વરૂપ, સમચૈતન

હીર રૂપે **બ્રહ્મ** = બ્રહ્મ, સર્જનહારનો પ્રકાશ **જે** = જે **બ્રહ્મ** = સર્જનહારનો પ્રકાશ, બ્રહ્મ **સ્ફૂરણ** = સ્ફુરણા પામે છે **અહંકાર** = અહંકાર અંતઃકરણ **જ્યોતિ** = જ્યોતસ્વરૂપ **જ્યોત પ્રકાશ** = જ્યોતના પ્રકાશથી **ઉપાસ** = ઉત્પન્ન થાય છે **શક્તિ** = શક્તિ **બુધ્ધ** = બુદ્ધિ, અંતઃકરણ **શક્તિ સુભાવ** = શક્તિના વિશેષ પ્રાકૃતિક પ્રભાવથી **મન** = મન અંતઃકરણ **ત્રિગુણ** = ત્રણ ગુણઃ રજો, તમો અને સતો તથા બ્રહ્મા, વિષ્ણુ અને શંકર **પોતી** = પોત, સ્વરૂપ, પોતાનું.

## અનુવાદ

**કૈવલનું ચિત્તએ વ્યાપક બ્રહ્મ છે. બ્રહ્મમાં સ્ફુરણ થયેલ જ્યોતિ તે અહંકાર છે અને જ્યોતરૂપ પ્રકાશથી સ્ફુરણા પામેલ શક્તિ તે બુદ્ધિ છે અને શક્તિથી ત્રણ ગુણની ઉત્પત્તિ તે મન છે.**

## ભાવાર્થ

કૈવલકર્તા તો રૂપ અરૂપથી પરે અને તત્ત્વાતીત છે. તેમને કોઈ અંતઃકરણ વ્યાપતાં જ નથી, પરંતુ તેમની સંકલ્પશક્તિથી જ સર્વરચના સ્ફુરણ પામી છે, પરંતુ અહીં રચનાની વિવિધતા અને તે અંગેના વિકારને દર્શાવવા માટે જ અંતઃકરણોની સરખામણી દર્શાવીને વિવરણ કરવામાં આવ્યું છે.

કૈવલકર્તાના સચરાચર વ્યાપક સમચૈતન હીર રૂપે રહેલા ચિદાકાર બ્રહ્મને ચિત્ત અંતઃકરણ સમજવું. તે બ્રહ્મમાં વિકાસ પામેલ જ્યોતિસ્વરૂપ નિરંજન ને અહંકાર અંતઃકરણ સમજવું. વળી જ્યોતસ્વરૂપના પ્રકાશમાંથી અંજનરૂપ મહંમાયાના સ્વરૂપની સ્ફુરણા થઈ તે બુદ્ધિ અંતઃકરણ સમજવું. તથા નિરંજન અને આદ્યશક્તિના સંયોગથી ત્રણ ગુણ રૂપ બ્રહ્મા, વિષ્ણુ અને મહેશની ઉત્પત્તિને મન અંતઃકરણ સમજવાનું છે.

**શબ્દ સ્પર્શ રૂપ રસ ને ગંધ જે, પંચ એ મનથી પ્રગટ જોઈ;**
**ઈન્દ્રિ એકાદશ બુધ્ધથી હોત હે, સહિત પ્રકૃત સેહેવ્રત હોઈ. ૩**

### શબ્દાર્થ

**શબ્દ** = શબ્દ માત્રા **સ્પર્શ** = સ્પર્શ માત્રા **રૂપ** = રૂપ માત્રા **રસ** = રસ માત્રા **ને** = અને **ગંધ** = ગંધ માત્રા **જે** = જે **પંચ** = પાંચ માત્રાઓ કહેવાય છે **એ** = એ **મનથી** = મન અંતઃકરણથી

**પ્રગટ** = પ્રાગટ્ય, પ્રગટ **જોઈ** = જોવી **ઈન્દ્રિ** = ઈન્દ્રિય **એકાદશ** = એકાદશ, અગિયાર **બુધ્ધથી** = બુદ્ધિ અંત:કરણથી **હોતહે** = થાય, ઉત્પન્ન થયાં **સહિત** = સાથે મળીને **પ્રકૃત** = પ્રકૃતિતત્ત્વ **સેહેવ્રત** = સાથે વર્તમાન કરતાં **હોઈ** = છે.

## અનુવાદ

**શબ્દ, સ્પર્શ, રૂપ, રસ, અને ગંધ જે પાંચ માત્રાઓ છે એ મનથી પ્રગટ થઈ અને અગિયાર ઈન્દ્રિયો છે તે બુદ્ધિથી થાય છે. આ બધાં સાથે મળીને પ્રકૃતિ સાથે વર્તમાન કરતાં હોય છે.**

## ભાવાર્થ

શબ્દને સાંભળવો, સ્પર્શથી અનુભવવું, રૂપને નીરખવું, રસને માણવો અને ગંધને પારખવી એ પાંચ માત્રાઓ છે. જે મન અંત:કરણથી થતી પ્રક્રિયાઓ છે. પાંચ કર્મેન્દ્રિયો અને પાંચ જ્ઞાનેન્દ્રિયો સાથે મનની સંકલ્પશક્તિ વગેરે બુદ્ધિ અંત:કરણની પ્રક્રિયાઓ છે. આ બધી જ પ્રવૃત્તિઓ સાથે મળીને પ્રકૃત્તિ તત્ત્વની સાથે સહવર્તમાન કરતી હોય છે.

**અંતસકરણ ચારુ અહંકારથી, સારથી પંડ રથ પ્રથક પાખે;**
**ચિત્તની ચેતના સર્વ અંગે મીલી, ચલવલી ચાહાતન જાગ્ર સ્વાકે. ૪**

### શબ્દાર્થ

**અંતસકરણ** = અંત:કરણ **ચારુ** = ચારેય **અહંકારથી** = અહંકાર અંત:કરણથી **સારથી** = ચલાવનાર **પંડ રથ** = શરીરરૂપી રથના પૈંડા **પ્રથમ પાખે** = પ્રથમ પરખાય છે, પ્રથમ પ્રેરિત થાય **ચિત્તની** = ચિત અંત:કરણની **ચેતના** = ચૈતનતા **સર્વ અંગે મીલી** = આખા શરીરમાં પથરાયેલ રહે છે, ચૈતનતા મેળવે છે **ચલવલી** = ચેતન થઈને, અન્યોઅન્ય ચેતનતા પામીને **ચાહાતન** = આખું શરીર ચેતન થાય **જાગ્ર સ્વાકે** = જાગ્રત અવસ્થામાં દષ્ટિમાન થાય છે, પોતાની જાગ્રત અવસ્થા અનુભવે છે.

## અનુવાદ

**ચાર અંત:કરણ પૈકી ચિત્તની ચેતનતા પ્રથમ અહંકારના શરીરરૂપી રથને**

**ચલાવનાર પૈડાંને પ્રથમ પ્રેરિત કરીને સમગ્ર શરીરને ચેતનવંત કરે છે. આ ચેતનતા પોતાની જાગ્રત અવસ્થાથી અનુભવાય છે.**

## ભાવાર્થ

ચાર અંતઃકરણ પૈકી ચિત્તની ચેતનતા એટલે કે સર્જનહારની જાણરૂપી અંશની ચૈતનવૃત્તિ સર્વ પ્રથમ અહંકાર અંતઃકરણના પ્રણવરૂપ બ્રહ્મના મહાતત્ત્વો ઓહંગ અને સોહંગ બે શરીરરૂપી રથને ચલાવનાર પૈડાં છે, તેમને સૌ પ્રથમ સચેતન કરે છે. ત્યારબાદ અન્યો અન્ય તત્ત્વોની ચેતનતા શરીરમાં પ્રસરે છે. આમ, આખુંય શરીર ચૈતનમય બને છે, પરંતુ તે પિંડની જાગ્રત અવસ્થાથી જ અનુભવાય છે. અર્થાત્ પિંડની જાગ્રત અવસ્થા હોય ત્યારે જ તેની ચેતનતાનો અનુભવ થાય છે.

**અંતસ એહી કૈવલ ચૈતનનાં, આંન્યના મનન કોઉ ન જાણો;**
**કહે કુવેર આ વિશ્વ વસ્તરવત, તેહનો સરવ તાણો ને વાણો. ૫**

## શબ્દાર્થ

**અંતસ** = અંતસકરણ, અંતઃકરણ **એહી** = એ જ રીતે **કૈવલ** = કૈવલકર્તા **ચૈતનનાં** = ચેતન કરવાવાળાં **આંન્યના** = બીજાના **મનન** = મનમાં, મનથી **કોઉ** = કોઈના પણ **ન** = નહીં **જાણો** = જાણો, સમજો **કહે કુવેર** = કુવેરસ્વામી કહે છે કે **આ વિશ્વ** = આ સમગ્ર વિશ્વ **વસ્તરવત** = કાપડની જેમ, કાપડના વણાટની જેમ **તેહનો** = તેમનો **સરવ** = સર્વ **તાણા ને વાણો** = ઊભા અને આડા તારના દોરાની વણાટ જેવા.

## અનુવાદ

**એ જ રીતે ચૈતન કરવાવાળાં કૈવલકર્તાનાં અંતઃકરણ સમજવાં. મનથી અન્ય કોઈના છે તેમ પણ સમજશો નહીં. કુવેરસ્વામી કહે છે કે આ સમગ્ર બ્રહ્માંડ એક કાપડ સમાન છે. જેમાં સર્જનહારનાં અંતઃકરણોના આડા અને ઊભા દોરાનો વણાટ છે.**

## ભાવાર્થ

પિંડમાં સમજાવવામાં આવ્યું તે ન્યાયે કૈવલકર્તાનાં અંતઃકરણ સમજવાનાં છે. વિશ્વને ચેતન કરવાવાળાં અંતઃકરણ અન્યનાં (બીજાનાં) છે તેવું મનથી પણ વિચારવાનું નથી. કુવેરસ્વામી સમજાવે છે કે જેમ કોઈ કાપડના વણાટનું નિરીક્ષણ કરવામાં આવે તો તેમાં આડા અને ઊભા દોરા જે રીતે વણાટમાં લીધેલા જુદા-જુદા દેખાય છે, પરંતુ એક સૂત્રવત્ જોતાં તે બધું જ સૂતર છે. તેમાં બીજી કોઈ ભિન્નતા નથી. આપણે સર્જનહારના જ અંતઃકરણોથી વણાટ થયેલ સમગ્ર બ્રહ્માંડને એક કાપડવત્ સમજવાનું છે.

## (સાખી)

**જેસે તરીયા તુપકી, ગ્રથ સજ્યો શણગાર;**
**નીખ શીખ સરવે તુપ હે, દીસત દ્વૈત આકાર. ૬**

### શબ્દાર્થ

**જેસે** = જેમકે, જેવી રીતે **તરીયા** = સ્ત્રી **તુપકી** = ઘીની **ગ્રથ** = ઘીનો **સજ્યો** = સજાવવામાં આવ્યો, પહેરાવવામાં આવ્યો **શણગાર** = આભૂષણો **નીખ શીખ** = નખથી માંડીને શીખા સુધી, આખાયે શરીર ઉપરથી નીચે સુધી **સરવે** = બધુ **તુપ** = ઘી **હે** = છે **દીસત** = દેખાય છે, દેખતાં **દ્વૈત** = જુદા અલગ **આકાર** = આકૃતિ, સ્વરૂપ, ઘાટ.

## અનુવાદ

**જેમ ઘીની સ્ત્રી બનાવી હોય અને તેના શરીર પરના વસ્ત્રો, તેમજ આભૂષણો પણ ઘીના બનાવેલ હોય તો પગના નખથી માંડીને માથાના વાળ પર્યંત તે સર્વ ઘી જ છે માત્ર દેખાવમાં ભિન્ન સ્વરૂપે દેખાય છે.**

## ભાવાર્થ

અગાઉની સમજને વધુ સ્પષ્ટ અને સૈદ્ધાંતિક સમજ પડે તે માટે અહીં ઉદાહરણથી સમજાવવામાં આવ્યું છે કે જેમ સ્ત્રીની ઘીની પૂતળી બનાવી હોય અને તેમાં તેને પહેરાવેલાં વસ્ત્રો અને ધારણ કરાયેલાં બધાં જ આભૂષણો પણ

ઘીનાં જ હોય છે. આમ આખુંયે સ્ત્રીનું સ્વરૂપ નખશિખ સુધી સર્વ ઘીમાંથી બનાવેલું હોય છે, પરંતુ જ્યારે આપણે ઘીની પૂતળી જોઈએ છીએ ત્યારે તેનાં અંગો પર ધારણ કરાયેલાં આભૂષણો કે શરીર પર ધારણ કરાવેલાં વસ્ત્રો વિગેરે અલગ અલગ આકારના નિહાળીયે છીએ, પરંતુ જો પદાર્થની દૃષ્ટિએ તેની મૂલવણી કરીએ તો તે માત્ર ઘી જ છે.

**પંચીકરણ પરોક્ષનું, પ્રત્યક્ષ કહુ પોકાર;**
**સમજી સ્વે રહેવું સદા, આપનું આપ નિહાર. ૭**

### શબ્દાર્થ

**પંચીકરણ** = પાંચ તત્ત્વોની માયાજાળ, પાંચ તત્ત્વોનું પંચીકરણ **પરોક્ષનું** = અદૃશ્ય, જે પ્રત્યક્ષ નજરે નિહાળી શકાય નહીં તેવું, ગર્ભિત **પ્રત્યક્ષ** = જાહેર કરીને, સમજાય તે રીતે **કહુ** = કહુ છું **પોકાર** = પોકાર કરીને, જાહેરમાં મોટેથી બોલીને **સમજી** = સમજીને **સ્વે** = પોતાના ચૈતન સ્વરૂપમાં **રહેવું સદા** = સદાને માટે રહેવું **આપનું આપ** = પોતાના સ્વ-સ્વરૂપે **નિહાર** = નિહાળવું, દૃષ્ટિબિંદુમાં રાખવું, કેન્દ્ર સ્થાને રાખવું.

### અનુવાદ

**પરોક્ષરૂપે રહેલા પંચીકરણની વિગત હું પ્રત્યક્ષ કરીને જાહેરમાં કહુ છું તે પ્રમાણે તમારે પોતાના સ્વ-ચૈતન સ્વરૂપને નિહાળીને અને સમજીને તેમાં અહર્નિશ રહેજો.**

### ભાવાર્થ

બ્રહ્માંડમાં અવ્યક્તરૂપે રહેલા મહદ્ મહાતત્ત્વોની માયાજાળ અને વ્યક્ત અલ્પ તત્ત્વોની મેળવણી વિગેરે અંગેનું પંચીકરણ કુવેરસ્વામી આપણે પ્રત્યક્ષ રીતે (જાહેર કરીને) જાહેરમાં સમજાવે છે. સર્વ તત્ત્વો મહાપ્રલય વખતે તો નાશ થવાના જ છે. માટે નાશવંત તત્ત્વોની દુનિયાનો મોહ ત્યજીને આપણે આપણા સ્વ-ચૈતન અંશ સ્વરૂપમાં લીન થઈને સદાને માટે રહેવું જોઈએ.

# અંગ ૪૬
# વિશ્વ લીન કરનકો

**મન લયે હોય તો પંચ અલુપ્તહી, અવન્ય અપ તેજ આકાશ પવનાં;**
**દેવ નર નાગ વૈકુંઠ ગૌલોક લ્યૌ, ભંગ આનંદ ઉમંગ સઉનાં. ૧**

### શબ્દાર્થ

**મન** = મન અંતઃકરણ **લયે** = લય પામે, વિરામ પામે નાશ થાય **હોય તો** = થાય તો **પંચ** = પંચ મહાતત્ત્વ **અલુપ્તહી** = નાશ પામે **અવન્ય** = પૃથ્વી તત્ત્વ **અપ** = જળ તત્ત્વ **તેજ** = અગ્નિ તત્ત્વ **આકાશ** = આકાશ તત્ત્વ **પવનાં** = પવન તત્ત્વ **દેવ** = દૈવીધામો **નર** = માનવી **નાગ** = નાગલોક, શેષલોક **વૈકુંઠ** = વૈકુંઠલોક **ગૌલોક** = ગૌલોક **લ્યૌ** = ત્યાં સુધી, સહિત **ભંગ આનંદ** = આનંદનો ભંગ થાય, આનંદમાં ભંગ પડે **ઉમંગ** = ઉમંગ **સઉનાં** = દરેકનાં.

### અનુવાદ

**મન અંતઃકરણ લય થાય ત્યારે પંચતત્ત્વઃ પૃથ્વી, જળ, અગ્નિ, વાયુ અને આકાશનો નાશ થાય છે તેમજ દેવ, માનવ, નાગલોક, વૈકુંઠ અને ગૌલોક સુધી સર્વ કોઈના આનંદ તથા ઉમંગનો ભંગ થાય છે.**

### ભાવાર્થ

કૈવલકર્તાનું મન અંતઃકરણથી થતો શુદ્ધ સંકલ્પ સમાઈ જાય તો બ્રહ્મભૂમિકા સહિતની સર્વ બ્રહ્માંડની ઉત્પત્તિ પણ નાશ પામે છે. અર્થાત્ પૃથ્વી, જળ, અગ્નિ, વાયુ અને આકાશ તત્ત્વ એકબીજામાં ભળી જઈને નાશ પામે છે. વળી, તે તત્ત્વોના આધારે રહેલા સર્વ દેવતા, માનવ, નાગલોક, વૈકુંઠ અને ગૌલોક સુધીના સર્વ દૈવી ધામો વગેરેનો નાશ થતાં તેમાં રહેનાર સૌના આનંદરૂપ ઉમંગનો ભંગ થાય છે.

**ઘી ઢલ તે અલપાય અંગીકૃત, વ્રત સાંસ્ત્રત પ્રકૃત કેરી;**
**ઈંદ્રિ એકાદશની રસ વાસના, સાસના શક્ત ઉઠે ના ફેરી. ૨**

### શબ્દાર્થ

**ધી** = બુદ્ધિ **ઢલ** = ઢળી જાય, ઓસરી જાય **તે** = તે **અલપાય** = આવરદા ટૂંકાઈ જાય **અંગીકૃત** = પોતાનું કરેલું, સ્વીકારેલું, અંગનું કરેલું, આરોપણ થયેલ **વ્રત** = વૃત્તિઓ, સંકલ્પથી ઉત્પન્ન થયેલી અનુષ્ઠાન કરવા યોગ્ય અમુક ક્રિયાનું રૂપ **સાંસ્ત્રત** = ક્રિયાઓ વાળી રચના સંયોગિક રચના **પ્રકૃત** = પ્રકૃતિ **કેરી** = ની, તેની **ઈંદ્રિ** = ઈન્દ્રિય **એકાદશની** = અગિયારની **રસ વાસના** = રસ ભોગવવાની વૃત્તિ, કામવૃત્તિ, વિષયવાસના **સાસના** = અમલની, આજ્ઞાની, હુકમની, શાસન કરવાની **શક્ત** = શક્તિ, બળ, તાકાત **ઉઠે ના ફેરી** = ફરીથી ઊઠતી નથી, ફરીથી ઉત્પન્ન થતી નથી.

### અનુવાદ

**બુદ્ધિ ઓસરી જાય ત્યારે પ્રકૃત્તિના વર્તમાનવાળી રચનાનો પણ નાશ થાય છે. જેથી દશ ઈન્દ્રિય અને મનથી કોઈ પણ પ્રકારના વિષય વાસનાના અમલની તાકાત પુનઃ ઉત્પન્ન થતી નથી.**

### ભાવાર્થ

કૈવલકર્તાને આરોપણ થયેલ બુદ્ધિ અંતઃકરણ જો સમાઈ જાય તો પ્રકૃતિના પ્રદેશની કોઈ સત્તા રહેતી નથી. એટલે કે, પ્રકૃતિના વર્તમાનવાળી દશ ઈન્દ્રિય અને મનની સંકલ્પશક્તિ કોઈ પણ પ્રકારના ભોગ ભોગવવા પ્રત્યે કાર્યશીલ રહેતી નથી તેમજ ઈન્દ્રિયનો અમલ નિર્બળ થઈ જતાં ફરીથી તેની તાકાત ઉત્પન્ન થતી નથી. મતલબ કે અગિયાર ઈન્દ્રિયનો પણ નાશ થાય છે. તેથી તેમાંથી ઊઠતી રસ ભોગવવાની વાસનાની શક્તિ પણ પુનઃ ઊઠતી નથી.

**હોય અહંકાર અનુધાર સમાગત, જીવ અંકુર વિત્ત સરવ નાસ્તી;**
**જ્યોત નિરંજન કંજ કાલપવશ, ના યશ તેજ ત્રિપુટી ભાસ્તી. ૩**

### શબ્દાર્થ

**હોય** = હોય **અહંકાર** = અહંકાર અંતઃકરણ **અનુધાર** = સર્વને ધારણ કરનાર, જેના પર અવલંબિત છે તે, અનુસરણ **સમાગત** = સમાઈ જતાં **જીવ** = જીવોના **અંકુર** = અંકુરનું **વિત્ત** = વિત્ત શક્તિ **સરવ** = સર્વ **નાસ્તી** = નાશ થાય છે **જ્યોત નિરંજન** = જ્યોતિ સ્વરૂપ નિરંજન

**કંજ** = કાજલ સ્વરૂપ શક્તિ **કાલપવશ** = કાળને વશ, નાશ થવું **ના** = નહીં **યશ** = યશ, ગુણગાન કીર્તિ **તેજ** = તેજ **ત્રિપુટી** = ત્રણનો સમૂહ, બ્રહ્મા, વિષ્ણુ અને મહેશ **ભાસ્તી** = નાશ થાય છે, ભાષ્યમાન થવું.

## અનુવાદ

**અણુની આદ્ય લઈ સર્વને ધારણ કરનાર અહંકાર અંતઃકરણ જ્યારે સમાઈ જાય છે ત્યારે જીવોના વિત્તરૂપ સર્વ અંકુરો નષ્ટ થાય છે ત્યારે જ્યોતિ સ્વરૂપ નિરંજનનું અને કાજલરૂપ શક્તિ સ્વરૂપ કાળને વશ થાય છે. જેથી જ્યોતિ અને ત્રિપુટીના યશ પણ જણાતા નથી.**

## ભાવાર્થ

જ્યારે કૈવલકર્તાનું અહંકાર અંતઃકરણ સમાઈ જાય ત્યારે તેનાથી ઉત્પન્ન થએલા સર્વ જીવોના વિત્તરૂપ અંકુરોનો પણ નાથ થાય છે, જેમાં જ્યોતિરૂપ નિરંજન અને કાજલરૂપ શક્તિના સ્વરૂપનો પણ કાળ વિનાશ કરે છે. તેમના જ્યોતનું તેજ પણ રહેવા પામતું નથી વળી, તેઓની ઉત્પત્તિ એવા બ્રહ્મા, વિષ્ણુ અને મહેશની ત્રિપુટીના યશ અને કીર્તિ ફેલાયેલી છે તે પણ રહેવા પામતી નથી. આમ, તેમનો પણ નાશ થાય છે.

**ચિત નિવૃત્ત પામે સહુ પારજન, બ્રહ્મ નિરવૈશ કૈવલ તુરીયા;**
**ત્રિગુણાતમ જાગ્રત સુપ્ન શક્તિ તન, સષોપતિ નિરંજન અંજ દુરિયા. ૪**

## શબ્દાર્થ

**ચિત** = ચિત અંતઃકરણ **નિવૃત** = નિવૃત **પામે** = પામે **સહુ પારજન** = સર્વે ઉત્પન્ન થએલ **બ્રહ્મ** = સચરાચર વ્યાપક સર્જનહારનો પ્રકાશ **બ્રહ્મ નિરવૈશ** = નિર્વંશ, વિનાશ **કૈવલ** = કૈવલકર્તા **તુરીયા** = તુર્યાવસ્થા **ત્રિગુણાતમ** = ત્રણ ગુણ **જાગ્રત** = જાગ્રત અવસ્થા **સુપ્ન** = સ્વપ્ન અવસ્થા **શક્તિ તન** = શક્તિનું સ્વરૂપ **સષોપતિ** = સષોપતિઅવસ્થા **નિરંજન** = જ્યોતિ સ્વરૂપ નિરંજન **અંજ** = અંજન, વિકાર **દુરિયા** = દૂર થાય છે, નાશ પામે છે

## અનુવાદ

**ચિત્ત અંતઃકરણ નષ્ટ પામે ત્યારે બ્રહ્મ નિરવંશ થઈ જાય છે. એટલે કે,**

**કેવલકર્તા, તુર્યાવસ્થામાં પોતાના સ્વરૂપે રહે છે. જેથી જાગ્રતના ત્રણ ગુણ, સ્વપ્નની શક્તિ અને સુષુપ્તિના નિરંજનના વિકારો દૂર થઈ જાય છે.**

### ભાવાર્થ

છેલ્લું અને શ્રેષ્ઠ કૈવલકર્તાનું ચિત્ત અંતઃકરણ નષ્ટ પામે ત્યારે કૈવલકર્તાની સૌથી પ્રથમ ઉત્પન્ન કરેલી પ્રકાશ બ્રહ્મવૃત્તિનો સચરાચર વ્યાપક બ્રહ્મપ્રકાશ પણ છેલ્લે તેમનામાં સમાઈ જાય છે. અર્થાત્ કૈવલકર્તા પોતાના કર્તા બાજહંગને જ્યારે સમાવીને અંતરહંગમાં બીજગ તરીકે લીન પમાડે છે. ત્યારે અદ્વૈત કૈવલપુરુષ તુર્યાવસ્થામાં પોતાના અસલ પૂર્ણ ચૈતન સ્વરૂપે શૂન્યવત્ત સ્થિતિમાં રહે છે, જેથી જાગ્રત અવસ્થાના ત્રણ ગુણ, બ્રહ્મા, વિષ્ણુ અને મહેશ, સ્વપ્ન અવસ્થાની આદ્ય શક્તિનું અંજનસ્વરૂપ અને સુષુપ્તિ અવસ્થાના જ્યોતિસ્વરૂપ નિરંજન એમ ત્રણેય અવસ્થાના વિકાર રૂપ આવરણો રહેવા પામતા નથી.

**અદબદની અવસ્થા કહી બ્રહ્મ લ્યૌ, અંતસકરણની વર્ણ આદ્ય;**
**કહે કુવેર કૈવલ ચહીતન જે, તે સ્થકી સરવ ઓહોરી ઉપાધ. ૫**

### શબ્દાર્થ

**અદબદની** = મોંધમની, અવર્ણનીયની અલૌકિકની **અવસ્થા** = અવસ્થાઓ **કહી** = કહી **બ્રહ્મ** = સર્જનહારનો, પ્રકાશ, સચરાચર વ્યાપક બ્રહ્મ **લ્યૌ** = સુધીનું **અંતસકરણની** = અંતઃકરણોની **વર્ણ** = જાતિ **આદ્ય** = સહિત આદિ **કહે કુવેર** = કુવેરસ્વામી કહે છે કે **કૈવલ ચહીતન જે** = જે ચૈતન સ્વરૂપે રહેલા કૈવલકર્તા **તે સ્થકી** = તેમના થકી, તેમનાથી **સરવ** = સર્વ **ઓહોરી** = આ બાજુની **ઉપાધ** = ઉપાધિ, નાશવંત રચના.

### અનુવાદ

**આદિથી મોંધમમાં રહેલ અવસ્થા, અંતઃકરણ અને બ્રહ્મ સુધીનું યથાર્થ વર્ણન કર્યું છે. કુવેરસ્વામી કહે છે કે કૈવલકર્તાનું જે ચૈતન સ્વરૂપ છે તેમની આ બાજુની સર્વ રચના નાશવંત છે.**

## ભાવાર્થ

આદિ-અનાદિથી જે પદ મોંધમમાં રહેલું છે. તેવા કૈવલકર્તાની અવસ્થા, અંતઃકરણ અને બ્રહ્મ સુધીનું યથાર્થ વર્ણન સમજવા માટે દર્શાવવામાં આવ્યું છે. ખરેખર ! તો કૈવલકર્તાનું સ્વરૂપ રૂપ અને અરૂપથી પરે રહેલું છે. તેઓ સર્વજ્ઞ પરમ ચૈતન શૂન્યવત્ સ્થિતિમાં જાણ રહિત મહાશૂન્યમાં રહેલા છે. તેઓ તત્ત્વાતીત છે. કુવેરસ્વામી કહે છે કે એવા સર્જનહારની આ બાજુની સર્વ નાશવંત રચના ઉપાધિરૂપ હતી, તેનું વર્ણન સમજ પડે તે રીતે દર્શાવવામાં આવ્યું છે, પરંતુ એવા આદિ ચૈતનને કોઈ અંતઃકરણ કે અવસ્થા ભોગવવાનો સવાલ ઊભો થતો જ નથી. ફરી જ્યારે સૃષ્ટિની ઉત્પત્તિની શરૂઆત આદિ ચૈતનને સજાણ જાણપણું થશે ત્યારે શક્ય બનશે.

## (સાખી)

**કૈવલમાં કહેવા નહીં, કારણ તાંહાં ક્રત હોય;**
**કારણ મહાકારણ પરે, કૈવલ કહીય સોય. ૬**

### શબ્દાર્થ

**કૈવલમાં** = કૈવલમાં **કહેવા નહીં** = કશું જ કહેવાપણું, હોતું નથી **કારણ** = કારણ **તાંહાં** = ત્યાં **ક્રત** = રચના **હોય** = હોય **કારણ** = કારણ **મહાકારણ** = મહાકારણ **પરે** = તેનાથી પર **કૈવલ** = કૈવલકર્તા **કહીયે સોય** = કહેવાય છે, તેમને કહેવાય.

## અનુવાદ

**એક અદ્વૈત કૈવલમાં કોઈ પણ કહેવાપણું નથી. જ્યાં કારણ છે ત્યાં રચના છે. જેથી કારણ અને મહાકારણની પરે રહેલાને જ કૈવલ કહેવાય છે.**

## ભાવાર્થ

જ્યાં કારણ છે ત્યાં જ રચનાનો વિકાસ છે અને કારણ તથા મહાકારણથી પણ પર અદ્વૈત કૈવલ રહેલા છે, જેથી તે મહાન અદ્વૈત કૈવલના સ્વરૂપ અંગે કંઈ પણ કહેવાપણું નથી કારણ કે, તે અદ્વૈત કૈવલનું પદ અખંડ, અજર, અમર, અચ્યુત,

અનાદિ, સિદ્ધ, અક્ષય, દિવ્ય દ્વિગરૂપ, સોહમપદ, એકદેશી અને નિર્મળ છે.

વ્યવહારિક વાતમાં વિચારીએ તો સ્ત્રીનું સ્વરૂપ અદ્વૈત કહેવાય. બાળકના જન્મ પછી જ તે માતા અને બાળક તેમ દ્વૈત સ્વરૂપ બને છે. તેમ જગતની ઉત્પત્તિ થઈ તો જ તેના કારણરૂપે દ્વૈત કૈવલને કર્તા કે સર્જનહાર કહેવાયા. નહીં તો તે પૂર્ણ ચૈતન અદ્વૈત સ્વરૂપે જ મહાશૂન્યમાં શૂન્યવત્ત જાણ રહિત રહેલા હતા. સર્જનહાર તરીકે તેમનું સંબોધન ન થાય અને કરે પણ કોણ ? જ્યારે અદ્વૈત સ્વરૂપ હોય અને તેમાંથી દ્વૈત સ્વરૂપ થયા પછી જ ક્રત અને કારણ સંભવે છે જેમ કે માતા અને બાળકનું સ્વરૂપ સંભવે છે.

**ઈન્દ્રિ ગ્રાહજ ઈન્દ્રિ સબે, સકલ કીયો પરિત્યાગ;**
**બીન ઈન્દ્રિકી ઈન્દ્રિ ગ્રહ્યો, ગ્રહણહાર વિભાગ. ૭**

### શબ્દાર્થ

**ઈન્દ્રિ** = ઈન્દ્રિય **ગ્રાહાજ** = ગ્રહણ કરે **ઈન્દ્રિ સબે** = ઈન્દ્રિયવાળા હોય તે બધાને **સકલ** = સર્વ, બધા **કીયો** = કર્યો **પરિત્યાગ** = ત્યજી દેવું, મુક્ત થઈ જવું **બીન ઈન્દ્રિકી** = ઈન્દ્રિ વગરનાને **ઈન્દ્રિ** = ઈન્દ્રિય **ગ્રહ્યો** = ગ્રહણ કરે **ગ્રહણકાર** = ગ્રહણ કરવાવાળો **વિભાગ** = વિભાગ, તત્ત્વ ન હોય તો.

### અનુવાદ

**ઈન્દ્રિયો પોતાની સજાતિ ઈન્દ્રિયોવાળા બધાને ગ્રહણ કરે છે, પરંતુ જેણે સર્વ ઈન્દ્રિયોનો ત્યાગ કર્યા છે. તે ઈન્દ્રિયોને કેવી રીતે ગ્રહણ કરી શકે ?**

### ભાવાર્થ

એક સર્વ સામાન્ય નિયમ છે કે સજાતિ સજાતિને જ ગ્રહણ કરી શકે. તેમ ઈન્દ્રિયો પોતાના સજાતિય ગુણવાળા ઈન્દ્રિયોથી વિભૂષિત પદાર્થો કે તત્ત્વોને જ ગ્રહણ કરી શકે. ઈન્દ્રિયોને ગ્રહણ કરવાવાળું કોઈ તત્ત્વ જ ન હોય અથવા તો ઈન્દ્રિયોથી ગ્રહણ કરનારા તત્ત્વનો ત્યાગ કર્યો હોય તેવા ઈન્દ્રિયાતીતને ઈન્દ્રિયો ગ્રહી શકતી નથી કે ઓળખી શકતી પણ નથી.

તેજ ન્યાયે કૈવલકર્તા પોતે ઇન્દ્રિયાતીત છે. તો પછી તેમને ઇન્દ્રિયો દ્વારા ગ્રહી શકાય નહીં. માત્ર તેમના સજાતિય એવા કૈવલકર્તાના જાણ રૂપી અણી અગ્ર અંકુરિત અંશના શુદ્ધ સ્વરૂપ થકી જ અનુભવી શકાય.

# અંગ ૪૭
# કૈવલ અદ્વૈત-દ્વૈત રમણ સાક્ષીકો

**આદ્ય અનાદ્ય ઉપાધ્ય તે અવિગત, સ્વાદ્ય એકલમલ તોજ દરશે;**
**જેમનો તેમ જથામત હોત જો, કેથી કેહેને કહે કુણ પરસે. ૧**

### શબ્દાર્થ

**આદ્ય** = આદિ **અનાદ્ય** = અનાદિ **ઉપાધ્ય** = સંબોધનથી રહિત **તે** = તે **અવિગત** = જેની વિગત જાણી શકાય તેમ નથી, તેવા અકથ્ય અવર્ણનીય **સ્વાદ્ય** = સ્વાધીન, પરાધીન નથી તે **એકલમલ** = એકાકી, જેને અન્યના સંયોગની જરૂર નથી તેવા **તો** = તો **જ** = જ **દરશે** = ઓળખી શકાય **જેમનો તેમ** = જે સ્થિતિમાં હોય તે જ સ્થિતિમાં **જથામત** = યથાસ્વરૂપે, જતમતપણે **હોત જો** = જો રહ્યા હોત તો **કેથી** = કોણ, કોનાથી **કેહેને** = કોને **કહે** = કહે **કુણ** = કોણ **પરસે** = સ્પર્શ કરે, સ્પર્શે.

### અનુવાદ

**આદિ, અનાદિ, એકલમલ, સ્વાધીન અને અવિગત એવા વિશેષણોથી કર્તા વિભૂષિત થયેલા છે. તેથી ઓળખી શકાય છે, પરંતુ તે જે સ્થિતિમાં હતા તે જ સ્થિતિમાં યથાસ્વરૂપે રહ્યા હોત તો કોણ કોને કહે ? અને કોણ કોનો સ્પર્શ કરે ?**

### ભાવાર્થ

મહદ્ સજાણજાણ સ્વરૂપ કૈવલકર્તા આદિ, અનાદિ, એકલમલ, અવિગત અને પોતે સ્વાધીન પણે રહીને આદ્ય, સક્રત, સ્વરાજ, કરૂણેશ અને કૈવલ એમ પાંચ વિશેષણોથી વિભૂષિત થયા તેથી જ તેઓ ઓળખી શકાયા, પરંતુ જો તે કૈવલકર્તા દ્વૈતરૂપ બ્રહ્માંડને ઉત્પન્ન કર્યું. તે પહેલાં અદ્વૈત સ્વરૂપે શૂન્યમાં જે સ્થિતિમાં હતા તે જ સ્થિતિમાં યથા શુદ્ધ મહદ્ ચૈતન સ્વરૂપે શૂન્યવત્ત રહ્યા હોત તો, કોણ કોને ઓળખે? અને કોણ કોને કહેવાપણું રહ્યું હોત?

**આપ અમાપ જે તેજ માપે થઈ, જે સમે જે ગમે તેમ ખેલે;**
**ખ્યાલક ખેલ ઉકેલ અલવે કરે, કલભરે કલપ રહી સદન છેલે. ૨**

### શબ્દાર્થ

**આપ** = પોતે **અમાપ** = માપ રહિત **જે** = જે **તેજ** = તે પોતે **માપે થઈ** = માપ રૂપે થઈને, માપક થઈને **જે સમે** = જેવા સમયે **જે ગમે** = જે પ્રમાણે ગમે, પસંદ પડે **તેમ** = તે મુજબ **ખેલે** = રમે, ખેલે રચના રચે **ખ્યાલક** = ખેલના કર્તા, ખેલાડી રૂપે **ખેલ** = ખેલ રચના **ઉકેલ** = વિનાશ, અંત **અલવે** = અલગ રહીને **કરે** = કરે છે **કલભરે** = કળ ભરીને, ચાવી ભરીને **કલપ રહી** = એક મહાકલ્પ પર્યંત ચાલે તેવી **સદન** = બ્રહ્માંડ **છેલે** = અંતે છેલ્લે.

### અનુવાદ

**આપ અમાપ હોવા છતાં પોતે માપક થઈને જેવા સમયે જે પ્રમાણે પસંદ પડે તે પ્રમાણે રચના રચી છે. સમગ્ર રચના અને વિનાશ રૂપી ખેલ ખેલાડી રૂપ સર્જનહાર રચનાથી અલગ રહીને કરે છે. તે એક કલ્પ સુધી ચાલે તેવી કળ કુંચી ભરીને ખેલનો પસારો કરે છે.**

### ભાવાર્થ

સર્જનહાર પોતે માપથી રહિત અમાપ છે, પરંતુ પોતાની સજાતિના જાણ સ્વરૂપ અંશો માપવાળા બનાવીને પંચભૌતિક ઘાટોમાં વસાવીને જે વખતે જે યોગ્ય લાગે તે પ્રમાણે ખેલે છે. તે કૈવલકર્તા સચરાચર વ્યાપક બ્રહ્મથી પરે પોતાના કૈવલધામમાં રહીને પોતાના શુદ્ધ સંકલ્પ દ્વારા એક મહાકલ્પપર્યંત ચાલે તેવી કળ ભરીને આ ચૌદલોક સહિત સમગ્ર બ્રહ્માંડનો પસારો કર્યો છે. અંતે સંકલ્પ પૂરો થતાં તે સર્વ ઉત્પત્તિ રૂપી ખેલને સમેટી પણ લેશે.

**રુંધન રાજીવન દોય નહીં દિવ્યને, અલગનો અલગ ને સલગ દીસે;**
**તનુધર જંતુ અણુ આદ્યની જાણ સહુ, કૃતનું એક ના રેખ વીસે. ૩**

### શબ્દાર્થ

**રુંધન** = પ્રતિબંધ, રુકાવટ, બંધન **રાજીવન** = જીવન, વહન, બિનરુકાવટ, મોક્ષ **દોય** = બન્ને

**નહીં** = નથી **દિવ્યને** = દિવ્ય પ્રકાશવાનને, શાશ્વતને **અલગનો અલગને** = અલગના અલગ રહીને **સલગ** = સળંગ, સૂત્રવત્ **દીસે** = દશ્યમાન થાય છે, દેખાય છે **તનુધર** = શરીર ધારી **જંતુ** = જીવજંતુ **અણુ** = નાનામાં નાનું **આદ્યની** = સહિત સર્વની **જાણ** = જાણ, માહિતી **સહુ** = સર્વ **કતનું** = રચનાનું **એક ના રેખ** = એક રેખમાત્ર પણ **વીસે** = વિસરાય, ભુલાય, અંગે, અજાણ્યું.

## અનુવાદ

**તે દિવ્ય કર્તાને કોઈ જાતનું બંધન કે મોક્ષ બન્ને સંભવતા નથી. તેઓ અલગના અલગ રહેવા છતાં સલંગ દશ્યમાન થાય છે. તેમને નાનામાં નાના કીટની આદ્ય લઈ સર્વ દેહધારી માત્રની જાણ્ય રહેલી છે. આ રચનાની એક રેખમાત્ર તેમનાથી અજાણ્યું નથી.**

## ભાવાર્થ

સર્જનહારને કોઈ પણ પ્રકારનું બંધન અને મોક્ષ સંભવિત નથી એટલે કે, તે કાળથી પરે છે. તેઓ પોતે પોતાના ધામમાં અલગના અલગ રહીને અંશ સ્વરૂપે સળંગ સૂત્રવત્ દરેક ઘાટોમાં દશ્યમાન થાય છે. તેઓને નાનામાં નાના કીટ પતંગની આદ્ય લઈ સમગ્ર બ્રહ્માંડના દેહધારી માત્રની રજતજની સર્વ જાણ્ય રહેલી છે. આ રચનાની અંદર એક લેશમાત્ર તેમનાથી કંઈ અજાણ્યું નથી. અર્થાત્ દરેકે દરેક દેહ થકી થતાં દશ્ય અને અદશ્ય કર્મોની તેઓ સોહંગ પ્રણવના માધ્યમથી નોંધ રાખે છે. તેમજ કર્મોનું ફળ પણ દરેક અંશે દેહ ધારણ કરીને ભોગવવું પડે તે પ્રમાણેની વ્યવસ્થા તેઓએ ગોઠવેલી છે.

**જાગ્રત જાચક સુપ્ન રાઈ ભયો, દોય સષોપતિમાં ન રહેવે;**
**તે પર તુર્યામાં કહેવા ના કછું, સરવ પહેચાન તે તેજ લહેવે. ૪**

## શબ્દાર્થ

**જાગ્રત** = જાગ્રત અવસ્થામાં **જાચક** = ભિખારી **સુપ્ન** = સ્વપ્ન અવસ્થામાં **રાઈ** = રાજા **ભયો** = થયો **દોય** = બંજો (રાજા ભિખારી) **સષોપતિમાં** = સષોપતિ અવસ્થામાં **ન રહેવે** = રહેવા પામતા નથી **તે પર** = તેની પણ પરે **તુરીયામાં** = તુર્યાવસ્થામાં **કહેવાના કછું** = કશું કહેવાપણું રહેતું નથી **સરવ પહેચાન** = સર્વ પહેચાન **તે** = તે **તેજ** = તે પોતે **લહેવે** = જાણે, ઓળખે.

## અનુવાદ

**જાગ્રત અવસ્થામાં ભિખારી, સ્વપ્ન અવસ્થામાં રાજા બન્યો, પરંતુ સષોપતિ અવસ્થામાં તે બંને પરિસ્થિતિ રહેવા પામતા નથી. તેથી પરે તુર્યાવસ્થામાં કંઈ પણ કહેવાપણું રહેતું નથી કારણ કે, સર્વ જાણને જાણનાર સાક્ષી રૂપે તે પોતે જ રહે છે.**

## ભાવાર્થ

એક ભિક્ષાવૃત્તિ કરતો ભિક્ષુક જાગ્રત અવસ્થામાં જ્યારે નિદ્રાધીન થતાં સ્વપ્ન દરમ્યાન પોતે રાજ્યના કારભાર કરતો રાજા બન્યો. હવે જ્યારે સ્વપ્ન અવસ્થા પલટાઈને તે સુષુપ્તિ અવસ્થામાં તેની બંને પરિસ્થિતિ એટલે કે ભિક્ષુકપણું અને રાજાપણું બન્ને પરિસ્થિતિ રહેવા પામી નહીં. ત્યારબાદ તેની સુષુપ્ત અવસ્થા પલટાઈને જ્યારે તે તુર્યાવસ્થા ભોગવે ત્યારે તે પોતાના સ્વ-ચૈતન અંશ સ્વરૂપે સર્વની જાણ્યને જાણનાર સાક્ષીરૂપે પોતે એકલો જ રહે છે. બીજી બધી જાણ તે વીસરી જાય છે અને તેને તેની જાણમાં કાંઈ પણ કહેવાપણું રહેતું નથી.

**જાગ્રત દુ:ખ સુખ સપ્ન તુરીપદે, જાણ પણ માણને હાણ આંહી;**
**કહે કુવેર કૈવલ ચૈતનને, એમ સેંધાણ વેધાણ નાંહી. ૫**

### શબ્દાર્થ

**જાગ્રત** = જાગ્રત અવસ્થામાં **દુ:ખ** = દુ:ખ **સુખ** = સુખ **સપ્ન** = સ્વપ્ન, અવસ્થામાં **તુરીપદે** = તુર્યાવસ્થામાં **જાણ** = જાણ, માહિતી, સમજ **પણ** = પણ **માણ** = માણવાપણું, ભોગવવાપણું **ને** = અને **હાણ** = દુ:ખ, હાનિ **આંહી** = અહીંયાં **કહે કુવેર** = કુવેરસ્વામી કહે છે કે **કૈવલ** = કૈવલકર્તા **ચૈતનને** = ચૈતન સ્વરૂપને **એમ** = એ રીતે **સેંધાણ** = સુખ **વેધાણ** = દુ:ખ **નાંહી** = નથી.

## અનુવાદ

**જાગ્રત અવસ્થામાં દુ:ખ અને સ્વપ્ન અવસ્થામાં સુખ પછી તુર્યાવસ્થામાં જાણ ને માનવાપણુ કે ભોગવવાપણું રહેતું નથી. કુવેરસ્વામી કહે છે કે ચૈતનરૂપ કૈવલકર્તાને આવું સુખ કે દુ:ખ હોતું નથી.**

## ભાવાર્થ

તે માનવી જાગ્રત અવસ્થામાં ભિક્ષુક દશાથી દુઃખી હોય છે, પરંતુ જ્યારે સ્વપ્ન અવસ્થામાં રાજા બની જવાથી સુખની અનુભૂતિ કરે છે, આમ અહીંયા જાણના પ્રભાવથી દુઃખરૂપ હાનિ અને સુખરૂપ રાજવૈભવ ભોગવવાની અનુભૂતિ ભોગવે છે, પરંતુ તુર્યાવસ્થામાં આ બન્ને સ્થિતિની જાણ વિસરાઈ જતાં, શૂન્યવત્ત રહે છે. અર્થાત્ જાણ ન રહેતાં ભોગવવાપણું કે માનવાપણું રહેતું નથી. ત્યારે નથી રહેતું ગરીબાઈનું દુઃખ કે રાજાશાહીનું સુખ. એમ વિશ્વના સર્જનહાર કૈવલકર્તા શુદ્ધ ચૈતન સ્વરૂપે પોતાના અંશોની જેમ જ તુર્યાવસ્થામાં આવરણોથી પરે શૂન્યવત રહેતા હોવાથી સુખ કે દુઃખ ભોગવતા નથી.

## (સાખી)

**જેસે પરજા પેચકી, રચે રાયકી રીત;**
**હારજીત બાજી વિષે, ખેલી રહત અતીત. ૬**

### શબ્દાર્થ

**જેસે** = જેમ **પરજા** = પ્રજા **પેચકી** = રમતની **રચે** = રચના કરે **રાયકી** = રાજાઓની **રીત** = રીત મુજબ **હારજીત** = હારવાનું કે જીતવાનું **બાજી વિષે** = રમતના વિશે હોય છે **ખેલી** = ખેલવાવાળો **રહત** = રહે છે **અતીત** = નિરાળો, અલગ.

## અનુવાદ

**જેમ કોઈ બાજીગર પોતાના રમતની રચનામાં રાજાઓની રીત પ્રમાણે હારવાની અને જીતવાની બાજી રમાડતો હોય છે, પરંતુ બાજીગર તેનાથી અલગ જ રહે છે.**

## ભાવાર્થ

જેમ કોઈ બત્રીસ પૂતળીઓના ખેલ ખેલાવનાર બાજીગર પોતાની ઈચ્છા મુજબ રમતની રચના કરે છે. તે રમતમાં રાજાઓની રીત, રસમ મુજબ યુદ્ધ ખેલતાં બતાવે છે. જેમાં બાજીગરની જે ઈચ્છા હોય તે રાજાને જીતાડે છે અને બીજા

અન્ય રાજાઓને તે હરાવે છે. આમ, હાર-જીતએ તો બાજીમાં રહેલા પાત્રોને હોય છે. પરંતુ તે બાજીગર તો તે રચનાથી અલગ રહીને જ ખેલને ખેલે છે.

**શબ્દાતીત તણુ વીત, અનુભવતાં નહીં અંત;**
**વાચક સાહકનાં શકે, સામૃથ શેષ અનંત. ૭**

### શબ્દાર્થ

**શબ્દાતીત** = શબ્દથી પરે રહેલ **તણુ** = તેમનું **વીત** = વિત્ત, સત્ત્વ, સાર **અનુભવતાં** = અનુભવ કરતાં **નહીં** = નહીં **અંત** = અંત, છેડો **વાચક** = વાણી, વચન, શબ્દ, કહેણ **સાહક** = સહાયતા **નાં** = નહીં **શકે** = શકે, કરી શકે **સામૃથ** = સમર્થ **શેષ** = છેવટેનું અંતિમ, બાકી રહેતું **અનંત** = અંત વગરનું, ન ઈતિ.

### અનુવાદ

**વિત્તરૂપ કૈવલકર્તા શબ્દથી અલગ રહેલા છે. તેમના અનુભવનો અંત આવી શકે તેમ નથી. જ્યાં વાણી તેમના વર્ણન કરવામાં સહાયતા કરતી નથી, એવા સમર્થ કર્તા સર્વની અંતે રહેતા હોઈ અનંત છે.**

### ભાવાર્થ

મહદ્ સજાણજાણરૂપ કૈવલકર્તા સમગ્ર બ્રહ્માંડના વિત્તરૂપે રહેલા છે. જ્યાં શબ્દ પણ પહોંચી શકતો નથી એવા શબ્દથી અલગ રહેલ કૈવલકર્તાના અનુભવનો અંત આવી શકે તેમ નથી. એવા વારપાર સિવાયના કૈવલકર્તાનું વર્ણન કરવામાં વાણી પણ સહાયતા કરતી નથી, એવું એમનું નિર્વાણપદ છે. તે કૈવલપદ સર્વથી છેવટનું અને અંતમાં બાકી રહેતું પરમ શ્રેષ્ઠ પદ છે. સર્જનહાર અનંત સામર્થ્યવાન હોવાથી તેમના સામર્થ્ય માટે કંઈ પણ કહેવું અશક્ય છે.

# અંગ ૪૮
# કૈવલ સ્થિર ઉપાધિ દરસ કલાકો

**ચાહ અચાહ અઘાહ અરોકીત, ના ઈત જાઈત ચીદ ઘરસે;**
**પંચ મહાભુતનો ભર્મ અદ્‌ભુત થઈ, લોક પરલોકમે દરસ પરસે. ૧**

### શબ્દાર્થ

**ચાહ** = ચાહના, અનુરાગ, પ્રેમ, ભાવ, હેત, આદર **અચાહ** = અનાદર, તરછોડ, વૈરાગ, તિરસ્કાર **અઘાહ** = અથાહ, ગ્રહી ન શકાય તેવું **અરોકીત** = રોકી શકાય નહીં, બંધન મુક્ત તેવું, રુકાવટ વગરનું **ના** = નહીં **ઈત** = અહીં **જાઈત** = જવું **ચીદ** = ચિદ્ રૂપ **ઘરસે** = ઘરમાંથી, ધામમાંથી **પંચ મહાભુતનો** = પાંચ મહાભૂતનો **ભર્મ** = ભ્રમણા, ભ્રાંતિ, સંદેહ, રહસ્ય **અદ્‌ભુત** = અદ્‌ભુત, અચરજ પમાડે તેવું આશ્ચર્ય જનક **થઈ** = થઈ **લોક** = આલોક **પરલોકમે** = પરલોકમાં **દરસ** = દશ્યમાન **પરસે** = સ્પર્શ, સંસર્ગમાં રહે, આભાસ, પરથી.

### અનુવાદ

**કૈવલકર્તા ચાહના અને અચાહનાથી રહિત છે. તેઓની ગતિ અગાધ હોઈ કોઈ પણ પ્રકારની રુકાવટ વગરના છે. તેઓ પોતાના ધામમાંથી જતા કે આવતા નથી. તેમણે રચેલી પંચભૌતિક રચના આશ્ચર્યજનક છે જે આલોક અને પરલોકની રચનાથી તે દશ્યમાન થાય છે.**

### ભાવાર્થ

અનંત બ્રહ્માંડાધિશ કૈવલકર્તા પોતે કોઈ પણ પ્રકારની અનુરાગ વૃત્તિ કે અનાદર વૃત્તિથી રહિત સહજ અગાધ ગતિવાળા છે, જેથી તેમને કોઈ પ્રકારનું બંધન (રુકાવટ) નથી. છતાં પણ તેઓ પોતાના કૈવલધામમાંથી પોતે બનાવેલી સૃષ્ટિમાં જતા કે આવતા નથી. તેઓએ પોતાના શુદ્ધ સંકલ્પ શક્તિથી પોતાના ધામમાં રહીને પંચભૌતિક વૈરાટની રચના રચી છે, તે રહસ્યમય અને આશ્ચર્યચકિત કરે તેવી છે. તેમની સામર્થતાની અદ્‌ભુતતાનું દર્શન આલોક અને પરલોકની પંચતત્ત્વો દ્વારા થયેલ રચના પરથી દશ્યમાન થાય છે.

**દિનમુખી સનમુખ જેમ કોઈ ધરે, પ્રગટ સ્વે સકટમાં વહન વરતે;**
**પ્રોક્ષ પ્રત્યક્ષ થઈ કાજ સહુનું ચલે, સુરના શેષ આવે અધરતે. ૨**

### શબ્દાર્થ

**દિનમુખી** = સૂર્યમુખી, બહિર્ગોળ કાચ **સનમુખ** = સૂર્યની સામે **જેમ** = જેમ **કોઈ ધરે** = કોઈ ધરી રાખે **પ્રગટ સ્વે** = પોતે પ્રગટ થાય **સકટમાં** = લાકડામાં, કાષ્ટમાં **વહન** = અગ્નિ **વરતે** = પ્રગટે, જોવું હોવું **પ્રોક્ષ** = પરોક્ષ, ગેરહાજર, દૂર **પ્રત્યક્ષ** = હાજર **થઈ** = થઈને **કાજ** = કાર્ય, કામ **સહુનું ચલે** = દરેકનું ચાલે છે **સુર** = સૂર્ય **ના** = નહીં **શેષ** = જરાપણ, સહેજપણ **આવે** = આવતો નથી **અધરતે** = અંતરિક્ષમાંથી.

### અનુવાદ

**જેમ કોઈ સૂર્યની સામે બહિર્મુખી કાચ ધરે તો સકટમાં (લાકડામાં) અગ્નિ પોતે પ્રગટ થાય છે. પરોક્ષ રહેલ છતાં પ્રત્યક્ષ થઈને સર્વનું કામકાજ ચાલે છે, પરંતુ સૂર્ય અંતરિક્ષમાંથી સહેજ પણ નીચે આવતો નથી.**

### ભાવાર્થ

જેમ કોઈ વ્યક્તિ કોઈ પણ સળગી શકે તેવા લાકડા (પદાર્થ) ઉપર સૂર્યની સામે રહી બહિર્ગોળ કાચ ધરે અને તે કાચમાંથી પસાર થતાં સૂર્યનાં કિરણો કેન્દ્રસ્થાને ભેગા થયા હોય તે કેન્દ્રબિંદુએ રાખવામાં આવેલ પદાર્થ કે લાકડું સળગી ઊઠે છે, એટલે કે અગ્નિ પોતે ત્યાં પ્રગટે છે. પ્રત્યક્ષ સૂર્ય ભલે દૂર હોય, પરંતુ તે પ્રત્યક્ષ નીચે ન આવતાં પોતાના કિરણો મારફતે અલ્પ અગ્નિના સ્વરૂપમાં હાજર થઈ સર્વનાં કામો કરે છે જેથી દરેકનાં કામકાજ ચાલે છે.

**ત્યમ આંહાં જન અંતસ ચહીતન મુખી, કૈવલ સુર સમીપ રાખે;**
**કામના કાષ્ટ જલીમલ ઉજવલ, ચત્રભૂજ મૂરતી થી દરસ દાખે. ૩**

### શબ્દાર્થ

**ત્યમ** = તે પ્રમાણે, તેમ **આંહા** = અહીંયાં **જન** = વ્યક્તિ, માનવ **અંતસ** = અંતઃકરણ **ચહીતન મુખી** = ચૈતનમુખી **કૈવલ સુર** = સૂર્યરૂપી કૈવલકર્તા **સમીપ** = સામે **રાખે** = રાખે

**કામના** = વાસના રૂપી **કાષ્ટ** = લાકડું **જલીમલ** = બળી જઈને, ભસ્મીભૂત થઈને **ઉજવલ** = ચોખ્ખાં, નિર્મળ **ચત્રભૂજ** = ચારભૂજાવાળો **મુરતી** = મૂર્તિસ્વરૂપ **થી** = થી, થઈ **દરસ દાખે** = દશ્યમાન થાય, દર્શન કરે.

## અનુવાદ

**તેમ અહીંયાં કોઈ વ્યક્તિ પોતાના અંતઃકરણોને ચૈતનમુખી કરીને સૂર્યરૂપી કૈવલકર્તાની સન્મુખ રાખે તો તેના ઘાટની વાસનાઓ બળીને ભસ્મ થઈ જાય છે. અને નિર્મળ બનેલા અંતઃકરણથી તે ચતુર્ભુજ મૂર્તિનાં દર્શન કરે છે.**

## ભાવાર્થ

તેજ રીતે જો કોઈ મુમુક્ષુ પોતાના ચિત્ત અંતઃકરણના પુરુષાર્થથી પોતાના સ્વ-ચૈતન સ્વરૂપે મહદ્ ચૈતન કૈવલકર્તાની સાથે પોતાની સુરતાને કેન્દ્રિત કરે તો જેમ સૂર્યનાં કિરણોનું કેન્દ્રિત બિંદુ લાકડામાં અગ્નિ પ્રગટાવીને ભસ્મ કરે તેમ ચૈતનમુખી બનેલ ચિત્તનું કેન્દ્રબિંદુ શરીરમાં રહેલી વાસનાના કાષ્ટને ભસ્મ કરી દે છે. પછી ભોગ ભોગવવાની વૃત્તિ નાશ થતાં પ્રકાશમાન ઊજળાં બનેલા અંતઃકરણોથી તે મુમુક્ષુ ચતુર્ભુજ મૂર્તિનાં સ્વરૂપમાં દર્શનની અનુભૂતિ કરે છે અને તેના ચિત્તમાં સાંસારિક મનોકામનાઓ દૂર થતાં તે ધાર્મિક નિતિનિયમો મુજબ પોતાના સ્વ-ચૈતન સ્વરૂપ અંગે સભાનતા લાવે છે. તે માત્ર ચૈતન અંશના મોક્ષ અંગેનો જ વિચાર કરે છે.

**પિંડ કલોલનું કાજ તેથી સરે, વિશ્વ વિલાસ અતિહાસ અહીનું;**
**ચરમના ધરમનો ધારણ ધે ભયો, રંચ આવે ના કૈવલ મહીનું. ૪**

## શબ્દાર્થ

**પિંડ** = દેહ, ઘાટ **કલોલનું** = આનંદથી ઉભરાવવું, ઉમંગ, હર્ષ ઘેલા થઈને **કાજ** = કામ, કાર્ય **તેથી સરે** = તેથી સાર્થક થાય **વિશ્વ વિલાસ** = જગતનો આનંદી મોજશોખ, બાહ્ય આડંબર **અતિહાસ** = વિશેષ, આનંદી, અતિ ઉમંગ કરનારું **અહીનું** = અહીંનું, આ બાજુનું **ચરમના** = દેહના સજાતિય પદાર્થનો અંતિમ ધ્યેય, તત્ત્વોયુક્ત વૃત્તિ, ચામડીના આવરણોયુક્ત **ધરમનો** = ગુણ, લક્ષણ, નીતિ, સ્વભાવ, ફરજ, કર્તવ્ય, **ધારણ** = ધારણ કરી, માનીને **ધે ભયો** = કૃતાર્થ થયો સફળ થયો

**રંચ** = રેખમાત્ર, રંચમાત્ર **આવે ના** = ના આવે **કૈવલ મહીનું** = કૈવલકર્તાના પક્ષનું, તેમના સ્વરૂપ, કૈવલકર્તા પ્રત્યેનું.

## અનુવાદ

**તેથી માત્ર દેહના આનંદ અંગેનું કાર્ય સાર્થક થાય છે. તે આ બાજુના જગતના બાહ્ય આડંબરને વિશેષ ઉમંગ ધારણ કરવા પૂરતું રહે છે. ચર્મભાવનાથી પોતે કૃતાર્થ થયા તેમ જણાય, પરંતુ કૈવલકર્તા પક્ષે એ દર્શન એક રેખ આવતું માત્ર નથી.**

## ભાવાર્થ

નિર્મળ થયેલાં અંતઃકરણોની સ્ફુરણાથી તે મુમુક્ષુ પોતાનાં શરીરમાં ચતુર્ભુજ મૂર્તિમાં સ્વરૂપની અનુભૂતિ કરે તે તો માત્ર દેહના આનંદ મેળવવા અંગેનું કાર્ય સાર્થક થયું કહેવાય. તેથી પોતાના પરિશ્રમનું ફળ પ્રાપ્ત થયું એમ માનીને દુનિયામાં આનંદઘેલો બનીને વિલાસ કરે છે અને પોતાના શુદ્ધ થયેલા અંતઃકરણોથી ચતુર્ભુજ મૂર્તિનાં દર્શનનો અહેસાસ અનુભવ થવાથી પોતાનું કલ્યાણ થયું તેમ સ્વીકારી લે છે, પરંતુ તે દર્શનમાત્ર ચર્મનાં તત્ત્વોનો પ્રભાવ જ છે. જ્યારે ખુદ વિશ્વના નાથરૂપ કૈવલકર્તાના સ્વરૂપમાંથી જ આ દર્શન એક રેખ માત્ર અહીં આવતા નથી. એટલે કે, જે રૂપ અને અરૂપથી પરે હોય તેનાં દર્શન દેહ થકી શક્ય જ નથી.

**ચરમનો ધરમ તે ભોવન ચતુરદશ, ચરમના ચૌદ લૌકિક નાથ;**
**કહે કુવેર અવતાર કિરતારના, વીત વતરેક સહુ ચરમ સાથ. ૫**

## શબ્દાર્થ

**ચરમનો** = ચર્મના તત્ત્વોના **ધરમ** = ગુણ, લક્ષણવાળા **તે** = તે **ભોવન ચતુરદશ** = ચૌદલોક ભુવનોના અંગેનો છે **ચરમના** = ચર્મના **ચૌદ** = ચૌદ **લૌકિક નાથ** = લોકમાં બિરાજતા ઈષ્ટદેવ, દરેક ભુવનમાં બિરાજતા તે તે ભુવનોના પતિ **કહે કુવેર** = કુવેરસ્વામી કહે છે કે **અવતાર** = અવતારો થયા તે **કિરતારના** = કિરતાર, વિષ્ણુના **વીત** = વિત્ત, સાર, સત્ત્વ **વતરેક** = વગર, વિના **સહુ** = સર્વ **ચરમ** = ચર્મને **સાથ** = સાથ આપનારા, ચર્મ સાથે સંબંધિત.

## અનુવાદ

**તત્ત્વોના લક્ષણોવાળાં ચૌદલોક છે અને તેમાં બિરાજમાન નાથરૂપ જે જે ઈષ્ટદેવો છે તે પણ ચર્મરૂપ તત્ત્વોવાળા જ છે. કુવેરસ્વામી કહે છે કે વિશ્વમાં મનાતા કિરતારરૂપે વિષ્ણુના અવતાર વિત્ત સિવાયના હોઈ ચર્મરૂપ શરીર સાથે સંબંધિત છે અને સંબંધ ધરાવે છે.**

## ભાવાર્થ

નાશવંત તત્ત્વોના લક્ષણો ધરાવતા ચર્મના ધર્મવાળાં ચૌદલોક અંતરિક્ષમાં રહેલા છે. અને જે તે લોકમાં બિરાજમાન જે તે ધામના અધિપતિ રૂપ ઈષ્ટદેવો છે. તેમણે પણ ચર્મરૂપ તત્ત્વોના દેહ ધારણ કર્યા છે. કુવેરસ્વામી કહે છે કે જેને કિરતાર માને છે તેવા વિષ્ણુના દશ અવતારો વિત્ત સિવાયના આ વિશ્વમાં થયા. તેઓએ પણ ચર્મ રૂપ નાશવંત શરીર ધારણ કરેલું છે. તેમનામાં જે કોઈ સામર્થ્યતા દેખાય છે તે તો તેમના દેહમાં પોખાયેલાં તત્ત્વોના લક્ષણો અને સર્જનહારે સોંપેલી એક-એક વિભૂતિના કારણે રહેલી છે.

## (સાખી)

**જાંહાં લગી જોવા જાલવા, દરશન દરશીહાર;**
**તાંહાં લગી વસ્તુતા નહીં, ભાસો આપ વિકાર. ૬**

### શબ્દાર્થ

**જાંહાં લગી** = જ્યાં સુધી **જોવા** = નેત્રોથી, નિરખવા જોવા **જાલવા** = હાથથી પકડવા **દરશન** = જે સ્વરૂપનાં દર્શન થાય છે તે **દરશીહાર** = જેના સ્વરૂપનાં દર્શન થાય છે તે **તાંહાં લગી** = ત્યાં સુધી **વસ્તુતા** = સત્યતા રૂપે, મૂળ સત્ત્વ, બ્રહ્માંડના કારણરૂપ સાર, સત્ત્વ **નહીં** = નથી **ભાસો** = જે ભાસમાન થાય છે, જે નજરોથી દેખાય છે તે **આપ** = પોતાના અંતઃકરણોનો **વિકાર** = વિકૃતિ, વિકાર છે.

## અનુવાદ

**જ્યાં સુધી જોવાનું અને પકડવાનું છે તેમજ જ્યાં સુધી જે સ્વરૂપનાં દર્શન થાય છે તે અને જેના સ્વરૂપનાં દર્શન થાય છે ત્યાં સુધી મુદ્દા રૂપ સત્ય વસ્તુતા**

**નથી, પરંતુ પોતાના અજ્ઞાનથી ઉત્પન્ન થયેલા વિકાર જ પોતાને દેખાય છે.**

### ભાવાર્થ

જયાં સુધી નેત્રોથી નિરખવાની, હાથથી સ્પર્શ કરવાનું કે પકડવાની કોઈ મૂર્તિ સ્વરૂપનાં દર્શન કર્યાની, કે જેના સ્વરૂપનાં દર્શન કર્યા તે ઈષ્ટદેવની વાત હોય ત્યાં સુધી આપણા જ અંતઃકરણોમાં ઊભા થયેલ અજ્ઞાનતાવશાત્ વિકારો છે, પરંતુ બ્રહ્માંડના કારણરૂપે રહેલ સત્યા-સત્યને પામવા માટે આ પૈકીનું કોઈ લક્ષણ સહાયભૂત થતું નથી. અર્થાત્ સર્જનહાર કૈવલકર્તાનાં દર્શન નેત્રોથી કરી શકાતા નથી કે હાથથી સ્પર્શ કરીને પકડી શકાતા નથી. વિશ્વનિયંતાનું દર્શન કરવા યોગ્ય કોઈ સ્વરૂપ નથી તેમજ તેઓ પોતે પણ દર્શન યોગ્ય સ્વરૂપવાળા નથી.

**વેશ વિચારે વ્રગનો, અરક વડે જેમ કિરણ;**
**ત્યમ આપાથી એ સહુ, વેદ હવુ વિચરણ. ૭**

### શબ્દાર્થ

**વેશ** = શરીર, દેહ **વિચારે** = વિચાર કરી શકે **વ્રગનો** = પોતાની જાતિ, મુજબ, હદ, વર્ગ, કક્ષા, દરજ્જો, કોટિ પ્રમાણે, પ્રકાર મુજબ **અરક** = સૂર્ય **વડે** = થી **જેમ** = જેમ **કિરણ** = કિરણ **ત્યમ** = તેમ **આપાથી** = પોતાનાથી **એ સહુ** = આ સર્વ **વેદ હવુ** = વેદમાં દર્શાવેલ, બ્રહ્મનું **વિચરણ** = ભ્રમણ, વિચરવું, વર્ણન કરવું.

### અનુવાદ

**જેમ સૂર્ય વડે કિરણ હોય છે તેમ આપણે આપણા દેહની કક્ષા (હદ) પ્રમાણે વિચારી શકીએ, જેમકે વેદ પણ પોતાના બ્રહ્મપદ સુધીનું જ વિવરણ કહ્યું છે.**

### ભાવાર્થ

બ્રહ્માંડમાં સ્થૂળ, સૂક્ષ્મ, કારણ, મહાકારણ અને પરમકારણ દેહ રહેલા છે. દેહનું સામર્થ્ય અને કાર્યો તે તે દેહની હદ પ્રમાણે હોય છે. પોતાના દેહની

વિભૂતિથી વિશેષ કોઈ કંઈ પણ કરી શકતું નથી. જેમ સૂર્ય પોતાના કિરણો દ્વારા પ્રકાશ ફેલાવે છે. વળી વેદના રચનારા બ્રહ્મા પોતાના વેદોમાં બ્રહ્મપદનું જ વિવરણ કરેલ છે. આમ, આપણા ચર્મચક્ષુથી આપણામાં રહેલ તત્ત્વોના જેટલા લક્ષણો છે તેટલા પ્રમાણમાં જ કોઈ કાર્ય અને ફળ પ્રાપ્તિ કરી શકીએ છીએ. તે સિવાય જે અનુભવાય તે માત્ર ભ્રાંતિ સમજવી.

# અંગ ૪૯

# ચરમ સ્થૂળ સૂક્ષ્મ કારણ મહાકારણ બરનનકો

**ચરમ અપ તેજને પવન અવનિ નભ, ચરમ ચિદ્ શક્તિને ત્રિગુણ જ્યોતિ;**
**દેવ નિરંજન ચરમ ચરાચર, ચરમ ચિદમાંહી નિરગુણ ઉદ્યોતિ. ૧**

### શબ્દાર્થ

**ચરમ** = ચર્મ **અપ** = જળ તત્ત્વ **તેજ** = અગ્નિ તત્ત્વ **ને** = અને **પવન** = પવન તત્ત્વ **અવનિ** = પૃથ્વી તત્ત્વ **નભ** = આકાશ તત્ત્વ **ચરમ** = ચર્મ **ચિદ્ શક્તિ** = ચિદ્ મહંમાયા, ચિદ્ શક્તિ **ને** = અને **ત્રિગુણ** = ત્રણ ગુણઃ બ્રહ્મા, વિષ્ણુ અને મહેશ **જ્યોતિ** = જ્યોતિસ્વરૂપ **દેવ નિરંજન** = નિરંજન દેવ **ચરમ** = ચર્મ **ચરાચર** = સચરાચર, સ્થાવર-જંગમ, જાતિ **ચરમ** = ચર્મ **ચિદમાંહી** = ચિદાકાર બ્રહ્મમાં **નિરગુણ** = ગુણથી રહિત **ઉદ્યોતિ** = ઉત્પત્તિ, પ્રકાશ

### અનુવાદ

**પૃથ્વી, જળ, અગ્નિ, વાયુ અને આકાશ એ પંચતત્ત્વ ચર્મરૂપ છે. ત્રણગુણ, જ્યોતિ સ્વરૂપ નિરંજન અને ચિદ્ શક્તિ પણ ચર્મરૂપ છે. વળી ચિદ્રૂપ બ્રહ્મમાં ઉત્પન્ન થયેલ સ્થાવર-જંગમ ઘાટોની આદ્ય લઈ નિરંજન સહિત બધા જ દેવો ચર્મરૂપ છે.**

### ભાવાર્થ

આ અંગમાં ચર્મ સ્વરૂપમાં કોને કોને કહેવાય તે અંગે સ્પષ્ટતા કરવામાં આવી છે. પૃથ્વી, જળ, અગ્નિ, વાયુ અને આકાશ એ પાંચ મહાતત્ત્વો ચર્મની ગણતરીમાં ગણાય. બ્રહ્મા, વિષ્ણુ અને મહેશ એ ત્રણ ગુણના મહાદેવતાઓ, આદ્યશક્તિ મહંમાયા, જ્યોતિસ્વરૂપ નિરંજન પણ ચર્મ સ્વરૂપે જ છે. વળી, બ્રહ્મભૂમિકામાં ઉત્પન્ન અને પોષણ પામેલ સ્થાવર-જંગમના ચોર્યાસી લાખ ઘાટોથી માંડીને અંતરિક્ષમાં વસતા ચૌદે લોકના અધિપતિ દેવતાઓ સહિત બધા જ દેવી-દેવતાઓ ચર્મ રૂપે જ છે.

**ચર્મ સ્થૂલ, સૂક્ષ્મ, કારણ ન્હેઃકારણ કહુ, આત્મા જાગ્ય વિભાગ રાખી;**
**અરધને ઉરધ વિષેઈ દોઉ ચરમના, અધિકને નૂન્ય વેતાંત જાકી. ૨**

## શબ્દાર્થ

**ચર્મ** = ચર્મ **સ્થૂલ** = સ્થૂળ દેહ **સૂક્ષ્મ** = સૂક્ષ્મ દેહ **કારણ** = કારણ દેહ **ન્હેઃકારણ** = મહાકારણ દેહ **કહું** = કહુ છું **આત્મા** = આત્મા, ચૈતન અંશ **જાગ્ય** = સ્થાન રહેવાનું ઠામ **વિભાગ** = અલગ, બાકાત **રાખી** = રાખવો, રાખીને **અરધ** = અધો ગમન કરનારું, ઓહંગ **ને** = અને **ઉરધ** = ઊર્ધ્વગમન કરનારું, સોહંગ **વિષેઈ** = વિષયો સ્થાન કાર્ય **દોઉ** = બન્ને **ચરમના** = ચર્મના **અધિક** = વધારે, વિશેષ **ને** = અને **નૂન્ય** = ઓછું, અલ્પ, ન્યૂન **વેતાંત** = વર્તારો, વહેવાર, વર્તણૂક **જાકી** = જેમની

## અનુવાદ

**સ્થૂળ, સૂક્ષ્મ, કારણ અને મહાકારણ આ ચાર દેહની રચના ચર્મરૂપ છે. તેમાં નિવાસ કરનાર ચૈતનઅંશનો વિભાગ તેમાંથી અલગ બાકાત રહેલો છે. વળી અધો અને ઊર્ધ્વ વિષયો બન્ને ચરમના છે, પરંતુ તે બન્નેની વર્તમાન ક્રિયા અધિક ન્યૂન છે.**

## ભાવાર્થ

સ્થૂળ, સૂક્ષ્મ, કારણ અને મહાકારણ એમ ચાર પ્રકારના દેહોની રચના ચર્મરૂપ છે, પરંતુ તે દેહમાં નિવાસ કરનાર સર્જનહારના જાણ રૂપી ચૈતન અંશને તેમાંથી અલગ તારવી દેવામાં આવેલો છે. જેની ગણતરી ચર્મમાં થતી નથી. વળી, જેના માધ્યમથી દેહ ચેતન થાય છે એવા અધોમુખ રહેલા ઓહંગ અને ઊર્ધ્વમુખે રહેલ સોહંગ એમ બન્નેની ગણતરી ચર્મરૂપે જ સમજવી. પછી ભલેને બન્ને પ્રાણાયામની ગતિ અને વર્તમાન ક્રિયા અધિક ન્યૂન દેખાતા રેચક પ્રેરકની હોય.

**પવનની આદ્ય લઈ નીર નાજુ ભખે, ધરણ આધાર પરિવાર જાકો;**
**દ્રષ્ટ પદારથ લીંગ આલિંગન, તાંહી લગી સ્થૂલ સહુ ચરમ તાકો. ૩**

## શબ્દાર્થ

**પવનની** = પવન તત્ત્વની **આદ્ય લઈ** = સહિત **નીર** = પાણી, જળ **નાજુ** = અનાજ, પાક

**ભખે** = ખાય, ખોરાક તરીકે ઉપયોગમાં લે **ધરણ** = પૃથ્વી **આધાર** = આધારરૂપે, આધાર રાખીને **પરિવાર** = પરિવાર, કુટુંબ, કબીલો **જાકો** = તેમનો **દ્રષ્ટ** = દૃષ્ટિમાં દેખાય, ચર્મમક્ષુથી નિહાળી શકાય તેવું **પદારથ** = પદાર્થ, વસ્તુ **લિંગ** = જાતિ, જેમાં નર, પુંલિંગ, સ્ત્રી, સ્ત્રીલિંગ, નાન્યતર અને નપુંસકલિંગ કહેવાય **આલિંગન** = ભેટવું, પ્રેમની પરાકાષ્ઠાથી મળવું **તાંહી લગી** = ત્યાં સુધી **સ્થૂલ** = સ્થૂળદેહ **સહુ** = સર્વ **ચરમ તાકો** = ચર્મ સમજવું, તે ચર્મ કહેવાય.

## અનુવાદ

**પવનની આદ્ય લઈ પાણી અને અનાજ જેનો ખોરાક છે તેમજ પૃથ્વીના આધારે જેનો પરિવાર રહેલો છે. વળી ઈન્દ્રિયો વડે આલિંગન કરતા અને દૃષ્ટિગોચર થતા સર્વ પદાર્થો સ્થૂળ કહેવાય જે ચર્મરૂપ છે.**

## ભાવાર્થ

સ્થૂળની પરિભાષાને વધુ સ્પષ્ટતા કરતાં જણાવ્યું છે કે પવનની આદ્ય લઈ પાણી અને અનાજનો જે પોતાના ખોરાક તરીકે ઉપયોગ કરે છે તે ચર્મરૂપ છે. પૃથ્વીના આધારે જેનાં સંતાનો અને અન્ય કુટુંબ કબીલો રહેલાં છે. તે પણ ચર્મરૂપ છે. પોતાની જનનેન્દ્રિય જેમાં સ્ત્રીલીંગ અને પુંલિંગ બન્ને સમાગમ થકી આલિંગન કરતા હોય તેવા અને ચર્મચક્ષુથી દેખાય તેવા સર્વ પદાર્થોવાળા બધા સ્થૂળ દેહ ચર્મરૂપ છે.

**સૂક્ષ્મ ચરમ અનુકરમ અવિલોકવું, જે કહું શબ્દ સપ્રસ સહિત;**
**દેવ અવેવ મહાતત્ત્વનું તાત્વર, મૂલ પ્રકત સામૃથ ગ્રહિત. ૪**

## શબ્દાર્થ

**સૂક્ષ્મ** = સૂક્ષ્મ ઘાટો **ચરમ** = ચર્મ **અનુકરમ** = અનુક્રમ પ્રમાણે **અવિલોકવું** = અવિલોકન કરવું **જે કહું** = જે હું કહુ છું **શબ્દ** = શબ્દ **સપ્રસ** = સ્પર્શ **સહિત** = સહિત સાથે **દેવ** = દેવતાઓ **અવેવ** = જેના અવયવો, સ્વરૂપ **મહાતત્ત્વનું** = મહાતત્ત્વોનું **તાત્વર** = તત્ત્વને લગતું, તાત્પર્ય, સામર્થ **મૂલ** = મૂળ **પ્રકત** = પ્રકૃતિ **સામૃથ** = સામર્થ્ય **ગ્રહિત** = ગ્રહણ કરેલી છે, ધારણ કરેલ છે.

## અનુવાદ

**સૂક્ષ્મદેહ પણ ચર્મરૂપ છે, જેના અનુક્રમનું અવલોકન કરીને હું કહુ છું**

**કે શબ્દ, સ્પર્શ સહિત પંચમાત્રાથી બનેલા છે તે દેહ ધારણ કરનાર તમામ દૈવી ઘાટ મહાતત્ત્વોના સામર્થ્યથી ભરપૂર હોવાથી તેમનામાં પ્રકૃત્તિનું સામર્થ્ય અધિક રહેલું છે.**

## ભાવાર્થ

સૂક્ષ્મદેહ ધારણ કરનાર પણ ચર્મરૂપ છે. જે અંગેનું ક્રમબદ્ધ અવલોકન કરીને કુવેરસ્વામી આપણને જણાવે છે કે શબ્દ, સ્પર્શ, રૂપ, રસ અને ગંધએ પંચમાત્રાઓ અધિક પ્રમાણમાં આ દેહમાં રહેલી છે. વળી અવસ્થા, અંતઃકરણ અને સંભસકરણોના તત્ત્વોનો દેહ હોવાથી ચર્મચક્ષુ દ્વારા દશ્યમાન થતો નથી, પરંતુ તેમને અવિકાસ, વિકાસ અને કુંભસ્થ મહાતત્ત્વની સામર્થ્યતા અધિક હોય છે. પ્રકૃતિ તત્ત્વનું સામર્થ પણ અધિક રહેલું છે. વિશેષ કરીને તેત્રીસ કરોડ દેવતાઓ અને નવ કરોડ દેવીઓનોની આદ્ય લઈ પ્રેતયોનિ સહિતના સર્વ સૂક્ષ્મ અને કારણદેહમાં સમાવેશ થાય છે.

**કારણ ચરમ નિરધાર નિરંજન, અંજન પુંજ પરકાશ પાખે;**
**કહે કુવેર ન્હેઃ કારણ નિરગુણ, ચરમ ચહીતનતા માંહી દાખે. ૫**

## શબ્દાર્થ

**કારણ** = કારણદેહ **ચરમ** = ચર્મ **નિરધાર** = નિર્ધાર નક્કી, નિશ્ચિત **નિરંજન** = નિરંજન પુરુષ **અંજન** = અંજનરૂપી માયા **પૂંજ પરકાશ** = પ્રકાશનો ઢગલો, જ્યોતનાં પુંજથી **પાખે** = ઉત્પન્ન થઈ, પ્રગટી, દેખાઈ **કહે કુવેર** = કુવેરસ્વામી કહે છે કે **ન્હેઃ કારણ** = મહાકારણ **નિરગુણ** = નિર્ગુણ બ્રહ્મ **ચરમ** = ચર્મ **ચહીતનતા** = ચૈતનતા **માંહી** = મોં **દાખે** = દેખાય છે.

## અનુવાદ

**કારણદેહ પણ ચર્મરૂપ છે તે નિર્ધારપૂર્વક હું કહુ છું. નિરંજન અને તેના જ્યોતના પ્રકાશના પુંજ રૂપ ઉત્પન્ન થયેલ અંજનમાયા પણ ચર્મરૂપ છે. કુવેરસ્વામી કહે છે કે ન્હેઃ કારણ નિરગુણ રૂપ મહાકારણ દેહ તે પણ ચર્મરૂપ હોઈ તેની ચેતનતા તેમાં દશ્યમાન થાય છે.**

## ભાવાર્થ

કુવેરસ્વામી નિશ્ચયપૂર્વક કહે છે કે કારણદેહ પણ ચર્મરૂપ છે. નિરંજન પુરુષના જ્યોતિસ્વરૂપનો અને જ્યોતના પ્રકાશ પુંજથી ઉત્પન્ન થયેલ અંજનરૂપ મહામાયાનો સમાવેશ થાય તેવો મહાકારણ દેહ પણ ચર્મરૂપ છે. જેમાં ન્હેઃ કારણ નિર્ગુણ બ્રહ્મ જે સમચૈતન હીરરૂપે સર્વવ્યાપક છે તેનો પણ સમાવેશ થાય છે. વિશ્વની સર્વ ઉત્પત્તિનું સંવર્ધન આ બ્રહ્મભૂમિકામાં પોતાના સમચૈતન હિરણ્યગર્ભિત હીરથી થયેલું દૃશ્યમાન થાય છે.

## (સાખી)

**નિરગુણની આદ્યે કરી, ઈશ્વરતા બહુ ભેદ;**
**ચરમ વડે કૈવલથી, તાતે નહીં ઉછેદ. ૬**

### શબ્દાર્થ

**નિરગુણની** = નિર્ગુણ બ્રહ્મની **આદ્યે કરી** = આદ્ય લઈ, સહિત **ઈશ્વરતા** = ઐશ્વર્યતા, ધારણ કરેલ **બહુ ભેદ** = ઘણા પ્રકાર, તફાવત, જુદાપણું છે **ચરમ** = ચર્મ **વડે** = વડે **કૈવલથી** = કૈવલકર્તાથી **તાતે** = તેમનો **નહીં** = નહીં **ઉછેદ** = ઉત્થાપન, નિકંદન, નાશ.

## અનુવાદ

**કૈવલકર્તા દ્વારા નિર્ગુણ બ્રહ્મરૂપ ચર્મમાં બહુ ભેદવાળા ઈશ્વરો પણ દેખાય છે, પરંતુ તેમનું ઉત્થાપન થતું નથી.**

## ભાવાર્થ

કૈવલકર્તાના પ્રકાશરૂપ સચરાચરવ્યાપક બ્રહ્મ તે પણ ચર્મરૂપ છે, જેમાં વિવિધ પ્રકારની ઐશ્વર્યતા ધારણ કરેલા તમામ દેહની ઉત્પત્તિનો સમાવેશ થયેલો છે. નાશવંત ઉત્પત્તિ પણ ચર્મરૂપ છે, પરંતુ તે સર્વ ઉત્પત્તિના રચનારા કૈવલકર્તાનું કોઈ પણ સંજોગોમાં ઉત્થાપન થઈ શકે તેમ નથી. તે તો સદા-સદોદિત અચળ અને અવિનાશી છે.

**સપ્ત દ્વીપ નવ કહતહે, લેઈ અવની અંકુર;**
**નીકર જમનું જમ સદા, વીન વીધ્ય વ્યોમ સફુર. ૭**

### શબ્દાર્થ

**સપ્ત દ્વીપ** = સાત દ્વિપો **નવ** = નવ ખંડ **કહતહે** = કહેવાય છે **લેઈ** = લઈને **અવની** = પૃથ્વી **અંકુર** = અંકુર **નીકર** = નહીંતર, નહીં તો **જમનું જમ** = જેમ હતું તેમજ **સદા** = સદાને માટે, કારણ **વીન** = વિના, સિવાય **વિધ્ય** = વિધિ, પ્રક્રિયા **વ્યોમ** = આકાશ, ગગન, આભ **સફુર** = સ્ફુરણ, ઉત્પત્તિ.

### અનુવાદ

**સાત દ્વીપ અને નવખંડની આદ્ય લઈ પૃથ્વીમાં રહેલા સર્વ અંકુરોની ઉત્પત્તિ થાય છે. જો આકાશની જેમ પ્રક્રિયા સિવાય સર્વ રહ્યું હોત તો ઉત્પત્તિ સિવાયનું જેમનું છે તેમનું તેમજ સદાને માટે રહ્યું હોત.**

### ભાવાર્થ

સાત દ્વિપ અને નવખંડની આદ્ય લઈ પૃથ્વીમાં રહેલા અંકુરરૂપ બીજગોની રચના તે સર્વ ચર્મરૂપ હોઈ તેમાં અનેક પ્રકારની ઉત્પત્તિ થાય છે. જેવી રીતે કોઈ પણ પ્રકારની પ્રક્રિયા સિવાયનું આકાશ સ્ફુરણા રૂપ ઉત્પત્તિ કરી શકતું નથી, તેવી જ રીતે જો સર્વ અંકુરો અને પદાર્થો ચર્મરૂપ ન હોત તો સદાકાળ અંકુરો સહિત સર્વ જેમ છે તેમજ પડ્યાં રહેત. અર્થાત્ કોઈ પણ પ્રકારની ઉત્પત્તિ થઈ ન હોત.

# અંગ ૫૦
# ઉપાધિ રહિત કૈવલ નિર્ણયકો

**આતમા જાગ્ય વિભાગ કહ્યો હુતો, અરધ ને ઉરધ દોઉ ચરમ વિષે;**
**તે અભિપ્રાય સમદાય સમજાવહુ, જે અપુર વર્ણ રહ્યો આ વિષે. ૧**

### શબ્દાર્થ

**આતમા** = અંશના **જાગ્ય** = રહેવાનું ઠામ, સ્થાન **વિભાગ** = વિભાગ, અલગ, બાકાત **કહ્યો હુતો** = જે કહ્યો હતો **અરધ** = અધો ગમન કરનારું, ઓહંગ **ને** = અને **ઉરધ** = ઊર્ધ્વ ગમન કરનાર સોહંગ **દોઉ** = બન્ને **ચરમ** = ચર્મ **વિષે** = વિષે, અંગે **તે અભિપ્રાય** = તે માટેનું મંતવ્ય, વિવરણ, તે અંગેનો મત, વિચાર, તાત્પર્ય **સમદાય** = સંપૂર્ણ રીતે **સમજાવહુ** = સમજાવું છું **જે** = જે **અપુર** = અપૂર્ણ, અધૂરું પૂર્ણ નહીં તેવું **વર્ણ** = વર્ણન **રહ્યો** = રહ્યો **આ વિષે** = આ વિષય અંગે, આ માટે.

### અનુવાદ

**અગાઉના અંગમાં જણાવેલ કે અધોમુખે રહેલ ઓહંગ અને ઊર્ધ્વમુખે રહેલા સોહંગ તે બન્ને ચર્મરૂપ છે. ચાર પ્રકારના દેહો પણ ચર્મરૂપ છે, પરંતુ તેમાં નિવાસ કરતા ચૈતન અંશને બાકાત રાખીને જે વર્ણવ્યું હતું તે અંગેનું મંતવ્ય સંપૂર્ણપણે સમજાવું છું.**

### ભાવાર્થ

અગાઉના અંગ ૪૯માં ચોપાઈ-૨માં જણાવેલું કે દેહમાં વર્તમાન કરતો અધોમુખે રહેલ ઓહંગ અને ઊર્ધ્વમુખે રહેલા સોહંગ તે બન્ને ચર્મરૂપ છે. સ્થૂળ, સૂક્ષ્મ, કારણ અને મહાકારણ દેહે પણ ચર્મરૂપ છે, પરંતુ તેમાં નિવાસ કરતા સર્જનહારના સજાતિ જાણ રૂપ ચૈતન અંશને તેમાંથી બાકાત રાખવાનો છે. તે અંગેનું વર્ણન અધૂરું રહ્યું હતું તેને કુવેરસ્વામી સમજાવે છે.

**અરધ તે આતમા ઉરધ પરમાતમા, ઉલટ સુલટા થઈ ચરમ ચુંબે;**
**સૂક્ષ્મ સ્થૂલ દ્વૈ આતમાને પ્રિયે, કારણ મ્હેઃ કારણ પરમાત્મા લુંબે. ૨**

### શબ્દાર્થ

**અરધ** = અધોમુખ **તે** = તે **આતમા** = આતમા ઓહંગ **ઉરધ** = ઊર્ધ્વમુખ **પરમાતમા** = પરમાત્મા, સોહંગ **ઉલટ સુલટા થઈ** = ઊલટ-સૂલટી ગતિ કરીને **ચરમ** = ચર્મરૂપ દેહને **ચુંબે** = ઝર્યા કરે, ટપક્યા કરે, વહ્યા કરે **સૂક્ષ્મ** = સૂક્ષ્મદેહ **સ્થૂલ** = સ્થૂળદેહ **દ્વૈ** = બે **આતમાને** = ઓહંગને **પ્રિયે** = પ્રિય **કારણ** = કારણદેહ **મ્હેઃ કારણ** = મહાકારણ **પરમાત્મા** = સોહંગને **લુંબે** = આલિંગન કરે, ચુંબન કરે, સ્નેહ કરે.

### અનુવાદ

**અધોગતિવાળો આત્મા અને ઊર્ધ્વગતિવાળો પરમાત્મા બંને ઊલટા-સૂલટી ગતિ કરીને ચર્મરૂપે દેહમાં વહ્યા કરે છે. સ્થૂળ અને સૂક્ષ્મદેહને આત્મા પ્રિય છે. જ્યારે કારણ અને મહાકારણ દેહને પરમાત્મા પ્રિય છે.**

### ભાવાર્થ

વિશ્વનિયંતા સર્જનહારની બાહ્યવૃત્તિના પસારોને સચરાચરવ્યાપક બ્રહ્મ કહેવામાં આવે છે. જ્યાં સુધી તે પ્રસરેલો છે તેવી બ્રહ્મભૂમિકામાં જે કોઈ ઉત્પત્તિ વિકાસ પામી છે તેવા મહાઘટકને બ્રહ્માંડ કહેવામાં આવે છે, તે પણ એક છે. (બ્રહ્મ + ઈંડ = બ્રહ્માંડ). બ્રહ્મની પોતાની આગવી વિશિષ્ટતા છે. કારણ કે, તેના ત્રણ મહાતત્ત્વો છે. જે અવિકાસ, વિકાસ અને કુંભસ્થ તરીકે ઓળખાય છે. અવિકાસનો સંબંધ દેહમાં અંદર ખેંચાતો ઓહંગ પ્રાણાયામ સાથે છે. વિકાસનો સંબંધ દેહમાંથી બહાર નીકળતો સોહંગ પ્રાણાયામ સાથે છે. જ્યારે કુંભસ્થ તે અંદર ગયેલા પ્રાણાયામ દેહમાં સ્થંભન પામે તે રીતે દેહના પ્રાણાયામને વિશે રહેલો છે. પિંડમાં અધોમુખે નાભિસ્થાને આત્મારૂપે ઓહંગ અને ઊર્ધ્વમુખ રૂપ નાસિકાના અગ્રભાગે પરમાત્મા રૂપ સોહંગ રહેલ છે. આ બંન્ને ઊલટ-સૂલટ થઈને ચર્મનો વિત્તનું ચુંબન કરે છે.

આ ત્રણેય મહાતત્ત્વોનું બંધારણમાં ૮ + ૧ + ૧ ના પ્રમાણમાં છે. જે મુખ્ય મહાતત્ત્વમાં બીજા બે મહાતત્ત્વો એક એક ભાગે ભળીને કાર્યરત બને છે. જે

સંપટવત્ત હોવાથી અવિરત ઊલટા-સૂલટી વહ્યાં કરે છે. આ મહાતત્ત્વો શિથિલ બનીને અંતે નાશ પામે ત્યાં સુધી કૈવલકર્તાની જાણરૂપ ચૈતન અંશની હાજરી હોય પછી અંશ બીજા દેહમાં ગમન કરે છે.

અવિકાસ મહાતત્ત્વ તે સ્ત્રીલિંગ અને વિકાસ મહાતત્ત્વતે પુંલિંગ જાણવું અને કુંભસ્થ મહાતત્ત્વને નપુંસક-નયંતા જાણવું.

પ્રાણાયામ નાસિકા દ્વારા લેવામાં આવે અને જો જમણી બાજુના પ્રાણાયામ ચાલતો હોય તો પિંગલા નાડી- પુરુષ નાડી સમજવી અને જો ડાબીબાજુના પ્રાણાયામ ચાલ તો હોયતો તે ઈંગલા નાડી-સ્ત્રી નાડી સમજવી બન્ને સમદમ નાડીનો પ્રાણાયામ ચાલતો હોય તો તેને સૂક્ષ્મના નાડી-નપુંસક નાડી સમજવી. આમ ગમે તે નાડી ચાલતી હોય પરંતુ ઓહંગ પ્રાણાયામ અને સોહંગ પ્રાણાયામ દેહમાં કુંભસ્થ થઈને જે તે નાડી દ્વારા ચાલુ જ રહેતા હોય છે.

સ્થૂળદેહની જાગ્રત અવસ્થા અને સૂક્ષ્મદેહની સ્વપ્ન અવસ્થા મુખ્ય હોવાથી તે બન્ને દેહોનું જાણપણું વર્તાતાં આત્મા ઓહંગ પ્રિય છે અને કારણદેહની સુષુપ્તિ અવસ્થા અને મહાકારણ દેહની તુર્યાવસ્થા મુખ્ય હોવાથી જાણપણું રહેતું નથી એવા બન્ને દેહો પરમાત્મા સોહંગને સ્નેહ કરે છે.

**ચાર પ્રકાર ચરમ ચરણ જીવી, જાંહાં લગી આતમા પરમાતમા આંહી;**
**આતમા જાઈ પરમાતમામે મીલે, સ્થૂલ સૂક્ષ્મ દો ચરમ નાંહી. ૩**

### શબ્દાર્થ

**ચાર પ્રકાર** = ચાર પ્રકારના **ચરમ** = ચર્મ **ચરણ** = પગ, ચરણ, ચૈતન અંશના પગ સમાન પરંતુ અંશ વગર પાંગળા છે **જીવી** = જીવન દેનારા **જાંહાં લગી** = જ્યાં સુધી **આતમા** = આત્મા, ઓહંગ **પરમાતમા** = પરમાત્મા સોહંગ **આંહી** = અહીંયાં **આતમા** = આત્મા, ઓહંગ **જાઈ** = જઈને **પરમાતમામે** = પરમાત્મા, સોહંગમાં **મીલે** = મળે, ભળે **સ્થૂલ** = સ્થૂળ દેહ **સૂક્ષ્મ** = સૂક્ષ્મ દેહ **દો** = બંને **ચરમ** = ચર્મરૂપે **નાંહી** = નથી રહેતા.

### અનુવાદ

**આત્મા અને પરમાત્મા બન્ને ચારેય પ્રકારના દેહમાં ચૈતન અંશના ચરણ બનીને જીવન બક્ષે છે. જ્યાં સુધી આ બન્ને દેહમાં કાર્યશીલ છે, ત્યાં સુધી ચર્મરૂપ**

**આ ચારેય દેહો સજીવન રહે છે.**

**હવે જ્યારે આત્મા પરમાત્મામાં જઈને ભળે ત્યારે ચર્મરૂપ સ્થૂળ અને સૂક્ષ્મ બંને દેહ સજીવન રહેતા નથી.**

## ભાવાર્થ

સ્થૂળ, સૂક્ષ્મ, કારણ અને મહાકારણ એમ ચારેય પ્રકારના દેહમાં ચૈતન અંશના ચરણરૂપે ઓહંગ અને સોહંગ બન્ને હાજર રહીને દેહનું જીવન બક્ષે છે. એટલે કે, ત્યાં સુધી દેહ સજીવન રહે છે. દેહમાં અંશની ચૈતનતાની ગતિના પસારોના માધ્યમ તરીકે પગ રૂપે રહેલા ઓહંગ-સોહંક પાંગળા છે. અંશના સામાન્ય આભાસ થકી જ તે કાર્યશીલ બનીને રહે છે.

ઓહંગ પ્રાણાયામ જ્યારે સોહંગ પ્રાણાયામમાં જઈને ભળે છે. ત્યારે સ્થૂળ અને સૂક્ષ્મ બન્ને ચર્મરૂપ દેહોનું જીવન તો પુરું થઈ જાય છે. આ તત્ત્વોનો ગહન વિષય છે, જે સમજવામાં ઘણી જ તકલીફ પડે તેમ છે, પરંતુ કુવેરસ્વામી સમજાવતાં જણાવે છે કે સ્થૂળદેહનાં તત્ત્વોમાં રજો ગુણ અને તેની દશ આકાંક્ષાઓ તેમજ અહંકાર ઘણ અને તેની પાંચ માત્રા તથા પાંચ મહાભૂતનો સમાવેશ થાય છે. સૂક્ષ્મદેહમાં સત્ત્વગુણ અને તેના પાંચ અંતઃકરણ અને પાંચ અવસ્થા તથા સ્વકાશ ઘણ અને તેના પાંચ સંભકરણો અને પાંચ વિવસ્તાનો સમાવેશ થાય છે. ઓહંગ જ્યારે સોહંગમાં ભળી જાય ત્યારે સ્થૂળ અને સૂક્ષ્મ એમ બન્ને દેહમાં રહેલા તત્ત્વોનો પ્રભાવ નાશ પામે છે. જેથી બન્ને દેહ પણ રહેવા પામતા નથી.

**તેજ પરમાત્મા અપુરવર્ણમે જઈ મલે, કારણ ન્હેં કારણ દો ચરમ જાવે;**
**અટલ અનભોગ અજમાલ અમોઘ રધ, એક કૈવલપદ તોજ કહાવે. ૪**

## શબ્દાર્થ

**તેજ** = તેજ **પરમાત્મા** = સોહંગ પ્રાણાયામ **અપુરવર્ણમે** = જેનું પુરેપુરું વર્ણન ન થઈ શક્યું તેવા બ્રહ્મમાં અરણવ યાને સમુદ્ર સમાન છલોછલ ભરપૂર, વારપાર રહેલું છે, તેમાં **જઈ મલે** = જઈને મળે **કારણ** = કારણદેહ **ન્હેઃકારણ** = મહાકારણ **દો** = બન્ને **ચરમ** = ચર્મરૂપ **જાવે** = જાય, દૂર થાય

**અટલ** = અવિનાશી, જેનો વિનાશ નથી તેવું **અનભોગ** = ભોગથી રહિત **અજમાલ** = અજન્મા **અમોઘ** = કિંમતી, શ્રેષ્ઠ, સર્વોચ્ચ **રધ** = રિદ્ધિ સિદ્ધિયુક્ત, રૂપ અરૂપથી પરે **એક** = એક **કૈવલપદ** = કૈવલપદ **તોજ** = તો જ **કહાવે** = કહેવાય.

## અનુવાદ

**પરમાત્મા કે જેમાં આત્મા ભળેલો છે તે જ અપુરવર્ણ રૂપ બ્રહ્મમાં જઈને ભળે છે. ત્યારે કારણદેહ અને મ્હેઃકારણદેહ બન્ને ચર્મરૂપ દૂર થાય છે. છેલ્લે જે રહે તેને અવિનાશી, અનભોગ, અજન્મા, અમોઘ અને રિદ્ધિ સિદ્ધિ દેનાર એક કૈવલપદ કહેવાય છે.**

## ભાવાર્થ

ઓહંગ જેમાં ભળ્યો છે તેવો સોહંગ પ્રાણાયામ તે પણ પોતાના ઉદ્‌ભવ સ્થાન સમા સચરાચરવ્યાપક ચિદાકાર બ્રહ્મ કે જેનું પૂરેપૂરું વર્ણન કોઈ કરી શક્યા નથી તેવા બ્રહ્મમાં ભળી જાય છે. ત્યારે કારણ દેહ અને મહાકારણ દેહ બન્ને ચર્મરૂપે દૂર થઈ જાય છે.

કારણદેહના તત્ત્વોમાં તમોગુણ અને તેના દશ કાળ અને અચંત ઘણ અને તેની દશ ભાવનાઓનો સમાવેશ થાય છે અને મહાકારણ દેહના તત્ત્વોમાં અવ્યક્ત તત્ત્વથી ઉત્પન્ન થએલ ધનંજય તત્ત્વ, પ્રકૃતિતત્ત્વ, મહાતત્ત્વ અને આનંદતત્ત્વ એમ ચાર તત્ત્વોનો સમાવેશ થાય છે. આમ સોહંગ પણ ભળી જતાં આ બન્ને દેહોમાં રહેલા તત્ત્વોનો પ્રભાવ નાશ થાય છે, જેથી દેહ પણ રહેવા પામતા નથી.

ચોર્યાસી તત્ત્વોના વિસ્તાર પૈકી આ ચાર દેહના તત્ત્વોનો નાશ થયા બાદ બાકીના રહેલા અવ્યાક્રત અને નિરંજન તત્ત્વવાળા પરમકારણ દેહના અને અન્ય સર્વ અવ્યાક્રત મહાતત્ત્વો અને ત્રણેય પ્રકારના અંશો પણ જ્યારે ભળીને નાશ પામે ત્યારે છેલ્લે જે રહે તે અદ્વૈત કૈવલપદ રહે છે. જે અવિનાશી, અનભોગ, અજન્મા, અમોઘ અને રિદ્ધિ સિદ્ધિ દેવાવાળું કહેવાય છે.

(નોંધ : તત્ત્વોના ગહન વિષયના મર્મને વધુ સમજવા માટે પંચમ શ્વસમ વેદનો અભ્યાસ જરૂરી છે.)

**કૈવલાકાર આકાર વીલે હવે, છે છતે તો પદે તમ તેહેવા;**
**કહે કુવેર મેં દાસ તેહનો સહી, ગુરુ હરદે ગ્યમ લહી સમ સેવા. ૫**

## શબ્દાર્થ

**કૈવલાકાર** = કૈવલકર્તાના સ્વરૂપમાં એકાકાર થઈ જાય **આકાર** = દેહો, ઉત્પત્તિ **વીલે** = વિલસાઈ ભંગ **હવે** = પછી, થાય છે **છે છતે** = પ્રત્યક્ષ છે **તો પદે** = તો તે પદમાં **તમ તેહેવા** = જેમ હતા તેવા, જેમ છે તેમ, તહેવા **કહે કુવેર** = કુવેરસ્વામી કહે છે કે **મેં** = હું **દાસ** = દાસ, સેવક **તેહનો સહી** = તેમનો છું **ગુરુ હરદે** = ગુરુના હૃદયમાંથી નિકળતા **ગ્યમ** = સમજ, જ્ઞાન **લહી** = પ્રાપ્ત કરીને **સમ** = સમાન **સેવા** = સેવા.

## અનુવાદ

**ઉત્પત્તિ વિલીન થતાં કૈવલકર્તાના સ્વરૂપમાં એકાકાર થઈ જાય છે. ત્યારે કૈવલકર્તા તે પદમાં પોતે જેમ છે તેમ જ રહે છે. કુવેરસ્વામી કહે છે કે હું તેમનો દાસ હોઈ મારા હૃદયમાં તેમની જાણ પ્રાપ્ત કરી ગુરુ તુલ્ય સમજી દાસાતન ભાવે સેવા કરું છું.**

## ભાવાર્થ

અગાઉ દર્શાવ્યા મુજબ ઓહંગ, સોહંગમાં અને અંતે બ્રહ્મમાં ભળી જતાં સ્થૂળ, સૂક્ષ્મ, કારણ અને મહાકારણ એમ ચારેય દેહ રહેવા પામતા નથી. અંતે બધું જ એકબીજામાં ઉત્પત્તિના ક્રમથી ઊલટ પ્રક્રિયા દ્વારા વિલીન થઈ જતાં અંતે બધી જ ચર્મરૂપ ઉત્પત્તિ કૈવલકર્તામાં એકાકાર થઈ જાય છે. તેમની પોતાની છ એ છ વૃત્તિઓથી થયેલ સર્વ ઉત્પત્તિ પાછી છ વૃત્તિઓનાં સમાઈને આખરે તે વૃત્તિઓ પોતાનામાં પાછી સમાવી દે છે. પોતે એક અદ્વૈત ભાવે ઉત્પત્તિ પહેલાં જેવા હતા તે જ રીતે શૂન્યવત્ત સ્થિતિમાં રહે છે. કુવેરસ્વામી પોતે પણ હાલમાં તેમના દાસ સ્વરૂપે છે તેથી જ તેમના હૃદયમાં કૈવલજ્ઞાનનો સાગર સમાવીને ગુરુ તુલ્ય સમજી દાસાતનભાવે કૈવલકર્તાની સેવામાં સદાને માટે તલ્લીન બનીને રહે છે.

**(સાખી)**
**કૈવલતાની મહદતા, ગયે ચરમની ઓટ;**
**સલકાલે સલિતા નહીં, સિંધુ કેથી મોહોટ. ૬**

**શબ્દાર્થ**

**કૈવલતાની** = કૈવલકર્તાના પદની **મહદતા** = શ્રેષ્ઠતા **ગયે** = નષ્ટ થાય, દૂર થાય **ચરમની** = ચર્મની **ઓટ** = પાછું તેમાં ભળી જવું તે, સમેટાઈ જવું **સલકાલે** = વર્ષાઋતુમાં, ચોમાસામાં **સલિતા** = નદી **નહીં** = નહીં, નથી **સિંધુ** = દરિયો, સમુદ્ર **કેથી** = થી **મોહોટ** = મોટી, વિશેષ, મહાન.

**અનુવાદ**

**જ્યારે કૈવલકર્તાની મહત્તા સમજાય તો વિશ્વમાં ચર્મરૂપ ઉપાધિ સમેટાઈ જાય છે. જેમ ચોમાસામાં ગમે તેટલી મોટી નદી વહે પણ સમુદ્રથી મોટી થઈ શકતી નથી.**

**ભાવાર્થ**

જ્યારે કૈવલકર્તાની મહત્તા સમજાય કે તેઓ સર્વની ઉત્પત્તિના કારણરૂપ છે. તેમની સંકલ્પશક્તિથી બધું જ બ્રહ્મમાં વિકાસ પામેલું છે અને સંકલ્પશક્તિ સમાઈ જતાં જે જે ઉત્પત્તિ થઈ છે તે બધું જ પાછું લય પામીને તેમનામાં એકાકાર થઈ જાય છે. અંતે તેઓ પોતે પોતાના બાહ્ય હંગને અંકુર તરીકે આંતર હંગમાં સમાવીને પોતાના સ્વ-સ્વરૂપે અદ્વૈત ભાવે એકલા જ શૂન્યમાં રહે છે. આવી સમજ પ્રાપ્ત થતાં તેમની ઉત્પત્તિ રૂપ ચર્મરૂપી અન્ય દેવીસ્વરૂપો અને ઐશ્વર્યવાન વિભૂતિવાળા અવતારોમાં કે અન્ય કોઈ પણ ચર્મરૂપ સ્વરૂપોની ચમક જોઈને તેમાં અંજાઈ જવાતું નથી.

જેમ વર્ષાઋતુમાં મુસળધાર વરસાદને કારણે નદીનો પટ ભલે વિશાળ સ્વરૂપ ધારણ કરીને વહે, પરંતુ તે સાગર સમાન થઈ શકતી નથી. આમ, ચર્મરૂપ સર્વ ઉત્પત્તિ ઐશ્વર્યવાન વિરાટ સ્વરૂપ ધારણ કરે તેમ છતાં તે કૈવલકર્તાથી અધિક નથી અને અધિક થઈ પણ ના શકે.

**નિગમ નિરુપણ નવ રહે, કહેવા કારણ કોય;**
**પરનેતિ પદ અદબદ, દ્વૈત રહિત સ્વૈ સોય. ૭**

## શબ્દાર્થ

**નિગમ** = વેદોએ કરેલું **નિરૂપણ** = નિરૂપણ, નક્કી કરેલ, અંત પદ **નવ રહે** = રહેવાના પામે **કહેવા** = કહેવા માટે **કારણ** = કારણ **કોય** = કોઈ પણ **પરનેતિ પદ** = પરમપદ, જેને માટે નેતિ શબ્દનું સંબોધન કરવામાં આવેલું છે, તેનાથી પણ પરે રહેલ પરમપદ **અદબદ** = સ્થિતિમાં હતું તેજ સ્થિતિમાં, કોઈ પણ પ્રકારના વધારા ઘટાડા સિવાય **દ્વૈત** = જુદાપણું, બે પદોની સંભાવના **રહિત** = રહિત, સિવાય **સ્વૈ** = પોતે **સોય** = રહેલા છે, તે.

## અનુવાદ

**વેદોએ જેનું નિરૂપણ કર્યું તે બ્રહ્મપદ જ ન રહે તો પછી કારણ કોને કહેવું ? વળી જે પદની વેદે નેતિ પોકારી છે તે નેતિ પદ પરે (કૈવલપદ) અદબદ રહેલું છે. કર્તા પોતે દ્વૈત રચના સિવાયના અદ્વૈત રૂપે રહે છે.**

## ભાવાર્થ

ચાર વેદો દ્વારા નિરૂપણ કરવામાં આવેલ બ્રહ્મપદ પણ રહેવા પામતું નથી. તો પછી જો કાર્ય જ ન રહે તો કારણરૂપે કર્તા કોને કહેવાય? જ્યાં સુધી રચના છે ત્યાં સુધી દ્વૈત પદ રહેલું છે, પરંતુ જ્યારે રચનાનો લય થઈ જાય ત્યારે માત્ર એક જ અદ્વૈત પદ રહે છે. બ્રહ્માજીએ જે પદ માટે નેતિ પોકારી હતી તે નેતિ પદથી પણ પરે રહેલું એકમાત્ર કૈવલપદ છે. જે સદાને માટે અદબદ એટલે કે, ઉત્પત્તિ થતાં તેમાં ઘટાડો થતો નથી કે પ્રલય પછી તેમાં વધારો પણ થતો નથી. એવું તે પરમપદ છે.

# અંગ ૫૧
# સંત સાહેબ એકમેક જીવન જાની શકતે કો

## (કૈવલગુરુ, કુવેર શિષ્ય અંગતાકો લીખ્યતે)

**ગુરુતન જ્ઞાન વિજ્ઞાન વાણી વદે, ચિદ ચૈતન રુદે અચલ જેહેનું;**
**ગતિપદ નિરગુણ સિરગુણ કર સહાયવત,**
**વ્યોમ સમ શ્રવણ રુચી અગમ નેનું. ૧**

### શબ્દાર્થ

**ગુરુતન** = ગુરુનું સ્વરૂપ **જ્ઞાન** = જ્ઞાનથી પરિપૂર્ણ **વિજ્ઞાન** = વિશેષ જ્ઞાનરૂપ **વાણી** = વાણી **વદે** = ઉચ્ચારે છે **ચિદ ચૈતન** = ચિદાકાર ચૈતન **રુદે** = હૃદય **અચલ** = અચળ **જેહેનું** = જેમનું **ગતિ** = ચાલવા માટેનાં **પદ** = પગ **નિરગુણ** = નિર્ગુણ, બ્રહ્મ **સિરગુણ** = સગુણ **કર** = હાથ **સહાયવત** = સહાયતા કરવાવાળા **વ્યોમસમ** = આકાશની સમાન **શ્રવણ** = કાન, શ્રવણ કરનાર અંગ **રુચી** = રુચી, ઈચ્છાશક્તિ **અગમ** = અગમ્ય, જેની ગમ ન જણાય **નેનું** = નેત્ર, નયન.

### અનુવાદ

**ગુરુના સ્વરૂપમાં રહેલા ચિદાકાર અચળ પૂર્ણ ચૈતન હૃદયમાંથી જ્ઞાનથી પરિપૂર્ણ વિશેષ વાણીનું ઉચ્ચારણ થાય છે, જેના નિર્ગુણ બ્રહ્મ ગતિ કરવાવાળા પગ છે. સગુણ સહાયતા કરવાવાળા હાથ છે, વ્યોમ સમાન કાન અને અગમ્ય ઈચ્છાશક્તિ રૂપ નયનો છે.**

### ભાવાર્થ

સર્જનહાર કૈવલકર્તા તો વળથી રહિત રૂપ અને અરૂપથી પરે પૂર્ણ ચૈતનના પુંજ સમાન છે. છતાં તેમણે આ વળ ભરીને સમગ્ર બ્રહ્માંડની રચના કરી છે. તેમાં તેમના કયા અંગો થકી આ અદ્‌ભુત રચનાને ખીલવી છે. તેની સમજ પડે તે માટે જ કુવેરસ્વામીએ સમજ આપે છે.

કૈવલકર્તાને ''ગુરુ'' તરીકેના સન્માનનીય પદની ઉપમા આપી છે. તેમનું પૂર્ણ

ચૈતન ચિદાકાર હૃદય છે કે જે જ્ઞાનથી સંપૂર્ણ ભરેલું છે. તેમાંથી વિશેષ કૈવલજ્ઞાનની અવિરત વાણીની ધારા વહ્યે જાય છે. તેમના પ્રકાશરૂપ સચરાચરવ્યાપક સમચૈતન હીરરૂપ બ્રહ્મના અવિકાસ અને વિકાસ મહાતત્ત્વો તેમની ગતિ કરવા માટેના ચરણ સમાન છે.

રજો, તમો અને સતો એમ ત્રણ ગુણ તેમનો ઉત્પત્તિના વહીવટ ક્ષેત્રનાં કાર્યમાં સહાયતા કરવાવાળા હાથ સમાન છે. શબ્દની ઉત્પત્તિના કાન રૂપ મહદ્ આકાશ તેમના શ્રવણનું કાર્ય સંભાળનાર કાન સમાન છે અને સમગ્ર ઉત્પત્તિનું નિયમન કરવા માટે વિશાળ દૃષ્ટિની જરૂરીયાતવાળી પોતાની (રૂચી) ઈચ્છાઓ સમાન વિશાળ નયનો છે. આવા દિવ્ય ઉપમાને યોગ્ય કૈવલકર્તાનું ગુરુપદ ધારણ કરીને પરમગુરુ પોતાને “સેવક” તરીકે ધન્યતા અનુભવે છે.

**સુઘડ નાસા અતિ અધિક મારુંતસે, રોમ પર અગણિત ઈંડ જાકે;**
**ભ્રગુટી ભવ વિષ્ણુની અનંત શોભા અજ, વસ્તુ વ્યાપીક જીત મુખક તાકે. ૨**

### શબ્દાર્થ

**સુઘડ** = સુંદર, આકારવાળું સ્વચ્છ ઘડાયેલું **નાસા** = નાક **અતિ અધિક** = વધારે અતિ, અધિક, વિશેષ પ્રમાણમાં **મારૂત સે** = પવનથી પણ **રોમપર** = શરીરના ઉપર રહેલાં રુવાંટા **અગણિત** = અગણિત, ગણતરીમાં ન થાય તેવા **ઈંડ** = ઘાટ, શરીર **જાકે** = જેમના **ભ્રગુટી** = આંખોની વચ્ચેનો ભાગ **ભવ** = શંકર **વિષ્ણુની** = વિષ્ણુની **અનંત** = અનંત **શોભા** = શોભા **અજ** = બ્રહ્મા **વસ્તુ** = વસ્તુરૂપ ચૈતન અંશ **વ્યાપીક** = સર્વત્ર ઘાટમાં વ્યાપક રહેલો **જીત** = જેમનું **મુખક** = મોં, મુખડું **તાકે** = તેમનું.

### અનુવાદ

**પવનથી અધિક માત્રામાં ગંધ ગ્રહણ કરવાવાળી સુંદર નાસિકા છે. બ્રહ્માડમાં રહેલા અગણિત ઘાટ તેમના રુવાંટાં છે. વળી બ્રહ્મા, વિષ્ણુ અને મહેશનાં ધામોની અનંત શોભા સમાન તેમની ભ્રૃકુટિ છે. તેમજ ઘાટમાં રહેલ વસ્તુરૂપ અંશ તેમના મુખારવિંદ સમાન છે.**

## ભાવાર્થ

એવા મહાન સર્જનહારની ઉપમા અંગે આગળ જણાવતાં કુવેરસ્વામી જણાવે છે કે પવન તત્ત્વથી અતિ વિશેષ માત્રામાં ગંધ ગ્રહણ કરવાની શક્તિ ધરાવતી તેમની નાસિકા છે. બ્રહ્માંડમાં અનંત ઘાટોની ઉત્પત્તિ સમાન તેમના શરીર ઉપરનાં રુવાંટા છે. અંતરિક્ષમાં બ્રહ્મા, વિષ્ણુ અને મહેશનાં અતિ શોભાયમાન એક જ સૂત્રવત્ રહેલા ભોવનોની શોભા સમાન તેમની ભૃકુટિ છે. વળી દરેક ઘાટોમાં વસ્તુરૂપે રહેલ તેમની જાણ રૂપ ચૈતન અંશો તેમના મુખારવિંદ સમાન છે કે જેથી તેઓ સમગ્ર રચનાનો ઉપભોગ કરીને ચાસ્મી મેળવીને આનંદની પ્રાપ્તિ કરી શકે છે.

**અજર અદ્યાપી ઘટવાસ સરવાતીત, અધર આસન પર અકથ્ય ધ્યાંની;**
**ઋષિમુનિ દેવ દૈવત જાકુ જજે, આંન્ય ઉપાસીને તાંહાં ગમ શાની. ૩**

### શબ્દાર્થ

**અજર** = જેનો કદી વિનાશ નથી તેવા, અવિનાશી **અદ્યાપી** = આદ્યમાં રહેલા અને સદાને માટે આદ્ય રહેતા **ઘટવાસ** = નિવાસ **સરવાતીત** = સર્વથી તીત, બ્રહ્માંડથી પણ પરે **અધર આસન** = જેનું બેસવાનું આસન અદ્ધર રહેલું છે **પર** = તેમાં બિરાજમાન **અકથ્ય** = અકથિત, વાણી પણ જ્યાં પહોંચી શકતી નથી, તેવું નિર્વાણ **ધ્યાંની** = ધ્યાનસ્થ મુદ્રામાં, ધ્યાન મગ્ન રીતે **ઋષિમુનિ** = ઋષિમુનિ **દેવ** = દેવો **દૈવત** = જેમનામાં, દૈવી શક્તિ છે તેવો સર્વ **જાકુ** = તેમને **જજે** = ભજે છે **આંન્ય** = બીજા **ઉપાસીને** = ઉપાસકોની **તાંહાં** = ત્યાં **ગમ** = સમજ **શાની** = ક્યાંથી.

## અનુવાદ

**અજર, અદ્યાપી અને સર્વાતીત ધામમાં અદ્ધર આસન પર નિર્વાણરૂપી સ્વામી ધ્યાન મગ્ન રહેલા છે. ઋષિમુનિ, દેવ અને જેમનામાં દૈવત છે એવા સર્વ એમનું ભજન સ્મરણ કરે છે તો પછી અન્ય ઉપાસકોની ગતિ ત્યાં કેવી રીતે પહોંચે?**

## ભાવાર્થ

સર્જનહારનો કદી નાશ થતો નથી. તે અજર, અમર અને અવિનાશી છે.

તેઓ સદાને માટે સૃષ્ટિની આદ્યમાં રહેલા છે અને સૃષ્ટિના અંત પછી પણ સદાને માટે એકલા જ રહેનારા આદ્યપિ છે. તેમનું કૈવલધામ બ્રહ્મથી તીત રહેલું છે. એવા કૈવલધામમાં વાણીથી અકથ્ય એવા પતિરૂપ પરમેશ્વર અટલ શાસન પર બિરાજમાન રહેલા છે. તેઓ સદાને માટે ધ્યાન મગ્ન દશામાં જ રહેનારા છે. બ્રહ્મથી પરે જેની દષ્ટિ પહોંચી છે તેવા ઋષિમુનિ અને દૈવત્વ ધરાવતા સર્વ દેવતાઓ એવા પરમપિતાનું ભજન-સ્મરણ કરે છે. સામાન્ય ઉપાસકોને તો એવા પરમપદની સમજ ક્યાંથી હોય? અર્થાત્ પરમપદ સિવાયની ઉપાસનાઓમાં વૃત્તિ ધરાવતા ઉપાસકોની ત્યાં ગમ પહોંચી શકતી નથી.

**જાંહાં નવ મુક્તિની જુક્તિ છવે સિધ્ધિ, ના નિધિ ચતુરધા પંચ પરસે;**
**રવિ શશી તેજ પ્રકાશ પહોંચે નહીં, અકલ બીરાજીત અધુધુ અરસે. ૪**

### શબ્દાર્થ

**જાંહાં** = જ્યાં **નવ** = નહીં **મુક્તિની** = મુક્તિની **જુક્તિ** = યુક્તિ, કરામત **છવે** = છૂવે, સ્પર્શ પહોચ **સિધ્ધિ** = સિદ્ધિ **ના** = નહીં **નિધિ** = નિધિ **ચતુરધા પંચ** = નવ (૪ + ૫) **પરસે** = સ્પર્શે **રવિ** = સૂર્ય **શશી** = ચંદ્ર **તેજ** = તેજ **પ્રકાશ** = પ્રકાશ **પહોંચે નહીં** = પહોંચતાં નથી **અકલ** = અકળ સ્વરૂપે **બીરાજીત** = બિરાજમાન, બેઠેલા **અધુધુ** = વિશેષ, મહાન, અવર્ણનીય **અરસે** = અંતરિક્ષમાં.

### અનુવાદ

જ્યાં ચાર પ્રકારની મુક્તિ અને નવ પ્રકારના નિધિ કે અષ્ટ પ્રકારની સિદ્ધ પહોંચી શકતી નથી. વળી સૂર્યનો પ્રકાશ અને ચંદ્રનું તેજ પહોંચતું નથી. તેવા ધામમાં અકલ પુરુષ કે જે અવર્ણનીય અને અંતરિક્ષમાં બિરાજમાન છે.

### ભાવાર્થ

કૈવલપદને સાયુજ્ય, સાલોક્ય, સામિપ્ય અને સાન્નિધ્ય એમ ચાર પ્રકારની મુક્તિ સ્પર્શી શક્તી નથી. વળી આઠ પ્રકારની સિદ્ધિઓ અને નવ પ્રકારના નિધિનો પ્રભાવ પણ ત્યાં સ્પર્શી શકતો નથી. સૂર્યદેવનો પ્રકાશ કે ચંદ્રદેવનું તેજ પણ ત્યાં પહોંચતું નથી. એવા બ્રહ્મથી પરે શૂન્યમાં આવેલા મહાન અલૌકિક

અને અવર્ણનીય કૈવલધામમાં સર્જનહાર કૈવલકર્તા વળરહિત અકલ પુરુષ અટલ આસન ઉપર બિરાજમાન છે.

## અષ્ટ સિદ્ધિઓ

| | |
|---|---|
| **અણિમા** | પરમાણુ રૂપ પર્યંત નાના થઈ જવાની શક્તિ |
| **મહિમા** | આકાશ જેવા વિભુ થઈ જવાની શક્તિ |
| **લઘિમા** | રૂ જેવા હલકા થઈ જવું તેવી શક્તિ |
| **ગરિમા** | અત્યંત ભારે વજનવાળા થઈ જવાની શક્તિ |
| **પ્રાપ્તિ** | અત્યંત દૂર રહેલા પદાર્થને સ્પર્શ કરવાની શક્તિ |
| **પ્રાણમ્ય** | ઈચ્છા થાય તે પદાર્થ સિદ્ધિ કરવાની શક્તિ |
| **ઈશિત્વ** | શરીરની ઈન્દ્રિયો અને અંતઃકરણો ઉપર પૂર્ણ પ્રભુત્વ રાખવાની શક્તિ |
| **વશિત્વ** | સર્વને વશ કરનાર સામર્થ્યતાની શક્તિ |

## નવ નિધિઓ

કુબેરનો નવરત્નોનો ભંડાર જે લક્ષ્મીના આશ્રિત છેઃ કચ્છપ, મુંકુંદ, નંદ-કુંદ, વર્ચ્ચ-ખ્ખર્વ, મકર, નીલ, શંખ, પદ્મ, મહા પદ્મ

## મુક્તિ

| | |
|---|---|
| **સાયુજ્ય** | (સારૂપ્ય) ઈષ્ટદેવના રૂપની પ્રાપ્તિ/ઈષ્ટદેવના રૂપમાં જીવાત્માનો લયની પ્રાપ્તિ |
| **સાલોક્ય** | ઈષ્ટદેવના લોકની પ્રાપ્તિ |
| **સામીપ્ય** | ઈષ્ટદેવના સમીપતાની પ્રાપ્તિ |
| **સાન્નિધ્ય** | ઈષ્ટદેવના સાન્નિધ્યની પ્રાપ્તિ |

**કૈવલના પરસાસનું ભાસન, નામ ન્યારુ ધર્યું તત્ત્વ લેકે;**
**કહે કુવેર એવા ગુરુ માહેરા, ઉલટ સ્વાસ કૈવલ એકે. ૫**

### શબ્દાર્થ

**કૈવલના** = કૈવલકર્તાના **પરસાસનું** = પ્રકાશના પ્રાણાયામનું, ૐ પ્રાણાયામથી પરે **ભાસન** = પ્રતિબિંબ, ભાસ **નામ ન્યારુ ધર્યું** = નામ જુદું પડ્યું **તત્ત્વ લેકે** = તત્ત્વોના લીધે **કહે કુવેર** = કુવેરસ્વામી કહે છે કે **એવા ગુરુ માહેરા** = એવા મહારા ગુરુ **ઉલટ સ્વાસ** = ઊલટા પ્રાણાયામ, સોહંગ સ્વરૂપ **કૈવલ** = કૈવલકર્તા **એકે** = એકલા જ, એક જ છે.

### અનુવાદ

**કૈવલકર્તાના પ્રકાશરૂપ બ્રહ્મના ૐકાર પ્રાણાયામ રૂપ પ્રતિબંબરૂપે તત્ત્વભેદથી નામ અલગ પડેલું છે. કુવેરસ્વામી કહે છે કે એવા મારા ગુરુ છે. એવા ૐકાર પ્રાણાયામ ઊલટ થતાં એક કૈવલકર્તા જ રહે છે.**

### ભાવાર્થ

જ્યારે વિશ્વની શરૂઆતમાં સર્જનહાર કૈવલકર્તાએ જ્યારે બાહ્યહંગની વૃત્તિનો પસારો કર્યો તેને “પ્રકાશ બ્રહ્મવૃત્તિ” કહેવામાં આવે છે. તેથી સર્વત્ર બ્રહ્મરૂપ પ્રકાશ પથરાયો અને તેના પરિપક્વતાથી ભાસ સ્વરૂપ તેના ત્રણ મહાતત્ત્વો થયાં, જેમાં અવિકાસથી ઓહંગ, વિકાસથી સોહંગ અને કુંભસ્થથી સ્થંભન પ્રાણાયામ બન્યો. આમ, તત્ત્વોના અલગ સ્વરૂપને લીધે તેનાં નામ અલગ-અલગ પાડવામાં આવેલા છે. જ્યારે મહાપ્રલય થાય ત્યારે પણ પાછું ઊલટ થઈને પ્રાણાયામ બ્રહ્મમાં ભળી જાય. બ્રહ્મ જ્યારે કૈવલકર્તાની “પ્રકાશ બ્રહ્મવૃત્તિ” દ્વારા કર્તામાં પાછું ભળી જાય ત્યારે માત્ર એક કૈવલકર્તા અદ્વૈત સ્વરૂપે રહે છે. કુવેરસ્વામી પોતે સર્વના કારણરૂપ કૈવલકર્તાનું ગુરુપદ ધારણ કરીને સદાય સેવક ભાવે સમર્પિત થઈને ત્યાં જ રહે છે.

કૈવલકર્તાના પરસાસ (પ્રકાશ) રૂપ સોહંગ બ્રહ્મમાં તેમના પ્રતિબિંબ રૂપે જ પરમવિશેષ અંશ એવા દિવ્ય પરમગુરુનું ચૈતન સ્વરૂપ તત્ત્વોવાળા દેહને લીધે ન્યારું દૃષ્ટિગોચર થયું છે. તેથી જ તેઓ કૈવલ ગુરુ અને કુવેર શિષ્ય તરીકે વર્ણન કરી શક્યા છે. તે જ રીતે સર્વ અંશો પણ કર્મોની અંશ વૃત્તિના છે જે અંતમાં કર્તામાં સમાઈ જવાના અને છેલ્લે અંશ-અંશીનો કે ગુરુ-શિષ્યનો ભેદ પણ રહેવા પામતો નથી.

## (સાખી)

**ગુરુ મેરા નહીં ઘાટકા, મેં શિષ્ય નહીં તન કાઠ;**
**ચૈતનસુ ચૈતન મીલ્યા, દોનું અંશ અઘાટ. ૬**

### શબ્દાર્થ

**ગુરુ મેરા** = મારા ગુરુ **નહીં** = નથી **ઘાટકા** = સ્વરૂપવાળા **મેં** = હું **શિષ્ય** = સેવક **નહીં તન કાઠ** = શરીરના આકારે નથી **ચૈતનસુ** = પૂર્ણ ચૈતનમાં **ચૈતન** = ચૈતન પરમવિશેષ અંશરૂપ **મીલ્યા** = મળ્યા **દોનું** = બંને, અંશ અને અંશી **અંશ** = ચૈતન સ્વરૂપ **અઘાટ** = ઘાટથી રહિત.

### અનુવાદ

**મારા ગુરુ ઘાટવાળા નથી અને શિષ્યરૂપે હું પણ નાશવંત દેહ ધારી નથી. મહદ્ ચૈતનમાં ચૈતનનો મેળાપ થવાથી અંશ અને અંશી બન્ને ઘાટ રહિત બની એક અદ્વૈત સ્વરૂપે થાય છે.**

### ભાવાર્થ

કુવેરસ્વામી એ કૈવલકર્તાને ગુરુપદે સન્માનીત કર્યા છે. એવા સકર્તાપિત સર્જનહાર તત્ત્વાતીત છે. એટલે કે, તેમનું તત્ત્વોવાળુ સ્વરૂપ કે પાંચ દેહો પૈકીનો કોઈ દેહ નથી. વળી, શિષ્યભાવે રહેલા કૈવલવેત્તા પુરુષ પણ પરમ વિશેષ પાટવી અંશ સ્વરૂપે હોઈ તેમનું પણ રૂપવાળું સ્વરૂપ નથી. તેમ છતાં જ્યારે દ્વૈત સ્વરૂપે થયેલા બધા અંશો પાછા સર્જનહારના મહદ્ ચૈતનમાં ભળી જાય તો પછી કોઈ અંશનું પણ નિમિત્ત રહેતું નથી અને અસ્તિત્વ પણ રહેવા પામતું નથી. માત્ર એક અદ્વૈત સર્જનહાર પૂર્ણ ચૈતનરૂપે મહદ્ શૂન્યમાં જાણથી રહિત શૂન્યવત્ રહે છે.

**અંશ વંશ ઉપાસના, બાબજ ઓરલી બાત;**
**વસ્તુતામે વગ નહીં, સ્વયમ રૂપ સાક્ષાત. ૭**

### શબ્દાર્થ

**અંશ** = અંશના **વંશ** = વંશ, જેના જાણરૂપ છે તેવા કારણરૂપ અંશીની **ઉપાસના** = ભક્તિ

**બાબજ** = બાબત **ઓરલી** = અહીંની, આ બાજુની, મૃત્યુલોકની **બાત** = વાત, બાબત **વસ્તુતામે** = વસ્તુરૂપ, સાશ્વત ચૈતનસ્વરૂપમાં **વગ** = વર્ગ, તફાવત **નહીં** = નથી **સ્વયમ** = પોતે **રૂપ** = સ્વરૂપે **સાક્ષાત** = પોતે સ્વયં, પ્રત્યક્ષ હાજર.

## અનુવાદ

**અંશના કારણરૂપ અંશીની જ ઉપાસના શ્રેષ્ઠ છે. તે સિવાયની અન્ય ઉપાસનાઓ આ બાજુની છે. વસ્તુતા રૂપે ચૈતનસ્વરૂપમાં કોઈ પક્ષપાત નથી એવા કૈવલકર્તા પોતે સાક્ષાત્ નિજ સ્વરૂપે રહેલા છે.**

## ભાવાર્થ

સર્જનહારે પોતાની છઠ્ઠી ‘‘અંશવૃત્તિ’’ ઉત્પન્ન કરીને અગાઉ બનાવેલા સર્વ વિકસિત જડ ઘાટોમાં ચેતનતાના કારણરૂપે પોતાના સજાતિય અંશોને પ્રેરક કર્યા છે. એટલે અંશ અને કૈવલકર્તા અંશી બન્ને એક જ સજાતીય છે. એવા સકર્તાપતિ અંશીની અંશ ભાવે કરવામાં આવતી ઉપાસના વિશ્વમાં સર્વશ્રેષ્ઠ છે. બાકીના ઉપાસ્ય તો આ બાજુના સર્જનહારની નાશવંત રચના પૈકીના હોઈ તેમની ઉપાસના પણ નાશવંત કહેવાય. કૈવલકર્તા સ્વયં સાક્ષાત્ છે તેમના પૂર્ણ ચૈતન અદ્વૈત સ્વરૂપરૂપ વસ્તુતામાં કોઈ જાતનો સ્ત્રીલિંગ, પુંલિંગ કે નપુંસકલિંગ જેવો લિંગભેદ નથી અને સામાન્ય, વિશેષ અને પરમવિશેષ અંશોની જેમ વર્ગ પાડી શકાતો નથી. તેઓ સદાને માટે અદબદ પણે નિજ સ્વરૂપે રહેલા છે.

# અંગ ૫૨
# અદ્વૈતા દ્વૈત તીત લક્ષ દેખાવનકો

---

**કૈવલનો પરસાસ એહેવા ગુરુ, ત્મય મહારેને ગુરુને છે જ એહેવું;**
**ઉલટ ઉસાસ ગુરુ તેજ કૈવલ ભયે, શિષ્ય સ્વામી કહીયે ભિન્ન કહેવું. ૧**

### શબ્દાર્થ

**કૈવલનો** = કૈવલકર્તાનો **પરસાસ** = પ્રકાશનાં ૐકાર પ્રાણાયામથી પરે, પડછાયારૂપે **એહેવા** = એવા, તેવા, એના જેવા **ગુરુ** = ગુરુ **ત્મય** = તેમ **મહારેને ગુરુને** = મારે અને ગુરુને સાથે સંબંધે **છે જ એહેવું** = એવું જ છે, એ પ્રકારે જ છે **ઉલટ** = ઊલટો, પાછો વળતો **ઉસાસ** = પ્રાણાયામ **ગુરુ** = ગુરુ **તેજ** = તે જ **કૈવલ** = કૈવલકર્તામાં **ભયે** = ભળે, સમલિત થાય **શિષ્ય** = શિષ્ય, સેવક **સ્વામી** = સ્વામી, પતિ, ધણી **કહીયે** = કહેવામાં **ભિન્ન** = તફાવત, અલગ **કહેવું** = કેવો, કેવું.

### અનુવાદ

**ૐકાર બ્રહ્મપ્રકાશથી પરે કૈવલ ગુરુ છે. માટે મારેને ગુરુને પણ એવું જ છે. ઊલટ પ્રાણાયામ રૂપી ગુરુ જેમાં સમાય એ જ કૈવલકર્તા છે. પછી શિષ્ય અને સ્વામી કોને કહેવા ?**

### ભાવાર્થ

કુવેરસ્વામી શિષ્ય ભાવે કૈવલકર્તાનું ગુરુપદ ધારણ કરીને તેમની સેવા કરે છે. ૐ કાર પ્રાણાયામના મૂળ રૂપે રહેલા બ્રહ્મથી પરે રહેલું કૈવલગુરુનું શુદ્ધ સ્વરૂપ છે, અને સોહંગ કારની છાયારૂપ શિષ્યનું સ્વરૂપ છે. કૈવલકર્તા બ્રહ્મથી પરે રહેલા પરમપદ રૂપ કૈવલધામમાં બિરાજમાન રહે છે તેમ કુવેરસ્વામી પણ કર્તાની છત્ર છાયામાં કૈવલધામમાં રહે છે. જેમ કૈવલકર્તા અને કૈવલકર્તાની પરસાસનો સંબંધ રહેલો છે. તે મુજબ શિષ્ય રૂપ સોહંગ સાહેબ નામધારી કૈવલવેત્તા પુરુષ અને ગુરુ રૂપ કૈવલકર્તા વચ્ચે ગુરુ-શિષ્યનો ગાઢ સંબંધ છે. સોહંગ પ્રણવના મૂળ એવા બ્રહ્મને ઊલટાવીને જ્યારે કૈવલકર્તામાં સર્વ રચના સહિત અંશો પણ

તેમનામાં અંતે ભળી ગયા પછી શિષ્ય અને ગુરુનું પદ અલગ રહેતું નથી. વળી બન્ને પદો અલગ ન રહેતાં અદ્વૈત સ્વરૂપે થઈ જાય છે. પછી ગુરુ અને શિષ્યના ભેદ પણ દૂર થઈ માત્ર એક અખંડ કૈવલપદ સદાને માટે રહે છે.

**એક અદ્વૈત કૈવલ જાહારે રહ્યો, ના કહ્યો જાત આહાવો કે તેહેવો;**
**કે સરખો કહીયે તેજ કેહેવા નહીં, એ સરખો તો છે એજ એહેવો. ૨**

### શબ્દાર્થ

**એક** = એક **અદ્વૈત** = એક જ સ્વરૂપે, **કૈવલ** = કૈવલકર્તા **જાહારે રહ્યો** = જ્યારે રહ્યા હોય તો **ના કહ્યો** = કહી ન શકાય **જાત** = જાત, સ્વરૂપ **આહાવો કે તહેવો** = આવા છે કે તેવા છે **કે** = કોના **સરખો** = સરખામણી થાય તેવા **કહીયે** = કહેવા **તેજ** = તેજ **કેહેવા નહીં** = કહેવાપણું છે જ નહીં **એ સરખો** = તેમના જેવા જ **તો છે** = તો છે **એજ એહેવો** = એ જ એવા.

### અનુવાદ

**જ્યારે એક અદ્વૈત કૈવલ રહ્યા પછી તે કૈવલનું સ્વરૂપ આવું છે કે તેવું છે એમ કહી શકાય નહીં. કોના સરખા કહેવા તેવું કોઈ જ નથી. તેથી તેમની સરખામણીમાં તો તે જ એવા છે.**

### ભાવાર્થ

સંકલ્પ સમાતાં મહાપ્રલયકાળ વખતે જ્યારે સમગ્ર રચના વૃત્તિઓમાં ભળી જાય ત્યારે સમગ્ર બ્રહ્માંડની રચના રહેવા પામતી નથી. ત્રણેય પ્રકારના અંશો પણ અંશવૃત્તિમાં સમાઈ જાય, પછી ચૈતન અંશો પણ અલગ રહેતા નથી. છેલ્લે છ વૃત્તિઓ કૈવલકર્તા પોતાનામાં સમાવી દે છે. એટલે કે, કર્તાપણાનું જે બાહ્યહંગ હતું તે અંકુરરૂપે અંતરહંગમાં સમાવી દે છે. અને અંતરહંગને પોતાનામાં સમાવી દે છે પછી શૂન્યમાં માત્ર કૈવલનું પૂર્ણ ચૈતન શૂન્યવત્ જાણની માણ વગરનું સ્વરૂપ એકલું જ રહે છે. પછી કર્તાની કે સર્જનહારની પણ ઉપમા તેમને ઘટી ન શકે. આમ એક અદ્વૈત કૈવલ નિજ સ્વરૂપે રહે છે. તે વખતે કૈવલનું સ્વરૂપ આવું છે કે તેવું છે, તેવું કહી શકાય તેમ નથી. વળી, તે કૈવલને કોના સરખા કહેવા ? કારણ

કે તેમની સરખામણી કરવા જેવું અન્ય કોઈ ઉગરતું જ નથી. તો પછી તેમની કોની સાથે બરાબરી કરવી ? એટલે કે, તેમના જેવા તો તે પોતે કૈવલ એક જ છે.

**એક અદ્વૈત કહેવા ગુરુ જાંહાં લગી, તાંહાં લગી શિષ્ય શાખા સરાવે;**
**શિષ્ય શાખા ભયે લીન કૈવલમે, એક અદ્વૈત પદ કુણ કહાવે. ૩**

## શબ્દાર્થ

**એક અદ્વૈત** = એક અદ્વૈત **કહેવા** = કહેવા **ગુરુ** = ગુરુ **જાંહાં લગી** = જ્યાં સુધી **તાંહાં લગી** = ત્યાં સુધી **શિષ્ય શાખા સરાવે** = શિષ્યરૂપ શાખા કહેવાય, હોય **શિષ્ય શાખા** = શિષ્યરૂપ શાખા **ભયે લીન** = લીન થઈ જાય **કૈવલમે** = કૈવલકર્તામાં **એક અદ્વૈત પદ** = માત્ર એક જ પૂર્ણ પદ રહે તો **કુણ** = કોણ **કહાવે** = કહે.

## અનુવાદ

**એક અદ્વૈત પદ ત્યાં સુધી કહેવાય કે જ્યાં સુધી શિષ્ય રૂપ શાખા ગુરુથી ભિન્ન હોય, પરંતુ જ્યારે શિષ્યરૂપ શાખા કૈવલમાં ભળી જાય ત્યારે એક અદ્વૈત પદ રહે છે પણ તે કહે કોણ ?**

## ભાવાર્થ

જ્યાં સુધી શિષ્યરૂપ શાખા ગુરુથી ભિન્ન થઈને રહેલી હોય ત્યાં સુધી એક અદ્વૈતપદ રહ્યું તેમ કહી શકાય નહીં, પરંતુ જ્યારે શિષ્ય રૂપ શાખા કૈવલમાં ભળીને એકાકાર સ્વરૂપ થાય ત્યારે અન્ય કોઈ ઉગરતું જ નથી માત્ર એક અદ્વૈત પદ રૂપ કૈવલ પૂર્ણ ચૈતન સ્વરૂપે રહે છે તો પછી તે સમયે તેમને અદ્વૈત પદ તરીકે કોણ સરાહના કરે ? એવું કહેનાર કોણ રહ્યું ? અર્થાત્ એવું કહેનાર કોઈ રહેતું જ નથી.

**એક જાંહિ નહીં દ્વૈત કેથી કહે, કુણ કેહેને લહે આપ નાંહી;**
**વસ્તુની નાસ્તિ નહીં જાણ્ય જડતા ગઈ, પુરુષ તુરીયામાં લહેના કાંઈ. ૪**

### શબ્દાર્થ

**એક** = એક **જાંહિ નહીં** = સિવાય બીજું કોઈ છે જ નહીં તો **દ્વૈત** = જુદાપણું **કેથી** = કોનાથી **કહે** = કહેવાય **કુણ કહે** = કોણ કહે **ને** = અને **લહે** = જાણે **આપનાંહી** = પોતે નથી **વસ્તુની નાસ્તિ નહીં** = વસ્તુનો નાશ નથી **જાણ્ય** = જાણ્યપણાની **જડતા ગઈ** = જડતા દૂર થઈ **પુરુષ** = પુરુષ **તુરીયામાં** = તુર્યાવસ્થામાં **લહેનાં** = જાણીના શકે **કાંઈ** = કાંઈ પણ.

### અનુવાદ

**એક સિવાય બીજું કોઈ છે જ નહીં તો જુદાપણું કોનાથી કહી શકાય ? સ્વયં પોતે જ જાણમાં ન રહેતા હોવાથી કોને કહે ? અને કોને જાણે ? વસ્તુરૂપ દેહનો નાશ થતો નથી છતાં જેમ કોઈ પુરુષને તુર્યાવસ્થામાં તેને કાંઈ જાણપણું રહેતું નથી તેમ જ જાણની પણ માણ રહેતી નથી.**

### ભાવાર્થ

જેમ કોઈ પુરુષને તુર્યાવસ્થા વર્તમાન કરે ત્યારે તેને કોઈ પણ પ્રકારની જાણ્ય રહેવા પામતી નથી. તે પોતે તો દેહ સ્વરૂપે હાજર છે. આમ વસ્તુરૂપ દેહનો નાશ થતો નથી, પરંતુ તે પોતે પોતાની જાણ માણતો નથી. જાણપણા વગર પોતે શૂન્યવત્ત સ્થિતિમાં રહે છે. આ ઉદાહરણને માત્ર જાણ્યપણાના સંદર્ભમાં જ ન્યાયપૂર્ણ સમજવાનો છે કે મહાપ્રલય પછી સર્વ વૃત્તિઓ સર્જનહાર પોતાનામાં સમાવી દે છે. પછી તે પોતે તો ત્યાં હાજર રહે છે, પરંતુ જેમ પેલા પુરુષ તુર્યાવસ્થામાં જાણ્ય વગરનો રહે છે તે જ સ્થિતિમાં કૈવલ પણ શૂન્યવત્ જાણ વગરના રહે છે તેવી સ્થિતિમાં તે પોતાને પણ ન જાણે કે હું પોતે એક છું. એવું જાણવાપણું પણ તેમનામાં રહેતું નથી.

**આપની આદ્ય લઈ આંન્ય તેહને નહીં, પણ નહીં પુરુષની નાસ્તિ કેહેવા;**
**યેમ કૈવલ એકલપદ પ્રિછવું, ઈચ્છવું ના તાંહા ચોજ ગ્રેહેવા. ૫**

### શબ્દાર્થ

**આપની** = પોતાની **આદ્ય લઈ** = આદિથી લઈને **આંન્ય** = અન્ય કાંઈ **તેહેને નહીં** = તેમને નથી

**પણ** = છતાં પણ **નહીં** = નથી **પુરુષની** = પુરુષની **નાસ્તિ** = અંત, વિનાશ, નાશ **કેહેવા** = કહેવો **યેમ** = તે રીતે **કેવલ** = કૈવલ **એકલપદ** = એકલું જ પદ **પ્રિછવું** = જાણવું, સમજવું **ઈચ્છવું** = વિચારવું **ના** = ના **તાંહાં** = ત્યાં **ચોજ** = કોઈ પણ ચીજ, મુદ્દો, કૌતુક **ગ્રેહેવા** = લેવા, પકડવા.

## અનુવાદ

**તેમની પોતાની હયાતી સિવાય બીજું કશું જ નથી, પરંતુ પુરુષનો નાશ થયો કહેવાય નહીં. એ રીતે એકલમલ કૈવલનું પદ સમજવું. ત્યાં કોઈ પણ વસ્તુ ઈચ્છા કરવા કે પકડવા જેવી નથી.**

## ભાવાર્થ

કુવેરસ્વામી આ અતિગહન વિષયને વારંવાર એક યા બીજી રીતે સમજાવે છે કે મહાપ્રલયના અંતે કૈવલકર્તાએ છેલ્લે પોતાની છ વૃત્તિઓ પણ પોતાનામાં સમાવી દીધેલી હોય છે. ત્યારપછી તેમનામાં કશી પણ જાણ રહેવા પામતી નથી. તેમના પોતાપણાની કે આંન્ય કોઈ પણ પ્રકારની વૃત્તિઓની ઉપાધિ તેમને રહેતી નથી. કોઈ પણ પ્રકારની જાણ વગરના શૂન્યવત્ સ્થિતિમાં કૈવલ રહે છે. હવે તેમને કર્તાપદનું પણ સંબોધન કરી શકાય નહીં. કારણ કે, કોઈ પણ ઉત્પત્તિ જ ન રહી હોય તો ઉત્પત્તિનું કારણ પણ ના કહી શકાય. હવે કૈવલકર્તા નહીં પણ માત્ર કૈવલ પુરુષ તરીકે તેઓ રહે છે. તેમના પૂર્ણ ચૈતનના પુંજનો નાશ થતો નથી. આવું એકલમલ કૈવલનું પદ સમજવું. માત્ર શૂન્યમાં તેઓ એકલા જ પુરુષ જાણ વિનાના હોય છે. અન્ય કોઈ વસ્તુ ઈચ્છા કરવા કે પકડવા જેવી પણ રહેતી હોતી નથી.

## (સાખી)

**ગીતા આદ્ય એકાદશ, દુજા ગ્રંથ અપાર;**
**લક્ષ પક્ષ સહુને વિષે, કહી નહીં નિરધાર. ૯**

### શબ્દાર્થ

**ગીતા** = શ્રીકૃષ્ણ દ્વારા અર્જુનને આપવામાં આવેલ બોધના સંગ્રહનું પુરાતન જ્ઞાનથી ભરપૂર ધર્મ

પુસ્તક **આદ્ય** = સહતિ **એકાદશ** = અગિયાર **દુજા** = બીજા, અન્ય **ગ્રંથ** = ધર્મ પુસ્તકો **અપાર** = અનેક ઘણા છે **લક્ષ પક્ષ** = પોતાનો હેતુ અને અંગત સમજ **સહુને વિષે** = દરેકે દરેકને લગતું હોય છે પોતપોતાના વિષયને અનુલક્ષીને હોય છે **કહી નહીં** = કોઈ કહી શકતા નથી **નિરધાર** = નિર્ણયાત્મક રીતે, નિશ્ચયતાપૂર્વક.

## અનુવાદ

**ગીતાની આદ્ય લઈ અગિયાર સ્કંધવાળું ભાગવત અને અન્ય અપાર ગ્રંથો છે, જેમાં પોતપોતાના લક્ષનો જ પક્ષ દર્શાવેલો છે. જેથી કરીને બધા એક સર્વ સંમતિવાળા નિર્ણય કરીને કહી શકતા નથી.**

## ભાવાર્થ

મહાભારતની રણભૂમિમાં જ્ઞાનના બોધ અંગે ઉચ્ચારાયેલા શ્રીકૃષ્ણના વચનો અર્જુનને કહેવામાં આવેલા તેનો સંગ્રહનું જ્ઞાનથી ભરપૂર ધર્મગ્રંથ "ગીતા" તેમજ નારદમુનિના આદેશ મુજબ સત્તર પુરાણોના સારરૂપે વ્યાસજી દ્વારા બનાવવામાં આવેલ અગિયાર સ્કંધવાળા અઢારમાં પુરાણ એવા "ભાગવત" સહિત ઘણા બધા ધર્મપુસ્તકો જ્ઞાનમાર્ગમાં ઉપલબ્ધ છે, પરંતુ દરેકે દરેક પુસ્તકોમાં પોતપોતાના હેતુ અને અંગત સમજના નિચોડ મુજબ જ્ઞાનનો સંગ્રહ જોવા મળે છે, પરંતુ કોઈ એક નિશ્ચિત નિર્ણયાત્મક સત્ય વસ્તુતાનો અભાવ જણાય છે. એટલે કે દરેકે-દરેક ધર્મ પુસ્તકોમાં તેના નિચોડસમા એક સર્વ સંમતિવાળો નિર્ણય કરીને કોઈએ બતાવેલ નથી. તે સર્વમાં પક્ષપાતી લક્ષનું વર્ણન કરવામાં આવેલું છે. પક્ષાપક્ષથી રહિત જે અગમ અને અગોચર વસ્તુરૂપ અંશ-અંશીના મુદ્દાને કોઈએ કહ્યો નથી, કે તે અંગેની સર્વ સંમતિ પણ સાધી શક્યા નથી.

**જે જેહેની ઉપાસના, તે તેહનું વરણાંમ;**
**હદ પામી અનહદ્ વિષે, પામ્યા પંથ વિરામ. ૭**

### શબ્દાર્થ

**જે** = જે **જેહેની** = જેઓની **ઉપાસના** = ઉપાસન, ઉપાસ્યને કરવામાં આવતી સ્તુતિ, વંદના, પ્રાર્થના, ભક્તિ વગેરે **તે** = તે મુજબ **તેહનું** = તેઓનું **વરણાંમ** = વર્ણન કરેલું છે **હદ પામી** =

હદને પામીને, માપકની મર્યાદાવાળા **અનહદ્** = અમાપ, વ્યાપક, હદથી પાર રહેલા **વિષે** = અંગે **પામ્યા** = પામીને, દર્શાવીને, જાણીને **પંથ વિરામ** = જ્ઞાનમાર્ગમાં, વિરામ પામ્યા, અટકી ગયા છે.

## અનુવાદ

**જે કોઈ જેની ઉપાસના કરે તેઓ એ તેનું જ વર્ણન કરેલું છે. હદવાળાને અનહદ માનીને ત્યાં જ અટકી ગયા છે.**

## ભાવાર્થ

જે જે જિજ્ઞાસુ અને મુમુક્ષુ જીવો એ જેની મહત્તા દેખી તેની ઐશ્વર્યતામાં અંજાઈ ગયા અને તેમનું જ ઈષ્ટદેવ તરીકે સ્થાપન કરીને ઉપાસના, ભક્તિ કરવા લાગ્યા. તેમજ જ્ઞાનોપદેશ પણ તેવા ઈષ્ટદેવોનો જ કરવા લાગ્યા. વળી જેણે પંચભૌતિક સ્થૂળદેહ ધારણ કરેલ છે એવા મહાપુરુષોની માપકતાને ભૂલીને વ્યાપકપદ તરીકે ગાથા ગાવા લાગ્યા. સત્ય વસ્તુતાને યથાર્થ સ્વરૂપે સમજયા વિના ધર્માચાર્યોએ સ્થાપેલા મતપંથોમાં અનુયાયી વર્ગ પૂર્ણ શ્રદ્ધાથી આચરણ કરવા લાગ્યા. જે કોઈ સમજ ઉપલબ્ધ છે તેમાં જ સંતોષ અનુભવીને ત્યાં જ અટકી ગયા, પરંતુ સારરૂપ સત્ય અને શ્રેષ્ઠ મુદ્દાની શોધ કરવાનો પણ વિચાર કર્યો નહીં.

# હંસતાલેવા ગ્રંથની સાખીઓ

## નામરૂપ નિરગુણ લગે, વગે વિલાસીત વાણ;
## સકલ શાસ્ત્ર તામે રમે, તા પર તે નિરવાણ. ૧

### શબ્દાર્થ

**નામ** = નામ, સંજ્ઞા **રૂપ** = સ્વરૂપ, રૂપ, આકાર **નિરગુણ** = નિર્ગુણ, ગુણથી રહિત છે **લગે** = લાગતા વળગતા, ઠેકાણે, લાગે, દર્શાવે **વગે** = જણાય, દેખાય **વિલાસીત** = વિલાસયુક્ત, આનંદપૂર્વકની **વાણ** = વાણી **સકલ** = બધા **શાસ્ત્ર** = છ દર્શન, છ શાસ્ત્રો **તામે** = તેમાં જ **રમે** = રમણ કરે છે **તા પર** = તેની ઉપર, પરે **તે** = તે **નિરવાણ** = નિર્વાણપદ, વાણીથી દર્શાવાય નહીં તેવું, જ્યાં વાણી પહોંચતી નથી તેવું.

### અનુવાદ

**નામ, રૂપ અને ત્રણ ગુણ તથા નિર્ગુણબ્રહ્મ સુધી વાણીનો વિલાસ પહોચે છે. વળી બધા શાસ્ત્રો પણ તેમાં જ રમણ કરે છે, પરંતુ તેનાથી પણ પરે નિર્વાણપદ રહેલું છે.**

### ભાવાર્થ

નામ, રૂપ તેમજ રજોગુણ, તમોગુણ અને સતોગુણ વાળી સગુણ રચના તથા નિર્ગુણ બ્રહ્મ સુધી વાણીનો વિલાસ પહોંચે છે. એટલે કે, સર્જનહારે જે કાંઈ નાશવંત રચનાઓ રચી છે તે સર્વ રચના નામ, રૂપ અને ગુણયુક્ત છે. જેનો વાણી થકી વર્ણન થઈ શકે છે. ત્યાં સુધી વાણી પહોંચી પણ શકે છે. જ્ઞાની પુરુષો દ્વારા ચાર વેદના દોહન પછી બનાવવામાં આવેલા છ શાસ્ત્રો પણ જ્ઞાન પક્ષે જોતાં જ્યાં સુધી વાણી પહોંચી ત્યાં સુધીના જ પદોનું વર્ણન કરીને તેમાં રચ્યા-પચ્યા રહ્યા છે અને તેની જ હદમાં રમણ કરે છે, પરંતુ જે પદ વાણીથી પરે રહેલું છે, એવા નિર્વાણપદ કોઈનીય જાણમાં આવ્યું નથી. વળી તે નિર્વાણપદ વાણીથી પરે હોઈ વાણીમાં આવી શકે તેમ નથી.

**જે હરિ અક્ષર તે લીખ્યા, કુરાન પુરાનકી માંય;**
**સોહી ચલક ચેષ્ટા સબે, યેન રહ્યો નિધ્ય સાંય. ૨**

### શબ્દાર્થ

**જે** = જે અંગેના, જેના માટે **હરિ** = ભગવાન, પરમેશ્વર માટે **અક્ષર** = લખાણ, વિવરણ **તે લીખ્યા** = તેમાં લખવામાં આવેલ છે, તેમાં દર્શાવવામાં આવ્યા છે **કુરાન** = મુસલમાનનું ધર્મપુસ્તક **પુરાનકી** = અઢાર પુરાણોની **માંય** = માંય, અંદર, માં **સોહી** = તે સર્વ લખાણ **ચલક** = ચળકાટ, ચમત્કાર, હલનચલન કરવાવાળા **ચેષ્ટા** = હાવભાવ, અવતાર, ધારણ કરીને કરવામાં આવેલ લીલા **સબે** = બધાયે, સર્વ **યેન** = ઘર, ઠેકાણું, ઠામ **રહ્યો** = રહ્યો **નિધ્ય** = બ્રહ્મ **સાંય** = તે ભગવાનોનું, તેઓનું.

### અનુવાદ

**કુરાન અને પુરાણોની અંદર જે ભગવાનોની લીલાઓ દર્શાવવામાં આવી છે, તે સર્વ હલન-ચલનવાળા અવતારાદિકોની છે, કે જેઓનાં ઠામ બ્રહ્મ છે.**

### ભાવાર્થ

મુસલમાનોના ધર્મ પુસ્તક કુરાનમાં અને હિંદુઓનાં અઢાર પુરાણો સહિતના ધર્મ પુસ્તકોમાં જે જે ભગવાનોના સ્વરૂપ અને મહાપુરુષોની લીલાઓ દર્શાવવામાં આવી છે, તે સર્વ નામ, રૂપ અને ગુણવાળા શબ્દોની માયાજાળ છે. એવા સર્વ દેહધારી મહાપુરુષોએ બ્રહ્મરૂપ ભૂમિકામાં જ નિવાસ કરેલો છે. પોતાની ઐશ્વર્યતાથી સામાન્ય જીવોને આકર્ષીને ચમત્કારોના ચળકાટમાં અંજાવી દીધા છે. વળી તેમના માટે જે કોઈ વાણીનો ઉપયોગ થયેલો છે તે સર્વ અક્ષરોનું મૂળ પ્રણવ છે, તે પણ બ્રહ્મની જ ઉત્પત્તિ છે. વળી અંતરિક્ષમાં આવેલા આવા અવતારાદિક મહાપુરુષોના ધામો અને અન્ય તબકો પણ બ્રહ્મમાંજ રહેલા છે. આમ, બ્રહ્મ સર્વના કારણરૂપે છે તેમ દર્શાવેલું છે અને બ્રહ્મને સર્વોપરી પદ તરીકે સ્થાપન કરેલું છે.

**નિધ ચલકિત ઈત સામ્રથ, લીના દશ અવતાર;**
**ચૌદ કલાભી આદ્ય લ્યૌ, વિશ્વ સહિત વિસ્તાર. ૩**

### શબ્દાર્થ

**નિધ** = દરિયો, સમુદ્રરૂપ બ્રહ્મ **ચલક્તિ** = ચલકવું, ક્રિયા થવી, ચળકાટ, ચમત્કાર, પ્રકાશ **ઈત** = આ બાજુના, અહીંના, તેઓના **સામ્રથ** = સામર્થ્યતાવાળા, સમર્થ **લીના** = લીધા **દશ અવતાર** = દશ અવતારો **ચૌદ કલાભી** = ચૌદ કળાવાળા વિષ્ણુ **આદ્ય લ્યૌ** = સહિત, સુધીના **વિશ્વ** = જગત વિશ્વ **સહિત** = સાથે, સહિત **વિસ્તાર** = વિસ્તરવું, ફેલાવો થયેલ.

### અનુવાદ

**મહાનિધિ બ્રહ્મના ચળકાટ દ્વારા આ બાજુના ચૌદકળા યુક્ત વિષ્ણુના સામર્થ્યતાવાળા દશ અવતારોની આદ્ય લઈ સમસ્ત વિશ્વનો વિસ્તાર થયેલો છે.**

### ભાવાર્થ

મહાનિધિ બ્રહ્મના હિરણગર્ભિત બ્રહ્મભૂમિકામાં સમગ્ર સર્જનહારની રચનાનો ફેલાવો થયેલો છે. અઠ્ઠાવીસ તબક પૈકી મહીમંડ ઈંડમાં અંતરિક્ષના ચૌદલોક અને પેટાળના ચૌદલોક સહિત સમગ્ર વૈરાટની રચનાનો સમાવેશ થાય છે. તેમજ આ બાજુના ઐશ્વર્યવાન ચૌદકળાયુક્ત વિષ્ણુના સામર્થ્યતાવાળા દશ અવતારોની ઉત્પતિ પણ આ બ્રહ્મમાં જ થયેલી છે.

**ઈત ચલક્તિ નિધ દ્વે નહીં, એકમેક મલતાન;**
**તાતે તે તેહેની કહે, આપ સહિત પતિ જાણ. ૪**

### શબ્દાર્થ

**ઈત** = આ બાજુની **ચલક્તિ** = ચલકતાવાળી, ઉત્પત્તિ, ઝગઝગારો **નિધ** = બ્રહ્મ **દ્વે** = બે **નહીં** = નથી **એકમેક** = એકમેક, પરસ્પર, અરસ-પરસ **મલતાન** = મળેલાં સંમિલિત થયેલાં **તાતે** = તેથી **તે** = તે **તેહેની** = તે અંગેની, તેમની **કહે** = કહે છે **આપ** = પોતાના **સહિત** = સાથે **પતિ** = પતિ, ઈશ્વર, માલિક **જાણ** = જાણ, ખબર, માહિતી, સમજ.

### અનુવાદ

**આ બાજુની ઉત્પત્તિ અને બ્રહ્મ જુદા નથી. બન્ને એક-મેક મળેલાં છે.**

**પોતાના સહિત પતિની જાણના અભાવે તેમને બ્રહ્મનું જ વર્ણન કર્યું છે.**

## ભાવાર્થ

બ્રહ્મ સિદ્ધાંતવાળા અહીંનાં ચૌદલોક સહિતની સર્વ ઉત્પત્તિ અને બ્રહ્મ એમ બે જુદા નથી, પરંતુ બધું એક-મેક હોઈ સર્વ સંમિલિત થયેલાં છે, તેમ માને છે. વિશ્વમાં થયેલ દશ અવતારો સહિતના સર્વજ્ઞાની મહાપુરુષો પોતાની જાતને બ્રહ્મદર્શી, બ્રહ્મવેતા, બ્રહ્મજ્ઞાની કે બ્રહ્મમય પુરુષો સમજી પોતાના સ્વરૂપનું પ્રતિપાદન અલગ-અલગ ન કરતાં બધું એક-મેક સમજાવીને પોતાનું સ્થાપન "અહં બ્રહ્મ અસ્મિ" તરીકે દર્શાવ્યું છે. પોતાના સહિત પતિની સાચી જાણના અભાવે પોતે જ આ જગતના માલિક છે અને બ્રહ્મથી પરે કોઈ જ નથી, પરંતુ તેઓ જ સર્વસર્વા બ્રહ્મરૂપ છે. તેવું જગતને જણાવે છે. બ્રહ્મમાંથી બધું આપોઆપ સહેજાસહજ ઉત્પન્ન થયું છે એમ જણાવી બ્રહ્મ જ સર્વના કારણરૂપ છે તેમ માહિતી દર્શાવે છે.

**ભર્મ નહીં ભાષા મહી, સકલ ચોજ સમજાય;**
**જો જાને જેસી કહી, તો પદ પરમ પસાય. ૫**

### શબ્દાર્થ

**ભર્મ** = ભ્રમણા, ભ્રમ **નહીં** = નહીં નથી **ભાષા મહી** = ભાષામાં **સકલ** = બધી સર્વ **ચોજ** = યુક્તિ, કૌતુક, મુદ્દો, નવલતા **સમજાય** = સમજણ પડે તે રીતે, સમજવામાં આવે, સમજાય **જો** = જે વ્યક્તિ **જાને** = જાણે **જેસી કહી** = જેવી કહી તેવી વાત રજૂ કરે, જ્ઞાન કથે **તો** = તો **પદ પરમ** = પરમપદ **પસાય** = કૃપા, મહેરબાની, બક્ષિશ, પ્રાપ્ત થાય.

## અનુવાદ

**જ્યાં સુધી યથાર્થ રીતે જ્ઞાનનો મુદ્દો ન સમજાય ત્યાં સુધી ભાષામાં કોઈ ભ્રમણા રાખવી નહીં. વળી જે વાત રજૂ કરી તે બરાબર સમજાય તો નિશ્ચિત પણે પરમપદ પ્રાપ્ત થાય.**

## ભાવાર્થ

દરેક ભાષામાં પ્રાકૃત ભાષા જે તે ભાષાના મૂળ સ્વરૂપે રહેલી છે. વળી જ્યાં સુધી યથાર્થ રીતે જ્ઞાનનો મુદ્દો ન સમજાય ત્યાં સુધી ભાષામાં કોઈ જાતની ભ્રમણા રાખવી જોઈએ નહીં. જે ભાષામાં દરેક બાબતનું વર્ણન સીધે સીધું વ્યાવહારિક શબ્દોમાં કહી દેવામાં આવે અને કોઈ શબ્દના અર્થનો અનર્થ થતો નથી કે કોઈ જાતના દ્વિઅર્થી વિચાર ઊભા થવાની શક્યતા રહેતી નથી, તેવી જ ભાષા યોગ્ય ભાષા કહેવાય. એવી પ્રાકૃત ભાષામાં જ કુવેરસ્વામીએ અંશ-અંશીના જ્ઞાનને દર્શાવ્યું છે. તેને યથાર્થ રીતે માનવ સમજીને અનુભવમાં ઉતારે તો તેવા જિજ્ઞાસુ જીવો ઉપર તેઓ કૃપા જરૂર કરે છે. જેથી તેવા મુમુક્ષુજનો પરમપદ પ્રાપ્ત કરી શકે છે. એટલે કે, કુવેરસ્વામીની કૃપા થકી પ્રાકૃતભાષામાં દર્શાવેલા કૈવલજ્ઞાન સમજી, તેમાં દર્શાવ્યા મુજબના નિતિ-નિયમોને અનુસરીને માનવી વૈરાગી જીવન જીવે તો પરમપદની પ્રાપ્તિ સહેલાઈથી કરી શકે છે.

**કચવું બોલે કયા ભયો, સંસ્કૃત અનુસાર;**
**જેતી વાણી વાંકડી, વસ્તુમાંહી વિકાર. ૬**

### શબ્દાર્થ

**કચવું** = સફાઈ વિનાનું, ભેળસેળ, ગડબડિયું **બોલે** = બાલે, વદે, ઉચ્ચારે **કયા** = શું **ભયો** = થયું **સંસ્કૃત** = સંસ્કૃતભાષા **અનુસાર** = મુજબ, પ્રમાણે **જેતી** = જેટલી **વાણી** = ભાષા, ઉચ્ચાર **વાંકડી** = વાંકી-ચૂંકી, અસ્પષ્ટ, સરળ નહીં તેવી **વસ્તુમાંહી** = વસ્તુતા રૂપ સત્ય સમજવામાં **વિકાર** = અસલ સ્થિતિમાં થતો ફેરફાર, પરિવર્તન, અસ્પષ્ટ, અલગ, પરિણામ, વિકૃતિ.

## અનુવાદ

**સંસ્કૃત ભાષા પ્રમાણે ગડબડિયું બોલવાથી શું? તેમાં જેટલી અસ્પષ્ટતા તેટલી જ સત્ય વસ્તુની સમજમાં વિકાર રહી જાય છે.**

## ભાવાર્થ

વ્યવહારમાં સંસ્કૃત ભાષાને દેવવાણી સમજીને તેને ઉચ્ચ કક્ષાની ભાષા

ગણવામાં આવે છે, પરંતુ આ ભાષા વ્યાકરણ યુક્ત હોવાથી ઘણી જ અટપટી ભાષા હોઈ અનેક ગડબડ ઊભી કરે તેવી છે. તે ભાષા સરળ રીતે સમજાય તેવી શુદ્ધ નથી. વળી ભાષાની અસ્પષ્ટતા અને અણસમજને લીધે દ્વિઅર્થી સમજ પ્રાપ્ત થવાથી ઘણી વખત સત્ય વસ્તુ સ્પષ્ટપણે ન સમજાય અને તેમાં વિકાર રહી જવાની પૂર્ણ શકયતાઓ છે.

**સુધ વિના સમજાય નહીં. છેક સિદ્ધાંતનો અર્થ;**
**જો ના માનો તો જુવો, ટીકા સેતી ગ્રંથ. ૭**

### શબ્દાર્થ

**સુધ** = શુદ્ધ, સ્પષ્ટ **વિના** = વગર **સમજાય** = સમજણમાં આવે, સમજી શકાય **નહીં** = નહીં **છેક** = અંતે, મૂળ, છેવટ **સિદ્ધાંતનો** = પ્રતિપાદિત કરેલ ન્યાય, મતનો **અર્થ** = અર્થ, **જોના માનો તો** = તમે જો આ ના માનતા હોય તો **જુવો** = જુઓ, નિહાળો **ટીકા સેતી ગ્રંથ** = ટીકા કરેલો ગ્રંથ, ધર્મ પુસ્તક.

### અનુવાદ

**શુદ્ધતા વિના મૂળ સિદ્ધાંતનો અર્થ સમજી શકાતો નથી. તમે જો આ ન માનતા હો તો ટીકા કરેલા ગ્રંથને વાંચો.**

### ભાવાર્થ

વ્યાકરણયુક્ત ભાષાની શુદ્ધતા સિવાય સિદ્ધાંતમાં રહેલા મૂળ રહસ્યને અને તેમાં કહેવામાં આવેલા ગૂઢાર્થને સમજી શકાતો નથી અથવા તો તેને સમજવામાં ખૂબ જ તકલીફ પડતી હોય છે. વસ્તુની સત્યતાને સમજવા માટે અને સંપૂર્ણ ખાતરી થાય તે માટે ટીકાવાળા ગ્રંથોનો અભ્યાસ કરવાથી આ વાતની વધુ સ્પષ્ટતા થાય છે.

**તે માટે મેં ના કથ્યો, વંક અંકનો વાદ;**
**કૈવલ વસ્તુતા વદી, અલગ કરી અપવાદ. ૮**

### શબ્દાર્થ

**તે માટે** = તે માટે જ, એટલા માટે જ **મેં** = મેં **ના કથ્યો** = ઉચ્ચાર કર્યા નથી **વંક** = વાંકા, અટપટા **અંકનો** = ભાષાનો, શબ્દોનો **વાદ** = વાદ-વિવાદ **કૈવલ વસ્તુતા વદી** = કૈવલકર્તા રૂપ વસ્તુનું વર્ણન કરીને, કહીને **અલગ** = અલગ, જુદી **કરી** = કરી **અપવાદ** = મિથ્યાવાદ, વિરોધ, પ્રતિવાદી, આક્ષેપનું ખંડન, સામાન્ય નિયમમાં બાધ.

### અનુવાદ

**એટલા માટે મેં અટપટી વાણી વદી નથી અને અપવાદને અલગ કરી કૈવલ વસ્તુતાનું વર્ણન કર્યું છે.**

### ભાવાર્થ

એટલા માટે જ કુવેરસ્વામીએ સ્થાપિત સકર્તા સિદ્ધાંતને પ્રતિપાદિત કરતા કૈવલજ્ઞાનથી ભરપૂર ધર્મગ્રંથોની રચનામાં વ્યાકરણયુક્ત અટપટીવાણીનો જરાપણ ઉપયોગ કર્યો નથી. માત્ર વ્યવહારુ અને સરળ સ્પષ્ટ પ્રાકૃત ભાષામાં જ ગ્રંથોનું નિર્માણ કરેલું છે. પ્રતિવાદિના મિથ્યા આક્ષેપોનું ખંડન કરવા માટે જ એકમાત્ર સત્ય મુદ્દારૂપ કૈવલકર્તાના પરમપદનું સ્થાપન કરીને સરળ ભાષામાં અંશ-અંશીના લક્ષનું વર્ણન કર્યું છે.

**હંસતાલેવા ગ્રંથ એહ, તત્ત્વ દરસને તેહ;**
**અદ્‌ભુત પદ સદ પામવા, સીડી સનમુખ એહ. ૯**

### શબ્દાર્થ

**હંસતા લેવા ગ્રંથ** = ગ્રંથનું નામ જે "હંસતાલેવા ગ્રંથ" આપ્યું છે તેવા ગ્રંથમાં **એહ** = એ **તત્ત્વદરસને** = તત્ત્વોનાં દર્શન, તત્ત્વોની ઊંડી સમજ બતાવતો **તેહ** = છે **અદ્‌ભુત** = આશ્ચર્યજનક, અદ્‌ભુત **પદ** = પદ **સદ** = સદાને માટે **પામવા** = પ્રાપ્ત કરવા **સીડી** = સીડી, નિસરણી **સનમુખ** = પ્રત્યક્ષ **એહ** = છે.

### અનુવાદ

**આ "હંસતાલેવા" ગ્રંથ તત્ત્વ દર્શન કરાવનાર ગ્રંથ છે. આ ગ્રંથ પ્રત્યક્ષરૂપે**

**અદ્‌ભુત એવા પરમપદ પામવા માટેની નિસરણી સમાન છે.**

## ભાવાર્થ

કુવેરસ્વામી આ "હંસતાલેવા" ગ્રંથનું નિર્માણ તત્ત્વોનો ભાગ-ત્યાગ કરીને સત્ય વસ્તુતા રૂપ અંશ અને અંશીનું સ્થાપન કરવા માટે કરેલું છે. તેમાં દર્શાવેલા સરળ અને સ્પષ્ટ વાણીને એક ચિત્તે સમજવાથી તે એક એવી પ્રત્યક્ષ નિસરણી સમાન છે કે અંશ સદેહે અદ્‌ભુત પરમપદની અનુભૂતિ કરીને પ્રત્યક્ષ રૂપે તે અંશીના પરમપદ સુધી પહોંચી શકે છે.

**કાવ્ય નહીં કવિતા નહીં, નહીં ગુણ ગ્રહેવા જ્ઞાન;**
**પરમ અંશ પતિ પરમકો, કાઢુ પોત નિદાન. ૧૦**

## શબ્દાર્થ

**કાવ્ય** = પદ્ય સ્વરૂપે, અલંકાર યુક્ત રચના **નહીં** = નથી **કવિતા** = રસની લહાણી કરના પદ્ય રચના, જેમાં ગીત, વીરક અને નાટ્યનો અંતર્ભાવ પ્રેરિત કરેલો હોય **નહીં** = નથી **નહીં** = નથી **ગુણ** = પ્રકૃતિના ત્રણ ધર્મ સત્ત્વ, રજ અને તમો **ગ્રહેવા** = પ્રાપ્ત કરવા, પકડવા **જ્ઞાન** = જ્ઞાન, સમજ, વૃતાંત **પરમ અંશ** = શ્રેષ્ઠ અંશ, કર્તાની જાણરૂપ શ્રેષ્ઠ ચૈતનતત્ત્વ **પતિ** = સર્જનહાર પતિ, સ્વામી, પરમેશ્વર **પરમકો** = પરમપદના **કાઢુ** = દર્શાવું, બતાવું, અલગ કરીને મુકવું **પોત** = સ્વરૂપ **નિદાન** = નિવેડો, ફેંસલો, નિર્ણય કરીને

## અનુવાદ

**આ ગ્રંથ કાવ્ય કે કવિતા નથી કે ગુણને ગ્રહણ કરનાર વૃતાંત નથી, પરંતુ પરમપતિ રૂપ અંશી અને શ્રેષ્ઠ અંશના સ્વરૂપનો નિવેડો કરીને અલગ તારવી આપું છું.**

## ભાવાર્થ

આ "હંસતાલેવા" ગ્રંથ કોઈ કાવ્ય નથી, કવિતા નથી કે ગુણની ઉપાસના કરીને તેમને પ્રાપ્ત કરવા માટેનું જ્ઞાન પણ નથી. આ ગ્રંથમાં કુવેરસ્વામીએ

કૈવલકર્તાની સજાતિય સજાણજાણ સ્વરૂપ ચૈતન અંશને દેહમાં રહેલા જડ તત્ત્વોના સમૂહનો ભાગ-ત્યાગ કરીને સૈદ્ધાંતિક રીતે નિર્ણય કરીને અલગ તારવીને બતાવેલ છે. કારણ કે, કરોડો કલ્પોથી શુદ્ધ અણિ અગ્ર સ્વરૂપે અંકુરિત થઈને કૈવલધામમાંથી બ્રહ્માંડમાં આવેલો અંશ પ્રણવ અને છ દેહોના આવરણોથી દેહોસ્મિ બની જઈ પોતાને દેહમય માણે છે. તેવા આવરણોને તત્ત્વોની ગતિથી અલગ દર્શાવીને તેનો ભાગ-ત્યાગ કરીને અંશને પાછા પોતાના સ્વ-સ્વરૂપે જુદો તારવે છે. વળી બ્રહ્માંડથી પર રહેલા સજાણ સર્જનહાર અને સર્વના કારણરૂપે રહેલા અંશીના પરમપદ ને પણ ન્યાયપૂર્ણ પ્રસ્થાપિત કરે છે.

આવા પરોપકારી કાર્ય માટે જ સર્જનહારે તેમને આ વિશ્વમાં મોકલ્યા છે.

**કાઢનવાલા કવન હે, કુન કવનકો પોત;**
**અદ્વૈતે દ્વૈતા કસી, કહો મેં કુણ ઉદ્યોત. ૧૧**

### શબ્દાર્થ

**કાઢનવાલા** = દૂર કરવાવાળા, અલગ તારવવાવાળા **કવન હે** = કેવા સ્વરૂપને દૂર કરે છે **કુન** = કોણ **કવનકો** = દૂર થનાર સ્વરૂપનું **પોત** = મૂળ, ઉત્પત્તિ **અદ્વૈતે** = અદ્વૈત કૈવલે **દ્વૈતા** = દ્વૈત થઈ, અંશ સ્વરૂપે જુદાપણું થઈ **કસી** = કર્યું છે કસીને, તપાસીને, થઈને **કહોમેં** = કહો કે હું **કુણ** = કોનું, કોનો **ઉદ્યોત** = જ્ઞાન જણાવું છું, પ્રકાશ કરું છું.

### અનુવાદ

**દૂર કરવાવાળા કેવા સ્વરૂપને દૂર કરે ? અને દૂર થનારનું મૂળ શું ? અદ્વૈત સ્વરૂપ દ્વૈત થયું છે તો પછી કહો કે હું કોનું જ્ઞાન જણાવું ?**

### ભાવાર્થ

દેહમાં આવરણોથી ઢંકાયેલા સત્ત્વ વસ્તુતારૂપે અંશનું શુદ્ધ સ્વરૂપ છે. તેને લાગેલા આવરણો દૂર કરવાવાળા ગુરુઓમાં શ્રેષ્ઠ એવા પરમગુરુ છે. તેઓ અંશને શુદ્ધ સ્વરૂપે કરીને અલગ દર્શાવે છે. વસ્તુતા સ્વરૂપે તારવીને અલગ કરેલા અંશના મૂળ રૂપે પરમપિતા કૈવલ છે. જેઓ એક શૂન્યવત્ અદ્વૈત

સ્વરૂપે રહેતા હતા, પરંતુ જ્યારે તેમણે સજાણપણું થયું ત્યારે તેમણે સમગ્ર રચનાનો પસારો કર્યો અને છેલ્લે પોતાના સજાતિય જાણ સ્વરૂપ ચૈતન અંશને દરેક ઘાટોમાં પ્રેરક કર્યા. તેવા મહાન પરમપિતાનો લક્ષ આપતું કૈવલજ્ઞાન કુવેરસ્વામી વિશ્વમાં જણાવે છે.

**મહાદ અંશ મહારાજ કે, જનીત ભિન્ન રહી ભલ;**
**તેહી જનીતકે જાનન, સો આપે કૈવલ. ૧૨**

## શબ્દાર્થ

**મહાદ** = પરમ વિશેષ, મહાન **અંશ** = અંશ **મહારાજકે** = મહારાજનો **જનીત** = જનિત, પેદા કરેલું, ઉત્પન્ન કરેલું **ભિન્ન** = જુદું, તફાવતવાળું, અલગ **રહી** = રહીને **ભલ** = નિરૂપણ, ભવથી તદ્દન જુદું **તેહી** = તે **જનીતકે** = પેદા કરવાવાળાને **જાનન** = જાણનાર **સો** = તે **આપે** = પોતે જ **કૈવલ** = કૈવલ છે.

## અનુવાદ

**જેને દુનિયા મહારાજ કહે છે તેવા પરમ વિશેષ અંશ માટેનો દેહ ભવથી ભિન્ન પેદા કરેલો છે. તે પેદા કરવાવાળાને હું જાણું છું તે ખુદ પોતે જ કૈવલ છે.**

## ભાવાર્થ

જ્યારે કર્તાના પરમવિશેષ પાટવી અંશ બાલસ્વરૂપે પ્રગટ થયેલા ત્યારબાદ બાલ્યાવસ્થામાં તેઓ "કુવેર" તરીકે ઓળખાતા હતા. પછી જેમ જેમ ગ્રંથોની રચના થઈ તેમ તેમ તેઓ પોતાની ઓળખાણ કરાવતા ગયા તેમ તેમ અનુયાયી વર્ગ તેમને કૈવલવેત્તા, ભવભીડભંજન, પરમગુરુ, સોહંગસાહેબ, કરુણાસાગર મહારાજ વિગેરે વિગેરે સંબોધનોથી ઓળખવા લાગ્યા. પૂજ્ય નારણદાસ મહારાજશ્રીએ પણ તેમને મહારાજાધિરાજનું સંબોધન ઘણી જગ્યાએ કરેલું છે. આ રીતે સમાજમાં મહારાજ તરીકે ઓળખાતા કુવેરસ્વામીનો દિવ્યદેહ સંસારના નીતિ-નિયમોથી અલગ કૈવલકર્તાએ નિરંજન તત્ત્વનો પુરુષાતનવાળો તૈયાર કરાવેલો છે. એવા પરમ

વિશેષ પાટવી અંશ કૈવલધામમાંથી નીકળી સીધા અંતરિક્ષમાં તેમને યોગ્ય લાગ્યા તેવા દૈવી ધામોમાં કૈવલજ્ઞાનનો લક્ષ દર્શાવ્યા પછી પૃથ્વીના છ દ્વિપો ચેતાવીને છેલ્લે આપણા જંબુદ્વિપમાં પ્રગટ થયેલા છે.

**કૈવલવેત્તા કારણ મત, ગતી કોહો સમજાય;**
**કુણ દેશ મારગ કવન, તુમ જન કયૌ ઓલખાય. ૧૩**

### શબ્દાર્થ

**કેવલત્તા** = કૈવલકર્તાનું પદ **કારણ** = કારણરૂપે **મત** = લક્ષ, સિદ્ધાંત, માન્યતા **ગતિ** = સમજ, જ્ઞાન **કોહો** = કેવી રીતે, કેવી **સમજાય** = સમજાવો, સમજાય **કુણ દેશ** = દેશ કયો છે **મારગ** = માર્ગ, રસ્તો, પંથ **કવન** = કેવો છે **તુમ** = તમોને **જન** = માણસો, વ્યક્તિ **કયૌ** = કેવી રીતે, કેમ **ઓલખાય** = ઓળખી શકે ? ઓળખાય.

### અનુવાદ

**સર્વના કારણરૂપ રહેલા કૈવલકર્તાનો લક્ષ અને ગતિ કેવી રીતે સમજી શકાય? વળી તેમનો દેશ કેવો છે? અને ત્યાં જવાનો માર્ગ શું છે ? વળી તમોને વ્યક્તિ (મુમુક્ષુ) કેવી રીતે ઓળખી શકે ?**

### ભાવાર્થ

પ્રતિવાદી પ્રશ્ન પૂછે છે કે કૈવલકર્તા જે સર્વ ઉત્પત્તિના કારણરૂપે છે, તેમનો લક્ષ (મત) અને ગતિ કેવી છે ? તે સમજાવો, બીજો સવાલ એ છે કે તેમનો દેશ કયો છે અને ત્યાં કયા માર્ગે જઈ શકાય ? એને ત્રીજો સવાલ છે કે કુવેરસ્વામીને જગતના મુમુક્ષુઓ કેવી રીતે ઓળખી શકે ?

આ પ્રમાણેના પ્રતિવાદીના ત્રણ સવાલોના જવાબ હવે પછીની ચોપાઈમાં કુવેરસ્વામી આપે છે.

**અરૂઢ મતા ગત અકથ હે, વિકટ વાટ બિન ઠાવ;**
**નિરાધારકા દેશમેં, ટકે પુરેકા પાવ. ૧૪**

### શબ્દાર્થ

**અરૂઢ** = અપ્રસિદ્ધ, પ્રૌઢ **મતા** = લક્ષ, સાર, સત્ત્વ, સંપ્રદાય **ગત** = ગતિ, સમજ, આચાર, જ્ઞાન, જાણ, માહિતી, મોક્ષ, મુક્તિ **અકથ** = કથી ન શકાય, વર્ણવી ન શકાય, પહેલાં જેનું કથન થયેલું નથી તેવું ગુપ્ત **હે** = છે **વિકટ** = મુશ્કેલ, દુર્ગમ **વાટ** = રસ્તે, માર્ગ **બિન** = વિના, વગર, સિવાય **ઠાવ** = ઠેકાણું, રુકાવટ **નિરાધારકા** = આધાર રહિત, સ્વયં સ્થિતિવત્ **દેશમેં** = દેશમાં **ટકે પુરેકા** = સોએ સો ટકા, પરિપૂર્ણ **પાવ** = પ્રાપ્ત કરી શકાય, પગ મૂકી શકાય.

### અનુવાદ

**અરૂઢ મતિ, અકથ ગતિ, વિકટ માર્ગ, રુકાવટ વગરનું, નિરાધારના દેશને જેની પરિપૂર્ણતા હોય તો જ તે પ્રાપ્ત કરી શકે છે.**

### ભાવાર્થ

પ્રતિવાદીના પ્રશ્નના જવાબમાં કુવેરસ્વામી દર્શાવે છે કે સર્જનહારનો લક્ષ ખૂબ જ પ્રૌઢ અને અપ્રસિદ્ધ છે. જેને સકર્તાસિદ્ધાંત કહેવાય છે. અંશ-અંશીના લક્ષની ગતિ પણ કથી શકાય તેમ નથી કે વાણી પહોંચી શકે તેમ નથી, તેવું સર્જનહારનું નિર્વાણપદ છે. ત્યાં જવા માટેનો માર્ગ અતિ મુશ્કેલ છે. અર્થાત્ સીધે સીધું ત્યાં પ્રયાણ થઈ શકે તેમ નથી. માત્ર પરમગુરુના માધ્યમ સિવાય ત્યાં જવું અશક્ય છે. તે કૈવલધામ બ્રહ્મથી પરે આવેલું છે જે અદ્ધર અને અટલ છે. જો તેવા દેશમાં જે અંશ પરમગુરુ કૃપાએ હંસરૂપે થયેલા હોય તેઓ જ ત્યાં પ્રવેશ પામી શકે છે. એટલે કે સોએ સો ટકા ની શુદ્ધિ-નિર્મળતા પ્રાપ્ત કરેલ હંસ સ્વરૂપ થયેલા અંશો જ ત્યાં પ્રવેશ કરી શકે.

**ત્રધા ત્રવેણી લેલાટ જોતી સમ, યેસે તિલક અગાધ;**
**પરમાતમ દરશી પૂની, સો મમ દેશી સાધ. ૧૫**

### શબ્દાર્થ

**ત્રધા ત્રવેણી** = ત્રણ નાડી, ઈંગલા, પિંગલા અને સુષુમણાનો સમુદાય **લેલાટ** = કપાળ, લલાટ **જોતી સમ** = જ્યોત સરખું, જ્યોતના આકારવાળું **યેસે** = એવું **તિલક** = ભાલ તિલક **અગાધ** = મહાન,

શ્રેષ્ઠ **પરમાતમ** = પરમ આત્મા **દરશી** = દર્શી જોનારું, બતાવનારું **પૂની** = વળી **સો** = તેવું **મમ** = મારો **દેશી** = દેશનો, દેશ મુજબનો **સાધ** = સાધકને સિદ્ધ કરવા યોગ્ય, સાધવા યોગ્ય, સાધુપણાનો વેશ.

### અનુવાદ

** લલાટમાં ત્રિવેણી જ્યોત સ્વરૂપાકારે અગાધ ભાલતિલક શોભી રહ્યું છે. જે માત્ર (પરમાત્મા) પરમપિતાને દર્શાવવાવાળું છે. એવું મારું અખંડ દેશના સાધક તરીકેનું સ્વરૂપ છે.**

### ભાવાર્થ

પરમગુરુ પોતાની બાહ્ય અને જ્ઞાનયુક્ત ઓળખાણ આપતાં જણાવે છે કે તેઓના વિશાળ લલાટે ત્રિવેણીરૂપ જ્યોત આકારનું અગાધ ભાલતિલક શોભી રહ્યું છે. તે ભાલતિલક વિશ્વના સર્જનહાર પરમપિતા પરમેશ્વરને મેળાપ કરાવવાવાળું છે. અગાઉ દર્શાવ્યા મુજબના અખંડ દેશ સાથે એકતા કરાવવાળો એક માત્ર સાધક તરીકેનો દિવ્યદેહ ધારણ કરેલો છે. આવા ચિહ્નો જે સાધકમાં લાગે તો અચૂક સમજવું કે તેઓ શ્રીમત્ કરુણાસાગર નામધારી કૈવલવેત્તા પ્રગટ પુરુષ છે.

**સકલ ધરમ અનુકરમના, નામે પંથ સરાય;**
**ભેદ હમેરા રાહકા, પ્રગટ કહુ સમજાય. ૧૬**

### શબ્દાર્થ

**સકલ** = સર્વ **ધરમ** = ધર્મ **અનુકરમના** = અનુક્રમના, કર્મની ગતિને દર્શાવતા **નામે** = નામવાળો **પંથ** = સંપ્રદાય, પંથ **સરાય** = કહેવાય છે **ભેદ** = સૂક્ષ્મ, મર્મ **હમેરા** = અમારો, મારો **રાહકા** = માર્ગનો **પ્રગટ** = પ્રત્યક્ષ દર્શાવીને, રજૂઆત કરીને **કહુ** = કહુ છું **સમજાય** = સમજાય તે રીતે.

### અનુવાદ

**સર્વ ધર્મના કર્મની ગતિ પ્રમાણે પંથનું મહત્ત્વ અને નામ શું છે, તે અને મારા માર્ગનો ભેદ વિગેરે હું તમને સમજાય તે રીતે દર્શાવું છે.**

### ભાવાર્થ

વિશ્વના ધર્મપંથોની સ્થિતિ નિહાળતા નામ-સ્મરણનું જ મહત્ત્વ જોવા મળે છે. અલગ-અલગ પંથોમાં અલગ-અલગ નામની સરાહના કરવામાં આવે છે. કુવેરસ્વામી હવે આપણને તેમના પંથનું શું નામ આપ્યું છે તે અને અન્ય ધર્મોની સરખામણીના આધારે તેમના માર્ગનો ભેદ આપણને પ્રત્યક્ષ સમજાય તે રીતે દર્શાવે છે.

**નામ રૂપ નિરગુણ પરે, સકલ પંથ કે પાર;**
**અબ આવત વહેવારમાં, કાયમ પંથ હમાર. ૧૭**

### શબ્દાર્થ

**નામ** = નામ **રૂપ** = સ્વરૂપ **નિરગુણ** = નિર્ગુણ બ્રહ્મ **પરે** = થી પરે, પાર **સકલ** = બધા જ **પંથ** = ધર્મો, સંપ્રદાયોથી **કે** = ના **પાર** = પાર, છેવટનું, અંતનું, શ્રેષ્ઠ **અબ** = હવે **આવત** = આવેલું છે **વહેવારમાં** = વ્યવહારમાં, આચરણમાં **કાયમપંથ** = કાયમપંથ **હમાર** = હમારો, મારો.

### અનુવાદ

**નામ, રૂપ અને નિર્ગુણથી પરે, તેમજ બધા જ પંથોથી પાર રહેલો છે. એવો મારો કાયમપંથ હવે વ્યવહારમાં આવે છે.**

### ભાવાર્થ

જેમણે નામ ધારણ કરેલું છે, તેમજ જેમણે દેહ ધારણ કરીને અવતાર લીધો છે તેવા ગુણવાળા મહાપુરુષોથી અને સચરાચરવ્યાપક ચિદાકાર નિર્ગુણ બ્રહ્મથી પરે કુવેરસ્વામીએ સ્થાપિત કરેલો સકર્તા સિદ્ધાંત દર્શાવતો કાયમપંથ છે. તેમજ જગતના બધા જ મત-પંથો અને સંપ્રદાયો દ્વારા સ્થાપિત કરેલ સગુણ અને નિર્ગુણસિદ્ધાંતથી પરે એવો આ "સકર્તાસિદ્ધાંત" છે. આ પંથનું નામ "કાયમપંથ" છે. અત્યાર સુધી ગુપ્ત હતો તેવો આ પંથ હવે કુવેરસ્વામી દ્વારા દુનિયાદારીના આચરણ માટે જાહેર કરેલો હોઈ, દુનિયામાં આ પંથ ધારણ કરવા માટે યોગ્ય અને શ્રેષ્ઠ છે.

**કાયમ પંથ હમારડા, કૈવલકા દેદાર;**
**સત્ કુવેર હે આગવા, આવો કોઈ યાર. ૧૮**

### શબ્દાર્થ

**કાયમપંથ** = કાયમપંથ **હમારડા** = હમારો, મારો છે **કૈવલકા** = કૈવલકર્તાનું **દેદાર** = સ્વરૂપ **સત્ કુવેર હે** = કુવેરસ્વામી કહે છે કે **આગવા** = પ્રાપ્ત કરવા અલગ, આગેવાન **આવો** = આવો **કોઈ** = કોઈ **યાર** = પ્રેમી.

### અનુવાદ

**કુવેરસ્વામી કહે છે મારો કાયમ પંથ છે અને હું કૈવલકર્તાના સ્વરૂપને દર્શાવું છું. જે કોઈ પ્રેમી હોય તો આવો. હું તેનો આગેવાન છું.**

### ભાવાર્થ

કુવેરસ્વામી અહીંયાં ખૂબ જ સીધો અને સ્પષ્ટ નિર્દેશ કરીને ધર્મ આચરણમાં પ્રીતિ ધરાવતા માનવોને જાહેરમાં સરળ ભાષા દ્વારા જણાવે છે કે મહાદુર્લભ એવો આ માનવદેહ મળ્યા પછી જો પોતાના ચૈતન અંશના મોક્ષની ઈચ્છા અને જન્મ-મરણરૂપ ચક્રમાંથી છૂટવા માટેની આશા રાખનાર માટે, સંસારમાં માત્રને માત્ર પરમગુરુનું શરણ એક જ ઉપાય છે. સર્જનહાર કૈવલકર્તાના કૈવલધામમાં કે જ્યાંથી આપણે અંશ સ્વરૂપે આવ્યા છીએ ત્યાં પાછા જવાની ઉત્કંઠા હોય અને મનમાં વ્રેહ જાગે, તો જરૂર પ્રીત ધારણ કરીને પરમગુરુના શરણમાં જવું જોઈએ. પરમગુરુ આત્મબંધુત્ત્વના નાતે કૃપા કરીને ચોક્કસ આ જન્મે જ આવા અધિકાર પ્રાપ્ત કરેલા અંશને શુદ્ધ સ્વરૂપે કરીને કૈવલધામમાં બિરાજમાન કૈવલકર્તા સાથે મેળાપ કરાવશે તેમાં જરા પણ શંકા નથી.

# ચોપાઇ અનુસુચી


| ચોપાઇ | અંગ | ચોપાઇ નં. | પેજ નં. |
|---|---|---|---|
| | **અ** | | |
| અમલ અલોકિત અનુભવ... | ૧૫ | ૬ | ૧૨૨ |
| અલખ સુજા નહીં લક્ષ બુજા નહીં... | ૧૪ | ૨ | ૧૧૨ |
| અપ થાની કરતા નિજ... | ૨૫ | ૭ | ૧૯૬ |
| અચ્યુત અવ્યક્તને વેષ વિગતી કરી... | ૧૬ | ૫ | ૧૨૯ |
| અવનિ અપતે ઉપની... | ૩૧ | ૭ | ૨૩૯ |
| અદબદ બ્રહ્મ અનુક્રમનો મર્મ એ... | ૧૨ | ૧ | ૯૭ |
| અદબદની અવસ્થા કહી બ્રહ્મ લ્યૌ... | ૪૬ | ૫ | ૩૩૩ |
| અકલ અંશ જુગમેં મમ... | ૪૩ | ૭ | ૩૧૬ |
| અરધ તે આતમા ઉરધ પરમાતમા... | ૫૦ | ૨ | ૩૫૭ |
| અરણવ લેહેર બહુપેર સુપસરે... | ૨૦ | ૨ | ૧૫૮ |
| અનંત બ્રહ્માંડની બીચ સરજુ સદ... | ૪૩ | ૪ | ૩૧૩ |
| અગમ અધાવની ભાવના ભયેવની... | ૨૦ | ૧ | ૧૫૭ |
| અવિગત મૂલ અનુકુલ એકતાઈ હે... | ૧૨ | ૨ | ૯૮ |
| અજર અદ્યાપી ઘટવાસ સરવાતીત... | ૫૧ | ૩ | ૩૬૬ |
| અટપટી વાણી જાણી નવ રીઝીયે... | ૧૪ | ૪ | ૧૧૪ |
| અરૂઢ મતા ગત અકથ હે... | હંસતાલેવા... | ૧૪ | ૩૮૯ |
| અરૂઢ મતા બુધ બાલ... | મંગલાચરણ | ૧૫ | ૧૨ |
| | **આ** | | |
| આલ વિલાયતો તું જ તાહારે પદે... | ૧૯ | ૨ | ૧૫૧ |
| આપ નિજકે નિજ તેજ બુજત નહીં... | ૫ | ૫ | ૫૨ |
| આપાકી ઉલટી વિષે... | ૬ | ૬ | ૬૦ |
| આભ્ર આકાશ અરૂપથી ઉપજે... | ૩૧ | ૨ | ૨૩૫ |

| **ચોપાઇ** | **અંગ** | **ચોપાઇ નં.** | **પેજ નં.** |
|---|---|---|---|
| આદ્ય પુરાતન સકલ સમતાં ગયે... | ૨૬ | ૫ | ૨૦૧ |
| આદ્ય જેમનું જેમ તેમ જ્યારે લહ્યું... | ૩૦ | ૨ | ૨૨૮ |
| આદ્ય અનાદ્ય ઉપાધ્ય તે અવિગત... | ૪૭ | ૧ | ૩૩૭ |
| આદ્ય અલ્લા નહીં દેહ ધારણ કીયા... | ૩ | ૨ | ૩૫ |
| આપ રહિત નિજપતિનસે... | ૩૯ | ૭ | ૨૮૮ |
| આપ અમાપ જે તેજ માપે થઈ... | ૪૭ | ૨ | ૩૩૮ |
| આપમે આપ સમાપ સ્વાંતિ ભઈ... | ૧૨ | ૪ | ૧૦૦ |
| આપા પર મેરી મીટે... | ૩૮ | ૭ | ૨૮૩ |
| આપની આદ્ય લઈ આંન્ય તેહને નહીં... | ૫૨ | ૫ | ૩૭૫ |
| આદર મોહોર અહંકારથી ઉપજે... | ૪૧ | ૩ | ૨૯૮ |
| આદર બુધ્ધથી સાહાદર સર્વકો... | ૪૦ | ૪ | ૨૯૨ |
| આદર સર્વ તે શ્રેષ્ઠ તે ચીત્તનો... | ૪૦ | ૫ | ૨૯૩ |
| આદર સો કર બાધ રહો મન... | ૩૮ | ૧ | ૨૭૮ |
| આદર હોય અહંકારના અંગથી... | ૪૦ | ૩ | ૨૯૧ |
| આદર જે થકી ઉપજે તે લખી... | ૪૨ | ૧ | ૩૦૩ |
| આદર ઉપજે મનથી જેટલા... | ૪૦ | ૨ | ૨૯૧ |
| આદરી અવની પર ઈંદ્ર વરસ્યા કરે... | ૩૮ | ૨ | ૨૭૮ |
| આદરકી અનભે સબે... | ૪૧ | ૬ | ૩૦૧ |
| આદરે ભેદ કભેદ સભેદ જે... | ૪૦ | ૧ | ૨૯૦ |
| આદરે ધાત પાષાણકી મુરતી... | ૩૯ | ૧ | ૨૮૪ |
| આદરે બાગ વાડી બગીચા બને... | ૩૯ | ૩ | ૨૮૫ |
| આદરે કાષ્ટથી હોત હુતાશન... | ૩૯ | ૨ | ૨૮૪ |
| આદરે જક્તનો ભક્ત સહુકો કહે... | ૩૯ | ૫ | ૨૮૭ |
| આદરે શક્તિ સ્વરુપથી દેહ ધરે... | ૩૮ | ૫ | ૨૮૧ |
| આત્મા પરભવી પ્રત પુજા કરે... | ૨ | ૫ | ૩૧ |
| આતમા લક્ષનો પક્ષ જોતાં અસુ... | ૪૨ | ૫ | ૩૦૬ |
| આતમા જાગ્ય વિભાગ કહ્યો હુતો... | ૫૦ | ૧ | ૩૫૬ |

| ચોપાઇ | અંગ | ચોપાઇ નં. | પેજ નં. |
|---|---|---|---|
| આન્ય જીવનકી કુણ ગણતી ગણે... | ૨૧ | ૪ | ૧૬૬ |
| આતમ જાણીને ભજે... | ૩ | ૭ | ૩૯ |

ઇ

| | | | |
|---|---|---|---|
| ઉગ્ર દષ્ટિ અદ્‌ભુત ભઈ... | ૧૨ | ૬ | ૧૦૨ |
| ઉતપત સર્વની એકતે... | ૩૩ | ૭ | ૨૫૧ |
| ઈત ચલક્તિ નિધ દ્વે નહીં... | હંસતાલેવા... | ૪ | ૩૮૧ |
| ઉમરવૃક્ષ ફલમાંહી જંતુ રહે... | ૨૨ | ૩ | ૧૭૨ |
| ઉભયે કરીત ઉપાસ... | મંગલાચરણ | ૩ | ૨ |
| ઈન્દ્રિ ગ્રાહજ ઇન્દ્રિ સબે... | ૪૬ | ૭ | ૩૩૫ |
| ઈષ્ટ ભેદ અનુસુત નહીં... | ૪ | ૭ | ૪૭ |
| ઈશ્વરતા મધ્યે વ્યાસની આદ્ય લઈ... | ૧૧ | ૫ | ૯૩ |
| ઈંટ આરોપન લોપ ચુના કરી... | ૩ | ૩ | ૩૫ |

એ

| | | | |
|---|---|---|---|
| એ સહુ મંડપ માયની... | ૨૭ | ૬ | ૨૦૯ |
| એ સહુ દરસ સાંસ્રત મહાતત્ત્વનો... | ૨૭ | ૪ | ૨૦૭ |
| એ સહુ દુરમકી ભરમ ભુલાનગી... | ૬ | ૫ | ૫૯ |
| એક પીવા લગે એક છીવે નહીં... | ૩૪ | ૩ | ૨૫૩ |
| એક દાઢી રખે મૂંડ મુંડાયકે... | ૬ | ૪ | ૫૮ |
| એક દરિયાઇ મક્કા મદીના કરે... | ૬ | ૧ | ૫૬ |
| એક બીલી વીધ્ય પાત તુલસી કરે... | ૨ | ૪ | ૩૦ |
| એક સરાદ સરાય પુરવેજકુ... | ૬ | ૩ | ૫૭ |
| એક તસમી લઈ જાપ અલ્લા જપે... | ૬ | ૨ | ૫૭ |
| એક જાંહિ નહીં દ્વૈત કેથી કહે... | ૫૨ | ૪ | ૩૭૪ |
| એક ઉપવાસ સંધ્યાય ગાયંતરી... | ૨ | ૨ | ૨૮ |
| એક અદ્વૈત કૈવલ જાહારે રહ્યો... | ૫૨ | ૨ | ૩૭૩ |

| ચોપાઇ | અંગ | ચોપાઈ નં. | પેજ નં. |
|---|---|---|---|
| એક અદ્વૈત કહેવા ગુરુ જાંહાં લગી... | ૫૨ | ૩ | ૩૭૪ |
| એકકુ દેવલ દેવ પુજારી રહે... | ૨ | ૩ | ૨૯ |
| એકથી એક વવેક જુદા રચે... | ૨૯ | ૨ | ૨૨૦ |
| એહી પરકાર નિજ યાર અનવે થઈ... | ૧૭ | ૬ | ૧૩૮ |
| એહી નિજ મંગલા ચરનન... | મંગલાચરણ | ૨૩ | ૧૮ |
| એહી અનુસાર સિદ્ધાંત વેદાન્તનું... | ૧૩ | ૧ | ૧૦૪ |
| **અં** | | | |
| અંત પરલે મલે પરમ નેતિ પદ... | ૪૪ | ૩ | ૩૧૯ |
| અંત આલોચતાં સર્વનું એમ છે... | ૩૪ | ૫ | ૨૫૫ |
| અંતસ એહી કૈવલ ચૈતનનાં... | ૪૫ | ૫ | ૩૨૭ |
| અંતસકરણ ચારુ અહંકારથી... | ૪૫ | ૪ | ૩૨૬ |
| અંતસકરણ પરકરણ વિચરણજે... | ૪૫ | ૧ | ૩૨૪ |
| અંશ વંશ ઉપાસના... | ૫૧ | ૭ | ૩૭૦ |
| **ક** | | | |
| કચવું બોલે કયા ભયો... | હંસતાલેવા... | ૬ | ૩૮૩ |
| કહત સાચી કાહા ડરતહે કાઉથે... | ૫ | ૧ | ૪૯ |
| કહુ અનુસાર પરકાર દષ્ટાંતસે... | ૪૩ | ૧ | ૩૧૧ |
| કર અવિલાન પતિ પરમ કે પદમસી... | ૧૮ | ૧ | ૧૪૨ |
| કરતવ કાજ સરે નહીં... | ૫ | ૬ | ૫૩ |
| કારણ ચરમ નિરધાર નિરંજન... | ૪૯ | ૫ | ૩૫૩ |
| કારણ કારજા કાજ ધેકારણ... | ૪૪ | ૧ | ૩૧૮ |
| કારણ કારજા કાજ ધેકારણ... | ૪૪ | ૫ | ૩૨૧ |
| કાવ્ય નહીં કવિતા નહીં... | હંસતાલેવા... | ૧૦ | ૩૮૬ |
| કાયમ પંથ હમારડા... | હંસતાલેવા... | ૧૮ | ૩૯૩ |
| કાયમકી દોનુ કલા... | ૭ | ૬ | ૬૬ |

| ચોપાઈ | અંગ | ચોપાઈ નં. | પેજ નં. |
|---|---|---|---|
| કાઢનવાલા કવન હે... | હંસતાલેવા... | ૧૧ | ૩૮૭ |
| ક્રત આક્રતના વ્રત વેજુ નહીં... | ૩૦ | ૧ | ૨૨૭ |
| કીયેહુ પયેપાન પુની ખાન જેહી જીત જીનું... | ૧૩ | ૫ | ૧૦૮ |
| કીટ પતંગ વિરંચી લ્યૌ... | ૧૬ | ૬ | ૧૩૦ |
| કિરણ પ્રકાશ બીના સુર સદાસહી... | ૩૩ | ૩ | ૨૪૭ |
| કુપ ખને બિનું નીર ના પાઈએ... | ૩૭ | ૨ | ૨૭૩ |
| કૈવલમાં કહેવા નહીં... | ૪૬ | ૬ | ૩૩૪ |
| કૈવલવેત્તા કારણ મત... | હંસતાલેવા... | ૧૩ | ૩૮૯ |
| કૈવલતાની મહદતા... | ૫૦ | ૬ | ૩૬૨ |
| કૈવલાકાર આકાર વીલે હવે... | ૫૦ | ૫ | ૩૬૧ |
| કૈવલના પરસાસનું ભાસન... | ૫૧ | ૫ | ૩૬૮ |
| કૈવલનો પરસાસ એહેવા ગુરુ... | ૫૨ | ૧ | ૩૭૨ |
| કૈવલનું ચિત્ત ચિદવત્ બ્રહ્મ જે... | ૪૫ | ૨ | ૩૨૪ |
| કોઈ સંસારમાં ઉદરકી કહત હે... | ૨૧ | ૫ | ૧૬૭ |
| કોટિ તિરથ જપ તપ કરે... | ૩૪ | ૭ | ૨૫૭ |

**ખ**

| | | | |
|---|---|---|---|
| ખાવતાં આદર પીવતાં આદર... | ૩૯ | ૪ | ૨૮૬ |

**ગ**

| | | | |
|---|---|---|---|
| ગલિત વચન ગુરુ વા ઘર સાગર... | ૩૫ | ૫ | ૨૬૧ |
| ગીતા આદ્ય એકાદશ... | ૫૨ | ૬ | ૩૭૬ |
| ગુરુ મેરા નહીં ઘાટકા... | ૫૧ | ૬ | ૩૭૦ |
| ગુરુતન જ્ઞાન વિજ્ઞાન વાણી વદે... | ૫૧ | ૧ | ૩૬૪ |
| ગુણ ઘણ ઇંન્દ્રિ અંતસ રસ પરહરી... | ૧૭ | ૨ | ૧૩૪ |
| ગુણ દૃષ્ટિ ગુણકુ ગ્રહે... | ૨૩ | ૭ | ૧૮૨ |
| ગ્રભગતિ સરવની અષ્ટાદશ પરવની... | ૨૧ | ૧ | ૧૬૪ |

| ચોપાઈ | અંગ | ચોપાઈ નં. | પેજ નં. |
|---|---|---|---|
| ગ્રેહવા ગ્રાહવા નહીં સમજ સરખુ સહી... | ૨૯ | ૬ | ૨૨૪ |

**ઘ**

| | | | |
|---|---|---|---|
| ઘટ મઠ પટ પડદા વડે... | ૨૮ | ૬ | ૨૧૬ |
| ઘાટે સ્થૂળ સુક્ષમને... | ૧૧ | ૭ | ૯૫ |
| ઘાટ અનેક જેમ ધાતથી ઉપજે... | ૩૦ | ૩ | ૨૨૯ |
| ઘી ઢલ તે અલપાય અંગીકૃત... | ૪૬ | ૨ | ૩૩૦ |
| ઘે ધાતા વિન સનધ સદ... | ૧૫ | ૭ | ૧૨૩ |

**ચ**

| | | | |
|---|---|---|---|
| ચર્મ સ્થૂલ, સૂક્ષ્મ, કારણ ન્હેઃકારણ કહુ... | ૪૯ | ૨ | ૩૫૧ |
| ચરમ અપ તેજને પવન અવનિ નભ... | ૪૯ | ૧ | ૩૫૦ |
| ચરમનો ધરમ તે ભોવન ચતુરદશ... | ૪૮ | ૫ | ૩૪૬ |
| ચહીતનતા ચીદની મધ્યે... | ૪૨ | ૭ | ૩૦૮ |
| ચંડી પુત્ર એક ભાટ... | મંગલાચરણ | ૧૮ | ૧૪ |
| ચાર પ્રકાર ચરમ ચરણ જીવી... | ૫૦ | ૩ | ૩૫૮ |
| ચાહ અચાહ અઘાહ અરોકીત... | ૪૮ | ૧ | ૩૪૩ |
| ચિત નિવૃત્ત પામે સહુ પારજન... | ૪૬ | ૪ | ૩૩૨ |
| ચિત્ર કલ્પતરુ કામધેન... | ૫ | ૭ | ૫૪ |
| ચીતની ચહુ ઉપાસના... | ૧૯ | ૬ | ૧૫૫ |
| ચૈતન બ્રહ્મ ભરપુર બ્રહ્માંડમાં... | ૧૧ | ૧ | ૮૯ |
| ચૈતન સરખુ સરવમે... | ૨ | ૬ | ૩૨ |
| ચૌદ ભોવન ગૌલોક લ્યૌ... | ૪૩ | ૬ | ૩૧૫ |

**છ**

| | | | |
|---|---|---|---|
| છાયા જડ મેં જડ નહીં... | ૨૬ | ૭ | ૨૦૩ |
| છોડ દે ભરમના કાલ ભયે કરમના... | ૧૨ | ૫ | ૧૦૧ |

| **ચોપાઇ** | **અંગ** | **ચોપાઇ નં.** | **પેજ નં.** |
|---|---|---|---|
| **જ** | | | |
| જગ જીનું અનીત ઉપાસ... | મંગલાચરણ | ૨ | ૧ |
| જનમ નહીં જીનું જકતકો... | ૩૦ | ૬ | ૨૩૧ |
| જ્યૌ તરુવર તુચા તન... | ૪૪ | ૭ | ૩૨૩ |
| જયાંહાં કરતા દુતિયો નહીં... | ૪૪ | ૬ | ૩૨૨ |
| જયૌ પવને પર પોટડા... | ૨૫ | ૬ | ૧૯૫ |
| જાનવી તીર કોઈવીર વાસોવસે... | ૩૭ | ૪ | ૨૭૪ |
| જાગ્રત દુઃખ સુખ સપ્ન તુરીપદે... | ૪૭ | ૫ | ૩૪૦ |
| જાગ્રત જાચક સુપ્ન રાઈ ભયો... | ૪૭ | ૪ | ૩૩૯ |
| જાચુ નહીં જુગ દેવને... | ૮ | ૭ | ૭૩ |
| જાંહાં લગી ધારણ ધાતકી... | ૨૯ | ૭ | ૨૨૫ |
| જાંહાં લગી જોવા જાલવા... | ૪૮ | ૬ | ૩૪૭ |
| જાંહાં લગી જેહની પ્રીછ પહેંચાન ગત્ય... | ૨૨ | ૨ | ૧૭૨ |
| જાંહાં નવ મુક્તિની જુક્તિ છવે સિધ્ધિ... | ૫૧ | ૪ | ૩૬૭ |
| જાંહાં જમ જેહેવો તાંહાં તમ... | ૧૬ | ૭ | ૧૩૧ |
| જીવ શીખા કર દીપક... | ૨૭ | ૭ | ૨૧૦ |
| જીનુ પ્રકાશ સરવજ્ઞ ચૈતન ચિદ્... | ૧૩ | ૩ | ૧૦૬ |
| જીનું નરણીત વિત્ત વેત... | મંગલાચરણ | ૫ | ૪ |
| જે પારસ પારસ કરે... | ૩૪ | ૬ | ૨૫૬ |
| જે નહીં સાધન સાંહાંન મુદ્રાવતિ... | ૧૯ | ૩ | ૧૫૨ |
| જે નહીં આવન જાન કા... | ૨૪ | ૭ | ૧૮૯ |
| જે હરિ અક્ષર તે લીખ્યા... | હંસતાલેવા... | ૨ | ૩૮૦ |
| જે જેહેની ઉપાસના... | ૫૨ | ૭ | ૩૭૭ |
| જે થકી સર્વ એ તેજ તાહારુ રુદે... | ૧૮ | ૩ | ૧૪૪ |
| જેમ કોઉ શાહ ઘેર નાર એક પતિવ્રતા... | ૪ | ૨ | ૪૨ |
| જેમ ગીરી લોહનો તેજથી હોત હે... | ૪૩ | ૨ | ૩૧૨ |

| ચોપાઇ | અંગ | ચોપાઈ નં. | પેજ નં. |
|---|---|---|---|
| જેતેને ભર ઈશ્વર તનુ... | ૧૩ | ૬ | ૧૦૯ |
| જેસે પરજા પેચકી... | ૪૭ | ૬ | ૩૪૧ |
| જેસે છાયા તનકી... | ૨૬ | ૬ | ૨૦૨ |
| જેસે તરીયા તુપકી... | ૪૫ | ૬ | ૩૨૮ |
| જેસે તન સર્વ એકતે... | ૬ | ૭ | ૬૧ |
| જેથી સર્વ હવુ ઉપજ નિપજ સહુ... | ૨૯ | ૫ | ૨૨૩ |
| જો કદાચીકને ચીતની ચાહના... | ૪૧ | ૫ | ૩૦૦ |
| જો જોઈ કહત હે સો સોઇ હમ નહીં... | ૮ | ૫ | ૭૧ |

ન

| ચોપાઇ | અંગ | ચોપાઈ નં. | પેજ નં. |
|---|---|---|---|
| નીરના હીરથી જંત બહુ ઉપજે... | ૧૧ | ૨ | ૯૦ |
| નામ રૂપ નિરગુણ પરે... | હંસતાલેવા... | ૧૭ | ૩૯૨ |
| નામને રૂપ પડનાલ્યકાની પરે... | ૧૫ | ૫ | ૧૨૧ |
| નામરૂપ નિરગુણ લગે... | હંસતાલેવા... | ૧ | ૩૭૯ |
| નાજ નારી નર કંચન પાવહી... | ૩૭ | ૫ | ૨૭૫ |
| નાંહી તો પુઠલ જો કદાચીકને... | ૧૧ | ૩ | ૯૧ |
| નાંહી તો જીવને શીવ ઈશ્વરના... | ૩૪ | ૧ | ૨૫૨ |
| નાંહી તો આગલ બુધથી ઉપજે... | ૪૧ | ૪ | ૨૯૯ |
| નિધ ચલકિત ઈત સામ્રથ... | હંસતાલેવા... | ૩ | ૩૮૦ |
| નિધ્ય મહાતમની ગમ જાણે સહી... | ૨૩ | ૩ | ૧૭૮ |
| નિરાકાર નિરધાર નહીં નિરગુણ... | ૧૫ | ૪ | ૧૨૦ |
| નિરગુણની આદ્યે કરી... | ૪૯ | ૬ | ૩૫૪ |
| નિગમ નિરુપણ નવ રહે... | ૫૦ | ૭ | ૩૬૩ |
| નિજપતિ પરમ કૈવલ કુલ યાહી પર... | ૧૩ | ૨ | ૧૦૫ |
| નિજ કારન કરતા કુલ... | ૪ | ૬ | ૪૬ |
| નિજપતિ અકલ સો સકલ કારન કલ... | ૫ | ૩ | ૫૧ |
| નૈન નિરખન વાણી વગ... | ૯ | ૬ | ૭૮ |

| ચોપાઇ | અંગ | ચોપાઇ નં. | પેજ નં. |
|---|---|---|---|
| ન્યાય પાતાનજલી મીમાંસા વૈશેસીને... | ૨૯ | ૪ | ૨૨૨ |


**ત**


| ચોપાઇ | અંગ | ચોપાઇ નં. | પેજ નં. |
|---|---|---|---|
| તમ દલ પવન તે તેજ નાંખુ નહીં... | ૩૨ | ૨ | ૨૪૦ |
| તત્ત્વભેદ ત્રાજે કરી... | ૪૦ | ૭ | ૨૯૫ |
| તત્ત્વકે આપ પૂજાવત તત્ત્વકુ... | ૫ | ૪ | ૫૧ |
| તબત્યે ગુરુ પરમ ગ્યમ... | મંગલાચરણ | ૧૦ | ૮ |
| તદપી તુંય એક ભવમહી... | ૧૭ | ૭ | ૧૩૯ |
| તદીપતા તેહીત તે રહી જતમત સત... | ૧૭ | ૫ | ૧૩૭ |
| તરવર એક પયે પેઢથી પરવરે... | ૨૮ | ૧ | ૨૧૨ |
| તરક હોઈ તલબથી ફરક ભવ ફંદસે... | ૧૭ | ૩ | ૧૩૫ |
| તબ તનુ લાયેહુ દિવ્ય... | મંગલાચરણ | ૧૩ | ૧૦ |
| તબતે કરો સુશોધ... | મંગલાચરણ | ૯ | ૭ |
| તાતે મ્હોંમન ઉપની... | ૭ | ૭ | ૬૭ |
| તાર પીછે વિક્ષાત... | મંગલાચરણ | ૧૭ | ૧૩ |
| તાંહાં મલી આપ સમાપ સર્વે થઈ... | ૪૨ | ૪ | ૩૦૫ |
| તીન પરકાર સંજુકત હરિ હારદ... | ૧૦ | ૨ | ૮૨ |
| તીન દષ્ટાંત સિદ્ધાંત મહાપુરુષનું... | ૩૨ | ૫ | ૨૪૩ |
| તે માટે મેં ના કથ્યો... | હંસતાલેવા... | ૮ | ૩૮૪ |
| તે જ માટે કર સેવન સંતનું... | ૩૫ | ૧ | ૨૫૮ |
| તેમ ખટ ઈષ્ટ તે સૃષ્ટમાં શ્રેષ્ઠતા... | ૨૩ | ૨ | ૧૭૮ |
| તેમ પરમાત્મા તેજ ચુંબક તન... | ૨૬ | ૩ | ૨૦૦ |
| તેમ કૈવલ નગ ઈછતે હવીતવ... | ૪૩ | ૩ | ૩૧૨ |
| તેમ અવિનાશ અપ એક તે ઉપજે... | ૨૮ | ૪ | ૨૧૪ |
| તેમ અણલંગી અધ્યાત્મ અનુભવી... | ૨૪ | ૨ | ૧૮૫ |
| તેહી નિજ કરતનો કરન કારન તુજ... | ૧૭ | ૧ | ૧૩૩ |
| તેહને કષ્ટ પણ સંત ઉતકૃષ્ટ રહે... | ૨૩ | ૫ | ૧૮૦ |

| ચોપાઇ | અંગ | ચોપાઈ નં. | પેજ નં. |
|---|---|---|---|
| તેહનું સિદ્ધાંત તે શીવ સમાધમે... | ૨૨ | ૫ | ૧૭૪ |
| તેજ પરમાત્મા અપુરવર્ણમે જઈ મલે... | ૫૦ | ૪ | ૩૫૯ |
| તેજ પુરુષને સૂક્ષ્મ તુરીયા ભઈ... | ૨૫ | ૫ | ૧૯૪ |
| તેજ બ્રહ્માંડ અનંતનો ઈશધર... | ૧૯ | ૪ | ૧૫૩ |
| તે જ માટે કહું શુદ્ધ ઉપાસના... | ૧૦ | ૪ | ૮૪ |
| તેમ સંસારમાં મુરત મહારાજની... | ૪ | ૫ | ૪૪ |
| તેસેહી રુહ અલ્લાયકી... | ૨ | ૭ | ૩૨ |
| તેજ ઉપાસના તનમન દેઇને... | ૧૦ | ૫ | ૮૫ |
| ત્યમ અલેખમાં વેશ નવા નહીં... | ૩૦ | ૪ | ૨૨૯ |
| ત્યમ આંહાં પિંડ બ્રહ્માંડ પ્રકૃતનો... | ૩૪ | ૪ | ૨૫૪ |
| ત્યમ આંહાં જન અંતસ ચહીતન મુખી... | ૪૮ | ૩ | ૩૪૪ |
| તંતુના તેજમે વિશ્વ વિલસી રહ્યો... | ૧ | ૩ | ૨૨ |
| ત્રધા ત્રવેણી લેલાટ જોતી સમ... | હંસતાલેવા... | ૧૫ | ૩૯૦ |
| ત્રિતીયો પ્રેમ પ્રકાશ હુલાસ જે... | ૩૬ | ૩ | ૨૬૭ |

**થ**

| ચોપાઇ | અંગ | ચોપાઈ નં. | પેજ નં. |
|---|---|---|---|
| થઈ નિરાલંબ નિરલેપ સત્ સરુપતા... | ૧૭ | ૪ | ૧૩૬ |
| થાહ નહીં અવિથાહનો... | ૨૦ | ૭ | ૧૬૨ |

**દ**

| ચોપાઇ | અંગ | ચોપાઈ નં. | પેજ નં. |
|---|---|---|---|
| દાસાતન ધનતન મન... | ૩૫ | ૭ | ૨૬૩ |
| દાનવ માનવ અહીકુલ દેવતા... | ૧ | ૫ | ૨૪ |
| દેવલ દેવ ડહેકાની દુનિયા... | ૫ | ૨ | ૫૦ |
| દેવલ એકમે દીપ જ્યોતી જલે... | ૨૨ | ૪ | ૧૭૩ |
| દેવવાણી જાકુ કહે... | ૧૪ | ૭ | ૧૧૭ |
| દિનમુખી સનમુખ જેમ કોઈ ધરે... | ૪૮ | ૨ | ૩૪૪ |
| દિવ્ય દૃષ્ટિ ભઇ સમક સમસા લહી... | ૧૯ | ૫ | ૧૫૪ |

| ચોપાઈ | અંગ | ચોપાઈ નં. | પેજ નં. |
|---|---|---|---|
| દિવ્ય દરીયાવમે ચાહાવ તોરંગ હે... | ૨૦ | ૩ | ૧૫૯ |
| દ્દષ્ટ પરછાય પરમેશ્વર પુરુષની... | ૨૭ | ૫ | ૨૦૮ |
| દ્વૈત ઉપાસના ભેદ છે ભક્તિનો... | ૧૦ | ૩ | ૮૩ |
| દ્વે લક્ષ જોજન શૂન્ય તે... | ૨૪ | ૬ | ૧૮૮ |
| દ્વિતીયો સાર અસાર જાન્યો પરો... | ૩૬ | ૨ | ૨૬૬ |
| દ્રઢ ગંભીર ધે ધિર ધોરંધર... | ૩૦ | ૫ | ૨૩૦ |
| **ધ** | | | |
| ધ્રઢ મજબુત થઈ તેહી તને તદવત... | ૧૮ | ૫ | ૧૪૬ |
| **પ** | | | |
| પવન પલાંઠીનકે વત... | ૩૦ | ૭ | ૨૩૨ |
| પવનની આદ્ય લઈ નીર નાજુ ભખે... | ૪૯ | ૩ | ૩૫૧ |
| પરથમ કરહી પઠન જન... | મંગલાચરણ | ૨૪ | ૧૯ |
| પહેલ પરીયાણ જે કો કરે ચારુમે... | ૪૧ | ૧ | ૨૯૭ |
| પણ જીનું સરવ પરંત... | મંગલાચરણ | ૮ | ૬ |
| પારસ પાયકે જન ભુખે મરે... | ૩૭ | ૩ | ૨૭૩ |
| પાવન પરમ સુદેશ... | મંગલાચરણ | ૭ | ૬ |
| પાવન પૂરૂષ પ્રવીન ચીન... | મંગલાચરણ | ૧૧ | ૯ |
| પિંડ કલોલનું કાજ તેથી સરે... | ૪૮ | ૪ | ૩૪૫ |
| પુરુષ આવી મલ્યો પતિવ્રતા નારનો... | ૪ | ૪ | ૪૩ |
| પુતલી પોતે તે ભિન્ન જોયા લગે... | ૩૧ | ૧ | ૨૩૪ |
| પ્રગટ પરચો પ્રમાણ જાણ... | મંગલાચરણ | ૧૪ | ૧૧ |
| પ્રોજન પ્રાક્રમ વાક વાણી વિના... | ૨૬ | ૧ | ૧૯૮ |
| પ્રતમા પાલને કાલ નરણે કરુ... | ૪ | ૧ | ૪૧ |
| પ્રથમ મન અહંમેવ જો ઉપજે... | ૪૧ | ૨ | ૨૯૭ |
| પ્રથમ દુતી જીવદશા પદ... | ૩૬ | ૬ | ૨૬૯ |

| ચોપાઇ | અંગ | ચોપાઈ નં. | પેજ નં. |
|---|---|---|---|
| પ્રથમહી દાસ લઘુતાય ગુરુ તે લેઈ... | ૩૬ | ૧ | ૨૬૫ |
| પ્રથક બુધ્યને પરહરી... | ૧૧ | ૬ | ૯૪ |
| પંચ પરપંચની પાર પર અધર ધર... | ૧૬ | ૨ | ૧૨૬ |
| પંચમો સંચ વિજ્ઞાન વેત્તા ભયો... | ૩૬ | ૫ | ૨૬૮ |
| પંચીકરણ પરોક્ષનું... | ૪૫ | ૭ | ૩૨૯ |

**બ**

| | | | |
|---|---|---|---|
| બિનહુ પાણ્ય પદ ચીન ભીન... | મંગલાચરણ | ૧૨ | ૯ |
| બીન આદર ના કાજ એકુ સરે... | ૩૭ | ૧ | ૨૭૨ |
| બીન ઉપાસના દાસના નીપજે... | ૧૦ | ૧ | ૮૧ |
| બિંબ પ્રતિ લોહ ચલે ચમકજડતા પડે... | ૨૬ | ૨ | ૧૯૯ |
| બુટ્ટી હોત રસાયણી... | ૩૭ | ૬ | ૨૭૬ |
| બોલતાં બેનમે ચેહેન પરખ્યા પરે... | ૨૩ | ૪ | ૧૭૯ |
| બ્રાસ તન વાસ તે ભિન્ન જુદી નહીં... | ૩૨ | ૧ | ૨૪૦ |
| બ્રહ્મ છે જે વડે તેથી ના કો બડે... | ૪૪ | ૪ | ૩૨૦ |
| બ્રહ્મ ધેકારણ તે અનુધારણ... | ૪૪ | ૨ | ૩૧૮ |
| બ્રહ્મ જગદીશ ધે ધીશનો ઈશકો... | ૧૨ | ૩ | ૯૯ |
| બ્રહ્મ અપહીર થી જ્યોત શક્તિ તન... | ૧૧ | ૪ | ૯૨ |
| બ્રહ્મમયે ભેખ અલેખ અરુઢમત... | ૨૪ | ૪ | ૧૮૬ |
| બ્રહ્માદિક ભવ ભૂપતિ... | ૨૯ | ૮ | ૨૨૫ |
| બંધને મોક્ષની વિગત તો વેષને... | ૧૬ | ૪ | ૧૨૮ |

**ભ**

| | | | |
|---|---|---|---|
| ભર્મ નહીં ભાષા મહી... | હંસતાલેવા... | ૫ | ૩૮૨ |
| ભવમાં ભરમ ઊપાસના... | ૧૦ | ૬ | ૮૬ |
| ભાર અઢાર વનરાય ઘન એકતે... | ૨૮ | ૩ | ૨૧૩ |
| ભાસ પ્રકાશ તે કિરણ ન્યારી નહીં... | ૩૨ | ૩ | ૨૪૧ |

| ચોપાઇ | અંગ | ચોપાઇ નં. | પેજ નં. |
|---|---|---|---|
| ભાસ વિભાસ કીલાસ સહુનો કહુ... | ૨૭ | ૧ | ૨૦૫ |
| ભેખ ને ટેક વહેવારના વેશમે... | ૨૯ | ૩ | ૨૨૧ |
| ભોગી નહીં પદ પરમકે... | ૯ | ૭ | ૭૯ |
| ભાંણ ઉદ્યોત અવિકાસ પરકાશતે... | ૨૩ | ૧ | ૧૭૭ |
| | **મ** | | |
| મચ્છ કચ્છ વામ વેરાહ નરસંગ હરિ... | ૨૧ | ૨ | ૧૬૫ |
| મન લયે હોય તો પંચ અલુપ્તહી... | ૪૬ | ૧ | ૩૩૦ |
| મસરીકો મેરુ ભયો... | ૨૨ | ૬ | ૧૭૫ |
| મહાદ અંશ મહારાજ કે... | હંસતાલેવા... | ૧૨ | ૩૮૮ |
| મણી મેરુ જયમ કંગુરા... | ૨૩ | ૬ | ૧૮૧ |
| માતને તાત સુત ભ્રાત ને ભારજ્યા... | ૧ | ૧ | ૨૦ |
| માયાના ફંદમે જક્ત લપટઇ રહ્યો... | ૧ | ૨ | ૨૧ |
| માણ્યની જાણ્ય કહુ સાંભળો સંત સહુ... | ૧૬ | ૧ | ૧૨૫ |
| મૂર્તિ પૂજતે કલપ કેતે ભયે... | ૪ | ૬ | ૪૫ |
| મેં નહીં જાત ને વરણ ગુણ ત્રિપદ... | ૮ | ૧ | ૬૮ |
| મેરો સુમ્રણ નહીં પુરાણ અષ્ટાદશ... | ૯ | ૩ | ૭૬ |
| મેરો સુમ્રણ નહીં સીરગુણ નીરગુણ... | ૯ | ૨ | ૭૫ |
| મેરો સુમ્રણ નહીં સાત્વીક રાજસ... | ૯ | ૧ | ૭૪ |
| મેરો સુમ્રણ નહીં જાપ અજપા તણો... | ૯ | ૪ | ૭૬ |
| મેરો સુમ્રણ ના અવતાર દ્વૈ અષ્ટકો... | ૯ | ૫ | ૭૭ |
| મેં નહીં દેવ દેવી પદ દેવતા... | ૮ | ૪ | ૭૦ |
| મેં નહીં તીરથ વ્રત એકાદશી... | ૮ | ૩ | ૬૯ |
| મેં નહીં સિદ્ધ સાધક કે સાધન... | ૮ | ૨ | ૬૯ |
| મેં નિજપત કી પાણગત... | ૮ | ૬ | ૭૨ |

| ચોપાઇ | અંગ | ચોપાઈ નં. | પેજ નં. |
|---|---|---|---|
| **ય** | | | |
| યસેહી અતિ અદ્ભુત પદ... | ૧૩ | ૭ | ૧૦૯ |
| યામે સંશે ના કછુ... | ૩૨ | ૭ | ૨૪૫ |
| યેસે હિંદુય કહે સોય મન ભૂયતે... | ૩ | ૪ | ૩૬ |
| **ર** | | | |
| રહત આલોચ મન સોચ નીસવાસુર... | ૪ | ૩ | ૪૨ |
| રજ તજ રચીત તનુ ખચીત ખેપન કર... | ૧૩ | ૪ | ૧૦૬ |
| રવિકર તેજ પ્રકાશ મહા પુરુષનો... | ૩૩ | ૫ | ૨૪૯ |
| રામ પાતાલ નહીં ધામ ચારુ મહી... | ૭ | ૧ | ૬૨ |
| રામ રાજી જાંહાં કામ કાંઇ નહીં... | ૭ | ૩ | ૬૩ |
| રામ રહેમાન રમુંજ આ કુજમેં... | ૭ | ૫ | ૬૫ |
| રામ નહીં ધાત પાષાણ કે કાષ્ટકા... | ૩ | ૫ | ૩૭ |
| રામ અવતાર અપાર અવની પર... | ૩ | ૧ | ૩૪ |
| રાખ વિશ્વાસ પરકાશ સર્વ તુજમે... | ૧૮ | ૪ | ૧૪૫ |
| રાઢ રીતી ભઈ દ્વાદશ ખટ માંહી... | ૨૯ | ૧ | ૨૧૯ |
| રુચીત રહેમાન યેમાન પેગામ જાંહાં... | ૭ | ૪ | ૬૪ |
| રુંધન રાજીવન દોય નહીં દિવ્યને... | ૪૭ | ૩ | ૩૩૮ |
| **લ** | | | |
| લક્ષ કોશ સિંધુ મધ્યે... | ૨૦ | ૬ | ૧૬૨ |
| લક્ષ જથારથ જોઈ પરમારથ... | ૪૨ | ૩ | ૩૦૫ |
| લેઈ કિરતાર અવતાર અવની પર... | ૩૮ | ૩ | ૨૭૯ |
| લોહગિરિ રાછ કલ કરન કાંઈ દ્વે નહીં... | ૪૩ | ૫ | ૩૧૫ |
| **વ** | | | |
| વસ્તુ રૂપ તન અચ્યુત... | મંગલાચરણ | ૧૬ | ૧૩ |

| ચોપાઈ | અંગ | ચોપાઈ નં. | પેજ નં. |
|---|---|---|---|
| વારીધર વિપુલ તન પવન પ્રેરણા કરી... | ૩૧ | ૩ | ૨૩૫ |
| વિપ્ર પુત્ર મરતક જીવે... | મંગલાચરણ | ૨૦ | ૧૬ |
| વિપરીત વશ સબ જુગ ભયો... | ૧ | ૬ | ૨૫ |
| વિશ્વ સકલ વૈકુંઠ લગે... | ૪૨ | ૮ | ૩૦૯ |
| વિશ્વ સહુ એ વિધે નેટ જોતાં નિધે... | ૩૩ | ૪ | ૨૪૮ |
| વિવિધ ભાત વીગતંગ... | મંગલાચરણ | ૬ | ૫ |
| વૃક્ષને શાખા તે ભિન્ન બીજી બહુ... | ૨૮ | ૨ | ૨૧૨ |
| વસ્તુ કૈવલ ચૈતન ચરાચર... | ૨૮ | ૫ | ૨૧૫ |
| વેદ વેદાન્ત અનંત સિદ્ધાંતનું... | ૧૫ | ૧ | ૧૧૮ |
| વેશ વિચારે વ્રગનો... | ૪૮ | ૭ | ૩૪૮ |
| વ્યાપકમે માપક મુદા... | ૨૨ | ૭ | ૧૭૬ |
| વ્યાકરણ ભાસ અભ્યાસ વાણી લગે... | ૧૪ | ૫ | ૧૧૫ |
| વ્યાકરણ વેદ અતિ ભેદ ભરમે ભરી... | ૧૪ | ૩ | ૧૧૩ |

**સ**

| ચોપાઈ | અંગ | ચોપાઈ નં. | પેજ નં. |
|---|---|---|---|
| સમજ સિદ્ધાંત દષ્ટાંતના વૃંતમે... | ૨૦ | ૪ | ૧૬૦ |
| સમજ એવી વિના બહુ વિધિ મતમતા... | ૧૪ | ૧ | ૧૧૧ |
| સકલ ચરાચર દેવ મગ નાગ નર... | ૨૨ | ૧ | ૧૭૧ |
| સકલ ધરમ અનુકરમના... | હંસતાલેવા... | ૧૬ | ૩૯૧ |
| સકલ કલપના તજ રજ... | ૩૭ | ૭ | ૨૭૬ |
| સકલ સમપુર હજૂર રહી હલમલે... | ૨૦ | ૫ | ૧૬૧ |
| સકલ અંશ સમ દષ્ટિસે... | ૧૮ | ૬ | ૧૪૭ |
| સર કરી સરવ સમેટ... | મંગલાચરણ | ૪ | ૩ |
| સરજન એકની જીવ જાતી સહુ... | ૩૮ | ૪ | ૨૮૦ |
| સમજણકી સમસા સમી... | ૪૧ | ૭ | ૩૦૧ |
| સતગુરુ ચરનની ચાહના... | ૧ | ૭ | ૨૬ |
| સલેખકે જેહી સંતકુ... | ૧૭ | ૮ | ૧૪૦ |

| ચોપાઇ | અંગ | ચોપાઈ નં. | પેજ નં. |
|---|---|---|---|
| સપ્ત દ્વીપ નવ કહતહે... | ૪૯ | ૭ | ૩૫૫ |
| સામૃથ ભેદ સુર દેવ-દેવી બહુ... | ૪૨ | ૬ | ૩૦૭ |
| સાખી શબ્દ પ્રબંધ... | મંગલાચરણ | ૨૨ | ૧૭ |
| સાવધાન થઈ શુદ્ધ મને... | ૩૮ | ૬ | ૨૮૨ |
| સાર અસાર પરકાર સરવે લહી... | ૪૨ | ૨ | ૩૦૪ |
| સાહર એકને નીર જાતિ બહુ... | ૩૪ | ૨ | ૨૫૩ |
| સાહેબ કેરી સાહાભ્મી... | ૩ | ૬ | ૩૮ |
| સ્થાવર-જંગમ લોક ચતુરદશ... | ૧૮ | ૨ | ૧૪૩ |
| સ્થાવર-જંગમ જલ થલ... | ૧૦ | ૭ | ૮૭ |
| સ્થિતિ સ્થિરવંત અતંત અગોચર... | ૨૪ | ૩ | ૧૮૫ |
| સુઘડ નાસા અતિ અધિક મારુંતસે... | ૫૧ | ૨ | ૩૬૫ |
| સુધ વિના સમજાય નહીં... | હંસતાલેવા... | ૭ | ૩૮૪ |
| સુપ્ન તેહને હવું સ્વરૂપ ભયુ નવું... | ૨૫ | ૨ | ૧૯૨ |
| સુર સુરપતિ હરિ હર અજ... | ૧૮ | ૭ | ૧૪૮ |
| સુરપતિ ઈન્દ્ર વૈભવ સુખ જો સરે... | ૧ | ૪ | ૨૩ |
| સુરત ભઈ લીન સમલીત સમી નીરતમે... | ૧૬ | ૩ | ૧૨૭ |
| સુરત સમીપ તે અગ્ન અવની જલ... | ૨૭ | ૩ | ૨૦૬ |
| સુરત સરુપા કારવત... | ૨૮ | ૭ | ૨૧૭ |
| સુગમ ગમન ગત ઝલક પ્રતિબિંબવત્ત... | ૨૪ | ૫ | ૧૮૭ |
| સ્વપ્ન પુરુષને જેમ પરજા બહુ... | ૨૫ | ૪ | ૧૯૩ |
| સ્વેત જામન ગયે બ્રાસ અરુપહી... | ૩૩ | ૧ | ૨૪૬ |
| સ્વેત જામન ગયે બ્રાસનો નાશ નહીં... | ૩૩ | ૨ | ૨૪૭ |
| સેવત હરિ ગુરુ સંતને... | ૩૬ | ૭ | ૨૭૦ |
| સેવ્ય કૈ સાર નિરધાર દેદારની... | ૩૫ | ૨ | ૨૫૮ |
| સેજ ઉપજ ઘર અગમકી... | ૧૨ | ૭ | ૧૦૩ |
| સૈન સ્થૂલ સાંઈને સંત સુપન તન... | ૨૫ | ૩ | ૧૯૨ |
| સહેજ સુભાવ નુભાવ નીત્યે ચલે... | ૨૪ | ૧ | ૧૮૪ |

| ચોપાઇ | અંગ | ચોપાઇ નં. | પેજ નં. |
|---|---|---|---|
| સૂક્ષ્મ ચરમ અનુકરમ અવિલોકવું... | ૪૯ | ૪ | ૩૫૨ |
| સૂક્ષ્મ પરચા અનંત... | મંગલાચરણ | ૨૧ | ૧૬ |
| સંત પરીક્ષા પુરવની... | ૩૩ | ૬ | ૨૫૦ |
| સંત કૈવલ નભ અરૂપથી ઉલસે... | ૩૧ | ૪ | ૨૩૬ |
| સંત તન જ્ઞાન વ્રજીત પ્રકત નહીં... | ૩૨ | ૪ | ૨૪૨ |
| સંત સ્વભાવ જમી જેસે... | ૩૧ | ૬ | ૨૩૮ |
| સંત સ્વરૂપ અરુપતે... | ૩૨ | ૬ | ૨૪૪ |
| સંત સેવા ગુરુ બંદગી... | ૩૫ | ૬ | ૨૬૨ |
| સાંઈ સ્વે રહે સદા ડગમગે નહીં કદા... | ૨૫ | ૧ | ૧૯૧ |
| સાંઇ નહીં ભસ્ત મહે બુબ અબુબમે... | ૭ | ૨ | ૬૩ |
| સોહં ૐ કાર શક્તિ જડ જીવન દ્વૈ... | ૨૬ | ૪ | ૨૦૦ |

**શ**

| ચોપાઇ | અંગ | ચોપાઇ નં. | પેજ નં. |
|---|---|---|---|
| શબ્દ સ્પર્શ રૂપ રસ ને ગંધ જે... | ૪૫ | ૩ | ૩૨૫ |
| શબ્દ સરોડા સાજકા... | ૧૯ | ૭ | ૧૫૬ |
| શબ્દાતીત તણુ વીત... | ૪૭ | ૭ | ૩૪૨ |
| શાલંગ શલ્યા સંત તન... | ૨૧ | ૭ | ૧૬૯ |
| શાહ ત્રિયા જમીદાર... | મંગલાચરણ | ૧૯ | ૧૫ |
| શીલ સંતોષ વિલોક વિલાસકર... | ૧૯ | ૧ | ૧૫૦ |
| શૂન્યનો ભાસ સમીર સ્વે ઉપજે... | ૨૭ | ૨ | ૨૦૬ |
| શુભ અશુભનું કર્મ કરીયા ક્રત... | ૧૫ | ૨ | ૧૧૯ |
| શેષ માહેશ વિરંચી વિષ્ણુ લગે... | ૨૧ | ૩ | ૧૬૬ |

**હ**

| ચોપાઇ | અંગ | ચોપાઇ નં. | પેજ નં. |
|---|---|---|---|
| હલન ચલન જે જે રુચી... | ૩૯ | ૬ | ૨૮૮ |
| હરખ હિચોલ મન ભોલ ભાવે ફરે... | ૩૫ | ૪ | ૨૬૦ |
| હાસ વિનોધ પરબોધ પ્રભુતણા... | ૩૫ | ૩ | ૨૫૯ |

| ચોપાઇ | અંગ | ચોપાઇ નં. | પેજ નં. |
|---|---|---|---|
| હિરણ્યગર્ભ હરિ હારદ… | ૨૧ | ૬ | ૧૬૮ |
| હિંદુ મુસલમાન દો અસ્ક હેવાન… | ૨ | ૧ | ૨૭ |
| હોય અહંકાર અનુધાર સમાગત… | ૪૬ | ૩ | ૩૩૧ |
| હંસ ગતી મત જેહની… | ૪૦ | ૬ | ૨૯૪ |
| હંસતાલેવા ગ્રંથ એહ… | હંસતાલેવા… | ૯ | ૩૮૫ |

**ક્ષ**

| | | | |
|---|---|---|---|
| ક્ષીતી પાવક જલ પવન પાણી નહીં… | ૧૫ | ૩ | ૧૧૯ |

**જ્ઞ**

| | | | |
|---|---|---|---|
| જ્ઞાન ચતુરથો સેવ કરતાં હવો… | ૩૬ | ૪ | ૨૬૭ |
| જ્ઞાન ઉમંગ ઘન પારથી કૈવલ… | ૩૧ | ૫ | ૨૩૭ |
| જ્ઞાની તે બુદ્ધિવંતકો… | ૧૪ | ૬ | ૧૧૬ |



જ્ઞાન સંપ્રદાયના આદ્યસ્થાપક કુવેરસ્વામી સંવત ૧૮૨૯ના મહાસુદ બીજના દિવસે ગુજરાત રાજ્યમાં ભાલેજ નજીક કાસોર ગામની વનખંડીમાં પ્રગટ થયા હતા. ગયા જન્મમાં અચાનક આવીને કલ્યાણ કરવાનું વરદાન આપ્યા મુજબ તેઓ હેતબાઈ નામની ક્ષત્રિયાણીને બાળ સ્વરૂપે મળ્યા હતા. સાત વર્ષની ઉંમરે ગુરુ પરંપરાને માન આપી કૃષ્ણસ્વામી નામના તપસ્વીને ગુરુ તરીકે સ્વીકારી સર્જનહારે સોંપેલા અંશના કલ્યાણની પ્રવૃત્તિ શરૂ કરી હતી. નાની ઉંમરથી જ પ્રભાત અને મંગળ પદની રચના રચીને અંશ-અંશીના લક્ષનું જ્ઞાન જગતને આપવાનો પ્રારંભ કર્યો હતો. ૧૦૫ વર્ષના (૧૮૨૯-૧૯૩૪) ગાળા દરમિયાન જંબુદ્વીપમાં રહી તેમણે સકર્તા સિદ્ધાંતની સ્થાપના કરી છે. જગતમાં પરંપરાગત ચાલી આવતી ઉપાસના અને સગુણ-નિર્ગુણ સિદ્ધાંતની હદ બતાવી જડ શરીરના કારણ રૂપે રહેલ ચૈતન અંશ અને બ્રહ્માંડની સર્વ ઉત્પત્તિના કારણ રૂપે રહેલ અંશીની સાચી ઓળખ આપતા કૈવલ જ્ઞાનથી ભરપૂર ૧૫ ધર્મગ્રંથોની આદ્ય લઈ આરતી, સ્તુતિ, ભજન, પદ, ગોડી વગેરેની રચના કરી છે. સર્જનહાર દ્વારા મળેલ કુલમુખત્યારનામાને આધારે સમસ્ત બ્રહ્માંડમાં કૈવલકર્તા સાથે અંશને મેળાપ કરાવનાર તેઓ એક માત્ર સમર્થ ગુરુ છે. અંશને પંચમી અખંડ કૈવલ મુક્તિ મળે તે માટે તેમણે પ્રગટ અને ગુપ્ત અમરમંત્ર  આપેલો છે. જેના સહારે અંશ જન્મ-મરણના ભવસંકટમાંથી સદાને માટે મુક્તિ પામી શકે છે. તેઓ સર્જનહારના પરમવિશેષ પાટવી અંશ હોઈ સર્જનહારે તેમને નવ બુદ્ધિ અને સોળ વિભૂતિથી વિભૂષિત દિવ્ય દેહ ધારણ કરાવી બ્રહ્માંડમાં મોકલ્યા છે. વળી, જગતના ઈશ્વરો ગણાતા દેવી-દેવતાઓને કર્તાએ એક એક કરુણા આપી કરુણામય બનાવ્યા છે. જ્યારે સર્જનહારે તેમને સર્વ કરુણાઓનો સમૂહ બક્ષેલો હોઈ તેઓ કરુણાસાગર કહેવાયા. મુખ્ય ગુરુગાદી સારસા, તા-જીઃ આણંદમાં સ્થાપીને બ્રહ્માના પાંચમા મુખના છેદન બાદ ગુપ્ત થયેલા જ્ઞાનને દર્શાવતા ''પંચમ સ્વસમ વેદ''ની રચના કરી જગતને નેતિપદથી પર રહેલા પરમપદને પામવાનો સાચો અને ન્યાયપૂર્વક માર્ગ દર્શાવનાર કૈવલવેત્તા પુરુષ એટલે દિવ્ય પરમગુરુ શ્રીમત્ કરુણાસાગર.

- બીપીન આર. શાહ

ભજનાનંદ પબ્લિકેશન

978-81-921648-1-6